Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જાન્યુઆરી, ૨૦૧૬.

ક્રમાંક : રાચઆ-ચટણ-સ્થા. સ્વ.-૨૨૧-(૩૪) નો. ૨. નં. ૩૩-૧૨૦૧૬-ક.- રાજ્યમાં રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા યોજાતી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં રાજકીય પક્ષો પક્ષીય ધોરણે ઉમેદવાર ઉભા રાખી ચૂંટણી લડે તે માટે પક્ષોની નોંધણી કરવા આયોગે તા. ૧૯-૧૧-૨૦૧૧ નો આદેશ કરેલ છે. આ આદેશના ફકરા-૪ માં નિર્દેશ કર્યા પ્રમાણે નીચે જણાવેલ પક્ષ તરફથી આયોગને નોંધણી માટે અરજી મળેલ છે.

૧.	પક્ષનું નામ	:	લોક વિકાસ મંચ
૨.	સરનામું	:	પ્લોટ નં. ૧૫૯, શોપીંગ સેન્ટર, આર. વર્લ્ડ સીનેમા થીયેટરની પાસે, સેક્ટર-૨૧, ગાંધીનગર
૩.	પત્ર વ્યવહારનું સરનામું	:	પ્લોટ નં. ૨૧૫/૧, સૂર્યનારાયણ સોસાયટી, સેક્ટર-૨૫, ગાંધીનગર.
૪.	પક્ષના પ્રમુખનું નામ/સરનામું	:	શ્રી ડાહ્યાભાઈ ત્રિભોવનદાસ પટેલ પ્લોટ નં. ૨૩૬/એ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
૫	માંગણી કરેલ પ્રતીકની વિગત	:	હાથબત્તી

"હાથબત્તી" પ્રતીકની આકૃતિ/ચિહ્ન નીચે મુજબ રહેશે.



લોક વિકાસ મંચની અરજી અનુસંધાને રાજકીય પક્ષ તરીકે નોંધણી કરવા તથા કામચલાઉ ધોરણે પ્રતીક ફાળવવા સામે તા. ૧૭-૧૨-૨૦૧૫ના રાજ્ય સરકારના રાજ્યપત્રમાં જાહેર નોટિસ આપી વાંધા, સલાહ, સૂચનો માંગવામાં આવેલ. આ જાહેર નોટિસ પરત્વે લોક વિકાસ મંચ માંગણી કરેલ 'હાથબત્તી' નું પ્રતીક જે 'ઝાડું' જેવું સરખું લાગતું હોવાની એક રજુઆત આયોગને મળેલ જે રજુઆત પરત્વે રાજ્ય ચૂંટણી રાજ્ય ચૂંટણી આયોગના તા. ૬-૧-૨૦૧૬ના પત્રથી

રજૂઆતકર્તાશ્રીને 'હાથબત્તી' તથા 'ઝાડુ' પ્રતીકની આકૃતિની ઝેરોક્ષ નકલ મોકલી એક સરખા લાગતા ન હોઈ તેમજ બન્ને અલગ પ્રતીકો છે તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. આ સિવાય નિયત સમય મર્યાદામાં કોઈ વાંધા-સૂચનો રજૂ થયેલ ન હતાં. નોંધણી માટે રજૂઆત કરનાર લોક વિકાસ મંચની અરજીની વિગતો આયોગે ચકાસણી કરેલ છે. પુખ્ત વિચારણાને અંતે રાજ્ય ચૂંટણી આયોગ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં પક્ષીય ધોરણે ઉમેદવારો ઊભા રાખી ચૂંટણી લડવા માટે ઉક્ત અરજદારને નીચેની શરતોએ **લોક વિકાસ મંચને** નોંધાયેલ અમાન્ય પક્ષ તરીકે ગણવા તેમજ 'હાથબત્તી' પ્રતીક કામચલાઉ ધોરણે રાજકીય ચૂંટણી આયોગના તા. ૮-૨-૨૦૧૨ના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સ્થા.સ્વ. ૨૨૧(૧)-૨૨૦૧૨-ક અન્વયે પાંચ વર્ષ માટે અથવા તેમાં ફેરફાર કરવામાં આવે ત્યાં સુધી ફાળવવા આદેશ કરે છે.

(૧) ભારતના બંધારણમાં સાચી શ્રધ્ધા ધરાવશે અને તેને વફાદાર રહેશે. સમાજવાદ, ધર્મનિરપેક્ષતા અને લોકશાહીના સિધ્ધાંતો અને ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડીતતાનું સમર્થન કરશે.

(૨) પક્ષ, પક્ષના નોંધાયેલા સભ્યો અને પક્ષના ઉમેદવારો રાજ્ય ચૂંટણી આયોગ ગુજરાતે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ ચૂંટણીઓ માટે વખતોવખત બહાર પાડેલ આદર્શ આચાર સંહિતાની તથા તેની તે સંદર્ભે જારી કરવામાં આવેલ આદેશો/સૂચનાઓની જોગવાઈઓનું સંપૂર્ણ પાલન કરશે તેમજ તેનું પાલન કરવા બંધાયેલ રહેશે.

(૩) જાહેર જનતા અને ખાસ કરીને મતદારોના હિતોનું રક્ષણ કરવા મુક્ત, ન્યાયી, શાંતિપૂર્વક ચૂંટણીઓનું સંચાલન ભળવત્તર બનાવવાના હેતુથી રાજ્ય ચૂંટણી આયોગ તરફથી વખતોવખત આપવામાં આવતી સૂચનાઓ અને નિર્દેશોનો અમલ કરશે.

(૪) પક્ષનું નામ, વડી કચેરીનું સરનામું, રાજ્ય કક્ષાની કચેરીનું સરનામું, પક્ષના રાષ્ટ્રીય/રાજ્ય કક્ષાના હોદ્દેદારો/પદાધિકારીઓના નામ કે અન્ય કોઈ અગત્યની ભૌતિક બાબતોમાં ફેરફાર થયેથી કે અન્ય કોઈ બીજી મહત્વની બાબતના ફેરફારની વિના વિલંબે રાજ્ય ચૂંટણી આયોગને જાણ કરશે. પક્ષના નામમાં ફેરફાર કરવા રાજ્ય ચૂંટણી આયોગની પૂર્વમંજૂરી મેળવશે.

(૫) રાજ્ય ચૂંટણી આયોગ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીના નિયુક્ત ચૂંટણી અધિકારીને પક્ષે ઊભા રાખેલ ઉમેદવારોના નામ મોકલવા પક્ષના અધિકૃત વ્યક્તિના નામ અને સહીના નમૂના મોકલશે.

(૬) પક્ષ તેના આવક-ખર્ચના સાચા હિસાબો નિભાવશે. ખાસ કરીને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીઓ સંબંધમાં પક્ષના સામાન્ય પ્રચાર માટે અને પક્ષે ઊભા રાખેલ ખાસ ઉમેદવારોના ચૂંટાવાની સંભાવના વધારવા ઉમેદવાર દીઠ કરવામાં આવેલ ખર્ચના હિસાબો નિભાવશે.

(૭) નાણાંકીય વર્ષ પૂરૂ થયા પછીના એક વર્ષની અંદર, પક્ષના ઓડીટ થયેલ હિસાબો અને સંબંધિત વર્ષમાં અમલમાં હોય તે કાયદા હેઠળ ફાઈલ કરેલ આવક વેરાના રીટર્નની નકલ રાજ્ય ચૂંટણી આયોગને મોકલી આપશે.

(૮) પક્ષના સભ્ય સંખ્યા બળની આંકડાકીય માહિતી તથા સદસ્યોના સંવર્ગ હોય તો દરેક સંવર્ગની સંખ્યા તમામ સંવર્ગના કુલ સભ્યોનું સભ્ય સંખ્યાબળ ઓછામાં ઓછું ૧૦૦ હોવું જોઈશે. સદસ્યોના નામ, મતદાર યાદીમાં નોંધણી થયાની વિગત એટલે કે અદ્યતન મતદાર યાદીની નકલ રાજ્ય ચૂંટણી આયોગને મોકલી આપશે.

(૯) પક્ષ રાજ્યની કોઈપણ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થામાં કોઈપણ પદાધિકારી/હોદ્દા અથવા સદસ્ય તરીકે પ્રતિનિધિત્વ કરતા હોય તો સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાનું નામ તથા તેમાં હોદ્દો ધરાવતાં સભ્યો/પદાધિકારીની સંખ્યાની વિગતો મોકલશે.

(૧૦) જાહેર જનતા અને ખાસ કરીને મતદારોના હિતોનું રક્ષણ કરવા, અથવા મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ ચૂંટણીઓનું સંચાલન ભળવત્તર કરવાના હેતુથી આયોગ તરફથી વખતોવખત આપવામાં આવતી સૂચનાઓ અને નિર્દેશોનું પાલન કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧-૧૧૨૦૧૧-ક, તા. ૧૯-૧૧-૨૦૧૧ના ફકરા ક્રમાંક : ૫ માંની જોગવાઈ મુજબ રાજ્ય ચૂંટણી આયોગ રાજકીય પક્ષની નોંધણી રદ કરી શકશે.

નોંધાયેલ પક્ષ તરીકે ઉપરોક્ત શરતો તથા રાજ્ય ચૂંટણી આયોગે સમયાંતરે જે સૂચનાઓ/આદેશો બહાર પાડે તેનો ચુસ્તપણે અમલ કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 43

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, JANUARY 25, 2016/MAGHA 5, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

GENERAL ADMINISTRATION DEPARTMENT

Notification

Sachivalaya, Gandhinagar, 24th January, 2016.

No. CHS-2016-6-BYE-1213-385-CHH: - In pursuance of the provisions of Section-67 of the Representation of the People Act, 1951 (43 of 1951), the following declaration containing the name of candidate elected in constituency referred to therein is published for general information.

FORM 21 D

(See rule 64)

(For use in Election to fill a casual vacancy when seat is contested)

Declaration of the result of Election under section 66 of the Representation of the People Act. 1951

Bye Election to the Legislative Assembly of GUJARAT State from 168 - Choryasi Assembly constituency.

INDEX

In pursuance of the provisions contained in section 66 of the Representation of the People Act,1951, read with rule 64 of the Conduct of Election Rules,1961,I declare that -

Smt. **ZANKHANA HITESHKUMAR PATEL (RAJABHAI)**
At. **BANGLOWS.39, ROYAL BANGLOWS.VESU ,SURAT**

sponsored By **BHARATIYA JANTA PARTY**

(name of the recognized political party) has been duly elected to fill the vacancy caused in that House by the Death of SHREE PATEL RAJENDRABHAI PARABHUBHAI (RAJABHAI)

Place :- Advance Civil Reasurch Center.
SVNIT Campus, Ichchhanath, Surat

Date:- 24/01/2016

K. M. JANI,
Returning Officer,
168 - Choryasi Legislative Assembly Constituency
& Deputy District Development Officer (Revenue)
Surat.

By order and in the name of Governor of Gujarat,

ASHOK MANEK,
Additional Secretary to Government.

સામાન્ય વહીવટ વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨૪ મી જાન્યુઆરી, ૨૦૧૬.

ક્રમાંક : ચસ-૨૦૧૬-૬-બીવાયઈ-૧૨૧૩-૩૮૫-છ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ (૧૯૫૧નો ૪૩મો)ની કલમ-૬૭ની જોગવાઈઓ અન્વયે નીચે જણાવેલ ચૂંટણી પરિણામની જાહેરાતમાં દર્શાવેલ મતદાર વિભાગમાંથી ચૂંટાયેલા ઉમેદવારનું નામ સામાન્ય માહિતી માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

નમૂનો-૨૧ ક

(પેટા ચૂંટણીમા બેઠક માટે હરીફાઈ હોય ત્યારે ઉપયોગમાં લેવા માટે)

(જુઓ ૧૯૬૧ના ચૂંટણી સંચાલન અંગેના નિયમોના નિયમ-૬૪)

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૬૬ અન્વયે ચૂંટણીના પરિણામની જાહેરાત

૧૬૮-ચોર્યાસી વિધાનસભા મતદાર વિભાગમાંથી ગુજરાત રાજ્ય વિધાનસભા માટેની પેટા ચૂંટણી ૨૦૧૬

૧૯૬૧ના ચૂંટણી સંચાલન અંગેના નિયમોના નિયમ-૬૪ સાથે વાંચતા લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૬૬ની જોગવાઈઓ અનુસાર, હું જાહેર કરું છું કે:

ભારતીય જનતા પાર્ટી (માન્ય રાજકીય પક્ષ) એ પુરસ્કૃત કરેલ,

શ્રીમતી ઝંખના હિતેશકુમાર પટેલ (રાજાભાઈ)
રહે : બંગલા નં. ૩૯, રોયલ બંગલો, વેસુ, સુરત.

ઉપરના મતદાર વિભાગમાંથી શ્રી પટેલ રાજેન્દ્રભાઈ પરભુભાઈ (રાજાભાઈ) ના અવસાનથી ખાલી પડેલ એ ગૃહની બેઠક ઉપર યોગ્ય રીતે ચૂંટાઈ આવ્યા છે.

સ્થળ : એડવાન્સ સીવીલ રીસર્ચ સેન્ટર SVNIT
કેમ્પસ, ઈચ્છાનાથ, સુરત
તારીખ : ૨૪/૦૧/૨૦૧૬

કે. એમ. જાની,
ચૂંટણી અધિકારી,
૧૬૮,-ચોર્યાસી વિધાનસભા મતદાર વિભાગ અને
નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસૂલ)
સુરત.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

અશોક માણેક,
સરકારના અધિક સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 44

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, JANUARY 27, 2016/MAGHA 7, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

GUJARAT LEGISLATURE SECRETARIAT

Viththalbhai Patel Bhavan, Sector-10, Gandhinagar-382010.

NOTIFICATION

Dated: 27th January, 2016

No.GVS/938/C-l/48(5)/587: Shri Jasubhai Dhanabhai Barad, a Member of Gujarat Legislative Assembly, elected from **91-Talala** Constituency expired on 25th **January, 2016** and as such, the said Constituency has become vacant from 25th **January, 2016.**

D. M. PATEL,
SECRETARY
GUJARAT LEGISLATIVE ASSEMBLY.

ગુજરાત વિધાનસભા સચિવાલય

વિઠ્ઠલભાઈ પટેલ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર-૩૮૨૦૧૦.

અધિસૂચના

તા. ૨૭-૦૧-૨૦૧૬

નં. ગવસ/૯૩૮/સ-૧/૪૮(૫)/૫૮૭ :- ૯૧ - **તલાલા** મત વિસ્તારમાંથી ચૂંટાયેલા ગુજરાત વિધાનસભાના સભ્ય શ્રી જશુભાઈ ધાનાભાઈ બારડ નું તા. ૨૫-૦૧-૨૦૧૬ ના રોજ અવસાન થયેલ છે. જેથી તા. ૨૫-૦૧-૨૦૧૬ના રોજથી તે બેઠક ખાલી પડી છે.

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 45

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, JANUARY 27, 2016/MAGHA 7, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી જાન્યુઆરી, ૨૦૧૬.

વંચાણમાં લીધા:-

(૧) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-સ્થા. સ્વ. ૨૫-૧૨૦૧૩-ક તા. ૪-૧-૨૦૧૩

આદેશ:-

ક્રમાંક : રાચઆ-ચટણ-સ્થા. સ્વ. ૨૫-૧૨૦૧૬-ક.- સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની મતદાર યાદીઓ વિધાનસભા મતદાર યાદી પરથી તૈયાર કરવામાં આવતી હોઈ, આ જ નંબરો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની મતદારયાદીમાં આવતાં હોય છે. કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા રાજ્યમાં મતદારોને ફોટો ઓળખપત્ર(EPIC) પુરા પાડવામાં આવે છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મતદાર પોતાનો મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે મતદારને મળેલ ફોટો ઓળખપત્ર (EPIC) મતદાન મથકે રજૂ કરવાની બાબત રાજ્ય ચૂંટણી આયોગની વિચારણામાં હતી. પુખ્ત વિચારણાના અંતે વંચાણ(૧) વાળો તા. ૪-૧-૨૦૧૩ નો આદેશ રદ કરી, ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩(ક) અને ૨૪૩ (ત-ક) થી રાજ્ય ચૂંટણી આયોગને મળેલ સત્તાની રૂઈએ, હવે પછીની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની યોજાનાર ચૂંટણીઓ માટે મતદાન ઓળખપત્ર માટે નીચેની સૂચનાઓનો અમલ કરવા આદેશ કરવામાં આવે છે.

<u>રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે યોજાનાર મતદાન માટે મતદાન મથકે આવનાર મતદારે ભારતના ચૂંટણી પંચે મતદારને આપેલ મતદાર ફોટો ઓળખપત્ર (EPIC) રજૂ કરવાનું રહેશે.</u>

રાજ્યની સ્થાનિક સ્વ. રાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે યોજાનાર મતદાન માટે મતદાન મથકે આવનાર મતદારે ભારતના ચૂંટણી પંચે મતદારને આપેલ મતદાર ફોટો ઓળખપત્ર (EPIC) માં કેલીરીકલ ભુલ અથવા જોડણીની ભુલ હોય તો મતદારને મત આપવા માટે તે ભુલ ધ્યાને લેવાની રહેશે નહીં. મતદાર ફોટો ઓળખપત્ર અન્ય વિધાનસભા મત વિસ્તારનું હોય તો પણ મતદારની ઓળખ પ્રસ્થાપિત કરવાના હેતુસર માન્ય રાખવાનું રહેશે.

પરંતુ જો કોઈ મતદાર આવુ ફોટો ઓળખપત્ર(EPIC) રજૂ ન કરી શકે તો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓમાં સંબંધિત મતદારની ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે, રાજ્ય ચૂંટણી આયોગે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ માન્ય કરેલ છે.

૧. ફોટો સાથેનો પાસપોર્ટ

૨. ફોટા સાથેનું ડ્રાઈવીંગ લાયસન્સ (ચૂંટણીની તારીખથી એક માસ પહેલા ઈસ્યુ થયેલ)

૩. ફોટા સાથેનું ઈન્કમટેક્ષ((PAN)ઓળખકાર્ડ

૪. રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, જાહેર સાહસો અથવા પબ્લીક લીમીટેડ કંપનીઓ તરફથી તેઓના કર્મચારીઓને આપવામાં આવેલ ફોટા સાથેના ઓળખકાર્ડ.

૫. પબ્લીક સેકટર બેન્કો અને પોસ્ટ ઓફીસો તરફથી આપવામાં આવતી ફોટા સાથેની પાસ બુક (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ)

૬. અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ / અન્ય પછાત વર્ગ (OBC)નું સક્ષમ અધિકારીનું ફોટા સાથેનું પ્રમાણપત્ર (ચૂંટણીની તારીખથી એક માસ પહેલા ઈસ્યુ થયેલ)

૭. ફોટા સાથેના પેન્શન પ્રમાણપત્રો જેવા કે, માજી સૈનિકોની પેન્શન બુક/પેન્શન પેમેન્ટ ઓર્ડર/માજી સૈનિકની વિધવા/આશ્રિતોના પ્રમાણપત્રો/મોટી ઉમરની વ્યક્તિના પેન્શન ઓર્ડર, વિધવા પેન્શન ઓર્ડર (ચૂંટણી તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ.)

૮. કેન્દ્ર સરકાર/ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવેલ સ્વતંત્રતા સૈનિકનાં ફોટા સાથેના ઓળખ કાર્ડ.

૯. ફોટા સાથેના હથિયારોના લાયસન્સ (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ)

૧૦. સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ વિકલાંગનું ફોટા સાથેનું પ્રમાણપત્ર (ચૂંટણીની તારીખથી એક માસ પહેલા ઈસ્યુ થયેલ)

૧૧. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાહેંધરી યોજના (MNREGS) હેઠળ આપવામાં આવેલ ફોટા સાથેના જોબ કાર્ડ (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ)

૧૨. કર્મચારી રાજ્ય વીમા યોજના (ESI) હેઠળ આપવામાં આવેલ ફોટા સાથેનુ ઓળખકાર્ડ, (ચૂંટણીની તારીખથી એક માસ પહેલા ઈસ્યુ થયેલ)

૧૩. નેશનલ પોપ્યુલેશન રજીસ્ટર (NPR) સ્કીમ હેઠળ (RGI) દ્વારા આપવામાં આવેલ સ્માર્ટ કાર્ડ

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓમાં મતદાન સમયે મતદારોએ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાઓ અંગેની વિગત નિયત મતદાર રજીસ્ટરના સંબંધિત કોલમોમાં જરૂરી વિગતો ભરવાની રહેશે મતદાર દ્વારા મતદાર ફોટો ઓળખપત્ર (EPIC) રજૂ કરવામાં આવેલ હોય ત્યારે આ માટે (EP) લખવાનું રહેશે જ્યારે મતદાર દ્વારા ઉપર પૈકીના કોઈ અન્ય ડોકયુમેન્ટના (મતદારની ઓળખના પુરાવા તરીકે વપરાતા માન્ય ડોકયુમેન્ટ) રજૂ કરેલ હોય તેવા કિસ્સામાં તે ડોકયુમેન્ટનો પ્રકાર લખીને તે ડોકયુમેન્ટના નંબરના છેલ્લા ચાર આંકડા લખવાના રહેશે.

રાજ્ય ચૂંટણીના આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 46

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, JANUARY 27, 2016/MAGHA 7, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી જાન્યુઆરી, ૨૦૧૬

વંચાણે લીધા :–

૧. રાજ્ય ચૂંટણી આયોગના તા.૨૯-૮-૨૦૧૫ના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૨૬)-નો.ર.નં.૨૪-૮૨૦૧૫-ક

૨. રાજ્ય ચૂંટણી આયોગના તા.૧૮-૧૨-૨૦૧૫ના જાહેર નોટિસ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૨૬)નો. ર.નં. ૨૪-૧૨૨૦૧૫-ક

ક્રમાંક : રાચઆ-ચટણ-સ્થા. સ્વ.-૨૨૧(૨૬)નો.ર.નં.૨૪-૧૨૦૧૬-ક.– ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ક અને ૨૪૩-વ ક ની જોગવાઈ અનુસાર રાજ્ય ચૂંટણી આયોગની રચના થયેલ છે. રાજ્યની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની મતદાર યાદી, ચૂંટણીઓની કામગીરી ઉપર દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

રાજ્યમાં રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા યોજાતી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં પક્ષીય ધોરણે ઉમેદવારો ઊભા રાખી ચૂંટણી લડવા માટે આયોગના આદેશ ક્રમાંક : રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૨૬)-નો.ર. નં.૨૪-૮૨૦૧૫-ક, તા.૨૯-૮-૨૦૧૫ થી **ગુજરાત જન ચેતના પાર્ટી**ને નોંધાયેલ અમાન્ય પક્ષ તરીકે ગણવા આદેશ કરેલ છે.

ઉપરોક્ત પક્ષે તેઓના તા.૨-૧૧-૨૦૧૫ તથા તા. ૬-૧૧-૨૦૧૫ના પત્રથી **''હીરો''** પ્રતીકની માંગણી કરેલ તે અન્વયે ઉક્ત પક્ષને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે ''હીરો'' પ્રતીક ફાળવવા વિચારેલ અને આ પક્ષને ''હીરો'' પ્રતીક ફાળવવા સામે કોઈપણ શખ્સ, સંસ્થા, સંઘ, મંડળ, રાજકીય પક્ષ, વ્યક્તિ કે જાહેર જનતાને વાંધો કે સલાહ સૂચન હોય તો તે વંચાણે લીધા (૨) તા.૧૮-૧૨-૨૦૧૫ ની જાહેર નોટિસ આપવામાં આવેલ, પ્રતીક ફાળવવા સામે કોઈ વાંધા, સલાહ સૂચન રાજ્ય ચૂંટણી આયોગને મળેલ નથી.

પુખ્ત વિચારણાના અંતે ગુજરાત જન ચેતના પાર્ટીને "હીરો" પ્રતીક કામચલાઉ ધોરણે રાજ્ય ચૂંટણી આયોગના તા.૮-૨-૨૦૧૨ ના આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૧)-૨૨૦૧૨-ક અન્વયે પાંચ વર્ષ માટે અથવા તેમાં ફેરફાર કરવામાં આવે ત્યાં સુધી ફાળવવા આદેશ કરવામાં આવે છે.

ગુજરાત જન ચેતના પાર્ટીને "હીરો" પ્રતીકની આકૃતિ/ચિહ્ન નીચે મુજબ રહેશે, જે પક્ષે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં ઉપયોગમાં લેવાનું રહેશે.



રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 47

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, JANUARY 27, 2016/MAGHA 7, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી જાન્યુઆરી, ૨૦૧૬

વંચાણે લીધા :–

૧. રાજ્ય ચૂંટણી આયોગના તા.૯-૧૦-૨૦૧૫ના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૩૧)-નો.ર.નં.૨૯-૧૦૨૦૧૫-ક

૨. રાજ્ય ચૂંટણી આયોગના તા.૧૮-૧૨-૨૦૧૫ના જાહેર નોટિસ ક્રમાંક: રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૩૧)નો. ર.નં. ૨૯-૧૨૨૦૧૫-ક

ક્રમાંક : રાચઆ-ચટણ-સ્થા. સ્વ.-૨૨૧(૩૧)નો.ર.નં.૨૯-૧૨૦૧૬-ક.– ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ક અને ૨૪૩-ય ક ની જોગવાઈ અનુસાર રાજ્ય ચૂંટણી આયોગની રચના થયેલ છે. રાજ્યની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની મતદાર યાદી, ચૂંટણીઓની કામગીરી ઉપર દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

રાજ્યમાં રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા યોજાતી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં પક્ષીય ધોરણે ઉમેદવારો ઊભા રાખી ચૂંટણી લડવા માટે આયોગના આદેશ ક્રમાંક : રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૩૧)-નો.ર. નં.૨૯-૧૦૨૦૧૫-ક, તા.૯-૧૦-૨૦૧૫ થી **બહુજન મુક્તિ પાર્ટી**ને નોંધાયેલ અમાન્ય પક્ષ તરીકે ગણવા આદેશ કરેલ છે.

ઉપરોક્ત પક્ષે તેઓના તા.૧૬-૯-૨૦૧૫ તથા તા. ૨૯-૧૦-૨૦૧૫ના પત્રથી **"ખાટલો"** પ્રતીકની માંગણી કરેલ તે અન્વયે ઉક્ત પક્ષને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે **"ખાટલો"** પ્રતીક ફાળવવા વિચારેલ અને આ પક્ષને **"ખાટલો"** પ્રતીક ફાળવવા સામે કોઈપણ શખ્સ, સંસ્થા, સંઘ, મંડળ, રાજકીય પક્ષ, વ્યક્તિ કે જાહેર જનતાને વાંધો કે સલાહ સૂચન હોય તો તે વંચાણે લીધા (૨) તા.૧૮-૧૨-૨૦૧૫ ની જાહેર નોટિસ આપવામાં આવેલ, પ્રતીક ફાળવવા સામે કોઈ વાંધા, સલાહ સૂચન રાજ્ય ચૂંટણી આયોગને મળેલ નથી.

પુખ્ત વિચારણાના અંતે **બહુજન મુક્તિ પાર્ટીને "ખાટલો"** પ્રતીક કામચલાઉ ધોરણે રાજ્ય ચૂંટણી આયોગના તા.૮-૨-૨૦૧૨ ના આદેશ ક્રમાંકઃ રાચપ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૧)-૨૨૦૧૨-ક અન્વયે પાંચ વર્ષ માટે અથવા તેમાં ફેરફાર કરવામાં આવે ત્યાં સુધી ફાળવવા આદેશ કરવામાં આવે છે.

બહુજન મુક્તિ પાર્ટીને "ખાટલો" પ્રતીકની આકૃતિ/ચિહ્ન નીચે મુજબ રહેશે, જે પક્ષે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં ઉપયોગમાં લેવાનું રહેશે.



રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 48

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII]   WEDNESDAY, JANUARY 27, 2016/MAGHA 7, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી જાન્યુઆરી, ૨૦૧૬

વંચાણે લીધા :-

૧. રાજ્ય ચૂંટણી આયોગના તા.૩-૧૧-૨૦૧૫ના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૩૨)-નો.ર.નં.૩૧-૧૧૨૦૧૫-ક

૨. રાજ્ય ચૂંટણી આયોગના તા.૧૮-૧૨-૨૦૧૫ના જાહેર નોટિસ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૩૨)નો. ર.નં. ૩૧-૧૨૨૦૧૫-ક

ક્રમાંક : રાચઆ-ચટણ-સ્થા. સ્વ.-૨૨૧(૩૨)નો.ર.નં.૩૧-૧૨૦૧૬-ક.– ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ક અને ૨૪૩-ય ક ની જોગવાઈ અનુસાર રાજ્ય ચૂંટણી આયોગની રચના થયેલ છે. રાજ્યની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની મતદાર યાદી, ચૂંટણીઓની કામગીરી ઉપર દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

રાજ્યમાં રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા યોજાતી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં પક્ષીય ધોરણે ઉમેદવારો ઊભા રાખી ચૂંટણી લડવા માટે આયોગના આદેશ ક્રમાંક : રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૩૨)-નો.ર. નં.૩૧-૧૧૨૦૧૫-ક, તા.૩-૧૧-૨૦૧૫ થી **રાષ્ટ્રીય સમાજ પક્ષ**ને નોંધાયેલ અમાન્ય પક્ષ તરીકે ગણવા આદેશ કરેલ છે.

ઉપરોક્ત પક્ષે તેઓના તા.૩-૧૧-૨૦૧૫ના પત્રથી "કપ રકાબી" પ્રતીકની માંગણી કરેલ તે અન્વયે ઉક્ત પક્ષને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે "કપ રકાબી" પ્રતીક ફાળવવા વિચારેલ અને આ પક્ષને "કપ રકાબી" પ્રતીક ફાળવવા સામે કોઈપણ શખ્સ, સંસ્થા, સંઘ, મંડળ, રાજકીય પક્ષ, વ્યક્તિ કે જાહેર જનતાને વાંધો કે સલાહ સૂચન હોય તો તે વંચાણે લીધા (૨) તા.૧૮-૧૨-૨૦૧૫ ની જાહેર નોટિસ આપવામાં આવેલ, પ્રતીક ફાળવવા સામે કોઈ વાંધા, સલાહ સૂચન રાજ્ય ચૂંટણી આયોગને મળેલ નથી.

પુખ્ત વિચારણાના અંતે **રાષ્ટ્રીય સમાજ પક્ષને "કપ રકાબી"** પ્રતીક કામચલાઉ ધોરણે રાજ્ય ચૂંટણી આયોગના તા.૮-૨-૨૦૧૨ ના આદેશ ક્રમાંકઃ રાચપ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૧)-૨૨૦૧૨-ક અન્વયે પાંચ વર્ષ માટે અથવા તેમાં ફેરફાર કરવામાં આવે ત્યાં સુધી ફાળવવા આદેશ કરવામાં આવે છે.

રાષ્ટ્રીય સમાજ પક્ષને ફાળવેલ **"કપ રકાબી"** પ્રતીકની આકૃતિ/ચિહ્ન નીચે મુજબ રહેશે, જે પક્ષે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં ઉપયોગમાં લેવાનું રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 49

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, JANUARY 27, 2016/MAGHA 7, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૬

ક્રમાંક : રાચઆ-ચટણ-નપલ-ચઅન-૮(૭) આર.ઓ.-૧૨૦૧૬-ક.--ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ-૬(૪) અને ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩(ય)(ક) થી મળેલ સત્તાની રૂઈએ ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા બાબતના) નિયમો ૧૯૯૪ના નિયમ-૪(૧) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગ નગરપાલિકાઓની પેટા ચૂંટણી માટે નીચે અનુસુચિમાં દર્શાવ્યા મુજબની વિગતે ચૂંટણી અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારીઓની આથી નિયુક્તિ કરે છે.

અનુસુચિ

અ. નં.	જિલ્લાનું નામ	નગરપાલિકાનું નામ	વોર્ડ નંબર	નિયુક્ત કરેલ	
				ચૂંટણી અધિકારીનો હોદ્દો/કચેરી	મદદનીશ ચૂંટણી અધિકારીનો હોદ્દો/કચેરી
૧	૨	૩	૪	૫	૬
૧	ભાવનગર	ગારીયાધાર	૧,૨, ૩,૪, ૬,૭, ૮,૯	પ્રાંત અધિકારી, પાલીતાણા, પ્રાંત કચેરી પાલીતાણા, પાલીતાણા (જિ. ભાવનગર)	મામલતદાર, ગારીયાધાર, મામલતદાર કચેરી, ગારીયાધાર ગારીયાધાર (જિ. ભાવનગર)
		તળાજા	૫	પ્રાંત અધિકારી, તળાજા, પ્રાંત કચેરી તળાજા, તળાજા (જિ. ભાવનગર)	મામલતદાર, તળાજા, મામલતદાર કચેરી, તળાજા, તળાજા (જિ.ભાવનગર)

INDEX

અ. નં.	જિલ્લાનું નામ	નગરપાલિકાનું નામ	વોર્ડ નંબર	નિયુક્ત કરેલ	
				ચૂંટણી અધિકારીનો હોદ્દો/કચેરી	મદદનીશ ચૂંટણી અધિકારીનો હોદ્દો/કચેરી
૧	૨	૩	૪	૫	૬
૨	જુનાગઢ	વિસાવદર	૬	પ્રાંત અધિકારી, વિસાવદર, પ્રાંત કચેરી વિસાવદર, વિસાવદર (જિ. જુનાગઢ)	મામલતદાર, વિસાવદર મામલતદાર કચેરી, વિસાવદર, વિસાવદર (જિ. જુનાગઢ)
		માણાવદર	૫	પ્રાંત અધિકારી, વંથલી પ્રાંત કચેરી વંથલી, વંથલી (જિ. જુનાગઢ)	મામલતદાર, માણાવદર મામલતદાર કચેરી, માણાવદર માણાવદર (જિ. જુનાગઢ)
૩	દેવભૂમિ દ્વારકા	ભાણવડ	૧	પ્રાંત અધિકારી, ખંભાળીયા પ્રાંત કચેરી ખંભાળીયા, ખંભાળીયા (જિ. દેવભૂમિ દ્વારકા)	મામલતદાર, ભાણવડ, મામલતદાર કચેરી, ભાણવડ, ભાણવડ, (જિ. દેવભૂમિ દ્વારકા)
૪	અમદાવાદ	બાવળા	૭	નાયબ કલેકટર, ધોળકા, પ્રાંત, તાલુકા સેવા સદન, ધોળકા ધોળકા (જિ. અમદાવાદ)	મામલતદાર, બાવળા મામલતદાર કચેરી, બાવળા, બાવળા (જિ. અમદાવાદ)
		ધંધુકા	૩	નાયબ કલેકટર, ધંધુકા, પ્રાંત, નર્મદા સરકારી વસાહત કમ્પાઉન્ડ, ભાવનગર રોડ, ધંધુકા, ધંધુકા (જિ. અમદાવાદ)	મામલતદાર, ધંધુકા, મામલતદાર કચેરી, ધંધુકા ધંધુકા (જિ. અમદાવાદ)
૫	મહેસાણા	વિજાપુર	૨	પ્રાંત અધિકારી, વિસનગર, પ્રાંત કચેરી વિસનગર, વિસનગર (જિ. મહેસાણા)	મામલતદાર, વિજાપુર મામલતદાર કચેરી વિજાપુર, વિજાપુર (જિ. મહેસાણા)

હુકમનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 50

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, JANUARY 27, 2016/MAGHA 7, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૬

ક્રમાંક : ચટણ-નપા-મકા-૮-૦૧૨૦૧૬-ક :- રાજ્ય ચૂંટણી આયોગે, ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા બાબતના) નિયમો-૧૯૯૪ના નિયમ-૨૦ હેઠળ નગર પાલિકાની ચૂંટણીમાં મતદારોએ મતદાન મથકે, મતદાન કરવા માટે મતદાન શરૂ કરવા માટેનો તથા બંધ કરવાનો સમય નક્કી કરવાનો રહે છે.

૨. ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા બાબતના) નિયમો-૧૯૯૪ના નિયમ-૨૦ હેઠળ મળેલ સત્તાની રૂઈએ રાજ્ય ચૂંટણી આયોગ આ સાથે સામેલ પત્રક મુજબની નગર પાલિકાઓની તા. ૨૧-૦૨-૨૦૧૬ના રોજ યોજાનાર સામાન્ય/પેટા ચૂંટણીઓના મતદાન માટે મતદાન શરૂ કરવા માટેનો સમય સવારના ૮-૦૦ વાગ્યાનો તથા મતદાન બંધ કરવા માટેનો સમય સાંજના ૫-૦૦ વાગ્યાનો આથી નક્કી કરે છે.

આ જાહેરનામું સરકારી રાજ્યપત્ર ભાગ-૪ (સી)માં પ્રસિદ્ધ કરવાનું રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

INDEX

ફેબ્રુઆરી-૨૦૧૬માં સામાન્ય ચૂંટણી હેઠળની નગરપાલિકાઓની યાદી:-

અ.નં.	જિલ્લાનું નામ	ચૂંટણી હેઠળની નગરપાલિકાની વિગત								
			નામ	વર્ગ		નામ	વર્ગ		નામ	વર્ગ
૧	અમદાવાદ	૧	બારેજા	D						
૨	અમરેલી	૧	દામનગર	D	૨	બાબરા	C			
૩	આણંદ	૧	સોજીત્રા	D						
૪	બનાસકાંઠા	૧	ભાભર	D						
૫	ભરૂચ	૧	આમોદ	D						
૬	ભાવનગર	૧	વલ્લભીપુર	D						
૭	ગાંધીનગર	૧	પેથાપુર	D						
૮	દેવભૂમિ દ્વારકા	૧	રાવલ	D						
૯	ખેડા	૧	કરજરી	D	૨	ઠાસરા	D	૩	કઠલાલ	D
૧૦	નવસારી	૧	ગણદેવી	D						
૧૧	પંચમહાલ	૧	શહેરા	D						
૧૨	સાબરકાંઠા	૧	વડાલી	D						
૧૩	સુરત	૧	માંડવી	D	૨	તરસાડી	C			
૧૪	સુરેન્દ્રનગર	૧	પાટડી	D	૨	ચોટીલા	D			
૧૫	વડોદરા	૧	સાવલી	D						
૧૬	ગીર સોમનાથ	૧	સુત્રપાડા	D	૨	તલાલા	D			
૧૭	મોરબી	૧	માળીયા-મીયાણા	D						
૧૮	અરવલ્લી	૧	બાયડ	D						
૧૯	બોટાદ	૧	બરવાળા	D						
૨૦	જામનગર	૧	સિક્કા	D						
૨૧	વલસાડ	૧	ઉમરગામ	D						

ફેબ્રુઆરી-૨૦૧૬માં પેટા ચૂંટણી યોજવાપાત્ર નગરપાલિકાઓની ખાલી બેઠકો :-

અ.નં.	જિલ્લો	નગરપાલિકાનું નામ	નગરપાલિકાનો વર્ગ	વોર્ડ નંબર	બેઠકોની સંખ્યા
૧	ભાવનગર	ગારીયાધાર	C	૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯	૧૧
૨		તળાજા	C	૫	૧
૩	જુનાગઢ	વિસાવદર	D	૬	૧
૪		માણાવદર	C	૫	૧
૫	દેવભૂમિ દ્વારકા	ભાણવડ	D	૧	૧
૬	અમદાવાદ	ધંધુકા	C	૩	૧
૭		બાવળા	C	૭	૧
૮	મહેસાણા	વિજાપુર	C	૨	૧
				કુલઃ-	૧૮

INDEX

અ.નં.	વિગત	તારીખ
૧	ચૂંટણીની જાહેરાતની તારીખ	૨૫-૦૧-૨૦૧૬
૨	ચૂંટણીની નોટીસો/જાહેરનામા પ્રસિધ્ધ કરવાની તારીખ	૦૧-૦૨-૨૦૧૬
૩	ચૂંટણી અધિકારીશ્રીએ ચૂંટણી નોટિસ પ્રસિધ્ધ કરવાની તારીખ	૦૧-૦૨-૨૦૧૬
૪	ઉમેદવારીપત્રો રજુ કરવાની છેલ્લી તારીખ	૦૬-૦૨-૨૦૧૬
૫	ઉમેદવારીપત્રોની ચકાસણીની તારીખ	૦૮-૦૨-૨૦૧૬
૬	ઉમેદવારી પરત ખેંચવાની તારીખ	૦૯-૦૨-૨૦૧૬
૭	મતદાનની તારીખ તથા સમય	૨૧-૦૨-૨૦૧૬
		(રવિવાર) સવારના ૮-૦૦ થી સાંજના ૫-૦૦ વાગ્યા સુધી
૮	જરૂર જણાય તો પુનઃ મતદાનની તારીખ	૨૨-૦૨-૨૦૧૬
૯	મતગણતરીની તારીખ	૨૩-૦૨-૨૦૧૬

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સ્થળ :- ગાંધીનગર
૨૫મી જાન્યુઆરી, ૨૦૧૬

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 51

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, JANUARY 30, 2016/MAGHA 10, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ,

જાહેર નોટિસ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૬

રાજ્ય ચૂંટણી આયોગના તા.૧૯-૧૧-૨૦૧૧ના આદેશના ફકરા નં. ૪ હેઠળ

ક્રમાંકઃ રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૩૭)-૧૨૨૦૧૬-ક.– ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ક અને ૨૪૩-વ ક ની જોગવાઈ અનુસાર રાજ્ય ચૂંટણી આયોગની રચના થયેલ છે. રાજ્યની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની મતદાર યાદી, ચૂંટણીઓની કામગીરી ઉપર દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

રાજ્યમાં રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા યોજાતી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં પક્ષીય ધોરણે ઉમેદવારો ઊભા રાખી, ચૂંટણી લડવા માટે આયોગના આદેશ ક્રમાંકઃ રાચપ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧-૧૧૨૦૧૧-ક, તા.૧૯-૧૧-૨૦૧૧ ના ફકરા-૪માં નિર્દેશ પ્રમાણે નીચે જણાવેલ પક્ષ તરફથી નોંધણી માટે રાજ્ય ચૂંટણી આયોગને અરજી મળેલ છે. જેના નામ સરનામા, પ્રમુખની વિગત નીચે પ્રમાણે છે :

(૧)	પક્ષનું નામ	:	અખિલ ભારતીય આપકી અપની પાર્ટી
(૨)	સરનામું	:	૫/એ સ્વસ્તિક સુપર માર્કેટ, ત્રીજો માળ, સેલ્સ ઈન્ડીયાની પાસે, આશ્રમ રોડ, અમદાવાદ.
(૩)	પક્ષના પ્રમુખનું નામ/સરનામું	:	ગુર્જર અશ્વિનસીંગ ઝુસીંગ. બી-૧૫, બસતહબાર ફ્લેટ, શાહીબાગ, પોલીસ સ્ટેશન પાસે, શાહીબાગ, અમદાવાદ.
(૪)	માંગણી કરેલ પ્રતીકની વિગત	:	સાત કિરણો સાથેની કલમની ટાંક

INDEX

''સાત કિરણો સાથે કલમની ટાંક'' (Pen nib with seven rays) પ્રતીકની આકૃતિ/ચિન્હ નીચે મુજબ રહેશે.



ઉપરોક્ત પક્ષે રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૯-૧૧-૨૦૧૧ ના આદેશથી નક્કી કરેલ જરૂરિયાત પ્રમાણે વિગતો રજૂ કરેલ છે. તદ્અનુસાર રાજ્ય ચૂંટણી આયોગે કેટલીક શરતો/નિયંત્રણો સાથે પક્ષને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે નોંધાયેલ અમાન્ય રાજકીય પક્ષ તરીકે નોંધણી કરવા તથા પ્રતીક કામ ચલાઉ ધોરણે રાજ્ય ચૂંટણી આયોગના તા. ૮-૨-૨૦૧૨ના આદેશ ક્રમાંક : રાચઆ-ચટણ-સ્થા.સ્વ. ૨૨૧(૧) ૨૨૦૧૨-ક અન્વયે પાંચ વર્ષ માટે અથવા તેમાં ફેરફાર કરવામાં આવે ત્યાં સુધી ફાળવવા વિચારેલ છે. તો આ પક્ષની નોંધણી કરવા સામે કોઈપણ શખ્સ, સંસ્થા, સંઘ, મંડળ, રાજકીય પક્ષ, વ્યક્તિ કે જાહેર જનતાને વાંધો કે સલાહ સૂચન હોય તો તે **આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગર, ૩૮૨૦૧૦** ને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત દરમ્યાન જો કોઈ વાંધા, સલાહ સૂચન મળશે તો રાજ્ય ચૂંટણી આયોગ તેની વિચારણા કરી, આગળની કાર્યવાહી કરશે. મુદત પૂરી થયા બાદ મળેલ વાંધા, સલાહ, સૂચન ધ્યાને લીધા સિવાય અથવા મુદત દરમ્યાન જો કઈ વાંધો, સલાહ, સૂચન મળેલ નહિ હશે તો રજૂઆત કરનાર પક્ષની નોંધણી કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગ નિર્ણય લેશે તેની સંબંધિતોએ નોંધ લેવા વિનંતી છે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 52

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, JANUARY 30, 2016/MAGHA 10, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૬

વંચાણે લીધા :–

૧. રાજ્ય ચૂંટણી આયોગના તા. ૧૫-૧૦-૨૦૧૫ના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૨૪)-નો.ર.નં.૩૦-૧૦૨૦૧૫-ક

૨. રાજ્ય ચૂંટણી આયોગના તા.૨૩-૧૨-૨૦૧૫ના જાહેર નોટિસ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૨૪)નો. ર.નં. ૩૦-૧૨૨૦૧૫-ક

ક્રમાંક : રાચઆ-ચટણ-સ્થા. સ્વ.-૨૨૧(૨૪)નો.ર.નં.૩૦-૧૨૦૧૬-ક.– ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ક અને ૨૪૩-વ ક ની જોગવાઈ અનુસાર રાજ્ય ચૂંટણી આયોગની રચના થયેલ છે. રાજ્યની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની મતદાર યાદી, ચૂંટણીઓની કામગીરી ઉપર દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

રાજ્યમાં રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા યોજાતી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં પક્ષીય ધોરણે ઉમેદવારો ઊભા રાખી ચૂંટણી લડવા માટે આયોગના આદેશ ક્રમાંક : રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૨૪)-નો.ર. નં.૩૦-૧૦૨૦૧૫-ક, તા.૧૫-૧૦-૨૦૧૫ થી જાગતે રહો પાર્ટીને નોંધાયેલ અમાન્ય પક્ષ તરીકે ગણવા આદેશ કરેલ છે.

ઉપરોક્ત પક્ષે તેઓના તા. ૬-૧૧-૨૦૧૫ના પત્રથી "ટેલિવિઝન" પ્રતીકની માંગણી કરેલ તે અન્વયે ઉક્ત પક્ષને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે "ટેલિવિઝન" પ્રતીક ફાળવવા વિચારેલ અને આ પક્ષને "ટેલિવિઝન" પ્રતીક ફાળવવા સામે કોઈપણ શખ્સ, સંસ્થા, સંઘ, મંડળ, રાજકીય પક્ષ, વ્યક્તિ કે જાહેર જનતાને વાંધો કે સલાહ સૂચન હોય તો તે વંચાણે લીધા (૨) તા.૨૩-૧૨-૨૦૧૫ ની જાહેર નોટિસ આપવામાં આવેલ, પ્રતીક ફાળવવા સામે કોઈ વાંધા, સલાહ સૂચન રાજ્ય ચૂંટણી આયોગને મળેલ નથી.

પુખ્ત વિચારણાના અંતે **જાગતે રહો પાર્ટીને "ટેલિવિઝન"** પ્રતીક કામચલાઉ ધોરણે રાજ્ય ચૂંટણી આયોગના તા.૮-૨-૨૦૧૨ ના આદેશ ક્રમાંકઃ રાચપ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૧)-૨૨૦૧૨-ક અન્વયે પાંચ વર્ષ માટે અથવા તેમાં ફેરફાર કરવામાં આવે ત્યાં સુધી ફાળવવા આદેશ કરવામાં આવે છે.

જાગતે રહો પાર્ટીને ફાળવેલ "ટેલિવિઝન" પ્રતીકની આકૃતિ/ચિહ્ન નીચે મુજબ રહેશે, જે પક્ષે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં ઉપયોગમાં લેવાનું રહેશે.



રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 53

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, JANUARY 30, 2016/MAGHA 10, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ,
બ્લોક નંબર ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર, ૩૦ મી જાન્યુઆરી, ૨૦૧૬.

-: આદેશ:-

ક્રમાંક : રાચઆ-ચટણ-જિતાપં-મતય-૩-પાર્ટ-II-૧૨૦૧૬-ક. ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૮ તથા કલમ ૨૦ મુજબ જિલ્લા/તાલુકા પંચાયતોની ચૂંટણી માટે જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ કરેલ ગામોની વિધાનસભા મતદાર વિભાગોની અમલમાં હોય તેવી મતદારયાદીઓ ઉપરથી મતદારયાદીઓ તૈયાર કરી પ્રસિદ્ધ કરવાની રહે છે. વિધાનસભાની તા. ૧-૧-૨૦૧૬ ની લાયકાત તારીખની સ્થિતિએ ફોટાવાળી મતદારયાદી પ્રસિદ્ધ થયેલ છે. જેથી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી યોજતાં પહેલાં તેના ઉપરથી સંબંધિત સંસ્થાની મતદાર યાદી તૈયાર કરવાની રહે છે.

રાજ્ય સરકાર દ્વારા તા. ૩૦-૦૫-૨૦૧૫ ના જાહેરનામા ક્રમાંક: કેપી-૨૮-ઓફ-જીપીએ-૧૦૨૦૧૩-૯૯૩૧૦૪ (પાર્ટ-૧) થી ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા (સુધારા) અધિનિયમ ૨૦૧૫ માં કલમ નં. ૧૦ થી ૨૫ માં તા. ૧૦-૦૪-૨૦૧૫ થી અમલમાં આવે તે રીતે કરેલ જોગવાઈ મુજબ આગામી એક વર્ષમાં સામાન્ય ચૂંટણી યોજવાપાત્ર જિલ્લા/તાલુકા પંચાયતની પ્રસંગોપાત ખાલી બેઠકોની પેટા ચૂંટણી યોજવાની રહેતી નથી.

જિલ્લા/તાલુકા પંચાયતોમાં પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણીમાં મતદારો મતદાનથી વંચિત રહી જવા પામે નહિ તે માટે જિલ્લા/તાલુકા પંચાયતોમાં જે મતદાર મંડળ/મતદાર મંડળોમાં બેઠક ખાલી પડેલ હોય તે મતદાર મંડળ પૂરતી જ તા. ૧-૧-૨૦૧૬ ની વિધાનસભાની છેલ્લે પ્રસિદ્ધ થયેલ મતદાર યાદી (પુરવણી સહિત) પરથી ફોટાવાળી મતદાર યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવાની બાબત રાજ્ય ચૂંટણી આયોગની વિચારણામાં હતી.

વિચારણાના અંતે બંધારણના અનુચ્છેદ ૨૪૩-ક, ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ અને ગુજરાત પંચાયત ચૂંટણીના નિયમો-૧૯૯૪ થી રાજ્યચૂંટણી આયોગને મળેલ અધિકારની રૂઈએ જે જિલ્લા/તાલુકા પંચાયતોમાં જે મતદાર મંડળ/મતદાર મંડળોમાં પ્રસંગોપાત બેઠક ખાલી પડેલ હોય તે મતદાર મંડળ પૂરતી જ તા. ૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ ફોટાવાળી મતદાર યાદી પ્રસિદ્ધ કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગ નીચે પ્રમાણેનો વિગતવાર કાર્યક્રમ આથી નક્કી કરે છે.

અ.નં.	વિગત	કાર્યક્રમ
૧.	તા. ૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ ગુજરાત વિધાનસભાની ફોટાવાળી પુરવણી સહિત આખરી પ્રસિદ્ધ થયેલ મતદારયાદી પરથી જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર મંડળોની વિભાગવાર તા. ૧-૧-૨૦૧૬ ના રોજ લાયકાત ધરાવતા મતદારોની મતદાર યાદીઓની પ્રાથમિક પ્રસિદ્ધિ કરવાની તારીખ	૨૫-૨-૨૦૧૬
૨.	નિયમ-૩(ક) તથા ૩ (ખ) હેઠળ નમૂના નંબર ૧(ક) તથા ૧(ખ) મુજબ દાવા અરજીઓ રજૂ કરવા માટેની છેલ્લી તારીખ	૩-૩-૨૦૧૬
૩.	રજૂ થયેલ દાવા અરજીઓની ચકાસણી તથા દાવા પરત્વે નિયમ-૩(સી)(૨) અન્વયે આખરી નિર્ણય કરવા માટેની તારીખ	૧૧-૩-૨૦૧૬
૪.	મતદાર મંડળોની વિભાગવાર તા. ૧-૧-૨૦૧૬ ની સ્થિતિની કોમ્પ્યુટરાઈઝડ પુરવણી મતદાર યાદી તૈયાર કરવાની તારીખ	૧૫-૩-૨૦૧૬
૫.	મતદાર મંડળોની ૨૦૧૬ ની ફોટાવાળી મતદાર યાદી ૨૦૧૬ ની પુરવણી મતદાર યાદી સહિત વિભાગવાર આખરી પ્રસિદ્ધિની તારીખ	૧૯-૩-૨૦૧૬

જિલ્લા/તાલુકા પંચાયતોમાં ખાલી પડેલ બેઠકોના મતદાર મંડળોમાં સમાવિષ્ટ ગામોની વિધાનસભા મતદાર વિભાગોની તા. ૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ આખરી પ્રસિદ્ધ થયેલ ફોટાવાળી મતદાર યાદીની નકલો મેળવીને આ મતદાર યાદીના મથાળા પર રાજ્ય ચૂંટણી આયોગે નક્કી કરેલ નમૂના નંબર : ૨ (અ) મુજબ મથાળાં ટાઈપ કરી/તૈયાર કરી ચોંટાડવાનાં રહેશે અને મતદાર યાદીના છેલ્લા પાને મતદાર નોંધણી અધિકારી અને મામલતદારશ્રીઓના હોદ્દા અને સહી સિક્કા લગાવી સહીઓ કરવાની રહેશે. વિધાનસભાની મતદાર યાદીમાં જરૂર પ્રમાણે પૃષ્ઠ નંબર, ભાગ નંબર, મતદાર વિભાગને લગતી છાપેલી બાબતો પર કાગળની પટ્ટી ચોંટાડીને ઢાંકી દેવાની રહેશે.

જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદાર વિભાગવાર આખરી પ્રસિધ્ધ થયેલ મતદાર યાદીઓમાં ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ-૨૦(૬) અનુસાર રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-પચત-મતય-૯૪, તા. ૩-૫-૧૯૯૪ મુજબ જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો રજૂ કરવાની છેલ્લી તારીખ પહેલાની તારીખ સુધી નવીન નામો દાખલ કરી શકશે. નામ સુધારા કરી શકશે અને નામો કમી કરી શકશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

Extra No. 54

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, JANUARY 30, 2016/MAGHA 10, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ,
બ્લોક નંબર ૯, ૬ ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર, ૩૦ મી જાન્યુઆરી, ૨૦૧૬.

વંચાણમાં લીધું:-

(૧) રાજ્ય ચૂંટણી આયોગના હુકમ ક્રમાંક: રાચઆ-ચટણ-નપલ-ચઅન-૮(૭) આર. ઓ. ૧૨૦૧૬-ક તા. ૧૩-૧-૨૦૧૬

-: સુધારા હુકમ :-

ક્રમાંક : રાચઆ-ચટણ-નપલ-ચઅન-૮(૭)-આર. ઓ.-૧૨૦૧૬-ક. રાજ્ય ચૂંટણી આયોગના ઉપર વંચાણ-૧ માં દર્શાવેલ હુકમથી નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી માટે ચૂંટણી અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારીઓની સંબંધિત કલેક્ટરશ્રીઓની દરખાસ્ત અનુસાર નિયુક્તિ કરવામાં આવેલ. જેમા જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી દેવભૂમિ દ્વારકાના તા. ૨૭-૧-૨૦૧૬ ની સુધારા દરખાસ્ત અનુસાર નીચે અનુસૂચિ મુજબની વિગતે અંશતઃ સુધારો કરવામાં આવે છે.

અનુસૂચિ

અ.નં.	જિલ્લાનું નામ	નગર પાલિકાનું નામ	વોર્ડ નંબર	સુધારી નિયુક્ત કરેલ અધિકારીની વિગત	
				ચૂંટણી અધિકારીનો હોદ્દો/કચેરી	મદદનીશ ચૂંટણી અધિકારીનો હોદ્દો/કચેરી
૧	૨	૩	૪	૫	૬
૧	દેવભૂમિ દ્વારકા	જામરાવલ	૨થી૬	જિલ્લા મ્યુનિસિપલ અધિકારી, દેવભૂમિ દ્વારકા, કલેક્ટર કચેરી, દેવભૂમિ દ્વારકા મું. ખંભાળીયા, (જિ. દેવભૂમિ દ્વારકા)	

હુકમનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

રાજ્ય ચૂંટણીના આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 55

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, JANUARY 30, 2016/MAGHA 10, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ,
બ્લોક નંબર ૯, ૬ ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર, ૩૦ મી જાન્યુઆરી, ૨૦૧૬.

વંચાણમાં લીધું:-

(૧) રાજ્ય ચૂંટણી આયોગના હુકમ ક્રમાંક: રાચઆ-ચટણ-નપલ-ચઅન-૮(૭) આર. ઓ. ૧૨૦૧૬-ક તા. ૨૫-૧-૨૦૧૬

-: સુધારા હુકમ :-

ક્રમાંક : રાચઆ-ચટણ-નપલ-ચઅન-૮(૭)-આર. ઓ.-૧૨૦૧૬-ક. રાજ્ય ચૂંટણી આયોગના ઉપર વંચાણ-૧ માં દર્શાવેલ હુકમથી નગરપાલિકાઓની ખાલી પડેલ વોર્ડની બેઠકોની પેટા ચૂંટણી માટે ચૂંટણી અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારીઓની સંબંધિત કલેકટરશ્રીઓની દરખાસ્ત અનુસાર નિયુક્તિ કરવામાં આવેલ. જેમા જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી દેવભૂમિ દ્વારકાના તા. ૨૭-૧-૨૦૧૬ ની સુધારા દરખાસ્ત અનુસાર નીચે અનુસૂચિ મુજબની વિગતે અંશત: સુધારો કરવામાં આવે છે.

અનુસૂચિ

અ.નં.	જિલ્લાનું નામ	નગર પાલિકાનું નામ	વોર્ડ નંબર	સુધારી નિયુક્ત કરેલ અધિકારીની વિગત	
				ચૂંટણી અધિકારીનો હોદ્દો/કચેરી	મદદનીશ ચૂંટણી અધિકારીનો હોદ્દો/કચેરી
૧	૨	૩	૪	૫	૬
૧	દેવભૂમિ દ્વારકા	ભાણવડ	૬	-	તાલુકા વિકાસ અધિકારી, ભાણવડ, તાલુકા પંચાયત કચેરી, ભાણવડ, ભાણવડ(જિ. દેવભૂમિ દ્વારકા)

હુકમનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 56

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, FEBRUARY 5, 2016/MAGHA 16, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

GUJARAT ELECTRICITY REGULATORY COMMISSION
GANDHINAGAR

Distribution Code (Second Amendment), 2016

Notification No. 1 of 2016

In exercise of powers conferred under Section 86 (c), (e) and (i) of the Electricity Act, 2003 (Act 36 of 2003) and under Section 42 (b) of the Gujarat Electricity Industry (Reorganisation and Regulation) Act, 2003 (Gujarat Act 24 of 2003) and all powers enabling it in that behalf, the Gujarat Electricity Regulatory Commission hereby amend the Distribution Code (No. 6 of 2004), the principal Code.

1. Short Title, Extent and Commencement

    (1) This Code may be called the Gujarat Electricity Distribution Code (Second Amendment), 2016
    (2) This Code shall come into force on the date of their publication in the Gazette.

2. Amendment to Section 4.5 (12) of the principal code:
    Section 4.5 (12) of the principal code shall be substituted as under:

    "4.5 (12)

    The planning of the Distribution System shall always keep in view the cost effectiveness and reduction in energy losses without sacrificing the requirements of Security Standards, Safety Standards and ***Power Quality Standards*** for the Distribution System."

INDEX

3. Amendment to Section 6.7 (1) of the principal code:
Section 6.7 (1) of the principal code shall be substituted as under:

"6.7 (1)

Reliable and redundant communication links viz ***e-mail id (available round the clock)***, telephone, fax, etc. shall be made available by the consumer whose contract demand is 1 MW and above for data exchange and sharing information and operating instruction between the Licensee, Consumer, LMU, Sub- SLDC and SLDC. Each distribution utility shall ensure installation and maintenance of proper communication infrastructure at consumer end."

4. Amendment to Section 6.9 (1) of the principal code:
Section 6.9 (1) of the principal code shall be substituted as under:

"6.9 (1)

The Distribution Licensee and the Users (comprising Generation Companies, Transmission Licensee and Consumers having load above 5 MW or dedicated lines) and any other Distribution Licensee having common electrical interface with the Licensee shall designate suitable persons to be responsible for safety co-ordination. These persons shall be referred to as Control Persons. Their designation, ***e-mail id*** and telephone numbers shall be exchanged between all the concerned persons. Any change in the list shall be notified promptly to all the concerned."

5. Amendment to Attachment 1 of the principal code:
Clause 12 (1) of Attachment 1 of the principal code shall be substituted as under:

"The metering for 230 V single-phase supply shall be provided on a suitable board, located in such a place protected from sun and rain and shall be in a convenient position for taking readings ***enclosed in a suitable tamper-proof box.The tamper-proof box shall be of sufficient strength and design with locking and sealing devices and shall have adequate provision for heat dissipation with the required electrical clearances. The design shall permit readings to be taken without access to the meter or its connections. The terminals of the meter and box shall be made tamper – proof and sealed.*** For 400 Volts three phase supply, the meters and associated metering equipment including connections shall be enclosed in a suitable tamper-proof box.The tamper-proof box shall be of sufficient strength and design with locking and sealing devices and shall have adequate provision for heat dissipation with the required electrical clearances. The design shall permit readings to be taken without access to the meter or its connections."

Gandhinagar
Date-25/01/2016

Roopwant Singh, IAS
Secretary
Gujarat Electricity Regulatory Commission
Gandhinagar.

INDEX

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

ગાંધીનગર

વિતરણ સંહિતા(બીજો સુધારો) ૨૦૧૬

૨૦૧૬ ના જાહેરનામા નં ૧

૨૦૦૩ ના વીજળી અધિનિયમ(૨૦૦૩ નો અધિનિયમ ૩૬) કલમ ૮૬ સી,ઇ અને આઇ અન્વયે તથા ગુજરાત વીજળી ઉદ્યોગ(પુન: રચના અને વિનિયમ) અધિનિયમ ૨૦૦૩(૨૦૦૩ નો ગુજરાત અધિનિયમ ૨૪) કલમ ૪૨બી અન્વયે સોંપેલી સત્તાઓ તથા આ અંગે તેમને સક્ષમ બનાવતી તમામ સત્તાઓના રૂએ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ , આથી વિતરણ સંહિતા(૨૦૦૪ નું જાહેરનામું નં ૬) મુખ્ય વિતરણ સંહિતા. માં સુધારો કરે છે

૧. ટૂંકુ શિર્ષક, વ્યાપ્તિ અને પ્રારંભ :

(૧) આ સંહિતા ગુજરાત વીજળી વિતરણ સંહિતા(બીજો સુધારો) ૨૦૧૬ કહેવાશે.

(૨) આ સંહિતા રાજ્યપત્રમાં તેની પ્રસિદ્ધની તારીખથી અમલમાં આવશે.

૨. મુખ્ય વિતરણ સંહિતાની કલમ ૪.૫(૧૨)માં સુધારો:

મુખ્ય સંહિતાની કલમ ૪.૫(૧૨) ની અવેજીમાં નીચે મુજબનો પેરેગ્રાફ મુકાશે.

"૪.૫ (૧૨)

વિતરણ વ્યવસ્થા માટેનાં સુરક્ષા ધોરણો, *સલામતી ધોરણો* અને વીજળી ગુણવત્તા ધોરણોની આવશ્યકતાઓને આંચ ન આવે તે રીતે ખર્ચની અસરકારકતા તથા વીજ ઘટમાં ઘટાડાને લક્ષમાં રાખીને વિતરણ વ્યવસ્થાનું આયોજન કરવું."

૩. મુખ્ય વિતરણ સંહિતાની કલમ ૬.૭.૧માં સુધારો:

મુખ્ય સંહિતાની કલમ ૬.૭ (૧) ની અવેજીમાં નીચે મુજબનો પેરેગ્રાફ મુકાશે.

"૬.૭ (૧)

વિશ્વસનીય અને આકસ્મિક સંચાર જોડાણો એટલે કે *ઇ-મેઇલ આઇડી (કે જે દરેક સમયે ઉપલબ્ધ હોય),* ટેલિફોન, ફેક્સ વગેરે, ૧.મે.વો અને વધુ કરારમાંગ વાળા ગ્રાહકોએ પરવાનેદાર, એલએમયુ, સબ – એસએલડીસી અને એસએલડીસી વચ્ચે ડેટા વિનીમય અને ઓપરેટીંગની સુચના અને માહિતીના વિનિમય માટે પૂરા પાડેલા હોવા જોઇએ. દરેક પરવાનેદારે ગ્રાહક છેડે યોગ્ય સંચાર ઇન્ફ્રાસ્ટ્રકચરની સ્થાપન અને જાળવણી સુનિશ્ચિત કરવી."

૪. મુખ્ય વિતરણ સંહિતાની કલમ ૬.૯ (૧)માં સુધારો:

મુખ્ય સંહિતાની કલમ ૬.૯ (૧) ની અવેજીમાં નીચે મુજબનો પેરેગ્રાફ મુકાશે.

"૬.૯ (૧)

વિતરણ પરવાનેદાર અને વપરાશકર્તાઓ(નિર્માણ કરતી કંપનીઓ, પ્રવાહન પરવાનેદાર અને ૫ મે.વો. થી વધુ અથવા વિશિષ્ટ હેતુ માટે લગાડેલ લાઇનોના બનેલા) અને પરવાનેદાર સાથે સામાન્ય વીજ જોડાણ ધરાવતા બીજા કોઇ વિતરણ પરવાનેદાર સલામતી સંયોજન માટે જવાબદાર બનતી યોગ્ય વ્યક્તિઓ નીમશે. આ વ્યક્તિઓ

નિયંત્રણ વ્યક્તિઓ તરીકે ઓળખાશે. તેમનો હોદ્દો,*ઇ-મેઇલ આઇડી* અને ટેલિફોન નંબર સંબંધિત તમામ વ્યક્તિઓ વચ્ચે આપ-લે કરવામાં આવશે. યાદીમાં કોઇ ફેરફાર હશે તો તે તમામ સંબંધિતને વિના વિલંબે જાહેર કરવામાં આવશે"

૩. મુખ્ય વિતરણ સંહિતાના જોડાણ-૧ માં સુધારો:

મુખ્ય સંહિતાના જોડાણ - ૧ ની કલમ ૧૨ (૧) ની અવેજીમાં નીચે મુજબનો પેરેગ્રાફ મુકાશે.

૧૨ (૧)

૨૩૦ વો. સિંગલ ફેઇઝ પુરવઠા માટે મીટર યોગ્ય બોર્ડ પર,*ટેમ્પર પ્રૂફ પેટીમાં* પૂરૂ પાડવામાં આવશે કે જે સૂર્ય અને વરસાદથી રક્ષિત જગ્યાએ અને વાંચન લઇ શકાય તેવી સુરક્ષિત જગ્યાએ રહેશે. *ટેમ્પર પ્રૂફ પેટી પૂરતી તાકાત અને લોકીંગ અને સીલોના ઉપકરણો સાથેની ડિઝાઇન અને ગરમી દૂર કરવા માટેની પૂરતી જોગવાઇ સાથે જરૂરી ઇલેક્ટ્રીકલ મંજૂરીઓ સાથેનું હોવું જોઇએ. આવી ડિઝાઇન મીટર અને તેનાં જોડાણોને અડક્યા વિના રીડીંગ લેવાની અનુમતી આપતી હોવી જોઇએ.મીટર અને પેટીના છેડાઓ ટેમ્પર પ્રૂફ અને સીલ લગાવેલ હોવા જોઇએ.* ૪૦૦ વો. થ્રી ફેઝ પુરવઠા માટે મીટર અને જોડાણ સહિત સંકળાયેલ મીટર ગોઠવવાની સામગ્રી ચેડા ન કરી શકાય તેવી યોગ્ય પેટીમાં બંધ કરવામાં આવશે. તાળાબંધ અને સીલબંધ યુક્તિથી ચેડા ન કરી શકાય તેવી પેટી સંપૂર્ણપણે મજબૂત હશે અને તેમાં જરૂરી વીજળીક નિવારણ સાથે ગરમી દૂર કરવા માટેની પૂરતી જોગવાઇ હશે અને મીટરને કે તેનાં જોડાણોને અડક્યા વિના મીટર રીડિંગ કરી શકાય તેવી રચના હશે.

સહિ/-
રૂપવંત સિંઘ, આઇ એ એસ.
સચિવ,
ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
ગાંધીનગર.

ગાંધીનગર
તા. ૨૫/૦૧/૨૦૧૬

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 57

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

(૧) મુંબઈ પ્રોવિન્શિયલ કોર્પોરેશન (ચૂંટણી કરવા બાબતના) નિયમો ૧૯૯૪ના નિયમ-૫૨ યુ ના પેટા નિયમ(૬) હેઠળ ઈ-વોટર્સને મતદાન કરવાની મંજૂરી આપવાના રાજ્ય ચૂંટણી આયોગને મળેલ અધિકાર, આથી જે તે ચૂંટણીના ચૂંટણી અધિકારીને સુપ્રત કરવામાં આવે છે.

(૨) મુંબઈ પ્રોવિન્શિયલ કોર્પોરેશન (ચૂંટણી કરવા બાબતના) નિયમો ૧૯૯૪ના નિયમ-૫૨ યુ ના પેટા નિયમ(૧૨) હેઠળ મતદારને વીજાણુ મતદાન યંત્ર કે મતપત્રથી મત આપવા મંજૂરી આપવાના રાજ્ય ચૂંટણી આયોગને મળેલ અધિકાર, આથી સંબંધિત ચૂંટણી અધિકારીને સુપ્રત કરવામાં આવે છે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર

રાજ્ય ચૂંટણી આયોગ,

બ્લોક નંબર.૯, ૬ઠ્ઠો માળ,

સચિવાલય, ગાંધીનગર ૨૩/૦૩/૨૦૧૬.

વંચાણે લીધા :- (૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી/૭૯/૨૦૧૦-એમએનપી-૧૦૨૦૧૦-૮૩૬-પી, તા.૫-૬-૨૦૧૦

આદેશ :-

ક્રમાંક : રાચઆ -ચટણ-સ્થા.-સ્વ.-૩૦૮(૩)-૦૩૨૦૧૬-ક રાજ્યની મહાનગરપાલિકાની સામાન્ય/પેટા ચૂંટણીમાં "ઓનલાઈન વોટીંગ" (ઈ-વોટીંગ) નો વિકલ્પ આપવામાં આવે ત્યારે મત નોંધવા ઈ-વોટરની નોંધણી કરવા રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગે આમુખમાં દર્શાવેલ જાહેરનામાથી મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) નિયમો ૧૯૯૪ સુધારેલ છે.

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) નિયમો ૧૯૯૪ના નિયમ-૬ એ ના પેટા નિયમ (૩) માં ઈ-વોટર્સની નોંધણી થયેથી ઈ-વોટર્સ આઈડી કાર્ડ,પીન અથવા પાસવર્ડ રાજ્ય ચૂંટણી આયોગે નિયુક્ત કરેલ નિર્દિષ્ટ અધિકારીએ આપવા જોગવાઈ થયેલ છે. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-વ-ક,મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯ની કલમ-૮થી મળેલ સત્તાની રૂએ રાજ્ય ચૂંટણી આયોગ આ નિયમના હેતુ સારૂ જે તે ચૂંટણી અધિકારીને આથી 'નિર્દિષ્ટ અધિકારી' તરીકે નિયુકત કરે છે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

રાજય ચૂંટણી આયોગ,
બ્લોક નંબર.૯, ૬ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર ૨૩/૦૩/૨૦૧૬.

વંચાણે લીધા :- (૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી/૭૮/૨૦૧૦-એમએનપી-૧૦૨૦૧૦-૮૩૬-પી, તા.૫-૬-૨૦૧૦

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી/૭૯/૨૦૧૦-એમએનપી-૧૦૨૦૧૦-૮૩૬-પી, તા.૫-૬-૨૦૧૦

આદેશ :-

ક્રમાંક : રાચઆ -ચટણ-સ્થા-સ્વ-૩૦૮(૪)-૦૩૨૦૧૬-ક ભારતના બંધારણમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓ યોજવા પ્રકરણ-૯ થી થયેલ સુધારામાં અનુચ્છેદ ૨૪૩-ક તથા ૨૪૩-વ-ક હેઠળ રાજય ચૂંટણી આયોગની રચના કરવા જોગવાઈ કરવામાં આવેલ છે. સ્થાનિક કાયદા હેઠળ રાજય સરકારે આ હેતુ માટે રાજય ચૂંટણી આયોગની રચના કરી છે. રાજયમાં મહાનગરપાલિકાઓની ચૂંટણીઓ સંદર્ભે મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ માં જરૂરી સુધારા કરી મહાનગરપાલિકાઓની ચૂંટણી યોજવા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ની ચૂંટણી કરવા બાબતના) નિયમો, ૧૯૯૪ બહાર પાડેલ છે. જેને સમયાંતરે જરૂરિયાત પ્રમાણે સુધારી "મતપેટી" તથા "વીજાણુ મતદાન યંત્રો" એમ બે વિકલ્પથી મતદાન કરવા જોગવાઈ કરેલી છે. મહાનગરપાલિકાઓની ચૂંટણીમાં "ઓનલાઈન વોટીંગ સીસ્ટમ"(ઈ-વોટીંગ) થી મત નોંધવા તથા તેની ગણતરી કરવા રાજય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગે આમુખમાં દર્શાવેલ જાહેરનામાઓ ક્રમાંક (૧) તથા (૨) થી નીચે મુજબના સંબંધિત નિયમો સુધારી, વધુ એક વિકલ્પથી મતદાન કરવા તથા મતોની ગણતરી કરવા જોગવાઈ કરેલ છે.

(૧) મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ની ચૂંટણી કરવા બાબત) નિયમો-૧૯૯૪

(૨) મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) નિયમો-૧૯૯૪

ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-વ-ક, મુંબઈ પ્રોવિન્શયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ નીકલમ-૮ અને ૧૪.૨ તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) નિયમો-૧૯૯૪ ના નિયમ-૬(અ) ના પેટા નિયમ-૮ તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન(ની ચૂંટણી કરવા બાબત) ના નિયમ-૧૯૯૪ ના નિયમ:૫૨-યુ-પેટા નિયમ-૭,૯,૧૩ અને ૮૨ હેઠળ મળેલ સત્તાની રુઈએ, ઓનલાઈન વોટીંગ સિસ્ટમ (ઈ-વોટીંગ)ના વિકલ્પથી મતદાન કરવા તથા મત ગણતરી કરવા માટેની ચૂંટણી પ્રક્રિયા વધુ સ્પષ્ટ, પારદર્શક બનાવવા તથા ચૂંટણી મુક્ત અને ન્યાયી રીતે યોજાય તે હેતુ સારુ 'મતપેટી' અને ' વીજાણુ મતદાન યંત્રો' થી મતદાન કરવા તથા મતોની ગણતરી કરવાની થયેલ જોગવાઈઓ સાથે શકય હોય ત્યાં સુધી સુસંગત રહે તે માટે, ઓનલાઈન વોટીંગ સિસ્ટમ (ઈ-વોટીંગ) હેઠળ રાજય ચૂંટણી આયોગ નીચે મુજબ આદેશ કરે છે.

સદરહુ આદેશમાં ઓનલાઈન વોટીંગ સીસ્ટમ(ઈ-વોટીંગ)ના ઉલ્લેખમાં હવે "ઈ-વોટીંગ" તરીકે ઉલ્લેખ કરેલ છે.

(૧) 'ડેટા સેન્ટર'ની વ્યવસ્થા બાબતઃ-

નિયમ-૫૨-યુ-ના પેટા નિયમ-૧૩ અનુસાર ઈ-વોટીંગ સિસ્ટમથી ચૂંટણી યોજવા માટે રાજય ચૂંટણી આયોગ ખાતે વીજાણુ સાધન-સર્વર-ડેટાસેન્ટર રહેશે. રાજય ચૂંટણી આયોગે સ્વતંત્ર 'ડેટા સેન્ટર'ની સ્થાપના કરેલ છે. આ

ડેટાસેન્ટર ખાતે ઈ–વોટીંગ માટે જરૂરી આઈ.ટી. ઈન્ફ્રાસ્ટ્રકચર (જેમ કે સર્વરો, યુ.પી.એસ.,નેટવર્ક,એન્ટી વાયરસ, હબ, સ્ટોરેજ, બેક–અપ,વિગેરેની) સવલતો રહેશે. જે ઈ–વોટીંગ સીસ્ટમથી યોજાનાર ચૂંટણીઓ માટે કોમ્પ્યુટર એપ્લીકેશન અને ડેટ સંગ્રહિત કરવાનું મુખ્ય કેન્દ્ર એટલે કે ઈ– વોટીંગ માટે મતદાન સ્ટોરેજ / સંગ્રહ સહિતની કામગીરી કરશે. 'ઈ–વોટિંગ' સીસ્ટમ હેઠળ, ઈ–મતદારો દ્વારા થયેલ ઈ–મતદાન સંગ્રહિત રહેશે./થશે. મતદાનના સમય દરમ્યાન ડેટા સેન્ટરના નિયુક્ત થયેલ ઈ–ચાર્જ અધિકારી ઈ–મતદાન સમય/મતગણતરી સમય દરમ્યાન "ડેટા સેન્ટર"ની કામગીરીનું નિરીક્ષણ કરશે/રાખશે.

(૨) મતદારયાદીમાં ઈ–મતદારની નોંધ કરવા બાબત:–

ચૂંટણી અધિકારી માર્ક મતદારયાદીની નકલમાં ઈ– વોટર્સ તરીકે નોંધાયેલ જે તે મતદાર સામે " ઈ–વોટર્સ " શબ્દો લખી નોંધ કરશે.

(૩) ઈ–વોટીંગ માટે ચૂંટણી અધિકારી દ્વારા "ઈ–મતપત્ર" તૈયાર કરી વેબસાઈટમાં મુકવા બાબત:

૩.૧ ઈ–વોટીંગ પદ્ધતિથી મતદાન લેવાના પ્રસંગે સંબંધિત ચૂંટણી અધિકારી હરીફ ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ કર્યા પછી હરીફ ઉમેદવાર/ તેના ચૂંટણી એજન્ટ કે તેના અધિકૃત પ્રતિનિધિને અગાઉથી 'નમૂના નંબર–ક' ની નોટિસથી જાણ કરી,ઈ–વોટીંગ સિસ્ટમમાં ઈ–મતપત્ર ગોઠવવાની પ્રક્રિયા સમયે ચૂંટણી અધિકારી નકકી કરે તે દિવસે/સમયે અને સ્થળે હાજર રહેવા જણાવશે.

૩.૨ રાજ્ય ચૂંટણી આયોગ ખાતેના ડેટા સેન્ટરના સર્વરની ઈ–વોટીંગ સીસ્ટમની વેબસાઈટમાં, **રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક:–રાચપ–ચટણ–સ્થા–સ્વ–૩૦૮–૦૪૨૦૧૪ –ક, તા –૦૯–૨૦૧૫થી** નકકી કર્યા પ્રમાણેનું "ઈ–મતપત્ર" મુકશે. ચૂંટણી અધિકારી હરીફ ઉમેદવારોની યાદી આખરી કર્યેથી ત્યાર બાદ તથા ઈ–મતદાન પૂર્વે ચાર દિવસ અગાઉના સમયગાળા પહેલાં ઈ–વોટીંગ સિસ્ટમમાં ઈ–મતપત્ર મંજૂર કરીને નાખશે. સદરહુ મતપત્ર રાજ્ય ચૂંટણી આયોગ ખાતેના ડેટા સેન્ટરમાં ઈ–વોટીંગ સિસ્ટમમાં જશે. રાજ્ય ચૂંટણી આયોગ ખાતેના ડેટા સેન્ટરમાં તે પહોંચી ગયેથી તેની ખાત્રી કરાવશે. ચૂંટણી અધિકારી આ પ્રક્રિયાનું રોજકામ કરશે.

(૪) ઈલેકટોરલ બોર્ડ (ઈ–બોર્ડ) તથા સ્માર્ટ કાર્ડના ઉપયોગ બાબત :–

ઈ–વોટીંગ સીસ્ટમમાં કેટલાક તબકકે કામગીરી માટે નીચે જણાવ્યા પ્રમાણે ત્રણ અધિકારીનું 'ઈ–બોર્ડ' રહેશે.

(૧) ચૂંટણી અધિકારી

(૨) મદદનીશ ચૂંટણી અધિકારી અને

(૩) શહેર ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી નિયુકત કરે તે અધિકારી

ઉપરોક્ત અધિકારીઓને રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સ્માર્ટ કાર્ડ આપવામાં આવશે જેની વિગત ગુપ્ત રાખવાની રહેશે. સ્માર્ટ કાર્ડનો ઉપયોગ મુખ્યત્વે નીચેના તબકકે કરવાનો રહેશે.

૧) મોકપોલ ચાલુ કરવા

૨) મોકપોલ પૂરું કરવા

૩) મોકપોલના મતો મીક્ષીંગ કરવા

૪) મોકપોલની મત ગણતરી કરવા

૫) મોકપોલની મતગણતરી બાદ શૂન્ય કરવા

૬) ઈ–વોટર્સની મતદારયાદી સીસ્ટમમાં મુકવા

૭) ઈ–મતદાન ચાલુ કરવા

૮) અનિવાર્ય સંજોગોમાં ઈ–મતદાન મોકુફ કરવા

૯) ઈ–મતદાન બંધ કરવા

૧૦) ઈ–મતદાનની મતો મીક્ષીંગ કરવા

૧૧) ઈ–મતદાનની મતગણતરી કરવા.

૧૨) રાજ્ય ચૂંટણી આયોગ/શહેર ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટરશ્રી અન્ય કોઈ તબકકે સૂચના આપે ત્યારે, વિગેરે.

ઉપરોક્ત ત્રણ અધિકારીઓ પૈકી કોઈપણ બે અધિકારીઓ તેમના સ્માર્ટ કાર્ડનો ઉપયોગ કરી ઈ–વોટીંગની સીસ્ટમ ઓપરેટ કરી શકશે.

(૫) **ઈ–મતદાન માટે ડેટા સેન્ટર કનેક્ટ કરવા બાબત :**

રાજ્ય ચૂંટણી આયોગ ખાતેના "ડેટા સેન્ટર" ના સ્થળે માન્ય રાજકીય પક્ષના પ્રતિનિધિ/ ઉમેદવાર કે ચૂંટણી એજન્ટ કે જે ઉપસ્થિત હોય તેની ઉપસ્થિતિમાં મતદાનના દિવસે મતદાન શરૂ થાય તે પહેલાં આયોગે નિયુક્ત કરેલ નિર્દિષ્ઠ અધિકારી ડેટા સેન્ટર ખાતેની ઈ–વોટીંગ સીસ્ટમ પ્લગ– કનેક્ટ કરી ચાલુ કરશે. ડેટા સેન્ટર માંના સર્વરના દરવાજા બંધ કરી સીલ કરશે. ઉપસ્થિત રહેલ પક્ષના પ્રતિનિધિ/ ઉમેદવાર/ચૂંટણી એજન્ટની હાજરીમાં સીલ કર્યાની પ્રક્રિયાનું રોજ કામ કરશે.

(૬) **ઈ– મતદાન ચાલુ કરવા પૂર્વે પ્રક્રિયા :**

મહાનગરપાલિકાના ઈ– વોટીંગ સિસ્ટમ હેઠળના વોર્ડના સંબંધિત ચૂંટણી અધિકારી નક્કી કરે તે સ્થળે મતદાન શરૂ થવાના પહેલાં, માન્ય રાજકીય પક્ષ ના અધિકૃત પ્રતિનિધિ/ ઉમેદવાર/ ચૂંટણી એજન્ટની ઉપસ્થિતિમાં "મોકપોલ" ચૂંટણી અધિકારીએ સીસ્ટમમાં મૂકેલ ઈ–મતપત્રથી કરશે. મોકપોલ માટે ચૂંટણી અધિકારીએ પૂર્વ નિર્ધારિત અંદાજિત ૨૦ જેટલા પ્રતિનિધિઓના નામ અને તેના મોબાઈલ નંબરો આગોતર તૈયાર રાખશે. જેમાં ઉમેદવાર કે તેના અધિકૃત પ્રતિનિધિ વિગેરેનો પણ સમાવેશ થઈ શકશે. આ મોકપોલની પ્રક્રિયા ઈ–મતદાન શરૂ થવાના અડધો કલાક પહેલાં બિનચૂક પૂર્ણ કરી દેવાની રહેશે. મોકપોલ કર્યા પછી ઉપર દર્શાવ્યા મુજબ સ્માર્ટકાર્ડથી મીક્ષીંગ કરશે અને મોકપોલનું પરિણામ જાહેર કરશે અને તેની હાર્ડકોપી/રેકર્ડ રાખશે, ત્યાર બાદ આ થયેલ મોકપોલની વિગતો સીસ્ટમમાંથી ભૂંસી સીસ્ટમમાં કોઈ મતો હવે નોંધાયેલ નથી તેની ખાત્રી ઉપસ્થિત સૌને કરાવશે અને તેનું રોજકામ કરશે.

ઉપરોક્ત મોકપોલની પ્રક્રિયા પૂર્વનિર્ધારિત મતદારોના નામ સીસ્ટમમાં દાખલ કરી તેઓ દ્વારા થશે.

મોકપોલ પછી સીસ્ટમમાં મોકપોલ માટે દાખલ કરેલા પૂર્વ નિર્ધારિત મતદારોના નામ સીસ્ટમમાંથી નાબૂદ કરી, જે તે વોર્ડના વાસ્તવિક ઈ–મતદારો કે જેઓ, ઈ– મતદાન કરનાર છે તેવા ઈ–મતદારોની યાદી કે જેની સોફ્ટ કોપી તૈયાર હશે તે, ચૂંટણી અધિકારી ધ્વારા ઈ–વોટીંગ સીસ્ટમમાં નિયત જગ્યાએ ક્લીક કરી દાખલ/ સમાવિષ્ટ કરવાની રહેશે. તેમજ ઈ–મતદાનની તારીખ અને સમય પણ સીસ્ટમમાં સમાવિષ્ટ/ દાખલ કરાશે. સદરહુ પ્રક્રિયા કર્યા, ત્યારબાદ નિયત સમયે ઈ–મતદાનની પ્રક્રિયા શરૂ થઈ શકે તે માટે, સીસ્ટમ ઈ–મતદાન માટે તૈયાર કરવાની કાર્યવાહી કરશે/રાખશે.

(૭) **ઈ–મતદાન માટે ઈ–મતદારે કરવાની પ્રક્રિયા બાબત :**

ઈ–મતદાર ઈ–વોટીંગ હેઠળ મત નોંધવા આયોગે જાહેર કરેલ દિવસ–સમય દરમ્યાન ઈ–મતદારે તેને અપાયેલ યુઝરનેમ અને પાસવર્ડનો ઉપયોગ કરી ઈ–વોટીંગ માટે લોગ–ઈન કરવાનું રહેશે, જેથી તેમાં સંબંધિત વોર્ડનું ઈ–મતપત્ર સ્ક્રીન પર પ્રદર્શિત થશે/દેખાશે. મતદાર વધુમાં વધુ ચાર ઉમેદવારને મત આપી શકશે. જે ઉમેદવારોને તેમનો મત આપવાનો હોય, તે ઉમેદવારના ક્રમ નંબર પાસેના ચોગઠામાં □ ક્લીક કરી મત નોંધશે. તે જ સમયે તેમના રજીસ્ટર્ડ થયેલ મોબાઈલ નંબર ઉપર, બીજો પાસવર્ડ આવશે (ફ્લેશ થશે) ઈ–મતદારે આ પાસવર્ડ કોમ્પ્યુટર પર નિયત જગ્યાએ દાખલ કરી સબમીટ કર્યા પછી તે સમયે સીસ્ટમમાં કોમ્પ્યુટર સ્ક્રીન પર તેનું ઈ–મતદાન થયેલું/કરેલ છે તેવી સૂચના પ્રદર્શિત /જોવા મળશે. પ્રદર્શિત થયેલ આ રસીદ પર એક ચોક્કસ નંબર ઈ–મતદાર જોઈ શકશે. રસીદમાં /પર ઈ–મતદારે ક્યા ક્યા ઉમેદવારને ઈ–મતદાન કરેલ છે તેની કોઈ વિગતો ઈ–મતદાર જોઈ/ મળી શકશે નહીં.આ રસીદમાં ટેક્નોલોજીના ઉપયોગ સાથે સાંકેતિક (એનક્રીપ્ટેડ) ભાષામાં પ્રદર્શિત થશે. જો કોઈ ઈ–મતદાર ઈચ્છતા હોયતો પ્રદર્શિત થયેલ આ રસીદની પ્રિન્ટ લઈ શકશે, જે કોઈપણ વ્યક્તિ વાંચી/ઉકેલી શકશે નહી તેથી ઈ–મતદારે કરેલ ઈ–મતદાનની ગુપ્તતા જળવાશે.

(૮) **ઈ–મતદાનની ગુપ્તતા જાળવવા બાબત :**

ઈ–મતદાન હેઠળ, ઈ–મતદાર, ઈ–મતદાનની ગુપ્તતા જાળવશે.

(૯) **ઈ–વોટીંગ બંધ કરવા બાબત :**

મતદાનનો સમય પૂર્ણ થયેથી, ચૂંટણી અધિકારીએ ઈ–વોટીંગ સીસ્ટમમાં કેટલા ઈ–મતદારો ધ્વારા ઈ–મતદાન કરાયેલ છે તેનો હિસાબ સીસ્ટમમાંથી મેળવી લીધા બાદ, રાજ્ય ચૂંટણી આયોગે નિયુક્ત કરેલા નિર્દિષ્ટ અધિકારી ડેટા સેન્ટરના ઈ–વોટીંગના સર્વરને સત્વરે ઈન્ટરનેટ નેટવર્કમાંથી અલગ કરશે. જેથી તે પછી ઈ–વોટીંગ અંતર્ગત કોઈ મતદાન થઈ શકે નહી, ત્યારબાદ ડેટા સેન્ટરને હાજર રહેલ માન્ય રાજકીય પક્ષના અધિકૃત

પ્રતિનિધિ/ઉમેદવાર/ ચૂંટણી એજન્ટ પૈકી જે હાજર રહેલ હોય તો તેની, ઉપસ્થિતિમાં ડેટા સેન્ટરના સર્વરને સીલ કરશે. આ કામગીરી કર્યા અંગેનું રોજકામ નિર્દિષ્ટ અધિકારીએ કરવાનું રહેશે. ડેટા સેન્ટરની ઈ–વોટીંગ સીસ્ટમ સુરક્ષિત કરશે અને તેને એવી રીતે બંધ કરવી જોઈશે કે જેથી તેની ચોક્કસ પધ્ધતિ સિવાય સીસ્ટમ પુનઃ ખોલી શકાય નહી.

આ પ્રક્રિયા દરમ્યાન હાજર રહેલ માન્ય રાજકીય પક્ષના અધિકૃત પ્રતિનિધિ / ઉમેદવાર/ ચૂંટણી એજન્ટ પૈકી જે કોઈ હાજર હોય અને જેઓ પોતે પોતાનું સીલ લગાવવા માંગતા હોય તો તેમને તેમ કરવાની પરવાનગી અપાશે.

(૧૦) ઈ–વોટીંગ હેઠળ હિસાબ બાબત :

મતદાન પૂર્ણ થયે ચૂંટણી અધિકારી ઈ–વોટિંગ સીસ્ટમથી કેટલા ઈ–મતદારોએ મતદાન કર્યું તે સંખ્યા મેળવશે અને તેનો હિસાબ નમૂના નંબરઃ ખ મુજબ તૈયાર કરી " ઈ–વોટીંગથી મતદાન કરેલ ઈ–મતદારોની સંખ્યાનો હિસાબ" એ શબ્દોવાળા પરબીડિયામાં તે બંધ કરવો જોઈશે.

ચૂંટણી અધિકારીએ દરેક હાજર રહેલ હરીફ ઉમેદવાર/ ચૂંટણી એજન્ટ કે પ્રતિનિધિને નમૂના નંબરઃ ખ ની નકલ પ્રમાણિત કરી, રસીદ મેળવી માંગણી થયેથી પૂરી પાડશે.

(૧૧) ચૂંટણી અધિકારીએ ઈ–વોટીંગ હેઠળના નમુના–રેકર્ડ સીલ કરવા અંગેઃ–

ચૂંટણી અધિકારીઃ–

(૧) નમૂનો નંબરઃ ખ અને

(૨) કરેલ રોજકામો વિગેરે કાગળોની સલામતી માટે પુરતી વ્યવસ્થા કરશે.

(૧૨) ઈ–વોટીંગ સીસ્ટમથી થયેલ ઈ–મતદાનના મતોની ગણતરી બાબત.

"ઈ–વોટીંગ" સીસ્ટમથી થયેલ ઈ–મતદાન મતોની ગણતરી કરવાના સંબંધમાં નિયમ–૫૩,૫૪,૫૫,૫૬,૫૭ તથા પરિણામોની જાહેરાત કરવાના સંબંધમાં,નિયમ–૬૨, ૬૩, ૬૪ ની જોગવાઈઓ ઉચિત ફેરફારો સાથે લાગુ પડશે અને આ નિયમોમાં "મતપત્ર" કે "મત" નો કોઈપણ ઉલ્લેખનો અર્થ, " ઈન્ટરનેટ દ્વારા ઈ–વોટીંગ" હેઠળ નોંધાયેલ મતો તરીકે કરવો જોઈશે.

(૧૩) મત ગણતરી શરૂ કરવા બાબતઃ–

"ઈ–વોટીંગ " નોંધાયેલ મતોની મત ગણતરી કરતા અગાઉ રાજકીય પક્ષના અધિકૃત પ્રતિનિધિ/ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ જે કોઈ હાજર રહેલ હોય તો, તેની ઉપસ્થિતિમાં નિર્દિષ્ટ અધિકારીએ સૌને ડેટા સેન્ટરનું સર્વર સીલબંધ– અકબંધ છે અને તે ઈન્ટરનેટથી અલગ છે. તેની ખાત્રી કરાવશે/કરવા દેવી જોઈશે, ત્યારબાદ તેને મત ગણતરીની કાર્યવાહી માટે ડેટા સેન્ટરના સર્વરને નેટવર્કમાં જોડશે અને તે અંગે રોજકામ કરશે.

(૧૪) મત ગણતરી માટે બોર્ડ બાબતઃ–

ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી અને જરૂર જણાય તો શહેર ચૂંટણી અધિકારીઅને કલેકટરશ્રી નિયુક્ત કરે તેવા ત્રીજા સ્થાનિક અધિકારી એમ ત્રણ અધિકારીઓનું ચૂંટણી બોર્ડ (આગળના ફકરા–૪ મુજબ) રહેશે. આ બોર્ડના ત્રણ અધિકારીઓ પૈકી ઓછામાં ઓછા કોઈ પણ બે અધિકારીઓના સ્માર્ટ કાર્ડથી ઈ–વોટીંગ સીસ્ટમ ખુલશે. આ બોર્ડ, ઈ–વોટીંગથી પડેલા મતોની મત ગણતરી શરૂ કરતાં પહેલાં, મતોનું મીક્ષીંગની કાર્યવાહી કરશે, મીક્ષીંગ અંગે જે તે અધિકારીઓને એક સ્માર્ટ કાર્ડ આપવામાં આવશે. આ સ્માર્ટ કાર્ડ ત્રણ અધિકારીઓ પૈકી ઓછામાં ઓછા કોઈ બે અધિકારીઓ સ્માર્ટ કાર્ડ સીસ્ટમમાં નાંખવાનું રહેશે. તેમ કરવાથી સીસ્ટમમાં મીક્ષીંગની કાર્યવાહી ચાલુ કરવા માટે આ અધિકારીઓએ પાસવર્ડ સીસ્ટમમાં દાખલ કરવાનો રહેશે. પછી મીક્ષીંગની પ્રક્રિયા ચાલુ થશે. મીક્ષીંગની પ્રક્રિયા શરૂ અને પૂર્ણ થયાની વિગતો કોમ્પ્યુટર સ્ક્રીન પર પ્રદર્શિત થશે.આ પ્રક્રિયા થયેથી, મીક્ષીંગની પ્રક્રિયા પૂર્ણ થયેલ ગણાશે.મીક્ષીંગ પછી ચૂંટણી અધિકારી ઈ–વોટીંગ સીસ્ટમમાંથી નોંધાયેલ મતદાનની મતગણતરી હાથ ધરશે.

(૧૫) મતગણતરીની પ્રક્રિયા બાબતઃ–

ચૂંટણી અધિકારી આ કામગીરી <u>પોસ્ટલ/સર્વિસ વોટરના મતોની મતગણતરી કરશે અને ત્યારબાદ ઈ–વોટીંગથી થયેલ મતદાનની અને વીજાણુ મતદાનયંત્રમાં સંગ્રહિત મતોની મતગણતરી કરશે."</u> ચૂંટણી અધિકારી ઈ–વોટીંગ માં દરેક ઉમેદવારે મેળવેલ મતો એવા દરેક ઉમેદવારના સંબંધમાં જોવાય તે રીતે ક્રિયાપ્રે પ્રદર્શિત કરશે અને આ સીસ્ટમથી મેળવેલ વિગતો જાહેર કરશે. ઈ–વોટીંગ માં દરેક હરીફ ઉમેદવારે મેળવેલ મતો

પ્રદર્શિત થાય ત્યારે, ચૂંટણી અધિકારીએ : નમૂના નં: ગ માં દરેક ઉમેદવારના સંબંધમાં ઈ–વોટીંગ થી મળેલ મતોની સંખ્યા અલગ રીતે નોંધવી જોઈશે અને નમૂના:ગ માં ચૂંટણી અધિકારી ઉપરાંત, હાજર રહેલા ઉમેદવાર/અધિકૃત પ્રતિનિધિ /મતગણતરી એજન્ટ સહી મેળવશે.

(૧૬) રાજ્ય ચૂંટણી આયોગે નિયત કરેલ નમૂના–૧૨માં ઈ–વોટીંગ હેઠળ હરીફ ઉમેદવારદીઠ મળેલ મતોની નોંધ કરવી જોઈશે અને ઈ–વોટીંગ મતદાનના આંકડા ઉમેરવા જોઈશે અને નમૂના–૨૧ (મું.પ્રો.મ્યુ.કોર્પો.ના નિયમ–૬૨ થી નિયત થયેલ) પરિણામ પત્રકમાં એવી રીતે નોંધેલી વિગતો સાથે જાહેર કરશે.

(૧૭) ઈ–વોટીંગ સીસ્ટમની સમગ્ર તાંત્રિક પ્રક્રિયામાં એપ્લીકેશન–સોફ્ટવેર એજન્સીના અધિકૃત પ્રતિનિધિઓ તાંત્રિક સહયોગ માટે હાજર રાખી શકાશે.

(૧૮) **ઈ–વોટીંગમાં મતોના સંગ્રહ બાબત :**

ઈ–વોટીંગ હેઠળ મળેલ મતોનું પરિણામ જાહેર કર્યા પછી, રાજ્ય ચૂંટણી આયોગ ખાતેના ડેટા–સેન્ટરમાં ઈ–વોટીંગની માહિતી પરિણામ પ્રસિધ્ધિની તારીખ પછી એક માસ સુધી સુરક્ષિત સંગ્રહિત કરવાનું રહેશે. મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ–૧૯૪૯ની કલમ–૧૬ માં ઉલ્લેખેલ ચૂંટણીની અરજી કોઈ કોર્ટ સમક્ષ નિકાલ બાકી હોય ત્યારે તેના નિકાલ સુધી ડેટા સંગ્રહિત રાખવાનો રહેશે. ઉપરાંત પ્રિન્ટ કાઢીને હાર્ડ કોપી સહી/સીક્કા કરી સીલ કવરમાં રાખવાની રહેશે. આ સિસ્ટમમાં ઈ–વોટીંગથી પડેલ ઈ–મતદાનની વિગતો ચૂંટણી અધિકારીએ તેની હાર્ડકોપીમાં સહી સિક્કા સહિત નિભાવવાનું રહેશે.

(૧૯) **ઈ–વોટીંગ હેઠળ મતદાન કરવા સમયે ઉપયોગમાં લેવાનાં નમૂનાઓ નક્કી કરવા બાબત :**

નીચે મુજબ નમૂનાઓ ઈ–વોટીંગ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન ઉપયોગમાં લેવા નક્કી કરવામાં આવે છે.

અ.નં.	નમૂનાની વિગત	નમૂના નંબર
૧	ઈ–વોટીંગ સીસ્ટમમાં મતપત્ર મૂકવા, હરીફ ઉમેદવારોને હાજર રહેવા જાણ કરતી નોટીસનો નમૂનો	ક
૨	ઈ–પોલીંગ હેઠળ થયેલ મતદાનના મતદારના હિસાબનો નમૂનો	ખ
૩	ઈ–વોટીંગથી થયેલ મતદાનની મતગણતરીના પરિણામનો નમૂનો	ગ

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર

નમૂનો : ક

(ફકરા નંબર :૭)

................મહાનગરપાલિકાના વોર્ડ નં...........ની ચૂંટણીના હરીફ ઉમેદવાર કે તેમના ચૂંટણી એજન્ટને મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ચૂંટણી કરવા બાબત) નિયમો ૧૯૯૪ના નિયમ–૫૨–ખ ના પેટા નિયમ(૪) અનુસાર કોમ્પ્યુટર યંત્ર ઓનલાઈન વોટીંગ પધ્ધતિ (ઈ–વોટીંગ)થી મતદાન કરવા તૈયાર કરવા તથા મતપત્ર મૂકવા તારીખ,સમય અને સ્થળની જાણ કરતી નોટીસ.

ક્રમાંક : ....
(ચૂંટણી અધિકારીની કચેરીનું સરનામું)
તા. — —

પ્રતિ,

હરીફ ઉમેદવાર/તેના ચૂંટણી એજન્ટ કે તેના અધિકૃત પ્રતિનિધિ (તમામ, સરનામા સાથે)

.........................મહાનગરપાલિકાના ચૂંટણી અધિકારી તરફથી મુંબઈ પ્રોવિન્શિયલ કોર્પોરેશન (ચૂંટણી કરવા બાબત) નિયમો ૧૯૯૪ ના નિયમ–૫૨–ખ ના પેટા નિયમ(૪) અનુસાર આપને જણાવવામાં આવે છે કે ....મહાનગરપાલિકાના વોર્ડ નં......ના ચૂંટણીનું મતદાન તા............ના રોજ ઓન–લાઈન વોટીંગ પધ્ધતિ (ઈ–વોટીંગ)થી લેવાશે, જે માટે તા....................ના રોજ ....કલાકે............સ્થળે ચૂંટણી લડતા ઉમેદવારોના નામ અને પ્રતીકો ધરાવતું મતપત્ર ગોઠવી/લગાવી ઈ–વોટીંગ સીસ્ટમ બંધ કરવા કાર્યવાહી કરવામાં આવનાર હોઈ આપ, ઉપરોકત તારીખ,સમય તથા સ્થળે જાતે રૂબરૂ ઉપસ્થિત રહેવા નોંધ લેશો તેવી વિનંતી છે.

આપનો
ચૂંટણી અધિકારી
............મહાનગરપાલિકા અને
હોદ્દો..............................

નમૂનો : ખ

(ફકરા નંબર :૧૦)

<u>(ફકરા નંબર:૩)ઈ–વોટીંગમાં મતદાન કરેલ ઈ–મતદારોની સંખ્યાનો હિસાબ</u>

.........................મહાનગરપાલિકાની ચૂંટણી

વોર્ડ નંબર..................વોર્ડનું નામ......................................

૧. ઈ–વોટીંગ હેઠળ નોંધાયેલા મતદારોની કુલ સંખ્યા :..................................

૨. ઈ–વોટીંગથી મત આપેલ મતદારોની કુલ સંખ્યા:–................................

૩. ઈ–વોટીંગથી મતદારોએ આપેલ મતોની સંખ્યા :– ....

ચૂંટણી અધિકારીની સહી.

સ્થળ:

તારીખ:

ઈ–વોટીંગ હેઠળ ઈ–મતદાન કરેલ ઈ–મતદારોની સંખ્યાના હિસાબની નકલ મળી છે.

મતદાન એજન્ટનું નામ	મતદાન એજન્ટોની સહીઓ
(૧).........................	....
(૨).........................	....
(૩).........................	....
(૪).........................	....
(૫).........................	....
(૬).........................	....
(૭).........................	....
(૮).........................	....

નમૂનો–ગ

ઈ–વોટીંગ હેઠળ થયેલ ઈ–વોટીંગના મતદાનની મતગણતરીનું પરિણામ

(ફકરા નંબર–૧૫)

..............................મહાનગરપાલિકાની ચૂંટણી

વોર્ડ નંબર....................વોર્ડનું નામ....................

(૧) ઈ–વોટીંગથી થયેલ મતદાનની તારીખ ....

(૨) ઈ–વોટીંગથી મતદાન કરેલ મતદારોની કુલ સંખ્યા ....

(૩) ઈ–વોટીંગથી મતદારોએ કરેલ મતોની સંખ્યા ....

(૪) મતગણતરીનું પરિણામ ....

ક્રમાંક	ઉમેદવારનું નામ	મળેલ મતોની સંખ્યા
૧.		
૨.		
૩.		
૪.		
૫.		
૬.		

સ્થળ :–

તારીખ :–

ચૂંટણી અધિકારીની સહી અને હોદ્દો

નકલ મળી છે.

ઉમેદવાર/મતગણતરી એજન્ટ/ચૂંટણી એજન્ટનું નામ	સહીઓ
(૧)	
(૨)	
(૩)	
(૪)	
(૫)	
(૬)	
(૭)	
(૮)	

INDEX

રાજય ચૂંટણી આયોગ,

બ્લોક નંબર.૯, ૬ઠ્ઠો માળ,

સચિવાલય, ગાંધીનગર ૨૩/૦૩/૨૦૧૬.

વંચાણે લીધા :– (૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી/૭૮/૨૦૧૦– એમએનપી–૧૦૨૦૧૦–૮૩૬–પી, તા.૫–૬–૨૦૧૦

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી/૭૯/૨૦૧૦– એમએનપી–૧૦૨૦૧૦–૮૩૬–પી, તા.૫–૬–૨૦૧૦

આદેશ :–

ક્રમાંક : રાચઆ –ચટણ–સ્થા–સ્વ–૩૦૮(૫)–૦૫૨૦૧૬–૬

રાજય સરકારે મહાનગરપાલિકાઓની ચૂંટણીમાં ઓન લાઈન વોટીંગ " ઈ–વોટીંગ" થી મત નોંધવા તથા તેની ગણતરી કરવા માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃકેવી/૭૮/૨૦૧૦–એમએનપી– ૧૦૨૦૧૦–૮૩૬–પી, તા.૫–૬–૨૦૧૦થી મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ચૂંટણી કરવા બાબત) નિયમો ૧૯૯૪માં જરૂરી સુધારો કરેલ છે સાથે સાથે મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) નિયમો ૧૯૯૪ને પણ જાહેરનામા ક્રમાંક કેવી/૭૮/૨૦૧૦/–એમએનપી –૧૦૨૦૧૦–૮૩૬–પી,તા.૫–૦૬–૨૦૧૦ થી સુધારેલ છે. મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ચૂંટણી કરવા બાબત) નિયમ ૫૨ ૫ ના પેટા નિયમ ૭ હેઠળના વિકલ્પો પૈકી રાજય ચૂંટણી આયોગ મહાનગરપાલિકાઓની સામાન્ય/પેટા ચૂંટણી વખતે ઈ–પોલીંગ બુથ પરથી ઈ–વોટીંગ કરવા માટે મતદાન મથકે ઉપયોગમાં લેવા સારૂ મતદાન કરનારા ઈ વોટર્સની યાદી જરૂરી હોવાથી, પુખ્ત વિચારણાને અંતે, નીચે પ્રમાણે આદેશ કરવામાં આવે છે.

મહાનગરપાલિકાઓની ચૂંટણી સમયે મતદાન સ્ટાફ સાથેના ઈ–પોલીંગ બુથ પરથી " ઈ–વોટીંગ" થી મત નોંધવા ઈચ્છતા મતદારો તરફથી મળેલ અરજીઓની મતદાર નોંધણી અધિકારીએ ચકાસણી કરી મંજૂરી આપેલ/ગ્રાહય રાખેલ મતદારોની વોર્ડવાર યાદી તૈયાર કરવાની રહેશે.તેથી તેનો નમૂનો નક્કી કરવો જરૂરી બન્યો છે. આથી ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ ત્રની જોગવાઈઓ અને મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કર્પોરેશન અધિનિયમ ૧૯૪૯ની કલમ–૮ની જોગવાઈઓ ધ્યાને લેતાં રાજય ચૂંટણી આયોગ રાજયની મહાનગરપાલિકાઓની ચૂંટણી સમયે મતદાન સ્ટાફ સાથેના ઈ–પોલીંગ બુથ પરથી "ઈ–વોટીંગ" થી મત આપનાર મતદારોની પેટાયાદી આ સાથે સામેલ કર્યા મુજબનાં નમૂનામાં નક્કી કરવા આથી આદેશ કરે છે. આ પેટાયાદી તૈયાર કરવા આયોગ મતદાર નોંધણી નિયમો હેઠળ નિમાયેલા મહાનગરપાલિકાના મતદાર નોંધણી અધિકારીને આથી અધિકૃત કરે છે.

મતદાર નોંધણી અધિકારીએ આ સાથેના નમૂના પ્રમાણેની ઈ–વોટર લીસ્ટ–ર જે તે વોર્ડના ચૂંટણી અધિકારીને મોકલી આપવાની રહેશે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી

મહેશ જોશી,
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

ઈ–પોલીંગ બૂથેથી મતદાન કરવાનો વિકલ્પ આપેલ ઈ–મતદારોની પેટા યાદી :

મહાનગરપાલિકા .... વોર્ડ નંબર .... વોર્ડનું નામ...................
મતદાન મથક નંબર ....

.... મહાનગરપાલિકાની તા.૧–૧–૨૦૧૬ ની મતદારયાદી પરથી 'ઈ–વોટિંગ' થી મત આપનાર મતદારોની પેટાયાદી સને ....

<table>
<tr><td>અ.નં.</td><td colspan="2">ફોટો ઓળખપત્ર નં.</td><td>અ.નં.</td><td colspan="2">ફોટો ઓળખપત્ર નં.</td><td>અ.નં.</td><td colspan="2">ફોટો ઓળખપત્ર નં.</td><td>અ.નં.</td><td colspan="2">ફોટો ઓળખપત્ર નં.</td></tr>
<tr><td colspan="3">નામ :
પિતા/પતિનું નામ : મતદારની ફોટો
ઘર નંબર
ઉંમર : જાતિ</td><td colspan="3">નામ :
પિતા/પતિનું નામ : મતદારની ફોટો
ઘર નંબર
ઉંમર : જાતિ</td><td colspan="3">નામ :
પિતા/પતિનું નામ : મતદારની ફોટો
ઘર નંબર
ઉંમર : જાતિ</td><td colspan="3">નામ :
પિતા/પતિનું નામ : મતદારની ફોટો
ઘર નંબર
ઉંમર : જાતિ</td></tr>
<tr><td colspan="3">મ્યુનિ. કોર્પોરેશનની જનરલ મતદાર યાદીમાં મતદારના નામની વિગત</td><td colspan="3">મ્યુનિ. કોર્પોરેશનની જનરલ મતદાર યાદીમાં મતદારના નામની વિગત</td><td colspan="3">મ્યુનિ. કોર્પોરેશનની જનરલ મતદાર યાદીમાં મતદારના નામની વિગત</td><td colspan="3">મ્યુનિ. કોર્પોરેશનની જનરલ મતદાર યાદીમાં મતદારના નામની વિગત</td></tr>
<tr><td>વોર્ડ નંબર</td><td>વિભાગ નંબર</td><td>અનુક્રમ નંબર</td><td>વોર્ડ નંબર</td><td>વિભાગ નંબર</td><td>અનુક્રમ નંબર</td><td>વોર્ડ નંબર</td><td>વિભાગ નંબર</td><td>અનુક્રમ નંબર</td><td>વોર્ડ નંબર</td><td>વિભાગ નંબર</td><td>અનુક્રમ નંબર</td></tr>
<tr><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td></tr>
<tr><td>અ.નં.</td><td colspan="2">ફોટો ઓળખપત્ર નં.</td><td>અ.નં.</td><td colspan="2">ફોટો ઓળખપત્ર નં.</td><td>અ.નં.</td><td colspan="2">ફોટો ઓળખપત્ર નં.</td><td>અ.નં.</td><td colspan="2">ફોટો ઓળખપત્ર નં.</td></tr>
<tr><td colspan="3">નામ :
પિતા/પતિનું નામ : મતદારની ફોટો
ઘર નંબર
ઉંમર : જાતિ</td><td colspan="3">નામ :
પિતા/પતિનું નામ : મતદારની ફોટો
ઘર નંબર
ઉંમર : જાતિ</td><td colspan="3">નામ :
પિતા/પતિનું નામ : મતદારની ફોટો
ઘર નંબર
ઉંમર : જાતિ</td><td colspan="3">નામ :
પિતા/પતિનું નામ : મતદારની ફોટો
ઘર નંબર
ઉંમર : જાતિ</td></tr>
<tr><td colspan="3">મ્યુનિ. કોર્પોરેશનની જનરલ મતદાર યાદીમાં મતદારના નામની વિગત</td><td colspan="3">મ્યુનિ. કોર્પોરેશનની જનરલ મતદાર યાદીમાં મતદારના નામની વિગત</td><td colspan="3">મ્યુનિ. કોર્પોરેશનની જનરલ મતદાર યાદીમાં મતદારના નામની વિગત</td><td colspan="3">મ્યુનિ. કોર્પોરેશનની જનરલ મતદાર યાદીમાં મતદારના નામની વિગત</td></tr>
<tr><td>વોર્ડ નંબર</td><td>વિભાગ નંબર</td><td>અનુક્રમ નંબર</td><td>વોર્ડ નંબર</td><td>વિભાગ નંબર</td><td>અનુક્રમ નંબર</td><td>વોર્ડ નંબર</td><td>વિભાગ નંબર</td><td>અનુક્રમ નંબર</td><td>વોર્ડ નંબર</td><td>વિભાગ નંબર</td><td>અનુક્રમ નંબર</td></tr>
<tr><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td></tr>
<tr><td>અ.નં.</td><td colspan="2">ફોટો ઓળખપત્ર નં.</td><td>અ.નં.</td><td colspan="2">ફોટો ઓળખપત્ર નં.</td><td>અ.નં.</td><td colspan="2">ફોટો ઓળખપત્ર નં.</td><td>અ.નં.</td><td colspan="2">ફોટો ઓળખપત્ર નં.</td></tr>
<tr><td colspan="3">નામ :
પિતા/પતિનું નામ : મતદારની ફોટો
ઘર નંબર
ઉંમર : જાતિ</td><td colspan="3">નામ :
પિતા/પતિનું નામ : મતદારની ફોટો
ઘર નંબર
ઉંમર : જાતિ</td><td colspan="3">નામ :
પિતા/પતિનું નામ : મતદારની ફોટો
ઘર નંબર
ઉંમર : જાતિ</td><td colspan="3">નામ :
પિતા/પતિનું નામ : મતદારની ફોટો
ઘર નંબર
ઉંમર : જાતિ</td></tr>
<tr><td colspan="3">મ્યુનિ. કોર્પોરેશનની જનરલ મતદાર યાદીમાં મતદારના નામની વિગત</td><td colspan="3">મ્યુનિ. કોર્પોરેશનની જનરલ મતદાર યાદીમાં મતદારના નામની વિગત</td><td colspan="3">મ્યુનિ. કોર્પોરેશનની જનરલ મતદાર યાદીમાં મતદારના નામની વિગત</td><td colspan="3">મ્યુનિ. કોર્પોરેશનની જનરલ મતદાર યાદીમાં મતદારના નામની વિગત</td></tr>
<tr><td>વોર્ડ નંબર</td><td>વિભાગ નંબર</td><td>અનુક્રમ નંબર</td><td>વોર્ડ નંબર</td><td>વિભાગ નંબર</td><td>અનુક્રમ નંબર</td><td>વોર્ડ નંબર</td><td>વિભાગ નંબર</td><td>અનુક્રમ નંબર</td><td>વોર્ડ નંબર</td><td>વિભાગ નંબર</td><td>અનુક્રમ નંબર</td></tr>
<tr><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td></tr>
</table>

મતદારોની સંખ્યા : પુરૂષ .... સ્ત્રી .... કુલ ....
તારીખ : ....
સ્થળ : ....

મતદાર નોંધણી અધિકારી
અને મ્યુનિસિપલ કમિશ્નર,
.... મહાનગરપાલિકા

રાજ્ય ચૂંટણી આયોગ,

બ્લોક નંબર.૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય,

ગાંધીનગર ૨૩/૦૩/૨૦૧૬.

વંચાણે લીધા : ૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,ના જાહેરનામા ક્રમાંક–કેવી–૭૮–૨૦૧૦–એમએનપી–૧૦૨૦૧૦–૮૩૬–પી તા.૫–૬–૨૦૧૦

૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક–કેવી–૭૯–૨૦૧૦–એમએનપી–૧૦૨૦૧૦–૮૩૬–પી તા.૫–૬–૨૦૧૦

૩) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક:– રાચઆ–ચટણ–સ્થા.સ્વ–૩૦૮–૧૦૨૦૧૫–ક, તા.૦૨–૧૧–૨૦૧૫

–: આ દે શ :–

ક્રમાંક : રાચઆ–ચટણ–સ્થા–સ્વ–૩૦૮(૬)–૦૩૨૦૧૬–ક રાજ્યની મહાનગરપાલિકાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓમાં "ઓનલાઈન વોટીંગ સીસ્ટમ" (ઈ–વોટીંગ) ના અમલ બાબતે મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ચૂંટણી કરવા બાબત) નિયમો ૧૯૯૪ ના નિયમ –૫૨ ધુ ના પેટા નિયમ–૭ના ખંડ (૨) અન્વયે મળેલ અધિકારની રૂઈએ રાજ્ય ચૂંટણી આયોગ આથી નિર્ણય કરી આદેશ કરે છે કે, "ઈ–મતદાન" માટે ઉક્ત નિયમોના નિયમ ૫૨–ધુ ના પેટા નિયમ–૭ના ખંડ (૧)માં જણાવેલ વિકલ્પો પૈકી નીચે જણાવેલ વિકલ્પ મહાનગરપાલિકાઓની સામાન્ય/પેટા ચૂંટણીમાં અમલ મુકવા જોગવાઈ કરેલ છે.

રાજ્ય ચૂંટણી આયોગ દવારા નકકી કરવામાં આવે તેવા ચૂંટણી સ્ટાફ સાથેના ઈ–પોલીંગ મતદાન મથક પરથી ઈ–વોટીંગ કરી શકાશે.

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મહાનગરપાલિકા માટે ઉપરોક્ત વિકલ્પથી મતદાન કરવામાં આવે ત્યારે નીચે મુજબની કાર્યવાહી કરવા આદેશ કરવામાં આવે છે.

ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩–વ–ક, મુંબઈ પ્રોવિન્શયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમની કલમ–૮ અને ૧૪ તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(અ) ના પેટા નિયમ–૯ તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ચૂંટણી કરવા બાબત) ના નિયમ ૧૯૯૪ ના નિયમ ૫૨ ધુ પેટા નિયમ ૭, હેઠળ મળેલ સત્તાની રુઈએ, રાજ્ય ચૂંટણી આયોગ, ઈ–પોલીંગ બુથ અંગે નીચે મુજબનો આદેશ કરે છે.

(૧) ઈ–પોલીંગ બુથમાં ઈ–વોટરના મતદાનની ગુપ્તતા જળવાય તે રીતે મતકુટિર બનાવવાની રહે છે.

(૨) ઈ–પોલીંગ બુથ માટે પ્રિસાઈડીંગ ઓફીસર અને ટેકનીકલ સ્ટાફ સહિતની નિમણૂંક શહેર ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી દવારા કરવાની રહેશે.

(૩) ઈ–બુથ પર મતદાન એજન્ટની પણ નિમણૂંક પણ કરવાની રહેશે.

(૪) ઈ–બુથ ઉપર મતદાન કરે ત્યારે ઈ–વોટર્સને અવિલોપ્ય શાહી લગાવવાની રહેશે નહી.

(૫) મતદાર ઈ–બુથમાં મતદાન કરવા આવે ત્યારે ઈ–વોટર્સને " વન ટાઈમ પાસવર્ડ" ના હેતુસારૂ રજીસ્ટર થયેલ મોબાઈલ સાથે ઈ–બુથમાં પ્રવેશવવા આદેશ કરવામાં આવે છે.

(૬) ઈ–વોટીંગ હેઠળ થયેલ મતદાન અંગેનો હિસાબ વંચાણે લીધા આદેશના પેરા (૧૦) માં જણાવ્યા મુજબ નમુના:(ખ) માં (નકલ સામેલ છે.) તેમાં વોર્ડવાર પ્રિસાઈડીંગ અધિકારીએ તૈયાર કરવાનો રહેશે અને તે સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીને સીલબંધ કવરમાં આપવાનો રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી

મહેશ જોશી,
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર

STATE ELECTION COMMISSION

BLOCK NO.9 6th FLOOR, SACHIVALAYA

GANDHINAGAR : 23-03-2016

ORDER

NO.SEC-ELC-LB-308(7)-032016 In pursuance of powers conferred by Clause K of Article 243 of the Constitution of India, sub-section (i) of section 14 of Bombay Provincial Municipal Corporation Act-1949 and sub rule (5) of rule 52-U of Bombay Provincial Municipal Corporation (Conduct of Election) Rules 1994, State Election Commission hereby orders that the form, design (dimension) and language of the e-ballot paper to be displayed on electronic equipment or website server at the time of e-Voting through internet will be as under :-

Below mentioned details of web page e-ballot paper will be viewed on the standard monitor of 17 inch size and with 1024 X 768 screen resolution.

1. The total length of e-ballot paper shall depend on the number of Contesting Candidates;
2. The e-ballot paper for any particular ward shall display the list of all candidates in vertical scroll.
3. There shall be no pagination for list of candidates.
4. There should be a separate header at top of the webpage of e-ballot paper displaying following particulars -
   - Name of the Local Body;
   - Nature and Year of Election;
   - Ward Number;

   These particulars should be displayed in Gujarati language in 12 to 14 font size and CENTER aligned.
5. Below the header, following details shall be displayed -
   - Date and Start and End Time of e-polling {Date shall be in DD-MM-YYYY format and Time shall be in HH:MM}
   - Total number of Contesting Candidates and the symbols allotted to them and None of the Above (NOTA) button, after the serial numbers and names of the Contesting Candidates and the serial number of NOTA will be next to the serial number of the Contesting Candidates with the symbol of " " shall be displayed in the e-ballot paper,

   These details should be displayed in Gujarati language in 12 to 14 font size.
6. The e-ballot paper shall have separate horizontal panel for each candidate's Name and Symbol and for NOTA also.

   Following details shall be displayed for each candidate in this panel -
   - Serial Number (in Gujarati numerals) of each Contesting Candidate;
   - Name (in Gujarati language) of Contesting Candidate;
   - Symbol allotted to Contesting Candidate.
   - NOTA and its symbol
7. The panels of the candidates shall be separated from each other by thick black border line.
8. Serial Number and Name of candidates shall be in 14 to 16 font size and it shall be displayed on the left hand side of the panel. Candidate's Symbol shall be displayed on the

right hand side of the panel. Symbol shall be displayed proportionately and to the maximum size in the panel without touching the border lines.

9. A Check Box shall be given before Serial Number of each Candidate.

10. Serial Number and Name of Candidates in e-ballot paper shall be same as they appear in List of Contesting Candidates prepared by RO of the ward concerned.

11. The particulars of e-ballot paper (including Serial No., Name of Candidate and Symbol) shall be displayed in black colour on white back ground.

12. The details of GUI for e-ballot paper have been considered for a standard 17 inch monitor with Graphical Resolution of 1024 X 768 pixels. However, it is subject to change depending on the type of monitor and Graphical Resolution.

By Order,

Mahesh Joshi,
Secretary,
State Election Commission,
Gandhinagar.

રાજય ચૂંટણી આયોગ,

બ્લોક નંબર.૯, ૬ઠ્ઠો માળ,

સચિવાલય, ગાંધીનગર ૨૩/૦૩/૨૦૧૬.

વંચાણે લીધા : ૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક–કેવી–૭૮–૨૦૧૦–એમએનપી–૧૦૨૦૧૦–૮૩૬–પી તા.૫–૬–૨૦૧૦

૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક–કેવી–૭૯–૨૦૧૦–એમએનપી–૧૦૨૦૧૦–૮૩૬–પી તા.૫–૬–૨૦૧૦

–: <u>આ દે શ</u> :–

ક્રમાંક : રાચપ –ચટણ–સ્થા–૨૪–૩૦૮–૦૩૨૦૧૬–ક રાજયની મહાનગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીમાં " ઓનલાઈન વોટીંગ સીસ્ટમ " (ઈ–વોટીંગ) ના અમલ બાબતે મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ની ચૂંટણી કરવા બાબત) નિયમો ૧૯૯૪ ના નિયમ –૫૨ યુ ના પેટા નિયમ–૭ના ખંડ (૨) અન્વયે મળેલ અધિકારની રૂઈએ રાજય ચૂંટણી આયોગ આથી નિર્ણય કરી આદેશ કરે છે કે, "ઈ–મતદાન" માટે ઉક્ત નિયમોના નિયમ ૫૨–યુ ના પેટા નિયમ–૭ના ખંડ (૧)માં જણાવેલ વિકલ્પો પૈકી નીચે જણાવેલ બે વિકલ્પ મહાનગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીમાં તમામ વોર્ડમાં અમલ મુકવામાં આવશે.

(૧) ઈ–મતદાર ઈન્ટરનેટ સુવિધા સાથેના પોતાના પર્સનલ કમ્પ્યુટર/લેપટોપનો ઉપયોગ કરીને ઈ–વોટીંગ કરી શકશે.

(૨) રાજય ચૂંટણી આયોગ દવારા નકકી કરવામાં આવે તેવા ચૂંટણી સ્ટાફ સાથેના ઈ–પોલીંગ મતદાન મથક પરથી ઈ–વોટીંગ કરી શકાશે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી

મહેશ જોશી,
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

INDEX

રાજય ચૂંટણી આયોગ,

બ્લોક નંબર.૯, ૬ઠ્ઠો માળ,

સચિવાલય, ગાંધીનગર. ૨૩/૦૩/૨૦૧૬.

ક્રમાંક : રાચઆ –ચટણ–સ્થા–સ્વ–૩૦૮–૦૩૨૦૧૬–ક

વંચાણે લીધા :– (૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી/૭૮/૨૦૧૦–એમએનપી–૧૦૨૦૧૦–૮૩૬–પી, તા.૫–૬–૨૦૧૦

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી/૭૯/૨૦૧૦–એમએનપી–૧૦૨૦૧૦–૮૩૬–પી, તા.૫–૬–૨૦૧૦

આદેશ :–

ક્રમાંક : રાચઆ –ચટણ–સ્થા–સ્વ–૩૦૮–૦૩૨૦૧૬–ક રાજયની મહાનગરપાલિકાઓની સામાન્ય/પેટા ચૂંટણીમાં " ઓનલાઈન વોટીંગ સીસ્ટમ" (ઈ–વોટીંગ) થી મત નોંધવા તથા તેની ગણતરી કરવા રાજય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગે આમુખમાં દર્શાવેલ જાહેરનામાઓથી નીચે મુજબના સંબંધિત નિયમો સુધારેલ છે.

(૧) મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ની ચૂંટણી કરવા બાબત) નિયમો–૧૯૯૪

(૨) મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) નિયમો–૧૯૯૪

ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩–વ–ક,મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ–૧૯૪૯ની કલમ–૮ તથા મુંબઈ પ્રોવિન્શિયલ કોર્પોરેશન (ની ચૂંટણી કરવા બાબત)નિયમો–૧૯૯૪ હેઠળ મળેલ સત્તાની રૂએ નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ની ચૂંટણી કરવા બાબત)ના નિયમો–૧૯૯૪ના નિયમ–૨૦ તથા ૫૨–ચુના પેટા નિયમ (૮) હેઠળ "ઈ–વોટીંગ" હેઠળ "ઈ–વોટર્સ"ને ઈ–વોટીંગથી મતદાન કરવા મહાનગરપાલિકાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ વખતે મતદાન કરવાના દિવસોનો સમયગાળો નીચે મુજબ સુનિશ્ચિત કરેલ છે.

વિકલ્પની વિગત	મતદાનનો દિવસ/તારીખ	મતદાનનો સમય
ઈન્ટરનેટ સુવિધા સાથેના પોતાના પર્સનલ કમ્પ્યુટર/લેપટોપ દ્વારા	રાજય ચૂંટણી આયોગની જાહેરાત મુજબ મતદાનના દિવસે	રાજય ચૂંટણી આયોગની જાહેરાત મુજબના મતદાનના સમયે

રાજય ચૂંટણી આયોગના આદેશથી

મહેશ જોશી,
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 153

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, MARCH 29, 2016/CAITRA 9, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

જાહેરનામું

બ્લોક નંબર : ૯, છઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગર

૨૯મી માર્ચ, ૨૦૧૬.

ક્રમાંક: ચટણ-નપા-મકા-૦૮-૦૩૨૦૧૬-ક.– રાજ્ય ચૂંટણી આયોગે, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ચૂંટણી કરવા બાબત) ના નિયમો ૧૯૯૪ ના નિયમ ૨૦ હેઠળ મહાનગરપાલિકાની ચૂંટણીમાં મતદારોએ મતદાન મથકે, મતદાન કરવા માટે મતદાન શરૂ કરવા માટેનો તથા બંધ કરવા માટેનો સમય નક્કી કરવાનો રહે છે.

૨. મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ચૂંટણી કરવા બાબત) ના નિયમો ૧૯૯૪ ના નિયમ ૨૦ હેઠળ મળેલ સત્તાની રૂઈએ રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગર મહાનગરપાલિકાની તા.૨૪-૦૪-૨૦૧૬ ના રોજ યોજાનાર પેટા ચૂંટણીઓના મતદાન માટે મતદાન શરૂ કરવા માટેનો સમય સવારના ૮-૦૦ વાગ્યાનો તથા મતદાન બંધ કરવા માટેનો સમય સાંજના ૫-૦૦ વાગ્યાનો આથી નક્કી કરે છે.

આ જાહેરનામું સરકારી રાજપત્ર ભાગ-૪ (સી) માં પ્રસિદ્ધ કરવાનું રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર.

INDEX

એપ્રિલ-૨૦૧૬ માં સામાન્ય ચૂંટણી હેઠળની મહાનગરપાલિકા :

અ.નં.	જિલ્લાનું નામ	ચૂંટણી હેઠળની મહાનગરપાલિકાનું નામ
૧	ગાંધીનગર	ગાંધીનગર મહાનગરપાલિકા

એપ્રિલ-૨૦૧૬ માં પેટા ચૂંટણી હેઠળની જિલ્લા પંચાયતોની ખાલી બેઠકો :-

અ.નં.	જિલ્લો	જિલ્લા પંચાયતનું નામ	મતદાર મંડળનું ક્રમ અને નામ	બેઠકનો પ્રકાર
૧	ખેડા	ખેડા	૧૩-કુણાદરા	બિ.અ.સામાન્ય
૨	બનાસકાંઠા	બનાસકાંઠા	૧૨-ડીસા	સા.શૈ.પ.વર્ગ

એપ્રિલ-૨૦૧૬ માં પેટા ચૂંટણી હેઠળની તાલુકા પંચાયતોની ખાલી બેઠકો :-

અ.નં.	જિલ્લો	તાલુકા પંચાયતનું નામ	મતદાર મંડળનું ક્રમ અને નામ	બેઠકનો પ્રકાર
૧	સુરેન્દ્રનગર	ધ્રાંગધ્રા	૧૫-રાજ ચરાડી	અનુસૂચિત જાતિ
૨	સુરેન્દ્રનગર	મુળી	૧૧-સરા	અ.આ.જાતિ
૩	સુરેન્દ્રનગર	થાનગઢ	૩-જામવાળી	અ.આ.જાતિ
૪	રાજકોટ	વિંછીયા	૧૭-વિંછીયા	અ.જાતિ સ્ત્રી
૫	રાજકોટ	પડધરી	૧૫-ઉકરડા	બિ.અ. સામાન્ય
૬	મહેસાણા	સતલાસણા	૧૦-સતલાસણા-૧	અ.આ. જાતિ
૭	પાટણ	હારીજ	૧૬-નાંસા	અ.આ. જાતિ
૮	અમદાવાદ	ધોલેરા	૧૩-પીપળી	અ.આ. જાતિ
૯	વડોદરા	વડોદરા (ગ્રા.)	૧૬-કોયલી-૧	સામાન્ય સ્ત્રી
૧૦	વડોદરા	કરજણ	૪-ધાવટ	અ.આ. જાતિ
૧૧	નર્મદા	સાગબારા	૨-ભાદોડ	અ.આ. જાતિ
૧૨	બનાસકાંઠા	પાલનપુર	૧૧-જગાણા	બિ.અ. સામાન્ય
૧૩	બનાસકાંઠા	વડગામ	૧૮-માંડોત્રા	અન.જાતિ
૧૪	બનાસકાંઠા	વડગામ	૨૩-તેનીવાડા	બિ.અ. સામાન્ય
૧૫	બનાસકાંઠા	ભાભર	૧-અબાસણા	અનુ.આ. જાતિ

ગાંધીનગર મહાનગરપાલિકા/જિલ્લા/તાલુકા પંચાયતોની ચૂંટણીનો કાર્યક્રમ :-

અ.નં.	વિગત	તારીખ
૧	ચૂંટણીની જાહેરાતની તારીખ	૨૯-૦૩-૨૦૧૬
૨	ચૂંટણીની નોટીસો/જાહેરનામા પ્રસિદ્ધ કરવાની તારીખ	૦૪-૦૪-૨૦૧૬
૩	ચૂંટણી અધિકારીશ્રીએ ચૂંટણી નોટિસ પ્રસિદ્ધ કરવાની તારીખ	૦૪-૦૪-૨૦૧૬
૪	ઉમેદવારીપત્રો રજૂ કરવાની છેલ્લી તારીખ	૦૯-૦૪-૨૦૧૬
૫	ઉમેદવારીપત્રોની ચકાસણીની તારીખ	૧૧-૦૪-૨૦૧૬
૬	ઉમેદવારી પરત ખેંચવાની તારીખ	૧૨-૦૪-૨૦૧૬
૭	મતદાનની તારીખ તથા સમય	૨૪-૦૪-૨૦૧૬ (રવિવાર) સવારના ૮-૦૦ થી સાંજના ૫-૦૦ વાગ્યા સુધી
૮	જરૂર જણાય તો પુનઃ મતદાનની તારીખ	૨૫-૦૪-૨૦૧૬
૯	મતગણતરીની તારીખ	૨૬-૦૪-૨૦૧૬

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સ્થળ : ગાંધીનગર.
તારીખ : ૨૯-૦૩-૨૦૧૬

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 154

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, MARCH 31, 2016/CAITRA 11, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ,
સચિવાલય, ગાંધીનગર, ૩૧મી માર્ચ, ૨૦૧૬.
-: આદેશ:-

ક્રમાંક : રાચઆ-ચટણ-જિતાપં-વમય-૪૧(૨) -૦૩૨૦૧૬-ક. ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો-૧૯૯૪ ના નિયમ ૨૨ ના પેટા નિયમ-૧ ક તથા ભારતનાં બંધારણના અનુચ્છેદ ૨૪૩-ક, હેઠળ મળેલ સત્તાની રૂએ રાજ્ય ચૂંટણી આયોગ નીચેની વિગતે જિલ્લા/તાલુકા પંચાયતોનાં મતદાર મંડળોની ખાલી બેઠકોની તા. ૨૪-૦૪-૨૦૧૬ ના રોજ યોજાનાર પેટા ચૂંટણીના મતો, ઉપરોક્ત નિયમોના ભાગ-૬-ક ની જોગવાઈઓ અનુસાર રાજ્ય ચૂંટણી આયોગે મંજૂર કરેલ ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ. બેંગ્લોર દ્વારા ઉત્પાદિત અને રાજ્ય સરકારના પંચાયત વિભાગ દ્વારા ખરીદી પૂરાં પડાયેલ વીજાણુ મતદાન યંત્રોથી નોંધવા તથા ભાગ-૭-ક ની જોગવાઈઓ અનુસાર તેવા યંત્રોમાં મતોની ગણતરી કરવા આથી નક્કી કરે છે.

(અ) જિલ્લા પંચાયતની ખાલી બેઠકની પેટા ચૂંટણી:-

અ. નં.	જિલ્લો	જિલ્લા પંચાયતનું નામ	મતદાર મંડળનું ક્રમ અને નામ	બેઠકનો પ્રકાર
૧	ખેડા	ખેડા	૧૩-ડુણાદરા	બિનઅનામત સામાન્ય
૨	બનાસકાંઠા	બનાસકાંઠા	૧૨-ઢીમા	સા.શૈ. પછાતવર્ગ

(બ) તાલુકા પંચાયતોની ખાલી બેઠકોની પેટા ચૂંટણી:-

અ. નં.	જિલ્લો	તાલુકા પંચાયતનું નામ	મતદાર મંડળનું ક્રમ અને નામ	બેઠકનો પ્રકાર
૧	સુરેન્દ્રનગર	ધ્રાંગધ્રા	૧૫-રાજ ચરાડી	અનુસૂચિત જાતિ
૨	સુરેન્દ્રનગર	મુળી	૧૧-સરા	અનુસૂચિત આદિજાતિ
૩	સુરેન્દ્રનગર	થાનગઢ	૩-જામવાળી	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૪	રાજકોટ	વિંછીયા	૧૭-વિંછીયા	અનુસૂચિત જાતિ સ્ત્રી
૫	રાજકોટ	પડધરી	૧૫-ઉકરડા	બિન અનામત સામાન્ય
૬	મહેસાણા	સતલાસણા	૧૦-સતલાસણા-૧	અનુસૂચિત આદિજાતિ
૭	પાટણ	હારીજ	૧૬-વાંસા	અનુસૂચિત આદિજાતિ
૮	અમદાવાદ	ધોલેરા	૧૩-પીપળી	અનુસૂચિત આદિજાતિ
૯	વડોદરા	વડોદરા (ગ્રા)	૧૬-કોયલી-૧	સામાન્ય સ્ત્રી
૧૦	વડોદરા	કરજણ	૪-ચાવટ	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૧	નર્મદા	સાગબારા	૨-ભાદોદ	અનુસૂચિત આદિજાતિ
૧૨	બનાસકાંઠા	પાલનપુર	૧૧-જગાણા	બિન અનામત સામાન્ય
૧૩	બનાસકાંઠા	વડગામ	૧૮-નાંદોત્રા	અનુસૂચિત જાતિ
૧૪	બનાસકાંઠા	વડગામ	૨૩-તેનીવાડા	બિન અનામત સામાન્ય
૧૫	બનાસકાંઠા	ભાભર	૧-અબાસણા	અનુસૂચિત આદિજાતિ

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

INDEX

Extra No. 155

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY APRIL 4, 2016/CAITRA 15, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૦૪-૦૪-૨૦૧૬

ક્રમાંક:રાચઆ-પ્રઠણ-પચત-બનાસકાંઠા જિ. પં. -૧૨-ઢીમા-૨૦૧૬-૧

ચૂંટણીનું જાહેરનામું

બનાસકાંઠા જિલ્લાની બનાસકાંઠા જિલ્લા પંચાયતની ૧૨-ઢીમા મતદાર વિભાગની સા.શૈ. પછાતવર્ગ બેઠકની પેટા ચૂંટણી-૨૦૧૬

૧. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૧૫ ની પેટા કલમ (૧) થી પ્રાપ્ત થયેલ સત્તાની રૂઇએ રાજ્ય ચૂંટણી આયોગ, રાજ્યની બનાસકાંઠા જિલ્લાની બનાસકાંઠા જિલ્લા પંચાયતના ઉક્ત અધિનિયમની કલમ ૧૬(૩) મુજબ રાજ્ય ચૂંટણી આયોગ તરફથી રચના કરેલ મતદાર વિભાગો પૈકી ૧૨-ઢીમા મતદાર વિભાગની સા. શૈ. પછાત વર્ગ બેઠકની પેટા ચૂંટણી તા. ૨૪-૦૪-૨૦૧૬ના રોજ યોજવાનું જાહેર કરે છે.

ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ ૯(૧) અન્વયે આ જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે.

રાજ્ય ચૂંટણી આયોગના હુકમથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

INDEX

રાજ્ય ચૂંટણી આયોગ

બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૦૪-૦૪-૨૦૧૬

ક્રમાંક:રાચઆ-ચટણ-પચત-બનાસકાંઠા જિ. પં.-૧૨-ડીમા-૨૦૧૬-૨

ચૂંટણીનું જાહેરનામું

બનાસકાંઠા જિલ્લાની બનાસકાંઠા જિલ્લા પંચાયતના ૧૨-ડીમા મતદાર વિભાગની સા.શૈ. પછાતવર્ગ બેઠક ભરવા માટે પેટા ચૂંટણી યોજવા માટેનો તબક્કાવાર કાર્યક્રમ ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ ના નિયમ-૭૦ અનુસાર તથા નિયમ-૯ ના પેટા નિયમ (૨) થી પ્રાપ્ત થયેલ સત્તાની રૂઇએ રાજ્ય ચૂંટણી આયોગ નીચે જણાવ્યા મુજબ નક્કી કરે છે.

		તારીખ	સમય	સ્થળ
(ક)	ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ:	૦૯-૦૪-૨૦૧૬	૧૧-૦૦ કલાક થી ૧૫-૦૦ કલાક સુધી	ચૂંટણી અધિકારી નક્કી કરે તે કચેરી ખાતે
(ખ)	ઉમેદવારીપત્રો ચકાસણીની તારીખ અને સ્થળ:	૧૧-૦૪-૨૦૧૬	૧૧-૦૦ કલાકથી ચકાસણી પૂરી થતાં સુધી	ચૂંટણી અધિકારીની કચેરી ખાતે
(ગ)	ઉમેદવારી પાછી ખેંચી લેવાની તારીખ:	૧૨-૦૪-૨૦૧૬	૧૫-૦૦ કલાક સુધી	ચૂંટણી અધિકારી નક્કી કરે તે કચેરી ખાતે
(ઘ)	આવશ્યક હોય તો મતદાનની તારીખ:	૨૪-૦૪-૨૦૧૬		
(ચ)	મતદાનનો સમય:	સવારના ૮-૦૦ વાગ્યા થી સાંજના ૫-૦૦ વાગ્યા સુધી		
(છ)	મતદાનનું સ્થળ:	જિલ્લા ચૂંટણી અધિકારીએ આખરી કરી જાહેર કરેલ મતદાન મથકો ઉપર		
(જ)	મતગણતરી માટેની તારીખ તથા સમય:	૨૬-૦૪-૨૦૧૬	સવારે ૯-૦૦ કલાકથી મત ગણતરી પૂરી થતાં સુધી	
(ઝ)	ચૂંટણી પ્રક્રિયા પુરી થવા માટેની તારીખ:	૨૯-૦૪-૨૦૧૬	-	-

રાજ્ય ચૂંટણી આયોગના હુકમથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 156

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] **MONDAY APRIL 4, 2016/CAITRA 15, 1938**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

બ્લોક નં. ૯, ૧ લો માળ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૦૪-૦૪-૨૦૧૬

ક્રમાંકઃરાચઆ–ચટણ–પચત–ખેડા જિ. પં. –૧૩–કુણાદરા–૨૦૧૬–૧

ચૂંટણીનું જાહેરનામું

ખેડા જિલ્લાની ખેડા જિલ્લા પંચાયતની ૧૩–કુણાદરા મતદાર વિભાગની બિન અનામત સામાન્ય બેઠકની પેટા ચૂંટણી–૨૦૧૬

(૧) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૧૫ ની પેટા કલમ (૧) થી પ્રાપ્ત થયેલ સત્તાની રૂઇએ રાજ્ય ચૂંટણી આયોગ, રાજ્યની ખેડા જિલ્લાની ખેડા જિલ્લા પંચાયતના ઉકત અધિનિયમની કલમ ૧૬(૩) મુજબ રાજ્ય ચૂંટણી આયોગ તરફથી રચના કરેલ મતદાર વિભાગો પૈકી ૧૩–કુણાદરા મતદાર વિભાગની બિન અનામત સામાન્ય બેઠકની પેટા ચૂંટણી તા.૨૪–૦૪–૨૦૧૬ ના રોજ યોજવાનું જાહેર કરે છે.

ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ ના નિયમ ૯(૧) અન્વયે આ જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે.

રાજ્ય ચૂંટણી આયોગના હુકમથી,

મહેશ જોશી,

સચિવ,

રાજ્ય ચૂંટણી આયોગ,

ગાંધીનગર.

રાજ્ય ચૂંટણી આયોગ

બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૦૪-૦૪-૨૦૧૬

ક્રમાંક : રાચઆ-ચટણ-પચત-ખેડા જિ.પં.-૧૩-ઢુણાદરા-૨૦૧૬-૨

ચૂંટણીનું જાહેરનામું

ખેડા જિલ્લાની ખેડા જિલ્લા પંચાયતના ૧૩-ઢુણાદરા મતદાર વિભાગની બિન અનામત સામાન્ય બેઠક ભરવા માટે પેટા ચૂંટણી યોજવા માટેનો તબક્કાવાર કાર્યક્રમ ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ ના નિયમ-૭૦ અનુસાર તથા નિયમ-૯ ના પેટા નિયમ (૨) થી પ્રાપ્ત થયેલ સત્તાની રૂઇએ રાજ્ય ચૂંટણી આયોગ નીચે જણાવ્યા મુજબ નક્કી કરે છે.

		તારીખ	સમય	સ્થળ
(ક)	ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ :	૦૯-૦૪-૨૦૧૬	૧૧-૦૦ કલાકથી ૧૫-૦૦ કલાક સુધી	ચૂંટણી અધિકારી નક્કી કરે તે કચેરી ખાતે
(ખ)	ઉમેદવારીપત્રોની ચકાસણીની તારીખ અને સ્થળ :	૧૧-૦૪-૨૦૧૬	૧૧-૦૦ કલાકથી ચકાસણી પૂરી થતાં સુધી	ચૂંટણી અધિકારીની કચેરી ખાતે
(ગ)	ઉમેદવારી પાછી ખેંચી લેવાની તારીખ :	૧૨-૦૪-૨૦૧૬	૧૫-૦૦ કલાક સુધી	ચૂંટણી અધિકારી નક્કી કરે તે કચેરી ખાતે
(ઘ)	આવશ્યક હોય તો મતદાનની તારીખ	૨૪-૦૪-૨૦૧૬		
(ચ)	મતદાનનો સમય :	સવારના ૮-૦૦ વાગ્યાથી સાંજના ૫-૦૦ વાગ્યા સુધી		
(છ)	મતદાનનું સ્થળ :	જિલ્લા ચૂંટણી અધિકારીએ આખરી કરી જાહેર કરેલ મતદાન મથકો ઉપર		
(જ)	મતગણતરી માટેની તારીખ તથા સમય :	૨૬-૦૪-૨૦૧૬	સવારે ૯-૦૦ કલાકથી મત ગણતરી પૂરી થતાં સુધી	
(ઝ)	ચૂંટણી પ્રક્રિયા પૂરી થવા માટેની તારીખ :	૨૯-૦૪-૨૦૧૬	-	-

રાજ્ય ચૂંટણી આયોગના હુકમથી,

મહેશ જોષી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 157

©

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] **MONDAY APRIL 4, 2016/CAITRA 15, 1938**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૦૪-૦૪-૨૦૧૬

ક્રમાંક:રાચઆ-ચટણ-પચત-ધ્રાંગધ્રા. તા. પં. -૨૦૧૬-૧

ચૂંટણીનું જાહેરનામું

સુરેન્દ્રનગર જિલ્લાની ધ્રાંગધ્રા તાલુકા પંચાયતના ૧૫-રાજ ચરાડી મતદાર વિભાગની અનુસૂચિત જાતિ બેઠકની પેટા ચૂંટણી-૨૦૧૬

૧. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૧૫ ની પેટા કલમ (૧) થી પ્રાપ્ત થયેલ સત્તાની રૂઇએ રાજ્ય ચૂંટણી આયોગ, રાજ્યની સુરેન્દ્રનગર જિલ્લાની ધ્રાંગધ્રા તાલુકા પંચાયતના, ઉક્ત અધિનિયમની કલમ ૧૬(૨) મુજબ રાજ્ય ચૂંટણી આયોગ તરફથી રચના કરેલ મતદાર વિભાગો પૈકી ૧૫-રાજ ચરાડી મતદાર વિભાગની અનુસૂચિત જાતિ બેઠકની પેટા ચૂંટણી તા. ૨૪-૦૪-૨૦૧૬ના રોજ યોજવાનું જાહેર કરે છે.

ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ ૮(૧) અન્વયે આ જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે.

રાજ્ય ચૂંટણી આયોગના હુકમથી,

મહેશ જોષી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

રાજ્ય ચૂંટણી આયોગ

બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૦૪-૦૪-૨૦૧૬

ક્રમાંક:રાચઆ-ચટણ-પચત-ધ્રાંગધ્રા તા. પં.-૧૫-રાજ ચરાડી-૨૦૧૬-૨

ચૂંટણીનું જાહેરનામું

સુરેન્દ્રનગર જિલ્લાની ધ્રાંગધ્રા તાલુકા પંચાયતના ૧૫-રાજ ચરાડી મતદાર વિભાગની અનુસૂચિત જાતિ બેઠક ભરવા માટે પેટા ચૂંટણી યોજવા માટેનો તબક્કાવાર કાર્યક્રમ ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ ના નિયમ-૭૦ અનુસાર તથા નિયમ-૯ ના પેટા નિયમ (૨) થી પ્રાપ્ત થયેલ સત્તાની રૂઇએ રાજ્ય ચૂંટણી આયોગ નીચે જણાવ્યા મુજબ નક્કી કરે છે.

		તારીખ	સમય	સ્થળ
(ક)	ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ:	૦૯-૦૪-૨૦૧૬	૧૧-૦૦ કલાક થી ૧૫ કલાક સુધી	ચૂંટણી અધિકારી નક્કી કરે તે કચેરી ખાતે
(ખ)	ઉમેદવારીપત્રો ચકાસણીની તારીખ અને સ્થળ:	૧૧-૦૪-૨૦૧૬	૧૧-૦૦ કલાકથી ચકાસણી પૂરી થતાં સુધી	ચૂંટણી અધિકારીની કચેરી ખાતે
(ગ)	ઉમેદવારી પાછી ખેંચી લેવાની તારીખ:	૧૨-૦૪-૨૦૧૬	૧૫-૦૦ કલાક સુધી	ચૂંટણી અધિકારી નક્કી કરે તે કચેરી ખાતે
(ઘ)	આવશ્યક હોય તો મતદાનની તારીખ:	૨૪-૦૪-૨૦૧૬		
(ચ)	મતદાનનો સમય:	સવારના ૮-૦૦ વાગ્યા થી સાંજના ૫-૦૦ વાગ્યા સુધી		
(છ)	મતદાનનું સ્થળ:	જિલ્લા ચૂંટણી અધિકારીએ આખરી કરી જાહેર કરેલ મતદાન મથકો ઉપર		
(જ)	મતગણતરી માટેની તારીખ તથા સમય:	૨૬-૦૪-૨૦૧૬	સવારે ૯-૦૦ કલાકથી મત ગણતરી પૂરી થતાં સુધી	
(ઝ)	ચૂંટણી પ્રક્રિયા પુરી થવા માટેની તારીખ:	૨૯-૦૪-૨૦૧૬	-	-

રાજ્ય ચૂંટણી આયોગના હુકમથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 158

©

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] **MONDAY APRIL 4, 2016/CAITRA 15, 1938**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૦૪-૦૪-૨૦૧૬

ક્રમાંક:રાચઆ-ચટણ-પચત-મુળી તા. પં.-૨૦૧૬-૧

ચૂંટણીનું જાહેરનામું

સુરેન્દ્રનગર જિલ્લાની મુળી તાલુકા પંચાયતના ૧૧-સરા મતદાર વિભાગની અનુસૂચિત આદિજાતિ બેઠકની પેટા ચૂંટણી-૨૦૧૬

૧. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૧૫ ની પેટા કલમ (૧) થી પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ રાજ્ય ચૂંટણી આયોગ, રાજ્યની સુરેન્દ્રનગર જિલ્લાની મુળી તાલુકા પંચાયતના, ઉક્ત અધિનિયમની કલમ ૧૬(૨) મુજબ રાજ્ય ચૂંટણી આયોગ તરફથી રચના કરેલ મતદાર વિભાગો પૈકી ૧૧-સરા મતદાર વિભાગની અનુસૂચિત આદિજાતિ બેઠકની પેટા ચૂંટણી તા. ૨૪-૦૪-૨૦૧૬ના રોજ યોજવાનું જાહેર કરે છે.

ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ ૯(૧) અન્વયે આ જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે.

રાજ્ય ચૂંટણી આયોગના હુકમથી,

મહેશ જોશી,

સચિવ,

રાજ્ય ચૂંટણી આયોગ,

ગાંધીનગર.

રાજ્ય ચૂંટણી આયોગ

બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૦૪-૦૪-૨૦૧૬

ક્રમાંકઃરાચઆ-ચટણ-પચત-મુળી તા. પં.-૧૧-સરા-૨૦૧૬-૨

ચૂંટણીનું જાહેરનામું

સુરેન્દ્રનગર જિલ્લાની મુળી તાલુકા પંચાયતના ૧૧-સરા મતદાર વિભાગની અનુસૂચિત આદિજાતિ બેઠક ભરવા માટે પેટા ચૂંટણી યોજવા માટેનો તબક્કાવાર કાર્યક્રમ ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ ના નિયમ-૭૦ અનુસાર તથા નિયમ-૯ ના પેટા નિયમ (૨) થી પ્રાપ્ત થયેલ સત્તાની રૂઇએ રાજ્ય ચૂંટણી આયોગ નીચે જણાવ્યા મુજબ નક્કી કરે છે.

		તારીખ	**સમય**	**સ્થળ**
(ક)	ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખઃ	૦૯-૦૪-૨૦૧૬	૧૧-૦૦ કલાક થી ૧૫ કલાક સુધી	ચૂંટણી અધિકારી નક્કી કરે તે કચેરી ખાતે
(ખ)	ઉમેદવારીપત્રો ચકાસણીની તારીખ અને સ્થળઃ	૧૧-૦૪-૨૦૧૬	૧૧-૦૦ કલાકથી ચકાસણી પૂરી થતાં સુધી	ચૂંટણી અધિકારીની કચેરી ખાતે
(ગ)	ઉમેદવારી પાછી ખેંચી લેવાની તારીખઃ	૧૨-૦૪-૨૦૧૬	૧૫-૦૦ કલાક સુધી	ચૂંટણી અધિકારી નક્કી કરે તે કચેરી ખાતે
(ઘ)	આવશ્યક હોય તો મતદાનની તારીખઃ	૨૪-૦૪-૨૦૧૬		
(ચ)	મતદાનનો સમયઃ	સવારના ૮-૦૦ વાગ્યા થી સાંજના ૫-૦૦ વાગ્યા સુધી		
(છ)	મતદાનનું સ્થળઃ	જિલ્લા ચૂંટણી અધિકારીએ આખરી કરી જાહેર કરેલ મતદાન મથકો ઉપર		
(જ)	મતગણતરી માટેની તારીખ તથા સમયઃ	૨૬-૦૪-૨૦૧૬	સવારે ૯-૦૦ કલાકથી મત ગણતરી પૂરી થતાં સુધી	
(ઝ)	ચૂંટણી પ્રક્રિયા પુરી થવા માટેની તારીખઃ	૨૯-૦૪-૨૦૧૬	-	-

રાજ્ય ચૂંટણી આયોગના હુકમથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 159

©

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY APRIL 4, 2016/CAITRA 15, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

૮	જો પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તારીખ	૦૬-૦૬-૨૦૧૬
૯	મત ગણતરીની તારીખ	૦૭-૦૬-૨૦૧૬

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સ્થળ : ગાંધીનગર
તા.:-૧૦-૦૫-૨૦૧૬.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 207

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, MAY 16, 2016/VAISAKHA 26, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજય ચૂંટણી આયોગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૬–૦૫–૨૦૧૬

થરા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી અંગેનો આખરી આદેશ.

ક્રમાંકઃરાચઆ–ચટણ–સમક–નપા–થરા–યુનિટ–૨–૨૦૧૬

૧. રાજય ચૂંટણી આયોગના તા.૨–૫–૨૦૧૫ ના આદેશ ક્રમાંકઃ રાચઆ–ચટણ–સમક–નપા–થરા–યુનિટ–૨–૪૨૦૧૫ થી થરા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના મુસદ્દારૂપ આદેશ જારી કરવામાં આવેલ હતો. આ આદેશનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે નિર્ધારિત સ્થળોએ તેમજ સરકારી રાજયપત્રમાં પણ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતો. તેની સામે કોઈપણ નાગરિકને / જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો સદરહુ આદેશ પ્રસિદ્ધ થયેથી દિવસ–૧૦ માં રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલવાના હતા જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને મોકલવાની હતી.

૨. થરા નગરપાલિકાની ચૂંટણી માટેના થરા શહેરના વોર્ડોના સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના સદર આદેશ અન્વયે જુદી જુદી વ્યકિતઓ તથા રાજકીય પક્ષો તરફથી ૪–સૂચનો કરવામાં આવ્યા છે. જેની કલેકટરશ્રી તરફથી ચકાસણી કરવામાં આવેલ છે. કોઈ સૂચન ગ્રાહય રાખવાપાત્ર નથી.

૩. આ ઉપરાંત રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે તા.૧૨–૦૫–૨૦૧૬ ના રોજ નિયમાનુસાર જરૂરી પરામર્શ પણ રાજય ચૂંટણી આયોગે કરેલ છે.

૪. રાજય ચૂંટણી આયોગને મળેલ સૂચનનો કાળજીપૂર્વક અભ્યાસ કરી તેમજ માન્ય રાજકીય પક્ષો સાથે પરામર્શમાં થયેલ સૂચનોને પણ કાળજીપૂર્વક અભ્યાસ કરી મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળ થયેલ સુધારા નિયમો ૨૦૧૪ હેઠળ તથા રાજય ચૂંટણી આયોગે જાહેર કરેલ માપદંડની મર્યાદામાં રહીને તા.૨–૫–૨૦૧૬ ના પ્રાથમિક આદેશમાં કોઈ સુધારા કરવા પાત્ર ન હોઈ તે આદેશ આખરી કરવાનું આયોગે ઠરાવ્યું છે.

૫. આથી રાજ્ય ચૂંટણી આયોગ, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ : ૫-ક, તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ-૭, પેટા કલમ-(૨) ના ખંડ-૩ ના પેટા ખંડ-ખ તથા મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ હેઠળ મળેલ સત્તાની રૂએ થરા નગરપાલિકાના વોર્ડોનું સીમાંકન આ સાથે જોડેલ અનુસૂચિ ન.૧ માં અને અનામત બેઠકો સહિતની બેઠકોની ફાળવણી અનુસૂચિ નં.૨ માં દર્શાવ્યા પ્રમાણે આખરી કરવાનું ઠરાવે છે.

આદેશથી

મહેશ જોષી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

અનુસૂચિ-૧

થરા નગરપાલિકા, જિલ્લો : બનાસકાંઠા

વોર્ડ નં.૧

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, શતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન						
	સેન્સસના બ્લોક નંબરની વિગત					સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત સૂચિત
	બ્લોક નંબર	પેટા બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨		૩	૪	૫	૬	૭
૧	૦૦૦૧	૦	૦	૦	૫૩૫	૧ થી ૧૧૪	પટેલવાસ પ્રા.શાળા, તળાવની પાળ ચબૂતરો, રાવળવાસ, વાલ્મીકિવાસ, મકવાણાવાસ, જૂના પોલીસ સ્ટેશન પાછળનો વિસ્તાર
૧	૦૦૦૨	૦	૦	૦	૪૭૬	૧ થી ૧૧૧	આંબાવાડી વિસ્તાર, જૂના ગંજબજાર વિસ્તાર, પરમારવાસ, પાંજરાપોળ વિસ્તાર
૧	૦૦૦૩	૦	૦	૦	૧૪૪	૧ થી ૪૧	દિયોદર રોડ નજીક પ્રજાપતિવાસ, ખેતર વિસ્તાર
૧	૦૦૦૪	૦	૦	૦	૨૭૧	૧ થી ૮૪	મેમણશેરી, મસ્જિદ પાછળ તથા જૂની જી.ઈ.બી કચેરી વિસ્તાર
૧	૦૦૦૫	૦	૦	૦	૩૯૭	૧ થી ૮૧	જૂના પોલીસ સ્ટેશનની સામે આગળનો ભાગ,બહુચર માતાનું મંદિર, જૂનો પ્રજાપતિવાસ, દરજીવાસ, નાઈવાસ
૧	૦૦૦૬	૦	૦	૦	૧૨૬	૧ થી ૩૫	આંબાવાડી વિસ્તાર, દૂધ ડેરી, હટોસણ તરફનો ખેતર વિસ્તાર
૧	૦૦૧૫	૦	૦	૦	૨૬૨	૧ થી ૬૨	ચબુતરાવાળી શેરી, પ્રજાપતિવાસ, ગાંધી શેરી
૧	૦૦૧૬	૦	૧૬૧	૦	૪૧૫	૧ થી ૧૦૮	મકવાણાવાસ પાછળ વાલ્મીકિ વિસ્તાર, રાવળવાસ
૧	૦૦૧૭	૦	૦	૦	૨૫૦	૧ થી ૭૨	સુથારવાસ, વેરાઈમાતાના મંદિરનો વિસ્તાર, પટેલવાસ, નાઈવાસ
કુલ			૧૬૧	૦	૨૮૭૬		

વોર્ડ નં.૧ની હદનું વર્ણન :-

વાયવ્યે સ.નં.૨૫૬/૧ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ સ.નં.૨૫૬/૧,૨૫૭,૨૫૮/૧,૨૫૮/૨,૨૬૧,૨૬૨/૧,૨૬૨/૨, ૨૬૩, ૩૧૩, ૩૧૪/૧, ૩૧૪/૨, ૩૧૫/૧, ૩૧૨, ૩૧૬, ૩૨૫, ૩૨૬, ૩૨૭ની ઉત્તર હદે હદે થઈ સ.નં.૩૨૭ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી ઉત્તરે સ.નં.૩૨૯/૨,૩૨૯/૧,૩૩૦,૩૩૧/૨, ૩૩૧/૧, ૩૩૩,૩૩૪,૩૩૬ની પશ્ચીમ હદે હદે થઈ સ.નં.૩૩૬ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વે સ.નં.૩૩૬,૩૩૭/૧ની ઉત્તર હદે હદે થઈ સ.નં.૩૩૭/૧ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણે સ.નં.૩૩૭/૧, ૩૩૭/૨, ૩૩૫/૧, ૩૩૫/૨, ૩૩૨, ૩૩૧/૨, ૩૩૦,૩૨૯/૧,૩૨૯/૨,૩૨૮, ૩૨૫, ૩૨૪ ,૩૨૩, ૩૨૨,૩૦૫/૨, ૩૦૪, ૩૦૫, ૩૦૨/૧, ૩૦૨/૨, ૩૦૧/૨, ૨૯૫,૨૯૪/૨, ૨૯૩, ૨૯૨/૧, ૨૯૨/૨,૨૯૨/૩,અમરાણીવાસની પૂર્વ હદે હદે આંગણવાડી થઈ મસ્જિદ શેરી થઈ વાઘરી વાડી દક્ષિણ તરફ તેરવાડીયાવાસ આંગણવાડી થઈ પશ્ચિમ તરફ દરબાર ગઢ સામેની હદે થઈ પશ્ચિમ તરફ બહુચર માના મંદિર થઈ દક્ષિણ તરફ. રામજીસ મંદિર, જૂની પોસ્ટ ઓફિસ,નાઈવાસથી દક્ષિણ તરફ,સોનીવાડી, ગોગાચોકથી દક્ષિણ તરફ વાળીનાથ મંદિર થી પશ્ચિમ તરફ મંદિરની હદે હદે સહુભા પાટીથી વાયવ્યે જસાલીયાવાસ, પ્રજાપતિવાસની પશ્ચિમે સ.નં.૧૮૪ની દક્ષિણ હદે થઈ પશ્ચિમ તરફ સ. નં. ૫૦૫, ૧૯૦, ૧૯૧,૧૯૨, ૧૯૩,૧૯૪, ૧૯૬/૩,૧૯૫/૧ની દક્ષિણ હદે થઈ સ.નં.૧૯૫/૧ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે સ.નં. ૧૯૫/૧, ૧૯૬/૧,૧૯૭,૨૦૫,૨૦૩ની પશ્ચિમ હદે હદે થઈ સ.નં.૨૦૩ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે સ.નં. ૨૦૭, ૨૦૮, ૨૦૯/૨, ૨૧૦, ૨૧૧/૨, ૨૧૧/૧ની દક્ષિણ હદે થઈ સ.નં.૨૧૧ની હદ સુધી ત્યાંથી ઉત્તરે સ.નં.૨૧૨,૨૧૩,૨૧૪, ૨૧૫/૧,૨૪૮,૨૪૯, ૨૫૦/૧ , ૨૫૦/૨, ૨૫૬/૨,૨૫૬/૧ની પશ્ચિમ હદે હદે થઈ સ.નં.૨૫૬/૧ના વાયવ્ય ખૂણા સુધી

INDEX

થરા નગરપાલિકા, જિલ્લો : બનાસકાંઠા

વોર્ડ નં.૨

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,વસ્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન.						
	સેન્સસના બ્લોક નંબરની વિગત					સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	પેટા બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨		૩	૪	૫	૬	૭
૨	૦૦૦૬	૦૦	૦	૦	૨૦૭	૧ થી ૩૭	વાઘરીવાડી, ખેતર વિસ્તાર
૨	૦૦૦૭	૦૧	૧૨૯	૦	૬૭૫	૧ થી ૧૨૬	વાઘરીવાડી, તેરવાડીયા વિસ્તાર
૨	૦૦૦૭	૦૨	૨૯૧	૦	૬૧૯	૧૨૭ થી ૨૩૮	ઈન્દિરાનગર વિસ્તાર, રોહિતનગર પ્રા.શાળા વિસ્તાર, જી.ઈ.બી સબ સ્ટેશન વિસ્તાર, વાઘરીવાસ
૨	૦૦૦૭	૦૩	૨૬૧	૦	૬૬૯	૨૩૯ થી ૩૪૩	સોલંકીવાસ, તળાવડી વિસ્તાર
	૦૦૧૦	૦૦	૦	૦	૫૭૧	૧ થી ૧૫૬	મહાકાળી મંદિર વિસ્તાર, વાઘરીવાડી, વડા ગામનો જૂનો માર્ગનો ખેતર વિસ્તાર, નવી કોલેજ સામેનો વિસ્તાર
કુલ			૬૮૧	૦	૨૭૪૧		

વોર્ડ નં.૨ની હદનું વર્ણન :–

વાયવ્યે સ.નં.૩૩૮ ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફની હદે હદે ઉત્તર તરફ સ.નં.૩૪૦, ૩૪૨, ૨૪૫, ૩૫૬, ૩૫૭, ૩૭૪/૧, ૩૭૪/૨, ૩૭૬, ૩૭૭/૧, ૩૭૭/૨, ૩૭૭/૩, ૩૯૮, ૩૯૯, ૪૦૦, ૪૦૧, ૪૨૮, ૪૨૬, ૪૭૮/૨, ૪૭૯, ૪૮૦, ૪૯૨/૧ થી પૂર્વ તરફ ૪૯૨/૨, ૪૯૨/૩, ૪૯૩/૧, ૪૯૩/૨, ૪૯૫/૨, ૪૯૬/૨ થી દક્ષિણ તરફની હદે હદે પશ્ચિમ તરફ ૪૯૬/૧, ૪૯૮, ૪૯૯, ૪૭૦/૨ થી દક્ષિણ તરફ સ.નં.૪૭૦/૪ ની હદે પશ્ચિમ તરફ સ.નં.૪૭૦/૨, ૪૭૦/૧ થી સરકારી ગેસ્ટ હાઉસની હદેથી પશ્ચિમ તરફ સ.નં.૪૬૩ પૈકી સંત રોહિતનગર પ્રાથમિક શાળા, પ્લોટ વિસ્તારની દક્ષિણેથી પશ્ચિમ તરફ કાંકરેજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજથી પશ્ચિમે વાઘરી વાડીની હદે હદે પશ્ચિમ તરફ સ.નં.૪૫૮/૨ ની દક્ષિણ હદેથી પશ્ચિમ તરફ મસ્જિદ શેરી સ.નં.૪૫૩/૪ ની દક્ષિણ તરફની હદેથી સ.નં.૪૫૬/૨ ની પશ્ચિમ દિશાના ભાગે સ.નં.૪૫૭/૧ ની હદે હદે ઉત્તર તરફ સ.નં.૪૫૫, ૪૫૪/૨, ૪૫૪/૧, ૪૪૮/૨, ૪૪૭, ૪૪૬, ૪૩૯, ૪૩૮/૨, ૪૩૮/૧, ૪૧૯, ૪૧૮, ૪૧૭, ૪૧૬, ૪૧૫, ૩૮૮, ૩૮૭/૨, ૩૮૭/૧, ૩૬૫, ૩૬૪,૩૬૩, ૩૬૨, ૩૫૦/૧, ૩૪૯, ૩૪૮, ૩૪૭/૧, ૩૪૧ ની પશ્ચિમ હદે હદે થઈ સ.નં.૩૩૮ ના વાયવ્ય ખૂણા સુધી

થરા નગરપાલિકા, જિલ્લો : બનાસકાંઠા

વોર્ડ નં.૩

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,વસ્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન						
	સેન્સસના બ્લોક નંબરની વિગત					સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	પેટા બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨		૩	૪	૫	૬	૭
૩	૦૦૦૮	૦	૦	૦	૨૭૪	૧ થી ૮૯	મોચીશેરી, શિવ મંદિર સામેનો ભાગ
૩	૦૦૧૧	૦૧	૦	૫	૪૩૮	૧ થી ૮૧	તખતપુરા વિસ્તાર, તખતપુરા પાછળકોર વિસ્તાર
૩	૦૦૧૧	૦૨	૧૩	૦	૫૨૩	૮૨ થી ૧૭૨	નવિન કોલેજ તરફનો વિસ્તાર
૩	૦૦૧૨	૦	૦	૦	૬૪૧	૧ થી ૧૩૫	રબારીવાસ, સિપાઈવાસ, પરમારવાસ, ડૉ.નટુભાઈ દવાખાનાનો વિસ્તાર
૩	૦૦૧૩	૦	૦	૦	૨૩૪	૧ થી ૬૭	દરબારગઢ પાછળનો ભાગ, ચૌહાણવાસ
૩	૦૦૧૪	૦	૦	૦	૧૪૧	૧ થી ૬૫	જૈનશેરી, દેરાસર વિસ્તાર
૩	૦૦૧૮	૦	૦	૦	૨૭૧	૧ થી ૬૯	વાળીનાથ મંદિર વિસ્તાર, સોનીવાસ, દરજીવાસ, જૂનો નાઈવાસ, ગોગામહારાજ મંદિર
૩	૦૦૧૯	૦	૦	૦	૩૨૯	૧ થી ૯૪	રામજી મંદિર શેરી, જૂની સોની બજાર, જૂની પોસ્ટ ઓફિસ વિસ્તાર, ગોગાચોક વિસ્તાર
			૧૩	૫	૨૮૫૧		

વોર્ડ નં.૩ની હદનું વર્ણન :–

વાયવ્યે દરબાર ગઢના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફની હદે હદે જૈન ઉપાશ્રયથી હનુમાન દાદાના મંદિર તરફ શાહ ચીનુલાલ શિવલાલની શેરીથી પૂર્વે મોચી મફતલાલ ઈશ્વરલાલના મકાનથી મોચી કાંતિભાઈના મકાનના પૂર્વે ચાર રસ્તાથી તખતપુરા વિસ્તારની આંગણવાડી ચબુતરાની ઉત્તર હદે ઠક્કર છગનભાઈના મકાનથી પૂર્વે ઠાકોર બાબુજી કપુરજીના મકાનથી પૂર્વે આર્ટસ એન્ડ કોમર્સ કોલેજથી સ.નં.૪૭૨ ની પૂર્વ હદેથી દક્ષિણ તરફ પી.ટી.સી. કોલેજની દક્ષિણ હદેથી પશ્ચિમ તરફ જૂના સરકારી દવાખાનાના મકાનથી પ્રા.શાળા નં.૨ ની પશ્ચિમ દિશાએ વોટર વર્કસ સંપની દક્ષિણ હદેથી પશ્ચિમે સિપાઈ વાસની દક્ષિણ હદેથી રબારી વાસમાં દેસાઈ જોરાભાઈના મકાનથી દક્ષિણે ઠાકોર બાબુજી રાયચંદજીના મકાનથી પશ્ચિમે મહેશ્વરી પ્રવીણભાઈના મકાનથી વાળીનાથ મંદિરની ઉત્તર તરફ ગોગા ચોકથી ઉત્તર તરફ સોની વાડી, જૂના નાઈવાસ, જૂની પોસ્ટ ઓફિસથી ગોગામંદિરથી રામજી મંદિરના પૂર્વે દરબાર ગઢના વાયવ્ય ખૂણા સુધી

થરા નગરપાલિકા, જિલ્લો : બનાસકાંઠા

વોર્ડ નં.૪

સૂચિત વોર્ડ નંબર	ઈલેક્શન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન						
	સેન્સસના બ્લોક નંબરની વિગત					સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	પેટા બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨		૩	૪	૫	૬	૭
૪	૦૦૨૨	૦	૦	૦	૪૦૦	૧ થી ૧૦૭	સદુભાપાટી વિસ્તાર, દરબારોની કચેરી તરફનો ભાગ, કંબોયા વિસ્તાર, શ્રીમાળી વિસ્તાર, જૈન સ્મશાન તરફનો વિસ્તાર
૪	૦૦૨૩	૦	૧૧	૦	૫૦૬	૧ થી ૨૬૮	જૂના પોલીસ કવાટર્સ, અંબાજી માતાના મંદિર તરફનો વિસ્તાર
૪	૦૦૨૪	૦	૧૦૭	૦	૨૬૮	૧ થી ૮૦	કોમ્યુનિટી હોલ વિસ્તાર, તલાટી કવાટર્સ નજીકનો વિસ્તાર, પાણી ટાંકી તરફનો વિસ્તાર
૪	૦૦૨૬	૦	૦	૦	૩૯૧	૧ થી ૨૫૨	ભવાની સોસાયટી,નગરપાલિકા વિસ્તાર,પશુ દવાખાનાનો વિસ્તાર, નાઈવાસ, સોની બજાર
૪	૦૦૩૦	૦	૦	૦	૬૧૨	૧ થી ૪૦૯	વાદીઓના છાપરા વિસ્તાર, ડાયમંડ શોપીંગ, એસ.ટી.સ્ટેન્ડ તરફનો વિસ્તાર, અમીધારા શોપીંગ વિસ્તાર
૪	૦૦૩૨	૦	૦	૦	૩૩૦	૧ થી ૧૬૫	ચિત્રકુટ સોસાયટી,અમીધારા સોસાયટી, ડૉ.દરજી સાહેબના દવાખાનાનો વિસ્તાર
૪	૦૦૩૩	૦	૦	૦	૧૫૮	૧ થી ૧૪૧	ઈલાજ હોસ્પિટલ, અંબિકાનગર, ડૉ.બ્રહ્મભટ્ટ સાહેબના દવાખાના નજીકનો વિસ્તાર
૪	૦૦૩૪	૧	૦	૦	૬૩૬	૧ થી ૨૮૭	રૂણી રોડ પાર્શ્વનગર સોસાયટી, ઉંઝિયા મસાલા તરફનો વિસ્તાર
કુલ			૧૧૮	૦	૩૨૭૧		

વોર્ડ નં.૪ની હદનું વર્ણન :–

વાયવ્યે સ.નં.૧૫૩ ના વાયવ્ય ખૂણેથી પૂર્વ તરફ સ.નં.૧૫૪, ૧૫૫/૧, ૧૬૧/૧ ની ઉત્તર હદે હદેથી પૂર્વ તરફ સ.નં.૧૬૨, ૧૬૩/૧ સુથાર પિરાભાઈના મકાનથી પૂર્વ તરફ સદુભા પાટી આંગણવાડી કેન્દ્રથી સદુભા પાટીની કચેરી પૂર્વ તરફના ભાગેથી પૂર્વે કંબોયા વિસ્તારના કંબોયા ફુલાભાઈના મકાનથી જવાહર સોસાયટીની પૂર્વ તરફે મોબાઈલ ટાવરથી વોટર વર્કસ સંપની પૂર્વે મુનેચા વાસની દક્ષિણ હદેથી સામૂહિક આરોગ્ય કેન્દ્રની પૂર્વના ભાગેથી ચોર્યાસી વિસ્તારની દક્ષિણ તરફે પ્રગતિ બેંકની દક્ષિણ હદે ચિત્રકુટ સોસાયટી, અમીધારા કોમ્પલેક્ષ, અમીધારા સોસાયટીની દક્ષિણેથી સ.નં.૧૬/૧ ની પૂર્વ હદેથી સ.નં.૧૬/૨ ની દક્ષિણે પૂર્વ હદથી પશ્ચિમ તરફ ઠાકોર બોર્ડીંગ રોડ સ.નં.૧૪ ની પશ્ચિમ હદે હદે સ.નં.૨૦, ૧૭૯/૨પી ની દક્ષિણે સ.નં.૧૭૬/૧ ની પૂર્વ હદે હદેથી દક્ષિણ તરફ સ.નં.૧૭૬/૨, ૧૭૫/૩, ૧૭૫/૨ ની દક્ષિણ હદે પૂર્વથી પશ્ચિમ તરફ સ.નં.૧૭૫/૧, ૧૭૪, ૨૦, ૨૧, ૨૪, ૨૫ ની પશ્ચિમ હદેથી ઉત્તર તરફ સ.નં.૧૪/૨, ૧૪/૧, ૧૫, ૧૬, ૫, ચામુંડા નગર, ઓમ પ્લાઝાથી જલારામ સોસાયટીની પશ્ચિમ હદેથી સ.નં.૪ સદુજીવાસથી જૂના પોલીસ ક્વાર્ટરની પશ્ચિમ હદેથી સ.નં.૩, ૨/૪, ૨/૩, ૨/૧, ૧૬૬/૨ ની પશ્ચિમ હદે હદે સ.નં.૧૬૫/૨ ની દક્ષિણ હદે હદે પશ્ચિમ તરફ સ.નં.૧૬૫/૨, ૧૮૫/૧, ૧૫૮, ૧૪૮ ની પશ્ચિમ હદે હદેથી ઉત્તર તરફ સ.નં.૧૫૦, ૧૫૧, ૧૫૨, ૧૫૩ થી સ.નં.૧૫૩ ના વાયવ્ય ખૂણા સુધી

થરા નગરપાલિકા, જિલ્લો : બનાસકાંઠા

વોર્ડ નં.૫

સૂચિત વોર્ડ નંબર	ડીલીમીટેશન વોર્ડના સેન્સસ બ્લોક,વસ્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન						
	સેન્સસના બ્લોક નંબરની વિગત					સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	પેટા બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨		૩	૪	૫	૬	૭
૫	૦૦૨૦	૦	૫૧૨	૦	૫૭૯	૧ થી ૧૬૦	બુકોલીયા વિસ્તાર, મુનેશ્વાવાસ, જશવંત ફાર્મ સામેનો વિસ્તાર, રામાપીર મંદિર તરફનો વિસ્તાર
૫	૦૦૨૧	૦	૨૧૧	૦	૮૭૨	૧ થી ૨૭૪	વિતરાગ સોસાયટી, નવકાર સોસાયટી, અંકુર સ્ટડી વિસ્તાર, જૈનદાદાવાડી
૫	૦૦૨૩	૦	૧૪	૨	૨૪૫	૧ થી ૩૩૫	મુનેશ્વાવાસ, મીરાદાતાર વિસ્તાર, સિધ્ધશીલા સોસાયટી, ભકિતનગર વિસ્તાર, કિર્તીનગર, શ્રીપાલનગર, પટેલ બોડીંગ તરફનો વિસ્તાર, નગરપાલિકા સામેનો વિસ્તાર, રેફરલ હોસ્પિટલ સામેનો વિસ્તાર
૫	૦૦૨૮	૦	૪૬	૮	૭૬૨	૧ થી ૩૭૩	ટેલિફોન એક્ષચેન્જ કચેરી, પાવાપુરી સોસાયટી, સિધ્ધશીલા સોસાયટી, ભકિતનગરનો વિસ્તાર, પોલીસ સ્ટેશન વિસ્તાર
૫	૦૦૨૯	૦	૨	૧૮	૪૩૫	૧ થી ૫૨૩	તાણા રોડ વિસ્તાર, બહુચર માતાના મંદિર વિસ્તાર, શકિત સોસાયટી, શાકમાર્કેટ ગંજ વિસ્તાર, સિપાઈવાસ, ઠાકોરવાસ, ઘાંચોસવાસ, ઉગમણાવાસ, લીમડાવાળો વિસ્તાર, બગીચો
૫	૦૦૩૧	૦	૨૧	૦	૩૧૩	૧ થી ૭૮	જવાહર સોસાયટી, જેતાગુરૂ મઢી નજીકનો ભાગ, ઘાંચોસ સ્મશાન તરફનો વિસ્તાર, ચોર્યાસી પ્લોટ વિસ્તાર
	કુલ		૮૦૬	૨૮	૩૨૦૬		

વોર્ડ નં.૫ની હદનું વર્ણન :-

વાયવ્યે બુકોલીયાવાસ આંગણવાડીથી બુકોલીયાવાસ સામે ઉત્તરેથી પૂર્વ તરફ કન્યા શાળાની દક્ષિણ હદેથી પૂર્વ તરફ વિતરાગ સોસાયટી નવકાર સોસાયટીની ઉત્તર તરફની હદેથી પૂર્વ તરફ ભકિત નગર સોસાયટીથી વિનય હાઈસ્કુલ તરફની દક્ષિણ હદેથી સ.નં.૩/એ થી દક્ષિણે પોલીસ સ્ટેશનની પશ્ચિમ હદથી જી.ઈ.બી. કચેરી તરફથી બહુચર માતાના મંદિર તાણા રોડ, બગીચાની પૂર્વ હદેથી પશ્ચિમ તરફ શકિતનગર સોસાયટીની દક્ષિણ હદ તરફથી પશ્ચિમ તરફ આંગણવાડી ઉગમણાવાસની દક્ષિણ હદે સ.નં.૨૬/૧ સિપાઈવાસ,લીમડા વિસ્તારની પશ્ચિમ હદેથી શાકમાર્કેટની હદેથી ની ઉત્તર હદેથી પશ્ચિમ તરફ અમીધારા સોસાયટીની પશ્ચિમ હદેથી ઉત્તર તરફ અમીધારા કોમ્પલેક્ષ એસ.ટી.સ્ટેન્ડની પશ્ચિમ હદ વિસ્તારથી ઉત્તર તરફ પ્રગતિ બેંક ચોર્યાસી વિસ્તારની પશ્ચિમ હદે હદે સરકારી હોસ્પિટલના ઉત્તર ભાગે ઠાકોર સ્મશાનની પશ્ચિમ હદેથી ઉત્તર તરફે મુનેશ્વાવાસની ઉત્તર તરફ બુકોલીયાવાસ આંગણવાડીના વાયવ્ય ખૂણા સુધી

થરા નગરપાલિકા, જિલ્લો : બનાસકાંઠા

વોર્ડ નં.૬

સૂચિત વોર્ડ નંબર	ડીલીમીટેશન વોર્ડના સેન્સસ બ્લોક,વસ્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન						
	સેન્સસના બ્લોક નંબરની વિગત					સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	પેટા બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨		૩	૪	૫	૬	૭
૬	[illegible]	૦	૦	૦	૮૩૧	૧ થી ૨૨૩	વજેગઢ વિસ્તાર, ખારીયા વિસ્તાર, ભાભર તરફનો વિસ્તાર

સૂચિત વોર્ડ નંબર	ઈલેક્શન વોર્ડના સેન્સસ બ્લોક,વત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન						
	સેન્સસના બ્લોક નંબરની વિગત					સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	પેટા બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨		૩	૪	૫	૬	૭
૬	૦૦૩૪	૨	૦	૦	૫૯૪	૨૮૮ થી ૪૩૭	ચામુંડા નગર વિસ્તાર, કુમકુમ હોટલ તરફનો ભાગ
૬	૦૦૩૪	૩	૦	૦	૫૩૫	૪૩૮ થી ૫૩૩	બાલવીમાતાના મંદિર તરફનો વિસ્તાર, ઘાંચોસવાસ–૨નો વિસ્તાર, પાર્શ્વનગર સોસાયટી પાછળનો વિસ્તાર
૬	૦૦૩૫	૦	૦	૦	૫૭૦	૧ થી ૧૧૬	માર્કેટ પાછળનો ભાગ, ઘાંચોસવાસ–૧ તથા ખેતર વિસ્તાર
૬	૦૦૩૬	૦	૦	૦	૬૨૫	૧ થી ૧૧૯	આંબલીવાસ, જગાણીયાવાસ, ઠાકોરબોડીંગ વિસ્તાર તરફનો ખેતર વિસ્તાર, અમીધારા પાછળનો વિસ્તાર, ચિત્રકુટ સોસાયટી પાછળનો વિસ્તાર
	કુલ		૦	૦	૩૧૫૫		

વોર્ડ નં.૬ની હદનું વર્ણન :–

વાયવ્યે સ.નં.૧૪૮ ના વાયવ્ય ખુણાથી પૂર્વ તરફ સ.નં.૧૪૮, ૧૩૬, ૧૩૫ ની ઉત્તર હદે હદે થઈ સ.નં.૧૩૫ ના ઈશાન ખુણા સુધી ત્યાંથી દક્ષિણે સ.નં.૧૩૫, ૧૩૨/૨, ૧૩૧, ૬/૧, ૭, ૮, ૧૩/૨, ૨૭/૨, ૨૬ ની પૂર્વ હદે હદે થઈ જલારામ સોસાયટી, ચામુંડા નગરની પશ્ચિમે થઈ સ.નં.૨૬ ના અગ્નિ ખુણા સુધી ત્યાંથી પૂર્વ તરફ સ.નં.૩૮/૨ ના ઈશાન ખુણાથી સ.નં.૩૯, ૪૦, ૨૨, ૧૭૩/૧, ૧૭૧, ૧૭૦ ની ઉત્તર હદે હદે થઈ પાર્શ્વનગર પાછળ થઈ સ.નં.૧૭૦ ના ઈશાન ખુણા સુધી ત્યાંથી ઉત્તર તરફ સ.નં.૨૨/૧, ૨૧ ની પશ્ચિમ હદે થઈ સ.નં.૨૧ ના વાયવ્ય ખુણા સુધી ત્યાંથી પૂર્વ તરફ સ.નં.૨૧, ૧૯/૧, ૧૮, ૧૭/૧, ૧૭/૨, ૨૬/૧ ની ઉત્તર હદે હદે થઈ સ.નં.૨૬/૧ ના ઈશાન ખુણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સ.નં.૨૬/૧, ૨૬/૨, ૨૬/૩, ૨૬/૪, ૫૧, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૭૨/૨, ૨, ૭૩, ૭૪, ૮૮, ૮૯/૧, ૮૯/૨, ૮૯/૩, ૯૨/૧, ૯૨/૨, ૯૨/૩, ૯૨/૪, ૯૪/૧, ૧૦૧, ૧૦૨, ૧૦૫, ૧૦૬/૧, ૧૦૬/૨ ની પૂર્વ હદે હદે થઈ સ.નં.૧૦૬/૨ ના અગ્નિ ખુણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ સ.નં.૧૦૬/૨, ૧૦૭/૩, ૧૦૭/૨, ૧૧૨, ૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૪૧, ૧૪૨/૩, ૧૪૨/૨, ૧૪૨/૧, ૧૪૩, ૧૪૫, ૧૪૬, ૯૨/૨, ૯૧/૨, ૯૫/૧, ૯૬/૨, ૯૬/૧, ૧૦૦/૨, ૧૦૦/૧, ૧૦૧, ૧૦૨/૨, ૧૦૨/૧ ની દક્ષિણ હદે હદે થઈ સ.નં.૧૦૨/૧ ના નૈર્ઋત્ય ખુણા સુધી ત્યાંથી ઉત્તર તરફ સ.નં.૧૦૨/૧, ૧૦૩/૧, ૧૦૪, ૧૧૧, ૧૧૨/૧, ૧૧૩, ૧૧૪, ૧૧૫, ૧૨૦/૨, ૧૨૦/૧, ૧૨૧/૨, ૧૨૩, ૧૪૩, ૧૪૦, ૧૩૯, ૧૪૧, ૧૪૫, ૧૪૬/૧, ૧૪૭, ૧૪૮ ની પશ્ચિમ હદે હદે વજેગઢ પ્રા.શાળા થઈ સ.નં.૧૪૮ ના વાયવ્ય ખુણા સુધી

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ–૨

રાજ્ય ચૂંટણી આયોગ
ગુજરાત રાજ્ય
સચિવાલય, ગાંધીનગર

થરા નગરપાલિકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૧૮૦૬૦	
કુલ વોર્ડની સંખ્યા	૦૬	
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૩૦૧૦	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૩૩૧૧ સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૨૭૦૯
બેઠકોની સંખ્યા	૨૪	
કુલ સ્ત્રી બેઠકો	૧૨	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૦૨	તે પૈકી ૧ સ્ત્રી બેઠક
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	–	તે પૈકી - સ્ત્રી બેઠક
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૦૨	તે પૈકી ૧ સ્ત્રી બેઠક
કુલ અનામત બેઠકો	૧૪	
સામાન્ય બેઠકો	૧૦	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત
૧	૧	૨૮૭૬	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૨૭૪૧	અનુસૂચિત જાતિ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૨૮૧૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૩૨૭૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૩૨૦૬	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૬	૬	૩૧૫૫	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
		૧૮૦૬૦				

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 208

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, MAY 19, 2016/VAISAKHA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

GENERAL ADMINISTRATION DEPARTMENT

NOTIFICATION

SACHIVALAYA, GANDHINAGAR

19th May, 2016

No. CHS-2016-39-BYE-1213-385-CHH: - In pursuance of the provisions of Section-67 of the Representation of the People Act, 1951 (43 of 1951), the following declaration containing the name of candidate elected in constituency referred to therein is published for general information.

FORM-21D

(See rule 64 of the conduct of Election Rules, 1961)

(For use in Election to Fill a casual vacancy when seat is contested)

Declaration of the result of Election under section 66 of the Representation of the People Act, 1951. Bye Election to the Legislative Assembly of Gujarat State from the 91-Talala Assembly Constituency.

In pursuance of the provisions contained in section 66 of the Representation of the people Act,1951, read with rule 64 of the Conduct of Elections Rules, 1961, I declare that-

Shree Govindbhai Varjangbhai Parmar, "Samarpan" To-Kajali, Ta-Veraval, Dist-Gir Somnath sponsored by Bhartiya Janata Party has been duly elected to fill the vacancy caused in that House by the death of Jasubhai Dhanabhai Barad , having been declared

Place :- Veraval-Gir Somnath
Date :- 19/05/2016

D.I.Bhagfani
Returning Officer
91-Talala Assembly Constituency
& Deputy Collector-I, Gir Somnath

By order and in the name of Governor of Gujarat,

ASHOK MANEK,
Additional Secretary to Government

સામાન્ય વહીવટ વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર.

૧૯મી મે, ૨૦૧૬

ક્રમાંક: ચસ-૨૦૧૬-૩૯-બીવાયઈ-૧૨૧૩-૩૮૫-છ:- લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ (૧૯૫૧નો ૪૩મો)ની કલમ-૬૭ની જોગવાઈઓ અન્વયે નીચે જણાવેલ ચૂંટણી પરિણામની જાહેરાતમાં દર્શાવેલ મતદાર વિભાગમાંથી ચૂંટાયેલા ઉમેદવારનું નામ સામાન્ય માહિતી માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

નમૂનો – ૨૧ ડી

(જુઓ ૧૯૬૧ના ચૂંટણી સંચાલન અંગેના નિયમોના નિયમ–૬૪)

(જે અંગે ચૂંટણી લડાતી હોય એવી બેઠકની બાબતમાં આકસ્મિક કારણસર ખાલી પડતી જગ્યા ભરવા માટેની ચૂંટણીમાં ઉપયોગમાં લેવા માટે)

૧૯૫૧ના લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૬૬ હેઠળ ચૂંટણીના પરિણામની જાહેરાત

ગુજરાત રાજ્યનાં ૯૧–તાલાળા મતદાર વિભાગમાંથી વિધાનસભા માટેની પેટા ચૂંટણી

૧૯૬૧ના ચૂંટણી સંચાલન નિયમોના નિયમ ૬૪ સાથે વાંચતા લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૬૬ની જોગવાઈઓ અનુસાર, હું જાહેર કરું છું કે, સ્વ. શ્રી જશુભાઈ ધાનાભાઈ બારડના નિધનથી તે જુથમાં ખાલી પડેલ જગ્યા પર ભારતીય જનતા પાર્ટી (માન્ય / નોંધાયેલ રાજકીય પક્ષ) એ પુરસ્કૃત કરેલ, શ્રી ગોવિંદભાઈ વરજાંગભાઈ પરમાર, "સમર્પણ" મુ.આજોઠા, તા.વેરાવળ, જિ.ગીરસોમનાથ ઉપરના મતદાર વિભાગમાંથી એ જુથની બેઠક ઉપર યોગ્ય રીતે ચૂંટાઈ આવ્યા છે.

સ્થળ :– વેરાવળ–ગીરસોમનાથ
તારીખ :– ૧૯/૦૫/૨૦૧૬

ડી.આઈ.બગલાણી
ચૂંટણી અધિકારી
૯૧–તાલાળા વિધાનસભા મતદાર વિભાગ
અને નાયબ કલેકટર–૧, ગીરસોમનાથ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

અશોક માણેક,
સરકારના અધિક સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 209

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] **THURSDAY, MAY 19, 2016/VAISAKHA 29, 1938**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

છઠ્ઠો માળ, ગીફ્ટ-૧, રોડ-૫ સી

ઝોન-૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર,

ગુજરાત-૩૮૨૩૫૫

તા. ૨૪-૦૯-૨૦૧૫ના ગુજરાત રાજપત્ર (અસાધારણ) અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા નોટીફીકશન ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષાંગિક બાબતો) વિનિમયો-૨૦૧૫નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

રૂપવંતસિંઘ, આઈ.એ.એસ.
સચિવ
ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ,
ગાંધીનગર.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષંગિક બાબતો, વિનિયમો

વિદ્યુત જાહેરનામા ક્રમાંક નં. ૪/૨૦૧૫

વિદ્યુત અધિનિયમ ૨૦૦૩(૨૦૦૩ નો અધિનિયમ-૩૬) હેઠળ વિભાગ ૫૦ને, વિભાગ ૧૮૧ (૨)(x) સાથે વાંચતા, તથા ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને વિનિયમ) અધિનિયમ ૨૦૦૩ (૨૦૦૩ નો ગુજરાત અધિનિયમ-૨૪) વિભાગ ૪૨ (૧)(બી) અને તેના હેઠળ મળેલી સત્તાના આધારે ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ, આથી, "વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષંગિક બાબતો" નાં વિનિયમો બનાવે છે, જેને હવેથી પુરવઠા સંહિતા તરીકે ઓળખવામાં આવશે.

ટૂંકું શિર્ષક, ક્ષેત્ર-વ્યાપ અને પ્રારંભ

૧ આ વિનિયમોને ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ (વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષંગિક બાબતો) વિનિયમો, ૨૦૧૫ (અહીં હવે પછી પુરવઠા સંહિતા" તરીકે ઉલ્લેખ કરાયો છે) તરીકે ઓળખવામાં આવશે.

૨ સંહિતામાં પરવાનેદારની, ગ્રાહકોની તથા એકબીજાનાં અરસપરસની જવાબદારીઓની વિગતો આપી છે અને ગ્રાહકોને કાર્યક્ષમ, ખર્ચ-અસરકારક અને ગ્રાહક અનુકુળ સેવા પૂરી પાડવા પરવાનેદારે અપનાવવાની પધ્ધતિ ઓનો સેટ નિર્દિષ્ટ કર્યો છે.

૩ પુરવઠા સંહિતા સાથે જોડેલ તમામ પત્રક (ફોર્મ) અને ફોર્મેટ માર્ગદર્શન માટે છે. પરવાનેદાર, આયોગની પૂર્વ મંજૂરી લઈને પત્રક (ફોર્મ)/ ફોર્મેટમાં યોગ્ય સુધારા કરી શકશે અને આવાં સુધારેલ પત્રક (ફોર્મ)/ ફોર્મેટ, ગ્રાહકોના ઉપયોગ માટે સંબંધિત પરવાનેદારની વેબસાઈટ પર મૂકશે.

૪ આ સંહિતા નીચેનાને લાગુ પડશે:

(૧) ગુજરાત રાજ્યમાં માનવામાં આવેલ (ડીમ્ડ) પરવાનેદારો સહિત તમામ વિતરણ પરવાનેદારો અને તમામ ગ્રાહકો;

(૨) અધિનિયમની કલમ-૧૩ અન્વયે મુક્તિ અપાયેલ તમામ વ્યક્તિઓ;

(૩) અનધિકૃત પુરવઠો, અનધિકૃત ઉપયોગ, માર્ગપલટો અને અનધિકૃત ઉપયોગ/સંક્ષેપીકરણ/વીજ ચોરીના અન્ય ઉપાયો.

૫ આ સંહિતા, ગુજરાત સરકારનાં ગેઝેટમાં છપાશે તે તારીખથી અમલમાં આવ્યા ગણવામાં આવશે.

૬ પુરવઠા સંહિતાની સંરચના

આ પુરવઠા સંહિતા નીચે જણાવ્યા મુજબના ૯ વિભાગમાં વહેંચવામાં આવી છે.

વિભાગ-૧: પ્રાસ્તાવિક

વિભાગ-૨: વ્યાખ્યાઓ

વિભાગ-૩: પુરવઠાની પધ્ધતિ અને ગ્રાહકોનું વર્ગીકરણ

વિભાગ-૪: નવાં જોડાણો આપવાની કાર્યપધ્ધતિ અને ચાલુ જોડાણોમાં સુધારા

વિભાગ-૫: ગ્રાહકની જગ્યામાં રાખવામાં આવેલા ઉપકરણો

વિભાગ-૬: મીટર અને બિલ-વ્યવસ્થા

વિભાગ-૭: મર્યાદાઓ

વિભાગ-૮: જોડાણ કાપવું અને પુનઃજોડાણ કરવું

વિભાગ-૯: સામાન્ય જોગવાઈઓ

INDEX

વિષય-સૂચિ

અનુ. નં	શિર્ષક	પાના નં.
	ટૂંકું, શિર્ષક, ક્ષેત્ર-વ્યાપ અને પ્રારંભ	૨
૧.	વિભાગ-૧	૬
	વિદ્યુત પુરવઠા સંહિતાના પુર્નવાલોકન સમિતિ	૬
	પુર્નવાલોકન અને સુધારાઓ	૭
	પુરવઠા સંહિતાની મર્યાદાઓ	૮
	ગોપનિયતા	૮
	વિવાદોનો નિકાલ કરવાની પધ્ધતિ	૮
	અન્ય વિનિયમો	૮
૨.	વિભાગ-૨ : વ્યાખ્યાઓ અને અર્થઘટનો	૯
૩.	વિભાગ-૩ : વીજ પુરવઠા પધ્ધતિ અને ગ્રાહકોનું વર્ગીકરણ	૧૫
	વીજ પુરવઠા પધ્ધતિ	૧૫
	પાવર ફેક્ટર	૧૬
	વિતરણ પરવાનેદારની વ્યવસ્થાને સમાંતર કાર્યવાહી	૧૬
	ગ્રાહકોનું વર્ગીકરણ	૧૬
૪.	વિભાગ-૪ : નવું વીજ જોડાણ આપવાની કાર્યપધ્ધતિ અને ચાલુ જોડાણમાં સુધારા	૧૭
	વીજ પુરવઠો પૂરો પાડવાની પરવાનેદારની જવાબદારી	૧૭
	વિતરણ પધ્ધતિ નાં વિસ્તરણના સંદર્ભે પરવાનેદારની જવાબદારી અને થનાર ખર્ચમાં ગ્રાહકનો હિસ્સો	૧૭
	જોડાણ મંજુર કરવાની શરતો	૧૭
	હયાત (હાલની/મોજૂદ) મિલકતની ખરીદી	૧૭
	હયાત (હાલની/મોજૂદ) મિલકતનું પુનર્નિર્માણ	૧૮
	નવું વીજ જોડાણ માટે અરજી પત્રક પૂરું પાડવાની કાર્યપધ્ધતિ	૧૮
	અરજી પત્રકની પ્રક્રિયા કરવી	૨૦
	હંગામી વીજ પુરવઠો પૂરો પાડવાની કાર્યપધ્ધતિ	૨૪
	હયાત (હાલનાં/મોજૂદ) જોડાણોમાં સુધારા માટેની કાર્યપધ્ધતિ	૨૫
	અરજી પત્રકની પ્રક્રિયા કરવી	૨૫
	સર્વિસ જોડાણની તબદીલી	૨૬
	સર્વિસીસનું પરિવર્તન	૨૭
	મીટર/ હાલના જોડાણનું સ્થળાંતર	૨૭
	ગ્રાહક વર્ગનું પુનઃવર્ગીકરણ	૨૭
	વીજભાર વધારો	૨૮
	વીજભાર ઘટાડો	૨૯
	કરાર વીજભાર/મંજુર વીજભાર/કરાર માંગની સમીક્ષા	૩૦
	કરાર કરવો	૩૦
	પુરવઠાની સામાન્ય શરતો	૩૧
	માંગ નોંધ	૩૧
	પુરવઠા બિંદુ(પોઇન્ટ ઓફ સપ્લાય)	૩૧
	માંગ નોંધની ચુકવણીની પધ્ધતિ	૩૨

INDEX

અનુ. નં	શિર્ષક	પાના નં.
	વીજળીનું પુનર્વેચાણ	૩૨
	ગ્રાહકની જગ્યામાં પ્રવેશ કરવાનો માર્ગ	૩૨
	ફ્યુઝ નિષ્ફળતાને કારણે પુરવઠાનું અટકી જવું	૩૨
૫.	વિભાગ-૫ : ગ્રાહકની જગ્યાનાં ઉપકરણો	૩૩
	ગ્રાહકની જગ્યામાં વાયરીંગ	૩૩
	ગ્રાહકના સાજસરંજામ અને ઉપકરણોનું સ્થાપન	૩૩
	એ.સી.મોટરનું સ્થાપન	૩૪
	સિંચાઈ/કૃષિ પંપ સેટનું સ્થાપન	૩૪
	વિતરણ પરવાનેદારનાં પુરવઠા મેઈન્સ અને સાધનો	૩૫
૬.	વિભાગ-૬ : મીટર અને બિલ-વ્યવસ્થા	૩૬
	મીટરોની જરૂરિયાત	૩૬
	મીટરો અને MCBs/CBs નો પુરવઠો અને સ્થાપન	૩૭
	મીટર-વાંચન	૩૮
	મીટરોનું પરિક્ષણ	૩૮
	મીટરો બદલવા	૩૯
	ખામીભર્યા મીટરોનું પરિક્ષણ	૩૯
	ખામીપૂર્ણ/બળેલા/ ખોવાયેલ મીટરોની ફેરબદલીનું ખર્ચ	૩૯
	રેકોર્ડીંગ ન કરતા મીટરો (MDI સહિત) બદલવા	૪૦
	બળેલાં મીટરો બદલવાં	૪૦
	ગુમ થયેલાં મીટરો બદલવાં	૪૦
	મીટર સહિત પુરવઠા મેઈન્સ અને સાધનો બાબત ગ્રાહકે દખલગીરી ન કરવી	૪૦
	બિલ-વ્યવસ્થા	૪૧
	સામાન્ય	૪૧
	ખાસ સંજોગોમા બીલ તૈયાર કરવાની કાર્યપધ્ધતિ	૪૩
	મીટર સુલભ ન હોય ત્યારે બીલ તૈયાર કરવું	૪૩
	ખામીપૂર્ણ/ ચોંટી ગયેલ/ બંધ /બળી ગયેલ મીટરોના કેસમાં બીલ તૈયાર કરવા	૪૩
	ગુમ થયેલાં મીટરોના કેસમાં બીલ તૈયાર કરવા	૪૪
	ઘરેલું ગ્રાહકો માટે કબ્જાના ફેરફાર કે મકાન ખાલી થવાના કેસમાં મીટરોનું ખાસ વાંચન અને બીલ તૈયાર કરવા,	૪૪
	ગ્રાહક દ્વારા કરાયેલ સ્વ-આકારણીને આધારે ચુકવણી	૪૪
	બિલોની આગોતરી ચુકવણી	૪૪
	તકરારી બિલોના કેસમાં બિલ તૈયાર કરવા	૪૫
	બિલોની ચુકવણી	૪૫
	બિલ ચુકવણીની પહોંચ	૪૬
	મળેલી રકમનો ઉપયોગ	૪૬
	વિલંબિત ચુકવણી ખર્ચ	૪૬
	હપ્તાની સુવિધા	૪૬
	બાકી રકમની વસૂલાત	૪૬

INDEX

અનુ. નં.	શિર્ષક	પાના નં.
૭.	વિભાગ-૭ : નિયંત્રણો	૪૭
	વીજળીની ચોરી	૪૭
	વીજળી ચોરીના કેસની ફરિયાદ નોંધણીની કાર્યપધ્ધતિ	૪૭
	આકારણી	૪૮
	ગુનાની માંડવાળ	૪૮
	ચેડાં કરેલ મીટર અંગે સ્વૈચ્છિક જાહેરાત (ઘરેલું ગ્રાહક માટે)	૪૯
	વીજળીનો અનધિકૃત ઉપયોગ	૫૦
	વીજળીનો અનધિકૃત ઉપયોગ માટેની ફરિયાદ નોંધણીની કાર્યપધ્ધતિ	૫૦
	ગ્રાહકને નોટિસ	૫૦
	ગ્રાહકના જવાબની રજૂઆત	૫૧
	વીજળીના શંકાસ્પદ અનધિકૃત ઉપયોગના કેસમાં સુનાવણી	૫૧
	આકારણી	૫૧
	અપીલ અધિકારીને અપીલ	૫૩
	કસૂરનાં પરિણામો	૫૩
૮.	વિભાગ-૮ : જોડાણ છૂટું કરવું અને પુન: જોડાણ	૫૪
	કામચલાઉ જોડાણ કપાત કરવું	૫૪
	જોડાણ કાયમી ધોરણે કપાત કરવું	૫૫
	ગ્રાહકની વિનંતીથી જોડાણ કપાત કરવું	૫૫
	પુર્નજોડાણ	૫૫
૯.	વિભાગ-૯ : સામાન્ય	૫૬
	પુરવઠામાં નિષ્ફળતા અને અવરોધ	૫૬
	વીજભાર શેડિંગ માટે જોગવાઈ	૫૬
	વીજપુરવઠાનો પ્રતિકૂળ ઉપયોગ	૫૬
	માંગ તરફનું વ્યવસ્થાપન	૫૭
	કામગીરીના ધોરણો અને ગ્રાહક ફરિયાદ નિવારણ કાર્યપધ્ધતિ	૫૭
	નોટિસ બજવણી	૫૭
	બહુવિધ ઉલ્લંઘન	૫૮
	રદ કરવું અને અપવાદ	૫૮
	અર્થઘટન	૫૮
	છૂટછાટની સત્તા અને મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા	૫૮
	આયોગની અંતર્ગત સત્તાનો બચાવ	૫૮

જોડાણો

જોડાણ નં.	શિર્ષક	પાના નં.
૧.	અરજી પત્રક-નવું જોડાણ/વીજભાર વધારો/વીજભાર ઘટાડો / પુન: જોડાણ/ (ખેતીવાડી)/નામ ફેરફાર/ સ્થળ ફેરફાર/હંગામી વીજજોડાણ/ વીજજોડાણમાં ફેરફાર / ગ્રાહકની વીજકક્ષામાં ફેરફાર (હળવા દબાણના વીજ જોડાણો માટે) (ફોર્મ-એ-૧)	૫૯
૨.	અરજી પત્રક-નવું જોડાણ/ વીજભાર વધારો/ વીજભાર ઘટાડો / નામમાં ફેરફાર (ભારે દબાણ / અતિ ભારે દબાણનાં વીજ જોડાણો માટે) (ફોર્મ-એ-૨)	૬૫
૩.	પ્રશુલ્ક વિગતો	૬૮
૪.	ચોરીના કેસોમાં વીજળીની આકારણી	૬૯

વિભાગ-૧

વિદ્યુત પુરવઠા સંહિતાના પુર્નવાલોકનની સમિતિ:

૧.૧ પુર્નવાલોકન સમિતીમાં નીચે જણાવેલા સભ્યો રહેશે જેઓ વિદ્યુત પુરવઠા અંગેની વિતરણ પરવાનેદારની બધી ટેકનિકલ બાબતોના પુરતા જાણકાર હશે. આ પુનરાવલોકન સમિતિના પ્રમુખપદે આયોગ એસટીયુના પ્રતિનિધિને નીમશે. આયોગ વિતરણ પરવાનેદારોના પ્રતિનિધીઓમાંથી એકને પુરવઠા સંહિતાના પુર્નવાલોકન સમિતિના સભ્ય-સચિવ તરીકે નિયુક્ત કરશે, જે પુર્નવાલોકન સમિતિને જરૂરી વહીવટી માળખુ અને સાજસરંજામ પુરું પાડશે અને આ સંહિતાના ખંડ ૧.૨ અનુસાર, ગ્રાહક સંસ્થાઓના સભ્યો કે આયોગે નિયુક્ત કરેલ કોઇ પણ સભ્યના પ્રવાસ ખર્ચ વગેરેનો ખર્ચ ભોગવશે. સભ્ય-સચિવ, પુર્નવાલોકન સમિતિને જરૂરી બધી ઓફીસ સહાય પુરી પાડવા સંપૂર્ણપણે જવાબદાર રહેશે.

પુનરાવલોકનની સમિતીનાં પ્રમુખપદે STU ના અધિકારી મુખ્ય ઇજનેરથી નિમ્નકક્ષાના ન હોવા જોઇએ.

પ્રમુખ ઉપરાંત પુનરાવલોકન સમિતિમાં નીચે મુજબના અન્ય સભ્યો રહેશે:

(એ) દરેક વિતરણ પરવાનેદારના એક પ્રતિનિધિ

(બી) આયોગ દ્વારા નિયુક્ત કરેલ બધી ઉત્પાદક કંપનીઓના એક પ્રતિનિધિ

(સી) ગુજરાત રાજયના મુખ્ય વિદ્યુત નિરીક્ષક આ પુરવઠા સંહિતા પુર્નવાલોકન સમિતિના હોદ્દાની રૂએ સભ્ય રહેશે.

(ડી) ઔદ્યોગિક ગ્રાહકોના પ્રતિનિધિઓ તરીકે ચાર પ્રતિનિધિઓ, કે જેઓ યોગ્ય રીતે નોંધાયેલી સંસ્થા કે ઔદ્યોગિક મંડળ / વ્યાપારી મંડળના સભ્યો પૈકીના હશે, તેને આયોગ દ્વારા નિમવામાં આવશે. આ ચાર પ્રતિનિધિઓ પૈકી બે એલ.ટી. ઔદ્યોગિક ગ્રાહકો અને બે એચ.ટી./ઇ.એચ.ટી. ગ્રાહકો પૈકીના હશે.

(ઇ) નોંધાયેલ ગ્રાહક મંડળોમાંથી બે પ્રતિનિધિઓને ઘરવપરાશકાર અને વ્યાપારીક વપરાશકાર ગ્રાહકોનું પ્રતિનિધિત્વ કરવા આયોગ નિયુક્ત કરશે.

(એફ) આયોગ એક સભ્યની નિમણૂંક નોંધાયેલ મંડળોમાંથી ખેતીવાડી ગ્રાહકોનું પ્રતિનિધિત્વ કરવા કરશે.

૧.૨ આયોગ યોગ્ય લાગે તે મુજબ, કોઇપણ ક્ષેત્ર/ વ્યવસાયમાંથી પુર્નવાલોકન સમિતિમાં સભ્યો ઉમેરી શકશે.

૧.૩ આ પુર્નવાલોકન સમિતિના બધા સભ્યોની સામાન્ય મુદત, બે વર્ષની રહેશે. સિવાય કે, કોઇ કારણથી તેઓ સભ્ય રહે નહીં. આ ખાલી પડેલી જગ્યા માટે સભ્યની જેતે ક્ષેત્રમાંથી જ પસંદગી કરવામાં આવશે અને તે, જે તે બાકી રહેતી મુદત માટે જ રહેશે.

૧.૪ પુર્નવાલોકન સમિતિ પોતાના વહીવટની કાર્યપધ્ધતિ નક્કી કરી શકશે.

૧.૫ પુર્નવાલોકન સમિતિના હાલના સભ્યો તેમની મુદત પૂરી ન થાય ત્યાં સુધી અથવા નવા સભ્યો નિમવામાં આવે તે બેમાંથી જે પછીનું હોય, ત્યાં સુધી ચાલુ રહેશે.

૧.૬ પુર્નવાલોકનની સમિતિના કાર્યો:

પુર્નવાલોકન સમિતીના કાર્યો નીચે મુજબ રહેશે.

(એ) જયારે અને જ્યાં જરુર પડે ત્યારે પુરવઠા સંહિતાનું પુર્નવાલોકન કરવું.

(બી) પુર્નવાલોકન માટેની અરજીઓ વિચારવી અને આયોગ ને તે માટે જરૂરી કારણો આપીને ભલામણો કરવી.

INDEX

(સી) પુરવઠા સંહિતાના અર્થઘટન અને અમલ માટે માર્ગદર્શક સૂચનાઓ આપવી.

(ડી) વિદ્યુત અકસ્માતોના કારણોનું પુર્નવાલોકન કરવું અને વિદ્યુત ધારા ૨૦૦૩ના વિભાગ ૧૬૧ અન્વયે વિદ્યુત નિરીક્ષક તરફથી મળેલા અહેવાલો અન્વયે જરૂરી ઊણપો અંગે ભલામણો કરવી જેથી આવા અકસ્માતો પુનઃ થતાં અટકાવી શકાય.

(ઇ) પુરવઠા સંહિતામાં સૂચવાયેલા ફેરફારો/સુધારાઓ અન્ય સંહિતાઓ, કાયદાઓ, ધારાઓ, નિયમો કે જે, જેતે સમયે ચાલુ હોય તેની સાથે સુસંગત હોય તેની ચોકસાઇ જાળવવી.

(એફ) પુરવઠા સંહિતાના સંદર્ભમાં જરૂરી વિગતવાર અભ્યાસો કરાવવા અને તેના તારણો અને ભલામણોને પુર્નવાલોકન સમિતિના સભ્યોને જાણ કરવી અને અન્ય સંબંધિત પક્ષકારોને પરિપત્ર દ્વારા જાણ કરવી.

(જી) જરુર પડે તે મુજબ અને ઓછામાં ઓછું છ મહિનામાં એક વખત, નિયમિત મિટિંગ ભરવી.

(એચ)કોઇપણ લાભાર્થી જૂથ દ્વારા રજૂ થયેલી કોઇ ચોક્કસ બાબતોને લઇને પુર્નવાલોકન સમિતિની કોઇ પેટા સમિતિની મિટિંગ રાખવી.

પુર્નવાલોકન અને સુધારાઓ :

૧.૭ વ્યકિતઓ /વપરાશકારો આ પુરવઠા સંહિતામાં ફેરફારો ઇચ્છતા હોય તો લેખિતમાં મંત્રીને આ બાબતની જાણ કરે તો તેની નકલ જીઇઆરસીને મોકલવાની રહેશે. જો આવી વિનંતી જીઇઆરસીને સીધી મોકલવામાં આવશે તો તેને પુર્નવાલોકન સમિતિના મંત્રીને મોકલવામાં આવશે, જે પછી, સંબંધિત વ્યકિતઓને અને જીઇઆરસી સૂચવે તેવા અન્ય વ્યકિતઓને સાથે રાખીને, પુરવઠા સંહિતાની જોગવાઇઓનું પુર્નવાલોકન કરશે. મંત્રી આવા સૂચિત ફેરફારો/સુધારાઓને સમિતિના બધા સભ્યોને તેમના લેખિત ટીકા ટીપ્પણ માટે યોગ્ય સમયમાં પરિપત્ર દ્વારા મોકલશે. જો જરૂરી લાગે તો, પ્રમુખ આ પુર્નવાલોકન સમિતિની મિટિંગ બોલાવશે અને આવા સૂચિત સુધારાઓ અંગે ચર્ચા કરશે. જયારે આવી પુર્નવાલોકન સમિતિને યોગ્ય લાગશે ત્યારે તે આવા સૂચનો/ભલામણો જીઇઆરસીને સૂચિત સુધારા માટે મોકલશે.

૧.૮ પુર્નવાલોકન સમિતિની દરેક મિટિંગ પછી સભ્ય સચિવશ્રી આયોગને નીચે મુજબના અહેવાલો મોકલશે.

(એ) આવા પુર્નવાલોકનના નિષ્કર્ષોનો અહેવાલ

(બી) પુરવઠા સંહિતામાં સૂચવાયેલા સુધારાઓ

(સી) ગ્રાહક / વપરાશકારો દ્વારા કરવામાં આવેલી તમામ લેખિત રજૂઆતો અને વાંધા અરજીઓ

૧.૯ સભ્ય-સચિવશ્રી આયોગને એજન્ડા અને પુર્નવાલોકન સમિતિની મિટિંગોની કાર્યનોંધ પણ મોકલશે.

INDEX

૧.૧૦ આયોગના સચિવશ્રી પાસે રાખવાની રહેતી પુરવઠા સંહિતાની સ્ટાન્ડર્ડ કોપીમાં બધા જ સુધારાઓ યોગ્ય રીતે સાંકળી લેવાના રહેશે. આવી સ્ટાન્ડર્ડ નકલમાં પુરવઠા સંહિતામાં કરવામાં આવેલા તમામ સુધારાઓની ક્રમવાર યાદી પણ બીડેલી રહેશે. આવા ગેઝેટ નોટીફિકેશનો, કે જેમાં કરાયેલા સુધારેનો સમાવેશ કરાયેલ હોય તેની, ક્રમવાર નકલો જાળવવાની રહેશે.

૧.૧૧ આયોગની વેબસાઈટ પર પુરવઠા સંહિતાની સુધારેલી નકલ પણ મુકવામાં આવશે. બધા વિતરણ પરવાનેદારો, આવી પુરવઠા સંહિતાની છેલ્લામાં છેલ્લી સુધારેલી નકલ તેમની ઓફિસમાં રાખશે અને તે વાજબી કિંમતે ખરીદી શકાય તેવી વ્યવસ્થા કરશે.

પુરવઠા સંહિતાની મર્યાદાઓ :

૧.૧૨ વિતરણ પરવાનેદારે, જ્યારે કોઈ અણ-ચિંતવ્યા સંજોગો ઉભા થાય કે આકસ્મિક સંજોગોમાં જરૂર જણાયે, પોતાની વિતરણ પરવાનેદાર તરીકેની ફરજો બજાવવા માટે નિર્ણયાત્મક રીતે વર્તવાનું રહેશે. આવા સંજોગોમાં ગ્રાહકોએ પણ વાજબી સહકાર અને સહાય વિતરણ પરવાનેદારને આપવાની રહેશે. આવી કામગીરીનો એક અહેવાલ વિતરણ પરવાનેદારે પુર્નવાલોકન સમિતિ અને આયોગને ૭૨ કલાકમાં આપવાનો રહેશે.

ગોપનિયતા :

૧.૧૩ વિતરણ પરવાનેદાર કોઈ પણ ગ્રાહક વિશે, જ્યાં સુધી કેન્દ્ર સરકાર / રાજ્ય સરકારના વિભાગ કે અન્ય કોઈ સત્તાવાર એજન્સીને કાયદા હેઠળ જરૂરી ન બને ત્યાં સુધી, માહિતી આપશે નહીં.

વિવાદોનો નિકાલ કરવાની પધ્ધતિ :

૧.૧૪ પુરવઠા સંહિતાની કોઈ જોગવાઈ બાબતે કોઈ ગ્રાહક કે વિતરણ પરવાનેદાર વચ્ચે કોઈ વિવાદ ઉભો થાય, ત્યારે આ બાબત આયોગ પાસે લઈ જવામાં આવશે અને તેમનો નિર્ણય આખરી ગણાશે.

અન્ય વિનિયમો :

૧.૧૫ આ પુરવઠા સંહિતાની જોગવાઈઓ વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો,૨૦૦૫ અને તેમાં વખતોવખત કરાયેલા સુધારા સાથે તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પુરવઠો પુરો પાડવા કરેલું ખર્ચ અને બીજું પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો, ૨૦૦૫, તેમાં વખતોવખત કરેલા સુધારા સાથે, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જામીન અનામત) વિનિયમો, ૨૦૦૫, વખતોવખત કરેલા સુધારા સાથે અને અન્ય સંબંધિત વિનિયમો અને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે જાહેર કરેલી સંહિતાઓની સાથે વાંચવાની રહેશે.

૧.૧૬ વિતરણ પરવાનેદાર આયોગને અરજી કરીને, વિનિયમોના અમલ કરવામાં પડી રહેલી કોઈપણ મુશ્કેલી નિવારવા માટે યોગ્ય હુકમ માંગી શકશે.

વિભાગ-૨

વ્યાખ્યાઓ અને અર્થઘટનો

૨.૧ જે શબ્દો, પરિભાષા અને શબ્દપ્રયોગો વિદ્યુત અધિનિયમ-૨૦૦૩ અને તેના વખતોવખતનાં સુધારામાં વ્યાખ્યાયિત થઇ હોય અને આ સંહિતામાં વપરાઇ હોય તેનો અર્થ અધિનિયમમાં અપાયો હોય અને વ્યાખ્યાયિત થયો હોય તે રહેશે. જે શબ્દપ્રયોગો અહીં વપરાયા હોય પણ અધિનિયમમાં તેની વ્યાખ્યા કરાઇ ન હોય, પણ અન્ય કોઇ સક્ષમ ધારાસભા દ્વારા પસાર થયેલા કાયદામાં વ્યાખ્યાયિત કરાયા હોય, કે જે રાજ્યનાં વિદ્યુત ઉદ્યોગને લાગુ પડતા હોય, તેનો અર્થ આવા કાયદામાં આપવામાં આવ્યો હોય તે કરવાનો રહેશે.

ઉપરની શરતોને આધિન, શબ્દપ્રયોગો અહીં વપરાયેલ હોય પરંતુ આ કાયદાઓ કે સક્ષમ ધારાસભા દ્વારા પસાર કરાયેલ અન્ય કોઇ કાયદાઓમાં સ્પષ્ટ રીતે વ્યાખ્યાયીત કરાયેલ ન હોય તેનો અર્થ સામાન્ય રીતે વિદ્યુત ઉદ્યોગને લાગુ પડતો હોય તેવો કરવાનો રહેશે.

૨.૨ સિવાય કે સંદર્ભની અન્યથા જરૂરિયાત હોય, આ સંહિતાના અર્થઘટનમાં;

(૧) એક વચન કે બહુવચનમાં વપરાયેલા શબ્દો જેમ લાગુ પડે તેમ, તે બહુવચન કે એકવચનને ક્રમશ: લાગુ પડશે.

(૨) કોઇપણ કાયદા, વિનિયમો કે માર્ગદર્શક સુચનાઓમાં તેમાં સમાવાયેલ બધા કાયદાઓની જોગવાઇઓમાં, સંઘટન, સુધારા, કે તેમાં ફેરબદલી કરવાના વિનિયમો કે માર્ગદર્શક સુચનાઓ, જે લાગુ પડે તે, તેનો સંદર્ભ અપાશે.

(૩) "સમાવવું"કે "સમાયેલું" શબ્દો "મર્યાદા વિના" કે "પણ મર્યાદીત નહીં" તેવા શબ્દ સમુહ સાથે જ ગણવામાં આવશે, ભલે તે પછી આવા શબ્દસમૂહો આ શબ્દોની પાછળ આવ્યા હોય કે નહીં.

(૪) અહીં "સંહિતા" શબ્દએ વખતો વખત આયોગ દ્વારા સુધારેલા કે વધારેલા, અને જે તે સમયે લાગુ પડતા ધારાઓના સંદર્ભમાં આ સંહિતાના અર્થમાં જ વપરાશે.

(૫) શીર્ષકો માત્ર સગવડતા માટે મુકવામાં આવ્યા છે અને તેને સંહિતાના અર્થઘટન માટે ઉપયોગમાં લેવાના નથી.

૨.૩ આ સંહિતામાં, સંદર્ભથી વિરૂધ્ધ ન હોય તો,

(૧) 'અધિનિયમ' વિદ્યુત અધિનિયમ ૨૦૦૩, અને ગુજરાત વિદ્યુત (પુનર્ગઠન અને વિનિયમ) અધિનિયમ ૨૦૦૩ અને વખતોવખત સુધારા મુજબ સાથે વંચાણમાં લેતાં, તેનો ઉલ્લેખ કરે છે.

(૨) 'કરાર' વિતરણ પરવાનેદાર અને ગ્રાહક વચ્ચે કરવામાં આવેલો કરાર, તેનો ઉલ્લેખ કરે છે.

(૩) 'અરજદાર' અધિનિયમ અને પુરવઠા સંહિતાની જોગવાઇઓ, નિયમો અને તેના હેઠળ બનાવેલ વિનિયમો અથવા અન્ય સેવાઓ મુજબ કોઇ જમીન/જગ્યા માલિક કે કબજેદાર કે જેણે વિદ્યુત પુરવઠા માટે, મંજુર વીજભાર/કરાર માંગમા વધારો કે ઘટાડો કરાવવો, નામમાં ફેરફાર, જોડાણ કાપવું અને પુન:જોડાણ કરવું અથવા કરારની સમાપ્તિ માટે વીજ પરવાનેદાર સક્ષમ અરજી પત્રક રજુ કરેલ હોય, તેનો ઉલ્લેખ કરે છે.

(૪) 'અરજી' એ જરૂરી ખર્ચની ચુકવણી અને અન્ય પાલન કામગીરી દર્શાવતાં દસ્તાવેજો સાથે વિતરણ પરવાનેદારે માંગેલા યોગ્ય ફોર્મેટમાં બધી બાબતોમાં સંપૂર્ણ રીતે ભરેલ અરજી પત્રકનો, ઉલ્લેખ કરે છે.

(૫) 'અરજી પત્રક (ફોર્મ)' એ, લાગુ પડતા ખર્ચની કોઇપણ ચુકવણી પૂર્વે વિતરણ પરવાનેદારે માંગ્યા મુજબ યોગ્ય ફોર્મેટમાં બધી બાબતોમા સંપૂર્ણ રીતે ભરેલ અરજી પત્રકનો, ઉલ્લેખ કરે છે.

(૬) 'પુરવઠાનો વિસ્તાર' વિતરણ પરવાનેદારને તેના પરવાના દ્વારા જે વિસ્તારમાં વિદ્યુત પુરવઠો પુરો પાડવાનો અધિકાર આપવામાં આવ્યો છે, તેનો ઉલ્લેખ કરે છે.

(૭) 'આકારણી અધિકારી' અધિનિયમની કલમ-૧૨૬ની જોગવાઈઓ અન્વયે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા આકારણી અધિકારી તરીકે નિયુક્ત કરેલ હોય, તેવા અધિકારી, તેનો ઉલ્લેખ કરે છે.

(૮) 'અધિકૃત અધિકારી' અધિનિયમની કલમ-૧૩૫ની જોગવાઈઓ અન્વયે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા જેને અધિકૃત અધિકારી તરીકે નિયુક્ત કરેલ હોય, તેવા અધિકારી, તેનો ઉલ્લેખ કરે છે.

(૯) 'અધિકૃત પ્રતિનિધિ' કોઈપણ વ્યક્તિ/હસ્તિના અધિકૃત પ્રતિનિધિ એટલે તેના તમામ અધિકારીઓ,કર્મચારીઓ, પ્રતિનિધિઓ કે વ્યક્તિઓ કે જે આવી વ્યક્તિઓ/હસ્તિઓ દ્વારા અપાયેલ સામાન્ય કે ચોક્કસ સત્તા હેઠળ કામગીરી બજાવતા હોય, તેનો ઉલ્લેખ કરે છે.

(૧૦) 'બિલ કરવાનો સમયગાળો' અનુક્રમિક મીટર વાંચવાના બે ગાળા વચ્ચેનો સામાન્ય સમય. તે ભલે મહિનાનો હોય કે વિતરણ પરવાનેદારે નિયત કર્યો હોય તેવો સમયગાળો હોય. છતાં, તે એકમાસ કરતાં ઓછો નહીં અને બે માસ કરતાં વધુ ન હોઈ શકે, તેનો ઉલ્લેખ કરે છે.

(૧૧) 'કેલેન્ડર વર્ષ' વર્ષનાં જાન્યુઆરીનાં પહેલા દિવસથી તે જ વર્ષનાં ડીસેમ્બરનો એકત્રીસમો દિવસ સુધીના સમયનો, ઉલ્લેખ કરે છે.

(૧૨) 'ચકાસણી-મીટર' એવું મીટર કે જે કરન્ટ ટ્રાન્સફોર્મર અને વોલ્ટેજ ટ્રાન્સફોર્મરની એક જ કોર સાથે જોડાયેલ હોય કે જેની સાથે મુખ્ય મીટર જોડાયેલું હોય અને જેનો ઉપયોગ મુખ્ય મીટર નિષ્ફળ જાય તે કેસમાં હિસાબ અને બિલ તૈયાર કરવા થાય, તેનો ઉલ્લેખ કરે છે.

(૧૩) 'વર્ગ-૧ના શહેરો' ભારતની છેલ્લી વસતિ ગણતરીમાં વ્યાખ્યા કર્યા મુજબનાં શહેરો (૧ લાખ કરતાં વધુ વસતિવાળા વિસ્તાર), તેનો ઉલ્લેખ કરે છે.

(૧૪) 'આયોગ' એટલે અધિનિયમ હેઠળ સ્થાપેલ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ.

(૧૫) 'કન્ડક્ટર' એટલે વીજળી વહન કરવા માટે વપરાતાં કોઈપણ વાયર, કેબલ, બાર, ટ્યુબ, રેલ કે પ્લેટ અને તેની ગોઠવણ એવી રીતે કરાયેલ હોય કે જેનું તંત્ર સાથે વિદ્યુતકીય જોડાણ હોય, તેનો ઉલ્લેખ કરે છે.

(૧૬) 'જોડેલો વિદ્યુતભાર' કિ.વો., કે.વી.એ., એચ.પી.માં દર્શાવાય છે. વિજ વિતરણ પરવાનેદારની ગ્રાહકની જગ્યા સાથે જોડાયેલ સર્વિસ સાથે જોડાયેલ અને એક સાથે વપરાશમાં લઈ શકાય તેમ હોય તેવા વિજવપરાશ કરતા તમામ સાધનો કે ઉપકરણોની તેના ઉત્પાદકકર્તા દ્વારા દર્શાવાયેલ, રેટેડ ક્ષમતાનો સરવાળો. આને કિ.વો. અથવા કે.વી.એ. એકમમાં દર્શાવવામાં આવશે. જો આ દર કે.વી.એ.માં દર્શાવ્યો હોય તો તેને ૦.૯ના પાવર ફેક્ટર સાથે ગુણતાં કિ.વો. એકમમાં ફેરવી શકાશે. જો આ અથવા તો અન્ય ઉપકરણ તેના ઉત્પાદક દ્વારા એચ.પી.માં દર્શાવેલ હોય તો, એચ.પી. ને ૦.૭૪૬ દ્વારા ગુણીને તેને કિ.વો. એકમમાં ફેરવવામાં આવશે, તેનો ઉલ્લેખ કરે છે.

(૧૭) 'જોડાણ બિન્દુ' એવું બિંદુ કે જ્યાં ગ્રાહકનાં સ્થાપન અને/અથવા ઉપકરણો વિતરણ પરવાનેદારની વિતરણ વ્યવસ્થા સાથે જોડવામાં આવેલ હોય, તેનો ઉલ્લેખ કરે છે.

(૧૮) 'ગ્રાહક' કોઈ પણ વ્યક્તિ કે, જેને વિદ્યુત અધિનિયમ-૨૦૦૩ હેઠળ, પરવાનેદાર અથવા સરકાર અથવા સમયગાળા માટે અમલી એવા અન્ય કાયદા હેઠળ, પોતાના ઉપયોગ માટે અથવા પ્રજાને વિદ્યુત પૂરી પાડવાના ધંધામાં રોકાયેલી હોય તેવી વ્યક્તિ દ્વારા, વિદ્યુત પૂરી પાડવામાં આવતી હોય, અને તેવી વ્યક્તિઓનો પણ સમાવેશ કરવામાં આવે છે જેઓની જગ્યામાં સમયગાળા માટે પરવાનેદાર અથવા સરકાર અથવા તો તેવી અન્ય વ્યક્તિ દ્વારા વિદ્યુત જોડાણ આપવામાં આવ્યું હોય, તેનો ઉલ્લેખ કરે છે.

ગ્રાહક નીચે મુજબ નિર્દિષ્ટ કરેલ છે.

I. 'હળવા (નીચા) દબાણવાળા ગ્રાહક' (એલ.ટી. ગ્રાહક) નિચા કે મધ્યમ વીજદબાણે (વોલ્ટેજે) પરવાનેદાર પાસેથી વીજ પુરવઠો મેળવતો હોય તે.

II. 'ભારે (ઉચ્ચ) દબાણવાળા ગ્રાહક' (એચ.ટી. ગ્રાહક) ઉંચા વીજદબાણે (વોલ્ટેજે) પરવાનેદાર પાસેથી વીજ પુરવઠો મેળવતો હોય તે.

III. 'અતિભારે (અતિ ઉચ્ચ) દબાણવાળા ગ્રાહક' (ઇ.એચ.ટી. ગ્રાહક) જે અતિ ઉંચા વીજદબાણે (વોલ્ટેજે) પરવાનેદાર પાસેથી વીજપુરવઠો મેળવતો હોય તે.

(૧૯) "ગ્રાહક સ્થાપન" કે "ગ્રાહકનું સ્થાપન": વીજ પુરવઠાના બિન્દુથી શરૂ કરીને ગ્રાહકની જગ્યા પર ઉપલબ્ધ ઉપકરણો સહિત, ગ્રાહક દ્વારા અથવા તેમના વતી વાયરો, ફિટીંગ્સ, મોટર્સ અને ઉપકરણો ઉભા કર્યા હોય અને વાયરીંગ કર્યા હોય તેવા અસ્થાયી/સ્થાયી સમિશ્ર વીજળી એકમોનો ઉલ્લેખ કરે છે અને જે સ્થાપન સાથે જોડાયેલ હોય અથવા જોડાણ કરવા વિચારાયેલ હોય પરંતુ હાલમાં જોડાણ ન કરાયેલ હોય, તેનો સમાવેશ કરે છે.

(૨૦) 'કરારીત માંગ/ મંજૂર વીજભાર/ કરારીત વીજભાર' એવી મહત્તમ માંગ કે જે કિ.વો./કે.વી.એ./એચ.પી. માં પરવાનેદાર પુરી પાડવા સંમત હોય અને પરવાનેદાર અને ગ્રાહક વચ્ચેનાં કરારમાં તે નક્કી કરેલ હોય, જ્યાં કરારમાં કે.વી.એ. લખ્યાં હોય ત્યાં તેના કિ.વો. કરવા માટે પાવર ફેક્ટરના ૦.૯ ગુણાંક સાથે ગુણવાના રહેશે. કરારમાં પુરવઠો એચ.પી.માં નિયત કરેલ હોય તો, એચ.પી. ને ૦.૭૪૬ દ્વારા ગુણાકાર કરીને કિ.વો. માં રૂપાંતરીત કરાશે, તેનો ઉલ્લેખ કરે છે.

(૨૧) 'કટ આઉટ' કોઇ પણ એવા ઉપકરણ કે સાધન કે જે વીજ પ્રવાહ પૂર્વ નિર્ધારિત જથ્થા કરતાં વધી જાય ત્યારે કોઇપણ કન્ડકટર મારફત વીજપ્રવાહના વહનમાં આપોઆપ અવરોધ ઉભો કરે અને તેમાં ફ્યુઝપાત્ર ઉપકરણોનો પણ સમાવેશ થશે, તેનો ઉલ્લેખ કરે છે.

(૨૨) "વીજપૂરવઠો શરૂ કરવાની તારીખ": એવી તારીખે કે પરવાનેદાર ગ્રાહકના સ્થાપનને વિતરણનાં મેઇન્સ સાથે જોડાણ કરીને વિજયુક્ત કરવામાં આવે,તેનો ઉલ્લેખ કરે છે.

(૨૩) બિલના ગાળા માટેની માંગણી કિંમત: એવી કિંમત કે જે કરાર/મંજૂર/જોડાણ કરેલ વીજભાર કે અધિકતમ માંગ (આ સંહિતાની વ્યાખ્યા નં.(૪૬) ના સંદર્ભ) ને આધારે ગ્રાહક પાસેથી વસુલ કરાતી હોય અને તે આયોગ દ્વારા મંજૂર કરાયેલ પ્રશુલ્ક આદેશમાં કરાવેલ પધ્ધતિ અનુસાર ગણવામાં આવશે, તેનો ઉલ્લેખ કરે છે.

(૨૪) 'જોડાણ કાપવું' વપરાશકાર કે ગ્રાહકને વિજતંત્રથી વાસ્તવિક રીતે અલગ કરવું,

(૨૫) 'વિતરણ મેઇન્સ' કોઇ મેઇનનો એવો ભાગ કે જેની સાથે સર્વિસ લાઇન તરત જ જોડવામાં આવેલ હોય કે તે પ્રમાણે ઇચ્છેલ હોય, તેનો ઉલ્લેખ કરેલ છે.

(૨૬) 'વિતરણ પરવાનેદાર' અધિનિયમની કલમ-૧૪ અન્વયે એવી વ્યક્તિનો ઉલ્લેખ કરે છે જેને પોતાના પુરવઠા વિસ્તારમાં ગ્રાહકોને વીજળી પૂરી પાડવા વિતરણ વ્યવસ્થાના સંચાલન અને જાળવણી કરવા માટે અધિકૃત પરવાનો આપવામાં આવ્યો હોય.

(૨૭) 'વિતરણ વ્યવસ્થા' પ્રવહન લાઇનો અથવા વીજ ઉત્પાદન મથકના જોડાણો પરનાં ડિલિવરી બિંદુઓ અને ગ્રાહકોના વીજસ્થાપન સાથેના જોડાણ બિંદુ વચ્ચે વાયરો અને સંયોજીત સુવિધાઓની વ્યવસ્થાનો ઉલ્લેખ કરે છે. સ્પષ્ટીકરણ: ૩૩(કે.વી.) અને તેથી નીચેની ડિઝાઇનના વીજદબાણ ધરાવતી લાઇનો, ભૂગર્ભ કેબલો, સર્વિસ લાઇનો, વીજળી પ્લાન્ટ, કંટ્રોલ સ્વિચ ગિયર અને મીટરોનો સમાવેશ કરતી કોઇપણ વ્યવસ્થા અને તેમાં આયોગ ખાસ કરીને માન્ય કરે તે પ્રમાણે ઉંચા વીજદબાણની અન્ય વ્યવસ્થાનો સમાવેશ થાય છે. વિતરણ સિસ્ટમમાં ગ્રાહકના છેડે જોડાણ કરેલ અને અતિ ઉચ્ચ વીજદબાણના (૬૬ કે.વી. અને તેથી વધુ) ગ્રાહકોને વીજળી પૂરી પાડવા વપરાતા ટર્મિનલ ઉપકરણો (મીટરીંગ સિસ્ટમ, CT, PT) સિવાયની પ્રવહન વ્યવસ્થાના કોઇપણ ભાગનો સમાવેશ થતો નથી.

(૨૮) 'અર્થ કરેલું' માટીના સામાન્ય જથ્થા સાથે એવી રીતે જોડાયેલ હોય કે તુરંત વીજળીનો અવરહિત નિકાલ હરહંમેશ સુનિશ્ચિત કરાય, તેનો ઉલ્લેખ કરે છે.

(૨૯) 'વીજળિક લાઈન' કોઈપણ હેતુસર વીજળી વહન માટે વપરાતી કોઈપણ લાઈન, જેમાં સમાવિષ્ટ છે:

I. આવી કોઈ લાઈન માટે કોઈ આધાર, એટલે કે, અંદર ઉપર થકી કે બાજુએથી કોઈપણ સંરચના, ટાવર, થાંભલો કે અન્ય વસ્તુ થકી આવી કોઈ લાઈનને ટેકવી હોય, આગળ લઈ જવાઈ હોય કે લટકાવેલ હોય અને

II. વીજળી વહનના હેતુસર આવી કોઈ લાઈન સાથે જોડેલ કોઈપણ ઉપકરણ

(૩૦) 'વિદ્યુત નિરીક્ષક' અધિનિયમ ૨૦૦૩ના વિભાગ ૧૬૨ના પેટા વિભાગ (૧) હેઠળ યોગ્ય સરકાર દ્વારા નિમાયેલી વ્યક્તિ, જેમાં મુખ્ય વિદ્યુત નિરીક્ષકનો પણ સમાવેશ થાય છે, તેનો ઉલ્લેખ કરે છે.

(૩૧) 'વીજ-ખર્ચ (એનર્જી ચાર્જ)' પૂરી પાડેલી વીજળીના જથ્થાને આધારે ગ્રાહક પર નાખેલ ખર્ચ પ્રશુલ્ક અનુસૂચિ મુજબ કે.વી.એચ. કે કે.વી.એ.એચ. એકમમાં દર્શાવેલ કે જેમાં બળતણ સરચાર્જ અને વપરાશ સમય આધારિત ચાર્જનો સમાવેશ થાય છે.

(૩૨) 'અતિ ભારે (ઉચ્ચ) દબાણ' ૬૬ કે.વી. સમતુલ્ય અને તે કરતાં વધુ એવું વીજદબાણ, તેનો ઉલ્લેખ કરે છે.

(૩૩) 'નાણાકીય વર્ષ' અંગ્રેજી કેલેન્ડર વર્ષમાં પહેલી એપ્રિલથી શરૂ કરીને આગામી વર્ષના માર્ચની એકત્રીસ તારીખે પુરો થતો સમય, તેનો ઉલ્લેખ કરે છે.

(૩૪) 'ફીડર' જેની સાથે વિતરણ પેટા મથક કે એલ.ટી., એચ.ટી. અને ઇ.એચ.ટી. ગ્રાહકોનું જોડાણ કરાયું હોય અને તે પેટા-મથકથી નીકળતી હોય તેવી એલ.ટી., એચ.ટી. અને ઇ.એચ.ટી. લાઈનોનો ઉલ્લેખ કરે છે.

(૩૫) 'ઉત્પાદક કંપનીઓ' કોઈ પણ કંપની કે કોર્પોરેટ સંસ્થા કે મંડળી કે વ્યક્તિઓનું જુથ, તે નોંધાયેલ હોય કે નહીં, કે કાયદેસરની વ્યક્તિ જે માલિક હોય કે ઉત્પાદક સ્ટેશન ધરાવતો હોય, ચલાવતો હોય, તેનો ઉલ્લેખ કરે છે.

(૩૬) જીઈઆરસી 'ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ', નો ઉલ્લેખ કરે છે.

(૩૭) 'ભારે (ઉચ્ચ) દબાણ' ૪૪૦ વોલ્ટ કરતાં વધુ અને ૬૬ કે.વી. કરતાં ઓછું હોય તેવું વીજ દબાણ, તેનો ઉલ્લેખ કરે છે.

(૩૮) 'ભારતીય માનક' ભારતીય માનક સંસ્થા દ્વારા માન્ય પ્રમાણો અને વિશેષ વિગતો, નો ઉલ્લેખ કરે છે.

(૩૯) 'સ્વતંત્ર ફીડર' એક જ ગ્રાહકને વીજ પુરવઠો પુરો પાડતા ફીડરનો ઉલ્લેખ કરે છે.

(૪૦) 'આંતર જોડાણ': આનો અર્થ પેટા ખંડ ૨.૩(૧૭) માં 'જોડાણ બિન્દુ' માટે આપેલી વ્યાખ્યા મુજબનો જ થાય છે.

(૪૧) 'પરવાનો' એટલે અધિનિયમની કલમ-૧૪ જોગવાઈઓ હેઠળ માન્ય કરવામાં આવેલો પરવાનો.

(૪૨) 'પરવાનો આપેલ વીજળી-કોન્ટ્રાકટર' એટલે કેન્દ્રીય વિદ્યુત પ્રાધિકરણ (સલામતી અને વીજ પુરવઠાને લગતાં પગલાં) વિનિયમો, ૨૦૧૦ની કલમ-૨૯ અન્વયે પરવાનો અપાયેલ વીજળી-કોન્ટ્રાકટર

INDEX

(૪૩) 'લોડ ફેક્ટર'એ નિયત કરેલ સમયગાળામાં વપરાયેલ યુનિટની કુલ સંખ્યાનો તે જ સમયગાળા માટે વીજભાર જાળવ્યો હોય તે સ્થિતિમાં વપરાયેલ યુનિટની કુલ સંખ્યા સાથેનો ગુણોત્તર છે અને તે સામાન્ય રીતે નીચે મુજબ ટકાવારીમાં વ્યક્ત કરાશે. લોડ ફેક્ટર %= (નિયત સમયગાળામાં વપરાયેલ ખરેખર યુનિટ x ૧૦૦)/(કિ.વો. માં કરાર વીજભાર x સમયગાળામાં કલાકની સંખ્યા)

(૪૪) 'નીચું (નિમ્ન) દબાણ કે લોવોલ્ટેજ' જે વીજદબાણ ૪૪૦ વોલ્ટ કરતાં ઓછું હોય, તેનો ઉલ્લેખ કરે છે.

(૪૫) 'મેઇન્સ' એટલે કોઈ વિદ્યુત પુરવઠા લાઈન જે દ્વારા વિદ્યુત પૂરી પાડવાની કે તે હેતુ માટેની લાઈન.

(૪૬) 'મહત્તમ માંગ' કિ.વો. કે કે.વી.એ.માં દર્શાવેલી મહત્તમ માંગ, જે લાગુ પડતું હોય, તેનો અર્થ ક્રમિક ૩૦-૧૫ મિનિટ (જે પ્રકારનું મીટર વાપરવામાં આવ્યું હોય તેના આધારે) ગાળા દરમ્યાન મહત્તમ વપરાશ થયેલા કી.વો/કે.વી.એ.ની સરેરાશ કે જ્યાં મહત્તમ માંગનું વાંચન કી.વો/કે.વી.એ. માં સીધુ જ થઈ શકે તેવી લાક્ષણિકતાવાળું મીટર મુકવામાં આવેલ હોય.

(૪૭) 'મીટર' એવું સાધન કે જે વીજળીનો જથ્થો માપવા, દર્શાવવા અને નોંધવા, વીજળી કિ.વો.એચ. કે કે.વી.એ.એચ.માં, અધિકતમ માંગ કિ.વો. કે કે.વી.એ.માં, રિએક્ટિવ વીજળી કે.વી.એ.આર.એચ.માં વગેરે અને જેમાં કરંટ ટ્રાન્સફોર્મર, વોલ્ટેજ ટ્રાન્સફોર્મર/પોટેન્શિયલ ટ્રાન્સફોર્મર/ કેપેસીટર વોલ્ટેજ ટ્રાન્સફોર્મર વગેરે આવા મીટર સાથેના જોડાણમાં વપરાયેલ હોય તેનો સમાવેશ થાય છે તેનો ઉલ્લેખ કરે છે.

(૪૮) 'માસ' કેલેન્ડરમાં દર્શાવેલ મહિનો, સિવાય કે કોઈ બીજી રીતે દર્શાવવામાં આવ્યો હોય, એ સમયગાળો કે જે કોઈ એક માસની કોઈ એક નિયત કરેલી તારીખથી બીજા મહિનાની તે તારીખ સુધીનો ગાળો (એવો સમયગાળો કે જે આશરે ૩૦ દિવસને સમાન હોય).

(૪૯) 'કબજેદાર' એટલે જ્યાં વીજળી વપરાતી હોય અથવા વાપરવા વિચાર્યું હોય તે જગ્યાનો કબ્જો ધરાવનાર માલિક કે વ્યક્તિ, તેનો ઉલ્લેખ કરે છે.

(૫૦) 'ઓવરહેડ લાઈન' એટલે કોઈપણ વીજળી પુરવઠા લાઈન જે જમીન ઉપરથી અને ખુલ્લી હવામાં પસાર થતી હોય, પરંતુ તેમાં ટ્રેકશન સિસ્ટમની લાઈવ રેલ્વેનો સમાવેશ ન થતો હોય, તેનો ઉલ્લેખ કરે છે.

(૫૧) 'વ્યક્તિ' કોઈ વ્યક્તિ, કંપની, કે સંસ્થા કે મંડળી કે વ્યક્તિઓનું જુથ જે નોંધાયેલું હોય કે નોંધાયેલું ન હોય, અથવા કાયદેસરની અધિકૃત વ્યક્તિ, તેનો ઉલ્લેખ કરે છે.

(૫૨) 'પુરવઠા બિન્દુ' પરસ્પર સમજુતીથી નક્કી થયેલ ન હોય તેવા કિસ્સામાં ગ્રાહકના ફ્યુઝ કટ આઉટના આવક બિન્દુ, એટલે કે એલ.ટી. ગ્રાહકોના કિસ્સામાં ગ્રાહકની જગ્યા પર લગાવાયેલા મીટર/સ્વીચ; ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર પર મીટર મૂકેલ હોય તેવા કિસ્સામાં ટ્રાન્સફોર્મર સેન્ટર/પેટા-મથક પર લગાવેલ ડીસ્ટ્રીબ્યુશન બોક્સ. એચ.ટી/ઇ.એચ.ટી ગ્રાહકોના કિસ્સામાં આ સંહિતાના જોગવાઈઓ અનુસાર ગ્રાહકની જગ્યા પરના સ્થાપન પર લગાવેલ કંટ્રોલ સ્વીચ ગીયર

(૫૩) 'પાવર ફેક્ટર' એટલે AC વીજ સર્કીટમાં (વીજદબાણ) વોલ્ટેજ અને કરંટ વેક્ટરો વચ્ચે વીજળિક ખુણાનો કોસાઈન, તેનો ઉલ્લેખ કરે છે.

(૫૪) 'જગ્યા' જેમાં જમીન, મકાન કે બાંધકામ અથવા ભાગ કે તેનાં સંયોજનો, જેના માટે વીજપુરવઠા પુરો પાડવા માટે પરવાનેદારે કરેલ અલગ મીટર કે મીટર વ્યવસ્થા કરેલ હોય તેનો સમાવેશ થાય છે. ખેતીવાડી જોડાણની બાબતમાં, જગ્યા એટલે પાણીના સ્ત્રોત કે જેના માટે પરવાનેદારે વિજપુરવઠો અથવા જોડાણ આપેલ હોય અથવા આપવાનો ઇરાદો રાખેલ હોય.

(૫૫) 'ગ્રામીણ વિસ્તારો' એટલે ગુજરાત ગ્રામ પંચાયત અધિનિયમમાં વ્યાખ્યા કરાયા પ્રમાણે ગ્રામ પંચાયતોની અંદર આવરી લીધેલા વિસ્તારો.

(૫૬) 'સર્વિસ લાઈન' એટલે વિદ્યુત પૂરી પાડવાના હેતુસર લગાવવામાં આવેલી પુરવઠા લાઈન કે જેમાંથી ;

(એ) એક ગ્રાહકને ડિસ્ટ્રીબ્યુશન મેઈનમાંથી કે વિતરણ પરવાનેદારની જગ્યામાંથી તરત જ જોડાણ આપેલું હોય, અથવા

(બી) ગ્રાહકોના જૂથને એક જ જગ્યા એ કે લગતની જગ્યાએ વિતરણ મેઈનના એક જ બિન્દુમાંથી જોડાણ આપવામાં આવ્યું હોય.

(૫૭) 'શેરી' એટલે કોઈ પણ રસ્તો, પથ, ગલી, નેળિયું, ચોક, ચાર રસ્તા, પછી તે હલનચલનનો માર્ગ કે ખુલ્લી જગ્યા જે આરપાર જતી હોય કે ન જતી હોય, જેના પર જાહેર જનતાને જવા-આવવાનો હક હોય અને રસ્તાઓ કે ફુટપાથ કે જાહેરપુલ કે કોઝવે, તેનો ઉલ્લેખ કરે છે.

(૫૮) 'પેટામથક' એટલે પરિવર્તન માટે કે ફેરબદલી માટે, વિદ્યુતને વિતરણ માટે કે પરિવર્તન માટે સ્થાપેલું મથક, જેમાં પરિવર્તક (ટ્રાન્સફોર્મર) કન્વર્ટર્સ, સ્વિચગિયર્સ, કેપેસીટર્સ, સીન્ક્રોનસ કન્ડેન્સર્સ, રચનાત્મક કેબલ અને અન્ય આનુષંગિક સાધનસામગ્રી અને કોઈપણ મકાનો કે જે આ હેતુ માટે વપરાતા હોય તે અને તેની જગ્યા.

(૫૯) 'પુરવઠો' વિદ્યુતના સંદર્ભમાં પરવાનેદાર કે ગ્રાહકને વેચાતી આપવામાં આવતી વિદ્યુત, તેનો ઉલ્લેખ કરે છે.

(૬૦) 'પુરવઠા સંહિતા પુર્નવાલોકન સમિતિ' કલમ ૧.૧ હેઠળ નિમાયેલી સમિતિ

(૬૧) 'પ્રશુલ્ક આદેશ' પરવાનેદારના સંબંધમાં વીજળી અને સેવાઓ પૂરી પાડવા પરવાનેદારે વિવિધ વર્ગના ગ્રાહકો પાસેથી વસુલ કરવાનો દર દર્શાવતા આયોગે પ્રસિધ્ધ કરેલ સૌથી તાજેતરનાં આદેશનો ઉલ્લેખ કરે છે.

(૬૨) 'પ્રશુલ્ક અનુસૂચિ' તે પરવાનેદાર માટે પ્રશુલ્ક આદેશની જોગવાઈઓ અનુસાર પરવાનેદારે ઠરવ્યૂ કરેલ વીજળી અને સેવાઓ પૂરી પાડવાની સૌથી તાજેતરની ખર્ચની અનુસૂચિનો, ઉલ્લેખ કરે છે.

(૬૩) 'ચોરી' એટલે અધિનિયમની કલમ-૧૩૫ માં વ્યાખ્યા કર્યા પ્રમાણે વીજળીની ચોરી.

(૬૪) 'પ્રવહન (ટ્રાન્સમિશન) પરવાનેદાર' પરવાનેદાર જેને અધિનિયમની કલમ-૧૪ હેઠળ પ્રવહન લાઈન સ્થાપવા કે ચલાવવાનો અધિકાર આપવામાં આવ્યો હોય.

(૬૫) 'પ્રવહન વ્યવસ્થા (ટ્રાન્સમિશન સિસ્ટમ)' એટલે એક વીજમથકથી પેટા-મથક અથવા અન્ય વીજમથક સુધી અથવા પેટા-મથકો વચ્ચે અથવા કોઈપણ બહારની આંતર-જોડાણ સાધન સામગ્રીથી વિતરણ વ્યવસ્થા સાથેના આંતર-જોડાણ સુધી વીજળી પ્રવહનના હેતુ માટે પ્રવહન પરવાનેદારની માલિકીની અને/અથવા તેના દ્વારા સંચાલિત (જનરેટર આંતર-જોડાણ સુવિધાઓ સિવાયની) અતિ ઉચ્ચ વીજદબાણની વીજળી લાઈનોનો સમાવેશ કરતી વ્યવસ્થા, જેમાં પ્રવહન પરવાનેદારની માલિકીના કે તેમના દ્વારા વપરાતાં પ્લાન્ટ અને ઉપકરણો અને મીટરોનો સમાવેશ થાય છે, પરંતુ તેમાં પરવાનેદાર/પરવાનેદારની વિતરણ વ્યવસ્થામાં કોઈપણ વિતરણ વ્યવસ્થાનાં કોઈપણ ભાગનો સમાવેશ થતો નથી.

(૬૬) 'શહેરી વિસ્તારો' એટલે વિવિધ શહેરી વિકાસ સત્તામંડળો, કેન્ટોનમેન્ટ સત્તામંડળો અને ઔદ્યોગિક વસાહતો કે નગર વસાહતો હેઠળ આવતાં વિસ્તારો સહિત મહાનગરપાલિકા અને અન્ય નગરપાલિકાઓ દ્વારા આવરી લીધેલ વિસ્તાર, પરંતુ તેમાં વર્ગ-૧નાં શહેરો હેઠળ આવરી લીધેલ વિસ્તારોનો સમાવેશ થતો નથી.

(૬૭) 'વપરાશકાર' એટલે કોઈ વ્યક્તિ જેની પાસે વિદ્યુત ઈન્ટરફેસ હોય અથવા કે જેને આ સંહિતા લાગુ પડે છે તેની વિતરણ પરવાનેદારની વિતરણ વ્યવસ્થા વાપરતો હોય, તેનો ઉલ્લેખ કરે છે.

વિભાગ-૩

પુરવઠા પધ્ધતિ અને ગ્રાહકોનુ વર્ગીકરણ

પુરવઠાની પધ્ધતિ :

૩.૧ વિતરણ પરવાનેદારે, કેન્દ્રિય વીજળી નિયંત્રણ આયોગ (ભારતીય વીજળી ગ્રિડ સંહિતા) વિનિયમો, ૨૦૧૦ અને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગુજરાત વીજળી ગ્રિડ સંહિતા), વિનિયમો, ૨૦૧૩ અને તેના સુધારા પ્રમાણે, નિર્દિષ્ટ આવર્તન (ફ્રીકવન્સી) બેન્ડની અંદર વિદ્યુત પ્રવાહ પૂરો પાડવાનો રહેશે. પુરવઠાના પ્રારંભ સમયે, ગ્રાહકની લેખિત સંમતિ કે આયોગની પૂર્વ મંજૂરી વિના પુરવઠાકાર, કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણે વખતોવખત નિર્દિષ્ટ કરેલી મર્યાદા કરતાં જાહેર કરેલ વીજદબાણમાં વધુ ફેરફાર કરવાની પરવાનગી આપશે નહીં.

૩.૨ એ.સી.પુરવઠાનો પ્રમાણિત વીજદબાણ (વોલ્ટેજ) નીચે મુજબ રહેશે:

વર્ગ	પુરવઠા પધ્ધતિ
એકંદરે ૨ એચ.પી. કરતાં વધુ નહીં તેવા સિંચાઈ પંપ સિવાયના ચાલક વીજભારને આધીન રહીને, ૬ કિ.વો. સુધીના જોડાણ વીજભાર સુધી તમામ સ્થાપનો માટે	૨૩૦-વોલ્ટ-સિંગલ ફેઝ
૬ કિ.વો. જોડાણ વીજભારથી વધુ (૨ એચ.પી.થી વધુ અને ૧૫૦ એચ.પી. સુધીનો એકંદર ચાલક વીજભાર) અને કરાર માંગના ૧૦૦ કે.વી.એ./કિ.વો. સુધીના તમામ સ્થાપનો માટે.	૪૦૦-વોલ્ટ-થ્રી ફેઝ
૧૦૦ કે.વી.એ./કિ.વો. કરતાં વધુ અને ૪૦૦૦ કે.વી.એ./કિ.વો. સુધી કરાર માંગનાં સ્થાપનો માટે. આમ છતાં, ૨૨ કે.વી.ના હાલના ગ્રાહક માટે, કરાર માંગ મર્યાદા ૮૦૦૦ કે.વી.એ./કિ.વો. સુધી વધારાશે. પરંતુ જો વ્યવસ્થા ૧૧ કેવી માં રૂપાંતરીત કરવામાં આવે તો ગ્રાહકે ૪૦૦૦ કે.વી.એ./કી.વો.માં પરત ફરવાની બાંહેધરી આપવી પડશે.	૧૧ કે.વી./૨૨કે.વી. થ્રી-ફેઝ
૪૦૦૦ કે.વી.એ./કિ.વો. કરતાં વધુ કરાર માંગ સાથેના તમામ સ્થાપનો માટે.	૩૩ કે.વી. અને તેથી વધુ- થ્રી-ફેઝ

ગ્રાહક જો ઇચ્છે તો કરારીત વિજભાર નિર્દિષ્ટ મર્યાદા કરતા ઓછો હોય તો પણ, ઉંચા ધોરણોનો પણ પુરવઠો મેળવવાનું પસંદ કરી શકે છે.

હાલના ગ્રાહકો, જે નીચા દબાણે ઊર્જા મેળવતા હોય, જો તે વધારાની જરૂરિયાતના કારણે વીજભારની મર્યાદા વટાવી જતાં હોય, તેવા કિસ્સાઓમાં, પરવાનેદાર શક્ય હોય ત્યાં સુધી, ગ્રાહકોને વ્યાવસાયિક રીતે પોષણક્ષમ દરખાસ્ત આપી શકશે જેથી ગ્રાહક પોતાની જરૂરિયાતના પછીના ક્રમમાં આવતા ભારે વીજદબાણનો વિકલ્પ લઈ શકે. આવી વાણિજ્યક દરખાસ્ત નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને બનાવવાની રહેશે.

(એ) પ્રવહન અને વિતરણની ખોટમાં આવનારી ઘટ

(બી) પરવાનેદારની વ્યવસ્થાનાં ટ્રાન્સફોર્મર્સમાં વીજભાર ઘટાડો અને નવી જરૂરિયાતોને પહોંચી વળવા માટેની તેઓની ઉપલબ્ધતા.

અલબત્ત, હાલના ગ્રાહકોને જે ઉપર દર્શાવેલ મર્યાદા કરતાં નીચેના વીજદબાણથી પુરવઠો અપાઇ રહ્યો હોય તેમને હાલની પુરવઠા વ્યવસ્થા ચાલુ રાખવાની છૂટ છે અને જો તેમની વીજભારની જરૂરિયાત વધે તે કેસમાં ઉપર જણાવેલી વીજભાર મર્યાદા લાગુ પડશે.

૩.૩ પરવાનેદાર, વિતરણ વ્યવસ્થાની ટેકનિકલ સ્થિતિ પર આધાર રાખીને આ સંહિતાના ખંડ ૩.૨માં પુરવઠા વર્ગીકરણનાં વોલ્ટેજ અને ફેઝ સિવાયના માટે આયોગની મંજૂરીને આધીન રહીને પુરવઠો પૂરો પાડી શકશે.

પાવર ફેક્ટર

૩.૪ જે ગ્રાહકો થ્રી-ફેઝ દ્વારા પુરવઠો મેળવતા હોય તેમણે પોતાના સ્થાપનોનો પાવર ફેક્ટર ૯૦% થી ઓછો ન હોય તે જોવાની કાળજી લેવાની રહેશે. વિતરણ પરવાનેદાર જે ગ્રાહકોને ૨ કિ.વો. કે તેથી વધુના ચાલકબળ વિજભારની જરૂર હોય તેના સ્થાપનોમાં જરૂરી અને પૂરતો પાવર ફેક્ટર જાળવાઈ રહે તે માટેનું સાધન જેવું કે શંટ કેપેસીટર નાંખ્યું ન હોય, તો, તેનો પુરવઠો ચાલુ કરશે નહીં.

૩.૫ જે ગ્રાહકોને પોતાના ચાલકબળ માટે પુરવઠો જોઈતો હોય તેમણે પોતાનું શંટ કેપેસીટર (ભારતીય માનક પ્રમાણેનું) પુરતા રેટીંગવાળું અને સ્વખર્ચે લગાવવાનું રહેશે. તે આ સાધન વિતરણ પરવાનેદાર દ્વારા તપાસાયા પછી સ્થાપન કરશે અને તે માટે વિતરણ પરવાનેદારને જરૂરી તપાસ ફી ચૂકવશે. ગ્રાહક, વિતરણ પરવાનેદારને પોતાના સ્થાપનો માટે જરૂરી ક્ષમતાવાળુ શંટ કેપેસીટર લગાડવા વૈકલ્પિક વિનંતી કરી શકશે અને જરૂરી ખર્ચ વિતરણ પરવાનેદારને આપે, તો વિતરણ પરવાનેદાર જો પોતાની પાસે હોય તો એવું શંટ કેપેસીટર લગાવી આપશે.વિતરણ પરવાનેદાર, ગ્રાહક પાસેથી માંગણી આવે તો, શંટ કેપેસીટરનું રેટિંગ, અને વિતરણ પરવાનેદારે બનાવેલી વિક્રેતાઓની પસંદગીની યાદી પણ આપી શકશે.

૩.૬ જરૂર મુજબની ક્ષમતાવાળું કેપેસીટર ન મુકવાના કારણે જો તેનો વીજપુરવઠો બંધ કરી દેવામાં આવે અને જો વિતરણ પરવાનેદારે ગ્રાહકને જરૂરી નોટિસ આપી હોય અને અન્યથા તે ગ્રાહકને વીજજોડાણ આપવા તૈયાર હોય તો ગ્રાહક લઘુતમ ખર્ચ આપવાની તેની જવાબદારીમાંથી છટકી શકશે નહીં,

૩.૭ વિતરણ પરવાનેદારે ગ્રાહક/અરજદારના ખર્ચે લગાવી આપેલું શંટ કેપેસીટરએ ગ્રાહક કે અરજદારની માલિકીનું બની જાય છે અને તેના નિભાવ મરામતની જવાબદારી તેમની રહેશે. જો આવુ કેપેસીટર લગાવ્યા પછી બગડી જાય કે ગુમ થઈ જાય તો ગ્રાહકને તે સ્વખર્ચે બદલી આપવાનું રહેશે અથવા વિતરણ પરવાનેદાર પોતાની પાસે ઉપલબ્ધ હોયતો, ગ્રાહકના ખર્ચે પુરૂં પાડશે. આ બાબત એવા ગ્રાહકોને પણ લાગુ પડશે જેને વધારાનો વીજપુરવઠો જોઈતો હોય અને જ્યાં તેમનો ચાલક વીજભાર ૨ કિ.વો. કે તેથી વધતો હોય.

૩.૮ જ્યાં થ્રી-ફેઝ સ્થાપનો હોય અને ચાલકબળ સ્થાપનો ૨ કિ.વો. કે તેથી વધુ હોય, અને જ્યાં સરેરાશ પાવર ફેક્ટર ૯૦% કરતાં ઓછો માલુમ પડે ત્યાં, વિતરણ પરવાનેદાર કેપેસીટરને સુધારવા માટે પ્રવર્તમાન ધારા, નિયમો અને વિનિયમોને આધિન ૧૦ દિવસની મુદતની નોટિસ આપીને વિદ્યુત પુરવઠો આપવા અસંમત થશે કે જોડાણ કાપી નાખી શકશે.

વિતરણ પરવાનેદારની વ્યવસ્થાને સમાન્તર કાર્યવાહી

૩.૯ જો ગ્રાહક પોતાની જગ્યામાં કોઈ જનરેટિંગ સેટ લગાવવા ઈચ્છતા હોય, અને તે વિતરણ પરવાનેદારની પુરવઠા લાઈન સાથે જોડાણ આપવાનો હોય તો તેમણે આવા સેટની ટેકનિકલ અને કામગીરીની વિગતો સાથે વિતરણ પરવાનેદાર સાથે સંકલન કરવાનું રહેશે ઉપરાંત આવા ગ્રાહકે મુખ્ય વિદ્યુત નિરીક્ષક સહિત અન્ય સંબંધિત સત્તાઓની પરવાનગી લેવી જરૂરી રહેશે જે આવા જનરેટીંગ સેટ ઉભા કરતા પહેલાં કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ (સલામતી અને વીજળી પુરવઠા અંગેના પગલાં), વિનિયમો, ૨૦૧૦ અને તેના વખતોવખતનાં સુધારા મુજબના, અને ગુજરાત સરકારના જાહેરનામા નં.GU/૮૫/CEI/૧૧-૨૦૧૨/૪૧૪૦/K, તા. ૧૦/૦૩/૨૦૧૨ અને જે વખતોવખત અમલમાં હોય તે મુજબની હોવી જોઈશે.

ગ્રાહકોનું વર્ગીકરણ

૩.૧૦આયોગ વખતો વખત મંજુર રાખે તે મુજબ પ્રશુલ્ક વર્ગીકરણ બનાવીને ગ્રાહકોની યાદીઓનું વર્ગીકરણ અને પુનઃવર્ગીકરણ કરશે, અને તેવા અલગ અલગ પ્રકારના દરની જાહેરાત કરશે, જે પહેલા આયોગ પાસે મંજુર કરાવેલી હશે. આયોગે મંજુર ન રાખી હોય તેવા કોઈ વધારાના વર્ગો પરવાનેદાર ઉભા કરશે નહીં.

વિભાગ-૪

નવું જોડાણ આપવાની કાર્યપધ્ધતિ અને ચાલુ જોડાણમાં સુધારા

પુરવઠો પૂરો પાડવાની પરવાનેદારની જવાબદારી :

૪.૧ પરવાનેદાર, તેના પૂરવઠા વિસ્તારમાં આવેલ કોઇપણ જગ્યાના માલિક કે કબજેદારને અરજીના આધારે, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો,૨૦૦૫ અને તેમાં કરેલ વખતોવખત સુધારા મુજબ, નિર્દિષ્ટ સમય મર્યાદાની અંદર વીજળી પૂરી પાડશે, શરત કે;

(૧) વીજપૂરવઠો ટેકનિકલ દૃષ્ટિએ શક્ય હોવો જોઇએ;

(૨) અરજદારે આ સંહિતામાં નિર્દિષ્ટ કરેલ પ્રક્રિયાનું પાલન કર્યું હોવું જોઇએ; અને

(૩) અરજદાર, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વીજળી પૂરવઠો પૂરો પાડવા થયેલું ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો, ૨૦૦૫ અને તેના સુધારામાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે પૂરવઠા અને સેવાનું ખર્ચ ભોગવવા સહમત હોવો જોઇએ.

૪.૨ પૂરવઠા અને વોલ્ટેજની વ્યવસ્થા આ સંહિતાના ખંડ ૩.૨ અને ૩.૩ માં આપેલી વિગતો અનુસાર ગ્રાહકનાં વર્ગ અને વીજભાર પર આધારિત રહેશે.

વિતરણ વ્યવસ્થાનાં વિસ્તરણનાં સંદર્ભે પરવાનેદારની જવાબદારી અને થનાર ખર્ચમાં ગ્રાહકનો હિસ્સો:

૪.૩ પરવાનેદાર, તેના પુરવઠા વિસ્તારમાં વીજળીની માંગ પહોંચી વળવા, તેની વિતરણ વ્યવસ્થામાં સુધારો, વિસ્તૃતિકરણ અને મજબૂતી સુનિશ્ચિત કરવા જવાબદાર છે. નવા ગ્રાહકોની માંગ પૂરી કરવા વિતરણ મેઇન અને વ્યવસ્થાના પૂરવઠા પોઇન્ટ સુધીના વિસ્તરણ અને સુધારા માટેનો ખર્ચ અને વિતરણ મેઇનમાંથી પૂરવઠાના પોઇન્ટ સુધી સર્વિસ જોડાણનાં વિસ્તરણનો ખર્ચ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પૂરવઠો પૂરો પાડવા કરેલું ખર્ચ અને અન્ય પ્રકીર્ણ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો, ૨૦૦૫ અને તેના સુધારા અનુસાર વસૂલ કરાશે.

જોડાણ આપવાની શરતો :

૪.૪ પરવાનેદાર, તેની વેબસાઇટ પર અને શક્ય હોય ત્યાં તેની કચેરીઓમાં જોઇ શકાય તે રીતે, તે વિસ્તાર/સર્કલમાં નવા જોડાણો માટેની અરજીઓની અદ્યતન સ્થિતિ, નવા જોડાણ આપવા માટેની વિગતવાર કાર્યપધ્ધતિ અને આવી અરજીઓ સાથે રજૂ કરવાના જરૂરી દસ્તાવેજોની સંપૂર્ણ યાદી પ્રદર્શિત કરશે. સામાન્ય રીતે આ રીતે યાદીમાં ન હોય તેવા કોઇ દસ્તાવેજ, નવા જોડાણ માટેની અરજી પત્રકની પ્રક્રિયા માટે જરૂરી બનશે નહીં. અરજદાર દ્વારા જમા કરાવવાની થતી જામીન અનામતની રકમ અને સર્વિસ લાઇનનાં ખર્ચની વિગતો, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પૂરવઠો પૂરો પાડવા કરેલું ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો,૨૦૦૫ અને તેમાં વખતોવખત કરેલા સુધારા મુજબ અને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જામીન અનામત) વિનિયમો, ૨૦૦૫ અને તેમાં વખતોવખત કરેલા સુધારા મુજબ જમા કરાવવાની રહેશે.

૪.૫ સરકાર કે સક્ષમ સત્તાધિકારીના નિયંત્રિત/પ્રતિબંધ ફરમાવતા આદેશના કેસમાં બિનઅધિકૃત વસાહતો/વિસ્તારોમાં વીજજોડાણ મંજુર થઇ શકશે નહીં.

હયાત (હાલની/મોજૂદ) મિલકતની ખરીદી :

૪.૬ અરજદાર એવી હયાત મિલકતની ખરીદી કરે કે ખરીદવાનો ઇરાદો રાખે કે જેનું વીજજોડાણ કપાઇ ગયું હોય તો તેની, આગલા માલિકે પરવાનેદારની તમામ બાકી રકમ ચૂકવી છે તેની ખરાઇ કરાવવાની અને તેની પાસેથી 'કોઇ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર' મેળવવું એ અરજદારની ફરજ છે. મિલકતની માલિકીની ફેરબદલી પહેલાં આગલા માલિકે 'કોઇ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર' મેળવ્યું ન હોય તો નવા માલિકે આવું પ્રમાણપત્ર મેળવવા આગલા જોડાણની વિગતો સાથે પરવાનેદારનો સંપર્ક કરવો.

પરવાનેદારે આવી વિનંતીની પહોંચ આપવાની રહેશે અને જગ્યા પર કોઇ રકમ બાકી નીકળતી હોય તો લખાણમાં જાણ કરવાની અથવા 'કોઇ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર' આવી અરજી મળ્યાની તારીખથી ૧ મહિનામાં આપવાનું રહેશે.

૪.૭ પરવાનેદાર, આ સમય મર્યાદામાં બાકી નીકળતી રકમની જાણ ન કરે કે, 'કોઇ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર' રજુ ન કરે તો, આગલાં ગ્રાહક પાસેથી બાકી નીકળતી રકમનું કારણ રજૂ કરીને તે જગ્યાને નવું જોડાણ આપવાની ના પાડી શકશે નહીં. આવા કિસ્સામાં, પરવાનેદારે, કાયદાની જોગવાઇઓ અનુસાર આગલા ગ્રાહક પાસેથી તેની લેણી રકમ વસૂલ કરવાની રહેશે.

હયાત (હાલની/મોજૂદ) મિલ્કતનું પુન:નિર્માણ:

૪.૮ સમગ્ર જગ્યા કે મકાન તોડવા કે તેના પુનર્નિર્માણના કેસમાં, હાલના ગ્રાહકનાં સ્થાપનની સોંપણી કરાશે, મીટર અને સર્વિસ લાઇન દૂર કરાશે અને કરાર સમાપ્ત થશે. પરવાનેદારે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જામીન અનામત), વિનિયમો, ૨૦૦૫ અને તેમાં વખતોવખત કરેલા સુધારા મુજબ ગ્રાહકની જામીન અનામતની રકમ યોગ્ય રીતે પરત કરવાની રહેશે. જૂનાં મકાનો પરની બાકી નીકળતી તમામ રકમો ચુકવ્યા પછી પુનર્નિર્માણ કરાયેલ મકાન માટે નવું જોડાણ લઈ શકાશે. આવા કેસોમાં બાંધકામ હેતુસર હયાત જોડાણમાંથી વીજ પુરવઠો લેવાની છુટ લઈ શકશે નહી.

નવું વીજ-જોડાણ માટે અરજી પત્રક પૂરું પાડવાની પધ્ધતિ :

૪.૯ અરજદારે, આ સંહિતાના જોડાણમાં આપેલા નીચેના ફોર્મેટમાં નવું જોડાણ મેળવવા અરજી કરવી-

(૧) નવું જોડાણ લેવા માટેનું અરજી પત્રક (હળવા દબાણ માટે)-જોડાણ-૧

(૨) નવું જોડાણ લેવા માટેનું અરજી પત્રક (ભારે દબાણ/ અતિ ભારે દબાણ) જોડાણ-૨

૪.૧૦ પરવાનેદારની સ્થાનિક કચેરીમાં વિનામૂલ્યે અરજી પત્રક મળશે. પરવાનેદાર તમામ અરજી પત્રક વિના મુલ્યે ડાઉનલોડ કરવા તેની વેબસાઇટ પર પણ મૂકશે. ગ્રાહક કોરા પત્રકની સુવાચ્ય ફોટો નકલો કરી શકશે અને પરવાનેદાર દ્વારા તેનો સ્વીકાર થશે.

પરવાનેદાર, ભરેલાં અરજી પત્રક જ્યાં રજૂ કરવાનાં હોય તે સંબંધિત કચેરીનાં સરનામાં અને ટેલિફોનના નંબર પણ વેબસાઇટ પર પ્રદર્શિત કરશે. પરવાનેદાર દરેક કચેરીનાં સરનામાં અને સંબંધિત પુરવઠા વિસ્તારની કચેરીનાં ટેલિફોન નંબરો કે જ્યાં સંબંધિત વિસ્તાર માટે ભરેલા અરજીપત્રક રજુ કરી શકાય તેને પ્રદર્શિત કરવાનાં રહેશે. અરજદારને ફોર્મ ભરવા માટે જોઇતી માહિતી અથવા સહાય પરવાનેદારની સ્થાનિક કચેરીએથી આપવાની રહેશે.

૪.૧૧ પરવાનેદાર ગ્રાહકોને નવા જોડાણ કે હાલમાં જોડાણોમાં સુધારાઓ માટેની અરજી કરવા વેબસાઇટ તેમજ કોલ સેન્ટર વગેરે જેવી નવી પધ્ધતિઓ પણ પૂરી પાડશે, જેના પરિણામે કંપની સાથેની અરજદારની ક્રિયા પ્રતિક્રિયા (interface) ઘટી શકે.

૪.૧૨ નવા જોડાણ માટેના અરજીપત્રકની સાથે અરજદારે ફોટોગ્રાફ, અરજદારની ઓળખ-સાબિતી, અરજદારની માલિકીની સાબિતી કે જેના માટે નવું જોડાણ માગ્યું હોય તે જગ્યા પર કાયદેસરનો કબ્જો, અરજદારના હાલના સરનામાની સાબિતી અને ખાસ કેસોમાં, આ સંહિતાના ખંડ ૪.૧૫-૪.૨૦ માં આપેલી વિગત મુજબના કેટલાક બીજા દસ્તાવેજો જોડવાંના રહેશે.

૪.૧૩ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના (વીજળી પૂરી પાડવા થયેલું ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસુલ કરવાની પરવાનેદારની સત્તા), વિનિયમો,૨૦૦૫ અને તેના વખતોવખતના સુધારા અનુસાર નવા જોડાણ માટેની અરજી કરતી વખતે નોંધણી સહિતની પ્રક્રિયા ફી વસુલ કરવાની રહેશે.

૪.૧૪ જયારે ગ્રાહકના સાધનોની નક્કી કરેલ ક્ષમતા કે.વી.એ. કે કિ.વો.માં હોય ત્યારે તેના સમકક્ષ એચ.પી. નીચે પ્રમાણે નક્કી થશે.

સમકક્ષ એચ.પી. = કિ.વો. ÷ ૦.૭૪૬

વેલ્ડીંગ સાધનો સિવાય તમામ સાધનો માટે કિ.વો. ગણવા માટે કે.વી.એ.ને ૦.૯૦ના પાવર ફેક્ટર સાથે ગુણવામાં આવશે. વેલ્ડિંગ સાધનો માટે જેને કે.વી.એ.માં દર્શાવવામાં આવે છે, તેના સમકક્ષ એચ.પી. ગણવા માટે અને બિલ બનાવવા માટે, ૧ કે.વી.એ. ને ૧ એચ.પી. બરાબર ગણવામાં આવશે અને જો તે ૧ નો અપૂર્ણાંક હોય તો તેને નજીકના ૧/૨ એચ.પી.ના ગુણાંકમાં પરિવર્તિત કરવામાં આવશે.

૪.૧૫ નીચે પૈકીના કોઈપણ દસ્તાવેજો ઓળખની સાબિતી માટે સ્વીકારવામાં આવશે.

(૧) જો અરજદાર વ્યક્તિ હોય તો –

i. ચૂંટણી ઓળખ પત્ર;

ii. પાસપોર્ટ;

iii. ડ્રાઇવીંગ લાઇસન્સ;

iv. રેશન કાર્ડ;

v. સરકારી સંસ્થા દ્વારા અપાયેલ ઓળખકાર્ડ;

vi. પાન કાર્ડ;

vii. આધાર કાર્ડ

(૨) જો અરજદાર, કંપની, ટ્રસ્ટ, શૈક્ષણિક સંસ્થા, સરકારી વિભાગ હોય તો તેવા કિસ્સામાં સક્ષમ સત્તાધિકારી (જેમ કે જનરલ મેનેજર, આચાર્ય, કાર્યપાલક ઇજનેર વગેરે) સંસ્થાનાં સુસંગત ઠરાવ/અધિકારપત્ર (ઓથોરીટી લેટર) અરજી પત્રક સાથે બીડી સહી કરવાની રહેશે.

૪.૧૬ જગ્યાની માલિકી કે કબ્જા હક માટે નીચેના દસ્તાવેજો સાબિતી તરીકે સ્વીકાર્ય ગણાશે.

(૧) નોંધણી કરાવેલ વેચાણખત કે પટ્ટાખતની નકલ અથવા ખેતીવાડી જોડાણના કેસમાં ૭/૧૨, ૮-એ અને હક્ક પત્રક (૬-એ) ની નકલ.

(૨) નગરપાલિકા વેરાની છેલ્લી પહોંચ અથવા માંગ નોટિસ અથવા બીજા કોઈ સંબંધિત દસ્તાવેજ.

(૩) ફાળવણી પત્ર,

(૪) ગ્રામ કક્ષાના સરકારી પદાધિકારીએ આપેલ માલિકી પ્રમાણપત્ર

(૫) અરજદાર, જે મકાનનો માલિક નહીં પણ કબજેદાર હોય, તેણે ઉપરના (૧) થી (૩) માં દર્શાવેલ કોઈપણ એક દસ્તાવેજની સાથે, જગ્યા માલિક પાસેથી 'ના વાંધા પ્રમાણપત્ર' પણ રજૂ કરવાનું રહેશે. સિવાયકે, તેને મકાન માટે લાંબા પટ્ટે ભાડુત તરીકે મંજૂરી મેળવી હોય. જગ્યા માલિક પાસેથી કોઈપણ કારણ(ણો)સર 'ના વાંધા પ્રમાણપત્ર' ન મળે ત્યાં, વિતરણ પરવાનેદારે નિયત કરેલ, નુકશાન સામેની ચુકવણીનો કરાર રજૂ થયે કે જેમાં વિતરણ પરવાનેદાર તેને સર્વિસ જોડાણ આપવાને પરિણામે ઉભી થયેલ તકરારને કારણે થનારાં નુકશાન સામે રક્ષણ આપેલ હોય, ત્યારે નવું જોડાણ આપી શકાશે.

૪.૧૭ સંચાર-સંપર્ક વહેવાર (કોમ્યુનિકેશન) માટે નીચે પૈકી કોઈપણ દસ્તાવેજને ચાલુ સરનામાની સ્વીકાર્ય સાબીતી તરીકે ગણાશે.

(૧) ચુંટણી ઓળખ પત્ર;

(૨) પાસપોર્ટ;

(૩) ડ્રાઇવીંગ લાઇસન્સ;

(૪) રેશન કાર્ડ;

(૫) સરકારી સંસ્થા દ્વારા અપાયેલ ઓળખપત્ર;

(૬) હાલના બેંક ખાતાનું સ્ટેટમેન્ટ;

(૭) પાણી/ટેલિફોન/વીજળી/ગેસ જોડાણનું તાજેતરનું બિલ;

(૮) આવકવેરા આકારણી આદેશ;

(૯) આધાર કાર્ડ

૪.૧૮ મર્યાદિત ભગીદારીની જવાબદારી (LLP) સહિતની ભાગીદારીની પેઢીનાં કેસમાં અરજદારે યોગ્ય રીતે નોટરી કરાવેલ ભાગીદારી કે LLP દસ્તાવેજની સાથે અરજદારનાં નામનું મુખત્યારનામું માંગણીપત્રક અને કરારમાં સહી કરવા રજુ કરવાનાં રહેશે.

૪.૧૯ જાહેર અને/અથવા ખાનગી લિમિટેડ કંપનીના કેસમાં, અરજદારે મેમોરેન્ડમ અને આર્ટીકલ ઓફ એસોસીએશન તથા સર્ટીફીકેટ ઓફ ઇન્કોર્પોરેશનની સાથે અરજદારનાં નામનું મુખત્યારનામું માંગણીપત્રક અને કરારમાં સહી કરવા રજૂ કરવાના રહેશે.

૪.૨૦ પસંદગીના ગ્રાહક વર્ગો માટે જ લાગુ પડતા અન્ય દસ્તાવેજો :

(૧) ઔદ્યોગિક ગ્રાહકો : જો લાગુ પડતું હોય તો કાયદેસરનો ઔદ્યોગિક પરવાનો અને તેની સાથે બિન-ખેતી હેતુ માટે જમીનના ઉપયોગની મંજૂરી

(૨) ખેતીવિષયક ગ્રાહકો : જો જરૂરી હોય તો ટયુબવેલ માટેનું સક્ષમ સરકારી સત્તાધિશનું 'ના-વાંધા' પ્રમાણપત્ર

(૩) બિન ખેતીલાયક અને હંગામી માળખું: નગર નિગમ/નગરપાલિકા/ નગર પંચાયત/ ગ્રામ સભા/ ગ્રામપંચાયત/જમીન વિકાસ સત્તામંડળ જમીન માલિકીની કચેરીનું બિનખેતીલાયક અને હંગામી માળખાં અંગેનું 'ના વાંધા' પ્રમાણપત્ર

(૪) નવાં ઔદ્યોગિક જોડાણ કે હાલનાં જોડાણનાં વીજભારમાં ઉમેરો માટે પર્યાવરણ કે પ્રદૂષણ દ્રષ્ટિકોણથી મંજૂરી મેળવવી જરૂરી હોય ત્યાં અરજદારે સક્ષમ અધિકારીનું 'ના-વાંધા પ્રમાણપત્ર' વિતરણ પરવાનેદારને રજૂ કરવું.

અરજી પત્રકની પ્રક્રિયા કરવી :

૪.૨૧ પરવાનેદાર નવાં જોડાણો માટે પુરવઠો આપવા માટેના અરજી પત્રક અને સાથે જોડેલા દસ્તાવેજોની ખરાઈ કરશે અને ખામી જણાય તો અરજી પત્રકમાં રહેલી ખામીઓ અંગે તુરંત લેખિત નોંધ આપવાની રહેશે. જો અરજી પત્રક સંપૂર્ણ હોય તો, પરવાનેદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના (પુરવઠો પુરો પાડવા કરેલું ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસુલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો, ૨૦૦૫ અને તેના સુધારા અનુસાર નોંધણી ખર્ચ સ્વીકારીને તેની પહોંચ આપશે.

૪.૨૨ પરવાનેદાર તમામ અરજી પત્રકનો કાયમી રેકોર્ડ અરજી રજિસ્ટર/ ડેટાબેઝ હેઠળ જાળવવાનો રહેશે. અરજી જે ક્રમમાં મળી હોય તે ક્રમમાં દરેક અરજીપત્રકને અરજી નંબર (ઓળખ માટે) આપવાનો રહેશે. જુદા જુદા વર્ગના ગ્રાહકો માટે અલગ રજીસ્ટરો/ડેટાબેઝ રાખી શકાશે. પરવાનેદાર, દરેક અરજી પત્રકના નિકાલની તબક્કાવાર સ્થિતિ પ્રમાણે રજીસ્ટરો/ડેટાબેઝને અદ્યતન રાખશે.

૪.૨૩ પરવાનેદાર, અરજી રજિસ્ટર/ડેટાબેઝમાં ક્રમિક અગ્રતા પ્રમાણે 'પહેલા તે પહેલા'ના વિસ્તૃત સિધ્ધાંતને ધોરણે દરેક પ્રયુક્ત વર્ગના અરજી પત્રકની કામગીરી હાથ ધરશે. પરવાનેદાર નવાં જોડાણો માંગનાર અરજદારોની પ્રતિક્ષા યાદી જાળવશે, અપાયેલા નવા જોડાણો અંગેની વિસ્તારવાર માહિતી અને પ્રતિક્ષા યાદીની અદ્યતન સ્થિતિ પરવાનેદારની વેબસાઈટ પર અથવા પરવાનેદારની સ્થાનિક કચેરી ખાતે નોટિસ બોર્ડ કે બ્લેક બોર્ડ પર પ્રદર્શિત કરવાની રહેશે અને તેને દરરોજ અદ્યતન રાખવાની રહેશે.

૪.૨૪ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પુરવઠો પુરો પાડવા કરેલું ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસુલ કરવાની પરવાનેદારની સત્તા), વિનિયમો, ૨૦૦૫ અને તેમાં કરેલ સુધારા અનુસાર, ઠરાવેલ નોંધણી ખર્ચની સાથેસાથ ઠરાવેલ ફોર્મેટમાં પ્રસ્તુત દસ્તાવેજો સાથે તમામ રીતે સંપૂર્ણ એવી ગ્રાહકની પુરવઠા માટેની માંગણી મળે તે તારીખે અરજી પત્રક મળ્યું હોવાનું ગણાશે.

૪.૨૫ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના (પુરવઠો પુરો પાડવા થયેલ ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા), વિનિયમો, ૨૦૦૫ અને તેમાં કરેલ સુધારાની સાથે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના (જામીન અનામત), વિનિયમો, ૨૦૦૫ અને તેમાં કરેલ સુધારા પ્રમાણેના જામીન અનામત સહિતના તમામ લાગુ પડતા ખર્ચ મળ્યાના તારીખથી અરજી મળી હોવાનું ગણાશે.

૪.૨૬ પરવાનેદાર, અરજી પત્રક મળે તે સમયે લેખિત પહોંચ અન્વયે અરજદાર સાથે પારસ્પરિક ચર્ચા-વિચારણા કરીને અરજદારની જગ્યાના નિરીક્ષણની તારીખ નક્કી કરશે. નિરીક્ષણની તારીખ વર્ગ-૧ શહેરો અને શહેરી વિસ્તારોમાં અરજી પત્રક મળ્યાની તારીખથી ૭ કામકાજના દિવસમાં અને ગ્રામીણ વિસ્તારોમાં ૧૦ કામકાજના દિવસમાં નિયત કરવાની રહેશે. જો અરજદાર ઇચ્છે તો, રૂ. ૫૦૦ની ફી ભરીને તે પરવાનેદારને બિન-કામકાજના દિવસો (એટલે કે રવિવાર, રાજપત્રિત રજા વગેરે) એ નિરીક્ષણ કરાવવાનું નક્કી કરી શકશે.

૪.૨૭ નિરીક્ષણ દરમ્યાન, પરવાનેદાર :

(૧) ગ્રાહક સાથે પરામર્શ કરીને પુરવઠાનો પોઇન્ટ અને મીટર અને MCB વગેરે કયાં સ્થળે સ્થાપિત કરવા તે નક્કી કરશે:

એવી શરતે કે, સર્વિસ લાઇન સુલભ સ્થળોએ નાખવી જોઇશે અને મીટર મકાનની બહાર અથવા જગ્યા પ્રવેશનાં સ્થળ આગળ એવી રીતે સ્થાપિત કરવું જોઇએ કે જેથી વરસાદ વગેરે જેવા તત્વોથી તેનું રક્ષણ થઈ શકે અને તે માટે મકાનનું તાળું કે મકાન ખોલ્યા વિના તે સુલભ બની શકે;

કોઇપણ કેસમાં, વિતરણ પરવાનેદાર, તેના ઉપકરણો, મીટર કે તેની મિલકત એવા સ્થળે સ્થાપિત નહીં કરે કે જેથી તેના કર્મચારીને ખાનગી મિલકતમાં પ્રવેશ કરવાની જરૂર પડે;

(૨) અરજી પત્રકમાં જગ્યાનું પૂરું સાચું સરનામું ન પુરૂ પાડેલ હોય તો તે રેકર્ડ કરવું અને સર્વિસ જોડાણ આપવાનું પ્રયોજન હોય તો ત્યાંથી મિલકતની નજીકના સીમાચિન્હનો અને થાંભલા નંબર નોંધવા; અને

INDEX

(૩) જરૂર મુજબ અરજી પત્રકમાં દર્શાવેલી બીજી તમામ વિગતોની ખરાઈ કરવાની રહેશે.

(૪) વિતરણ પરવાનેદાર વિદ્યુત પૂરી પાડવા માટેની સર્વિસ લાઈન મુકવા માટે જરૂરી પરવાનગી, રજા અને રસ્તાઓ મેળવવાનાં રહેશે. ગ્રાહક વિતરણ પરવાનેદારને આવી પરવાનગી, રજા અને રસ્તાઓ મેળવવામાં સહકાર આપશે. અલબત્ત, જ્યાં ગ્રાહક પાસે જાહેર શેરીને સંલગ્ન આગળનો ભાગ ન હોય, અને જ્યારે સર્વિસ લાઈનને અન્ય કોઈની મિલકતની ઉપર કે નીચેથી પસાર કરીને લઈ જવાની જરૂર પડે ત્યારે, ગ્રાહકે જરૂરી પરવાનગી, રજા અને રસ્તા સ્વખર્ચે મેળવવાનાં રહેશે અને વીજપુરવઠો જ્યાં સુધી ચાલુ રાખવાનો હોય ત્યાં સુધી વખતોવખત તેને ચાલુ રાખવાના રહેશે. જો કોઈ સંજોગોમાં, આવી પરવાનગી, રજા અને રસ્તા પાછા ખેંચવામાં આવે તો પુરવઠો તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવશે અને તે પ્રવર્તમાન ધારા, નિયમો અને વિનિયમોને આધીન રહેશે. આવી સર્વિસલાઈન નાંખવા માટે અને રજા, રસ્તા અનુસાર તેને જાળવવા માટે જે કાંઈ વધારાનો ખર્ચ થશે તો તે ગ્રાહક પાસેથી વસુલ કરવામાં આવશે. અરજદાર આ બાબતે જરૂર પડે વિતરણ પરવાનેદારને જરૂરી બાંયધરી આપશે.

૪.૨૮ વિતરણ પરવાનેદાર, એક જગ્યા માટે અથવા તે જ માલિકના અડીને આવેલ/બાજુની જગ્યામાં કે જે જાહેર માર્ગ કે ખાનગી જગ્યાથી અલગ પડતાં ન હોય તો એક જોડાણ કરતાં વધુ જોડાણ આપશે નહીં. બીજા જોડાણ માટે માંગણી કરતાં ગ્રાહકોએ, આવકવેરા નંબર/વેચાણવેરા નંબર, રેશન કાર્ડ અને ભાડું અથવા પટ્ટા કરાર જેવાં અલગ કાયદાકીય દસ્તાવેજો રજૂ કરવાનાં રહેશે.

૪.૨૯ તેવા કેસો કે જેમાં નોંધણીના તબક્કે કે નિરીક્ષણ વખતે શરૂઆતમાં એમ જણાય કે સૂચિત જોડાણોમાં લાગુ પડતા નિયમો કે ધોરણો કે સંહિતાનું પાલન થયું નથી તો જરૂરી પાલન કરાવ્યા પછી જોડાણ આપવું. વિતરણ પરવાનેદાર, જરૂરી પાલનની પૂર્તતા માટે વ્યવહારૂ હોય તેટલા પ્રમાણમાં ગ્રાહકને મદદ કરવા શક્ય તમામ પ્રયત્નો કરશે.

૪.૩૦ નવા જોડાણ, પુનર્જોડાણ, વીજભારમાં વધારો કે ઘટાડો, નામમાં ફેરફાર અથવા કોઈ જગ્યા માટે સર્વિસ લાઈન ખસેડવા માટેની અરજી, તે જગ્યાના સંબંધીત કોઈ લેણાં અથવા અરજદાર દ્વારા વિતરણ પરવાનેદારને વિતરણ પરવાનેદારના અધિકારક્ષેત્રમાં કોઈપણ જગ્યાએ તેના નામે રાખેલ બીજા કોઈ સર્વિસ જોડાણના સંબંધમાં કોઈ બાકી રકમ, ચુકવવામાં આવશે નહીં, ત્યાં સુધી પરવાનેદાર દ્વારા ધ્યાનમાં લેવામા આવશે નહીં.

પરંતુ નવા અરજદાર પાસેથી અગાઉનાં લેણાં વસૂલ કર્યા પછી જોડાણ આપવામાં આવે તેવા કેસમાં અને યોગ્ય કાનૂની ઉપાય પ્રાપ્ત થયા પછી પરવાનેદારને તે જગ્યા અગાઉના ગ્રાહક/માલિક પાસેથી કે કબજેદાર પાસેથી બાકી નીકળતી પૂરેપૂરી કે આંશિક રકમ મળે તે કેસમાં, આવી બાકી નીકળતી રકમ વસૂલ કરવાના ખર્ચ સરભર કર્યા પછી જેની પાસેથી બાકી રકમ વસૂલ કરવામાં આવી હોય તે નવા ગ્રાહક/ માલિક કે કબજેદારને રકમ પાછી અપાશે.

૪.૩૧ એલ.ટી. પૂરવઠા માટેની અરજીના કેસમાં ઉપરનાં ખંડ ૪.૨૯ માં કરેલી જોગવાઈ મુજબ પાલન કર્યા પછી પરવાનેદાર, અરજી કરેલ વીજભાર મંજૂર કરશે અને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો, ૨૦૦૫ અને તેના સુધારામાં નિર્દિષ્ટ સમય-મર્યાદા અંદર, પહોંચ અન્વયે, લેખિત માંગ નોંધ આપવામાં આવશે.

સિવાય કે, ઉપરના ખંડ ૪.૨૯ માં જોગવાઈ કર્યા મુજબ પાલન કરવામાં અરજદારે લીધેલ સમય ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો, ૨૦૦૫ અને તેનાં સુધારામાં નિર્દિષ્ટ સમય મર્યાદામાં સમાવિષ્ટ થશે નહીં.

૪.૩૨ એચ.ટી./ઈ.એચ.ટી. પુરવઠા માટેની અરજીના કેસમાં પરવાનેદાર અરજી મળ્યાના ૩ દિવસની અંદર તેને પ્રવહન પરવાનેદારને ગ્રિડ સંહિતાની જોગવાઈઓના સંદર્ભમાં આગળની પ્રક્રિયા માટે મોકલશે. પ્રવહન પરવાનેદાર વિતરણ પરવાનેદાર પાસેથી અરજી મળ્યાના ૭ કામકાજના દિવસમાં અરજીની શક્યતા અથવા અન્યથા બાબત અંગે વિતરણ પરવાનેદારને જાણ કરશે. પ્રવહન પરવાનેદારનાં મંતવ્યો અરજદારને ત્યારબાદ ૩ દિવસની અંદર જણાવાશે.

અરજી શક્ય જણાય તેવા કેસમાં અને ઉપરના ખંડ ૪.૨૯ માં જોગવાઈ કર્યા મુજબ પાલનને આધીન હોય તો વિતરણ પરવાનેદાર દ્વારા ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો, ૨૦૦૫ અને તેના સુધારામાં નિર્દિષ્ટ સમય-મર્યાદાની અંદર, પહોંચ અન્વયે, લેખિત માંગ નોંધ આપવામાં આવશે.

સિવાય કે, ઉપરના ખંડ ૪.૨૯ માં જોગવાઈ કર્યા પ્રમાણે પાલન કરવામાં અરજદારે લીધેલો સમય અને શક્યતા અહેવાલ આપવામાં પ્રવર્તન પરવાનેદારે લીધેલો સમય ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ), વિનિયમો,૨૦૦૫ અને તેના સુધારામાં નિર્દિષ્ટ સમય-મર્યાદામાં સમાવિષ્ટ કરાશે નહીં.

૪.૩૩ માંગ નોંધમાં નીચેની વિગતોનો સમાવેશ કરાશે :

(૧) વીજપુરવઠો પૂરો પાડવા હાથ ધરવાના (સર્વિસ લાઈન સહિત) કાર્યોની વિગતો;

સિવાય કે માંગણી કરેલ કિ.વો. વીજભાર દીઠના આધારે અંદાજો મોકલવામાં આવ્યા હોય ત્યારે અંદાજપત્રમાં હાથ ધરવાના કામોની વિગતોનો સમાવેશ કરવો જરૂરી રહેશે નહીં.

(૨) ઉપર દર્શાવેલા કામોનાં ખર્ચ, અરજદારે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પુરવઠો પૂરો પાડવા કરેલું ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો, ૨૦૦૫ અને તેના સુધારા અનુસાર ચૂકવવાના રહેશે.

સિવાય કે, અરજદાર જાતે કામ હાથ ધરવા માંગતો હોય તો તેને પરવાનેદારના અધિકારીની દેખરેખ હેઠળ તેમ કરવાની પરવાનગી મળી શકશે. પરવાનેદારના અંદાજ અને લે-આઉટને વળગી રહીને અરજદાર પરવાનેદારના વિતરણ મેઈન્સમાંથી તેના મકાન સુધી સર્વિસ લાઈન, એચ.ટી./ઇ.એચ.ટી. લાઈનનું વિસ્તરણ, વિતરણ અથવા વિતરણ એચ.ટી. પેટા-મથક અને એલ.ટી. લાઈન ખેંચવાના કામનું લાઈસન્સ ધરાવતા વીજળી કોન્ટ્રાક્ટર મારફત કરાવી શકશે. આવા કેસમાં ગ્રાહકે પોતાની જાતે માલસામાન મેળવવાનો રહેશે. માલસામાન પ્રસ્તુત BIS વિશિષ્ટ વર્ણન સાથે સુસંગત અથવા તેની સમતુલ્ય હોવો જોઈશે અને લાગુ પડે ત્યાં ISI ચિન્હ હોવું જોઈશે. પરવાનેદાર વપરાયેલ માલ-સામાનની ગુણવત્તાની ખરાઈ કરવા દસ્તાવેજી પુરાવો માગી શકશે.

સિવાય કે, વધુમાં જો અરજદાર તે/તેણીની પોતાની રીતે વિસ્તરણ કામ કરાવવાનું પસંદ કરે તો, માલ-સામાન અને મજૂરીના ખર્ચ પર માત્ર દેખરેખ ખર્ચ પરવાનેદારને ચૂકવવાનો રહેશે.

સિવાય કે વધુમાં, અરજદાર તેની પોતાની રીતે વિસ્તરણ કામ કરાવવાનું પસંદ કરે તો, તેણે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ), વિનિયમો, ૨૦૦૫ અને વખતોવખત તેમાં કરેલા સુધારા અનુસાર નિર્દિષ્ટ સમય-માળખામાં તેણે કામ પૂરું કરાવવાનું રહેશે. તેમ કરવામાં નિષ્ફળ જશે તો પરવાનેદાર કામ પૂરું કરવાની નોટિસ આપશે અને આવી નોટિસ આપ્યાના ૬૦ દિવસની અંદર વીજળી પુરવઠો મેળવવાનો રહેશે. નોટિસ મુદત પૂરી થતાં, તે લાગુ પડે તે મુજબ માંગ ખર્ચ (ડિમાન્ડ ચાર્જ) અને ન્યૂનતમ માસિક ખર્ચ ચૂકવવા જવાબદાર રહેશે.

(૩) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(જામીન અનામત), વિનિયમો, ૨૦૦૫ અને તેના સુધારામાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે જામીન અનામતની રકમ

૪.૩૪ અરજદારે માંગ નોંધ મળ્યાના ૩૦ દિવસની અંદર ચુકવણી કરવાની રહેશે, તેમ કરવામાં નિષ્ફળ જતાં અરજી પત્રક રદ થયું જણાશે અને અરજદારને તે પ્રમાણે પહોંચ હેઠળ લેખિત જાણ કરાશે. પૂરેપૂરી ચુકવણી થયા પછી જ જોડાણને વીજળીયુક્ત કરવાની પરવાનેદારની જવાબદારી રહેશે.

પરવાનેદાર, ચુકવણી મુદતના ૩૦ દિવસની અંદર અરજદાર પાસેથી લેખિત વિનંતી મળ્યેથી ખર્ચની ચુકવણી માટે અરજદારને વધારાનો સમય આપી શકશે.

૪.૩૫ કોઈ વધારાની રકમ હોય તો તે આગામી વીજળી બિલમાં સમાયોજન કરીને ગ્રાહકને પરત કરાશે અને કોઈ સિલક બાકી હોય તો, ગ્રાહકના નામે ખાતામાં જમાપાત્ર ચેક (એકાઉન્ટ પેઈ ચેક) આપીને રકમ પરત કરાશે. ગ્રાહકને, વિગત વાર અંદાજ અને શક્ય તેટલા પ્રમાણમાં બાબત વાર આંકડામાં તફાવતની સાથે ખરેખર ખર્ચની વિગતો દર્શાવતું વિગતવાર બિલ અપાશે. વધુમાં અરજદારને વધારે માહિતી જોઈતી હોય તો, વિતરણ પરવાનેદાર ૧૦ દિવસની અંદર તે પૂરી પાડશે અથવા આવી વિનંતી બદલ રજૂ ન કરી શકવા માટેનાં કારણો જણાવશે. અરજદારે જમા કરાવેલ રકમ કરતાં કોઈ ખર્ચ વધારે થાય તો અરજદાર તેની માંગણીના ૩૦ દિવસની અંદર ચુકવણી કરશે.

સિવાય કે, માંગણી કરેલ કિ.વો. દીઠ વીજભારના ધોરણે અંદાજો આપવામાં આવ્યા હોય ત્યાં, કોઈ સમાયોજન જરૂરી બનશે નહીં.

૪.૩૬ જો પરવાનેદારનો અભિપ્રાય હોય કે પુરવઠાની સગવડ માટે અરજદારની જગ્યાની અંદર વિતરણ ટ્રાન્સફોર્મર સ્થાપિત કરવું જરૂરી છે, તો અરજદાર તેની જગ્યામાં વિતરણ ટ્રાન્સફોર્મર સ્થાપિત કરવા પરવાનેદારને યોગ્ય રૂમ કે જમીનનો ભાગ ઉપલબ્ધ કરાવશે.

૪.૩૭ અરજી મળ્યાની તારીખથી નવું વીજળી જોડાણ આપવા માટેની એકંદર સમય-રેખા ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો, ૨૦૦૫ અને તેના સુધારા અનુસાર રહેશે.

સિવાય કે, વિતરણ મેઇનમાં વિસ્તરણ માટે વધુ સમય જરૂરી હોય તો પરવાનેદાર, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો, ૨૦૦૫ના અને તેમાં વખતોવખત કરેલા સુધારા મુજબ નિર્દિષ્ટ સમયમાં વધારો કરવા વિગતો સાથે આયોગનો સંપર્ક કરી શકશે. આવા કેસોમાં પરવાનેદાર દ્વારા ગ્રાહકને કામો પૂરા કરવાના સંભવિત સમય અંગે જાણ કરવામાં આવશે.

૪.૩૮ માર્ગનો હક, જમીન સંપાદન અને જેના પર પરવાનેદારનું વાજબી નિયંત્રણ ન હોય તેવી ગ્રાહકની જવાબદારીમાં થતાં વિલંબને લગતી સમસ્યાઓને કારણે પુરવઠાના વિસ્તરણમાં કોઇ વિલંબ થાય તો તે માટે પરવાનેદાર જવાબદાર રહેશે નહીં.

૪.૩૯ અરજદારે પોતાની જાતે વિસ્તરણ કામ કરવાનું પસંદ કર્યું હોય અને/અથવા જ્યાં પુરવઠો માંગવામાં આવ્યો હોય તે જગ્યામા અરજદારનું સ્થાપન કાર્ય બધી રીતે પૂરૂં હોય અને સુપરવાઇઝર દ્વારા પરીક્ષણ થયું હોય તો, સરકાર દ્વારા ઇસ્યૂ કરાયેલ કે માન્ય કરાયેલ પ્રમાણપત્ર, પર અરજદારે સહી કરવી અને તે, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વીજળી પૂરી પાડવા કરેલું ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો,૨૦૦૫ તેમાં કરેલા વખતોવખતના સુધારા મુજબ નિર્દિષ્ટ જરૂરી પરીક્ષણ અહેવાલના ખર્ચની સાથે સ્થાપન કામ પૂરૂં કર્યાનો તથા તેનો પરીક્ષણ અહેવાલ વિતરણ પરવાનેદારને રજૂ કરશે. પરવાનેદાર પરીક્ષણ અહેવાલ મળ્યેથી, લેખિત પહોંચ પત્ર અન્વયે પારસ્પરિક ચર્ચા-વિચારણા કરીને ગ્રાહકના સ્થાપન કાર્યના પરીક્ષણ માટે તારીખ નિયત કરશે. આવી માહિતી મળ્યાની તારીખથી વર્ગ-૧ના શહેરો અને શહેરી વિસ્તારોમાં ૭ કામકાજનાં દિવસોમાં તથા ગ્રામીણ વિસ્તારોમાં ૧૦ કામકાજના દિવસમાં પરીક્ષણની તારીખ નિયત કરાશે.

સિવાય કે, જો વીજળી સ્થાપન ૬૫૦ વોલ્ટ્સ કરતાં વધી જાય તો તેનું નિરીક્ષણ વિદ્યુત નિરીક્ષક દ્વારા કરાવવાની

જરૂરિયાત રહેશે અને પુરવઠો શરૂ કરતાં પહેલાં તેની લેખિત મંજૂરી મેળવવાની રહેશે.

આ હેતુસર ટેસ્ટ રીપોર્ટ ફોર્મ વિતરણ પરવાનેદાર દ્વારા પૂરૂ પડાશે.

૪.૪૦ જેમણે સ્થાપન કાર્ય હાથ ધર્યું હોય તે લાઇસન્સ ધરાવનાર વીજળી કોન્ટ્રાક્ટર કે તેના અધિકૃત પ્રતિનિધિની સાથે અરજદાર કે તેના અધિકૃત પ્રતિનિધિ પરીક્ષણ દરમ્યાન હાજર રહેશે. જો ગ્રાહકનું સ્થાપન કાર્ય સંતોષકારક જણાય તો પરવાનેદાર ગ્રાહકની હાજરીમાં મીટર અને સહાયક સામગ્રી ગોઠવવાની વ્યવસ્થા કરશે અને મીટર, મીટર બોક્ષને અને સહાયક સામગ્રીને સીલ મારશે, અને પરીક્ષણની તારીખથી ૨ કામકાજના દિવસમાં વીજ પુરવઠો પૂરો પાડશે.

૪.૪૧ જો પરવાનેદારને સંતોષ નહીં થાય તો પહોંચ પત્ર હેઠળ અરજદારને, ગ્રાહકના સ્થાપનમાં રહેલ ભૂલો/ખામીઓની સ્થળ પર જ લેખિતમાં જાણ કરશે. અરજદાર, ખામીમાં સુધારો કર્યા બાદ, પરવાનેદારને લેખિતમાં તેની જાણ કરશે, ત્યારબાદ પરવાનેદાર આ સંહિતાના ખંડ ૪.૪૩માં ઠરાવ્યા મુજબની કાર્યપધ્ધતિ ફરીથી અનુસરશે.

૪.૪૨ કામ પૂરૂં થતાં, પરવાનેદાર અરજદારને વીજ પુરવઠો મેળવવા અંગે જાણ કરશે અને અરજદાર આવી જાણ કર્યાના ૯૦ દિવસની મુદતમાં વીજળી મેળવવામાં નિષ્ફળ જાય તો તે લાગુ પડતો માંગ ખર્ચ (ડીમાન્ડ ચાર્જ) અને ન્યૂનતમ માસિક ખર્ચ ચૂકવવા જવાબદાર રહેશે. ખાસ સંજોગોમાં, પરવાનેદાર, ઉપર મુજબની ૯૦ દિવસની મુદતમાં વધારો કરી શકશે.

૪.૪૩ ગ્રાહકના વીજસ્થાપનનું પુન:પરીક્ષણ થાય અને નક્કી કરેલી ફીની ચૂકવણી (પરવાનેદાર પ્રથમ પરીક્ષણ માટે કોઇ ફી લેશે નહીં, પરંતુ પ્રારંભિક પરીક્ષણમાં જણાયેલ ખામીઓ/ ભૂલોને કારણે પછીનાં પરિક્ષણો માટે ફી વસુલ કરશે) થયેથી જો ગ્રાહકનું વીજ-સ્થાપન પરવાનેદારને સંતોષકારક જણાય તો પરવાનેદાર આવા પુન:પરીક્ષણના ૨ કામકાજના દિવસોમાં અરજદારની હાજરીમાં મીટર અને સહાયક સામગ્રી લગાડીને અને તેના પર સીલ મારીને, વીજ પુરવઠો પૂરો પાડશે.

૪.૪૪ બીજી પરિસ્થિતિઓ સમાન હોય તો, શક્ય હોય ત્યાં સુધી, અનામતનાં નાણા મળ્યા તારીખના ક્રમમાં સર્વિસ લાઇન નંખાશે.

INDEX

હંગામી પૂરવઠો પૂરો પાડવાની કાર્યપધ્ધતિ :

૪.૪૫ એકી વખત ૧૨ મહિનાની મુદત માટે હંગામી જોડાણ મંજૂર કરાશે. હંગામી પૂરવઠાની મુદતમાં વધારો કરવા, આ સંહિતાના ખંડ ૪.૫૭ માં વિગતે આપેલ કાર્યપધ્ધતિ લાગુ પડશે.

૪.૪૬ એલ.ટી. જોડાણો માટે ટેકનિકલ રીતે શક્ય હોય ત્યાં પ્રિ-પેઈડ મીટરો મારફત હંગામી જોડાણ મંજૂર કરાશે.

૪.૪૭ અરજદાર આ સંહિતાના જોડાણ-૧ અને ૨ માં ઠરાવેલ ફોર્મેટમાં (લાગુ પડે તે પ્રમાણે) હંગામી પુરવઠા માટે અરજી કરશે અને સાથે આ સંહિતાના ખંડ ૪.૧૫ – ૪.૨૦ માં ઠરાવેલ દસ્તાવેજો તેમજ સ્થાનિક સત્તાધિકારીની માલિકીની જગ્યાએ પૂરવઠો જરૂરી હોય તો સ્થાનિક સત્તાધિકારી પાસેથી 'ના-વાંધા પ્રમાણપત્ર' રજૂ કરવાનો રહેશે.

સિવાય કે, ૧૦૦ કે વધુ વ્યક્તિઓ ભેગી થવાની શક્યતા હોય તેવી જગ્યા/સ્થળે હંગામી પૂરવઠો જરૂરી હોય ત્યાં અરજદારે અધિનિયમની કલમ-૫૪ની જોગવાઈઓનું પાલન કરવું.

સિવાય કે વધુમાં, જોડાણ કાર્યરત થયા પછી સક્ષમ સત્તામંડળ દ્વારા પરવાનો/'ના-વાંધા પ્રમાણપત્ર' પાછું ખેંચવાના કિસ્સામાં, જોડાણ કાપી નાખવાનું રહેશે અને પરવાનગી/'ના-વાંધા પ્રમાણપત્ર' પરત કરવાથી જ પુન: જોડાણ કરી શકાશે.

૪.૪૮ પરવાનેદાર આ સંહિતાના ખંડ ૪.૨૧ – ૪.૩૨માં આપેલ કાર્યપધ્ધતિ અનુસાર અરજી પત્રકની પ્રક્રિયા કરશે.

૪.૪૯ નિરીક્ષણ દરમ્યાન, પરવાનેદાર જેના માટે અરજી કરી હોય તે જોડાણની ટેકનિકલ શક્યતા તપાસશે. જો જોડાણ ટેકનિકલ દ્રષ્ટિથી શક્ય ન જણાય તો, અરજી પત્રક મળ્યા પછી એલ.ટી. માટે ૩ કામકાજના દિવસોમાં એચ.ટી./ઈ.એચ.ટી. જોડાણો માટે ૧૫ કામકાજના દિવસોમાં અરજદારને તે અંગેના કારણો આપીને લેખિતમાં જાણ કરશે. આમ છતા ૧૦ કિ.વો. સુધીમાં જોડાણો માટે ટેકનિકલ કારણોસર અસ્વીકાર કરાશે નહીં.

૪.૫૦ જોડાણનું નિરીક્ષણ/પુન:નિરીક્ષણ કરાતાં તે શક્ય જણાય તો, પરવાનેદાર અરજી કરાયેલ વીજભાર મંજૂર કરશે અને ઉપરના ખંડ ૪.૩૧ અને ૪.૩૨ અનુસાર નિરીક્ષણના ૭ દિવસની અંદર અનામત અંગે આ સંહિતાના ખંડ ૪.૩૩ અનુસાર માંગ નોંધ આપશે. પરવાનેદાર અને અરજદાર બન્ને આ સંહિતાના ખંડો ૪.૩૪ – ૪.૪૩ માં ઠરાવેલ કાર્યપધ્ધતિ અને સમય-રેખા અનુસરશે.

૪.૫૧ પરિક્ષણ દરમ્યાન જેમણે વીજસ્થાપન કાર્ય હાથ ધર્યુ હોય તે લાઈસન્સ ધરાવનાર વીજળી કોન્ટ્રાક્ટર કે તેના અધિકૃત પ્રતિનિધિની સાથે અરજદાર કે તેના અધિકૃત પ્રતિનિધિ હાજર રહેશે. જો પરવાનેદાર સંતુષ્ટ હોય તો તે જ સ્થળે લેખિત પહોંચ પત્ર આપવામાં આવશે.

૪.૫૨ જો પરવાનેદાર સંતુષ્ટ ન હોય તો પહોંચપત્ર હેઠળ અરજદારને ગ્રાહકના સ્થાપનમાં રહેલી ભૂલો/ખામીઓની સ્થળ પર જ પહોંચ પત્ર હેઠળ લેખિતમાં જાણ કરશે. અરજદાર ખામીઓમાં સુધારો કર્યા બાદ, પરવાનેદારને લેખિતમાં જાણ કરશે, ત્યારબાદ, પરવાનેદાર ફરીથી આ સંહિતાના ખંડ ૪.૪૦ માં ઠરાવેલ કાર્યપધ્ધતિ ને અનુસરશે.

૪.૫૩ ગ્રાહકના વીજ-સ્થાપનનું પુન:પરીક્ષણ થાય અને ઠરાવેલ ફીની ચૂકવણી થવેથી(પરવાનેદાર પ્રથમ પરીક્ષણ માટે કોઈ ફી વસૂલ કરશે નહીં. પરંતુ પ્રાથમિક પરીક્ષણમાં જણાયેલી ભૂલો/ખામીઓને કારણે પછીનાં પરીક્ષણો માટે ફી વસૂલ કરાશે). ગ્રાહકનું વીજ-સ્થાપન સંતોષકારક જણાય તો પરવાનેદાર દ્વારા સ્થળ પર જ લેખિત પહોંચ આપવામા આવશે.

૪.૫૪ હંગામી વીજળી જોડાણ માટે માંગ નોંધ પ્રમાણે અરજદાર ખર્ચ જમા કરાવે અને ગ્રાહકના વીજસ્થાપનના સંતોષકારક પરીક્ષણ પછી, અરજી પત્રકમાં દર્શાવ્યા મુજબ જરૂરિયાતની તારીખે અથવા ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો, ૨૦૦૫ અને તેમાં વખતોવખત કરેલા સુધારા મુજબ અપાયેલ સમયરેખા પ્રમાણે હંગામી જોડાણ શરૂ કરવામાં આવશે.

૪.૫૫ જો પરવાનેદારના વિસ્તારમાં કોઈપણ જગ્યાએ અરજદારના નામે બાકી રકમ નીકળતી હોય તો આવી રકમો ગ્રાહક ભરે નહીં ત્યાં સુધી હંગામી જોડાણ આપવામાં આવશે નહીં.

૪.૫૬ હંગામી પુરવઠાની મુદત પૂરી થાય અને પુરવઠો બંધ કરી દેવામાં આવે ત્યારપછી, પરવાનેદાર ખરેખર વપરાશના ધોરણે આખરી બિલ તૈયાર કરશે. અનામત રકમ, વણ ચુકવાયેલ બાકી રકમને સમાયોજિત કર્યા પછી, દર મહિને ૧% ના દરે માલ-સામાન (મીટર, ટ્રાન્સફોર્મર, આઈસોલેટર વગેરે) ખર્ચ બાદ કર્યા પછી અને તેના ઉભા કરવા અને છુટા કરવા માટે કરેલ ખરેખર ખર્ચ જે માલ-સામાનના ખર્ચના ૧૦૦% કરતાં વધુ ના હોય તે બાદ કર્યા બાદ, પરવાનેદાર દ્વારા પરત કરાશે. જોડાણ છુટું કર્યાના ૬૦ દિવસની અંદર આ જામીન રકમ પરત કરાશે, તેમાં નિષ્ફળ જશે તો પરવાનેદાર, આયોગ દ્વારા બહાર પાડેલ પ્રવર્તમાન પ્રશુલ્ક આદેશ અનુસાર વિલંબિત ચુકવણી સરચાર્જની સમતુલ્ય દરે વ્યાજ ચુકવવા જવાબદાર રહેશે.

૪.૫૭ હંગામી પુરવઠાની મુદત લંબાવવા માટે, ગ્રાહક હંગામી પુરવઠાની મુદત સમાપ્ત થાય તેના ૭ દિવસ અગાઉ લેખિતમાં પરવાનેદારને અરજી કરશે. પરવાનેદાર મુદત લંબાવવાએ મંજૂરી આપી શકશે અને લેખિત વિનંતી મળ્યાના ૭ કામકાજના દિવસોમાં મુદત લંબાવવા માટે આગોતરી વીજળી ખર્ચની માંગ નોંધ ગ્રાહકને મોકલી આપશે.

૪.૫૮ અરજદાર, વર્ગ-૧ શહેરો અને શહેરી વિસ્તારો માટે શરૂઆતની મંજૂર કરેલ પુરવઠો શરૂ કરવાની તારીખના ઓછામાં ઓછા ૪ દિવસ અગાઉ અને ગ્રામીણ વિસ્તારોમાં ઓછામાં ઓછા ૮ દિવસ અગાઉ પરવાનેદારને અરજી કરીને, મંજૂર કરેલ તારીખથી ૯૦ દિવસ પછીની ન હોય તેવી તારીખે સુધારેલ હંગામી પુરવઠો મેળવવાની તારીખ મેળવી શકશે.

૪.૫૯ હંગામી જોડાણ આપવાથી, કાયમી જોડાણનો અધિકાર અરજદારને પક્ષે ઉભો થશે નહી, તેનું સંચાલન અધિનિયમ અને વિનિયમોની જોગવાઈઓ અનુસાર કરવામા આવશે.

હયાત (હાલનાં / મોજૂદ) જોડાણોમાં સુધારા માટેની કાર્યપધ્ધતિ :

૪.૬૦ અરજદારે નીચેના માટે અરજી કરવી.

(૧) માલિકી/કબ્જામાં ફેરફારને કારણે નોંધણી કરાવેલ ગ્રાહકનાં નામમાં ફેરફાર, (૨) માલિકી કાયદાકીય વારસદારને તબદીલ થવી, (૩) સર્વિસમાં પરિવર્તન/ગ્રાહકના વર્ગમાં ફેરફાર/જગ્યા બદલવી (૪) જોડાણ-૧ અને ૨ (લાગુ પડે તે પ્રમાણે) વીજભાર વધારો/ઘટાડો,

૪.૬૧ પરવાનેદારની સ્થાનિક કચેરીએથી અરજી પત્રક વિનામૂલ્યે મળશે. પરવાનેદાર બધાં અરજીપત્રક તેની વેબસાઈટ પર નિ:શુલ્ક ડાઉનલોડ માટે મૂકશે. ગ્રાહક દ્વારા કોરા પત્રકની ફોટો-નકલો કરી શકાશે. અને પરવાનેદાર દ્વારા તેનો સ્વીકાર થશે. પરવાનેદાર ભરેલાં અરજીપત્રક રજુ કરવાનાં હોય તે સંબંધિત કચેરીઓનાં સરનામાં અને ટેલિફોન નંબર સ્પષ્ટપણે વેબસાઈટ પર પ્રદર્શિત કરશે. પરવાનેદાર દરેક કચેરીનાં સરનામાં અને સંબંધિત પુરવઠા વિસ્તારની કચેરીનાં ટેલિફોન નંબરો કે જ્યાં સંબંધિત વિસ્તાર માટે ભરેલાં અરજીપત્રક રજૂ કરી શકાય તેને પ્રદર્શિત કરવાનાં રહેશે. અરજદારને પત્રક ભરવા માટે જોઈતી માહિતી અથવા સહાય, પરવાનેદારની સ્થાનિક કચેરીએથી આપવાની રહેશે.

૪.૬૨ પરવાનેદાર ગ્રાહકોને નવા જોડાણ કે હાલના જોડાણમાં સુધારા માટેની અરજી કરવા વેબસાઈટ તેમજ કોલ સેન્ટરો વગેરે જેવી પધ્ધતિઓ પણ પુરી પાડશે, જેનાં પરિણામે કંપની સાથેની અરજદારની ક્રિયા પ્રતિક્રિયા (interface) ઓછી થશે.

૪.૬૩ જો અરજદારના નામે જોડાણ નોંધાયેલ હોય તો,હાલના જોડાણમાં ફેરફાર માટેના બધા અરજી પત્રકની સાથે આ સંહિતાના ખંડ ૪.૧૫ અનુસાર અરજદારની ઓળખ સાબિતી સાથે જોડવી અનિવાર્ય છે. જો અરજદારના નામે જોડાણ ન નોંધાયેલ હોય તો જે વ્યક્તિનાં નામે જોડાણ નોંધાયેલ હોય તેની પાસેથી 'ના-વાંધા પ્રમાણપત્ર' જરૂરી બનશે.

અરજી પત્રકની પ્રક્રિયા કરવી:

૪.૬૪ પરવાનેદાર, અરજી પત્રક અને સાથે જોડેલા દસ્તાવેજોની ખરાઈ કરશે અને ખામીપૂર્ણ જણાશે તો અરજી પત્રકમાં રહેલી ખામીઓ અંગે તુરતજ લેખિત નોંધ મોકલવાની રહેશે. જો અરજી પત્રક, સંપૂર્ણ હોય તો પરવાનેદાર, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(પુરવઠો પુરો પાડવા કરેલું ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો, ૨૦૦૫ અને તેના સુધારા અનુસાર નોંધણી ખર્ચ સ્વીકારીને તેની પહોંચ આપશે.

૪.૬૫ પરવાનેદારે તમામ પત્રકનો કાયમી રેકોર્ડ અરજી રજિસ્ટર/ડેટા-બેઝ હેઠળ જાળવવાનો રહેશે. અરજી જે ક્રમમાં મળી હોય

તે ક્રમમાં દરેક અરજી પત્રકને અરજી નંબર (ઓળખ માટે) આપવાનો રહેશે. પરવાનેદાર દરેક અરજી પત્રકના નિકાલની તબક્કાવાર સ્થિતિ પ્રમાણે રજિસ્ટર/ડેટાબેઝ અદ્યતન રાખશે. પરવાનેદાર 'વહેલા તે પહેલા' ના વિસ્તૃત સિધ્ધાંતને આધારે અરજી રજિસ્ટર/ડેટાબેઝમાં ક્રમિક અગ્રતા અનુસાર અરજી ફોર્મની કામગીરી હાથ ધરશે.

૪.૬૬ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(પુરવઠો પુરો પાડવા કરેલું ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો, ૨૦૦૫ અને તેમાં કરેલ સુધારેલ વિનિયમો અનુસાર, ઠરાવેલ નોંધણી ખર્ચની સાથેસાથ ઠરાવેલ ફોર્મેટમાં પ્રસ્તુત દસ્તાવેજો સાથે તમામ રીતે સંપૂર્ણ એવી ગ્રાહકની પુરવઠાની માંગણી મળે તે તારીખે અરજી પત્રક મળ્યું હોવાનું ગણાશે.

૪.૬૭ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(પુરવઠો પુરો પાડવા કરેલું ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો,૨૦૦૫ અને તેમાં કરેલ સુધારા સાથે, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જામીન અનામત) વિનિયમો, ૨૦૦૫ અને તેમાં કરેલ સુધારા અનુસાર જામીન અનામત સહિતના તમામ લાગુ ખર્ચ મળ્યાનાં તારીખથી અરજી મળી હોવાનું ગણાશે.

૪.૬૮ નીચે આપેલી વિગતો અનુસાર હયાત જોડાણોમાં ફેરફાર માટે અરજી પત્રકની પ્રક્રિયા પરવાનેદાર કરશે.

સર્વિસ જોડાણની તબદીલી

૪.૬૯ વિતરણ પરવાનેદાર પાસેથી લેખિતમાં મંજૂરી મેળવ્યા સિવાય, ગ્રાહકે પોતે વિતરણ પરવાનેદાર સાથે કરેલા કરારના લાભોની સોંપણી કરી શકશે નહીં, કે બદલી કરી શકશે નહીં કે ભાગમાં આપી શકશે નહીં અથવા તે કોઈ પણ રીતે તેમાં રહેલ હિતમાં ભાગ કે આંશિક કે અલગ હિત ઊભું કરી શકશે નહી.

૪.૭૦ નવો માલિક કે કબજેદાર ગ્રાહકનું મૃત્યુ થતાં અથવા મકાનની માલિકી કે કબ્જામાં તબદીલી થવાનાં કેસમાં જોડાણ-૧ અને ૨ (લાગુ પડે તે પ્રમાણે)નાં નિયત ફોર્મેટમાં અરજી પત્રક ભરીને અન્ય વ્યક્તિના નામે જોડાણ તબદીલ કરી શકાશે.

સિવાય કે, નામની આવી ફેરબદલીથી અરજદાર, હાલના સ્થળથી જોડાણ ખસેડવા માટે હકદાર બનશે નહીં.

૪.૭૧ નીચે વિગતે દર્શાવેલી કાર્યપધ્ધતિ અનુસાર, પરવાનેદાર મિલ્કતની માલિકી/કબ્જા હકમાં ફેરફારને કારણે ગ્રાહકના નામમાં

ફેરફારને લગતી અરજીઓ અંગે પગલાં ભરશે:

(૧) અરજદાર, આ સંહિતાના જોડાણ-૧ કે ૨ (લાગુ પડે તે પ્રમાણે) માં ઠરાવેલ ફોર્મેટની સાથે છેલ્લું યોગ્ય ચુકવણી થયેલ બિલની નકલ સાથે ગ્રાહકના નામમાં ફેરફાર માટે અરજી કરશે. જ્યાં સુધી સંબંધિત જોડાણ સામેના વસુલપાત્ર તમામ લેણાની પતાવટ કરાય નહીં ત્યાં સુધી જોડાણ તબદીલ કરવાની દરખાસ્ત સ્વીકારશે નહીં. જગ્યાની માલિકી/કબ્જાનું પ્રમાણ દર્શાવ્યેથી અરજીપત્રકનો સ્વીકાર કરાશે. અરજદારને નામે જામીન અનામતની તબદીલી સામેલ હોય તેવા કેસો માટે નોંધાયેલ ગ્રાહક કે જગ્યાના અધિકૃત વ્યક્તિ પાસેથી 'ના-વાંધા પ્રમાણપત્ર' જરૂરી બનશે. અરજદારના નામે જામીન અનામત તબદીલ કરવાના કેસમાં ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(જામીન અનામત) વિનિયમો,૨૦૦૫ અને તેના સુધારા અનુસાર ગણેલ જામીન અનામતની ઘટ અરજદારે ચુકવવાની રહેશે. પરવાનેદાર આ સંહિતાના ખંડો ૪.૬૪ – ૪.૬૬ અનુસાર અરજી પત્રકની પ્રક્રિયા કરશે.

(૨) નોંધાયેલ ગ્રાહક કે અધિકૃત વ્યક્તિ પાસેથી 'ના-વાંધા પ્રમાણપત્ર' રજુ ન કરાય તો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જામીન અનામત) વિનિયમો, ૨૦૦૫ અને તેના વખતોવખતનાં સુધારામાં નિયત કર્યા મુજબ જો જામીન અનામતની રકમ નવેસરથી ચુકવાય તો જ નામની ફેરબદલી માટેનું અરજી પત્રક સ્વીકારાશે. આમ છતાં સંબંધિત વ્યક્તિ દ્વારા હકદાવો કરાય ત્યારે હકદાવો કરનારને મૂળ જામીન અનામતની રકમ પરત કરાશે.

(૩) ગ્રાહકના નામનો ફેરફાર, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો, ૨૦૦૫ અને તેમાં વખતોવખત સુધારામાં ઠરાવેલ સમય-માળખા મુજબ અમલી બનશે.

INDEX

૪.૭૨ નીચે વિગતે દર્શાવેલ કાર્યપધ્ધતિ અનુસાર પરવાનેદાર ગ્રાહકનું નામ કાયદેસરના વારસને તબદીલ કરવાને લગતી અરજીઓ હાથ ધરશે.

(૧) અરજદાર, આ સંહિતાના જોડાણ ૧ કે ૨ (લાગુ પડે તે પ્રમાણે)માં ઠરાવેલ ફોર્મેટ સાથે છેલ્લું યોગ્ય ચુકવણી થયેલ બીલની સાથે ગ્રાહકના નામમાં ફેરફાર કરવા અરજી કરશે. જોડાણ કાયદેસર વારસો પૈકી કોઈ એકના નામે બદલવાનું હોય તે કેસમાં નોંધાયેલ વસિયત/ખત, વારસાઈ/કાયદાકીય વારસદાર પ્રમાણપત્ર મ્યુનિસિપલ/જમીન રેકર્ડમાં ફેરફાર અથવા કાયદેસર વારસાઈની બીજી કોઈ સાબિતી અને અન્ય કાયદાકીય વારસ(સો) પાસેથી 'ના વાંધા પ્રમાણપત્ર' દર્શાવ્યેથી અરજી પત્રક સ્વીકારાશે. પરવાનેદાર, આ સંહિતાના ખંડ ૪.૬૫ – ૪.૬૮ અનુસાર અરજી પત્રકની પ્રક્રિયા કરશે.

(૨) મૂળ ગ્રાહકના નામે પરવાનેદાર પાસે રહેલી જામીન અનામત, જેના નામે જોડાણ તબદીલ કરવાનું હોય તેવા કાયદેસરના વારસને તબદીલ કરાશે અને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જામીન અનામત) વિનિયમો,૨૦૦૫ અને તેના વખતોવખત સુધારા અનુસાર ગણેલ જામીન અનામતની ઘટ અરજદારે ચુકવવાની રહેશે.

(૩) ગ્રાહકના નામનો ફેરફાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો, ૨૦૦૫ના અને તેનાં વખતોવખત સુધારામાં ઠરાવેલ સમય-માળખા પ્રમાણે કરાશે.

(૪) વીજળી અંગેનું કોઈ ખર્ચ અથવા વીજળી ખર્ચ સિવાયની બીજી કોઈ રકમ પરવાનેદારને બાકી અને ચુકવવાપાત્ર થતી હોય જે મૃત્યુ પામનાર ગ્રાહક કે કોઈપણ જમીન/જગ્યાના ભૂતપૂર્વ માલિક/કબજેદાર દ્વારા ચુકવવી બાકી હોય તો જેને જગ્યાની સોંપણી થતી હોય તેવા કાયદાકીય પ્રતિનિધિ/કાયદાથી વારસદાર અથવા જગ્યા નવા માલિકને નામે તબદીલ થશે અને પરવાનેદાર આવા કાયદાકીય પ્રતિનિધિ કે કાયદાથી વારસદાર કે જગ્યા નવા માલિક/કબજેદાર પાસેથી બાકી રકમ તરીકે વસુલાતપાત્ર બનશે.

સર્વિસીસનું પરિવર્તન

૪.૭૩ અરજદારે, આ સંહિતાના જોડાણ-૧ અને ૨ માં (લાગુ પડે તે પ્રમાણે) ઠરાવેલ ફોર્મેટમાં તેના હાલની જગ્યામાંના જોડાણનું સ્વરૂપ રૂપાંતરિત કરવા અરજી કરી શકશે. પરવાનેદાર આ સંહિતાના ખંડ ૪.૬૪ – ૪.૬૬ અનુસાર અરજીપત્રકની પ્રક્રિયા કરશે. સ્થળનું નિરીક્ષણ અને કામોના અંદાજી ખર્ચ માટેની માંગ નોંધની બજવણી અને ચુકવણી માટે, પરવાનેદાર અને અરજદાર બન્ને આ સંહિતાના ખંડો ૪.૨૬ – ૪.૩૭ માં ઠરાવેલ કાર્યપધ્ધતિ અને સમય-રેખાને અનુસરશે. અરજદાર દ્વારા માગેલ ખર્ચની ચુકવણી થયા બાદ પરવાનેદાર હાલની સર્વિસીસને હળવા દબાણ(એલ.ટી.) માંથી ભારે દબાણ(એચ.ટી.) કે તેથી ઉલટું તથા સિંગલ ફેઝમાંથી થ્રી ફેઝ કે તેથી ઊલટું એમ રૂપાંતર કરવાની અરજીઓને ગ્રાહકોના સંબંધિત વર્ગ માટે કામગીરી ધોરણના વિનિયમોમાં નિર્દિષ્ટ સમય-મર્યાદામાં કાર્યાન્વિત કરશે.

મીટર /હાલનાં જોડાણનું સ્થળાંતર :

૪.૭૪ અરજદારે, આ સંહિતાના જોડાણ ૧ અને ૨ (લાગુ પડે તે પ્રમાણે)માં ઠરાવેલ ફોર્મેટમાં હાલની જગ્યામાંના સર્વિસ જોડાણ/મીટર ખસેડવા અરજી કરી શકશે. પરવાનેદાર આ સંહિતાના ખંડો ૪.૬૪ – ૪.૬૬ અનુસાર અરજી પત્રકની પ્રક્રિયા કરશે. સ્થળનું નિરીક્ષણ અને કામોના અંદાજીત ખર્ચની માંગ નોંધની બજવણી અને ચુકવણી, માટે પરવાનેદાર અને અરજદાર બન્ને આ સંહિતાના ખંડ ૪.૨૬ – ૪.૩૭માં ઠરાવેલ કાર્યપધ્ધતિ અને સમય-રેખાને અનુસરશે.

૪.૭૫ કામો પૂરાં કરવાં અને હિસાબની પતાવટ માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો, ૨૦૦૫ અને વખતો વખત થયેલા સુધારામાં નિર્દિષ્ટ સમય-સુચિનું પાલન કરવાનું રહેશે.

ગ્રાહક વર્ગનું પુનઃવર્ગીકરણ :

૪.૭૬ જો એમ માલૂમ પડે કે, ગ્રાહકનું વર્ગીકરણ ચોક્કસ વર્ગમાં ભૂલ ભરેલું છે અથવા કરાર માંગના કોઈ ઘટાડો કે વધારા માટે કોઈ આદેશ મેળવ્યો છે તો, ગ્રાહકને બદલેલા વર્ગીકરણ કે સુધારેલ કરાર માંગના આધારે નવેસરથી કરાર કરવા નોટિસ (ન્યૂનતમ ૩૦ દિવસનો નોટિસ સમય-ગાળો) આપ્યા પછી વિતરણ પરવાનેદાર તેનું યોગ્ય વર્ગ હેઠળ વર્ગીકરણ કરશે. જો ગ્રાહક નવેસરથી કરાર કરવાની નોટિસમાં દર્શાવેલા સમયની અંદર પગલાં નહીં લે તો, વિતરણ પરવનેદાર, તે સમયે અમલમાં હોય તે અધિનિયમો, નિયમો અને વિનિયમોની જોગવાઈઓને આધીન રહીને, ૨૧ દિવસની કારણદર્શક નોટિસ બજાવીને અને તેને કોઈ ખુલાસો હોય તો તે વિચારણામાં લઈને વીજ-પુરવઠાનું જોડાણ કાપી નાખશે.

વધુમાં વિતરણ પરવાનેદાર, ગ્રાહક દ્વારા પ્રશુલ્ક વર્ગમાં ફેરફાર માટેની અરજીઓની પ્રશુલ્ક વર્ગમાં ફેરફાર કરવા અંગેની આવી અરજી મળ્યા પછી અધિકતમ ૭ દિવસની મુદતમાં નિકાલ કરશે અથવા લાગુ પડે તે પ્રમાણે, પ્રશુલ્ક વર્ગમાં ફેરફાર ન કરવા માટેનાં કારણો જણાવશે. કોઇ તકરારના કેસમાં આ બાબત અંગે ગ્રાહક ફરિયાદ નિવારણ માટેનાં ફોરમ સમક્ષ રાખી શકાશે.

૪.૭૭ ગ્રાહક પોતાનો ગ્રાહક વર્ગ બદલવા માગે તો તેણે આ સંહિતાના જોડાણ-૧ અને ૨ (લાગુ પડે તે પ્રમાણે) માં ઠરાવેલ ફોર્મેટમાં અરજી પત્રક આપી શકશે. સ્થળનું નિરીક્ષણ માટે અને કામોના અંદાજીત ખર્ચની માંગ નોંધની બજવણી અને ચુકવણી માટે પરવાનેદાર અને અરજદાર બન્ને આ સંહિતાના ખંડ ૪.૨૬ – ૪.૩૭માં ઠરાવેલ કાર્યપધ્ધતિ અને સમય-રેખાને અનુસરશે. પરવાનેદાર સંહિતાના ખંડ ૪.૬૪ – ૪.૬૬ અનુસાર અરજી પત્રકની પ્રક્રિયા કરશે. પરવાનેદાર નિરીક્ષણના સમયે મીટર-વાંચન પણ નોંધી લેશે. નિરીક્ષણ વખતે અરજદારની પુન:વર્ગીકરણ માટેની વિનંતી પ્રમાણભૂત જણાય તો, નિરીક્ષણની તારીખથી વર્ગમાં ફેરફાર અમલી બનશે અને લેખિત પહોંચ-પત્ર ગ્રાહકને મોકલશે.

૪.૭૮ વિતરણ પરવાનેદાર, ગ્રાહક દ્વારા પ્રશુલ્ક વર્ગના ફેરફાર અંગેની આવી અરજીઓ મળ્યા પછી અધિકતમ ૭ દિવસની મુદતમાં અરજીનો નિકાલ કરશે. પરવાનેદારને પુન:વર્ગીકરણ માટેની વિનંતી પ્રમાણભૂત ન જણાય તો અરજદારને નિરીક્ષણની તારીખથી ૧૦ દિવસની અંદર તે માટેના કારણો લેખિતમાં આપીને જાણ કરશે.

૪.૭૯ ગ્રાહકની પુન:વર્ગીકરણની અરજી ઠરાવેલ સમય-મર્યાદા કરતાં વધુ સમયથી બાકી હોય તો ગ્રાહક વીજળીના અનઅધિકૃત ઉપયોગના કારણસર કોઇપણ પગલાં માટે યોગ્ય ઠરશે નહીં.

વીજભાર વધારો :

૪.૮૦ અરજદારો, આ સંહિતાના જોડાણો-૧ અને ૨ (લાગુ પડે તે પ્રમાણે)માં ઠરાવેલ ફોર્મેટમાં પરવાનેદારને વીજભાર વધારા માટે અરજી કરશે. પરવાનેદાર સંહિતાના ખંડ ૪.૬૪ – ૪.૬૬ અનુસાર અરજી પત્રકની પ્રક્રિયા કરશે. સ્થળ નિરીક્ષણ અને કામોના અંદાજીત ખર્ચની માંગ નોંધની બજવણી અને ચુકવણી માટે પરવાનેદાર અને અરજદાર બન્ને આ સંહિતાના ખંડો ૪.૨૬ – ૪.૩૭ માં ઠરાવેલ કાર્યપધ્ધતિ અને સમય-રેખાને અનુસરશે.

૪.૮૧ જો નિરીક્ષણ કરતાં કોઇ ખામી ન જણાય અથવા ફરીથી નિરીક્ષણ કરતાં અગાઉ ધ્યાનમાં આવેલી ખામીઓ દૂર કરાઇ હોવાનું જણાય તો પરવાનેદાર જે માટે અરજી કરી હોય તે વધારાના વીજભારને મંજૂરી આપશે અને નીચે નિર્દિષ્ટ સમય-મર્યાદામાં પહોંચ-પત્ર અન્વયે લેખિતમાં માંગ નોંધ આપવામાં આવશે.

અનુ. નં.	બાબત	સમય મર્યાદા (અંદર)
૧.	એકંદરે ૧૦૦ કે.વી.એ./૧૦૦ કિ.વો. સુધીનો વીજભાર	અરજી મળ્યાના ૧૦ દિવસની અંદર
૨.	એકંદરે ૧૦૦ કે.વી.એ. /૧૦૦ કિ.વો. થી વધુ અને ૪૦૦૦ કે.વી.એ. સુધીનો વીજભાર	અરજી મળ્યાના ૧૫ દિવસની અંદર
૩.	એકંદરે ૪૦૦૦ કે.વી.એ. કરતાં વધુ વીજભાર	અરજી મળ્યાના ૩૦ દિવસની અંદર

જો કે, અરજદારની જગ્યામાં જણાયેલ ખામીઓ/ન્યૂનતા દૂર કરવા અરજદારે લીધેલો સમય ઉપર નિર્દિષ્ટ સમય-મર્યાદામાં સમાવિષ્ટ થશે નહીં.

૪.૮૨ માંગ નોંધની સાથે અરજદારને મોકલાવેલ પરવાનેદારની લેખિત સુચનામાં નીચેનાનો સમાવેશ થશે:

(૧) વધારાનો વીજભાર હાલના વૉલ્ટેજ કે વધુ વૉલ્ટેજે પૂરો પાડી શકાશે;

(૨) વ્યવસ્થામાં કરવાનાં જરૂરી કોઇ વધારા કે ફેરફારો અને ગ્રાહકે ભોગવવાનું ખર્ચ;

(૩) વધારાની જામીન અનામતની રકમ, વધારાની આધાર સુવિધાઓ (ઇન્ફ્રાસ્ટ્રક્ચર)નું ખર્ચ અને વ્યવસ્થાને મજબુત બનાવવાનો ખર્ચ અથવા ક્ષમતા વધારવાનો કોઇ ખર્ચ જમા કરાવવાનો હોય તો તે;

(૪) ગ્રાહકના વર્ગીકરણમાં ફેરફાર અને જરૂરી હોય તો પ્રશુલ્ક લાગુ પાડવાની પાત્રતા.

જો કે જ્યાં, અંદાજો માંગેલ વીજભારના કિ.વો. દીઠનાં આધારે આપ્યા હોય ત્યાં પેટા ખંડો (૨) અને (૩) લાગુ પડશે નહીં.

૪.૮૩ જો ગ્રાહકે, પરવાનેદારની લેણી રકમ ચુકવવાની બાકી હોય તો વીજભાર વધારવા માટેની અરજી સ્વીકારશે નહીં. આમ છતાં, જો આવી બાકી ચુકવણી અંગે કાયદાની અદાલત કે આયોગ કે નિયુક્ત સત્તાધિકારીએ સ્ટે આપ્યો હોય તો અરજી પત્રક સ્વીકારી શકશે.

૪.૮૪ વીજભાર વધારો આપવાનું શક્ય હોય તો, ગ્રાહકે :

(૧) વધારાની જામીન અનામત, વ્યવસ્થામાં કરવાનાં જરૂરી કોઇ વધારા કે ફેરફારનો ખર્ચ અને વ્યવસ્થાને મજબુત અથવા ક્ષમતા વધારવાનો કોઇ ખર્ચ હોય તો તેની ચુકવણી માંગ નોંધ મળ્યાના ૩૦ કામકાજના દિવસોમાં કરવાની રહેશે; અને

(૨) વધારાના વીજભાર માટે પુરક (સપ્લીમેન્ટરી) કરાર કરવાનો રહેશે.

૪.૮૫.અરજી મળ્યાની તારીખથી વધારાનો વીજભાર આપવાની એકંદર સમય-રેખા નીચે મુજબ રહેશે.

વધારાનો વીજભાર છૂટો કરવાની સમય-રેખા

અનુ.નં	બાબત	સમય-મર્યાદા (અંદર)
૧.	એકંદરે ૧૦૦ કે.વી.એ./૧૦૦ કિ.વો. સુધીનો વીજભાર	ઔપચારિકતા/ માંગ નોંધનું પાલન કર્યા પછી ૨૦ દિવસમાં. જો ક્ષમતામાં વધારો જરૂરી ન હોય તો, અન્યથા ૬૦ દિવસ
૨.	એકંદરે ૧૦૦ કે.વી.એ./૧૦૦ કિ.વો. થી વધુ અને ૪૦૦૦ કે.વી.એ સુધીનો વીજભાર	અરજદારને માંગ નોંધ/ઔપચારિકતાનું પાલન કર્યા પછી ૪૫ દિવસ
૩.	એકંદરે ૪૦૦૦ કે.વી.એ. કરતાં વધુ વીજભાર	અરજદાર દ્વારા ઔપચારિકતા/ માંગ નોંધનું પાલન કર્યા પછી ૧૮૦ દિવસની અંદર

૪.૮૬ પરવાનેદારના કાર્ય કે ક્ષતિને કારણે જો ગ્રાહક નારાજગી અનુભવે તો, તે પોતાની ફરિયાદના નિવારણ માટે સંબંધિત ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ પોતાની રજૂઆત કરી શકશે.

૪.૮૭ પરવાનેદાર દ્વારા ઉપર જણાવેલ મુદતમાં અરજી અંગે નિર્ણય નહીં કરાય તો, અરજદાર, પરવાનેદારને લેખિત નોટિસ આપીને તે બાબત પરત્વે તેમનું ધ્યાન દોરી શકશે તેમ છતાં વધુ ૧૫ દિવસની મુદતમાં કોઇ નિર્ણય જણાવવામાં ન આવે તો કરાર માંગમાં વધારાની પરવાનગી અપાઇ હોવાનું માની લેવામાં આવશે.

વીજભાર ઘટાડો :

૪.૮૮અરજદાર આ સંહિતાનાં જોડાણ-૧ અને ૨ (લાગું પડે તે પ્રમાણે) માં ઠરાવેલ ફોર્મેટમાં પરવાનેદારને વીજભાર ઘટાડા માટે અરજી કરી શકશે, જેની સાથે નીચેના દસ્તાવેજો જોડવા:

(૧) વીજસ્થાપનમાં ફેરફાર/સુધારા/વિદ્યુત ઉપકરણો દૂર કરવાની વિગતો અને તેની સાથે કામ પૂરૂં કર્યાનું પ્રમાણપત્ર અને સ્થાપનમાં ફેરફાર સામેલ હોય ત્યાં લાઇસન્સ ધરાવનાર વીજ-કોન્ટ્રાક્ટર પાસેથી લીધેલ પરીક્ષણ અહેવાલ.

(૨) કરાર માંગના ઘટાડા માટે બીજું કોઇ કારણ(ણો)

૪.૮૯ પરવાનેદાર, આ સંહિતાના ખંડો ૪.૬૪ – ૪.૬૬ અનુસાર અરજી પત્રકની પ્રક્રિયા કરશે. સ્થળ નિરીક્ષણ માટે પરવાનેદાર અને અરજદાર બન્ને આ સંહિતાના ખંડ ૪.૨૬ -૪.૩૭ માં ઠરાવેલ કાર્યપધ્ધતિ અને સમયરેખાને અનુસરશે.

૪.૯૦ પરવાનેદાર અરજીમાં દર્શાવેલ કારણો અંગે વિચારણા કરશે, નિરીક્ષણ દરમ્યાન તેની ખરાઇ કરશે અને નિરીક્ષણની તારીખથી ૭ કામકાજના દિવસોની અંદર વાજબી કારણ દર્શાવતો સંપૂર્ણ સ્પષ્ટીકરણ કરતો હુકમ આપીને અરજીનો નિર્ણય કરશે. જો પરવાનેદારના પગલા કે ભુલને કારણે ગ્રાહક નારાજગી અનુભવે તો તે પોતાની ફરિયાદના નિવારણ માટે સંબંધિત ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ પોતાની રજૂઆત દાખલ કરી શકશે.

૪.૯૧ જો પરવાનેદાર, વીજભાર ઘટાડો મંજૂર કરે તો જરૂર હોય તો મીટર અને સર્વિસ લાઇન બદલી શકાશે અને અરજદાર પાસેથી ખર્ચ વસૂલ કરાશે. પરવાનેદાર એલ.ટી. સર્વિસ જોડાણનાં કેસમાં ૧૦ દિવસની અંદર, એચ.ટી. સર્વિસ જોડાણનાં કેસમાં ૧૫ દિવસમાં અને ઇ.એચ.ટી. સર્વિસ જોડાણનાં કેસમાં ૩૦ દિવસના પહોંચ-પત્ર અન્વયે ગ્રાહકને લેખિતમાં માંગ નોંધ આપશે અને તેના માટે પરવાનેદાર તથા અરજદાર બન્ને આ સંહિતાના ખંડો ૪.૩૩ – ૪.૩૭ માં ઠરાવેલ કાર્યપધ્ધતિ અને સમયરેખાને અનુસરશે.

૪.૯૨ ઉપરના ખંડ ૪.૯૧ માં દર્શાવેલ મુદતમાં પરવાનેદાર દ્વારા અરજી અંગે નિર્ણય નહીં કરાય તો, અરજદાર પરવાનેદારને લેખિત નોટિસ દ્વારા આ બાબત પરત્વે તેમનું ધ્યાન દોરશે. જો ૧૫ દિવસની અંદર ગ્રાહકને કોઇ નિર્ણય નહીં જણાવવામાં આવે તો કરાર માંગમાં ઘટાડા અંગેની પરવાનગી મળી હોવાનું ગણવામાં આવશે.

૪.૯૩ જો પરવાનેદારે વીજભાર ઘટાડો સંપૂર્ણ સ્પષ્ટીકરણ કરતા આદેશ થકી મંજૂર કર્યો હોય તો તે નિરીક્ષણની તારીખથી અમલી બનશે અને ગ્રાહકને લેખિત પત્ર પહોંચ મોકલશે.

૪.૯૪ વીજભાર ઘટાડાને કારણે જામીન અનામત અંગે કોઇ તફાવત પડે તો તેનો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના(જામીન અનામત) વિનિયમો,૨૦૦૫ અને તેના વખતોવખત સુધારામાં કરેલ જોગવાઇ મુજબ સમાયોજિત (એડજસ્ટ) કરવાની રહેશે.

કરાર વીજભાર/મંજુર વીજભાર/કરાર માંગની સમીક્ષા :

૪.૯૫ એચ.ટી., ઇ.એચ.ટી. અને માંગ આધારિત એલ.ટી. જોડાણોના કેસમાં,જો નોંધાયેલી અધિકતમ માંગ, છેલ્લા નાણાકીય વર્ષ દરમ્યાન ઓછામાં ઓછું ૪ વખત ૫% કે તેથી વધુ કરાર-માંગથી વધેલ હોય તો, પરવાનેદાર ગ્રાહકને વીજભાર વધારા માટે અરજી પત્રક રજુ કરવા ૩૦ દિવસની નોટિસ આપશે. નોટિસની મુદત પૂરી થતાં સુધી ગ્રાહક પાસેથી કોઇ જવાબ ન આવે તો પરવાનેદાર, છેલ્લા નાણાકીય વર્ષમાં ગ્રાહકના MDI મીટરે દર્શાવેલ અધિકતમ ચાર રેકર્ડિંગની સરેરાશ મુજબ ગ્રાહકની કરાર માંગ વધારવાની કાર્યવાહી શરૂ કરશે. આવા કેસમાં, વધારેલી માંગ નિયમિત કરવા ગ્રાહક આ સંહિતાની જોગવાઇઓ અનુસાર લાગુ પડતા તમામ ખર્ચ ચૂકવવા જવાબદાર બનશે. આવા ખર્ચ મળતાં, વધારેલી માંગને સુધારેલી કરાર માંગ ગણવામાં આવશે અને કરારની બધી જોગવાઇઓ સુધારેલી કરાર માંગ માટે આવા ગ્રાહકોને લાગુ પડશે.

બિન-માંગ આધારિત એલ.ટી જોડાણોના કેસમાં, કરાર વીજભાર/ મંજુર વીજભારની સમીક્ષા નાણાકીય વર્ષ દરમ્યાન એક વખત કરવામાં આવશે અને જો રહેણાક ગ્રાહકોનાં કેસમાં આવા જોડાણોમાં જોડાયેલ વીજભાર કરાર વીજભાર/ મંજુર વીજભાર કરતા ૨૫% કે તેથી વધુ હોય અને બીજા વર્ગના ગ્રાહકો માટે જોડાયેલ વીજભાર કરાર વીજભાર/ મંજુર વીજભાર કરતા ૧૦% કે તેથી વધુ હોય તો પરવાનેદાર ગ્રાહકને વીજભાર વધારા માટે અરજી પત્રક રજૂ કરવા ૬૦ દિવસની નોટિસ આપશે. જો નોટિસ મુદત પૂરી થતાં ગ્રાહક પાસેથી કોઇ જવાબ ન આવે તો પરવાનેદાર દ્વારા ચકાસણી સમયે માલુમ પડેલ વીજભાર મુજબ ગ્રાહકનાં કરાર વીજભાર/મંજુર વીજભાર વધારવાની કાર્યવાહી શરૂ કરવામા આવશે. આવા કેસમાં ગ્રાહકે વધારેલ વીજભાર નિયમિત કરવા આ સંહિતાની જોગવાઇઓ અનુસાર લાગુ પડતા તમામ ખર્ચ ચુકવવા જવાબદાર બનશે. આવા ખર્ચની ચુકવણી મળતાં, વધારેલ વીજભારને સુધારેલ કરાર વીજભાર/મંજુર વીજભાર ગણવામાં આવશે અને કરારની બધી જોગવાઇઓ આવા ગ્રાહકોને સુધારેલ કરાર વીજભાર/મંજુર વીજભાર માટે લાગુ પડશે.

૪.૯૬ પરવાનેદાર અને અરજદાર અરજી પત્રક સ્વીકારવા અને સ્થળ નિરિક્ષણ કરવા અંગે ખંડ ૪.૨૧ – ૪.૩૨ અનુસાર કાર્યવાહી અને સમય-રેખાને અનુસરશે. અને કામોના અંદાજીત ખર્ચ માટે માંગ નોંધની ફાળવણી કરવા અંગેની સમય-રેખા સંહિતાના ખંડ ૪.૮૨ અનુસાર રહેશે. વધુમાં પરવાનેદાર દ્વારા માંગ નોંધમાં માંગ નોંધની ચુકવણી, માંગ નોંધમાં આવરવાની વિગતોની બાબતમાં આ સંહિતાના ખંડ ૪.૩૩ – ૪.૩૭ માં દર્શાવેલ કાર્યપધ્ધતિ અનુસરવામાં આવશે અને વધારેલ પૂરવઠો આ સંહિતાના ખંડ ૪.૮૫ અનુસાર છુટો કરાશે.

૪.૯૭ જો ગ્રાહક, પરવાનેદારના કાર્ય કે ક્ષતિને કારણે નારાજગી અનુભવે તો તે તેની ફરિયાદના નિવારણ માટે સંબંધિત ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમને રજૂઆત કરી શકશે.

કરાર કરવો:

૪.૯૮ અરજદારે અલગ રીતે અથવા અરજીમાં જ, વિતરણ પરવાનેદાર એ કામ શરૂ કરતા પહેલા, પ્રશુલ્કની શરતો અને પુરવઠા સંહિતાની અન્ય શરતો અંગે કરાર કરવાનો રહેશે.

૪.૯૯ પરવાનેદાર અરજી પત્રકની સાથે કરાર પત્રકનો નમૂનો મોકલશે અને તે ડાઉનલોડ માટે પરવાનેદારની વેબસાઇટ પર મળી શકશે.

૪.૧૦૦ કરારમાં નીચેનાનો સમાવેશ થશે:

(૧) ગ્રાહક/અરજદારનું નામ અને સરનામું;

(૨) જેના માટે વીજ પૂરવઠો માગ્યો હોય અને જેના માટે કરાર કરાયો હોય તે જગ્યાનું સરનામું;

(૩) મંજુર કરેલ વીજભાર/કરાર માંગ;

(૪) વીજ ઉપયોગનો હેતુ;

(૫) અરજદાર/ગ્રાહકનું જાહેરનામું;

I. આ સંહિતા અને અધિનિયમની જોગવાઇઓને બંધનકર્તા છે;

II. પ્રવર્તમાન પ્રશુલ્ક દરના આધારે વીજ-પૂરવઠાની ચુકવણી કરીશું;

III. આ સંહિતા અને આયોગે વખતોવખત મંજુર કરેલ પરવાનેદારની પ્રકીર્ણ ખર્ચની અનુસૂચિ અનુસાર ચુકવવા પાત્ર તમામ અન્ય ખર્ચ ચુકવીશું;

IV. સુસંગત ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ વિનિયમો અને અધિનિયમ અન્વયે એવી જામીન અનામતની રકમ કે જે વસુલ કરવા પરવાનેદાર હક્કદાર હોય તેને જમા કરાવીશું;

(૬) કરારની કાયદેસરતા ન્યુનતમ બે વર્ષની મુદત માટે હોય છે અને અન્યથા ગ્રાહક ફેરફાર ન કરે તો આપોઆપ લંબાય છે.

INDEX

૪.૧૦૧ જો વિતરણ પરવાનેદાર સાથે ગ્રાહકે લેખિતમાં અલગથી કરાર કર્યો ન હોય, તો પણ ગ્રાહક વિદ્યુતનો પુરવઠો શરૂ થઈ ગયા પછી પુરવઠા સંહિતાની બોલીઓ અને શરતોથી બંધાયેલો ગણાશે. ગ્રાહક, વિતરણ પરવાનેદાર જો માંગે તો પુરવઠો શરૂ થયા પછીના ૩૦ દિવસની મુદતમાં કરાર કરી આપવા અસંમતિ દર્શાવી શકશે નહીં. આવા કિસ્સાઓમાં વિદ્યુત પુરવઠો શરૂ થવાની તારીખને કરારના પ્રારંભની તારીખ ગણવામાં આવશે. જો ગ્રાહક આવા કરારમાં સહી કરવામાં નિષ્ફળ જાય તો, વિતરણ પરવાનેદાર જરૂરી નોટિસ આપીને અને રજુઆત કરવાની તક આપીને, આવી જગ્યામાંથી જોડાણ કાપી શકશે. અલબત્ત, આવા ગ્રાહક દ્વારા કરાર કરાયા બાદ તરત વિતરણ પરવાનેદાર વિદ્યુતનું પુન:સ્થાપન કરી આપશે.

૪.૧૦૨ જો કોઈ ગ્રાહક નવા કે વધારાના પુરવઠાની શરૂ થયાનાં ૨ વર્ષની મુદતની અંદર તેનો કરાર સમાપ્ત કરે (અથવા જ્યાં ઔપચારિક કરાર કરાયો ન હોય અને જો પુરવઠાનો ઉપયોગ ૨ વર્ષ માટે ન કર્યો હોય કે જે કરાર કરાયો હોય તો લાગુ પડવાપાત્ર થાય છે.) તો કરારમાં નિર્દિષ્ટ ૨ વર્ષની મુદતમાં ખુટતા દરેક મહિના માટે અથવા કોઈ ઔપચારિક કરારની ગેરહાજરીમાં ૨ વર્ષની નિયત મુદત માટે ન્યૂનતમ ચાર્જ ચૂકવવા જવાબદાર બનશે. કરારમાં નિર્દિષ્ટ (ઔપચારિક અને અનૌપચારિક) મંજૂર કરેલ વીજભારના ૧૦% સુધીનો વીજભારમાં ઘટાડાની પરવાનગી કરારની તારીખથી ૧ વર્ષ બાદ મળશે અને આવા ઘટાડેલ વીજભાર માટે ૨ વર્ષની મુદતમાં જેટલો સમય ખુટતો હોય તેને માટે ન્યૂનતમ ખર્ચ વસુલાશે નહીં.

૪.૧૦૩ થયેલ કરારની એક નકલ ગ્રાહક/અરજદારને અપાશે. જો વિતરણ પરવાનેદાર અને ગ્રાહક વચ્ચે કોઈ અલગ લેખિત કરાર ન થયો હોય તો પણ ગ્રાહક વીજ પૂરવઠો શરૂ થયા પછી, પૂરવઠા સંહિતાની બોલીઓ અને શરતોથી બંધાયેલો ગણાશે.

પૂરવઠાની સામાન્ય શરતો :

માંગ નોંધ

૪.૧૦૪ માંગ નોંધ, આ સંહિતાની જોગવાઈઓ અને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના (પુરવઠો પુરો પાડવા કરેલું ખર્ચ અને પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો , ૨૦૦૫ અને તેના વખતોવખત સુધારા અનુસાર તૈયાર કરાશે. માંગ નોંધ અરજદાર માટે એક વખત તૈયાર કરવામાં આવે પછી એક મહિના માટે તે કાયદેસર ગણાશે. માંગ નોંધ અંગેની તકરારો, ન્યાય-નિર્ણય માટે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમને મોકલવાની રહેશે.

પુરવઠા બિન્દુ (પોઈન્ટ ઓફ સપ્લાય):

૪.૧૦૫ અન્યથા સંમત ન થયા હોય તો, ગ્રાહકે સ્થાપિત કરેલા કટ-આઉટનો અંદર આવતો છેડો પુરવઠા બિન્દુ રહેશે, જેમ કે :

(એ) એલ.ટી. ગ્રાહકોના કેસમાં મીટર પછી તરત ગ્રાહકે સ્થાપિત કરેલ કટ આઉટ MCB/ELCBનો અંદર આવતો છેડો,

(બી) ટ્રાન્સફોર્મર કેન્દ્ર/ ગ્રાહકની જગ્યામાં ઉભું કરેલ પેટામથક ઉપર લગાવેલ વિતરણ પેટી, કે જ્યાં આવા ટ્રાન્સફોર્મર કેન્દ્ર અથવા પેટા મથક પર મીટર લગાવેલા હોય.

(સી) એચ.ટી. કે ઇ.એચ.ટી. ગ્રાહકનાં કેસમાં, ગ્રાહકની જગ્યામાં આ સંહિતાની જોગવાઈ અનુસાર સ્થાપિત કરેલાં કંટ્રોલ સ્વિચગિયરો.

૪.૧૦૬ પૂરવઠાનાં પ્રારંભના બિંદુએ ગ્રાહકે મેઈન સ્વિચ/સર્કીટ બ્રેકરની જોગવાઈ કરવાની રહેશે. વધુમાં, એચ.ટી. અને ઇ.એચ.ટી. ગ્રાહકો પણ કેન્દ્રીય વિદ્યુત પ્રાધિકરણ (સલામતી અને વીજળી પુરવઠાને લગતાં પગલાં) વિનિયમો,૨૦૧૦ અને તેના સુધારાની કલમ-૩૫ ની જોગવાઈઓ અનુસાર યોગ્ય રક્ષણાત્મક ઉપકરણો પૂરાં પાડશે. વીજ પૂરવઠો શરૂ થતાં પહેલાં, રક્ષણની વ્યવસ્થા પરવાનેદાર પાસે મંજૂર કરાવવાની રહેશે. ગ્રાહકે મેળવેલ મીટરો, MCBs/CBs અને સંકળાયેલ સાધનોને પૂરવઠા બિંદુ (બિંદુઓ) પાસે પરવાનેદાર સ્થાપિત કરશે.

૪.૧૦૭ એચ.ટી. અને ઇ.એચ.ટી. ગ્રાહકો હાઈ-વોલ્ટેજ બાજુએ ડેલ્ટા વાઈન્ડિંગ અને લો-વોલ્ટેજ બાજુએ સ્ટાર વાઈન્ડિંગ સાથેનું વેક્ટર ગ્રુપ સાથેનું સ્ટેપ-ડાઉન ટ્રાન્સફોર્મર સ્થાપિત કરશે, કે જ્યાં ન્યુટ્રલનો છેડો બહાર કાઢીને મજબુતાઈથી અર્થ કરેલ હોય.

૪.૧૦૮ મીટર, મીટર બોર્ડ, સર્વિસ મેઈન્સ, MCB/CB, લોડ લિમિટર્સ વગેરેનું નિયંત્રણ અથવા ખસેડવાની કામગીરી પરવાનેદારના અધિકૃત કર્મચારી/પ્રતિનિધિ ન હોય તેવી કોઈ વ્યક્તિએ કરવું નહીં. મીટરો/મીટરીંગ સાધન-સામગ્રી, લોડ લિમિટર્સ અને પરવાનેદારના સાજસરંજામ પર લગાડેલ સીલ સાથે કોઈપણ રીતે ચેડાં કરવાં નહીં, નુકશાન કે તોડફોડ ન કરવી. ગ્રાહકના જગ્યામાં રહેલ મીટરો/મીટરીંગ સાધનો પરના સીલ તથા પરવાનેદારની સાધન-સામગ્રી સલામત કબ્જામાં રાખવાની જવાબદારી ગ્રાહકની છે.

૪.૧૦૯ ગ્રાહક કે તેના કર્મચારીના કોઈ કૃત્ય, બેદરકારી કે ભૂલને કારણે પરવાનેદારની સાધન-સામગ્રીને કોઈ નુકશાન થાય તેવા કિસ્સામાં તેનો ખર્ચ પરવાનેદાર હકદાવો કરે તે પ્રમાણે ગ્રાહકે ચૂકવવાનો થશે. જો ગ્રાહક માંગણી પછી તે ખર્ચ નહીં ચૂકવે તો તેને, પુરવઠા કરારની શરતોનું ઉલ્લંઘન ગણાશે અને વીજળીના પુરવઠાનું જોડાણ કાપવાપાત્ર ગણાશે.

માંગ નોંધની ચૂકવણીની પધ્ધતિ :

૪.૧૧૦ તમામ ચૂકવણીઓ રોકડથી (રૂ.૨૦,૦૦૦ સુધી), બેન્કરના ચેક કે ડિમાન્ડ ડ્રાફ્ટથી કરાશે. બેન્કરના ચેકો અને ડિમાન્ડ ડ્રાફ્ટ, સંબંધિત પેટા-પ્રભાગીય કચેરી જે વિસ્તારમાં હોય તે માટેના ક્લિયરીંગ હાઉસના સભ્ય હોય તેવી કરાવેલ વાણિજ્યિક બેન્ક (શિડ્યુલ્ડ કોમર્શીયલ બેન્ક)ની કોઈપણ શાખામાં ચૂકવવાપાત્ર હોવા જોઈશે.

વીજળીનું પુનર્વેચાણ :

૪.૧૧૧ ગ્રાહક, પરવાનેદારે પૂરી પાડેલી જરાપણ વીજળી અન્ય જગ્યાને પુરી પાડશે નહીં, સિવાય કે તેની પાસે આયોગ/ રાજ્ય સરકાર દ્વારા અપાયેલ વીજળી વિતરણ કે વેચાણ માટેની યોગ્ય મંજૂરી કે લાઈસન્સ હોય અથવા તેને લાઈસન્સ મેળવવામાંથી મુક્તિ અપાઈ હોય કે ફ્રેન્ચાઈઝી તરીકે તેની નિમણૂંક થઈ હોય.

ગ્રાહકની જગ્યામાં પ્રવેશ કરવાનો માર્ગ:

૪.૧૧૨ વિતરણ પરવાનેદાર, અથવા તેના દ્વારા અધિકૃત કોઈ વ્યક્તિ કોઈ પણ વાજબી સમયે, અને ગ્રાહકને તેમના હેતુની જાણ કરીને જે જગ્યામાં તેના દ્વારા વીજળી પુરી પાડવામાં આવે છે કે આવી કોઈ જગ્યા કે જમીન નીચે, તેમાં પસાર કરીને અંદર કે ઉપર, તેની સાથે કે આરપાર વીજળી પૂરવઠા લાઈનો કે અન્ય બાંધકામ કાયદેસર રીતે નીચેના હેતુઓ માટે તેના દ્વારા મુકવામાં આવ્યા હોય:

(૧) વીજળી પુરી પાડવાના વિતરણ પરવાનેદારની વિજ પ્રવાહની લાઈનો, મીટરો, ફીટીંગ, બાંધકામ અને ઉપકરણોનું નિરીક્ષણ, ચકાસણી, મરામત અથવા ફેરફાર કરવાનો હોય;

(૨) કેટલા મુલ્યની વિદ્યુત પુરી પાડવામાં આવી છે કે વિદ્યુતનો જથ્થો પુરવઠામાં કેટલો છે, તેની ખાત્રી પુર્વકની જાણકારી મેળવવાં; અથવા

(૩) જયાં હવે વીજળી પુરી પાડવાની જરૂર નથી, કે જયાં વિતરણ પરવાનેદાર આવો પ્રવાહ કાપી નાખવા અને પરત લઈ જવા માટે અધિકૃત હોય, તેવી વિદ્યુત પ્રવાહની લાઈનો, મીટર, ફિટિંગ્સ, બાંધકામ કે ઉપકરણો જે વિતરણ પરવાનેદારની માલિકીના હોય તેમને ખસેડવાનાં હોય.

૪.૧૧૩ વિતરણ પરવાનેદાર, અથવા તેના કોઈ સદરહુ અધિકૃત વ્યક્તિ એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ દ્વારા કરવામાં આવેલા ખાસ આદેશ દ્વારા અને ૨૪ કલાકથી ઓછી નહીં તેવી મુદતની લેખિત નોટિસ કબ્જેદારને આપીને:

(૧) કલમ ૪.૧૧૨માં નિર્દિષ્ટ કોઈપણ જગ્યામાં કે જમીનમાં તેમાં દર્શાવેલ કોઈ પણ હેતુ માટે પ્રવેશ કરી શકશે.

(૨) કોઈ પણ જગ્યામાં જયાં તેમના દ્વારા વિદ્યુત પુરવઠો આપવાનો હોય, કે જયાં ગ્રાહકની માલિકીનાં વીજ વપરાશ માટેનાં ઈલેક્ટ્રીક વાયર, ફિટિંગ્સ, બાંધકામ અને ઉપકરણોને તપાસવા નિરીક્ષણ કરવાના હેતુ માટે પ્રવેશ કરી શકશે.

૪.૧૧૪ જયારે કોઈ ગ્રાહક વિતરણ પરવાનેદાર કે તેના અધિકૃત વ્યક્તિને ઉપર જણાવ્યા મુજબ કલમોની જોગવાઈઓ અનુસાર તેની જગ્યા કે જમીનમાં આવવા ન દેતો, જયારે વિતરણ પરવાનેદાર કે તેના અધિકૃત પ્રતિનિધી અંદર પ્રવેશવા હોય અને તેમને ઉપર જણાવેલ કલમો અન્વયે જેતે કામ કરવા માટે ના પાડે, અથવા તો આવા પ્રવેશ કે કામગીરીની બજવણી માટે વાજબી સગવડો આપવાની ના પાડે તો વિતરણ પરવાનેદાર ગ્રાહકને લેખિત નોટિસ આપ્યા પછી ૨૪ કલાક પૂરા થયે, ગ્રાહકનો વીજપૂરવઠો કાપી શકશે, જે આવો ઈન્કાર કે નિષ્ફળતા ચાલુ રહે ત્યાં સુધી અમલી રહેશે.

ફ્યુઝ નિષ્ફળતાને કારણે પૂરવઠાનું અટકી જવું.

૪.૧૧૫ કોઈપણ સમયે પરવાનેદારના સર્વિસ ફ્યુઝ કે ફ્યુઝો નિષ્ફળ જાય તો, તે અંગેની નોટિસ પરવાનેદારની સ્થાનિક કચેરી કે કોલ સેન્ટરને મોકલવી અથવા પેટા-મથકો હોય તો સૌથી નજીકના પેટા-મથકને મોકલવી. પરવાનેદારના માત્ર અધિકૃત પ્રતિનિધિઓને પરવાનેદારના કટ-આઉટમાં આ ફ્યુઝ બદલવાની પરવાનગી અપાઈ છે. ગ્રાહકોને આ ફ્યુઝ બદલવાની છુટ નથી અને જો પરવાનેદારના ઉપકરણોનું રક્ષણ કરવા મૂકેલ સીલ તોડવામાં આવે તો ગ્રાહકો પોતે દંડ માટે જવાબદાર રહેશે. પરવાનેદારે તેના કર્મચારીઓને ગ્રાહકના વીજસ્થાપનોમાં ફ્યુઝની કોઈ મરામત કે ફેરબદલી કરવાની છુટ આપવાની રહેશે નહીં.

વિભાગ-૫

ગ્રાહકની જગ્યાના ઉપકરણો

ગ્રાહકની જગ્યામાં વાયરિંગ :

૫.૧ ગ્રાહકની જગ્યામાં વાયરિંગનું કામ, લાઇસન્સ ધરાવનાર વીજળી કોન્ટ્રાક્ટર દ્વારા હાથ ધરવું અને કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ (સલામતી અને વીજળી પુરવઠા અંગેના પગલાં) વિનિયમો,૨૦૧૦ અને વખતોવખત સુધારા મુજબના નિર્દિષ્ટ ધોરણો સાથે સુસંગત હોવા જોઇશે. વાયરિંગ માટે વાપરેલ માલ-સામાન, ભારતીય ધારા ધોરણો અનુસાર અને તેનાથી શ્રેષ્ઠ હોવો જોઇશે. જેની ઉંચાઇ જમીનથી ૧૫ મીટર કરતાં વધુ હોય તેવાં બહુમાળી મકાનો અંગે કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણનાં(સલામતી અને વીજ પુરવઠાનાં લગતા પગલાં) વિનીયમો,૨૦૧૦ વખતોવખત સુધારા કર્યા મુજબના વિનિયમોના ખંડ ૩૬નું પાલન કરવું જોઇશે. વાયરિંગનું પરીક્ષણ, કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ(સલામતી અને વીજ પુરવઠાને લગતાં પગલાં) વિનિયમો, ૨૦૧૦ અને તેના સુધારામાં નિર્દિષ્ટ ખંડ ૩૧ ની જોગવાઇઓ અનુસાર કરવાનું રહેશે.

ગ્રાહકના સાજસરંજામ અને ઉપકરણોનું સ્થાપન:

૫.૨ ગ્રાહક, શક્ય હોય અને વ્યવહારૂ હોય ત્યાં સુધી, વિતરણ પરવાનેદારને પોતાની જગ્યામાં જે કોઈ વિદ્યુત પ્લાન્ટ અને વપરાશી ઉપકરણોનું સ્થાપન તેના દ્વારા કરવાનું હોય તેની વિગતો આપવાની રહેશે. આવા પ્લાન્ટ અને ઉપકરણોની રચના અને કામગીરી એવી રીતે રાખવી કે જે વિતરણ પરવાનેદારના વિદ્યુત પુરવઠાની લાઇનો કે અન્ય બાંધકામ કે વિતરણ પરવાનેદાર દ્વારા અન્ય ગ્રાહકને અપાતા વિદ્યુત પુરવઠાની કાર્યક્ષમતામાં નડતર ન થાય કે તેની સુરક્ષા ન જોખમાય.

૫.૩ બધાંજ ટ્રાન્સફોર્મર, સ્વિચગિયર અને અન્ય વિદ્યુત સાજસરંજામ જે ગ્રાહકની માલિકીના હોય અને જે વિતરણ પરવાનેદારની મેઇન્સ સાથે જોડાયેલ હોય બધા કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ(સલામતી અને વીજ પુરવઠાનાં લગતાં પગલાં) વિનિયમો, ૨૦૧૦ અને વખતોવખત સુધારા મુજબનાં આધારે જાળવવાનાં રહેશે.

૫.૪ નીચા દબાણવાળા ગ્રાહકોએ બધા કિસ્સાઓમાં તેમના ખર્ચે કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ (સલામતી અને વીજળી પુરવઠા અંગેના પગલાં) વિનિયમો, ૨૦૧૦ અને વખતોવખત સુધારા મુજબ સલામતી માટેના સાજસરંજામની જોગવાઇ કરશે અને વિતરણ પરવાનેદારના મીટર બોર્ડના ૧ ફૂટની અંદર તેનું સ્થાપન કરવું જોઇશે અથવા વિતરણ પરવાનેદાર જે મંજૂર રાખે તે મુજબની અન્ય સ્થિતિમાં રખાશે.

૫.૫ ઉચ્ચદબાણ વાળા કે અતિ ઉચ્ચ દબાણ વાળા ગ્રાહકો માટે કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ (સલામતી અને વીજળી પુરવઠા અંગેના પગલાં) વિનિયમો, ૨૦૧૦ અને વખતોવખત સુધારા મુજબનાં, યોગ્ય સુરક્ષા સાધનો વાપરશે જે વિતરણ પરવાનેદારના ગ્રાહકની જગ્યામાં ગોઠવેલા ઉપકરણોને સંપૂર્ણ સૂરક્ષા પૂરી પાડે. જ્યારે ઉચ્ચ દબાણવાળા કે અતિ ઉચ્ચદબાણવાળા ગ્રાહકને પ્રવહન પરવાનેદારના સબસ્ટેશન સાથે સીધું જોડાણ આપવામાં આવ્યું હોય ત્યારે વિતરણ પરવાનેદાર, પ્રવહન પરવાનેદાર પાસેથી ઉપર મુજબની મંજુરી આપતા પહેલા સંમતિ મેળવશે.

૫.૬ કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ (સલામતી અને વીજળી પુરવઠા અંગેના પગલાં) વિનિયમો, ૨૦૧૦ અને વખતોવખત સુધારાની કલમ-૪૨ મુજબ ભૂમિય ક્ષતિ (અર્થ ફોલ્ટ) કે વીજપ્રવાહનાં ઝમણ (કરન્ટ લીકેજ)ના બનાવ વખતે પુરવઠો તાત્કાલીક બંધ થાય તે સારૂં ભૂમિય ઝમણ સુરક્ષા સાધન (અર્થ લીકેજ પ્રોટેકટીવ ડીવાઇઝ)નું જોડાણ કરાશે. તેની પ્રારંભિક સ્થાપન બાદ, ગ્રાહકનાં ભૂમિય ઝમણ સુરક્ષા સાધનને દૂર કરે તે પ્રસંગે, વિતરણ પરવાનેદાર, તે સમયે અમલમાં હોય તે અધિનિયમો, નિયમો અને વિનિયમોની જોગવાઇઓને આધીન રહીને, ૭ દિવસની નોટિસ આપ્યા પછી પુરવઠાનું જોડાણ બંધ કરી શકશે અને ગ્રાહક ભૂમિય ઝમણ સુરક્ષા સાધન (અર્થ લીકેજ પ્રોટેક્ટીવ ડીવાઇઝ) ફરીથી ન બેસાડે ત્યાં સુધી ફરીથી જોડાણ કરશે નહીં.

૫.૭ કોઈ પણ કરારમાં જણાવ્યું ન હોય તો પણ, કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ (સલામતી અને વીજળી પુરવઠા અંગેના પગલાં),વિનિયમો, ૨૦૧૦ અને તેના સુધારાની કલમ ૫૨ (v) અને ૫૪ (v) મુજબ, પૂરતી ક્ષમતા વાળું ભૂમિય ઝમણ સર્કિટ બ્રેકર (અર્થ લીકેજ સર્કીટ બ્રેકર) પૂરૂં પાડવામાં આવશે, જે નીચા વીજ દબાણ તરફ હશે અને જે બધા તેજસ્વી સાઇન સ્થાપનો કે એક્સરે સ્થાપનોમાં ઝમણ (લીકેજ) શોધી શકશે.

INDEX

એ.સી. મોટરનું સ્થાપન :

૫.૮ મોટરને કંટ્રોલ ગીયર સાથે જ પુરી પાડવાની રહેશે, જેના ઉપરનો-વોલ્ટ રીલીઝ અને ઓવર લોડ રીલીઝ (ત્રિવિધ પોલ ફ્યુઝ) લગાડેલી હોય જેથી ગ્રાહકના સ્થાપનની મહત્તમ પ્રારંભિક પ્રવાહને ઘટાડી શકાય, જે બધી શક્ય પરિસ્થિતિઓમાં સંબંધિત ધોરણો અને કાર્યસંહિતામાં ઠરાવેલી મર્યાદાને ઓળંગતી ન હોય.અલબત્ત જો એકંદર પ્રારંભિક AC સ્થાપનનો પ્રવાહ વ્યવસ્થાના વીજભારને અવળી અસર કરતો હોય તો વિતરણ પરવાનેદાર ગ્રાહકને AC સ્થાપનની કાર્યક્ષમતા સુધરે તે માટે સલાહ આપી શકશે. રીલે ઉચિત ચાલુ સ્થિતિમાં રાખવાના રહેશે. આ બધી બાબતોમાં ગ્રાહક નિષ્ફળ જાય તો, અન્ય ગ્રાહકોને વિદ્યુત પુરવઠામાં સંભવિત ખલેલ થવાના કારણે, અધિનિયમ, નિયમો અને વખતોવખત પ્રવર્તમાન વિનિયમોના આધારે વિદ્યુત જોડાણ કાપવાને માટે જવાબદાર થશે. નીચા કે મધ્યમ વીજભારની મોટરોમાં કન્ટ્રોલ ગિયરની જોગવાઇ કરવાની રહેશે જેથી તમામ સ્થિતિમાં નીચેની અનુસુચિમાં આપેલ મર્યાદા કરતાં વધી જતી ગ્રાહકની અધિકતમ વીજપ્રવાહની માંગને સંતોષકારક રીતે નિવારી શકાય.

સ્થાપનનું કદ	મહત્તમ વીજપ્રવાહની માંગની મર્યાદા
૧ એચ.પી. સુધી અને સહિત	૬ X પૂર્ણભાર વીજપ્રવાહ
૧ એચ.પી. થી વધુ અને ૧૦ એચ.પી. સુધી અને સહિત	૩ X પૂર્ણભાર વીજપ્રવાહ
૧૦ એચ.પી. થી વધુ અને ૧૫ એચ.પી. સુધી અને સહિત	૨ X પૂર્ણભાર વીજપ્રવાહ
૧૫ એચ.પી. કરતાં વધુ	૧ ૧/૨ X પૂર્ણભાર વીજપ્રવાહ

આ જરૂરિયાતોનું પાલન કરવામાં નિષ્ફળ જતાં ગ્રાહકનું જોડાણ છૂટું કરવામાં આવશે. પરવાનેદાર સ્થળ અને કામકાજની સ્થિતિ પર આધાર રાખીને પ્રારંભિક વીજપ્રવાહની મર્યાદામાં છુટછાટ મૂકી શકે.

બે એચ.પી. કરતાં વધુ ક્ષમતાવાળી મોટ ૨૩ ફેઝ ૪૦૦ વોલ્ટ વીજદબાણ (ફેઝની વચમાં) બાંધવામાં આવશે.

૫.૯ દરેક થ્રી- ફેઝ મોટર સર્કિટ લોખંડના ઢાંકણ વાળી ત્રણ પુવિથ જોડાણયુક્ત સ્વિચથી સુરક્ષિત કરવામાં આવશે જે જુથ કામગીરી પણ હોય.મોટર માટેના વાયરીંગની સાથે થ્રી ફેઝ વાયરોને એક ધાતુની કે સખત પીવીસીની એક નળીમાં ચુસ્ત રીતે બાંધીને પસાર કરવામાં આવશે કે જેને અસરકારક રીતે અર્થ (ભુમિત) કરવામાં આવશે અથવા મોટરની ફ્રેમને જોડાયેલ સર્વાંગ વાયરમાંથી પૂરતા માપના બે અલગ ભુમિત વાયરો(અર્થ વાયરો)ને પસાર કરવામાં આવશે. આ ભુમિત વાયર (અર્થ વાયર)નું લઘુતમ કદ ૩૦૦ ચો.મી.મી. (અથવા ૧૪ SWG) રહેશે.

૫.૧૦ બધા ગ્રાહકો, જે ચાલકબળના હેતુસર વિદ્યુત વાપરતા હોય તેમણે તેમની જગ્યામાં આવતા છેડાએ વિતરણ પરવાનેદારની વ્યવસ્થાનાં ત્રણે ફેઝ પર સમતોલ વીજભાર રહે તેવી ખાતરી કરવી પડશે.

૫.૧૧ જે ગ્રાહકોને મોટર સિવાયના અન્ય ઉપકરણો વાપરવા હોય તેને મેળવતાં પહેલા વિતરણ પરવાનેદાર પાસેથી ટેકનિકલ વિગતો માટે સલાહ મેળવશે કે જેથી તેઓ આવા ઉપકરણોને મેઇન્સ સાથે જોડવામાં લાગુ પડતી ખાસ સ્થિતિ વિશે માહિતગાર થઇ શકે. વિતરણ પરવાનેદાર આવા પ્રશ્નોનો યોગ્ય સુચનો સાથે તુરત જ પ્રત્યુત્તર પાઠવશે. આવા ઉપકરણોની કામગીરીની લાક્ષણિકતાઓની વિગતો ભેગી કરવા વિતરણ પરવાનેદારને સમય જોઇતો હોય તેવા કેસમાં, વ્યવહારૂ રીતે બને તેટલો ઝડપી પ્રત્યુત્તર પાઠવવામાં આવશે.

સિંચાઇ / કૃષિ પંપસેટનું સ્થાપન :

૫.૧૨ હાલમી જોડાણ છૂટું કર્યા પછી તમામ નવા પમ્પિંગ સેટનાં જોડાણો/ પુનંજોડાણોમાં નીચેની બાબતો રહેશે.

(૧) ઘર્ષણ રહિત ફુટ-વાલ્વ

(૨) HDPE પાઇપિંગ સક્શન અને ડિલિવરી

(૩) ભારતીય માનક સંસ્થાની નિશાનીવાળા કાર્યક્ષમ મોનોબ્લોક/સબમર્સિબલ પંપ સેટ

(૪) ભારતીય માનક સંસ્થાની નિશાનીવાળા પંપ સેટ માટે પર્યાપ્ત દર-નિર્ધારણવાળા કેપેસિટર

INDEX

વિતરણ પરવાનેદારનાં પૂરવઠા મેઈન્સ અને સાધનો :

૫.૧૩ ગ્રાહક તેના મકાનમાં પડતી સર્વિસ લાઈનના તે ભાગના બાંધકામ/સ્થાપન માટે તથા પૂરવઠાના પ્રારંભિક પોઈન્ટ સુધી ટ્રાન્સફોર્મરો, સ્વિચ ગિયર, મીટર અને બીજા સાધનોની જોગવાઈ કરવા ગ્રાહક અને પરવાનેદાર વચ્ચે અરસ-પરસ સમજૂતિ થયા પ્રમાણે જરૂરી પરિમાણની અને અનુકૂળ સ્થળે જગ્યા પૂરી પાડશે. સંપૂર્ણ સર્વિસ લાઈન અને અન્ય સાધનો પરવાનેદારની મિલકત ગણાશે અને તેના નિયંત્રણમાં રહેશે.

૫.૧૪ પરવાનેદાર, અન્ય ગ્રાહકોને પુરવઠો આપવા સર્વિસ લાઈન અને અન્ય સાધનોનો ઉપયોગ કરી કરશે, પરંતુ પુરવઠા માટે ચૂકવણી કરનાર ગ્રાહકને તેનાથી વિપરિત અસર ન થવી જોઈએ. વધુમાં જેને લાઈન, સાધનો માટેની ચૂકવણી કરી હોય તો પણ તે ગ્રાહકને અપાતો પુરવઠો ગમે તે કારણસર બંધ કરી દેવાય તો, ગ્રાહક, પરવાનેદારને અન્ય ગ્રાહકોને પુરવઠો આપવા માંગતા હોય તો સર્વિસ લાઈનો અને અન્ય સાધનોમાં પ્રવેશ ચાલુ રાખવા પરવાનેદારને પરવાનગી આપશે અને વૈકલ્પિક ગોઠવણ ન થાય ત્યાં સુધી આવો પ્રવેશ/ સુવિધા માટે ગ્રાહકે કોઈ ચૂકવણી કરવાની રહેશે નહીં, આમ છતાં એવી સ્પષ્ટ જોગવાઈ કરાઈ છે કે, પરવાનેદાર, શક્ય અને વ્યવહારૂ રીતે જેમ બને તેમ ત્વરાથી વૈકલ્પિક વ્યવસ્થા કરવા તમામ શક્ય પ્રયત્નો કરશે. આ હેતુ માટે પરવાનેદાર હાલના સ્થળે સ્થાપન ચાલુ રાખવા પારસ્પરિક સ્વીકાર્ય ગોઠવણ કરવાનું શોધશે.

૫.૧૫એલ.ટી. ગ્રાહકોના કેસમાં, વિતરણ પરવાનેદાર, કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ(મીટર સ્થાપન અને સંચાલન) વિનિયમો,૨૦૦૬ તથા કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણના (સલામતી અને વીજ પૂરવઠાને લગતાં પગલાં), વખતોવખત સુધાર્યા મુજબના વિનિયમો અનુસાર, જરૂરિયાતને આધારે, પરસ્પર સંમતિ સાધેલ સ્થળે મીટર, મીટર-ઢાંકણ, સ્વિચ-ગિયર અને અન્ય સાજસંરજામ એવી રીતે પાડવાના રહેશે કે જેથી હંમેશા વિના અવરોધ પ્રવેશ સુલભ થઈ શકે.

૫.૧૬ એચ.ટી. કેસમાં, પુરવઠાકાર ૨૦૧૦ના કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ (સલામતી અને વીજપૂરવઠાને લગતાં પગલાં) વખતોવખત સુધાર્યા મુજબના વિનિયમો અનુસાર CTs અને PTs સર્કિટ બ્રેકર કે એર બ્રેક સ્વિચ (આઈસોલેટર) કે હાય-વોલ્ટેજ ફ્યૂઝ કે અન્ય યોગ્ય ઉપકરણ સહિત યોગ્ય મીટર પૂરૂં પાડશે. ગ્રાહકે પણ પોતાના પક્ષે તેવું જ નિયંત્રક ઉપકરણ પૂરૂં પાડવાનું રહેશે.

૫.૧૭ હાય-વોલ્ટેજ પુરવઠો માંગનાર, ગ્રાહકે, વિતરણ પરવાનેદારનાં એચ.ટી. સ્વિચ ગિયર અને મીટરીંગ સાજસંરજામ રાખવા વિતરણ પરવાનેદારે મંજૂર કરેલ ડિઝાઈનનું તાળાબંધ અને હવામાન પ્રતિકારક પરિધિ (enclosure) પોતાના ખર્ચે પૂરી પાડવાની અને જાળવવાની રહેશે અને આવી પરિધિ (enclosure) ગ્રાહક, તેના પોતાના એચ.ટી. સ્વિચ ગિયર, ટ્રાન્સફોર્મર અને અન્ય સાધનો તેમજ કેપેસિટર રાખવા માટે વાપરી શકશે, પરંતુ તે માટે વિતરણ પરવાનેદારની લેખિત પરવાનગી લેવી પડશે અને આવી પરિધિ (enclosure) બીજા કોઈ હેતુ માટે વપરાશે નહીં. વિતરણ પરવાનેદાર, તેનાં સાધનોનાં નિરીક્ષણ, પરીક્ષણ અને નિભાવના હેતુસર, કોઈપણ નોટિસ વિના, હર હંમેશ પરિધિને ઉઘાડી શકશે.

૫.૧૮ હાઈ-વોલ્ટેજ અને એક્સ્ટ્રા હાઈ-વોલ્ટેજ ગ્રાહકોના કેસમાં ૨૦૧૦ના કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણના (સલામતી અને વીજપૂરવઠાનાં લગતાં પગલાં) તેના સુધારા સાથેના વિનિયમો અનુસાર યોગ્ય રક્ષણાત્મક ઉપકરણોની સાથોસાથ પર્યાપ્ત ક્ષમતાના સ્વિચ-ગિયર વાપરશે, જેથી ગ્રાહકના સ્થળે રહેલ વિતરણ પરવાનેદાર સાધનોને પૂરતું રક્ષણ આપી શકાય.

૫.૧૯ ૩૩ કે.વી. સુધીના પૂરવઠાના કેસમાં સાજસરંજામ અને ૬૬ કે.વી. તેથી વધુ પૂરવઠાના કેસમાં એર-બ્રેક સ્વિચ એ વિતરણ પરવાનેદારની મિલકત રહેશે અને વિતરણ પરવાનેદારની નોકરીમાં ન હોય તેવી કોઈ વ્યક્તિ કોઈપણ કારણસર તેનું સંચાલન, હેરફેર કે તેને દૂર કરવાનું કામ કરશે નહીં તેજ પ્રમાણે ઉક્ત મિલકત પર લગાડેલ વિતરણ પરવાનેદારના સીલ નામ પ્લેટ અને ચિન્હોના વિશિષ્ટ નંબરમાં દખલ કરાશે નહીં અને આ હેતુ માટે યોગ્ય રીતે અધિકૃત વિતરણ પરવાનેદારના કર્મચારીઓ સિવાય કોઈપણ કારણસર તેમાં તોડફોડ, તે દૂર કરવા કે છેકી નાખવાની કામગીરી કરાશે નહીં.

૫.૨૦ વિતરણ પરવાનેદાર, એચ.ટી. ગ્રાહકના કેસમાં કટોકટી વખતે ગ્રાહકના એચ.ટી. સાધનને અલગ પાડવાના હેતુસર વિતરણ પરવાનેદારનાં ટર્મિનલ સ્વિચ, ફ્યૂઝ કે સર્કિટ બ્રેકરનું સંચાલન કરવા, ગ્રાહકની અરજી પર તેને લેખિત પરવાનગી આપશે, પરંતુ ગ્રાહકની સંચાલન કામગીરીથી અન્ય ગ્રાહકના પૂરવઠાના સાતત્યને કોઈ અસર થવી જોઈએ નહીં.

૫.૨૧ ગ્રાહકના સ્થળે રહેલ વિતરણ પરવાનેદારની માલિકીની મેઈન્સ, સાધનો કે ઓજારો અથવા બીજી કોઈ મિલકતને ગ્રાહક કે તેના કર્મચારીઓ કે તેને કામે રાખેલી કોઈ વ્યક્તિના કોઈ કૃત્ય, બેદરકારી કે કસૂરને કારણે થયેલ કોઈપણ નુકશાન અને તેને સરખું કરાવવા માટેનું ખર્ચ, દરેક ગ્રાહક વિતરણ પરવાનેદારને ભરપાઈ કરી આપશે.

વિભાગ-૬

મીટર અને બિલ-વ્યવસ્થા

મીટરોની જરૂરિયાત

૬.૧ કોઈપણ સ્થાપન મીટર વિનાનું આપાશે નહીં. તમામ મીટરો અધિનિયમની કલમ ૫૫ હેઠળ પ્રસિધ્ધ કરાયેલ ૨૦૦૬ના કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણના (મીટરોનું સ્થાપન અને સંચાલન) વિનિયમો, ૨૦૦૬ અને તેના સુધારામાં ઠરાવ્યા મુજબની જરૂરિયાતો સાથે સુસંગત હોવાં જોઈએ. પરવાનેદાર, પણ નવા જોડાણને વીજળી આપવા અથવા મીટર બદલવા કે ઉર્જાના હિસાબ કરવા અને ઈન્ટરફેઝ મીટર જેવા અન્ય હેતુસર, ઉપર દર્શાવેલા વિનિયમોનું પાલન કરશે.

૬.૨ કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણના (સલામતી અને વીજ પુરવઠાનાં પગલાં), વિનિયમો,૨૦૧૦ની કલમ-૩૫ અને તેના સુધારાઓ અનુસાર ગ્રાહક યોગ્ય રેટિંગ તથા વિશિષ્ટ વર્ણન મુજબના, ફ્યુઝ કે લઘુ સર્કિટ બ્રેકર (MCBS)/ELCB/કટ-આઉટ સાથે જોડાયેલ લૉ-ટેન્શન વીજભાર સ્વિચ અને ફ્યુઝ કે સર્કિટ બ્રેકર સાથે જોડાયેલ એચ.ટી./ઇ.એચ.ટી. વીજભાર સ્થાપિત કરશે.

૬.૩ નવું જોડાણ માંગતી વખતે ગ્રાહક પાસે આમાનો એક વિકલ્પ રહેશે:

(૧) પોતે જાતે મીટર MCBS/ELCB અને સંકળાયેલ સાજસરંજામ વિક્રેતા(ઓ) પાસેથી એ શરતે ખરીદી શકશે કે સાજસરંજામ વખતોવખત પરવાનેદારે મંજૂર કરેલ બનાવટ અને વિશિષ્ટ વર્ણન મુજબના હોવા જોઈએ.

(૨) મીટર, MCBS/ELCB અને સંકળાયેલ સાધન-સામગ્રી પરવાનેદાર દ્વારા પૂરી પાડવામાં આવે.

ગ્રાહકે અરજી ફોર્મમાં આ વિકલ્પ દર્શાવવાનો રહેશે અને પરવાનેદારે માન્ય કરેલ વિક્રેતા(ઓ) અને બનાવટ(ટો) સાથેની યાદી મોકલવાની રહેશે. એક વખત ગ્રાહક મીટર મેળવે પછી પરવાનેદાર તેનું પરીક્ષણ, સ્થાપન કરી સીલ કરશે.

પરવાનેદાર તેણે મંજૂર કર્યા પ્રમાણે મીટર અને અન્ય સાજસરંજામની અદ્યતન બનાવટ અને તેની વિશિષ્ટ વર્ણનની યાદી તેની વેબસાઈટ પર ઉપલબ્ધ કરશે.

૬.૪ પરવાનેદારને અદ્યતન ટેકનોલોજી ઉપલબ્ધ બનાવવા અને ગ્રાહકના સ્થળોમાં મીટર મૂકવામાં આવે તે સ્થળની યોગ્યતાના સંદર્ભમાં મીટરોની સ્થિતિની સમીક્ષા કરવાની સત્તા છે. પરવાનેદાર, નિર્દિષ્ટ ઉપકરણની ટેકનિકલ જરૂરિયાતો અનુસાર ગ્રાહકના કબ્જામાં દૂરવર્તી મીટર ઉપકરણ સ્થાપિત કરી શકશે. અધિકતમ માંગ રેકોર્ડીંગ લક્ષણો ધરાવતું અધિકતમ માંગ (MD) મીટર કે આવા વધારાના લક્ષણો ધરાવતું મીટર પણ સ્થાપિત કરી શકશે.

૬.૫ નવાં જોડાણોનાં મીટરો નીચેના પ્રકારનાં હશે:

(૧) (એ) સિંગલ-ફેઈઝ એલ.ટી. જોડાણ માટે - ઇલેક્ટ્રોનિક મીટર

(બી) થ્રી-ફેઈઝ એલ.ટી. જોડાણ માટે - અધિકતમ માંગ નિદર્શન (MDI) સાથેનું ઇલેક્ટ્રોનિક મીટર

(૨) એચ.ટી./ઇ.એચ.ટી. ગ્રાહકો માટે - થ્રી-ફેઝ ટ્રાય-વેક્ટર MDI સાથેનું મીટર. મીટરોમાં 'time of the day' દિવસનો સમય (TOD) મીટરીંગ માટેની અને ઓછામાં ઓછા ૪૫ દિવસનો સંગ્રહ કરવાની સુવિધા હોવી જોઈશે. ગ્રાહકોને ઉપરના લક્ષણો ઉપરાંત પીક અવર્સ (peak hours)ના MDI નોંધવાની સુવિધા ધરાવતાં મીટર સ્થાપિત કરાવવાનો વિકલ્પ રહેશે.

(૩) વીજળીની બાકી રકમ વસૂલ કરવાની સમસ્યા ધરાવતાં હોય ત્યાં, પરવાનેદાર આવી સ્થિતિમાં પૂર્વ-ચૂકવણી (pre-paid) મીટરો સ્થાપિત કરી શકશે. મીટરો, કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ (મીટરોનું સ્થાપન અને સંચાલન) વિનિયમો, ૨૦૦૬ અને તેના સુધારામાં નિયત કર્યા મુજબની ટેકનિકલ જરૂરિયાતો સાથે સુસંગત રહેશે.

૬.૬ પરવાનેદાર એક જ જગ્યામાં જુદા-જુદા વર્ગના ગ્રાહકોને પુરવઠો પૂરો પાડે તો, આવા દરેક વર્ગ માટે વીજળી માપવા અલગ મીટર(રો) સ્થાપિત કરશે.

૬.૭ જો એચ.ટી./ઇ.એચ.ટી. ગ્રાહકને સંપૂર્ણત: તેના જ ઉપયોગ માટે સ્વતંત્ર ફીડર પર પુરવઠો આપવામાં આવે તો મીટરની વ્યવસ્થા ગ્રાહકની જગ્યામાં સ્થાપિત કરાશે અથવા અરસ-પરસ સંમતિ અપાઇ હોય તો, પરવાનેદારના પેટા-મથકની મીટર-વ્યવસ્થા, બિલ તૈયાર કરવા ઉપયોગમાં લેવાશે અને ગ્રાહકના સ્થળે કોઇ મીટર સ્થાપિત કરવાનું જરૂરી બનશે નહીં.

મીટરો અને MCBs/CBનો પુરવઠો અને સ્થાપન :

૬.૮ જો એલ.ટી.,એચ.ટી. અને ઇ.એચ.ટી. ગ્રાહકો મીટર અને સંબંધિત સાધનોની પ્રાપ્તિનો વિકલ્પ પસંદ કરે તો તેઓએ CTs અને PTs સહિત મીટર સાધન-સામગ્રી રાખવા પરવાનેદારે મંજૂર કરેલ ડિઝાઇનનો તાળાબંધ અને હવામાન પ્રતિકારક પરિધિ (enclosure)પૂરૂં પાડવાનું રહેશે. બીજા કેસોમાં આનો સમાવેશ અંદાજપત્રમાં કરવાનો રહેશે અને તેને પરવાનેદારે પૂરા પાડવાના રહેશે.

૬.૯ પરવાનેદાર મીટર પૂરૂં પાડે તો મીટરનું ભાડું ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પુરવઠો પૂરો પાડવા કરેલું ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો,૨૦૦૫ અને વખતોવખત તેમાં કરેલા સુધારા મુજબ વસૂલ કરાશે. જે જોડાણોમાં મીટરનું ખર્ચ ગ્રાહકે કરેલ હોય ત્યાં, ગ્રાહક પાસેથી મીટરનું ભાડું વસૂલ કરાશે નહીં.

૬.૧૦ મીટર પુરવઠાનું સ્થાપન કરવા ગ્રાહકે યોગ્ય અને પૂરતી જગ્યા પૂરી એવી રીતે પાડવાની રહેશે કે જેથી પરવાનેદાર અને તેના પ્રતિનિધિ માટે તે હમેશા સુલભ હોય. બહુમાળી મકાનોના કેસમાં, પૂરતી હવાની અવર-જવર અને પર્યાપ્ત પ્રકાશ હોય તેવા ભોંયતળિયે/જમીનથી ઉપર ઉઠેલી મેઇન્સ પર મીટર સ્થાપિત કરાશે.

૬.૧૧ પરવાનેદારની અધિકૃત વ્યક્તિ/પ્રતિનિધિ, ગ્રાહક કે તેના અધિકૃત પ્રતિનિધિની હાજરીમાં, અધિકતમ ૭ દિવસની નોટિસ આપીને મીટરનું પ્રારંભિક સ્થાપન કે ફેરબદલી કરશે.

૬.૧૨ પરવાનેદાર પ્રારંભિક સ્થાપન કે ફેરબદલી વખતે મીટરની વિગતો નોંધવા, મીટર વિગત પત્રકનો ઢાંચો વિકસાવશે. પરવાનેદાર એક નકલ રાખશે અને બીજી નકલ પરવાનેદારના અધિકૃત પ્રતિનિધિ દ્વારા યોગ્ય રીતે સહી કરેલી ગ્રાહકને, યોગ્ય પહોંચ લેઇને આપશે. ગ્રાહક કે તેના અધિકૃત પ્રતિનિધિ પણ મીટર વિગત-પત્રક પર સહી કરશે. પછીથી મીટરની કોઇ મરામત, ફેરબદલી વગેરેમાં ખામીઓની વિગતો પરવાનેદાર કે તેના અધિકૃત પ્રતિનિધિ મીટર-વિગત પત્રકમાં નોંધશે.

૬.૧૩ નવું મીટર સ્થાપિત કરવામાં આવે ત્યારે (નવા-જોડાણ કે ફેરબદલી માટે) મીટર અને તેની સાથે સંકળાયેલ સાજસરંજામ પર ગ્રાહક/તેના પ્રતિનિધિની હાજરીમાં સીલ લગાવવાનું રહેશે. ઉક્ત સાજસરંજામ કે સાધન પર લગાડેલ સીલ, નામ-પ્લેટ અને વિશિષ્ટ નંબર, ચિન્હ, ગ્રાહક કોઇપણ રીતે તોડશે, ભૂંસશે કે બદલશે નહીં. મીટર સીલની માવજત, કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ (મીટર સ્થાપન અને સંચાલન) વિનિયમો,૨૦૦૬ અને તેમાં તે પછી કરાયેલ તમામ સુધારા મુજબ કરાશે.

૬.૧૪ ગ્રાહક, મીટર(રો) MCBS/ELCB વગેરે તેના મકાનમાં સ્થાપિત કરાયા હોય તો તેના સલામત કબ્જા માટે ગ્રાહક જવાબદાર ગણાશે. ગ્રાહક, મીટરમાં કોઇ ખામી, અકસ્માત કે સમસ્યા ધ્યાનમાં આવે તો તરત પરવાનેદારને તેની જાણ કરશે.

૬.૧૫ મીટરની જાળવણી અને તેને કામકાજની સ્થિતિમાં રાખવાની જવાબદારી હંમેશા પરવાનેદારની રહેશે. પ્રદર્શન એકમ ગ્રાહકની જગ્યામાં હોય મીટર-યુનિટ થાંભલા વગેરે જેવા જગ્યાની બહારના સ્થળે હોય એવી મીટર સિસ્ટમની જોગવાઇ પરવાનેદાર કરી શકશે. આવા કેસોમાં, મીટર યુનિટના સલામત કબ્જાની જવાબદારી પરવાનેદારની રહેશે.

૬.૧૬ ગ્રાહક યોગ્ય બનાવટનું તપાસણી મીટરનું સ્થાપન જો તે કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ (મીટર સ્થાપન અને સંચાલન) વિનિયમો,૨૦૦૬ અને પછીના તમામ સુધારામાં ઠરાવ્યા મુજબની ટેકનિકલ વિશિષ્ટ વર્ણન સાથે સુસંગત હોય તો, કરી શકશે. આ તપાસણી મીટરોને પરવાનેદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વીજપુરવઠો પૂરો પાડવાનું ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો,૨૦૦૫ તેમાં વખતોવખત કરેલા સુધારા મુજબ નિયત ફીની ચૂકવણી થયેથી અંકન કરશે.

આમ છતાં, મુખ્ય મીટર નિષ્ફળ જાય તે સિવાય પરવાનેદાર બિલના હેતુસર તપાસણી મીટર-વાંચનનો ઉપયોગ કરશે નહીં.

મીટર-વાંચન :

૬.૧૭ સામાન્ય રીતે મીટરનું વાંચન, માસિક બિલ અવધિ માટે મીટર વાંચનની નિયત તારીખ ±૩ કામકાજના દિવસો અને દ્વિમાસિક બિલ અવધિ માટે મીટર વાંચનની નિયત તારીખ ±૫ કામકાજના દિવસોએ કરાશે અને ગ્રાહક, પરવાનેદાર કે તેના અધિકૃત પ્રતિનિધિને મીટર વાંચવા તમામ સુવિધા આપશે.

૬.૧૮ મીટરનું વાંચન પરવાનેદારના અધિકૃત પ્રતિનિધિ દ્વારા કરાશે. પરવાનેદાર, તમામ મીટર વાચકોને યોગ્ય ફોટો ઓળખ કાર્ડ આપશે અને મીટર વાચકો મીટર વાંચનની કામગીરીના સમય દરમ્યાન ફોટો ઓળખકાર્ડ સાથે રાખવાનું રહેશે.

૬.૧૯ મીટર વાંચન નોંધવા અને સ્થળ પર બિલ તૈયાર કરવા હાથમાં પકડવાનાં ઓજારો, મીટર-વાંચન સાધન (MRI) કે વાયરલેસ સાધન-સામગ્રીનો પરવાનેદાર ઉપયોગ કરી શકશે. જો MRI ડાઉનલોડના આધારે બિલો તૈયાર કરવામાં આવે અથવા દૂરવર્તિ મીટર વાંચનને આધારે મીટર વાંચન લેવામાં આવે તો અને ગ્રાહક, લીધેલ વાંચનની નોંધ મેળવવા માગે તો પરવાનેદાર તેને તેમ કરવાની છૂટ આપશે.

૬.૨૦ ઇલેક્ટ્રોનિક મીટર પરની LED (Light emitting diode)ની સ્થિતિ તપાસવાની ફરજ મીટર વાચકની રહેશે. ઇલેક્ટ્રોનિક મીટરો પર અર્થ લીકેજનું LED નિર્દેશક પૂરું પાડેલ હોય અને તે 'ચાલુ' હોવાનું જણાય તો તે ગ્રાહકને જાણ કરશે કે મકાનમાં લીકેજ છે અને વાયરિંગની તપાસણી કરવા અને લીકેજ દૂર કરવાની સલાહ આપશે. મીટર વાચક, પરવાનેદારના સંબંધિત અધિકારીઓને પણ લીકેજની જાણ કરશે.

૬.૨૧ કોઈપણ કારણસર બિલ તૈયાર કરવાના કામ દરમ્યાન મીટર વાંચવામાં ન આવે, તો પરવાનેદાર વાંચન લેવાયેલ હોય તે છેલ્લા ત્રણ મહિનાના સત્રમાં સરેરાશ વપરાશને આધારે કામચલાઉ બિલ તૈયાર કરશે. આવી કામચલાઉ બિલ તૈયાર કરવાની વ્યવસ્થા સળંગ બે બિલીંગ અવધિ (સાઇકલ) કરતાં વધુ સમય માટે ચાલુ રહેશે નહીં. બિલ તૈયાર કરવાની બે અવધિ (સાયકલ) પછી પણ મીટર વાંચન શક્ય ન હોય તો પરવાનેદાર, ગ્રાહકને લાગુ પડતા ન્યૂનતમ ચાર્જ અને/અથવા નિયત ચાર્જ માટે બિલ મોકલશે.

૬.૨૨ જો મીટર બે અનુક્રમિક મીટર વાંચન તારીખે અલભ્ય રહે તો તે ગ્રાહકને નિર્દિષ્ટ તારીખ અને (નોટિસની તારીખ પછી ઓછામાં ઓછા ૭ દિવસ) સમયે વાંચન માટે મીટર સુલભ કરવામાં આવે તેવી નોટીસ મોકલાશે.

૬.૨૩ નિર્દિષ્ટ તારીખે પણ મીટર સુલભ ના હોય તો, ૭ દિવસની અંદર મીટર વાંચન કરાવી લેવા માટેની નોટિસ પરવાનેદાર, જો ગ્રાહક ઉપલબ્ધ હોય તો તેને આપશે અથવા તેની જગ્યાના મુખ્ય પ્રવેશ દ્વાર પર ચોંટાડશે. આમ કરવામાં ગ્રાહક નિષ્ફળ જશે, પૂરવઠો કાપી નાખવામાં આવશે.

૬.૨૪ ગ્રાહક બહારગામ હોવાને કારણે પોતાના મીટર પરવાનેદાર માટે સુલભ નહીં કરી શકે તેવી જાણ અગાઉથી કરી હોય અને આ સંહિતાના ખંડ ૬.૬૭ અનુસાર રકમ પણ જમા કરાવેલ હોય તેવા ઘરેલું ગ્રાહકના કેસમાં આ સંહિતાના ખંડો ૬.૨૨ અને ૬.૨૩ ની જોગવાઇઓ લાગુ પડશે નહીં.

૬.૨૫ ઘરેલું ગ્રાહકે નિવાસમાં સતત ગેરહાજરીને કારણે પરવાનેદાર મીટર વાંચવા પ્રવેશ નહીં કરી શકે તેવી તેણે અગાઉથી જાણ કરી હોય ત્યારે, પરવાનેદાર ગ્રાહકને કોઇ નોટિસ/કામચલાઉ બિલ મોકલશે નહીં, શરત કે આવા સમયગાળાનો ફીક્સ્ડ ચાર્જ ગ્રાહક અગાઉથી ભરપાઇ કરે. જ્યારે ગ્રાહક દ્વારા મીટર વાંચન માટે સુલભ કરી અપાય ત્યારે, સમગ્ર વપરાશ, પ્રવેશની અલભ્યતા અંગે કરેલી મુદતો બાદ કરીને રહેતી મુદત માટેનો વપરાશ હોય તેમ ગણાશે. ગ્રાહકે તાજેતરની તારીખ સુધી બાકી રકમ ચૂકવી હોય તો જ આ સુવિધા તેને ઉપલબ્ધ થશે. વધુમાં, આવા ગ્રાહકોએ છ મહિનામાં એક વખત પૂર્વ જાણકારી વ્યાજબી રીતે કર્યા પછી મીટર વાંચન માટે ઉપલબ્ધ કરાવવાનું રહેશે. આમ કરવામાં નિષ્ફળ જશે તો વીજ પૂરવઠો બંધ કરવામાં આવશે.

મીટરોનું પરીક્ષણ :

૬.૨૬ મીટર સ્થાપિત કરતાં પહેલાં તેની ચોકસતા અંગે ખાત્રી કરી લેવાની જવાબદારી પરવાનેદારની જાતે રહેશે અને પરવાનેદાર આ માટે તેનું પરીક્ષણ કરી શકશે. પરવાનેદાર કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ (મીટરોનું સ્થાપન અને સંચાલિત) વિનિયમો,૨૦૦૬ અને તે પછીના તમામ સુધારાઓ નિર્દિષ્ટ કર્યા પ્રમાણે પરવાનેદાર મીટરોનું સામયિક નિરીક્ષણ/પરીક્ષણ અને અંકન કરશે. પરવાનેદાર, પ્રયોગશાળા દ્વારા કરાયેલી મીટર ચોકસાઇનો અહેવાલ ગ્રાહકને આપશે અને મીટરના સામયિક નિરીક્ષણ અને પરીક્ષણ તથા અંકનનો અહેવાલ પણ ગ્રાહકને આપશે.

૬.૨૭ પરિક્ષણ પરિણામો જાળવવામાં આવશે.

INDEX

મીટરો બદલવાં:

ખામીપૂર્ણ મીટરોનું પરીક્ષણ

૬.૨૮ મીટરની ચોકસાઇ અંગે વાજબી શંકા હોય તો કોઇપણ મીટર અને સંબંધિત સાધનનું પરીક્ષણ કરવાનો પરવાનેદારનો હક રહેશે. ગ્રાહક પરીક્ષણ કરવામાં પરવાનેદારને જરૂરી સહાય કરશે.

૬.૨૯ જો ગ્રાહકને, મીટરની ચોક્કસતા અંગે શંકા હોય તો જરૂરી પરીક્ષણ ફી ભરીને પરવાનેદારને અરજી કરીને તેની જગ્યાના મીટરનું પરીક્ષણ કરવા પરવાનેદારને વિનંતી કરશે. આવી વિનંતી મળ્યેથી પરવાનેદાર આ સંહિતાના ખંડો ૬.૩૧ – ૬.૩૩ માં આપેલી વિગત પ્રમાણે કાર્યપધ્ધતિને અનુસરશે.

૬.૩૦ ગ્રાહક જો ઇચ્છે તો, આયોગ દ્વારા મંજૂર ત્રીજા પક્ષકારની ફેસીલીટી ખાતે મીટરની ચોકસાઇનું પરીક્ષણ કરાવી શકશે. મીટરના પરીક્ષણ માટે આયોગે મંજૂર કરેલ ત્રીજા પક્ષકારની ફેસિલિટીની યાદી પરવાનેદારની વેબસાઇટ પર ઉપલબ્ધ કરાશે. પરંતુ ગ્રાહકની વિનંતીથી કરવાના પરીક્ષણના કેસમાં ગ્રાહકે જરૂરી પરીક્ષણ ફી ચૂકવવી જરૂરી બનશે. પરંતુ, વધુમાં વોલ્ટેજમાં વધ- ઘટ, ક્ષણિક વધ-ઘટ વગેરે જેવા પરવાનેદારને કારણો ઉભા થતા ટેકનિકલ કારણોને લીધે જો મીટર ખામીપૂર્ણ કે બળી ગયેલું જણાય તો પરવાનેદાર પછીના બિલમાં સમાયોજન કરીને ગ્રાહકને પરીક્ષણ ફી પરત કરશે.

૬.૩૧ પરવાનેદાર, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ), વિનિયમો,૨૦૦૫, તેમાં વખતોવખત કરેલા સુધારા પ્રમાણે નિર્દિષ્ટ સમય-મર્યાદામાં મીટરનું નિરીક્ષણ કરીને તેની સચ્ચાઇ તપાસશે.

૬.૩૨ પરીક્ષણ વખતે હાજર ગ્રાહક/અધિકૃત પ્રતિનિધિ, સાક્ષીના પ્રતિક તરીકે પરીક્ષણ અહેવાલ પર સહી કરશે. ગ્રાહક/અધિકૃત પ્રતિનિધિ હાજર ન હોય તો પરવાનેદારના પ્રતિનિધિ અને પરીક્ષણ પ્રયોગશાળાના અધિકારી પરીક્ષણ અહેવાલ પર સહી કરશે.

૬.૩૩ પરવાનેદાર, પરીક્ષણની તારીખથી ૨ કામકાજના દિવસમાં પહોંચ-પત્ર હેઠળ ગ્રાહકને પરીક્ષણ અહેવાલ રવાના કરવાનો રહેશે. ખામીપૂર્ણ મીટરના કેસમાં, અધિકતમ છ મહિનાની મુદત અથવા છેલ્લા પરીક્ષણની તારીખથી મુદત બેમાંથી જે ઓછું હોય તે પ્રમાણેનો સુધારો પરીક્ષણ અહેવાલોના આધારે પછીના બિલમાં સરભર કરાશે.

૬.૩૪ ગ્રાહકને પરીક્ષણના પરિણામો અંગે વિવાદ હોય તો તે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમને અપીલ કરી શકશે, જે આ બાબત અંગે ન્યાય-ચુકાદો આપશે.

ખામીપૂર્ણ/બળી ગયેલ/ ખોવાયેલ મીટરોની ફેરબદલીનું ખર્ચ :

૬.૩૫ પરીક્ષણના પરિણામે એમ સાબિત થાય કે પરવાનેદારને કારણે વોલ્ટેજ વધ-ઘટ, ક્ષણિક વધ-ઘટ વગેરે જેવાં ટેકનિકલ કારણોને લીધે મીટર ખામીપૂર્ણ / બળી ગયું હોય તો મીટરનું ખર્ચ પરવાનેદારે ભોગવવાનું રહેશે.

૬.૩૬ પરીક્ષણના પરિણામે એમ સાબિત થાય કે, મીટર ગ્રાહકના ખામીયુક્ત સ્થાપન, તેના દ્વારા થયેલ અનધિકૃત વીજભાર જેવાં ગ્રાહક જવાબદાર હોય તેવાં કારણોને લીધે મીટર ખામીયુક્ત/બળી ગયું છે, તો મીટરનું ખર્ચ નીચે નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ગ્રાહકે ભોગવવાનું રહેશે.

(૧) જો મીટર ગ્રાહકની માલિકીનું હોય તો, પરવાનેદારે મીટર અને સંકળાયેલ સાજસરંજામ બદલવાની ગ્રાહકને જાણ કરવાની રહેશે. પરવાનેદાર જો કે, તત્કાલ મીટર બદલશે અને ગ્રાહક તેનું પોતાનું મીટર અને સંકળાયેલ સાજસરંજામની ગોઠવણ ન કરે ત્યાં સુધી મીટરનું ભાડું ચાર્જ કરવાનુ શરૂ કરશે.

(૨) જો મીટર પરવાનેદારની માલિકીનું હોય તો, પરવાનેદાર તેમના પોતાના ખર્ચે મીટર સ્થાપિત કરશે.

પરંતુ પેટા-ખંડ ૬.૩૬(૨)ના કેસમાં પરવાનેદાર ગ્રાહક પાસેથી મીટરનું ખર્ચ વસૂલ કરશે,

પરંતુ વધુમાં, પરીક્ષણના પરિણામે એમ સાબિત થાય કે, મીટરમાં દખલગીરી કરવા હેતુ ગ્રાહક દ્વારા ચેડાં કરાતાં અથવા બીજું કોઇ જાણી બુઝીને કરાયેલ કૃત્યને કારણે મીટર ખામીવાળું/બળી ગયું હતું તો આ સંહિતાના ખંડો ૭.૭ – ૭.૯ અનુસાર ગ્રાહકનું મૂલ્યાંકન કરાશે અને ગ્રાહકની સામે ચોરી તથા ચેડાં કરવા બદલ કાયદા હેઠળ પરવાનગીપાત્ર પગલાં લેવાશે.

૬.૩૭ ગ્રાહકને પરીક્ષણનાં પરિણામો બાબત મતભેદ હોય તો પરીક્ષણ ફી ચુકવીને ગ્રાહક આયોગે મંજૂર કરેલ ત્રીજા પક્ષકારની પરીક્ષણ ફેસિલિટીની યાદીમાંથી પસંદ કરેલ ત્રીજા પક્ષકારની પરિક્ષણ ફેસિલિટી ખાતે મીટરનું પરીક્ષણ કરાવી શકશે. મીટરના પરીક્ષણ માટે આયોગે મંજૂર કરેલ ત્રીજા પક્ષકાર સંસ્થાઓની યાદી પરવાનેદારની વેબસાઇટ પર ઉપલબ્ધ બનાવવાની રહેશે.

પરંતુ, વોલ્ટેજ વધ-ઘટ, ક્ષણિક વધ-ઘટ વગેરે જેવા પરવાનેદારને કારણે ઉભા થતાં ટેકનિકલ કારણોને લીધે જો મીટર ખામીપૂર્ણ/બળી ગયેલું જણાય તો પરવાનેદાર પછીના બિલમાં રકમ સરભર કરીને ગ્રાહકને પરીક્ષણ ફી પરત કરશે.

૬.૩૮ મીટર ગુમ થવાના કેસમાં, સિવાય કે મીટર પરવાનેદારની કચેરી કે પેટા-મથકે સ્થાપિત કરવામાં આવ્યું હોય, તે, નવા મીટર અને અન્ય સાધનોનું ખર્ચ ગ્રાહકે ભોગવવાનું થશે.

રેકર્ડિંગ ન કરતાં મીટરો (MDI સહિત) બદલવા :

૬.૩૯ મીટર બંધ થઈ ગયાનું કે તે રેકર્ડિંગ નહીં કરતું હોવાનું ધ્યાનમાં આવે તો એ અપેક્ષિત છે કે તરત ગ્રાહક પરવાનેદારને જાણ કરે.

૬.૪૦ કોઈ મીટરના સામયિક અથવા અન્ય નિરીક્ષણ દરમ્યાન, પરવાનેદારને તે રેકર્ડિંગ ન કરતું હોવાનું જણાય અથવા ગ્રાહક આ અંગે ફરિયાદ કરે તો, પરવાનેદાર આ સંહિતાના ખંડો ૬.૩૧ – ૬.૩૩ માં આપેલી વિગત મુજબની કાર્યપધ્ધતિ અનુસરશે.

૬.૪૧ મીટર ખરેખર રેકર્ડિંગ ન કરતું હોવાનું જણાય તો, પરવાનેદારે ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગના (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો,૨૦૦૫ વખતોવખત સુધારા કર્યા મુજબ કામ ન કરતા (ચોંટેલ, ધીમે ચાલતું, ઝડપથી કે ધીમે ધીમે ખસતું) મીટરને બદલવું.

બળેલાં મીટરો બદલવાં :

૬.૪૨ ગ્રાહકની ફરિયાદથી કે પરવાનેદારના નિરીક્ષણથી મીટર બળેલું જણાય તો પરવાનેદાર, ભવિષ્યમાં નુકશાન નિવારવા સ્થળ પર જરૂરી નિવારક પગલાં સુનિશ્ચિત કર્યા પછી બળેલા મીટરની જગ્યાએ નવું મીટર પૂરું પાડીને પરવાનેદાર તત્કાલ પૂરવઠો પુનઃસ્થાપિત કરશે.

૬.૪૩ પરવાનેદારના આરોપ્ય કારણોને લીધે જો મીટર બળી ગયું હોય તો, પરવાનેદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો,૨૦૦૫ વખતોવખત તેમાં સુધારા કર્યા મુજબ નિર્દિષ્ટ મુદતની અંદર બળેલું મીટર બદલી નાખશે.

૬.૪૪ જો મીટર, ગ્રાહકના આરોપ્ય કારણોસર જેમ કે, ચેડાં કરવાં, ગ્રાહકના સ્થાપનમાં ખામી, મીટર ભીનું થવું, બિનઅધિકૃત વધારાનો વીજભાર જોડાવો વગેરે, બળી જાય તો મીટરના ખર્ચ બાબતમાં ખંડ ૬.૩૬માં ઠરાવેલ કાર્યપધ્ધતિ અનુસરવી. પરવાનેદાર તરત મીટર બદલશે અને મીટરને વધુ નુકશાન થતું અટકાવવા સુધારાત્મક પગલાં લેશે. જો ગ્રાહક મીટરનું ખર્ચ નહીં ચૂકવે, તો પરવાનેદાર આવું ખર્ચ ગ્રાહકના પછીના વીજળી બિલમાં સમાવિષ્ટ કરશે.

ગુમ થયેલાં મીટરોની બદલી

૬.૪૫ ગુમ થયેલાં મીટરોની ફરિયાદો, પરવાનેદાર, તે અંગે પોલીસમાં એફઆઈઆર દાખલ કર્યાની નકલ તેની સાથે જોડીને મોકલી હોય તો જ ધ્યાનમાં લેશે.

૬.૪૬ આવા કેસોમાં નવું મીટરનું સ્થાપન પછી, જેટલો સમય મીટર ઉપલબ્ધ હોય તેટલા સમય-ગાળા માટેનો વીજળી ખર્ચ અને આયોગે મંજૂર કરેલ હોય તેવા કોઈપણ નિયત ખર્ચની ચૂકવણી કર્યેથી વીજપૂરવઠો ચાલુ કરાશે. મીટર ઉપલબ્ધ ન હોય તેટલા સમય-ગાળા માટેનું વીજળી ખર્ચ આ સંહિતાના ખંડ ૬.૬૦ અનુસાર આકારવામાં આવશે.

મીટર સહિત પુરવઠા મેઈન્સ અને સાધનો બાબત ગ્રાહકે દખલગીરી ન કરવી.

૬.૪૭ વિતરણ પરવાનેદારની માલિકીનાં મીટર, કટઆઉટ, MCB સર્વિસ મેઈન્સ અને બીજા સાજસરંજામ ગ્રાહકના સ્થળ ખાતે

સ્થાપિત કરી હોય તો વિતરણ પરવાનેદાર દ્વારા અધિકૃત ન કરાયેલી કોઈપણ વ્યક્તિ કોઈપણ રીતે તેની કામગીરી હાથ ધરશે નહીં કે તે દૂર કરશે નહીં. મીટર પર લગાડેલ સીલ, મીટરના સાજસરંજામ કટ-આઉટ, MCB અને વિતરણ પરવાનેદારના સાજસરંજામની છેડ-છાડ/નુકશાન કે નાશ કરવો નહીં કે તે તોડવા નહીં.

બિલ-વ્યવસ્થા:

સામાન્ય :

૬.૪૮ વીજળી પુરવઠા અંગેના પ્રશુલ્ક અને ખર્ચ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ વખતોવખત નક્કી કરેલ હોય તે પ્રમાણે રહેશે.

૬.૪૯ ગ્રાહકે જરૂરી વિગતો આપી હોય તો, પરવાનેદાર એસએમએસ અને/અથવા ઈમેઇલ મારફત બિલ રવાનગીની ગ્રાહકને જાણ કરશે. ચુકવણી મળ્યાની વિગતો સાથે તમામ ગ્રાહકો માટેના છેલ્લાં ૬ બિલ (છેલ્લામાં છેલ્લાં બિલ સહિત)ની વિગતો પરવાનેદારની વેબસાઈટ પર ઉપલબ્ધ કરાશે. આ સુવિધા માટે પરવાનેદાર પાસે નોંધણી કરાવનાર ગ્રાહકને તેની વિગતો સુલભ થઈ શકશે.

૬.૫૦ પરવાનેદાર, બિલ પર બિલ વિતરકના નામનો રબ્બર સ્ટેમ્પ લગાવવાની ગોઠવણ કરશે અને બિલ વિતરકે બિલ પર, બિલ ગ્રાહકને સોંપતા પહેલાં બિલની ડિલિવરી તારીખ લખવાની રહેશે.

૬.૫૧ પરવાનેદાર નવું જોડાણ આપ્યાનાં બે બિલીંગ અવધિની અંદર પ્રથમ બિલ રવાના કરશે. જો ગ્રાહકને જોડાણ આપ્યાની તારીખથી ૨ બિલીંગ અવધિની અંદર પ્રથમ બિલ ન મળ્યું હોય તો તે લેખિતમાં પરવાનેદારની કચેરીને ફરિયાદ કરશે અને પરવાનેદારે ત્યાર પછીના ૧૪ દિવસમાં બિલ રવાના કરવું પડશે.

૬.૫૨ સ્થળ પર બિલ તૈયાર કરવાના કેસમાં ગ્રાહકને બિલ તત્કાલ અપાશે. બીજા બધા કેસોમાં પરવાનેદાર એ સુનિશ્ચિત કરશે કે ચુકવણીની નિયત તારીખના ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ હાથોહાથ/પોસ્ટ/કુરિયર દ્વારા ગ્રાહકને બિલ મોકલાય.

૬.૫૩ જો ગ્રાહકને સાધારણ રીતે બિલ રવાના કર્યાની તારીખના ૭ દિવસની અંદર બિલ ન મળે તો તે પરવાનેદારની સંબંધિત બિલીંગ કચેરીમાંથી ડુપ્લિકેટ બિલ મેળવી શકશે. ગ્રાહક પરવાનેદારની ઓફિસનો રૂબરૂ/ ટેલિફોનથી કે ટપાલ દ્વારા બીલ મળ્યાની તારીખે સંપર્ક કરે તો પરવાનેદાર ડુપ્લિકેટ બિલ તાત્કાલિક રવાના કરશે. બિલ ન મળવાના કારણે નિયત તારીખ પછી બીલનું મોડું ચૂકવણું કરવાનો ગ્રાહકને અધિકાર મળતો નથી.

૬.૫૪ નીચેની માહિતી બિલમાં સમાવિષ્ટ કરવી.

(૧) બિલ રવાના કરનાર કચેરી/ વિતરણ કેન્દ્રનું સરનામું અને ટેલિફોન નંબર;

(૨) સર્વિસ જોડાણ નંબર;

(૩) બિલ નંબર અને બિલની મુદત;

(૪) ગ્રાહક નંબર, નામ અને સરનામું;

(૫) જ્યાંથી જોડાણ કરાતું હોય તે થાંભલા નંબર/પેટા-વિભાગ કે કેન્દ્રનું નામ;

(૬) બિલ ઇશ્યુ કર્યાની તારીખ;

(૭) ગ્રાહકનો પ્રશુલ્ક વર્ગ (જેમ કે, RGP, NRGP વગેરે);

(૮) લાગુ પડતા પ્રશુલ્ક, વીજળી વેરો અને કર;

(૯) મીટરની સ્થિતિ(બરાબર/ખામીયુક્ત/અપ્રાપ્ય);

(૧૦) બિલની સ્થિતિ (નિયમિત/આકારેલ/કામચલાઉ બિલ કારણ સાથે);

(૧૧) પુરવઠા વિગતો;

i. પુરવઠાનો પ્રકાર (જેમ કે ૧-ફેઇઝ, ૩-ફેઇઝ એલ.ટી. અથવા એચ.ટી.)

ii. કરારયુક્ત વીજભાર/જોડેલ વીજભાર

(૧૨) મીટર નંબર અને મીટરની ઓળખ વિગત (બિલ તૈયાર કરવાની મુદત દરમિયાન જો મીટર બદલેલ હોય તો બીલમાં નવા તથા જુના મીટર નંબર, મીટર બદલ્યાની તારીખ, જુના બિલનું આખરી વાંચન અને મીટર બદલતી વખતે નવા મીટરનું પ્રારંભિક વાંચન દર્શાવવાં);

(૧૩) પ્રારંભિક મીટર વાંચન, તારીખ સાથે;

(૧૪) આખરી મીટર વાંચન, તારીખ સાથે;

(૧૫) મીટરના કોઇ ચુલક અવયવ હોય તો તે;

(૧૬) વપરાયેલ યુનિટો;

(૧૭) અધિકતમ માંગ;

(૧૮) ચુકવણીની નિયત તારીખ;

(૧૯) બિલની વિગતો: બિલમાં ચાલુ તેમજ ગત મહિનાની બાકીની બાબતવાર વિગતો દર્શાવવી. નમુનારૂપ યાદી નીચે આપી છે;

i. વીજળી ખર્ચ
ii. ફીક્સ્ડ ચાર્જ
iii. મીટર ભાડું
iv. કેપેસિટર સરચાર્જ
v. બીજાં ખર્ચ, જો હોય તો
vi. વીજળી વેરો
vii. એફ્પીપીપીએ ચાર્જીસ (FPPPA)
viii. પાવર ફેક્ટર સમાયોજન ચાર્જીસ, કોઇ હોય તો
ix. રિએક્ટિવ વીજળી ચાર્જીસ , કોઇ હોય તો
x. સમય પ્રમાણેના વપરાશનાં ચાર્જીસ , કોઇ હોય તો
xi. વિલંબ માટે સરચાર્જ, કોઇ હોય તો
xii. બાકી હપ્તા પરનું બાજ
xiii. કુલ ચાલુ મહિનાની માંગ
xiv. બાકી નીકળતી રકમ (વિગતો સાથે)
xv. સહાયકીની વિગતો, કોઇ હોય તો, અધિનિયમની કલમ-૬૩ અન્વયે
xvi. અન્ય (વિગતો સાથે)
xvii. કુલ બાકી રકમ
xviii. સમાયોજન
xix. ચુકવવાપાત્ર ચોખ્ખી રકમ

(૨૦) સ્વીકારેલ ચૂકવણીની પધ્ધતિઓ;

(૨૧) ચેક અને બેન્ક ડ્રાફ્ટના કેસમાં, જેની તરફેણમાં રકમ ઉપાડવાની હોય તે મેળવનાર સત્તાધિકારી;

(૨૨) રાખેલ અને જરૂરી જામીન અનામત;

(૨૩) છેલ્લાં ૬ વાંચનની વપરાશ વિગતો;

(૨૪) બાકી રકમની ચુકવણી માટે કલમ-૫૬ અન્વયે નોટિસ.

૬.૫૫ નીચેની વિગતો બિલની પાછલી બાજુએ અથવા બિલ પર સિક્કો મારીને અથવા બિલની સાથે જોડાણ કરીને વર્ષમાં ઓછામાં ઓછું ૨ વખત પૂરી પાડવી:

(૧) બિલ ચૂકવણીની વસુલાત માટે જુદા જુદા સ્થળોએ ફરતી વાનની હાજરીની તારીખ અને સમય સહિત વસુલાત કેન્દ્ર(કેન્દ્રો)નું સરનામું અને બિલની ચુકવણીની વસુલાત માટે કામકાજના કલાક;

(૨) બિલને લગતી ફરિયાદો જેની પાસે દાખલ કરી શકાય તે અધિકારીનો હોદ્દો અને સરનામું;

(૩) ફરિયાદ કેન્દ્રો, કોઇ હોય તો તેનું પૂરૂં સરનામું અને ટેલિફોન નંબર(રો);

(૪) કેન્દ્રિય ફરિયાદ નિવારણ અધિકારીઓ સહિત પ્રસ્તુત ફરિયાદ નિવારણ અધિકારીઓ તેમજ અધિનિયમની કલમ-૪૨ પેટા ખંડ-૬ અન્વયે ઉભા કરેલ ઓમ્બુડસમેનના સરનામા અને ટેલિફોન નંબરો;

(૫) ગ્રાહકને લાગુ પડતા પ્રશુલ્કની અનુસૂચિ અને;

(૬) સલામતી, વીજળી સંરક્ષણ, ચોરી નિવારણ વગેરેને લગતી માહિતી પરંતુ કોઇપણ સંજોગોમાં બિલની અંદર કોઇપણ પ્રકારની વાણિજ્યિક જાહેરાતો ન હોવી જોઇએ.

૬.૫૬ બિલની અંદર પરવાનેદાર ઇચ્છે તેવી કોઇ વધારાની માહિતી આપી શકાશે.

ખાસ સંજોગોમાં બિલ તૈયાર કરવાની કાર્યપધ્ધતિ :

મીટર સુલભ ન હોય ત્યારે બિલ તૈયાર કરવું :

૬.૫૭ સ્થળ પરની બિલ સિસ્ટમમાં ન આવરી લેવાયેલ બધા કેસોમાં જો પરવાનેદાર મીટર વાંચી શકે તેમ ન હોય તો, આગલાં ૩ બિલોની સરેરાશ વપરાશના આધારે કામચલાઉ બિલ આપી શકશે. આમ છતાં પરવાનેદારે સુનિશ્ચિત કરવું કે આવું કામચલાઉ બીલીંગ, સળંગ બે બીલીંગ અવધિથી વધુ લંબાવવું જોઇએ નહિ અને એક નાણાકીય વર્ષ દરમ્યાન બે કરતાં વધુ કામચલાઉ બિલ એક ગ્રાહક માટે બનેલા હોવા જોઇએ નહી. આવા કામચલાઉ બિલો પછીના ખરેખર મીટર વાંચનને આધારે સરભર કરવા.

ખામીયુક્ત/ ચોંટી ગયેલ/ બંધ/ બળેલા મીટરના કેસમાં બિલ તૈયાર કરવા :

૬.૫૮ ખામીયુક્ત/ ચોંટી ગયેલ/ બંધ/ બળેલા મીટરના કેસમાં મીટર ખામીપૂર્ણ જણાય/ જણાવાય તે તારીખથી તરત અગાઉના છેલ્લા ત્રણ બીલીંગ અવધિના સરેરાશ વપરાશના બિલોને આધારે ગ્રાહકને બિલ આપવું. પૂરતી વિગતો પ્રાપ્ય ન હોય તો, તે પછીની મુદતના બે/ત્રણ બિલની અવધિ દરમ્યાન થયેલ સરેરાશ વપરાશ ગણતરીમાં લઇ શકાય. આ ખર્ચ અધિકતમ માત્ર ત્રણ બિલીંગ અવધિની મુદત માટે વસૂલવાપાત્ર થશે.

પરંતુ ઉક્ત મુદત દરમ્યાન સંબંધિત મકાનની કાર્યકારી અને/અથવા કબ્જાની સ્થિતિ અંગે ગ્રાહકે કોઇ પુરાવો આપ્યો હોય કે જેનાથી વીજળી વપરાશ પર અસર પડી હોય તો પરવાનેદાર તેને વિચારણામાં લેશે.

૬.૫૯ ગ્રાહકના સ્થળે સ્થપાયેલ મીટરનું અધિકતમ માંગ નિર્દેશક (MDI) ખામીવાળું જણાય કે બિલકુલ રેકોર્ડિંગ ન કરતું હોય (સિવાય કે દખલગીરી કરેલ હોય) ત્યારે આગલા વર્ષના આનુષંગિક મહિના/બિલીંગ અવધિ દરમ્યાન કે જ્યારે મીટર પુર્ણત: કામ કરતુ હોય અને સાચુ રેકોર્ડિંગ દર્શાવતુ હોય, ત્યારે થયેલ અધિકતમ માંગને આધારે માંગ-ખર્ચની ગણતરી કરાશે. જો આગલા વર્ષના આનુષંગિક મહિના/બિલીંગ અવધિ દરમ્યાન નોંધાયેલ MDI પણ ઉપલબ્ધ ન હોય તો ઓછી અવધિ માટે ઉપલબ્ધ હોય તેવી સરેરાશ અધિકતમ માંગ વિચારણામાં લેવી.

ગૂમ થયેલાં મીટરોના કેસમાં બિલ તૈયાર કરવા:

૬.૬૦ મીટરો ગૂમ થયા હોવાની જાણ કરાઇ હોય તેવા કેસમાં જેટલા સમય માટે મીટર ઉપલબ્ધ ન હોય તે મુદત અંગે નીચે મુજબ આકારણી કરવી.

(૧) આ સંહિતાના ખંડો ૭.૭ – ૭.૯ અનુસાર, જો પરવાનેદારની તપાસમાં એમ સાબિત થાય કે, ગ્રાહક અને/અથવા તેના મેળાપીના જાણી બૂઝીને કરાયેલા કૃત્યને કારણે મીટર ગૂમ થયું છે.

(૨) બીજા કેસોમાં, આ સંહિતાના ખંડો ૬.૫૮ અને ૬.૫૯ ના ખંડો અનુસાર.

ઘરેલું ગ્રાહકો માટે કબ્જાના ફેરફાર કે મકાન ખાલી થવાના કેસમાં મીટરોનું ખાસ વાંચન અને બિલ તૈયાર કરવા.

૬.૬૧ જગ્યાનો કબ્જો બદલાય અથવા તે ખાલી પડે તે વખતે પરવાનેદાર દ્વારા ખાસ વાંચન કરાવવાની જવાબદારી ગ્રાહકની રહેશે અને પરવાનેદાર પાસેથી ના-બાકી રકમનું પ્રમાણપત્ર મેળવવું જોઇશે.

૬.૬૨ ઉક્ત જગ્યા ખાલી પડે અથવા કબ્જો બદલાય તેના ઓછામાં ઓછા ૧૫ દિવસ અગાઉ ગ્રાહકે પરવાનેદારને ખાસ વાંચન માટે લેખિત વિનંતી કરવી. આમ છતાં ટુંકા ગાળાની નોટિસ પરવાનેદાર સ્વીકારી શકશે.

૬.૬૩ પરવાનેદાર, ગ્રાહકની લેખિત વિનંતી મળ્યાના ૭ કામકાજના દિવસમાં ખાસ વાંચન કરાવવાની વ્યવસ્થા કરશે અને જગ્યાનો કબ્જો બદલાય/જગ્યા ખાલી પડે તેના ૭ કામકાજના દિવસ અગાઉથી બિલની તારીખ સુધીની તમામ બાકી રકમ સહિતનું આખરી બિલ મોકલશે. આ રીતે તૈયાર કરેલ આખરી બિલમાં એ દર્શાવવું કે, જગ્યા પર બીજું કોઇ લેણું બાકી નથી અને બિલ આખરી છે. આખરી બિલમાં પણ ખાસ વાંચનની તારીખ અને જગ્યા ખાલી થવાની તારીખ વચ્ચેની મુદત માટે થયેલ સરખા હિસ્સાના ધોરણે ખર્ચનો સમાવેશ કરવો.

૬.૬૪ એકવાર આખરી બિલ તૈયાર થાય એટલે પરવાનેદારને આવા બિલની તારીખ પૂર્વેની મુદત માટે, આખરી બિલમાં હોય તે સિવાય અન્ય કોઇ ખર્ચ વસુલ કરવાનો હક રહેશે નહીં. જગ્યા ખાલી થતાં, પરવાનેદાર પૂરવઠો બંધ કરી શકશે. જગ્યા ખાલી કરતી વખતે આખરી ચૂકવણી કરવાની જવાબદારી ગ્રાહકની રહેશે અને પરવાનેદાર તે પ્રમાણે આવી ચૂકવણી મળતા 'ના-બાકી' નું પ્રમાણપત્ર આપશે. આમ છતાં કબ્જો બદલાવાના કેસમાં, જોડાણ છુટું કરાશે નહીં અને નામની ફેરબદલીની વાણિજ્યિક ઔપચારિકતા પૂરી કર્યા પછી તે અમલી બનશે.

ગ્રાહક દ્વારા કરાયેલ સ્વ-આકારણીને આધારે ચૂકવણી :

૬.૬૫ બિલ ન મળતાં, ગ્રાહક જેટલા સમય-ગાળા માટે બિલ ન મળ્યું હોય તેટલા સમય-ગાળા માટે કરેલ સ્વ-આકારણીને આધારે રકમ જમા કરાવી શકશે, પરંતુ તે રકમ છેલ્લા ૬ મહિનાના બિલીંગ અવધિ દરમ્યાન થયેલ સરેરાશ વપરાશથી ઓછી ન હોવી જોઇએ. ગ્રાહકે આ રીતે કરેલ વધુ/ઓછી ચૂકવણીની તે પછીના બિલમાં સરભર કરાશે.

બિલોની આગોતરી ચૂકવણી :

૬.૬૬ જો ગ્રાહકની જગ્યા થોડોક સમય ખાલી રહે અને/અથવા તે આગોતરી ઉચ્ચક રકમની ચૂકવણી કરવા માગે, જેમાંથી બિલની રકમ સામયિક રીતે કપાય તો તે પરવાનેદારને અરજી કરી શકે.

૬.૬૭ આવા કેસમાં ગ્રાહકે, સૂચિત ગેરહાજરીની મુદત માટે ફીક્સ્ડ ચાર્જ આવરી લેતી રકમ જમા કરાવવાની રહે, આવી કામચલાઉ ચૂકવણી ખરેખર મીટર વાંચનના ધોરણે પછીનું બિલ રવાના કરાય ત્યારે સરભર કરાશે.

૬.૬૮ નિયમિત ગ્રાહક પણ છ મહિનાની મુદતની ન્યુનતમ ચૂકવણીને અધીન રહીને આ વ્યવસ્થાનો લાભ લઈ શકશે. આવી અગ્રિમ ચૂકવણી નિયમિત બિલમાં સરભર કરાશે.

૬.૬૯ આ વ્યવસ્થાને પસંદ કરના ગ્રાહકોના બિલો, જમા કરાવેલી રકમ, દરેક બિલીંગ અવધિ પછી વીજળીની બાકી રકમ સામે સરભર કરાવેલી રકમ અને બાકી રહેલ રકમ દર્શાવશે. આવી અગ્રિમ થાપણોમાંની બાકી રહેલી રકમો પર વાર્ષિક ૪%ના દરે વ્યાજ ચૂકવવામાં આવશે. આ વ્યાજની ગણતરી બિલીંગ અવધિ અનુસાર કરાશે.

તકરારી બિલોના કેસમાં બિલ તૈયાર કરવું:

૬.૭૦ ફરિયાદ મળતાં પરવાનેદાર સ્થળ પર લેખિત/ ઈલેક્ટ્રોનિક પહોંચ-પત્ર રવાના કરશે અને સંદર્ભ માટે ફરિયાદને નંબર આપશે.

૬.૭૧ ગ્રાહક પાસેથી વધારાની માહિતીની જરૂર ન હોય તો પરવાનેદાર ગ્રાહકની ફરિયાદનો ઉકેલ લાવશે અને ફરિયાદ મળ્યાના ૭ દિવસની અંદર ગ્રાહકને પરિણામની જાણ કરશે. વધારાની માહિતીની જરૂર હોય તેવા કેસમાં તે મેળવીને, પ્રશ્નનો ઉકેલ લવાશે અને ફરિયાદ મળ્યાના ૧૦ દિવસની અંદર ગ્રાહકને પરિણામની જાણ કરાશે. આમ છતાં ગ્રાહક સમયસર માહિતી પૂરી ન પાડે તો તેના પરિણામે થતા વિલંબ માટે પરવાનેદારને જવાબદાર ઠરાવાશે નહીં. બિલ પરની ફરિયાદનો ઉકેલ આવે ત્યાં સુધી ગ્રાહકે, છેલ્લાં ૩ ક્રમિક તકરાર રહિત બિલોની સરેરાશ વપરાશને આધારે રકમ ચૂકવવાની રહેશે. આ રીતે વસૂલ કરાયેલી રકમ ફરિયાદ નિવારણ થતાં આખરી સમાયોજનને આધીન રહેશે.

૬.૭૨ જો પરવાનેદારને ફરિયાદ સાચી જણાય તો તેની જાણ થયાના ૫ કામકાજના દિવસમાં ગ્રાહકને સુધારેલું બિલ મોકલાશે. ગ્રાહક સુધારેલું બિલ મળે તે પછીના ૧૦ દિવસની અંદર ચૂકવણી કરશે. ગ્રાહક સુધારેલી નિયત તારીખ સુધીમાં ચૂકવણી કરે તો ગ્રાહક પાસેથી કોઈ વિલંબિત ચૂકવણી સરચાર્જ વસૂલ કરાશે નહીં. ફરિયાદ નિવારણને કારણે રિફંડના કેસમાં ગ્રાહકના તે પછીના બિલમાં તેની રકમ સરભર કરાશે.

૬.૭૩ જો ફરિયાદ ખોટી જણાય તો ગ્રાહકને મૂળ બિલ પ્રમાણે તત્કાળ ચૂકવણી કરવાનું જાહેર કરાશે અને આદેશ અપાશે ગ્રાહક અને મૂળ બિલની નિયત તારીખ પછી ચૂકવણી કરે તો તે વિલંબિત ચૂકવણી સરચાર્જ ચૂકવવા જવાબદાર બનશે.

બિલોની ચૂકવણી :

૬.૭૪ ગ્રાહક રોકડથી રૂ.૨૦,૦૦૦/- સુધી ચેક, ડિમાન્ડ ડ્રાફ્ટથી કે ઈ-ચૂકવણી વ્યવસ્થા મારફત ચૂકવણી કરી શકશે. ચેક અને ડિમાંડ ડ્રાફ્ટ, અનુસુચિત વાણિજ્યિક બેંકની કોઈપણ શાખા કે જે સંબંધિત પેટા-વિભાગીય કચેરી જ્યાં આવેલી હોય તે વિસ્તાર માટેના ક્લિયરીંગ હાઉસની સભ્ય હોય ત્યાં ચૂકવવા પાત્ર થશે. ચેક વસુલાતની તારીખ, પરવાનેદારના ખાતામાં ચૂકવણી મળે તે તારીખ ગણવામાં આવશે.

૬.૭૫ નીચે મુજબ ચુકવણી કરી શકે છે;

(૧) નિર્દિષ્ટ સમયે પરવાનેદારની નામ-નિર્દિષ્ટ વસૂલાત કચેરી ખાતે રૂબરૂમાં; અથવા

(૨) ટપાલ કે આંગડિયા દ્વારા; અથવા

(૩) નામ-નિર્દિષ્ટ સ્થળોએ પરવાનેદાર દ્વારા રખાતી ચેક-પેટીમાં જમા કરાવીને; અથવા

(૪) ઈન્ટરનેટ મારફત બેંક ટ્રાન્સફર કરીને; અથવા

(૫) બિલની ચુકવણી સ્વીકારવા પરવાનેદારે જાહેર કરેલી બીજી કોઈ યોજના દ્વારા.

૬.૭૬ પરવાનેદારે, જરૂરી સુવિધાઓ સાથે યોગ્ય સ્થળોએ પૂરતી સંખ્યામાં વસૂલાત કેન્દ્રો સ્થાપવા પડશે, જ્યાં ગ્રાહક સહેલાઈથી અને અયોગ્ય ભીડ વિના બિલની રકમ જમા કરાવી શકે. સિનિયર સીટીઝન, વિકલાંગ વ્યક્તિ અને સ્ત્રીઓ માટે જરૂરી અલગ વસૂલાત કેન્દ્રોની જોગવાઈ કરવી.

૬.૭૭ પરવાનેદાર બાકી રકમ ચૂકવવા સુચનારૂપે ૧૫ દિવસની મુદત આપ્યા પછી ગ્રાહક તેની બાકી રકમ ચૂકવવામાં વિલંબ કરે તો તેવા ગ્રાહકને અધિનિયમની કલમ-૫૬ અનુસાર જોડાણ કપાત કરવાની લેખિત સુચના આપી શકશે. આવી સુચના આગામી બિલિંગ અવધિના વીજળી બિલ સાથે જોડી શકાશે. જો ચેક અમાન્ય ઠરે તો પરવાનેદાર ગ્રાહકને જાણ કરશે અને ૭ દિવસની અંદર રોકડમાં બિલ ચૂકવવા જણાવશે. ગ્રાહક, લાગુ પડે તે પ્રમાણે વિલંબિત ચૂકવણી માટેનો સરચાર્જ, તેમજ ચેક અમાન્ય થવાને કારણે થયેલ ખર્ચ ચૂકવવા જવાબદાર બનશે. ગ્રાહકનો નાણાકીય વર્ષમાં જો ચેક અમાન્ય કર્યાનો એક બનાવ બન્યો હોય તો ગ્રાહકે તે પછી નાણાકીય વર્ષના અંત સુધી માત્ર રોકડેથી અથવા RTGS/NEFT મારફત તમામ ચૂકવણી કરવાની રહેશે.

૬.૭૮ સંહિતાના ખંડ ૬.૭૪ માં નિર્દિષ્ટ ચૂકવણીની પધ્ધતિ ઉપરાંત પરવાનેદાર ગ્રાહકોને સુચના આપ્યા પછી નિર્દિષ્ટ પ્રકારના ગ્રાહકો માટે ઇલેક્ટ્રોનિક ક્લિયરિંગ સિસ્ટમ મારફત અથવા નામ-નિર્દિષ્ટ બેંકના કાઉન્ટર પર અથવા નિર્દિષ્ટ વિસ્તારમાં ક્રેડિટ/ડેબિટ કાર્ડ મારફત અને અન્ય કોઈ સાધનો મારફત બિલની ચૂકવણી સ્વીકારની યોજનાઓ જણાવી શકશે. આમ છતાં ચૂકવણીની પધ્ધતિ માં કોઈ ફેરફાર ગ્રાહકો માટે પ્રવર્તમાન પધ્ધિત કરતાં વધુ મૈત્રીપુર્ણ હોવી જોઈશે.

૬.૭૯ રવિવાર કે જાહેર રજાના દિવસે બિલ પર ચુકવણી માટે દર્શાવેલી નિયત તારીખ આવતી હોય તો, તે પછીના કામકાજના દિવસે ચુકવણી કરવાની થશે.

બીલ ચુકવણીની પહોંચ:

૬.૮૦ રૂબરૂમાં બિલની ચૂકવણી માટે ગ્રાહકને પહોંચ અપાશે. બધા કેસોમાં ચુકવણીની પહોંચ આગામી બિલમાં અપાશે.

મળેલી રકમનો ઉપયોગ :

૬.૮૧ ગ્રાહકે કરેલી બધી ચૂકવણીઓને નીચેના અગ્રતા ક્રમમાં સમાયોજીત કરવાની રહેશે.

(૧) વિલંબિત ચૂકવણી ખર્ચ

(૨) વીજળી ખર્ચની બાકી રકમ અને વીજળી વેરાની /કરની આનુષાંગિક બાકી રકમ,

(૩) ચાલુ વીજળી ખર્ચ અને આનુષાંગિક ચાલુ વીજળી વેરો/કર

(૪) પ્રકીર્ણ ખર્ચ

વિલંબિત ચૂકવણી ખર્ચ

૬.૮૨ વિલંબિત ચૂકવણી ખર્ચ પ્રવર્તમાન પ્રશુલ્ક આદેશ અનુસાર વસૂલ કરાશે.

હપ્તાની સુવિધા :

૬.૮૩ પરવાનેદાર ગ્રાહકો નાણાભીડ હેઠળ હોય તો તત્પુરતા સમય માટે હપ્તાની બિલની ચૂકવણીની સુવિધા માટેની યોજના તેઓના માટે બનાવી શકશે. વિલંબિત ચૂકવણી ખર્ચ, નિયત તારીખ પછી ચૂકવેલી રકમ પર વસૂલ કરાશે.

બાકી રકમની વસૂલાત :

૬.૮૪ કોઈપણ ગ્રાહક પાસે ચૂકવણીમાં કસૂરને કારણે બાકી નીકળતી રકમ, આવી રકમ પ્રથમ બાકી નીકળે તે તારીખથી ૨ વર્ષની મુદત પછી વસૂલાતપાત્ર થશે નહિં, સિવાય કે આવી રકમ, અધિનિયમની કલમ-૫૬ અનુસાર પૂરી પાડેલી વીજળી માટે ખર્ચની બાકી રકમ તરીકે સતત દર્શાવવામાં આવી હોય.

INDEX

વિભાગ -૭

નિયંત્રણો

વીજળીની ચોરી:

૭.૧ જ્યારે પણ અધિકૃત અધિકારી નિરીક્ષણ વખતે વીજળીની ચોરીનો બનાવ શોધી કાઢે ત્યારે, આકારણી અધિકારી, નીચેની કલમોમાં ઠરાવેલ કાર્યપધ્ધતિ અનુસાર આકારણી કરી શકશે.

વીજળી ચોરીના કેસની ફરિયાદ નોંધણીની કાર્યપધ્ધતિ :

૭.૨ અધિકૃત અધિકારી સ્વયં અથવા વીજળી ચોરી અંગેની ભરોસાપાત્ર માહિતી મળતાં આવી જગ્યાનું તત્કાલ નિરીક્ષણ હાથ ધરશે.

૭.૩ આવા અધિકૃતના અધિકારીના વડપણ હેઠળની પરવાનેદાર કે પુરવઠાકારની નિરીક્ષણ ટીમ પોતાની સાથે તેમના ફોટો ઓળખકાર્ડ રાખશે. ફોટો ઓળખકાર્ડ સ્થળ પ્રવેશ કરતાં પહેલાં ગ્રાહક/ગ્રાહકના પ્રતિનિધિને બતાવવાનું રહેશે. અધિકૃત અધિકારીનું ફોટો ઓળખ કાર્ડ સ્પષ્ટપણે દર્શાવશે કે તેને અધિનિયમની કલમ-૧૩૫ની જોગવાઈઓ અનુસાર અધિકૃત અધિકારી તરીકે નિમવામાં આવેલ છે.

૭.૪ અધિકૃત અધિકારી જોડેલ વીજભાર, મીટર સીલની સ્થિતિ, મીટરની કામગીરી જેવી વિગતો આપીને અને ધ્યાનમાં આવેલ કોઈ અનિયમિતતા (જેમકે મીટર સાથે ચેડાં કરવા, વીજળી ચોરી માટે અપનાવેલ કૃત્રિમ સાધનો) દર્શાવીને અહેવાલ તૈયાર કરશે.

૭.૫ અહેવાલમાં વીજળીની ચોરીની હકીકતને સમર્થન કરતો પૂરતો પુરાવો મળ્યો છે કે કેમ તે સ્પષ્ટપણે દર્શાવવાનું રહેશે. આવા પુરાવાની વિગતો અહેવાલમાં નોંધવાની રહેશે.

૭.૬ વીજળીની ચોરી સાબિત કરતો પર્યાપ્ત પુરાવો મળી આવે તો, પરવાનેદાર કે પુરવઠાકાર અધિનિયમની કલમ-૧૩૫ પેટા ખંડ-(1A) અનુસાર પુરવઠો બંધ કરી શકશે અને સ્થળ પરથી વાયરો, કેબલો, મીટર, સર્વિસ લાઈન વગેરે સહિત તમામ મહત્વપૂર્ણ ભૌતિક પુરાવા જપ્ત કરી શકશે અને આવું જોડાણ કપાત કરાય તેના ૨૪ કલાકની અંદર અધિકારક્ષેત્ર ધરાવતાં પોલીસ મથકમાં આવા ગુના અંગેની લેખિત ફરિયાદ દાખલ કરશે.

૭.૭ આકારણી અધિકારી, આવી વીજળી ચોરી જ્યારે થઈ હોય તે સમગ્ર મુદત માટે, આ સંહિતાના જોડાણ-જમાં આપેલ આકારણી ફોર્મ્યુલા અનુસાર વીજળી વપરાશની આકારણી કરશે. પરંતુ આવી વીજચોરી જે મુદત દરમ્યાન થઈ હોય તો મુદતની ખાતરી ન કરી શકાય તો આવી મુદત નિરીક્ષણની તારીખથી તરત પૂર્વેના ૧૨ મહિના સુધી મર્યાદિત રહેશે. નીચેની માર્ગદર્શક સૂચનાઓ કે તેના કોઈ સંયોજનને વિચારણામાં લીધા પછી આકારણીની મુદત કાઢી શકાશે.

(૧) પૂરવઠો શરૂ કર્યાની તારીખથી ચોરી શોધ્યાની તારીખ સુધીની ખરેખરી મુદત;

(૨) પુરાવો શોધી કાઢ્યો હોય તે મીટર સિસ્ટમના ઘટક ભાગની ફેરબદલીની તારીખથી ચોરી શોધ્યાની તારીખ સુધીની ખરેખરી મુદત;

(૩) સ્થાપનની અગાઉથી ચકાસણીની તારીખથી ચોરી શોધ્યાની તારીખ સુધીની ખરેખરી મુદત;

(૪) મીટર વાંચન સાધન (MRI) વિગતો ઉપલબ્ધ હોય ત્યાં તે વિચારણામાં લેવી;

(૫) ગુનેગાર વ્યક્તિએ રજૂ કરેલ માન્ય દસ્તાવેજને આધારે.

૭.૮ ચોરીનો સમય-ગાળો સ્થાપિત કર્યા પછી, આકારણી અધિકારી, વીજળી (સુધારા) અધિનિયમ-૨૦૦૭ અને તે પછીના તેમાં કરાયેલા સુધારા અનુસાર લાગુ પડતાં પ્રયુક્તને આધારે આકારણી હુકમ તૈયાર કરી યોગ્ય પહોંચ હેઠળ વ્યક્તિને બજાવશે.

૭.૯ નિયમિત મીટરયુક્ત જોડાણના કેસમાં કે જેમાં વીજ ચોરીનો કેસ શોધી કઢાયો હોય ત્યાં જે મુદત માટે આકારણી કરાઈ હોય તે મુદત દરમ્યાન પરવાનેદારે વ્યક્તિને માટે બનાવેલ બિલ માટે મીટરમાં નોંધાવાની છૂટ અપાયેલ યુનિટો ગ્રાહકના ખાતે યોગ્ય રીતે જમા કરવાના રહેશે.

૭.૧૦ ચોરીની શંકાના કેસમાં અધિકૃત અધિકારી જપ્તિ મેમો હેઠળ જૂનું મીટર દૂર કરશે અને ગ્રાહક કે તેના અધિકૃત પ્રતિનિધિની હાજરીમાં તેના પર સીલ મારશે અને અધિકૃત અધિકારી તથા ગ્રાહકે મીટર પર લગાડેલ સીલ પર સહી કરવી જોઈશે.

પરવાનેદાર કે પુરવઠાકાર બીજા મીટર વડે ગ્રાહકને પુરવઠો આપવાનું ચાલુ રાખશે. જૂના મીટરનું ગ્રાહક કે તેના પ્રતિનિધિ અને અધિકૃત અધિકારીની હાજરીમાં પરવાનેદારની પરિક્ષણ પ્રયોગશાળા ખાતે પરિક્ષણ કરાશે, જેનો પરિક્ષણ અહેવાલ લેખિતમાં અપાશે, જેની પર બન્ને પક્ષકારોએ યોગ્ય રીતે સહી કરેલ હશે અને સાથે ફોટોગ્રાફ પણ હશે, જે તેનો પુરાવો બનશે. અધિકૃત અધિકારીએ તેના અહેવાલમાં ચોરીની શંકાના કારણોની નોંધ કરવાની રહેશે. ગ્રાહકને મીટરના પરિક્ષણ માટે પ્રયોગશાળામાં હાજર રહેવા ૩ (ત્રણ) જુદી જુદી તારીખો આપવામાં આવશે. જે મુજબ હાજર નહીં રહેતા, પરવાનેદાર એકપક્ષિય રીતે મીટરનું પરિક્ષણ કરાવશે અને તેનાં પરિણામ ગ્રાહકને બંધનકર્તા રહેશે.

૩.૧૧ અહેવાલ પર અધિકૃત અધિકારી તથા નિરીક્ષણ ટીમનો દરેક સભ્ય સહી કરશે અને તે અહેવાલ સ્થળ પર યોગ્ય પહોંચ હેઠળ ગ્રાહકને અથવા તેના/તેણીના પ્રતિનિધિને તરતજ સુપરત કરવાનો રહેશે. ગ્રાહક કે તેના અધિકૃત પ્રતિનિધિ તે સ્વીકારવા કે પહોંચ આપવાનો ઇન્કાર કરે તો નિરીક્ષણ અહેવાલની નકલ જગ્યા માં/બહાર નજરે પડે તેવા સ્થળે ચોંટાડવામાં આવશે અને તેનો ફોટોગ્રાફ લેવામાં આવશે. સાથોસાથ નિરીક્ષણના દિવસે કે બીજા દિવસે અહેવાલ રજીસ્ટર્ડ ટપાલ/સ્પીડ પોસ્ટ અન્વયે ગ્રાહકને મોકલવામાં આવશે.

આકારણી :

૩.૧૨ વીજચોરીનો કેસ બન્યો હોવાનું સાબિત થાય ત્યાં, આકારણી અધિકારી, આ સંહિતાના જોડાણ-IV માં આપેલી આકારણી ફોર્મ્યુલા અનુસાર વીજળી વપરાશની આકારણી કરશે. આકારણીની મુદત આ સંહિતાના ખંડ ૩.૭ માં જોગવાઇ કર્યા મુજબ નક્કી કરાશે. આકારણી લાગુ પડતા પ્રશુલ્કથી બે ગણી હશે. આકારણી હુકમની યોગ્ય પહોંચ હેઠળ વ્યક્તિને બજવણી કરાશે.

૩.૧૩ નિયમિત મીટરવાળા જોડાણના કેસમાં કે જેમાં વીજચોરીનો કેસ શોધી કઢાયો હોય ત્યાં જે મુદત માટે આકારણી કરાઇ હોય તે મુદત દરમ્યાન પરવાનેદારે વ્યક્તિને માટે બનાવેલ બિલ માટે મીટરમાં નોંધાવાની છૂટ અપાયેલ યુનિટો ગ્રાહકના ખાતે યોગ્ય રીતે જમા કરવાના રહેશે.

૩.૧૪ ગ્રાહકે તે માગણાની પહોંચના ૭ દિવસની અંદર ચુકવણી કરવાની રહેશે.

૩.૧૫ યથાપ્રસંગ પરવાનેદાર કે પુરવઠાકાર આ વિનિયમોની જોગવાઇ અનુસાર આકારણી કરેલ રકમ કે વીજળી ખર્ચ જમા કરાવ્યેથી કે ચૂકવ્યેથી, ૨૦૦૭ના વીજળી (સુધારા) અધિનિયમની કલમ-૧૩૫ના ખંડ(1A) ના બીજા પરંતુકમાં ઉલ્લેખ કર્યા મુજબ ફરિયાદ દાખલ કરવાની જવાબદારીને બાધક બનશે નહીં અને આવી રકમ જમા કરાવે કે ચૂકવે તેના અડતાલીસ કલાકની અંદર વીજપૂરવઠા લાઇન ફરીથી સ્થાપિત કરશે.

૩.૧૬ વ્યક્તિ નિયત સમયની અંદર ચૂકવણી ન કરે તો પરવાનેદાર કે પુરવઠાકાર, આકારણી આદેશ સામેની તેઓની બાકી રકમ વસૂલ કરવાની કાર્યવાહી કરશે.

૩.૧૭ આકારેલ રકમ ચુકવવામાં વ્યક્તિ કસૂર કરે તો તે, યોગ્ય અદાલતના બાકી નિર્ણયે, આકારેલ રકમ ઉપરાંત તે આકારણી આદેશની તારીખથી ત્રીસ દિવસ પૂરાં થતાં દર છ મહીને ચક્રવૃદ્ધિ દરે ગણી કાઢેલ વાર્ષિક ૧૬%ના વ્યાજે રકમ વસૂલ કરાશે.

૩.૧૮ આકારેલ રકમ ચુકવવામાં કસૂરના કેસમાં પરવાનેદાર લેખિત ૧૫ દિવસની નોટિસ આપ્યા પછી અધિનિયમની કલમ-૧૩૫ની જોગવાઇઓ અનુસાર નામનિર્દિષ્ટ ખાસ અદાલતમાં ગ્રાહક સામે કેસ દાખલ કરી શકશે.

ગુનાની માંડવાળ:

૩.૧૯ ૧૯૭૩ના ફોજદારી કાર્યવાહી સંહિતામાં કંઇપણ સમાવિષ્ટ હોય તેમ છતાં રાજ્ય સરકાર કે આ અંગે તા.૧૪-૧૨-૨૦૦૬ના જાહેરનામા નં.GU-2006-125-ELA-1106-950-K તેમાં વખતોવખત કરેલા સુધારા મુજબ તેના મારફત અધિકૃત કોઇપણ અધિકારી આ અધિનિયમની હેઠળ સજાપાત્ર વીજચોરીનો ગુનો કર્યો હોય અથવા તેવો ગુનો કર્યો હોવાની વાજબી શંકા હોય તેવા કોઇપણ ગ્રાહક કે વ્યક્તિ પાસેથી નીચેના કોઠામાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ગુનાની માંડવાળ કરવા નાણાંની રકમ સ્વીકારી શકશે.

ક્રમ નં	સર્વિસનું નામ	માંડવાળ કરવા જેટલે રકમ વસૂલ કરવાની હોય તે દર - એલ.ટી. પુરવઠા માટે કિલોવોટ/ હોર્સ પાવર(કિ.વો./એચ.પી.) અથવા તેના ભાગ દીઠ - એચ.ટી. માટે કરારયુક્ત માંગના કિલોવોલ્ટ એમ્પિયર (કે.વી.એ.) દીઠ
૧.	ઔદ્યોગિક સર્વિસ	
	(૧) એલ.ટી. ગ્રાહકો માટે (એ) ૨૫ એચ.પી. સુધી	એચ.પી. દીઠ રૂ. ૨૦૦૦/-
	(બી) ૨૫ એચ.પી. થી ઉપર અને ૫૦ એચ.પી. સુધી	એચ.પી. દીઠ રૂ.૪૦૦૦/-
	(I)૫૦ એચ.પી. કરતાં વધુ	એચ.પી. દીઠ રૂ.૮૦૦૦/-
	(૨) એચ.ટી. ગ્રાહકો માટે	કે.વી.એ. દીઠ રૂ.૮૦૦૦/-
૨.	વાણિજ્યિક સર્વિસ (એ) ૫ કિ.વો. સુધી	કિ.વો. દીઠ રૂ.૧૦૦૦/-
	(બી) ૫ કિ.વો. થી ઉપર અને ૧૦ કિ.વો. સુધી	કિ.વો. દીઠ રૂ.૨૦૦૦/-
	(I)૧૦ કિ.વો. થી ઉપર	કિ.વો. દીઠ રૂ.૫૦૦૦/-
૩.	ખેતીવાડી સર્વિસ (અ) ૨૦ એચ.પી. સુધી	એચ.પી. દીઠ રૂ.૧૦૦૦/-
	(બ) ૨૦ એચ.પી. થી વધુ	રૂ.૩૫૦૦૦/-ની અધિકતમ મર્યાદાને આધીન રહીને વધારાના એચ.પી. દીઠ રૂ.૨૦૦૦/- વત્તા રૂ.૫૦૦/-
	અન્ય સર્વિસ	એચ.પી. અથવા કિ.વો. દીઠ રૂ.૧૦૦૦/-

રાજ્ય સરકાર દ્વારા ઉપરના કોઠામાં સરકારી રાજ્યપત્રમાં જાહેરનામા દ્વારા નિર્દિષ્ટ દરોમાં સુધારા કરી શકશે.

૭.૨૦ પેટા-કલમ અનુસાર રકમની ચૂકવણી કર્યેથી, તે ગુનાના સંબંધમાં કસ્ટડીમાં રહેલ કોઈપણ વ્યક્તિ મુક્ત કરાશે અને કોઈપણ ફોજદારી અદાલતમાં આવા ગ્રાહક કે વ્યક્તિ સામે કોઈ કાર્યવાહી દાખલ કરાશે નહીં કે ચાલુ કરાશે નહીં.

૭.૨૧ રાજ્ય સરકાર દ્વારા અથવા આ અંગે અધિકૃત વ્યક્તિ દ્વારા ખંડ ૭.૧૯ અનુસાર ગુનાની માંડવાળ માટે નાણાંની રકમ સ્વીકારવી તે ૧૯૭૩ના ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ-૩૦૦ના અર્થ પ્રમાણે છૂટકારાની રકમ ગણવામાં આવશે.

૭.૨૨ કોઈપણ વ્યક્તિ કે ગ્રાહક માટે ૭.૧૯ ખંડ હેઠળ ગુનાની માંડવાળ માત્ર એકવાર જ કરાશે.

ચેડાં કરેલ મીટર અંગે સ્વૈચ્છિક જાહેરાત (ઘરેલું ગ્રાહક માટે):

૭.૨૩ ગ્રાહક આગળ આવે અને મીટર અને/અથવા સીલ સાથે ચેડાં કરવા બાબતની રૂ.૧૦૦/-ની અરજીની ફીની સાથે અરજીમાં ગુનાની સ્વૈચ્છિક જાહેરાત કરે તો:

(૧) પરવાનેદાર, યથાપ્રસંગ, ગ્રાહકના ખર્ચે ચેડાં કરાયેલ મીટરને સ્થાને નવું મીટર મૂકશે અને પરવાનેદાર, જાહેરાતની તારીખથી છેલ્લા છ મહિનાની મુદત માટેનો હિસાબ કરીને સામાન્ય બિલથી બે ગણું બિલ આકારાશે.

(૨) મીટર બદલ્યું ન હોય તે મુદત માટેનું વીજળી બિલ ખામીપૂર્ણ મીટરો માટેની કાર્યપધ્ધતિ અનુસાર મોકલાશે.

INDEX

(૩) ગ્રાહક સ્વૈચ્છિક રીતે ચેડાં કરેલ મીટર અંગે જાહેરાત કરે અને સમયસર જરૂરી ખર્ચ ચૂકવી દે તો પરવાનેદાર ખાસ અદાલતમાં જશે નહીં.

(૪) ચૂકવણીમાં કસૂરના કેસમાં, ચોરીના કેસની નોંધણી કરાવવાની કાર્યપધ્ધતિ અનુસરવી.

(૫) ચોકકસ ગ્રાહક નંબર માટે જીવનમાં એક વખત સ્વૈચ્છિક જાહેરાત યોજનાનો લાભ મેળવી શકાશે.

વીજળીનો અનધિકૃત ઉપયોગ :

વીજળીના અનધિકૃત ઉપયોગ માટેની ફરિયાદ નોંધણીની કાર્યપધ્ધતિ :

૭.૨૪ પરવાનેદાર અધિકૃત અધિકારી/આકારણી અધિકારીની નિર્દિષ્ટ યાદી બધી કચેરીઓમાં પ્રકાશિત કરશે અને આવા અધિકારીઓને આપવામાં આવેલ ફોટો ઓળખ કાર્ડમાં આનો નિર્દેશ કરાશે.

૭.૨૫ અધિકૃત અધિકારી/આકારણી અધિકારી સ્વયં અથવા વીજળીના અનધિકૃત ઉપયોગ અંગે ભરોસાપાત્ર માહિતી મળતાં તત્કાલ આવી જગ્યાનું નિરીક્ષણ હાથ ધરશે.

૭.૨૬ આવા અધિકૃત અધિકારીઓ/આકારણી અધિકારીના હેઠળની પરવાનેદારની નિરીક્ષણ ટીમ પોતાની સાથે તેમના ઓળખકાર્ડ રાખશે. તેમણે સાથે રાખેલ ફોટો ઓળખકાર્ડ જગ્યામાં પ્રવેશ કરતા પહેલાં ગ્રાહકને બતાવવાનાં રહેશે.

૭.૨૭ અધિકૃત અધિકારી/આકારણી અધિકારી એક અહેવાલ તૈયાર કરશે, જેમાં જોડેલ વીજભાર, સીલોની સ્થિતિ, મીટરની કામગીરી જેવી વિગતો આપશે અને ધ્યાનમાં આવેલ કોઇ અનિયમિતતા (જેમકે વીજળીના અનધિકૃત ઉપયોગ માટે અપનાવેલ કૃત્રિમ સાધનો) નો ઉલ્લેખ કરશે.

૭.૨૮ વીજળીનો અનધિકૃત ઉપયોગ કરાયો છે કે કેમ તે હકીકતનું સમર્થન કરતા પુરાવા અહેવાલમાં સ્પષ્ટપણે દર્શાવવાનાં રહેશે. આવા પુરાવાની વિગતો અહેવાલમાં નોંધવાની રહેશે અને આ હેતુ માટે વાપરેલ સામગ્રી સાબિતી તરીકે રાખવાની રહેશે.

૭.૨૯ અહેવાલમાં અધિકૃત/આકારણી અધિકારીએ, નિરીક્ષણ ટીમના દરેક સભ્યે અને ગ્રાહકે સહી કરવાની રહેશે, જો ગ્રાહક અહેવાલમાં સહી નહીં કરે તો તેની નિરીક્ષણ અહેવાલમાં નોંધ કરાશે અને અહેવાલ યોગ્ય પહોંચ હેઠળ સ્થળ પર તત્કાલ ગ્રાહક કે તેના/તેણીના પ્રતિનિધિને સોંપશે. નિરીક્ષણ અહેવાલ સ્વીકારવા કે તેની પહોંચ આપવાનો ગ્રાહક કે તેના/તેણીના પ્રતિનિધિ ઇનકાર કરે તો જગ્યા ની અંદર/બહાર નજરે પડે તેવા સ્થળે તેને ચોંટાડવાનો રહેશે અને તેનો ફોટોગ્રાફ લેવાનો રહેશે, સાથોસાથ, નિરીક્ષણના દિવસે કે બીજા દિવસે અહેવાલ ગ્રાહકને રજીસ્ટર્ડ ટપાલ/સ્પીડ પોસ્ટથી મોકલાશે.

૭.૩૦ નિરીક્ષણની તારીખથી ત્રણ કામકાજના દિવસોની અંદર આકારણી અધિકારી, ઉપલબ્ધ હોય ત્યાં વપરાશ ઢાંચા સહિત તમામ પુરાવાની ધ્યાનપૂર્વક વિચારણા કર્યા પછી કેસનું અને નિરીક્ષણ અહેવાલનું પૃથ્થકરણ કરશે. જો તેનું તારણ એવું નીકળે કે વીજળીનો કોઇ અનધિકૃત ઉપયોગ કર્યો નથી તો આગળ કોઇ પગલાં લેવાશે નહીં અને ગ્રાહકને તે પ્રમાણે જાણ કરવાની રહેશે.

ગ્રાહકને નોટિસ :

૭.૩૧ આકારણી અધિકારીને શંકા જાય કે વીજળીનો અનધિકૃત ઉપયોગ થયો છે, તે આ સંહિતાના ખંડો ૭.૪૦ અને ૭.૪૧ અનુસાર આકારેલ કામચલાઉ આકારણી આદેશની બજવણી કરશે, તથા આ આદેશની સાથે આકારણી આદેશ અંગેનો વાંધો જ્યાં રજૂ કરવાનો હોય તે સમય, તારીખ અને સ્થળ તથા જેને ઉદ્દેશીને તે લખવાનો હોય તે વ્યક્તિના હોદ્દાનો ઉલ્લેખ કરવાનો રહેશે.

૭.૩૨ આવા કામચલાઉ આકારણી આદેશની બજવણી જે વ્યક્તિ જગ્યા કે જમીનના કબજેદાર કે માલિક હોય તેને ગુજરાત વિદ્યુત (કામચલાઉ આકારની માં આદેશ બજાવવાની પધ્ધતિ) નિયમો, ૨૦૦૪ માં જણાવ્યા અનુસાર કરવાની રહેશે.

૭.૩૩ આ સંહિતાના ખંડ ૭.૩૨ અન્વયે જેને આદેશની બજવણી કરાઇ હોય તે વ્યક્તિ આકારણી અધિકારી સમક્ષ કામચલાઉ આકારણી સામે કોઇ વાંધો હોય તો તે દાખલ કરવા હકકદાર રહેશે અને આકારણી અધિકારી આવી વ્યક્તિને સાંભળવાની વાજબી તક આપીને આકારણીનો આખરી આદેશ પસાર કરશે.

ગ્રાહકના જવાબની રજૂઆત:

૭.૩૪ કામચલાઉ આકારણી આદેશ મળ્યાના ૭ દિવસની અંદર ગ્રાહક તેના વાંધા આ સંહિતાના ખંડ ૭.૩૧માં દર્શાવેલ સંબંધિત અધિકારીને મોકલશે.

૭.૩૫ ગ્રાહક, કામચલાઉ આકારણી આદેશ સામે વાંધા દાખલ કરે તેવા કેસોમાં સુનાવણીની પ્રક્રિયા આ સંહિતાના ખંડો ૭.૩૬ અને ૭.૩૭ પ્રમાણે કરાશે.

વીજળીના શંકાસ્પદ અનધિકૃત ઉપયોગના કેસમાં સુનાવણી:

૭.૩૬ ગ્રાહક વાંધા રજૂ કરે તે તારીખથી ૭ દિવસની અંદર પરવાનેદારે ગ્રાહક સાથે સુનાવણીની વ્યવસ્થા કરવાની રહેશે.

૭.૩૭ સુનાવણી દરમ્યાન આકારણી અધિકારી, ગ્રાહક દ્વારા રજૂ કરાયેલી હકીકતોની યોગ્ય વિચારણા કરશે અને વીજળીના અનધિકૃત ઉપયોગનો કેસ સાબિત થયો છે કે નહીં તે અંગેની સંપૂર્ણ વિગતો દર્શાવતો આદેશ કામકાજના પાંચ (૫) દિવસમાં પસાર કરશે. આદેશમાં નિરીક્ષણ અહેવાલનો સંક્ષેપ, ગ્રાહકે તેના લેખિત જવાબમાં કરેલી રજૂઆત અને સુનાવણી દરમ્યાન મૌખિક રજૂઆત તથા તેના સ્વીકાર કે ઇન્કાર માટેનાં કારણો સમાવિષ્ટ કરાશે.

આકારણી

૭.૩૮ જો ગ્રાહક, વીજળીનો અનધિકૃત ઉપયોગ કર્યો નથી એમ સાબિત કરતો પૂરતો પુરાવો રજૂ કરે તો, આગળની કાર્યવાહી બંધ કરાશે અને વીજળીના અનધિકૃત ઉપયોગનો કેસ તત્કાલ પડતો મૂકાશે.

૭.૩૯ ગ્રાહકના જવાબ અને રજૂઆતની વિચારણા પછી આકારણી અધિકારી એવા તારણ પર આવે કે તે વીજળીના અનધિકૃત વપરાશનો કેસ છે તો વીજળી વપરાશની આકારણી નીચેની બાબતો વિચારણામાં લઈને કરાશે.

૭.૪૦ આકારણી અધિકારી નીચેની બાબતો વિચારણામાં લઈને વીજળી વપરાશની આકારણી કરશે.

(૧) આકારણીની મુદત: આકારણી અધિકારી એવા તારણ પર આવે કે અનઅધિકૃત વીજળી વપરાશ થયો છે, તો તે નીચે દર્શાવેલ બાબતોને ધ્યાને લઈને અનધિકૃત ઉપયોગ માટેના ઓછામાં ઓછા સમયગાળાનો નિર્ણય લેશે.

(એ) ૧૨ મહિનાની મુદત માટે

(બી) પરવાનેદારના અધિકારી દ્વારા અગાઉ કોઈ નિરીક્ષણ કરાયું હોય તો તેની તારીખથી શોધ કર્યાની

તારીખ સુધી સર્વિસ જોડાણની તારીખની શોધી કાઢ્યાની તારીખ સુધીની મુદત માટે,

(સી) ઇલેક્ટ્રોનિક મીટરો સ્થાપિત કર્યાં હોય અને સામયિક રીતે વીજભાર પરિવર્તન રેખાનો અભ્યાસ કર્યો હોય ત્યાં અનધિકૃત વીજવપરાશની મુદત વૈજ્ઞાનિક ઢબે નિશ્ચિત થયેલ બરાબર મુદત પૂરતી મર્યાદિત રહી શકશે.

(ડી) ગુનેગાર વ્યક્તિ દ્વારા રજૂ કરાયેલ માન્ય દસ્તાવેજના આધારે.

(૨) આકારણી ખર્ચ : યુનિટની આકારણી આ સંહિતાના ખંડ ૭.૪૧ અનુસાર વીજળી (સુધારા) અધિનિયમ-૨૦૦૭ અને કોઈપણ ત્યારપછીના સુધારા અનુસાર લાગુ પડતા પ્રશુલ્કને આધારે કરાશે. જેમાં મીટર દ્વારા નોંધાયેલ વપરાશ અથવા લાગુ પડતા પ્રશુલ્કનાં આધારે આકારણી મુદત દરમ્યાન બિલ તૈયાર કર્યું હોય તેનો સમાવેશ થશે નહીં.

(૩) ગ્રાહક અનધિકૃત વીજવપરાશના એક કરતાં વધુ કૃત્યમાં સામેલ થયેલ હોવાનું જણાય તો, આવા દરેક અનધિકૃત વપરાશ બાબતમાં ગ્રાહકે ચૂકવવાપાત્ર ખર્ચની અલગથી આકારણી કરાશે અને તે પ્રમાણે બિલ તૈયાર કરાશે.

૩.૪૧ અનધિકૃત વીજવપરાશ માટે વપરાશની આકારણીની પધ્ધતિ નીચે મુજબ રહેશે.

(૧) બિન-માંગ આધારિત ગ્રાહકોના કેસમાં કરારયુક્ત વીજભાર કરતાં ગ્રાહકનો જોડાયેલ વીજભાર વધુ જણાય તો પ્રશુલ્ક પ્રમાણે વધારાના વીજભાર માટે લાગુ પડતા ફીક્સ્ડ ચાર્જથી બમણો ચાર્જ વસૂલ કરાશે. આ ઉપરાંત કરારયુક્ત વીજભારના સ્લેબ અને ખરેખર જોડાયેલ વીજભાર સંબંધમાં, વધેલા વીજભારને કારણે વીજળી ચાર્જના પ્રશુલ્કમાં ફેરફાર થાય તો, શિક્ષાત્મક દરે તફાવતના ધોરણે વીજળી ચાર્જ વસૂલ કરવાનો રહેશે. આવા કેસમાં ગણતરી માટેની મુદત ઉપરના ખંડ ૩.૪૦(૧) માં દર્શાવ્યા મુજબ રહેશે.

(૨) જો એમ જણાય કે જે હેતુ માટે વીજળી વપરાશની અધિકૃતિ હોય તે સિવાયના હેતુ માટે પૂરી પાડેલી વીજળીનો ઉપયોગ થયો છે અને/અથવા વીજપૂરવઠાની જેને માટે અધિકૃતિ અપાઇ છે તે જગ્યા /વિસ્તાર સિવાયના અન્ય જગ્યા /વિસ્તાર માટે વીજળીનો ઉપયોગ કરાયો છે, તો તેની આકારણી નીચે મુજબ કરવી.

(i) વીજળીના અનધિકૃત વપરાશનો જથ્થો U=ax (b/c) કિ.વો.અેચ.

જ્યાં

a- આવા ઉલ્લંઘન થયા પૂર્વેની મુદત દરમ્યાન નોંધાયેલ કુલ વપરાશ, કે જે ખંડ ૩.૪૧(૧)માં જણાવ્યા મુજબ આકારણીની નિર્દિષ્ટ મુદત પૂરતું મર્યાદિત હોય,

b- નિરીક્ષણ સમયે જણાયેલ અનધિકૃત વીજભાર

c- નિરીક્ષણ સમયે જણાયેલ કુલ જોડાયેલ વીજભાર

(ii) અનધિકૃત વીજવપરાશ માટેનો ચાર્જ શિક્ષાત્મક ખર્ચ = (2xUxd)-(Uxe)

જ્યાં

U = અનધિકૃત વીજવપરાશનો જથ્થો કિ.વો.અેચ.

d = અનધિકૃત વપરાશનું પ્રશુલ્ક

e = અધિકૃત વપરાશનું પ્રશુલ્ક

(iii) આ તમામ કેસોમાં મુદતની ગણતરી ઉપરના ખંડ ૩.૪૧(૧)માં દર્શાવ્યા મુજબ રહેશે.

પરંતુ, કોઇપણ સમયે એમ જણાય કે જેના પર નિમ્ન પ્રશુલ્ક લાગુ પડે તેવા હેતુ માટે પૂરી પાડેલ વીજળીનો ઉપયોગ થયેલ છે તો તેને અનધિકૃત વીજવપરાશ ગણવામાં આવશે નહીં અને કોઇ શિક્ષાત્મક પગલું ભરવામાં આવશે નહીં.

(૩) ઉપરની ગણતરીઓ, મીટર સંતોષકારક રીતે કામ કરે છે તે શરતને આધીન રહેશે. અન્યથા, વીજળીની ગણતરી જોડાણ-૪ મુજબની ફોર્મ્યુલાને આધારે કરાશે.

૩.૪૨ આખરી આકારણી આદેશ, સંપૂર્ણ વિગતો દર્શાવતા ઓર્ડરની સાથે યોગ્ય પહોંચ હેઠળ ગ્રાહકને બજાવવાનો રહેશે.

૩.૪૩ સ્થળ કે જગ્યા ની માલિકી/કબ્જો કે હવાલો ધરાવનાર વ્યક્તિને આખરી આકારણી આદેશની બજવણી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના (કામચલાઉ આકારણી આદેશની બજવણીની રીત), નિયમો,૨૦૦૪માં ઠરાવેલ રીતે કરાશે.

૩.૪૪ આખરી આકારણી આદેશની બજવણી કરાઇ હોય તેવી કોઇપણ વ્યક્તિએ આવી આકારણી સ્વીકારવી અને તેને આકારણી આદેશથી બજવણી કરાય તેના ૩૦ દિવસની અંદર પરવાનેદાર પાસે આકારણી કરાયેલ રકમ જમા કરાવવાની રહેશે. આખરી આદેશમાં તેને બજાવાયેલ આખરી આદેશ સામે જે વ્યક્તિપાસે અપીલ દાખલ કરી શકાય તે અપીલ અધિકારીનું સરનામું સમાવિષ્ટ કરવાનું રહેશે.

INDEX

અપીલ અધિકારીને અપીલ :

૭.૪૫ આકારણી અધિકારીએ બજાવેલ આખરી આદેશથી નારાજ કોઇપણ વ્યક્તિ ઉક્ત આદેશના ૩૦ દિવસની અંદર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (અપીલ અધિકારી સમક્ષ અપીલ દાખલ કરવાની કાર્યપધ્ધતિ) વિનિયમો,૨૦૦૫ માં નિર્દિષ્ટ કર્યા મુજબના ફોર્મમાં, નિર્દિષ્ટ પધ્ધતિ થી ખરાઇ કરીને અને તેની નિર્દિષ્ટ ફી સાથે અપીલ દાખલ કરી શકશે.

૭.૪૬ ઉપરની કલમ ૭.૪૫ અન્વયે આકારણી આદેશ સામે કોઇ અપીલ કરાશે નહીં, સિવાય કે, પરવાનેદારને રોકડમાં અથવા બેંક ડ્રાફ્ટની રીતે આકારેલી રકમની અડધી રકમ જમા કરાવવામાં આવે અને આવી જમા કરાવેલી રકમનો દસ્તાવેજી પુરાવો અપીલ સાથે જોડયો હોય.

૭.૪૭ અપીલ અધિકારી પક્ષકારોને સાંભળ્યા પછી અપીલનો નિકાલ કરશે અને અપીલ દાખલ કર્યાના ૧૨૦ દિવસની અંદર યોગ્ય આદેશ પસાર કરશે અને આદેશની નકલ આકારણી અધિકારી તથા અરજદારને મોકલાશે. અપીલ અધિકારીનો આદેશ આખરી ગણાશે અને તેની સામે અપીલ થઈ શકશે નહીં.

૭.૪૮ અપીલ અધિકારીના આખરી આદેશ અનુસાર ગ્રાહકને સુધારેલું બિલ મોકલાશે, જે ૭ દિવસમાં ચૂકવવાનું રહેશે.

૭.૪૯ જો અપીલ અધિકારીના આખરી આદેશ અનુસાર બિલ મોકલ્યાના ૭ દિવસમાં ગ્રાહક ચૂકવણી કરવામાં કસૂર કરે તો ૧૫ દિવસની નોટિસ આપીને જોડાણ કપાત કરાશે, જે જ્યાં સુધી બિલની રકમ ભરવામાં ન આવે ત્યાં સુધી ફરીથી જોડાણ કરાશે નહીં. ચૂકવણી ન કરવાના કેસમાં, નિયમિત બિલમાં રકમ બાકી રકમ તરીકે દર્શાવાશે અને વસૂલાત માટે પગલાં લેવામાં આવશે.

૭.૫૦ આકારણી અધિકારીએ પસાર કરેલા આખરી આદેશની તારીખથી ત્રીસ દિવસ પછી અપીલ અધિકારીના આખરી હુકમ પ્રમાણે તફાવતની રકમ પર અધિનિયમની કલમ ૧૨૭(૬) અનુસાર દર છ મહિને ચક્રવૃધ્ધિ દરે ગણી કાઢેલ વાર્ષિક ૧૬%ના વ્યાજે રકમ વસૂલ કરાશે.

૭.૫૧ જો અપીલ અધિકારી ઠરાવે કે અનધિકૃત વીજવપરાશનો કેસ સાબિત થતો નથી તો પરવાનેદાર કોઇ આગળની કાર્યવાહી

કરશે નહીં અને અપીલ કરનારે જમા કરાવેલી રકમ, રકમ જમા થયા તારીખથી આવી રકમ તરત પછીના વીજળી બીલોમાં સમાયોજીત થાય ત્યાં સુધીના સમયગાળા માટે છ મહિને ચક્રવૃધ્ધિ દરે ગણતરી કરી વાર્ષિક ૧૬%ના દરના વ્યાજ સાથે પરત કરાશે. અરજદાર પોતે જમા કરાવેલ રકમ રોકડમાં મેળવવાનો વિકલ્પ પસંદ કરી શકશે અને આવી રકમ, તેને જમા કરાવ્યા તારીખથી પૂરેપૂરી પરત મળે ત્યાં સુધીના સમયગાળા માટે છ મહિને ચક્રવૃધ્ધિ દરે ગણતરી કરી વાર્ષિક ૧૬%ના દરના વ્યાજ સાથે પરત મેળવી શકશે.

૭.૫૨ અપીલ અધિકારીએ નક્કી કર્યા મુજબ ચૂકવવાપાત્ર રકમ વ્યક્તિએ જમા કરાવેલ રકમ કરતાં ઓછી હોય તો વધારાની રકમ, આવી વધારાની રકમ તે જમા કર્યાની તારીખથી ખરેખર સમાયોજનની તારીખ સુધી દર ૬ મહીને ચક્રવૃધ્ધિ દરે ગણી કાઢેલ વાર્ષિક ૧૬%ના વ્યાજ દરસાથે, તરત પછીના મહિનાના બિલોમાં સમાયોજન દ્વારા સરભર કરાશે.

કસૂરનાં પરિણામો:

૭.૫૩ વ્યક્તિ અધિનિયમની કલમ-૧૨૭ અન્વયે અપીલ ન કરે અને આકારણીની રકમની ચૂકવણી કરવામાં પણ કસૂર કરે તો ૧૫ દિવસની નોટિસ આપીને જોડાણ કપાત કરવામાં આવશે અને રકમ ભરવામાં ન આવે ત્યાં સુધી તેને ફરીથી જોડાશે નહીં. ચૂકવણી ન કરાય તો રકમ નિયમિત બિલમાં બાકી તરીકે દર્શાવાશે.

૭.૫૪ વ્યક્તિ આકારાયેલી રકમ ચૂકવવામાં કસૂર કરે તો આકારાયેલ રકમ ઉપરાંત તે આકારણી આદેશની તારીખથી ત્રીસ(૩૦) દિવસ પૂરા થતાં દર ૬ મહિને વાર્ષિક ૧૬%ના વ્યાજના ચક્રવૃધ્ધિ દરે રકમ ચૂકવવા જવાબદાર રહેશે.

૭.૫૫ એક વખત વીજચોરી કે અનધિકૃત વીજવપરાશ સાબિત થાય તો અને નિરીક્ષણના સમયે જોડાણ કરેલ વીજભાર કરારયુક્ત વીજભાર કરતાં વધુ જણાય તો, કરારયુક્ત વીજભાર કરતાં વધુ વીજભારને આવા ગ્રાહકો લાગુ પડતા ખર્ચની ચૂકવણી કર્યા પછી પરવાનેદાર નિયમિત કરી શકશે.

વિભાગ-૮

જોડાણ કપાત કરવું અને પુર્નઃજોડાણ

૮.૧ નીચે દર્શાવેલી કાર્યપધ્ધતિ અનુસાર પુરવઠો કામચલાઉ અથવા કાયમી ધોરણે બંધ કરી શકાશે. કાયમી જોડાણ છૂટું કર્યા પછી પરવાનેદાર સર્વિસ લાઇન, મીટર વગેરે દૂર કરશે. આમ છતાં કામચલાઉ જોડાણ છૂટું કરવાના કેસમાં પરવાનેદાર સર્વિસ લાઇન, મીટર વગેરે દૂર કરશે નહીં.

૮.૨ જોડાણ, પુર્નજોડાણ અને જોડાણ કપાત કરવા અંગેનું ખર્ચ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પુરવઠો પુરો પાડવા પેટે કરેલ ખર્ચ અને પ્રકીર્ણ ખર્ચ વસુલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો,૨૦૦૫ અને સંબંધીત સુધારા અનુસાર રહેશે.

કામચલાઉ જોડાણ કપાત કરવું :

૮.૩ નીચેના કેસોમાં પુરવઠો કામચાલુ બંધ કરી શકાશે:

(૧)પરવાનેદારની બાકી રકમની બિન-ચુકવણી સમયે: બાકી રકમ ચુકવવામાં કસુર કરનાર કોઈપણ ગ્રાહકને આવી બાકી રકમ ચુકવવાની ૧૫ કામકાજના દિવસની નોટિસ મુદત આપ્યા પછી અધિનિયમની કલમ-૫૬ અનુસાર લેખિતમાં જોડાણ છૂટું કરવાની પરવાનેદાર નોટિસ આપશે. ત્યારબાદ પરવાનેદાર દર્શાવેલ નોટિસ મુદત પૂરી થતાં તેને ઠીક લાગે તે પ્રમાણે સર્વિસ લાઇન/મીટર દૂર કરીને ગ્રાહકનું વીજ-સ્થાપનનું જોડાણ કપાત કરશે.

(૨) કોઈ જગ્યાએ હાથ ધરવામાં આવતા કોઇ ધંધા/ઉદ્યોગ/પ્રવૃત્તિ, સંચાલિત/ચાલુ રહેલા હોય કે જે સક્ષમ પ્રાધિકારી દ્વારા અપાતી જરૂરી પરવાનગીના અભાવે અથવા આવી સક્ષમ પ્રાધિકારી દ્વારા પરવાનેદારની લેખિત જાણ કરીને પરવાનગી ખેંચી લેવાય હોય.

(૩)ગ્રાહકની જગ્યામાં વાયરિંગ સાધન-સામગ્રી કે વીજ-સ્થાપન ખામીપૂર્ણ જણાય અથવા વીજળી લીકેજ થતી હોય અથવા ગ્રાહકે મીટર અને સંબંધિત સાધનોમાં ફેરફાર કર્યો હોવાનું જણાય અથવા ગ્રાહકે એવી રીતે કોઇ સાધન કે સાધનોનો ઉપયોગ કર્યો હોય કે વીજળીનો ઉપયોગ કર્યો હોય કે જેથી પરવાનેદારની સર્વિસ લાઇન, સાધન-સામગ્રી, વીજળી પુરવઠા મેઇન્સ અને અન્ય કામો ભયમાં મુકાય અથવા એવી રીતે ઉપયોગ કરાતો હોવાનું જણાય કે જે બીજા કોઇ ગ્રાહકને વીજળીનો કાર્યક્ષમ પુરવઠો પુરો પાડવામાં અનુચિત કે અયોગ્ય રીતે અવરોધક બને.

(૪)ગ્રાહક કોઇપણ સમયે વીજ ઉપયોગનો જે ઇરાદો રાખ્યો હોય/વીજળી પૂરી પડાઇ હોય તે સિવાયના અન્ય હેતુ માટે ઉપયોગ કરતો હોવાનું અથવા પોતાના જગ્યા માં પરવાનેદારના મીટર અને/અથવા સાધનો સાથે ચેડાં કરતાં હોવાનું જણાય અથવા પોતાના જોડાણમાંથી બીજી કોઇ જગ્યામાં વીજળી લાઇન વિસ્તાર/પુરવઠાની છૂટ આપે તો,

(૫)ગ્રાહક હેતુપૂર્વક મીટરની અપ્રાપ્યતાની સ્થિતિ ઉભી કરે અથવા પ્રાપ્યતા નકારે તો ગ્રાહકને વિતરણ પરવાનેદારના પ્રતિનિધિ દ્વારા આખરી તારીખ અને સમયે મીટર રીડીંગની સુવિધાઓ પૂરી પાડવા માટેની નોટીસ આપવામાં આવશે. જો ગ્રાહક દર્શાવેલ નોટીસને અનુસરવામાં નિષ્ફળ જાય તો તેની જગ્યા પરનો વિજ પુરવઠો કાપી નાખવામાં આવશે.

૮.૪ પરવાનેદાર ખંડો ૮.૩(૨), ૮.૩(૪) અનુસાર જોડાણ કામચલાઉ કપાત કર્યા પછી ગ્રાહકને નોટિસ મોકલશે કે તેણે ૧૮૦ દિવસની અંદર જોડાણ કપાત કરવાનું કારણ દૂર કરવું અને એમ કરવામાં નિષ્ફળ જશે તો જોડાણ કાયમીપણે કપાત કરવામાં આવશે.

૮.૫ પરવાનેદાર, ગ્રાહકોનું અનધિકૃત પુર્નજોડાણ અટકાવવા જોડાણ કપાત કરવાના પગલાં ઉપર વર્ણવેલ રીતે લેશે. જ્યારે પરવાનેદાર શોધી કાઢે કે જોડાણને અનઅધિકૃત રીતે ફરી જોડાણ કરવામાં આવ્યું છે, ત્યાં પરવાનેદાર અધિનિયમની કલમ-૧૩૮ની જોગવાઇ અનુસાર કાર્યવાહી શરૂ કરશે. વધુમાં પરવાનેદાર શોધી કાઢે કે આવી જગ્યામાં પુરવઠો અન્ય ચાલુ જોડાણમાંથી પુર્નસ્થાપિત કરાયો છે તો તેવા કિસ્સામાં દર્શાવેલ કપાત કરેલ જોડાણની તમામ બાકી નીકળતી રકમો આવા ચાલુ જોડાણના ખાતામાં તબદીલ કરાશે અને આવી તબદીલ કરાયેલ બાકી રકમની ચુકવણી નહીં કરાય તો તેની પ્રક્રિયા ખંડ ૮.૩(૧) પ્રમાણે કરાશે.

જોડાણ કાયમી ધોરણે કપાત કરવું:

૮.૬ નીચેના કેસોમાં પુરવઠાનું જોડાણ કાયમી રીતે કપાત કરાશે.

(૧)કરાર સમાપ્ત થતાં

(૨) જે કારણસર પુરવઠાનું જોડાણ કપાત કરાયું હોય તે કારણ નોટિસ મુદતની અંદર દૂર ન કરાયું હોય.

પરંતુ ગ્રાહકની સર્વિસ સતત ૧૮૦ દિવસ માટે બંધ રહે કે જે ગ્રાહકની વિનંતિથી કરવામાં આવેલ કામચલાઉ જોડાણ ન હોય તેવા કિસ્સામાં ૧૫ દિવસો પુરા થતાં અથવા એગ્રીમેન્ટની પ્રારંભિક મુદત પૂરી હોય તેમાં બેમાંથી જે મોડું હોય તે પ્રમાણે લેખિત નોટિસ આપ્યેથી સમજૂતિ સમાપ્ત થઈ હોવાનું ગણવામાં આવશે, તેનાથી અધિનિયમ અન્વયે એગ્રીમેન્ટ હેઠળ બાકી નીકળતી કોઈપણ રકમની વસુલાત માટેના પરવાનેદાર અથવા ગ્રાહકના હકો પર વિપરિત અસર પડશે નહિ.

ગ્રાહકની વિનંતીથી જોડાણ કપાત કરવું:

૮.૭ ગ્રાહક પોતાનું જોડાણ કાયમી રીતે કપાત કરાવવા ઇચ્છે તો તેણે તે માટે અરજી કરવી. પરવાનેદાર સ્થળ પર જ આવી વિનંતીની સ્વીકૃતિ માટે લેખિત પહોંચ આપશે.

૮.૮ પરવાનેદાર ખાસ મીટર વાંચન હાથ ધરશે અને આવી વિનંતી મળ્યાના ૩૦ દિવસમાં આવા બીલીંગની તારીખ સુધીની તમામ બાકી સમાવિષ્ટ કરતી રકમ સહિત આખરી બિલ તૈયાર કરશે. ચૂકવણી મળ્યેથી પરવાનેદાર પહોંચ પર 'આખરી બિલ' નો સિક્કો મારીને પહોંચ આપશે. આ પહોંચ 'ના-બાકી પ્રમાણપત્ર' તરીકે ગણાશે.

પરંતુ ગ્રાહકે આપેલી નોટિસને આધારે એગ્રીમેન્ટ સમાપ્ત કરવામાં આવે ત્યારે પરવાનેદાર સમાપ્તિ પછીના ૭ દિવસની અંદર લેખિત જાણ કરશે, અનેતેમ કરવામાં નિષ્ફળ જશે તો આવી જાણ ગ્રાહકને આપી હોવાનું ગણવામાં આવશે.

૮.૯ ત્યારબાદ પરવાનેદારને આ બિલની તારીખ પુર્વેની કોઇ મુદત માટેના કોઇ ખર્ચ વસુલ કરવાનો કોઇ હક રહેશે નહીં. જોડાણ કપાત કર્યા પછી પરવાનેદાર કોઇ બિલ ઉભું કરશે નહીં.

૮.૧૦ એચ.ટી./ઇ.એચ.ટી. ગ્રાહકો, સાધનો અને સર્વિસ લાઇન દૂર કરવા અંગેનું અંદાજીત ખર્ચ પણ ભોગવશે. પરવાનેદાર, વિનંતી મળ્યાના ૧૦ દિવસની અંદર પહોંચ હેઠળ લેખિતમાં ગ્રાહકને માંગ નોંધ મોકલશે.

૮.૧૧ ગ્રાહકને પુરવઠો પુરો પાડવા કે વીજળીના વ્હીલીંગ માટે વિતરણ પરવાનેદારને ગ્રાહક પાસેથી વીજળી માટેનું ખર્ચ અથવા ખર્ચ સિવાયની બીજી કોઇ રકમ ન ચુકવવા બદલ પુરવઠાનું જોડાણ કપાત કરવામાં આવે તો તેને અન્ય કોઇ વિતરણ પરવાનેદાર પાસેથી વીજ જોડાણ મેળવવાની પરવાનગી મળશે નહીં.

પુર્નજોડાણ :

૮.૧૨ પરવાનેદાર, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો,૨૦૦૫ અને સંબંધીત સુધારાની જોગવાઇઓ અનુસાર ગ્રાહકના વીજ સ્થાપનમાં પુર્નજોડાણ કરશે.

વિભાગ-૯

સામાન્ય

૯.૧ વિતરણ પરવાનેદાર દરેક નવા જોડાણ, બિલ, મીટર, જોડાણ કપાત કરવું, પુર્નજોડાણ અને ચોરીના કેસની પ્રગતિ પર નજર રાખશે અને આયોગ દ્વારા નક્કી કરેલા ફોર્મેટમાં દર ૩ મહિને MIS રિપોર્ટ આયોગને મોકલશે. વિતરણ પરવાનેદાર તેની વેબસાઇટ પર પણ તે અપલોડ કરશે.

પુરવઠાની નિષ્ફળતા અને અવરોધ :

૯.૨ વિતરણ પરવાનેદાર, ગ્રાહકને સતત વીજળી મળે તે સુનિશ્ચિત કરવા તમામ વાજબી સાવચેતીઓ રાખશે. આમ છતા કરારથી વિપરીત બાબતને આધીન હોય તે સિવાય, વિતરણ પરવાનેદાર, વીજપુરવઠામાં અવરોધ/વધઘટને કારણે ગ્રાહકને થતું કોઈ નુકશાન કે ગ્રાહકના પ્લાન્ટ અને સાધન-સામગ્રીને થતાં કોઇ નુકશાન માટે જવાબદાર રહેશે નહીં. આવો પુરવઠામાં અવરોધ/વધઘટ યુદ્ધ, બળવો, હુલ્લડ, ભૂકંપ,વંટોળિયો, વાવાઝોડું, હડતાલ, મુલકી આંદોલન, તાળાબંધી, વીજળી, આગ, પૂર, અકસ્માત કે પ્લાન્ટ અને યંત્ર સામગ્રીમાં તુટફુટ, SLDC દ્વારા સૂચવ્યા મુજબ વીજભાર શેડિંગ અથવા વિતરણ પરવાનેદારના કાબુ બહારના કારણોને સમાવિષ્ટ કરતા પરંતુ તેટલા પુરતા મર્યાદિત ન હોય તેવા કારણોસર વિતરણ પરવાનેદાર અનુકૂળ મીડિયા મારફત શક્ય તેટલા જલ્દીથી ગ્રાહકને વીજપુરવઠો પુરો પાડવામાં આવતા આવા અવરોધોનો સંભવિત સમયગાળો જણાવશે.

૯.૩ વીજળીની સ્થિતિ કે બીજી કોઇ ટેકનિકલ કટોકટીને લીધે જરૂરી બને તો વિતરણ પરવાનેદાર જરૂરી લાગે તેટલી મુદત માટે વિજ પુરવઠાને ઘટાડી શકશે, અલગ પાડી શકશે અથવા તેમાં કાપ મૂકી શકશે.

૯.૪ વિતરણ પરવાનેદાર, જરૂર જણાય તેટલા સમય માટે કાર્યક્ષમ કામગીરી માટે ટેસ્ટિંગ અથવા આઉટેજ અથવા મેઇન્ટેનન્સ માટે વિજ પુરવઠો કામચલાઉ ધોરણે બંધ કરી શકે છે. જો કે વિતરણ પરવાનેદાર ઓછામાં ઓછી અગવડતા પડે તે હેતુસર આ બાબતની અગાઉથી જાણ કરવાનો જ્યાં શક્ય હશે ત્યાં મહત્તમ પ્રયત્ન કરશે.

વીજભાર શેડિંગ માટે જોગવાઇ :

૯.૫ ગ્રાહકે પરવાનેદાર સાથે કરેલ કોઇપણ સમજુતિ કે આપેલી બાંયધરીમાં અથવા તેને લાગુ પડતા પ્રશુલ્કમાં સમાવિષ્ટ હોય તેમ છતાં, ગ્રાહક તેની અધિકતમ માંગના સંદર્ભમાં વીજળીનો ઉપયોગ નિયંત્રિત કરશે અને/અથવા રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે રાજ્ય સરકાર દ્વારા અથવા પરવાનેદાર દ્વારા ગ્રીડ સંચાલન વ્યવસ્થિત જળવાઇ રહે તે માટે કરેલા કોઇપણ હુકમમાં નિર્દિષ્ટ હોય તેવી રીતે અને તેટલી મુદત માટે વીજ વપરાશ સીમીત રાખશે. પરવાનેદાર, જથ્થાબંધ/ એચ.ટી. ગ્રાહકોને ઓછામાં ઓછી અગવડ પડે તે માટે શક્ય તેટલી જલ્દીથી કોઇપણ અનુકૂળ માધ્યમની પધ્ધતિ દ્વારા આવા નિયંત્રણોની જાણ કરશે.

પુરવઠાનો પ્રતિકૂળ ઉપયોગ :

૯.૬ વોલ્ટેજ અને વીજપ્રવાહના હાર્મોનિક્સ: કોઇપણ વીજસ્થાપનમાં વોલ્ટેજ અને વીજપ્રવાહ હાર્મોનિક્સ ડિસ્ટોર્શન (Distortion), વિતરણ સિસ્ટમને લાગુ પડતા કેન્દ્રીય વિદ્યુત પ્રાધિકરણ (ગ્રિડ સાથે જોડાણનાં ટેકનિકલ ધોરણો) વિનિયમો,૨૦૦૭ તેમાં વખતોવખત કરેલા સુધારામાં નિર્દિષ્ટ કર્યા મુજબની મર્યાદા કરતાં વધવું જોઇએ નહીં. ગ્રાહક, નિયત મર્યાદા સુધી THDને નિયંત્રણ રાખવા યોગ્ય પગલાં લેશે.

૯.૭ જોડાણના પોઇન્ટે કુલ હાર્મોનિક્સ ડિસ્ટોર્શન ૩% કરતાં વધુ વ્યક્તિગત હાર્મોનિક્સ સાથે ૫% કરતાં વધવો જોઇએ નહીં અને જોડાણ પોઇન્ટે પ્રવહન સિસ્ટમમાંથી ખેંચેલ કુલ હાર્મોનિક ડિસ્ટોર્શન ૮% થી વધવું જોઇશે નહીં.

૯.૮ બધાજ વપરાશકર્તાઓએ કે જેઓ ગ્રિડ જોડે સમાંતર જોડાણમાં વીજ ઉત્પાદન પ્લાન્ટનું સંચાલન કરે છે તેઓએ વિતરણ પરવાનેદારે ઠરાવેલ આવા જોડાણ માટેની સમજૂતિની શરતોનું પાલન કરવું. આવા એકમો ગ્રિડના વ્યવસ્થિત સંચાલનના હિતમાં SLDC અથવા વિતરણ પરવાનેદારે આપેલ કોઇપણ આદેશનું પણ તત્કાલ પાલન કરવાનું રહેશે.

૯.૯ ગ્રાહક ફ્રેઇઝ રિપલ્ટર્સ (ગુજરાતીમાં ટેટા તરીકે ઓળખાય) તેમના સહિત કોઈપણ સાધન વિતરણ પરવાનેદારની પુરવઠા સિસ્ટમ સાથે જોડેલું રાખશે નહીં જે વિતરણ પરવાનેદારને અને તેના બીજા ગ્રાહકોને અપાતા પુરવઠામાં દખલગીરી કરે અથવા હાનિકારક અસર પેદા કરે અને ટૂંકા કે લાંબાગાળા માટે પુરવઠા સિસ્ટમને ખલેલ પહોંચાડે.

માંગ તરફનું વ્યવસ્થાપન

૯.૧૦ વીજળીનો બગાડ અને બિનકાર્યક્ષમ ઉપયોગ અટકાવવો તથા પરવાનેદારે શરૂ કરેલ માંગ તરફનું વ્યવસ્થાપન અંગેના કાર્યક્રમના અમલમાં જરૂરી સહકાર આપવો તે દરેક ગ્રાહકની ફરજ બનશે.

કામગીરીનાં ધોરણો અને ગ્રાહક ફરિયાદ નિવારણ કાર્યપધ્ધતિ :

૯.૧૧ જેમને આ સંહિતાના અમલ બાબતમાં કોઈ ફરિયાદ હોય તેવા ગ્રાહકો, વિતરણ પરવાનેદારની સ્થાનિક કચેરીનો સંપર્ક કરી શકે. તેઓને તેથી સંતોષ ન થાય તો પછી તેઓ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ કચેરી) વિનિયમો,૨૦૧૧ અને તેના સુધારાઓમાં ઠરાવ્યા પ્રમાણે તેમની ફરિયાદોના ઉકેલ માટે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ/ લોકપાલ પાસે જઈ શકે.

મુક્તિ

૯.૧૨ આ ઠરાવમાં નિર્દિષ્ટ કામગીરીનાં ધોરણો, પરવાનેદારના વીજસ્થાપન અને પ્રવૃત્તિઓને અસર કરતી કુદરતી આપત્તિઓની સ્થિતિઓ જેવી કે યુધ્ધ, બળવો, મુલ્કી આંદોલન, હુલ્લડ, ભૂકંપ, વંટોળિયો, વાવાઝોડું, હડતાલ, તાળાબંધી, વીજળી, આગ, પૂર વગેરે દરમિયાન મોકૂફ રહેશે.

૯.૧૩ આ વિનિયમમાં સમાવિષ્ટ ધોરણનું અપાલન ઉલ્લંઘન ગણાશે નહીં, અને પરવાનેદારે અસરગ્રસ્ત ગ્રાહકોને કોઈ વળતર ચુકવવાનું રહેશે નહી, જો આ ઉલ્લંઘન રાજ્ય પ્રવહન યુટિલિટી/કેન્દ્રિય પ્રવહન યુટિલીટી, ગ્રિડ નિષ્ફળતા, પ્રવહન પરવાનેદારના નેટવર્ક પર ફોલ્ટ રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રે આપેલી સૂચનાઓને, કે જેનાં પર વિતરણ પરવાનેદારનો કોઈ કાબુ નથી.

નોટિસની બજવણી :

૯.૧૪ અધિનિયમની કલમ-૫૬ હેઠળની નોટિસ સહિત પરવાનેદાર દ્વારા ગ્રાહકને આપેલી કોઈપણ હુકમ/નોટિસ, ગ્રાહક દ્વારા પરવાનેદારને જણાવેલ સરનામે રહેતી વ્યક્તિને હાથોહાથ આપવામાં આવે કે ગ્રાહકના સાચા ટપાલ સરનામે રજીસ્ટર્ડ ટપાલથી મોકલવામાં આવે તો તેની યોગ્ય રીતે બજવણી કરી હોવાનું ગણાશે.

પરંતુ વ્યક્તિગત ગ્રાહકના કેસમાં, ગ્રાહકના પતિ/પત્નિ કે તેના અધિકૃત પ્રતિનિધિને અને પેઢી, કંપની કે નિગમના કેસમાં મેનેજીંગ ડિરેક્ટર, ડિરેક્ટર કે મુખ્ય અધિકારી કે આવી પેઢીની અધિકૃત વ્યક્તિને બજાવેલી નોટિસ આ સંહિતાના હેતુ માટે યોગ્ય બજવણી કરાયેલ છે તેમ ગણવામાં આવશે.

૯.૧૫ ગ્રાહક દ્વારા વિતરણ પરવાનેદાર સાથેનો કોઈપણ પત્ર-વ્યવહાર/નોટિસ, વિતરણ પરવાનેદારને ઉદ્દેશીને લેખિતમાં અપાઈ હોય અને ગ્રાહકને બિલ જ્યાંથી અપાતું હોય તે કચેરીને હાથોહાથ, ટપાલથી કે કાયદા અન્વયે માન્ય બીજી કોઈ પધ્ધતિથી આપવામાં આવે તો તે યોગ્ય રીતે અપાયેલ હોવાનું ગણવામાં આવશે.

૯.૧૬ ગ્રાહક નોટિસ લેવાનો ઇન્કાર કરે તો બજવણી નીચે મુજબ કરાશે.

(૧) બે સાક્ષીઓની હાજરીમાં ગ્રાહકના જગ્યા પર નજરે પડે તેવા સ્થળે લગાડીને નોટિસનો ફોટોગ્રાફ લેવો; અથવા

(૨) સંબંધિત વિસ્તારમાં સામાન્યપણે વંચાતા દૈનિક વર્તમાનપત્ર(ત્રો)માં નોટિસ પ્રકાશિત કરી પરવાનેદારના રેકર્ડમાં રાખવી.

આ બેમાંથી એક નોટિસ બજવણી તરીકે પર્યાપ્ત ગણાશે.

બહુવિધ ઉલ્લંઘન

૯.૧૭ કોઈ ગ્રાહક, એક જ સર્વિસ જોડાણમાં એક કરતાં વધુ વખત ઉલ્લંઘન કરે તો દરેક ઉલ્લંઘન અંગે અલગથી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આવા દરેક ઉલ્લંઘન માટે, લાગુ પડે તે પ્રમાણે દંડ અલગથી વસૂલ કરાશે.

રદ કરવું અને અપવાદ:

૯.૧૮ આ સંહિતામાં અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ(વીજળી પૂરવઠા સંહિતા અને સંબંધિત બાબતો) વિનિયમો,૨૦૦૫ અને તેમાં કરેલા સુધારાઓ અહીં રદ કરવામાં આવે છે.

૯.૧૯ આવા રદ કરેલ તેમ હોય છતાં;

(૧) આવા રદ કરાયેલ વિનિયમો અન્વયે કંઈપણ કરાયેલ હોય અથવા પગલાં લેવાયેલ હોય અથવા કાર્યવાહી શરૂ કરાઈ હોય કે જે વિજ અધિનિયમ સાથે અસંગતતા ન ધરાવતા હોય તો તેવા પગલાંઓ આ સંહિતા હેઠળ લીધેલાં હોવાનું ગણવામાં આવશે.

(૨) આયોગ કોઈપણ જોગવાઈમાં સુધારો, ફેરફાર કે સુધારા-વધારા કરી શકશે અથવા આ સંહિતાની કોઈ ભૂલ કે ખામી દૂર કરી શકશે.

અર્થઘટન :

૯.૨૦ આ સંહિતા હેઠળની જોગવાઈઓ, અમલમાં હોય તેવા કોઈપણ નિયંત્રણો અને હુકમો ઉપરાંત ૨૦૦૩ના વીજળી અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓના તમામ બાબતોમાં સંબધ હોવા તરીકે વાંચવી અને તેનું અર્થઘટન કરવું, આ વિનિયમોમાં સમાવિષ્ટ કોઈપણ બાબત, અમલમાં હોય તેવા કોઈપણ અધિનિયમ કે કાયદા અન્વયે વિતરણ પરવાનેદાર અને ગ્રાહકના હક્કો કે ઉપાયોને ઘટાડશે નહીં કે બાધક બનશે નહીં.

છૂટછાટની સત્તા અને મુશ્કેલીઓ દૂર કરવાની સતા:

૯.૨૧ આયોગ, જાહેર હિતમાં અને લેખિતમાં નોંધવાનાં કારણોસર આ સંહિતાની કોઈપણ જોગવાઈમાં છૂટછાટ આપી શકશે.

૯.૨૨ આ સંહિતાની કોઈપણ જોગવાઈને અમલી બનાવવામાં મુશ્કેલી ઉભી થાય અથવા કોઈ જોગવાઈના અર્થઘટનમાં વિવાદ ઉભો થાય તો આ બાબત તાત્કાલિક આયોગને મોકલી શકાશે. આયોગે લાગતા વળગતા લોકો સાથે ચર્ચા વિચારણા કરીને જરૂરી આદેશો આપશે. પરંતુ આયોગ પૂરતા કારણ વગર પણ ૩ મહિનાના સમયગાળા કરતા વધુ વિલંબ પછી ફાઈલ થયેલ સંદર્ભને ધ્યાનમાં લેવાનો ઇન્કાર કરી શકે છે.

આયોગની અંતર્ગત સત્તાનો બચાવ :

૯.૨૩ આ સંહિતામાં સમાવિષ્ટ કંઈપણ, ન્યાયના ઉદ્દેશોને પરિપૂર્ણ કરવા અથવા આયોગની કાર્યવાહીનો દુરૂપયોગ અટકાવવા જરૂરી હોય તેવા હુકમો કરવાની ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની અંતર્ગત સત્તાને મર્યાદિત કરી શકશે નહીં અથવા અસર કરી શકશે નહીં.

૯.૨૪ આ સંહિતામાં સમાવિષ્ટ કંઈપણ આયોગને ખાસ સંજોગોને અને લેખિત નોંધણીનાં કારણોને પહોંચી વળવા જરૂરી જણાય ત્યારે, વીજઅધિનિયમની જોગવાઈઓને સુસંગત હોય તેવી કાર્યવાહી કરતા રોકી શકશે નહિ.

૯.૨૫ આ સંહિતામાં સમાવિષ્ટ કંઈપણ સ્પષ્ટ કે ગર્ભિત રીતે, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગને વિજ અધિનિયમનમાં સમાવિષ્ટ બાબતો કે જેના માટે કોઈ સંહિતા તૈયાર ન કરવામાં આવી હોય તેવી બાબત હાથ ધરતાં કે તેના માટે કોઈપણ સત્તા અમલમાં મૂકતાં અટકાવશે નહીં અને આયોગ તેને યોગ્ય લાગે તે પ્રમાણે આવી બાબતો, સત્તા કે કાર્યો અંગે કામ હાથ ધરી શકશે.

તા.૨૨/૦૯/૨૦૧૫

ગાંધીનગર

રૂપવંતસિંઘ, આઈ.એ.એસ.
સચિવ
ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
ગાંધીનગર

INDEX

જોડાણ-૧

અરજી પત્રક – નવું વીજ જોડાણ/ વીજભાર વધારો/ વીજભાર ઘટાડો/ પુર્નઃજોડાણ (ખેતીવાડી)/ નામમાં ફેરફાર/સ્થળ ફેરફાર/ હંગામી વીજ જોડાણ/વીજ જોડાણમાં ફેરફાર/ ગ્રાહકની વીજકક્ષામાં ફેરફાર(હળવા દબાણના વીજ જોડાણો માટે)

પત્રક (ફોર્મ એ-૧)

અરજીની તારીખ

નોંધ : (૧) અરજદારને વિનંતી છે કે તેનું/તેણીનું પુરુ નામ અને સંપૂર્ણ વિગતો સુવાચ્ય અક્ષરે દર્શાવી સહી કરવી.
(૨) લાગુ પડતા વીજદર માટે આ સાથે સામેલ માર્ગદર્શિકા એનેક્ષર-૧ જોવી.
વધુ વિગતો ....(પરવાનેદાર વેબસાઇટનું સરનામું) વેબસાઇટ પરથી ઉપલબ્ધ રહેશે.

પ્રતિ,
નાયબ ઇજનેર
વિતરણ પરવાનેદારનું નામ
પેટા-વિભાગીય કચેરી

કચેરીના ઉપયોગ માટે		
ક્રમ નંબર		અરજદારનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો
રસીદ નં. અને તારીખ		
અરજી નંબર		
ગ્રાહક નંબર		
કરારીત વીજભાર		
લાગુ પડતો વીજદર		

હું/ અમે આથી મારી/અમારી, માલિકીના/કબ્જાના સ્થળમાં વીજપૂરવઠો પૂરો પાડવા નવું વીજજોડાણ/પીડીસીનું પુનઃજોડાણ/ હયાત જોડાણમાં ફેરફાર/હંગામી વીજ જોડાણની વિનંતી કરીએ છીએ.

અરજદાર અને સ્થળની ની વિગતો (જ્યાં વીજપૂરવઠાની જરૂરી છે): (લાગુ પડતા સામે ✓ નિશાની કરો)

૧: અરજીનો પ્રકાર:

૧	નવું વીજજોડાણ		૬.	સ્થળ ફેરફાર	
૨	વીજભાર વધારો		૭.	હંગામી પૂરવઠો	
૩	વીજભાર ઘટાડો		૮.	વીજ જોડાણમાં ફેરફાર	
૪	પુનઃજોડાણ(ખેતીવાડી)		૯	ગ્રાહકની વીજકક્ષામા ફેરફાર	
૫	નામમાં ફેરફાર				

વીજભાર વધારો/વીજભાર ઘટાડો/ પુનઃજોડાણ(ખેતીવાડી)/ નામમાં ફેરફાર/ સ્થળ ફેરફાર/ હંગામી પૂરવઠો/ વીજ જોડાણમાં ફેરફાર/ ગ્રાહકની વીજકક્ષામા ફેરફાર માટે:

ગ્રાહકનું નામ	ગ્રાહક નંબર

INDEX

૨ : વીજવપરાશનો હેતુ :

૧	ઘરવપરાશ		૫.	ખેતીવાડી	
૨	વાણિજ્ય		૬.	પાણી પુરવઠા	
3	ઔદ્યોગિક		૭.	સ્ટ્રીટ લાઈટ	
૪	સંસ્થાકીય		૮.	અન્ય - દર્શાવવુ	

૩:ઉદ્યોગ/વાણિજ્ય એકમ/ સંસ્થાનો પ્રકાર :

૪:અરજદારનો વૈધાનિક દરજ્જો:

☐ માલિક ☐ ભાડુઆત બાજુના ગ્રાહક નંબર ☐

૫.:અરજદારનું પૂરૂં નામ અને સરનામું (જ્યાં વિજપૂરવઠો માંગેલ છે)

અરજદારનું નામ : અટક પ્રથમ નામ

મધ્ય નામ

શેરી/સોસાયટી/એપાર્ટમેન્ટ/એસ્ટેટનુ નામ :

ઘર/ફ્લેટ નંબર

પ્લોટ સબ પ્લોટ/શેડ નંબર

શેરી/મહોલ્લો

ગામ/નગર/શહેરનું નામ સાથે જમીન સર્વે નંબર

વોર્ડ નં/નજીકનું સીમાચિહ્ન

INDEX

ગામ/નગર/શહેર	તાલુકા	જિલ્લો	પિન કોડ

૬. હાલનું પત્રવ્યવહારનુંસરનામું (પત્રવ્યવહાર માટે)

ટેલિફોન નંબર	મોબાઇલ નંબર	ઈ.મેઇલ એડ્રેસ
....	....	....

૭ : વીજભારની વિગત (કિવો/એચપી)

☐ સિંગલ ફેઝ (૬ કિલોવોટ સુધી) ☐ થ્રી ફેઝ (૬ કિલોવોટથી વધુ ૧૦૦ કિલોવોટ સુધી)

વિગત	નવું જોડાણ	હયાત કરારીત વીજભાર	વીજભાર વધારો/વીજભાર ઘટાડો	કુલ વીજભાર
લાઇટ, પંખા અને અન્ય ઉપકરણો				
મોટીવ પાવર વીજભાર				
કુલ				

૮. પુન:જોડાણ/સ્થળ ફેરફાર/(ફક્ત ખેતી વિષયક વીજ જોડાણ માટે)

ગ્રાહકનું નામ (બિલની નકલ જોડવી)	ગ્રાહક નંબર

હાલનો જમીન સર્વે નંબર		નવો જમીન સર્વે નંબર (સ્થળ ફેરફારના કિસ્સામાં)	
જમીન સર્વે નંબર	ગામ	જમીન સર્વે નંબર	ગામ

૯. નામમાં ફેરફાર :

ગ્રાહક નંબર :

જૂના ગ્રાહકનું નામ :

નવા ગ્રાહકનું નામ :

INDEX

૧૦. સર્વિસ રૂપાંતર :

૧.	જો વીજજોડાણમા ફેરફાર માટે વિનંતી હોય તો (લાગુપડે ત્યાં નિશાની કરો)	(એ) હળવા દબાણની સિંગલ ફેઝમાંથી હળવા દબાણ થ્રી ફેઝમાં બદલવા	
		(બી) હળવા દબાણ થ્રી ફેઝમાંથી હળવા દબાણ સિંગલ ફેઝમાં બદલવા	
		(સી) ભારે દબાણમાંથી હળવા દબાણમાં બદલવા	
		(ડી) અન્ય (દર્શાવવુ)	
૨	જો ગ્રાહકની વીજકક્ષામા ફેરફાર કરવાનો હોય તો કે વીજ કક્ષામા ફેરફાર ઇચ્છે છે તે જણાવવું.	(આ સાથે સામેલ તમામ વીજદર વર્ગની યાદી જોવી)	

૧૧. સામેલ કરવાના દસ્તાવેજોની યાદી

I. આ અરજીપત્રક સાથે જોડેલ ઓળખપત્ર;

- વ્યક્તિગત અરજદારના કિસ્સામાં (કોઇપણ એક)	(૧) ચૂંટણી ઓળખ કાર્ડ;	
	(૨) પાસપોર્ટ;	
	(૩) ડ્રાઇવિંગ લાઇસન્સ;	
	(૪) રેશનકાર્ડ;	
	(૫) સરકારી સંસ્થા દ્વારા અપાયેલ ઓળખ કાર્ડ;	
	(૬) પાન કાર્ડ;	
	(૭) ગ્રામ્ય કક્ષાના લાગુ પડતા સરકારી કર્મચારી દ્વારા અપાયેલ ઓળખ પ્રમાણ પત્ર;	
	(૮) આધાર કાર્ડ.	
-જો અરજદાર કંપની, ટ્રસ્ટ, શૈક્ષણિક સંસ્થા, સરકારી વિભાગ વગેરે હોય તો તેવા કિસ્સામાં	સક્ષમ સત્તાધિશે (જેમ કે બ્રાન્ચ મેનેજર, આચાર્ય, કાર્યપાલક ઇજનેર વગેરે) જરૂરી ઠરાવ/સંસ્થાના ઓથોરીટી લેટર સાથે જોડી અરજીપત્રકમાં સહી કરવી.	

II. જેને માટે વીજળી જોડાણ માંગવામાં આવ્યું તેના કબ્જાની માલિકીની સાબિતી (કોઇ એક સામે નિશાની કરો)

૧.	રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અથવા લીઝ ડીડ અથવા ખેતીવાડીના કિસ્સામાં ૭/૧૨, ૮-અ અને હકપત્રક(૬-અ)ની નકલ	
૨.	મ્યુનિસિપલ વેરાની પહોંચ અથવા માંગ નોટિસ અથવા અન્ય લાગુ પડતા દસ્તાવેજો	
૩.	ફાળવણીપત્ર	
૪	જો અરજદાર જગ્યા નો માલિક નથી પણ કબજેદાર છે તેણે ઉપરોક્ત એક થી ત્રણ માંથી કોઇપણ એક દસ્તાવેજ અને જગ્યાના માલિકનું "ના વાંધા પ્રમાણપત્ર" આપવાનું રહેશે.	

III. હાલના સરનામાનો પુરાવો (કોઈ એક સામે નિશાની કરો) :

(૧) ચૂંટણી ઓળખ કાર્ડ	
(૨) પાસપોર્ટ	
(૩) ડ્રાઇવિંગ લાઇસન્સ	
(૪) રેશનકાર્ડ	
(૫) સરકારી સંસ્થા દ્વારા અપાયેલ ઓળખ કાર્ડ	
(૬) હયાત બેન્ક ખાતાનું સ્ટેટમેન્ટ	
(૭) તાજેતરનું પાણી/ટેલીફોન/ઇલેક્ટ્રીસીટી/ગેસનાં જોડાણનું તાજેતરનુંબીલ	
(૮) ઇન્કમ ટેક્સ એસેસમેન્ટ નંબર	
(૯) આધાર કાર્ડ	

IV. લાગુ પડતા અન્ય દસ્તાવેજો (દર્શાવવું)

૧૨: ગ્રાહકના નામે પરવાનેદારની કામગીરીના વિસ્તારમાં વીજબીલના લેણા બાકી છે? : હા/ના

૧૩:વીજ જોડાણ અંગેની જગ્યામાટે અરજી કરી હોય તે જગ્યા માટે વીજબીલના લેણા બાકી છે? : હા/ના

૧૪: ગ્રાહક જેની સાથે માલિક, ભાગીદાર, ડીરેક્ટર કે મેનેજીંગ ડીરેક્ટર તરીકે જોડાયેલ હોય તેવી કોઇ પેઢી સામે પરવાનેદારની વીજબીલના લેણા બાકી છે? : હા/ના

(પ્રશ્ન ૧૨, ૧૩ અને ૧૪ માટે જવાબ 'હા' હોય તેવા કોઇ પણ સંજોગોમાં અલગ કાગળ પર વિગતો દર્શાવવી)

૧૫: બાંહેધરી:

હું/અમે આ સાથે બાંહેધરી આપીએ છીએ કે,

(એ) મારી જાણકારી મુજબ આ અરજીમાં આપેલી માહિતી સાચી છે.

(બી) હું/અમો, પરવાનેદાર વીજપુરવઠો શરૂ કરે તે તારીખ પછીનાં મહિનાનાં પ્રથમ તારીખથી બે વર્ષ સુધી વીજપુરવઠો મેળવવાની ઇચ્છા રાખીએ છીએ અને વિતરણ પરવાનેદાર સાથે તે માટે સહમત છીએ.

(સી) મે/અમો, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગુજરાત વીજળી પુરવઠા સંહિતા) વિનિયમોનું વાંચન કરેલ છે તેમજ તેની શરતો પાળવા માટે બંધાયેલ છું/છીએ.

(ડી) હું/અમો નિયમીત રીતે વીજલેણા લાગુ પડતા વીજદરો અને અન્ય ખર્ચ મુજબ ભરપાઇ કરીશ/કરીશું.

(ઇ) હું/અમો, મીટર, કટ-આઉટ અને સ્થાપનની સુરક્ષા અને સલામતી જવાબદારી લઉ છું/લઇએ છીએ.

તારીખ :　　　　અરજદાર ગ્રાહકની સહી/અધિકૃત સહી
સ્થળ:　　　　નામ:

INDEX

(અરજદાર અંગુઠાનું નિશાન લગાવે ત્યારે સાક્ષીની સહી તથા નામ જણાવવું જરૂરી છે.)

(પેઢી/ભાગીદારી/લિમિટેડ કંપની, વકાલતનામું ધરાવતી વ્યક્તિની સહી સાથે સંસ્થાનો અધિકૃત સીક્કો લગાવવો ફરજીયાત છે.)

નોંધ :

અરજીપત્રક સાથે ઓળખપત્ર, જગ્યાની માલીકી/કબ્જાનો પુરાવો અને હાલના સરનામાનો પુરાવો ઉપરાંત નીચેના દસ્તાવેજો મુજબના દસ્તાવેજો સામેલ કરવા :

(૧) ભાગીદારી પેઢીના કિસ્સામાં – અરજદારે ભાગીદારી દસ્તાવેજ અને અરજદારને અરજીપત્રકમાં સહી કરવાનો અને કરારનામામાં સહી કરવાનો અધિકાર આપતો પત્ર.

(૨) જાહેર અને અથવા ખાનગી લીમીટેડ કંપનીના કિસ્સામાં અરજદારે મેમોરેન્ડમ અને આર્ટીકલ ઓફ એસોસીએશન તથા સંસ્થાપન પ્રમાણપત્ર(સર્ટીફિકેટ ઓફ ઇન્કોર્પોરેશન) તેમજ અરજદારને અરજીપત્રકમાં સહી કરવાનો અને કરારનામામાં સહી કરવાનો અધિકાર આપતો પત્ર.

(૩) ચોક્કસ અરજદારના વર્ગ માટેના અન્ય દસ્તાવેજો

(૧)ઔદ્યોગિક ગ્રાહક: અધિકૃત ઔદ્યોગિક પરવાનો, જો લાગુ પડતુ હોય તો, તેમજ જમીનનો બિનખેતી હેતુ માટેના વપરાશને અધિકૃત કરતો મંજુરીપત્ર અથવા વીજ જોડાણ ચાલુ કર્યા પહેલા બિનખેતીનું પ્રમાણપત્ર આપવાની બાંહેધરી સાથે બિનખેતી કરવા માટે કરેલ અરજીની નકલ.

(૨)ખેતીવિષયક ગ્રાહક: સક્ષમ સત્તાધિશનું ટ્યુબવેલ માટેનું "ના વાંધા પ્રમાણપત્ર" જો લાગુ પડતુ હોય તો

(૩)બિનરહેણાંક અને હંગામી માળખુ: નગરનિગમ/ નગરપાલિકા/ નગરપંચાયત/ ગ્રામસભા/ ગ્રામપંચાયત/ જમીન વિકાસ સત્તામંડળ / જમીન વિકાસ સત્તાધિશનું બિનરહેણાંક અને હંગામી માળખા અંગેનું "ના વાંધા પ્રમાણપત્ર"

(૪)ગરીબી રેખાની નીચેના વર્ગનાં (બી.પી.એલ) ગ્રાહકો: સક્ષમ રાજ્ય સરકારના સત્તાધિશ દ્વારા અપાયેલ બીપીએલ કાર્ડ

(૪)વારસદાર સિવાયના નામમાં ફેરફારના કિસ્સાઓમાં: હયાત ગ્રાહકનું "ના વાંધા પ્રમાણપત્ર" જો શક્ય હોય તો અને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ/ભાડાચીઠ્ઠી દસ્તાવેજ/વારસાઇ દસ્તાવેજ/વારસાઇ પ્રમાણપત્ર (અન્ય દસ્તાવેજો હોય તો દર્શાવવા)

(૫) વારસદારનાં કિસ્સામાં નામમાં ફેરફાર માટે: રજીસ્ટર્ડ દસ્તાવેજ/વારસાઇ અથવા કાયદેસરના વારસદારનું પ્રમાણપત્ર/પરિવર્તન ખત (અન્ય દસ્તાવેજો હોય તો દર્શાવવા) અને જ્યારે કોઇ એક વારસદારના નામે નામમાં ફેરફાર થતું હોય ત્યારે અન્ય વારસદારોનું " ના વાંધા પ્રમાણપત્ર" મૃત ગ્રાહકનાં કિસ્સામાં "મૃત્યુ પ્રમાણપત્ર" જરૂરી છે.

(૬) વીજભાર વધારો/વીજભાર ઘટાડો/ પુન:જોડાણ(ખેતીવાડી)/ નામમાં ફેરફાર/ સ્થળ ફેરફાર/ હંગામી પુરવઠો/ વીજ જોડાણમાં ફેરફાર/ ગ્રાહકની વીજકક્ષામા ફેરફાર/સ્થળ ફેરફારના કિસ્સામાં: જો ગ્રાહકના ઉપકરણોમાં ફેરફાર કરેલ હોય તો લાયસન્સ ધરાવતા ઇલેક્ટ્રીકલ કોન્ટ્રાક્ટરનું કામ પુરૂં કર્યાનું પ્રમાણપત્ર તેમજ ટેસ્ટ રીપોર્ટ.

(૭) નવા ઔદ્યોગિક જોડાણ અથવા વીજભાર વધારાના કિસ્સામાં: પ્રદૂષણ કે પર્યાવરણના દ્રષ્ટિકોણથી સક્ષમ સત્તાધિશનું " ના વાંધા પ્રમાણપત્ર" જરૂરી હોય તો તે જોડવાનું રહેશે.

(૮) તમામ જોડેલ દસ્તાવેજી પુરાવાઓ સ્વયં પ્રમાણિત કરવાના રહેશે.

બિડાણ : એનેક્ષર- III

INDEX

જોડાણ-૨

અરજી પત્રક – નવું વીજ જોડાણ/ વીજભાર વધારો/ વીજભાર ઘટાડો/ નામમાં ફેરફાર (ભારે દબાણના/અતિ ભારે દબાણના વીજ જોડાણ માટે) પત્રક (ફોર્મ એ-૨)

એચ.ટી. જોડાણ નંબર

અરજીની તારીખ

નોંધ : (૧) અરજદારને વિનંતી છે કે તેનું/તેણીનું પુરુ નામ સંપૂર્ણ વિગતો સાથે સુવાચ્ય અક્ષરે દર્શાવી સહી કરવી.
વધુ વિગતો .... (પરવાનેદાર વેબસાઈટનું સરનામું) વેબસાઈટ પરથી ઉપલબ્ધ રહેશે.

પ્રતિ,
નાયબ ઇજનેર
વિતરણ પરવાનેદારનું નામ
પેટા-વિભાગીય કચેરી

<table>
<tr><td colspan="2">કચેરીના ઉપયોગ માટે</td><td rowspan="7">અરજદારનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો</td></tr>
<tr><td>ક્રમ નંબર</td><td></td></tr>
<tr><td>રસીદ નં. અને તારીખ</td><td></td></tr>
<tr><td>અરજી નંબર</td><td></td></tr>
<tr><td>ગ્રાહક નંબર</td><td></td></tr>
<tr><td>કરારીત વીજભાર</td><td></td></tr>
<tr><td>લાગુ પડતો વિજદર</td><td></td></tr>
</table>

હું/ અમો, આથી મારી/અમારી, માલિકીના/કબ્જાના સ્થળમાં ભારે દબાણ/અતિ ભારે દબાણનો વીજપુરવઠો પુરો પાડવા નવું વીજજોડાણ/ હાલના જોડાણમાં ફેરફાર/હંગામી જોડાણ આપવા માટે આપને વિનંતી કરું છું/કરીએ છીએ.

<table>
<tr><td>૧.</td><td>અરજદાર/ સંસ્થાનું નામ</td><td colspan="8"></td></tr>
<tr><td>૨.</td><td>પિતા/પતિ/ડિરેક્ટર/ભાગીદાર/ટ્રસ્ટીનું નામ</td><td colspan="8"></td></tr>
<tr><td>૩.</td><td>જોડાણનો પ્રકાર</td><td colspan="8">☐ નવું ☐ તબદીલ ☐ વીજભાર વધારો/ઘટાડો
મુળ ગ્રાહકનું નામ
☐</td></tr>
<tr><td>૪.</td><td>પત્ર વ્યવહાર માટે સરનામું</td><td colspan="8"></td></tr>
<tr><td>૫.</td><td>જ્યાં નવા જોડાણ માટે અરજી કરી હોય/હાલનું જોડાણ ખસેડવું જરૂરી હોય તેનું સરનામું: (સ્થળ ઓળખાણ માટે સીમા ચિન્હો દર્શાવવા)</td><td colspan="8"></td></tr>
<tr><td rowspan="2">૬.</td><td rowspan="2">પુરવઠો જે વોલ્ટેજે જરૂરી હોય તે કિ.વોલ્ટ (લાગુ પડતી કેટેગરી સામે ટીક કરવું)</td><td>૧૧ કિ. વોલ્ટ</td><td>૨૨ કિ. વોલ્ટ</td><td>૩૩ કિ. વોલ્ટ</td><td>૬૬ કિ. વોલ્ટ</td><td>૧૧૦ કિ. વોલ્ટ</td><td>૧૩૨ કિ. વોલ્ટ</td><td>૨૨૦ કિ. વોલ્ટ</td><td>૪૦૦ કિ. વોલ્ટ</td></tr>
<tr><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td></tr>
</table>

INDEX

૭.	પુરવઠાનો પ્રકાર(કાયમી/હંગામી)				
૭.(અ)	પુરવઠો હંગામી હોય તો જરૂરિયાતની મુદત નિર્દિષ્ટ કરો	તારીખથી :			
		તારીખ સુધી			
૮.	જેના માટે અરજી કરી હોય તે કરાર માંગની વિગતો : (કિ.વો./ કે.વી.એ.માં)				
૯.	વીજ જરૂરિયાત કિ.વો.માં	☐ નવું જોડાણ	☐ કરાર માંગમાં ફેરફાર		
			ચાલુ કરાર માંગ	વધારો/ઘટાડો	સુધારેલ કરાર માંગ
૧૦.	વીજ પુરવઠો જ્યારથી જોઈતો હોય તે અંદાજીત તારીખ				
૧૧.	વીજ સ્થાપનનો હેતુ	માલ ઉત્પાદન/સેવા			
૧૨.	પસંદ કરેલ પ્રશુલ્કનો પ્રકાર				
૧૩.	કરાર માંગ પ્રોજેક્શન માટે આધાર-ધારેલી વિવિધતા પરીબળ				
૧૪.	ઉત્પાદન ક્ષમતા				
૧૫.	કામ કરતી પાળીઓ				
૧૬.	અરજદારની કાનુની સ્થિતિ : (જેમકે, માલિકી/ ભાગીદારી/ પ્રાઈવેટ લિમિટેડ/ પબ્લિક લિમિટેડ/ મંડળી/ સરકારી વિભાગ/ સરકારી ઉપક્રમ)				
૧૬.(અ)	નોંધણી નંબર અને તારીખ				
૧૭.	ઔદ્યોગિક જગ્યાઓ વિકસાવતી સંસ્થાનું નામ				
૧૮.	કબ્જા પત્ર અથવા બિન-વાંધાપ્રમાણ પત્ર	નંબર:	તારીખ :		
૧૯.	સંસ્થાએ આપેલ નકલ જોડવી				
૨૦.	ઉપરનું યુનિટ બીજા કોઇ સ્થળે ક્યારેય કામ કરતું હતું અથવા જોડાણ માટે અરજી કરી હતી.(જો હા, તો વિગતો આપવી)	(ક) મંજુર કરેલ વીજભાર (ખ) જોડાણ નં. (ગ) ચૂકવણી બાકી હોય તો			
૨૧.	ભૂતકાળમાં જગ્યા માટે વીજળી જોડાણની માંગણી કરી હતી: (જો હા, તો વિગતો આપવી)	(ક) મંજુર કરેલ વીજભાર (ખ) જોડાણ નં. (ગ) ચૂકવણી બાકી હોય તો			
૨૨.	જમીન સંપાદનની સ્થિતિ				
૨૩.	વૈધાનિક જરૂરીયાત મુજબ.................. પાસેથી જરૂરી સંમતિ/બિન-વાંધા પ્રમાણપત્ર મેળવેલ છે કે કેમ?(પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની યાદી પ્રમાણે લાગુ પડતું હોય તો) (જો, હા તો નકલ જોડો)				
૨૪.	પરવાનેદારની કામગીરીના વિસ્તારમાં ગ્રાહકના નામે કોઇ વીજળીની રકમ બાકી છે કે કેમ?	હા/ના			

INDEX

૨૫.	જે જગ્યા માટે જોડાણની અરજી કરી હોય તેના માટે કોઈ વીજળીની રકમ બાકી છે કે કેમ?	હા/ના
૨૬.	ગ્રાહક જેની સાથે માલિક, ભાગીદાર, ડિરેક્ટર કે મેનેજીંગ ડિરેક્ટર તરીકે સંકળાયેલ હોય તેવી કોઈ પેઢી પાસે પરવાનેદારની કોઈ વીજળી રકમ બાકી છે કે કેમ?	હા/ના
(જો પ્રશ્ન ૨૪,૨૫ અને ૨૬ માટે કોઈ પણ કિસ્સા માટે જવાબ હા માં હોય તો અલગ પેપર પર વિગતો દર્શાવવી)		

બાંહેધરી:

હું/અમે આ સાથે બાંહેધરી આપીએ છીએ કે,

(એ) મારી જાણકારી મુજબ આ અરજીમાં આપેલી માહિતી સાચી છે.

(બી) હું/અમો, પરવાનેદાર વીજપૂરવઠો શરૂ કરે તે તારીખ પછીનાં મહિનાનાં પ્રથમ તારીખથી બે વર્ષ સુધી વીજપુરવઠો મેળવવાની ઇચ્છા રાખીએ છીએ અને વિતરણ પરવાનેદાર સાથે તે માટે સહમત છીએ.

(સી) મે/અમો, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગુજરાત વીજળી પૂરવઠા સંહિતા) વિનિયમોનું વાંચન કરેલ છે તેમજ તેની શરતો પાળવા માટે બંધાયેલ છું/છીએ.

(ડી) હું/અમો નિયમીત રીતે વીજવેચાણ લાગુ પડતા વીજદરો અને અન્ય ખર્ચ મુજબ ભરપાઈ કરીશ/કરીશું.

(ઈ) હું/અમો, મીટર, કટ-આઉટ અને સ્થાપનની સુરક્ષા અને સલામતી જવાબદારી લઉં છું/લઇએ છીએ.

તારીખ :
સ્થળ:

અરજદાર ગ્રાહકની સહી/અધિકૃત સહી
નામ:

(પેઢી/ભાગીદારી/લિમિટેડ કંપની, પાવર ઓફ એટર્ની ધરાવતી વ્યક્તિની સહી સાથે સંસ્થાનો અધિકૃત સિક્કો લગાવવો ફરજીયાત છે.)

નોંધ

અરજી પત્ર સાથે નીચેના દસ્તાવેજો જોડવા :

૧. જગ્યાની માલિકીની સાબિતી :

૨. નકશામાં જગ્યાની તમામ હદો,જમીન/જગ્યાની અંદર અને બહારના માર્ગો/ જાહેર માર્ગ/માર્ગો (માર્ગ/માર્ગોનાં નામ સાથે), મકાનની જગ્યાઓ બહારની સંસ્થાની માલિકીની જમીન, માર્ગો, કોઈ હોય તો તે પણ સ્પષ્ટ રીતે બતાવાયેલ હોવા જોઇએ.

૩. જો જરૂરી હોય તો પરવાનેદાર/વૈધાનિક સત્તાધિકારી પાસેથી એન.ઓ.સી. અથવા અરજદાર પાસેથી એવું એકરાર કે તેનાં જોડાણ માટે કોઈપણ ધારાઓની અંદર એન.ઓ.સી.ની જરૂરિયાત નથી.

૪. માલિકીની પેઢી હોય તો, અરજદાર સંપૂર્ણ માલિક હોવાનું દર્શાવતી એફિડેવિટ રજૂ કરવી.

૫. ભાગીદારી પેઢીના કેસમાં, ભાગીદારી ડીડ

૬. લિમિટેડ કંપનીના કેસમાં, મેમોરેન્ડમ એન્ડ આર્ટીકલ્સ ઓફ એસોસીએશન અને સંસ્થાપન પ્રમાણપત્ર (સર્ટીફીકેટ ઓફ ઇન્કોર્પોરેશન)

૭. ગ્રાહકનું કાયમી રહેણાંકનું સરનામું અને પાન નંબર, જો હોય તો. પછીથી જો કોઈ ફેરફાર થાય તો ગ્રાહકે તરત પરવાનેદારને તેની જાણ કરવી.

૮. ઉત્પાદન/ઉત્પાદનમાં વધારાનો ઇરાદાપત્ર રજૂ કરવો.

૯. અપેક્ષિત વીજભાર સાથે સ્થાપિત કરવા વિચારેલ સાધનોની યાદી

૧૦. અધિકૃત સહી કરવા માટેનો ઠરાવ

૧૧. ઉદ્યોગ વિભાગમાં નોંધણી

૧૨. વીજળી અને પ્રક્રિયા જરૂરિયાતો સાથે સંલગ્ન પ્રોજેક્ટ અહેવાલનો સાર (ઉદ્યોગના કેસમાં)

૧૩. ચાલુ પ્રશુલ્ક હુકમની પ્રસ્તુત કલમની નકલ, જેમાં ગ્રાહકે પસંદ કરેલ પ્રશુલ્ક વર્ગની વિગતો પૂરી પાડી હોય અને તેણે તેના પર યોગ્ય રીતે સહી કરી હોય. આની સાથે બધી ઔપચારિકતાઓ પૂરી કર્યા પછી સમજૂતિ સામેલ કરવી.

જોડાણ :3

આ જોડાણ તરીકે પરવાનેદારે લાગુ પડતાં વર્ષ માટે, તેઓના વિસ્તારમા લાગુ પડતા પ્રશુલ્કની વર્ગવાર પ્રશુલ્ક અનુસૂચિ રજૂ કરવી.

INDEX

જોડાણ :૪

વીજચોરી/અનધિકૃત ઉપયોગના કેસોમાં વીજળીની આકારણી:

(૧)વીજચોરીની માટેનાં વીજળી વપરાશની આકારણી ફોર્મુલા નીચે મુજબ રહેશે.

આકારેલ યુનિટ : L X H X F

જ્યાં L =કેડબલ્યુ માં વીજભાર (નિરીક્ષણ દરમ્યાન ગ્રાહકના જગ્યામાં જોડાણ કરાવેલ મળેલો વીજભાર);
ડીમાન્ડ બેઝ ગ્રાહકો માટે કેડબલ્યુ માં L એટલે નિરીક્ષણ સમયે ગ્રાહકોનાં કુલ જોડાણ કરાવેલ વીજભારના ૭૫% અથવા કરાર માંગ, બેમાંથી જે વધુ હોય તે,
H= આ સંહિતાના ખંડ ૭.૭ પરથી ધ્યાનમાં લેવાયેલ કલાકોની સંખ્યા
F = લોડ ફેક્ટર કે જે વપરાશના જુદા જુદા પ્રકારો માટે નીચે આપ્યા મુજબ લેવામાં આવશે.

ક્રમ નં	વિગતો	ઉપયોગ	લોડ ફેક્ટર
૧.	(એચ. ટી) ઉદ્યોગો, રેલ્વે ટ્રેક્શન અને (એચ.ટી) ખેતીવાડી	સતત પ્રક્રીયા	૧૦૦%
		એક પાળી માટે(૮ કલાક) બે પાળી માટે(૧૬ કલાક) ત્રણ પાળી માટે(૨૪ કલાક)	૩૦% ૬૦% ૯૦%
૨.	(એચ.ટી) બિન રહેણાંક ગ્રાહકો		૫૦%
૩.	(એચ.ટી) રહેણાંક ગ્રાહકો		૧૩%
૪.	(એલ.ટી) ઔદ્યોગિક ગ્રાહકો	સતત પ્રક્રિયા એક પાળી (૮ કલાક) બે પાળી (૧૬ કલાક) ત્રણ પાળી (૨૪ કલાક)	૧૦૦% ૨૫% ૩૮% ૭૫%
૫.	(એલ.ટી) બિન-રહેણાંક ગ્રાહકો		૪૫%
૬.	(એલ.ટી) રહેણાંક ગ્રાહકો	- એરકન્ડીશનીંગ સિવાયના અન્ય સાધનો	૧૩%
		- એરકન્ડીશનીંગ સાધનો ફેબ્રુઆરી-ઓક્ટોબર	૫૦%
		- એરકન્ડીશનીંગ સાધનો નવેમ્બર-જાન્યુઆરી	૦%
૭.	ખેતીવાડી મીટરયુક્ત ગ્રાહકો		૪૦%
૮.	પાણીપુરવઠો અને ગટરના પાણીનું પંપિંગ		૫૦%
૯.	સ્ટ્રીટ લાઇટ/જાહેર વીજળી		૫૦%
૧૦.	હંગામી વીજપુરવઠો		૫૦%
૧૧.	સીધી ચોરી-તમામ પ્રકારના વિજવપરાશ માટે		૧૦૦%

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No.210

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] **THURSDAY, MAY 19, 2016/VAISAKHA 29, 1938**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી મે, ૨૦૧૬.

ક્રમાંક : રાચઆ-ચટણ-જિતાપં-મતય-૩-પાર્ટ-II-૫૨૦૧૬-ક.- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૧૮ તથા ૨૦ મુજબ જિલ્લા/તાલુકા પંચાયતોની ચૂંટણી માટે જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ કરેલ ગામોની વિધાનસભા મતદાર વિભાગોની અમલમાં હોય તેવી મતદારયાદીઓ ઉપરથી મતદારયાદીઓ તૈયાર કરી પ્રસિદ્ધ કરવાની રહે છે. વિધાનસભાની તા. ૧-૧-૨૦૧૬ની લાયકાત તારીખની સ્થિતિએ ફોટાવાળી મતદારયાદી પ્રસિદ્ધ થયેલ છે. જેથી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી યોજતાં પહેલાં તેના ઉપરથી સંબંધિત સંસ્થાની મતદાર યાદી તૈયાર કરવાની રહે છે.

રાજ્ય સરકાર દ્વારા તા. ૩૦-૦૫-૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક : કેપી-૨૮-ઓફ-જીપીએ-૧૦૨૦૧૩-૮૯૩૧૦૪ (Part-1) જ થી ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા (સુધારા) અધિનિયમ ૨૦૧૫માં કલમ નં. ૧૦ થી ૨૫માં તા. ૧૦-૦૪-૨૦૧૫ થી અમલમાં આવે તે રીતે કરેલ જોગવાઈ મુજબ આગામી એક વર્ષમાં સામાન્ય ચૂંટણી યોજવાપાત્ર જિલ્લા/તાલુકા પંચાયતની પ્રસંગોપાત ખાલી બેઠકોની પેટા ચૂંટણી યોજવાની રહેતી નથી.

જિલ્લા/તાલુકા પંચાયતોમાં પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણીમાં મતદારો મતદાનથી વંચિત રહી જવા પામે નહિ તે માટે જિલ્લા/તાલુકા પંચાયતોમાં જે મતદાર મંડળ/મતદાર મંડળોમાં બેઠક ખાલી પડેલ હોય તે મતદાર મંડળ પૂરતી જ તા. ૧-૧-૨૦૧૬ની વિધાનસભાની છેલ્લે પ્રસિદ્ધ થયેલ મતદારયાદી (પુરવણી સહિત) પરથી ફોટાવાળી મતદારયાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવાની બાબત રાજ્ય ચૂંટણી આયોગની વિચારણામાં હતી.

વિચારણાના અંતે બંધારણના અનુચ્છેદ ૨૪૩-ક, ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ અને ગુજરાત પંચાયત ચૂંટણીના નિયમો-૧૯૯૪ થી રાજ્ય ચૂંટણી આયોગને મળેલ અધિકારની રૂઇએ જે જિલ્લા/તાલુકા પંચાયતોમાં જે મતદાર મંડળ/મતદાર મંડળોમાં પ્રસંગોપાત બેઠક ખાલી પડેલ હોય તે મતદાર મંડળ પૂરતી જ તા. ૧-૧-૨૦૧૬ની સ્થિતિએ ફોટાવાળી મતદારયાદી પ્રસિદ્ધ કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગ નીચે પ્રમાણે વિગતવાર કાર્યક્રમ આથી નક્કી કરે છે.

અ.નં.	વિગત	કાર્યક્રમ
૧.	તા. ૧-૧-૨૦૧૬ની સ્થિતિએ ગુજરાત વિધાનસભાની ફોટાવાળી પુરવણી સહિત આખરી પ્રસિદ્ધ થયેલ મતદાર યાદી પર થી જિલ્લા /તાલુકા પંચાયતોના મતદાર મંડળોની વિભાગવાર તા. ૧-૧-૨૦૧૬ના રોજ લાયકાત ધરાવતા મતદારોની મતદાર યાદીઓની પ્રાથમિક પ્રસિદ્ધિ કરવાની તારીખ	તા. ૨૬-૦૫-૨૦૧૬
૨.	નિયમ-૩(ક) તથા ૩(ખ) હેઠળ નમૂના નંબર ૧ (ક) તથા ૧ (ખ) મુજબ દાવા અરજીઓ રજુ કરવા માટેની છેલ્લી તારીખ	તા. ૩૧-૦૫-૨૦૧૬
૩.	રજુ થયેલ દાવા અરજીઓની ચકાસણી તથા દાવા પરત્વે નિયમ-૩(સી)(૨) અન્વયે આખરી નિર્ણય કરવા માટેની તારીખ	તા. ૦૮-૦૬-૨૦૧૬
૪.	મતદાર મંડળોની વિભાગવાર તા. ૧-૧-૨૦૧૬ની સ્થિતિએ કોમ્પ્યુટરાઈઝ્ડ પુરવણી મતદાર યાદી તૈયાર કરવાની તારીખ	તા. ૧૦-૦૬-૨૦૧૬
૫.	મતદાર મંડળોની ૨૦૧૬ની ફોટાવાળી મતદારયાદી ૨૦૧૬ની પુરવણી મતદારયાદી સહિત વિભાગવાર આખરી પ્રસિદ્ધિની તારીખ	તા. ૧૩-૦૬-૨૦૧૬

જિલ્લા/તાલુકા પંચાયતોમાં ખાલી પડેલ બેઠકોના મતદાર મંડળોમાં સમાવિષ્ટ ગામોની વિધાનસભા મતદાર વિભાગોની તા. ૧-૧-૨૦૧૬ની સ્થિતિએ આખરી પ્રસિદ્ધ થયેલ ફોટાવાળી મતદાર યાદીની નકલો મેળવીને આ મતદાર યાદીના મથાળા પર રાજ્ય ચૂંટણી આયોગે નક્કી કરેલ નમૂના નંબર : ૨ (અ) મુજબ મથાળાં ટાઈપ કરી/તૈયાર કરી ચોંટાડવાનાં રહેશે અને મતદાર યાદીના છેલ્લા પાને મતદાર નોંધણી અધિકારી અને મામલતદારશ્રીઓના હોદ્દા અને સહી સિક્કા લગાવી સહીઓ કરવાની રહેશે. વિધાનસભાની મતદાર યાદીમાં જરૂર પ્રમાણે પૃષ્ઠ નંબર, ભાગ નંબર, મતદાર વિભાગને લગતી છાપેલી બાબતો પણ કાગળની પટ્ટી ચોંટાડીને ઢાંકી દેવાની રહેશે.

જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદાર વિભાગવાર આખરી પ્રસિદ્ધ થયેલ મતદાર યાદીઓમાં ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૨૦(૬) અનુસાર રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચઆ-ચટણ-પચત-મતય-૯૫,

તા. ૩-૫-૧૯૯૫ મુજબ જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો રજૂ કરવાની છેલ્લી તારીખ પહેલાની તારીખ સુધી નવીન નામો દાખલ કરી શકાશે. નામ સુધારો કરી શકશે અને નામો કમી કરી શકશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 211

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] **MONDAY, MAY 23, 2016/JYAISTHA 2, 1938**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

ગુજરાત પંચાયત અધિનિયમ –૧૯૯૩ની કલમ–૧૫ ની પેટા કલમ–(૧) અને ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો –૧૯૯૪ના નિયમ–૯(૨) હેઠળ ચૂટણીનું જાહેરનામું તથા ચૂંટણીનો તબક્કાવાર કાર્યક્રમ

પ્રાંત અધિકારી, વલસાડની કચેરી, વલસાડ જીલ્લો

ક્રમાંક : ગ્રા.પં./પેટા/મધ્યસત્ર ચૂંટણી/૨૦૧૬ તા. ૨૩/૦૫/૨૦૧૬

જાહેરનામું

વલસાડ જીલ્લાની વલસાડ તાલુકાની ગ્રામ પંચાયતોના વોર્ડની બેઠકોની/ સરપંચની ખાલી પડેલ બેઠકોની ચૂંટણી.

(૧) ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ની કલમ – ૧૬ ની પેટા કલમ – ૧ મુજબ વલસાડ જીલ્લાની **વલસાડ તાલુકાની** ગ્રામ પંચાયતોના વોર્ડની રચના તથા બેઠકોની ફાળવણી રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી તરીકે કલેક્ટરશ્રીએ કરેલ છે.

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ની કલમ–૧૫ ની પેટા કલમ – (૧) હેઠળરાજ્ય ચૂંટણી આયોગના અધિકારી તરીકે અમોને મળેલ સત્તાની રૂએ વલસાડ જીલ્લાની નીચેની અનુસુચીના કોલમ નં. ૨ માં જણાવેલ તાલુકાની સામે કોલમ નં.૩ માં જણાવેલ ગ્રામ પંચાયતોની કોલમ નં. ૪ તથા ૫ માં જણાવેલ વોર્ડની બેઠકોની તથા કોલમ નં. ૬ માં જણાવેલ સરપંચોની બેઠકની પેટા /મધ્યસત્ર ચૂંટણી **તા. ૧૨/૦૬/૨૦૧૬** (રવિવાર) ના રોજ યોજવા જાહેર કરવામાં આવે છે.

(૩) ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૯ ના પેટા નિયમ–૨ થી પ્રાપ્તથયેલ સત્તાની રૂઇએ રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી તરીકે વલસાડ જીલ્લાની ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ની કલમ–૧૫ ની પેટા કલમ (૧) હેઠળ આ જાહેરનામામાં નીચેની અનુસુચીમાં જણાવેલ તાલુકાની ગ્રામ પંચાયતોના વોર્ડની/સરપંચની બેઠકો ભરવા માટે ચૂંટણી યોજવા નીચે મુજબ તબક્કાવાર કાર્યક્રમ નક્કી કરવામાં આવે છે.

	વિગત	**તારીખ**	**સમય**	**સ્થળ**
૧	ઉમેદવારી પત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ	૨૮/૦૫/૨૦૧૬	૧૧:૦૦ કલાક થી ૧૫:૦૦ કલાક સુધી	ચૂંટણી અધિકારી/ મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરી ખાતે
૨	ઉમેદવારી પત્રોની ચકાસણી તારીખ	૩૦/૦૫/૨૦૧૬	૧૧:૦૦ કલાક થી ચકાસણી પુરી થાય ત્યાં સુધી	ચૂંટણી અધિકારીની કચેરી ખાતે

	વિગત	તારીખ	સમય	સ્થળ
૩	ઉમેદવારી પત્રોની પરત ખેંચવાની તારીખ	૩૧/૦૫/૨૦૧૬	૧૫:૦૦ કલાક સુધી	ચૂંટણી અધિકારી/ મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરી ખાતે
૪	આવશ્યક હોય તો મતદાનની તારીખ	૧૨/૦૬/૨૦૧૬ (રવિવાર)	---	---
૫	મતદાનનો સમય	---	સવારના ૦૮:૦૦ થી સાંજના ૦૫:૦૦ વાગ્યા સુધી	---
૬	મતદાનનું સ્થળ	---	---	જીલ્લા ચૂંટણી અધિકારીઓએ ગ્રામ પંચાયત માટે વોર્ડવાર આખરી કરી જાહેર કરેલ / પ્રસિધ્ધ કરેલ મતદાન મથકો ઉપર
Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

છઠ્ઠો માળ, ગીફ્ટ–૧, રોડ–૫ સી

ઝોન–૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર,

ગુજરાત–૩૮૨ ૩૫૫

તા. ૨૯–૦૩–૨૦૧૬ના ગુજરાત રાજપત્ર (અસાધારણ) અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલ નોટિફીકેશન ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (બહુવર્ષિય પ્રશુલ્ક) વિનિયમો–૨૦૧૬નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

રૂપવંતસિંહ, આઇ.એ.એસ.
સચિવ,
ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ,
ગાંધીનગર.

INDEX

૨૦૧૬ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (બહુવર્ષીય પ્રશુલ્ક) વિનિયમો

		પાના નંબર
પ્રકરણ-૧ : પ્રારંભિક		
૧	સંક્ષિપ્ત શીર્ષક, વ્યાપ, પ્રયોજ્યતા અને પ્રારંભ	૫
૨	વ્યાખ્યાઓ	૫
૩	વિનિયમનું ક્ષેત્ર અને પ્રયોજ્યતાનો વ્યાપ	૫
૪	સંચાલનનાં ધોરણો ટોચ મર્યાદાનાં ધોરણો ગણાશે	૧૧
૫	ધોરણોથી વિચલન	૧૨
૬	સામાન્ય માળખું	૧૩
૭	આયોગની અંતર્ગત સત્તાનો બચાવ	૧૩
૮	પાલન નહીં કરવાની અસર	૧૩
૯	સામાન્ય	૧૩
૧૦	હુકમો અને પ્રેક્ટિસ આદેશો ઈસ્યુ કરવા	૧૩
૧૧	મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા	૧૩
૧૨	છૂટછાટની સત્તા	૧૩
૧૩	અર્થઘટન	૧૩
૧૪	પુનઃપરણ અને તપાસ	૧૪
૧૫	સુધારા કરવાની સત્તા	૧૪
પ્રકરણ-૨ : સામાન્ય સિદ્ધાંતો		**૧૪**
૧૬	બહુવર્ષીય પ્રશુલ્ક માળખું	૧૪
૧૭	હિસાબપત્રક અને બહુવર્ષીય પ્રશુલ્ક અન્વયે ફાઈલીંગ	૧૫
૧૮	પ્રયોજ્યતા / લાગુ પડવું તે	૧૫
૧૯	બહુવર્ષીય પ્રશુલ્ક અરજી	૧૬
૨૦	કેટલીક પરિવર્તી બાબતો માટે ખાસ ગંતવ્ય માર્ગ (trajectory)	૧૬
૨૧	ટ્રુઈંગ-અપ	૧૭
૨૨	નિયંત્રણપાત્ર અને નિયંત્રણપાત્ર ન હોય તેવા પરિબળો	૧૮
૨૩	બિન-નિયંત્રણપાત્ર પરિબળોને કારણે પ્રાપ્તિ અને નુકશાન પસાર થવા માટે તંત્ર-વ્યવસ્થા	૧૮
૨૪	નિયંત્રણપાત્ર પરિબળોને કારણે પ્રાપ્તિ કે નુકશાનની હિસ્સેદારી માટે તંત્ર-વ્યવસ્થા	૧૯
૨૫	પ્રશુલ્કનો નિર્ણય	૧૯
૨૬	વીજઉત્પાદન પ્રશુલ્ક નક્કી કરવું	૧૯
૨૭	પ્રવહન, વિતરણ વાયર ધંધો, છૂટક પુરવઠા ધંધોનું પ્રશુલ્ક અને રાજ્ય વીજભાર રવાનગી કેંદ્રની ફી અને ચાર્જીસ નક્કી કરવા	૨૦
૨૮	ફાઈલિંગ કાર્યપદ્ધતિ	૨૦
૨૯	પ્રશુલ્ક હુકમ	૨૧
૩૦	પ્રશુલ્ક હુકમોને વળગી રહેવું	૨૧
૩૧	પ્રશુલ્કનું વાર્ષિક નિર્ધારણ	૨૧
૩૨	સહાયકી તંત્ર-વ્યવસ્થા	૨૧
પ્રકરણ-૩ : નાણાકીય સિદ્ધાંતો		**૨૨**
૩૩	ડેબ્ટ-ઈક્વિટી ગુણોત્તર	૨૨
૩૪	મૂડી ખર્ચ	૨૨

૩૫ અધિક મૂડીકરણ ૨૩
૩૬ ગ્રાહક ફાળો, અનામત ફાસ અને અનુદાન ૨૫
૩૭ ઇક્વિટી પર રીટર્ન ૨૫
૩૮ વ્યાજ અને નાણા વ્યવસ્થા ખર્ચ ૨૬
૩૯ ઘસારા ખર્ચ ૨૭
૪૦ કાર્યકારી મૂડી પર વ્યાજ ૨૭
૪૧ આવક પર કર ૩૦
૪૨ રિબેટ ૩૦
૪૩ વિલંબિત ચુકવણી સરચાર્જ ૩૧
૪૪ વિદેશી હૂંડિયામણ દરમાં તફાવત ૩૧
૪૫ વિદેશી હૂંડિયામણ દર તફાવતના હેજીંગ ખર્ચની વસૂલાત ૩૧
પ્રકરણ-૪ : ઉત્પાદન ૩૧
૪૬ પ્રયોજ્યતા ૩૧
૪૭ વીજ ઉત્પાદન પ્રશુલ્ક નક્કી કરવા માટે પીટીશન ૩૨
૪૮ પ્રશુલ્કના ઘટકો ૩૩
૪૯ વાર્ષિક નિયત ચાર્જ ૩૩
૫૦ નવીકરણ અને આધુનિકીકરણ ૩૩
૫૧ અસ્થાયી વીજળીનું વેચાણ ૩૪
૫૨ બિન-પ્રશુલ્ક આવક ૩૪
૫૩ થર્મલ વીજઉત્પાદન મથકો માટે સંચાલનના ધોરણો ૩૫
૫૪ થરમલ વીજઉત્પાદન મથક માટે સંચાલન અને નિભાવ ખર્ચ ૪૦
૫૫ નવા વીજ ઉત્પાદન મથકો ૪૦
૫૬ જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે સંચાલનના ધોરણો ૪૧
૫૭ જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે સંચાલન અને નિભાવ ખર્ચ ૪૨
૫૮ થર્મલ વીજઉત્પાદન મથકો માટે વાર્ષિક સ્થાયી ખર્ચ અને વીજળી ખર્ચની ગણતરી અને ચુકવણી ૪૨
૫૯ જળવિદ્યુત વીજઉત્પાદન મથકો માટે ક્ષમતા ખર્ચ અને વીજળી ખર્ચની ગણતરી અને ચુકવણી ૪૫
૬૦ પ્રોત્સાહન ચુકવણી ૪૬
૬૧ જાહેર કરેલી ક્ષમતાનું નિદર્શન ૪૬
૬૨ ખર્ચનાં બિલ બનાવવા અને ચુકવણી ૪૬
૬૩ સીડીએમ લાભોની હિસ્સેદારી ૪૭
પ્રકરણ-૫ : આંતર-રાજ્ય પ્રવહન ૪૭
૬૪ પ્રયોજ્યતા ૪૭
૬૫ પ્રશુલ્કના ઘટકો ૪૭
૬૬ મૂડીરોકાણ યોજના ૪૭
૬૭ સંચાલન માટેનાં ધોરણો ૪૭
૬૮ એકંદર મહેસૂલી જરૂરિયાતની ગણતરી ૪૮
૬૯ બિન-પ્રશુલ્ક આવક ૪૯
૭૦ અન્ય ધંધામાંથી આવક ૫૦

INDEX

૭૧	પ્રવહન ખર્ચ નક્કી કરવું	૫૦
૭૨	આંતર-રાજ્ય પ્રવહન નેટવર્ક માટે ખર્ચમાં હિસ્સેદારી	૫૦
૭૩	પ્રોત્સાહન	૫૧
૭૪	આંતર-રાજ્ય પ્રવહન સિસ્ટમનો ઉપયોગ	૫૧
૭૫	પ્રવહન ઘટ	૫૧
૭૬	ભારત સરકારની કોઈપણ યોજનાની પારિણામિક અસર	૫૨
પ્રકરણ-૬ : રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રની ફી અને ખર્ચ		**૫૨**
૭૭	પ્રયોજ્યતા	૫૨
૭૮	મૂડી રોકાણ યોજના	૫૨
૭૯	વીજ ઉત્પાદન કંપનીઓ, પરવાનેદારી અને મધ્યમ ગાળાના ખુલ્લા પ્રવેશના હિતાધિકારીઓ પાસેથી ખર્ચ, લેવી અને વસુલાત	૫૨
૮૦	બિન-પ્રશુલ્ક આવક	૫૨
૮૧	રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રની ફી અને અરજી નક્કી કરવા	૫૩
૮૨	રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રના ખર્ચનાં બિલો તૈયાર કરવા અને તેની વસુલાત કરવી	૫૩
૮૩	ગ્રિડ જોડાણ માટે અરજી	૫૪
૮૪	રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રનું વિકાસ ફંડ	૫૪
પ્રકરણ-૭ : વિતરણ વાયર ધંધો		**૫૪**
૮૫	પ્રયોજ્યતા	૫૪
૮૬	વિતરણ વાયર ધંધા માટે એકંદર મહેસૂલી જરૂરિયાતના ઘટકો	૫૪
૮૭	કામગીરીની મેટ્રિક્સ	૫૫
૮૮	મૂડી રોકાણ યોજના	૫૬
૮૯	બિન-પ્રશુલ્ક આવક	૫૬
૯૦	અન્ય ધંધામાંથી આવક	૫૬
૯૧	વ્હીલીંગ ચાર્જનો નિર્ણય	૫૭
૯૨	વ્હીલીંગ ઘટ	૫૭
પ્રકરણ-૮ : વીજળીનો છૂટક પુરવઠો		**૫૭**
૯૩	પ્રયોજ્યતા	૫૭
૯૪	પ્રશુલ્કના ઘટકો	૫૭
૯૫	મૂડી રોકાણ યોજના	૫૮
૯૬	વેચાણ આગાહી	૫૮
૯૭	બિન-પ્રશુલ્ક આવક	૫૮
૯૮	અન્ય ધંધામાંથી આવક	૬૦
૯૯	ક્રોસ-સબસીડી સરચાર્જને કારણે આવક	૬૦
૧૦૦	વધારાના સરચાર્જને કારણે આવક	૬૦
૧૦૧	વિતરણ ઘટ	૬૦
૧૦૨	પ્રશુલ્ક નિર્ધારણ	૬૧

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

(બહુવર્ષિય પ્રશુલ્ક) વિનિયમો–૨૦૧૬

૨૦૧૬ ના જાહેરનામા નં.૪

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ (૨૦૦૩નો ૩૬મો) ની કલમ–૩૬, કલમ–૩૯, કલમ–૪૦, કલમ–૪૧, કલમ–૫૧, કલમ–૬૧, કલમ–૬૨, કલમ–૬૩, કલમ–૬૫ અને કલમ–૮૬ ને કલમ–૧૮૧ની પેટા કલમ–(૨)ની સાથે વાંચતા તે અન્વયે આપવામાં આવેલી સત્તાની રૂએ અને તે માટે સક્ષમ બનાવતી અને ૨૦૦૩ના ગુજરાત વીજળી ઉદ્યોગ (પુનર્રચના અને વિનિયમ) અધિનિયમની (૨૦૦૩નો ગુજરાત અધિનિયમ–૨૪) કલમ–૩૨ અન્વયે આપવામાં આવેલી સત્તાની રૂએ અને તે માટે સક્ષમ બનાવતી તમામ સત્તાઓની રૂએ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ અહીં નીચેના વિનિયમો કરે છે, જેમકે:

<u>પ્રકરણ–૧ : પ્રારંભિક</u>

૧. સંક્ષિપ્ત શીર્ષક, વ્યાપ, પ્રયોજ્યતા અને પ્રારંભ

૧.૧ આ વિનિયમો, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (બહુવર્ષીય પ્રશુલ્ક) વિનિયમો–૨૦૧૬ કહેવાશે.

૧.૨ આ વિનિયમો સરકારી ગેઝેટમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૧.૩ આ વિનિયમો સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડશે.

૧.૪ (ક) આ વિનિયમો, ૧લી એપ્રિલ–૨૦૧૬થી અને તે પછી આ વિનિયમો હેઠળ આવરી લીધેલા તમામ કેસોમાં પ્રશુલ્ક નક્કી કરવા લાગુ પડશે.

(ખ) આ વિનિયમો તમામ હાલની અને ભાવિ વીજઉત્પાદન કંપનીઓ, પ્રવહન પરવાનેદારો સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર અને વિતરણ પરવાનેદારો તથા તેમના ઉત્તરાધિકારીઓ, કોઈ હોય તો, તેને લાગુ પડશે.

(ગ) આ વિનિયમો "ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (બહુવર્ષીય પ્રશુલ્ક માળખું) વિનિયમો–૨૦૧૧" ને રદ કરે છે.

(ઘ) આ વિનિયમો "ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (SLDC દ્વારા ફી લાગુ કરવી અને ખર્ચ વસૂલ કરવો) વિનિયમો–૨૦૦૫" ને રદ કરે છે.

૨. <u>વ્યાખ્યાઓ</u>

(૧) **"હિસાબ પત્રક"** એટલે દરેક વર્ષ માટે નીચેનાં પત્રકો જેમકે;

(૧) ૧૯૫૬ના વખતોવખત સુધાર્યા મુજબના કંપની અધિનિયમની અનુસૂચિ–VI ના ભાગ I માં સમાવિષ્ટ ફોર્મ અનુસાર તૈયાર કરેલ સરવૈયું;

(૨) ૧૯૫૬ના કંપની અધિનિયમની અનુસૂચિ VI ના ભાગ– II માં સમાવિષ્ટ જરૂરિયાતો અનુસાર સંકલન કરેલ નફા–ખાધના હિસાબ;

(૩) ભારતીય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઇન્સ્ટિટ્યૂટના કેશ ફ્લો પત્રક અંગેના હિસાબ ધોરણ અનુસાર તૈયાર કરેલ કેશ ફ્લો પત્રક;

(૪) વૈધાનિક ઓડિટરોનો અહેવાલ;

(૫) ૧૯૫૬ના કંપની અધિનિયમની કલમ–૨૦૯(૧)(ડી) અંવયે કેન્દ્ર સરકારે ઠરાવેલ ખર્ચનો રેકર્ડ ખર્ચ ઓડિટ રીપોર્ટ સાથે;

તેની સાથેની નોંધો અને આવાં બીજા સમર્થક પત્રકો અને આયોગ વખતોવખત ફરમાવે તેવી માહિતી ભેગી કરીને:

પરંતુ, ૨૦૧૩ના કંપની અધિનિયમ હેઠળ નિયત કર્યા પ્રમાણે સુધારેલ અનુસૂચિઓ અને ફોર્મ જેમાં દર્શાવેલ તારીખથી લાગુ પડશે:

પરંતુ, વીજળી વિતરણના ધંધામાં રોકાયેલ કોઈ સ્થાનિક તંત્રના કેસના હિસાબી પત્રક એટલે જે પ્રસ્તુત અધિનિયમો કે કાનૂનો અનુસાર આવા સ્થાનિક તંત્રને લાગુ પડે તે મુજબ તૈયાર કરેલ અને જાળવેલ ઉપર દર્શાવેલી બાબતો:

પરંતુ, એકવાર આયોગ નિયંત્રક હિસાબો રજૂ કરવાના વિનિયમો જાહેર કરે, એટલે પ્રશુલ્ક નક્કી કરવા અને તેને ખરા કરવા અંગેની અરજીઓ નિયંત્રક હિસાબો પર આધારિત રહેશે.

(૨) **"અધિનિયમ"** એટલે વખતોવખત સુધાર્યા મુજબ ૨૦૦૩નો વીજળી અધિનિયમ (૨૦૦૩નો ૩૬)

INDEX

(૩) **"એકંદર મહેસૂલ જરૂરિયાત"** એટલે આ વિનિયમો અનુસાર પ્રશુલ્ક મારફત વસૂલાત માટે વીજઉત્પાદન કંપની, અથવા પ્રવહન પરવાનેદાર અથવા વિતરણ પરવાનેદાર અથવા રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રને લગતી મૂડી પર છૂટપાત્ર ખર્ચ અને મૂડી પરના રિટર્નનો સમાવેશ કરતી વાર્ષિક મહેસૂલી જરૂરિયાત

(૪) **"ફાળવણી પત્રક"** એટલે વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદારના દરેક અલગ ધંધા બાબતમાં દરેક નાણાંકીય વર્ષ માટેનું પત્રક જેમાં કોઈપણ મહેસૂલ, ખર્ચ, અસ્કયામત, જવાબદારી, અનામત કે જોગવાઈની રકમો દર્શાવેલી હોય કે જે ક્યાં તો :

(૧) તે પૂર્ણના આધારના વર્ણનની સાથે આવા બીજા દરેક ધંધામાંથી અથવા તે ખાતે ચાર્જ કરેલ હોય; અથવા

(૨) વિભાજન કે ફાળવણીના આધાર વર્ણનની સાથોસાથ પરવાનો ધરાવતા ધંધાઓ સહિત પરવાનેદારના જુદા જુદા ધંધાઓ વચ્ચે વિભાજન કે ફાળવણી દ્વારા નક્કી કરાયેલ હોય :

પરંતુ આ વિનિયમના હેતુસર, પુરવઠા વિસ્તાર માટે વિતરણ પરવાનેદારના પરવાનાવાળા ધંધાને વિતરણ વાયર અને છૂટક પુરવઠા ધંધા તરીકે અલગ કરવામાં આવશે.

પરંતુ વધુમાં વિતરણ પરવાનેદારની માલિકીના અને/અથવા તેના દ્વારા જાળવણી કરાતા અને અથવા સંચાલિત વીજઉત્પાદન મથકો બાબતમાં આવું ફાળવણી પત્રક એવી રીતે જાળવવું કે જેથી તબક્કાવાર, યુનિટવાર અને/અથવા સમગ્ર વીજઉત્પાદન મથક માટે પ્રશુલ્ક નક્કી કરી શકાય.

(૫) **"ફાળવેલ પ્રવહન ક્ષમતા"** એટલે સામાન્ય સંજોગો હેઠળ આંતર-રાજ્ય પ્રવહન સિસ્ટમ પર લાંબા ગાળાના ગ્રાહક અને મધ્યમ-ગાળાના ગ્રાહકને દાખલ બિંદુ(ઓ) અને ઉપાડ બિંદુ(ઓ) વચ્ચે મે.વો.માં વીજળીની તબદીલી અને "પ્રવહન ફાળવણી ક્ષમતા" શબ્દપ્રયોગનો અર્થ તે પ્રમાણે કરવો.

પરંતુ લાંબા ગાળાના પ્રવહન ગ્રાહક કે મધ્યમ ગાળાના પ્રવહન ગ્રાહકને ફાળવેલ પ્રવહન ક્ષમતા, વીજળી ઉત્પાદન મથકો કરારિત ખાતેથી લાંબાગાળાના પ્રવહન ગ્રાહક કે મધ્યમગાળાના પ્રવહન ગ્રાહક ફાળવવામાં આવેલ વિજઉત્પાદન ક્ષમતા અને કરારિત વીજળી જો કોઈ હોય તો, તેને સરવાળો રહેશે.

(૬) **"અરજદાર"** એટલે વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર કે વિતરણ પરવાનેદાર, જેને અધિનિયમ અને આ વિનિયમો અનુસાર એકંદર મહેસૂલી જરૂરિયાત અને પ્રશુલ્ક નક્કી કરવા અરજી કરી છે અને તેમાં વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે S L D C કે વિતરણ પરવાનેદારનો સમાવેશ કર્યો છે, જેમનું પ્રશુલ્ક, આયોગ દ્વારા સ્પર્ધાના ધોરણે કે મંજૂર કરવાના આયોજનના ભાગ તરીકે સમીક્ષાને આધીન છે.

(૭) **"પુરવઠાનો વિસ્તાર"** એટલે એવો વિસ્તાર જેની અંદર વિતરણ પરવાનેદારને વીજળી પૂરી પાડવા તેના લાઈસન્સ દ્વારા અધિકાર મળે છે.

(૮) **"તંત્ર"** એટલે અધિનિયમની કલમ-૭૦માં ઉલ્લેખ કરેલ કેન્દ્રિય વીજળી તંત્ર

(૯) **"ગૌણ ઊર્જા વપરાશ"** વીજ ઉત્પાદન મથકના કેસમાં મુદતના સંબંધમાં ગૌણ ઊર્જા વપરાશ એટલે કે વીજળી ઉત્પાદન મથકની ગૌણ સાધન-સામગ્રી, જેમકે, વીજળી ઉત્પાદન મથકના સ્વિચયાર્ડ સહિત સંચાલન પ્લાન્ટ અને યંત્ર સામગ્રીના હેતુ માટે વપરાતી સાધન-સામગ્રી દ્વારા વપરાતી વીજળીનું પ્રમાણ તથા વીજ ઉત્પાદન મથકની અંદર ટ્રાન્સફોર્મરની ઘટ અને તેનો વીજઉત્પાદન મથકના બધા યુનિટોના જનરેટર ટર્મિનલ ખાતે ઉત્પાદિત એકંદર ઉર્જાના સરવાળાની ટકાવારી તરીકે ઉલ્લેખ કરાશે.

પરંતુ ગૌણ ઊર્જા વપરાશમાં વિજઉત્પાદન મથક ખાતેની આવાસ કોલોની અને બીજી સુવિધાઓ માટે વપરાતો વીજ પુરવઠો અને બાંધકામ હેતુ માટે પૂરી પાડવામાં આવતી વીજળીનો સમાવેશ થશે નહીં.

(૧૦) **(ક) કોઈપણ મુદત માટે થર્મલ વીજઉત્પાદન મથકના સંબંધમાં "પ્રાપ્યતા"** એટલે વીજઉત્પાદન મથકની સ્થાપિત ક્ષમતા ઓછા આ વિનિયમોમાં નિર્દિષ્ટ કર્યા મુજબ સાધારણ ગૌણ વપરાશની ટકાવારી તરીકે જે મુદતનો ઉલ્લેખ કરાયો હોય તે દરમ્યાન તમામ દિવસો માટે ગુજરાત રાજ્ય વિજભાર રવાનગી કેન્દ્ર (S L D C) દ્વારા પ્રમાણિત કર્યા મુજબ જાહેર કરેલ દૈનિક સરેરાશ ક્ષમતાની સરેરાશ અને તેની ગણતરી નીચેની ફોર્મ્યુલા પ્રમાણે કરાશે:

$$\text{પ્રાપ્યતા} = 10000 \times \sum_{i=1}^{N} DC_i \;/\; \{ N \times IC \times (100 - AUX_n) \} \%$$

જ્યાં

N = નિશ્ચિત મુદતમાં દિવસોની સંખ્યા

DC_i = આવી મુદતમાં જે તે દિવસે સરેરાશ જાહેર કરેલ ક્ષમતા MW માં

IC = વીજ ઉત્પાદન મથકની સ્થાપિત ક્ષમતા MW માં

A U X = નિર્દિષ્ટ સહાયક વપરાશ, કુલ ઉત્પાદનની ટકાવારી તરીકે વ્યક્ત કરાય છે.

(ખ) **નિશ્ચિત મુદત માટે પ્રવહન સિસ્ટમના સંબંધમાં "પ્રાપ્યતા"** એટલે તે મુદત દરમિયાન કલાકોના સમયમાં પ્રવહન સિસ્ટમ, નિશ્ચિત મુદતમાં કુલ કલાકોની ટકાવારીમાં દર્શાવેલ તેના નિર્ધારિત દરના વોલ્ટેજે વીજળીનું પ્રવહન કરવા સક્ષમ છે અને તેની ગણતરી આ વિનિયમોના જોડાણ–૨ માં જોગવાઈ કર્યા પ્રમાણે કરાશે.

(૧૧) **"બેંક દર"** એટલે ભારતીય રીઝર્વ બેંક વખતોવખત જાહેર કરેલ બેંક દર;

(૧૨) **"હિતાધિકારી"** વીજઉત્પાદન મથકના સંબંધમાં હિતાધિકારી એટલે જેનું પ્રશુલ્ક આ વિનિયમો હેઠળ નક્કી કરાય છે તે વીજ ઉત્પાદન મથક ખાતે ઉત્પાદિત વીજળીની ખરીદી કરનાર વ્યક્તિ;

(૧૩) **"બ્લોક"** થર્મલ વીજઉત્પાદન મથકની સંયુક્ત સાઈકલના સંદર્ભમાં બ્લોકમાં કમબશ્ચન ટર્બાઈન–જનરેટર, સંલગ્ન નકામી ઉષ્મા પુનઃપ્રાપ્તિ બોઈલર, જોડાયેલ બાષ્પ ટર્બાઈન જનરેટરો અને ગૌણ સામગ્રીનો સમાવેશ થાય છે.

(૧૪) **"જથ્થાબંધ વીજળી પ્રવહન સમજૂતિ"** એટલે કરેલી એવી સમજૂતિ જેમાં શરતોનો સમાવેશ થાય છે, જે અન્વયે પ્રવહન સિસ્ટમ વપરાશકર્તા, પ્રવહન પરવાનેદારની સિસ્ટમમાં પ્રવેશ કરવાનો અધિકાર મેળવે છે.

(૧૫) **"કાયદામાં ફેરફાર"** એટલે નીચેની કોઈપણ ઘટના બનવી :

(૧) કોઈપણ નવો ભારતીય કાયદો ઘડાવો, અમલમાં આવવો કે તેની જાહેરાત થવી; અથવા

(૨) કોઈપણ ચાલુ ભારતીય કાયદાને અપનાવવો, તેમાં સુધારણા, ફેરફાર રદ કરવો કે તે ફરીથી ઘડાવો; અથવા

(૩) સક્ષમ કોર્ટ, ટ્રિબ્યુનલ, ભારતીય સરકારી દસ્તાવેજીકરણ તંત્ર કે જે આવા અર્થઘટન કે વિનિયોગ માટે આખરી અધિકૃતિ ધરાવે છે તેના દ્વારા કોઈપણ ભારતીય કાયદાના અર્થઘટનમાં કે તેને લાગુ પાડવામાં આવતા ફેરફાર કરશે; અથવા

(૪) પરિયોજના માટે મેળવેલ કોઈપણ સંમતિ કે માન્યતા કે મંજૂરી અથવા ઉપલબ્ધ લાઈસન્સની કોઈપણ શરતો કે કરારમાં કોઈપણ સક્ષમ વૈધાનિક તંત્ર દ્વારા ફેરફાર; અથવા

(૫) આ વિનિયમો હેઠળ વિનિયમીતતા વીજઉત્પાદન મથક કે પ્રવહન સિસ્ટમને અસર થતી હોય તેવી ભારત સરકાર અને અન્ય કોઈ સાર્વભૌમ સરકાર વચ્ચે કોઈ દ્વિપક્ષીય કે બહુપક્ષીય સમજૂતિ/સંધિ અમલમાં આવવી કે ફેરફાર થવો,

(૧૬) **"આયોગ"** એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ;

(૧૭) **"નિયંત્રણ મુદત"** એટલે આ વિનિયમોના પ્રકરણ–૨ અનુસાર વર્તારો રજૂ કરવા માટે ૧લી એપ્રિલ, ૨૦૧૬થી ૩૧ માર્ચ, ૨૦૨૧ સુધીના પાંચ વર્ષની મુદત;

(૧૮) **"કટ ઓફ ડેટ"** એટલે પરિયોજનાના વાણિજ્યિક સંચાલનના વર્ષના બે વર્ષ પછી પૂરા થતાં વર્ષની ૩૧મી માર્ચ અને પરિયોજનાની વાણિજ્યિક સંચાલનની જાહેરાત વર્ષના છેલ્લા ત્રિમાસમાં કરાય તો વાણિજ્યિક સંચાલનના વર્ષના ત્રણ વર્ષ પછી પૂરા થતાં વર્ષની ૩૧મી માર્ચ કટ ઓફ ડેટ ગણાશે.

પરંતુ પરિયોજનાનું વિકાસકારના નિયંત્રણ બહારના કારણોસર કટ ઓફ ડેટની મુદતમાં મૂડીકરણ કરી શકાયું ન હોવાનું દસ્તાવેજી પુરાવાને આધારે સાબિત થાય તો આયોગ કટ ઓફ ડેટ લંબાવી શકશે.

(૧૯) **"દિવસ"** એટલે ૦૦.૦૦ કલાકથી શરૂ થતી ૨૪ કલાકની મુદત;

(૨૦) **"વાણિજ્યિક સંચાલનની તારીખ"** એટલે :

(ક) થર્મલ વીજ ઉત્પાદન મથકના વીજઉત્પાદન એકમ કે બ્લોકના કેસમાં, હિતાધિકારીઓને કોઈ નોટિસ આપી હોય તો તે પછી સફળ અજમાયશી રન મારફત અધિકતમ સતત રેટીંગ કે સ્થાપિત શક્તિ પ્રદર્શિત કર્યા પછી વીજઉત્પાદન કંપની દ્વારા જાહેર કરાયેલી તારીખ અથવા વીજઉત્પાદન મથકના કેસમાં સમગ્રતયા, વીજઉત્પાદન મથકના છેલ્લા વીજઉત્પાદન એકમ કે બ્લોકના વાણિજ્યિક સંચાલનની તારીખ;

પરંતુ જ્યાં હિતાધિકારીઓ વીજઉત્પાદન મથકોમાંની વીજળી ખરીદવા બંધાયેલ હોય ત્યાં, અજમાયશી રન, વીજઉત્પાદન કંપની હિતાધિકારીઓને સાત દિવસની નોટિસ આપ્યા પછી શરૂ થશે અને શેડ્યુલિંગ અજમાયશી રન પૂરું થયા પછી ૦૦.૦૦ કલાકથી શરૂ થશે.

પરંતુ વીજઉત્પાદન કંપનીએ પ્રમાણિત કરવું જોઈશે કે, વીજઉત્પાદન મથક, ૨૦૧૦ના કેન્દ્રિય વીજળી તંત્ર (વીજળી પ્લાન્ટ અને વીજળી લાઇનોના બાંધકામ માટેના ટેકનિકલ ધોરણો) વિનિયમ અને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગુજરાત વીજળી ગ્રિડ સંહિતા) વિનિયમ, ૨૦૧૩ના ટેકનિકલ ધોરણોની મહત્વની જોગવાઈઓ પરીપૂર્ણ કરે છે.

(ખ) જળવિદ્યુત મથકના-પમ્પિંગ સંગ્રહ જળ વિદ્યુત મથક સહિતના વીજઉત્પાદન એકમના કેસમાં આનો અર્થ એ થશે કે આયોગના આદેશ અનુસાર પ્રક્રિયા સમયબદ્ધ કર્યા પછી ૦૦.૦૦ કલાકથી વીજઉત્પાદનની કંપનીએ જાહેર કરેલી તારીખનો પૂરેપૂરો અમલ કરાયેલ છે અને સમગ્રપણે વીજઉત્પાદન મથકના સંબંધમાં, સફળ અજમાયશી સંચાલન મારફત વીજઉત્પાદન મથકની સ્થાપિત શક્તિને આનુષંગિક ટોચની ક્ષમતા દર્શાવ્યા બાદ વીજઉત્પાદન કંપનીએ જાહેર કરેલી તારીખ:

પરંતુ જ્યાં વીજઉત્પાદન મથકમાંથી વીજળી ખરીદવા હિતાધિકારીઓ બંધાયેલા હોય ત્યાં, વીજઉત્પાદન મથકના વીજઉત્પાદન એકમની શેડ્યુલીંગની પ્રક્રિયા અથવા સફળ અજમાયશી સંચાલન મારફત વીજઉત્પાદન મથકની સ્થાપિત શક્તિને આનુષંગિક ટોચની ક્ષમતાનું નિદર્શન, વીજઉત્પાદન કંપની હિતાધિકારીને ૭ દિવસની નોટિસ આપ્યા પછી શરૂ થશે અને શેડ્યુલીંગ અજમાયશી સંચાલન પૂરું થયા પછી ૦૦.૦૦ કલાકથી શરૂ થશે.

પરંતુ વધુમાં વીજઉત્પાદન કંપની, વીજઉત્પાદન મથક અંગે એવું પ્રમાણિત કરશે કે તે કેન્દ્રિય વીજળી તંત્ર (વીજળી પ્લાન્ટ અને વીજ-લાઇનના બાંધકામ માટેના ટેકનિકલ ધોરણો) વિનિયમો, ૨૦૧૦ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગુજરાત વીજળી ગ્રિડ સંહિતા) વિનિયમો, ૨૦૧૩ના ટેકનિકલ ધોરણોની મહત્વની જોગવાઈઓ પરિપૂર્ણ કરે છે.

પરંતુ તળાવ કે સંગ્રહ સાથેના જળવિદ્યુત મથક જળાશય કે તળાવની સપાટી અપૂરતી હોવાને કારણે સ્થાપિત શક્તિ સાથે આનુષંગિક ટોચની ક્ષમતા દર્શાવવા સક્ષમ ન હોય તેવા કેસમાં, વીજઉત્પાદન મથકના છેલ્લા એકમના વાણિજ્યિક સંચાલનની તારીખને, સંપૂર્ણ વિજઉત્પાદન મથકના વાણિજ્યિક સંચાલનની તારીખ તરીકે ગણાશે અને આવા જળવિદ્યુત મથક માટે, આવું જળાશય/તળાવ સપાટી હાંસલ કરે તેમ અને ત્યારે વીજઉત્પાદન એકમ કે વીજઉત્પાદન મથકની સ્થાપિત શક્તિને સમતુલ્ય ટોચની ક્ષમતાનું નિદર્શન કરવું આદેશાત્મક રહેશે.

પરંતુ આવી ટોચની ક્ષમતાનું નિદર્શન કરવા પાણીનો પ્રવાહ અપૂરતો હોય અને આવા મંદ પ્રવાહના સમયગાળા દરમ્યાન વહેતા પાણીની નદીના જળવિદ્યુત મથક કે તેના વિજઉત્પાદન એકમને વાણિજ્યિક સંચાલન હેઠળ જાહેર કરાયેલ હશે તો આવા જળવિદ્યુત મથક કે વીજઉત્પાદન મથક માટે, પૂરતો જળપ્રવાહ ઉપલબ્ધ થાય તેમ અને ત્યારે સ્થાપિત શક્તિને સમતુલ્ય ટોચની ક્ષમતા દર્શાવવું ફરજીયાત બનશે.

(ગ) પ્રવહન સિસ્ટમના કેસમાં પ્રવહન પરવાનેદારે જાહેર કરેલ તારીખ ૦૦.૦૦ કલાકથી રહેશે, જેમાં પ્રવહન સિસ્ટમનું ઘટક-તત્વ, સ્વાનગી-છેડાથી પ્રાપ્તિ છેડા સુધી વીજળી પ્રવાહિત કરવા અને સંદેશા-વ્યવહાર સિગ્નલ માટે સફળ અજમાયશી સંચાલન પછી નિયમિત સર્વિસમાં હોય.

પરંતુ, પ્રવહન લાઇન કે પેટા મથક ચોક્કસ વીજઉત્પાદન મથકથી વીજળી ખેંચવા પ્રતિબદ્ધ હોય ત્યાં, વીજઉત્પાદન કંપની અને પ્રવહન પરવાનેદાર વિજઉત્પાદન મથક અને પ્રવહન સિસ્ટમને એક સાથે ચાલુ કરવા મહત્તમ પ્રયત્ન કરશે અને યોગ્ય અમલીકરણ સમજૂતિ મારફત તે સુનિશ્ચિત કરશે :

પરંતુ વધુમાં પ્રવહન સિસ્ટમ કે તેના ઘટક તત્વને પ્રવહન પરવાનેદાર કે તેના પુરવઠાકાર કે તેના કન્ટ્રાક્ટરોને કારણે નહીં પરંતુ સંબંધિત વીજઉત્પાદન મથક શરૂ કરવામાં કે ઉપલી કે નીચલી પ્રવહન સિસ્ટમ શરૂ કરવામાં વિલંબને કારણે નિયમિત સર્વિસથી પ્રતિબંધિત કરાય તો, પ્રવહન પરવાનેદાર, આવી પ્રવહન સિસ્ટમ અથવા તેના ઘટક તત્વના વાણિજ્યિક સંચાલનની તારીખ મંજૂર કરવા યોગ્ય અરજી મારફત આયોગનો સંપર્ક કરશે.

(૨૧) "ડિ-કેપિટાલાઇઝેશન" એટલે આયોગે સ્વીકાર્યા મુજબ અસ્ક્યામતો દૂર કરવાને આનુષંગિક પરિયોજનાની એકંદર સ્થાયી અસ્ક્યામતોમાં ઘટાડો;

(૨૨) "જાહેર કરેલી ક્ષમતા" એટલે વીજઉત્પાદન મથકના સંબંધમાં, બળતણ કે પાણીની પ્રાપ્યતા યોગ્ય રીતે ધ્યાનમાં લઈને અને પ્રસ્તુત વિનિયમમાં વધુ લાયકાતને આધીન રહીને ૨૦૧૩ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગુજરાત વીજળી ગ્રિડ સંહિતા) વિનિયમોમાં નક્કી કર્યા મુજબ દિવસના કોઈપણ સમય-ઘટક કે આખા દિવસના સંબંધમાં આવા વીજઉત્પાદન મથકે જાહેર કરેલ એક્સ-બસ વીજળી – મે.વો.માં આપવાની ક્ષમતા

(૨૩) "ડિઝાઇન ઊર્જા" જળવિદ્યુત ઉત્પાદન મથકના સંદર્ભમાં ડિઝાઇન ઊર્જા એટલે ઊર્જાનો જથ્થો જે, વીજઉત્પાદન મથકની ૯૫ ટકા સ્થાપિત શક્તિ સાથે આધારપાત્ર વર્ષના ૯૦ ટકામાં ઉત્પાદિત કરી શકાય તેમ હોય;

(૨૪) **"વિતરણ ધંધો"** એટલે વિતરણ પરવાનેદારના પુરવઠા વિસ્તારમાં વીજળી પૂરી પાડવા વિતરણ સિસ્ટમનું સંચાલન અને જાળવણીનો ધંધો;

(૨૫) **"વિતરણ વાયરનો ધંધો"** એટલે વિતરણ પરવાનેદારના વિસ્તારમાં વીજળીના વ્હીલીંગ માટે વિતરણ સિસ્ટમનું સંચાલન અને જાળવણીનો ધંધો.

(૨૬) **" પ્રશુલ્ક અને ચાર્જમાંથી અપેક્ષિત આવક"** એટલે વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારને, પ્રવર્તમાન પ્રશુલ્કે વિનિયમીત ધંધામાંથી મળનાર અંદાજીત આવક;

(૨૭) **"હાલનું વીજઉત્પાદન એકમ/મથક"** એટલે આ વિનિયમો અમલી બન્યાની તારીખ પહેલાં વાણિજ્યિક સંચાલક હેઠળ જાહેર કરેલ વીજઉત્પાદન એકમ/મથક;

(૨૮) **"હાલનો પ્રોજેક્ટ"** એટલે આ વિનિયમો અમલી બન્યાની તારીખ પહેલાં વાણિજ્યિક સંચાલન હેઠળ જાહેર કરેલ પ્રોજેક્ટ;

(૨૯) **"ઘટના"** એટલે ખામીઓ બનાવો અને ભંગાણ સહિત આંતર-રાજ્ય પ્રવહન સિસ્ટમમાં બિનઅનુસૂચિ કે બિનઆયોજીત ઘટના;

(૩૦) **"ફીઝ"** એટલે રાજ્ય ગ્રિડ સાથે જોડાણ માટે રાજ્ય વિજભાર રવાનગી કેન્દ્રને ભરવાપાત્ર ફીઝ.

(૩૧) **"કુદરતી આપત્તિની ઘટના"** એટલે કોઈપણ પક્ષકાર, કોઈ ઘટના કે સંજોગ અથવા સંયોજીત ઘટનાઓ કે સંજોગો, તેમાં તેમજ નીચે દર્શાવેલ ઘટનાઓ સહિત, જે વાજબી કાબૂમાં ન હોય અને જે તે પક્ષકારની ચૂક કે કરેલ કાર્યને કારણ ન થયેલ હોય તો જે યોગ્ય સંભાળ અને ખંતપૂર્વક પ્રયત્ન કરીને તેને અટકાવી શકાત નહીં અને આગળ જણાવ્યા પ્રમાણે જેની સામાન્યતાને મર્યાદિત કર્યા વિના નીચેની ઘટનાઓને સમાવિષ્ટ કરશે;

(ક) ઇશ્વરનું કૃત્ય તેમાં વીજળી, દુષ્કાળ, આગ અને વિસ્ફોટ, ભૂકંપ, જ્વાળામુખી ફાટવો, જમીન ધસવી, પૂર, વાવાઝોડું, વંટોળ, ચક્રવાત, ભૌગોલિક આશ્ચર્યજનક ઘટનાઓ અથવા અપવાદપણે વિપરિત મોસમી સ્થિતિનો સમાવેશ થાય છે, જે છેલ્લા સો વર્ષના આંકડાકીય માપ કરતાં ખૂબ વધારે હોય; અથવા

(ખ) યુદ્ધ, આક્રમણ, સશસ્ત્ર સંઘર્ષનું કોઈપણ કૃત્ય અથવા વિદેશી દુશ્મનનું કૃત્ય, નાકાબંધી, પ્રતિબંધ, ક્રાંતિ, હુલ્લડ, બળવો, આતંકવાદી કે લશ્કરી કામગીરી; અથવા

(ગ) ઉદ્યોગ વ્યાપી હડતાલો અને મજૂરોની ધમાલ, જેની ભારતમાં રાષ્ટ્રવ્યાપી અસર હોય;

(૩૨) **"વીજઉત્પાદન ધંધો"** એટલે (૧) કોઈપણ જગ્યાને વીજપુરવઠો પૂરો પાડવા અથવા આ રીતે પુરવઠો આપવા સક્ષમ બનાવવા, અથવા (૨) અધિનિયમ અને તે હેઠળ ઘડેલ નિયમો અને વિનિયમો અનુસાર કોઈપણ પરવાનેદારને વીજળી પૂરી પાડવા અથવા (૩) અધિનિયમની કલમ-૪૨ની પેટા-કલમ(૨) અન્વયે કરેલ વિનિયમોને આધીન રહીને કોઈ ગ્રાહકને વીજળી પૂરી પાડવાના હેતુસર વીજઉત્પાદન મથકે વીજળીના ઉત્પાદનનો ધંધો

(૩૩) **"વીજઉત્પાદન મથક"** એટલે વીજળી ઉત્પન્ન કરવા માટેનું કોઈપણ મથક, તેમજ સ્ટેપ-અપ ટ્રાન્સફોર્મર સાથે કોઈપણ મકાનનો પ્લાન્ટ, તે હેતુ માટે વપરાતા હોય તેવા સ્વિચગિયર, સ્વિચયાર્ડ, કેબલ્સ કે અન્ય આનુષંગિક સાધન-સામગ્રી, જો કોઈ હોય તો, અને તે માટેની જગ્યા; જે જગ્યા વીજઉત્પાદન મથક માટે વાપરવાનો ઈરાદો હોય, વીજઉત્પાદન મથકના સંચાલન સ્ટાફને રાખવા માટે વપરાતું કોઈપણ મકાન અને જ્યાં વીજળી જલ-શક્તિથી ઉત્પન્ન કરાય છે જેમાં પેન-સ્ટોક, ઉપરનાં અને છેડાનાં વર્કસ, મુખ્ય અને નિયંત્રક જળાશયો બંધો તથા અન્ય જલીય-વર્કસનો સમાવેશ થાય છે. પરંતુ તેનાં કોઈપણ સંજોગોમાં કોઈ પેટા-મથકનો સમાવેશ થતો નથી.

(૩૪) **"વીજઉત્પાદન એકમ"** થર્મલ વીજઉત્પાદન મથકના સંબંધમાં 'વીજઉત્પાદન એકમ' એટલે (સંયુક્ત સાઇકલ થર્મલ વીજઉત્પાદન મથક સિવાયનો અન્ય) બાષ્પ જનિત્ર, ટર્બાઈન-જનિત્ર અને સહાયક સાધનો, અથવા સંયુક્ત સાઇકલ થર્મલ વીજઉત્પાદન મથક એટલે ટર્બાઈન-જનિત્ર અને સહાયક-સામગ્રી અને જળવિદ્યુત ઉત્પાદન મથકના સંબંધમાં તેનો અર્થ ટર્બાઈન-જનિત્ર અને સહાયક સામગ્રી થાય છે;

(૩૫) **"ગ્રિડ"** એટલે આંતર-સંયોજીત પ્રવહન લાઇનો, પેટા-મથકો અને વીજઉત્પાદન પ્લાન્ટની ઉચ્ચ વોલ્ટેજની આધારરૂપ સિસ્ટમ;

(૩૬) **"એકંદર કેલરિફિક મૂલ્ય"** થર્મલ વીજઉત્પાદન મથકના સંદર્ભમાં તેનો અર્થ થાય છે- એક કિલોગ્રામ ઘન-બળતણ અથવા એક લિટર પ્રવાહી બળતણ અથવા એક સ્ટાન્ડર્ડ ઘનમીટર ગેસનું બળતણ, યથાપ્રસંગ, જે સંપૂર્ણ દહન કરીને કિલો કેલેરીમાં ઉત્પન્ન થતી ઉષ્મા છે;

(૩૭) **"મથકનો એકંદર ઉષ્મા દર"** એટલે જનરેટર ટર્મિનલ ખાતે એક કિલો વોટ કલાકની વીજળી ઉત્પન્ન કરવા જરૂરી ઉષ્મા ઊર્જા નિવેશ કીલો કેલેરી માં ;

(૩૮) **"અસ્થાયી વીજળી"** એટલે વીજઉત્પાદન મથકના એકમ કે બ્લોકના વાણિજ્યિક સંચાલન પૂર્વે ગ્રિડમાં નાખેલ વીજળી;

(૩૯) **"સ્થાપિત શક્તિ"** એટલે આયોગે વખતોવખત મંજૂર કર્યા પ્રમાણે વીજઉત્પાદન મથકોનાં તમામ એકમોની નેમ-પ્લેટ ક્ષમતા અથવા વીજઉત્પાદન મથકની (જનરેટર ટર્મિનલ પર ગણતરી કરેલ) ક્ષમતાનો સરવાળો;

(૪૦) **"અધિકતમ સતત દર નિર્ધારણ"** થર્મલ વીજઉત્પાદન મથકના એકમના સંદર્ભમાં તેનો અર્થ થાય છે – નિર્ધારિત પારમિતિઓ ઉત્પાદકે બાંયધરી આપેલ જનરેટર ટર્મિનલ ખાતે અધિકતમ સતત ઉત્પાદન અને સંયુક્ત સાઇકલ થર્મ વીજઉત્પાદન મથકના બ્લોકના સંદર્ભમાં તેનો અર્થ છે – પાણી અને બાષ્પના ઇન્જેક્શન (લાગુ પડે તો) અને સુધારેલ ૫૦ Hz ગ્રિડ ફ્રિકવન્સી અને નિર્દિષ્ટ સ્થળની સ્થિતિ સાથે ઉત્પાદકે બાંયધરી આપેલ, જનરેટર ટર્મિનલ ખાતે અધિકતમ સતત ઉત્પાદન

(૪૧) **"મધ્ય –સત્રીય સમીક્ષા"** એટલે વિનિયમ ૧૭.૨(i) ના બીજા પરંતુક અનુસાર હાથ ધરવાની સમીક્ષા;

(૪૨) **"નવું વીજઉત્પાદન એકમ/મથક"** એટલે આ વિનિયમો અમલમાં આવ્યા તે તારીખે અથવા તે પછી વાણિજ્યિક સંચાલન હેઠળ જાહેર કરેલ વીજ ઉત્પાદન એકમ/મથક;

(૪૩) **"ધોરણસરનું વાર્ષિક પ્લાન્ટ પ્રાપ્યતા ફેક્ટર" અથવા "NAPAF"** થર્મલ વીજઉત્પાદન મથકના સંદર્ભમાં તેનો અર્થ થાય છે – થર્મલ વીજઉત્પાદન મથકો માટે વિનિયમ ૫૩–૧ માં નિર્દિષ્ટ પ્રાપ્યતા ફેક્ટર અને જળવિદ્યુત ઉત્પાદન મથકના સંબંધમાં તેનો અર્થ – જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે વિનિયમો ૫૬.૧ અને ૫૬.૨ માં નિર્દિષ્ટ પ્રાપ્યતા ફેક્ટર;

(૪૪) **"બિન-પ્રશુલ્ક આવક"** એટલે અન્ય ધંધામાંથી થતી કોઇપણ આવક બાદ કરીને અને વિતરણ પરવાનેદારના છૂટક પુરવઠા ધંધાના કેસમાં પ્રતિ–સહાયકી સરચાર્જ અને વ્હીલીંગના ચાર્જ પર વધારાના સરચાર્જ અને વ્હીલીંગમાંથી પ્રાપ્ત થતી આવક બાદ કરીને પ્રશુલ્કમાંથી હોય તે સિવાયની અન્ય વિનીયમીત ધંધાને લગતી આવક;

(૪૫) **"સંચાલન અને જાળવણી ખર્ચ" અથવા "O & M ખર્ચ"**

(ક) વીજઉત્પાદન કંપનીના સંબંધમાં વીજઉત્પાદન કંપનીના પ્રોજેક્ટ કે તેના ભાગ અંગે સંચાલન અને જાળવણી પર અંગે કરેલું ખર્ચ અને જેમાં માનવશક્તિ, મરામત, છૂટક ભાગો, વપરાતી વસ્તુઓ, વીમો અને સામાન્ય વ્યવસ્થા ખર્ચનો સમાવેશ થાય છે પરંતુ બળતણ ખર્ચ અને પાણીના ખર્ચનો સમાવેશ થતો નથી;

(ખ) પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારના સંબંધમાં, પ્રવહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદારે સિસ્ટમ સંચાલન અને જાળવણી અંગે કરેલું ખર્ચ અને જેમાં માનવ શક્તિ, મરામત, છૂટક ભાગો, વપરાતી વસ્તુઓ, વીમો અને સામાન્ય વ્યવસ્થા ખર્ચનો સમાવેશ થાય છે;

(૪૬) **"મૂળ પ્રોજેક્ટ ખર્ચ"** એટલે વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદારે, યથા પ્રસંગ, આયોગે સ્વીકાર્યા પ્રમાણે પ્રોજેક્ટના મૂળ વ્યાપની અંદર રહીને કટ–ઓફ–ડેટ સુધી કરેલું ખર્ચ;

(૪૭) **"અન્ય ધંધો"** એટલે આયોગ દ્વારા વિનીયમીત ધંધા સિવાયનો અન્ય, વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર (SLDC) કે વિતરણ પરવાનેદારે હાથ ધરેલ કોઇપણ ધંધો;

(૪૮) **"પ્લાન્ટ લોડ ફેક્ટર"** આપેલ નિશ્ચિત મુદત માટે થર્મલ વીજઉત્પાદન મથક કે એકમના સંદર્ભમાં પ્લાન્ટ લોડ ફેક્ટર એટલે તે મુદતની અંદર કે જે અનુસૂચિત વિજઉત્પાદનને આનુષંગિક કુલ બહાર મોકલેલ વીજળી કે જે સ્થાપિત શક્તિને આનુષંગિક બહાર મોકલેલ વીજળીની ટકાવારીમાં દર્શાવવામાં આવે છે અને તેની ગણતરી નીચે મુજબની ફોર્મ્યુલા પ્રમાણે કરાશે :

$$PLF = 10000 \times \sum_{i=1}^{N} SG_i / \{N \times IC \times (100 - AUX_n)\} \%$$

જ્યાં:

IC = વીજઉત્પાદન મથક કે એકમની સ્થાપિત શક્તિ મેગા–વોટમાં

SGi = મુદતના i મા સમય–બ્લોક માટે અનુસૂચિત વીજઉત્પાદન–મેગાવોટમાં

N = મુદત દરમિયાન સમય–બ્લોકની સંખ્યા

AUXn = એકંદર વીજઉત્પાદનની ટકાવારી તરીકે નિર્દિષ્ટ સહાયક વીજ વપરાશ

(૪૯) **"પ્રોજેક્ટ"** એટલે યથાપ્રસંગ, વીજઉત્પાદન મથક કે પ્રવહન સિસ્ટમ અને જળવિદ્યુત ઉત્પાદન મથકના કેસમાં, વીજઉત્પાદન સુવિધાના તમામ ઘટકો, જેવા કે, પેનસ્ટોક, આગળ અને છેડાનાં કામ, મુખ્ય અને નિયંત્રક જળાશયો, બંધો તથા અન્ય જલિય કામો, નિવેશિત જળવાહક સિસ્ટમ, વીજઉત્પાદનમાં વિભાજીત કર્યા પ્રમાણે યોજનાના વીજઉત્પાદન મથક અને વીજઉત્પાદન એકમોનો સમાવેશ થાય છે અને થર્મલ વીજઉત્પાદન મથકના કેસમાં તે pit head પ્રોજેક્ટ હોય અને સાબદ્ધ કોલસાના ખાણકામ માટે સમર્પિત હોય તો ખાણકામનો સમાવેશ થતો નથી.

(૫૦) **"વિચાર-વિવેકપૂર્વકની ચકાસણી"** એટલે આયોગ દ્વારા પ્રશુલ્ક નક્કી કરવા માટે કરેલ ખર્ચ કે સૂચિત ખર્ચ, નાણા વ્યવહારનું આયોજન, કાર્યક્ષમ પ્રૌદ્યોગિક વિજ્ઞાન, સમય અને કિંમતોનું મર્યાદા બહાર જવું કે એવી બીજી બાબતોના વ્યાજબીપણાની ઝીણવટ ભરી તપાસ;

(૫૧) **"પંપ દ્વારા સંગ્રહિત જલ વીજઉત્પાદન મથક"** એટલે જળવિદ્યુત મથક જે નિમ્ન ઉંચાઈ પરના જળાશયમાંથી ઉંચા જળાશયમાં પંપ દ્વારા એકત્રિત જળવિદ્યુતના સ્વરૂપમાં સંગ્રહ કરાયેલ ઊર્જા મારફત વીજળીનું ઉત્પાદન કરે છે;

(૫૨) **"નિર્ધારિત વોલ્ટેજ"** એટલે ઉત્પાદકના ડિઝાઈન વોલ્ટેજ કે જે વોલ્ટેજે ચલાવવા માટે પ્રવહન સિસ્ટમ ડીઝાઈન થયેલ છે, અથવા એવા ઓછા વોલ્ટેજ કે જેનાથી પ્રવહન સિસ્ટમના વપરાશકાર સાથે ચર્ચા વિચારણા બાદ, તત્સમય પૂરતી લાઈન ચાર્જ કરાયેલ હોય;

(૫૩) **"વિનીયમીત ધંધો"** એટલે કોઈપણ વીજળીનો ધંધો જેનું નિયંત્રણ આયોગ દ્વારા થાય છે.

(૫૪) **"છૂટક પૂરવઠા ધંધો"** એટલે લાઈસન્સની શરતો અનુસાર વિતરણ પરવાનેદાર દ્વારા તેના ગ્રાહકોને થતાં વીજળીના વેચાણનો ધંધો;

(૫૫) **"રન-ઓફ-રિવર વીજઉત્પાદન મથક"** એટલે જળવિદ્યુત ઉત્પાદન મથક, જેને ઉપરવાસમાં પોન્ડેજ હોતું નથી;

(૫૬) **"રન-ઓફ-રિવર" વીજઉત્પાદન મથક પોન્ડેજ સાથે:** એટલે જળવિદ્યુત ઉત્પાદન મથક, જે વીજ માંગમાં થતી દૈનિક વધ-ઘટને પહોંચી વળવા પૂરતા પ્રમાણમાં પોન્ડેજ ધરાવતું હોય;

(૫૭) **"રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર (SLDC)"** એટલે વીજળી અધિનિયમ હેઠળ નિર્દિષ્ટ સત્તાનો અમલ કરવા અને કાર્યો બજાવવાના હેતુસર વીજળી અધિનિયમ અન્વયે રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર;

(૫૮) **"નાનુ ગેસ ટર્બાઈન વીજઉત્પાદન મથક"** એટલે તેમાં ખુલ્લા સાઈકલ ગેસ ટર્બાઈનનો સમાવેશ થાય છે અથવા ૫૦ મે.વો. કે તેની ઓછી ક્ષમતાવાળા ગેસ ટર્બાઈન સાથે સંયોજીત સાઈકલ વીજઉત્પાદન મથકનો સમાવેશ થાય છે;

(૫૯) **"અનુસૂચિત વીજઉત્પાદન"** કોઈપણ સમય અથવા કોઈપણ મુદત માટે અથવા સમય બ્લોકમાં અનુસૂચિત વીજઉત્પાદન એટલે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા આપેલ અનુસૂચિત વીજઉત્પાદન એકસ બસ મે.વો. માં;

(૬૦) **"સ્ટોરેજ પ્રકારનું વીજમથક"** એટલે માગ પ્રમાણે વીજળીના ઉત્પાદનમાં ફેરફાર કરી શકાય તે માટે વિશાળ સંગ્રહ-ક્ષમતા સાથે જોડાયેલ જળવિદ્યુત ઉત્પાદન મથક;

(૬૧) **"પ્રવહન સિસ્ટમ વપરાશકર્તા"** એટલે લાગુ પડે તેમ અને વખતોવખત સુધાર્યા મુજબ ૨૦૧૧ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (આંતર રાજ્ય પ્રવહન અને વિતરણમાં ખુલતો પ્રવેશ) વિનિયમોમાં જોગવાઈ કર્યા પ્રમાણે હોય તે સિવાય, જેને જથ્થાબંધ વીજળી પ્રવહન સમજૂતિ અનુસાર આંતર રાજ્ય પ્રવહન સિસ્ટમમાં પ્રવેશ કરવાના પ્રવહન ક્ષમતા હક્કો ફાળવવામાં આવ્યા હોય તેવી વ્યક્તિ;

(૬૨) **"ઉપયોગી આવરદા"** વાણિજ્યિક સંચાલનની તારીખ વીજઉત્પાદન મથક, પ્રવહન સિસ્ટમ અને વિતરણ સિસ્ટમના સંબંધમાં ઉપયોગી આવરદા નીચે મુજબ રહેશે; જેમકે,

(૧) કોલસો/લિગ્નાઈટ આધારિત થર્મલ વીજઉત્પાદન- ૨૫ વર્ષ

(૨) ગેસ/પ્રવાહી બળતણ આધારીત થર્મલ વીજઉત્પાદન મથલ-૨૫ વર્ષ

(૩) પંપ દ્વારા સંગ્રહિત જળવિદ્યુત મથક સહિત જળવિદ્યુત ઉત્પાદન મથક – ૩૫ વર્ષ

(૪) AC અને DC પેટા મથક – ૩૫ વર્ષ

(૫) ગેસ નિસંવાહિત પેટા-મથક (GIS) / સંકર પેટા-મથક – ૩૫ વર્ષ

(૬) પ્રવહન લાઈન (HVAC અને HVDC સહિત) – ૩૫ વર્ષ

(૭) વિતરણ લાઈન – ૩૫ વર્ષ

(૬૩) **"વર્ષ"** એટલે નાણાકીય વર્ષ;

આ વિનિયમોમાં વપરાયેલ અને તેમાં વ્યાખ્યા ન આપેલ, પરંતુ આયોગના કોઈ અન્ય વિનિયમોમાં વ્યાખ્યાયીત કરાયેલ શબ્દો અને શબ્દ પ્રયોગોનો અર્થ અધિનિયમ અન્વયે તેને આપેલ અર્થ રહેશે.

(૩) <u>વિનિયમનું ક્ષેત્ર અને તેની પ્રયોજ્યતાનો વ્યાપ :</u>

૩.૧ નીચેના કેસો સહિત, અધિનિયમ અન્વયે આયોગ જે માટે અધિકારક્ષેત્ર ધરાવતું હોય તે તમામ બાબતો માટે, આયોગ બહુવર્ષીય-પ્રશુલ્ક માળખાની અંદર રહીને પ્રશુલ્ક નક્કી કરશે :

(૧) વીજ ઉત્પાદન કંપની દ્વારા વિતરણ પરવાનેદારને વીજપૂરવઠો :

પરંતુ આયોગ ને જ્યારે એવું લાગે જે વીજળી પુરવઠાની ખેંચ પ્રવર્તે છે ત્યારે વીજળીના વાજબી ભાવ સુનિશ્ચિત કરવા, વધુમાં વધુ એક વર્ષ માટે વીજળીની ખરીદ અને વેચાણના પ્રશુલ્ક પર ન્યૂનતમ અને અધિકતમ ટોચમર્યાદા, વિજઉત્પાદન કંપની અને વિતરણ પરવાનેદાર વચ્ચે થયેલ સમજૂતીના અન્વયે, નક્કી કરી શકે.

(૨) વીજળીનું આંતર–રાજ્ય પ્રવહન

(૩) રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રના ફીઝ અને ચાર્જ,

(૪) વિજળીનું આંતર–રાજ્ય વ્હીલીંગ

(૫) વીજળીનું છૂટક વેચાણ :

પરંતુ, બે કે વધુ પરવાનેદારો સમાન વિસ્તારમાં વીજળીનું વિતરણ કરતા હોય તેવા કિસ્સામાં આયોગ, વિતરણ પરવાનેદારોમાં સ્પર્ધાને પ્રોત્સાહન આપવા, વીજળીના છૂટક વેચાણ માટે માત્ર અધિકતમ ટોચ–મર્યાદા નક્કી કરશે:

વધુમાં આયોગે અધિનિયમની કલમ–૪૨ની પેટા–કલમ(૨) અન્વયે ગ્રાહકોને ખુલ્લા પ્રવેશની છૂટ આપી હોય ત્યાં આવા ગ્રાહકો અધિનિયમની કલમ–૬૨ ની પેટા–કલમ(૧) ના ખંડ(ડી) ની જોગવાઈઓમાં ગમે તે હોય તેમ છતાં તેઓ સમજૂતિ કરે તેવી શરતોએ (પ્રશુલ્ક સહિત) વીજળીના પૂરવઠા કે ખરીદી માટે કોઈપણ વ્યક્તિ સાથે સમજૂતિ કરી શકશે:

વધુમાં આયોગ, આ વિનિયમો અન્વયે તેને કરાયેલી અરજી પર પ્રશુલ્ક નક્કી કરતી વખતે આવી લેવડ–દેવડ કરનાર કોઈપણ પક્ષકારો આવા આયોગ કે કેન્દ્રિય આયોગના અધિકારક્ષેત્ર હેઠળ આવે ત્યાં આવા અન્ય રાજ્યના રાજ્ય આયોગ નિર્દિષ્ટ કરે તે પ્રમાણે પ્રશુલ્કની શરતો અને/અથવા કેન્દ્રિય આયોગ દ્વારા નિર્દિષ્ટ કરાય તે પ્રશુલ્કની શરતો પણ ધ્યાનમાં રાખશે.

૩.૨ આ વિનિયમોમાં ઠરાવેલ સિદ્ધાંતો અનુસાર, આયોગ નીચેના માટે અલગ એકંદર મહેસૂલી જરૂરિયાત નક્કી કરશે.

(ક) વિતરણ વાયર ધંધો અને

(ખ) છૂટક પૂરવઠાનો ધંધો

૩.૩ વિતરણ પરવાનેદાર, આ વિનિયમોમાં નિર્દિષ્ટ ફાળવણી મેટ્રિક્સને આધારે વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા માટે એકંદર મહેસૂલ જરૂરિયાત નક્કી કરવા અલગ વિગતો સમાવિષ્ટ કરતી પીટીશન દાખલ કરશે.

પરંતુ આયોગ એકવાર નિયંત્રક હિસાબો રજૂ કરવા માટેના વિનિયમો જાહેર કરે એટલે વિતરણ વાયર ધંધા અને છુટક પુરવઠા ધંધા માટે એકંદર મહેસૂલી જરૂરિયાત (A.R.R.) નક્કી કરવાની અલગ વિગતો સમાવિષ્ટ કરતી પીટીશન નિયંત્રક હિસાબોને આધારે કરશે.

૩.૪ વિતરણ વાયર ધંધા માટે નક્કી કરેલી એકંદર મહેસૂલી જરૂરિયાતને આધારે વ્હીલીંગ પ્રશુલ્ક/ચાર્જ નક્કી કરાશે.

૩.૫ વિતરણ વાયર ધંધા અને છૂટક પૂરવઠા ધંધા માટે નક્કી કરાયેલ એકંદર મહેસૂલી જરૂરિયાતને આધારે વીજળીના છૂટક વેચાણ માટે છૂટક પૂરવઠા પ્રશુલ્ક નક્કી કરાશે.

૩.૬ આયોગ, ૨૦૧૧ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના (આંતર રાજ્ય ખુલ્લા પ્રવેશની શરતો) વિનિયમો તથા આયોગે વખતોવખત બહાર પાડેલા આદેશો મારફત કરેલ સુધારા અનુસાર, અધિનિયમની કલમ–૪૨ની પેટા–કલમ(૨)ના પ્રથમ પરંતુક અન્વયે વ્હીલીંગ ચાર્જ ઉપરાંત સરચાર્જ પણ નક્કી કરશે.

૩.૭ આયોગ, ૨૦૧૧ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (આંતર રાજ્ય ખુલ્લા પ્રવેશની શરતો) વિનિયમો તથા આયોગે વખતોવખત બહાર પાડેલ આદેશો મારફત કરેલા સુધારા અનુસાર, અધિનિયમની કલમ–૪૨ની પેટા–કલમ–(૪) અન્વયે વ્હીલીંગ માટેના ચાર્જ અંગે વધારાનો સરચાર્જ પણ નક્કી કરશે.

૩.૮ આ વિનિયમોમાં કોઈપણ સમાવિષ્ટ હોય તેમ છતાં આયોગ અધિનિયમની કલમ–૬૩ અનુસાર કેન્દ્ર સરકાર દ્વારા બહાર પડાયેલી માર્ગદર્શક સૂચનાઓ અનુસાર બોલીની પારદર્શક પ્રક્રિયા મારફત આવું પ્રશુલ્ક નક્કી કરવામાં આવ્યું હોય તો, આયોગ, આ પ્રશુલ્ક અપનાવશે.

૪. **સંચાલનનાં ધોરણો ટોચ મર્યાદાનાં ધોરણો બનશે**

શંકા દૂર કરવા એ બાબતનો ખુલાસો કરવામાં કે, આ વિનિયમો અન્વયે નિર્દિષ્ટ સંચાલન ધોરણો ટોચના ધોરણો છે અને યથાપ્રસંગ વીજઉત્પાદન નિર્દિષ્ટ સંચાલન ધોરણો છે અને યથાપ્રસંગ વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર અને હિતાધિકારીઓને, આયોગ નક્કી કર્યા મુજબ સંચાલનના સુધારેલાં ધોરણો સ્વીકરતાં અટકાવશે નહીં અને આવાં સુધારેલા ધોરણો પ્રશુલ્ક નક્કી કરવા માટે લાગુ પડશે.

૫. **ધોરણોથી વિચલન :**

વીજઉત્પાદન કંપની દ્વારા વીજળીના વેચાણ માટેના પ્રશુલ્ક, આ વિનિયમોમાં નિર્દિષ્ટ ધોરણોથી વિચલન કરીને નીચેની શરતોને આધીન રહીને નક્કી કરશે.

INDEX

(૧) ધોરણોમાં વિચલન કરીને તેને આધારે ગણી કાઢેલ અરકચામતની સમગ્ર આપરદા દરમિયાન વીજળીના યુનિટ દીઠ એકંદર પ્રશુલ્ક, આ વિનિયમોમાં નિર્દિષ્ટ ધોરણોને આધારે ગણી કાઢેલ યુનિટ દીઠ પ્રશુલ્કથી વધવું જોઈએ નહીં.

(૨) આવું કોઈપણ વિચલન આયોગે મંજૂર કર્યા પછી જ અમલમાં આવશે.

૬. સામાન્ય માળખું:

આ વિનિયમો સામાન્ય માળખારૂપે હોય છે, જેના આધારે પ્રશુલ્ક નક્કી કરવાની કવાયત કરાશે. આમ છતાં આયોગને હકીકતો અને સંજોગોને કારણે તેમ કરવું જરૂરી લાગે તેમ અને ત્યારે આ વિનિયમોમાં નિર્દિષ્ટ કાર્યપદ્ધતિ પારમિતિઓમાં ફેરફાર કરવાનો અધિકાર અબાધિત રાખે છે.

૭. આયોગની અંતર્ગત સત્તાનો બચાવ :

૭.૧ આ વિનિયમોમાંનું કશું પણ, આયોગને ન્યાયના હેતુ માટે કે આયોગની કાર્યવાહીનો દુરુપયોગ અટકાવવા જરૂરી બને તેવા આદેશો કરવાની તેની અંતર્ગત સત્તાને મર્યાદિત કે અન્યથા અસર કરતી હોવાનું ગણવામાં આવશે નહીં.

૭.૨ આ વિનિયમોનું કશું પણ, આયોગને, બાબત કે બાબતોના વર્ગના ખાસ સંજોગો જોતાં અને લેખિતમાં નોંધેલા કારણોસર આવી બાબત કે બાબતોના વર્ગની કામગીરી હાથ ધરવામાં જરૂરી કે આવશ્યક જણાય, કે જે વિનિયમોની કોઈપણ જોગવાઈઓથી અલગ પડતી હોય તેવી કાર્યપદ્ધતિ અધિનિયમોની જોગવાઈઓ સાથે સુસંગત રહીને અપનાવવા માટે અટકાવશે નહીં.

૭.૩ આ વિનિયમોમાંનું કશું પણ આયોગને સ્પષ્ટ કે ગર્ભિત રીતે જેના માટે કોઈ વિનિયમો ઘડવામાં ન આવ્યા હોય તે અધિનિયમ હેઠળ કોઈ બાબત હાથ ધરવા કે કોઈ સત્તા અમલમાં મૂકવા બાબત અટકાવી શકશે નહીં અને આયોગ તેને યોગ્ય લાગે તે રીતે આવી બાબતો, સત્તા અને કાર્યો હાથ ધરશે.

૮. પાલન નહીં કરવાની અસર :

આ વિનિયમોની કોઈપણ જોગવાઈનું પાલન કરવાની નિષ્ફળતા, આયોગની દ્રષ્ટિએ ન્યાયની વિફળતાનું પરિણામ હોય, તે સિવાય આવી નિષ્ફળતાના કારણ માત્રથી કોઈપણ કાર્યપદ્ધતિને ગેરકાયદેસર બનાવશે નહીં.

૯. સામાન્ય :

આયોગ નીચેની બાબતોમાંથી માર્ગદર્શન મેળવશે.

(૧) વીજઉત્પાદન કંપનીઓ અને પ્રવહન પરવાનેદારોને લાગુ પડતા પ્રશુલ્કના નિર્ણય માટે વખતોવખત અમલમાં આવે તે પ્રમાણે કેન્દ્રીય આયોગ દ્વારા નિર્દિષ્ટ સિદ્ધાંતો અને પદ્ધતિ;

(૨) વખતોવખત અમલમાં હોય તે મુજબ નેશનલ ઈલેક્ટ્રીસીટી પોલિસી અને ટેરીફ પોલીસી, અને

(૩) વીજળી અધિનિયમ, ૨૦૦૩ની કલમ-૬૧માં દર્શાવ્યા મુજબના સિદ્ધાંતો.

૧૦. હુકમો અને પ્રેકટિસ આદેશો ઈશ્યૂ કરવા :

૧૦.૧ અધિનિયમ અને આ નિયમોની જોગવાઈને આધીન રહીને, આયોગને આ વિનિયમો અન્વયે આદેશ આપવાની સત્તા હોય તેવી વિવિધ બાબતો અને તેને સંબંધિત કે આનુષંગિક બાબતો અંગે આ વિનિયમો અનુસરવાના અને વિવિધ બાબતો અંગેની કાર્યપદ્ધતિના અમલીકરણ સંબંધમાં આયોગ વખતોવખત હુકમો અને પ્રેકટિસ આદેશો ઈશ્યૂ કરશે.

૧૦.૨ આ વિનિયમોમાં સમાવિષ્ટ કોઈપણ હોય તેમ છતાં આયોગને કોઈ હિત ધરાવતી અથવા અસર પામેલ પાર્ટીએ દાખલ કરેલ અરજી પર અથવા સ્વયં કોઈપણ અરજદારનું પ્રશુલ્ક નક્કી કરવાની સત્તા રહેશે.

૧૧. મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા:

આ વિનિયમોની કોઈપણ જોગવાઈઓ અમલી બનાવવામાં કોઈ મુશ્કેલી ઉભી થાય તો આયોગ સામાન્ય કે ખાસ હુકમથી આ વિનિયમો કે અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તે રીતે આ મુશ્કેલીઓ દૂર કરવાના હેતુસર જરૂરી કે આવશ્યક જણાય તેવી વસ્તુઓ કરશે કે કરવાની બાંયધરી આપશે અથવા વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે, રાજય વિજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારને આવી વસ્તુઓ કરવા કે તે અંગે બાંયધરી આપવા ફરમાવશે.

૧૨. છૂટછાટની સત્તા:

આયોગ લેખિતમાં નોંધવાનાં કારણોસર તેની પોતાની દરખાસ્તને આધારે કે હિત ધરાવતી વ્યક્તિએ તેની સમક્ષ કરેલી અરજીને આધારે આ વિનિયમોની કોઈપણ જોગવાઈમાં છૂટછાટ મૂકી શકશે.

૧૩. અર્થઘટન :

આ વિનિયમોની કોઈપણ જોગવાઈના અર્થઘટન સંબંધમાં કોઈ પ્રશ્ન ઊભો થાય તો આયોગનો નિર્ણય આખરી બનશે.

INDEX

૧૪. પૂછપરછ અને તપાસ :

આયોગ ૨૦૦૪ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (કારોબાર વિનિયમોનું સંચાલન) વિનિયમોની વખતોવખત સુધાર્યા મુજબની જોગવાઇઓ અનુસાર આયોગ કાર્યવાહી મારફત આ વિનિયમો હેઠળની તમામ પૂછપરછો, તપાસ અને ન્યાય-નિર્ણયો કરશે.

૧૫. સુધારો કરવાની સત્તા:

આયોગ, લેખિતમાં નોંધવાના કારણોસર કોઇપણ સમયે, સુધારા દ્વારા વિનિયમોની કોઇપણ જોગવાઇમાં ફેરફાર, બદલાવ કે સુધારો કરશે.

પ્રકરણ-૨

સામાન્ય સિદ્ધાંતો

૧૬. બહુવર્ષીય પ્રશુલ્ક માળખું :

૧૬.૧ આયોગ ૧લી એપ્રિલ, ૨૦૧૬ થી અસરકારક બહુવર્ષીય પ્રશુલ્ક માળખા હેઠળ વિનિયમ ૩.૧ની કલમ-(૧), (૨), (૩), (૪) અને (૫) હેઠળ આવરી લેવાયેલ બાબતો માટે પ્રશુલ્ક નક્કી કરશે.

પરંતુ આયોગ સ્વયં અથવા અરજદારે તેને કરેલી અરજીના આધારે વીજઉત્પાદન કંપની અથવા પ્રવહન પરવાનેદાર અથવા રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારને બહુવર્ષીય પ્રશુલ્ક માળખા હેઠળ પ્રશુલ્ક નક્કી કરવામાંથી આવી મુક્તિ તે મંજૂર કરતા હુકમમાં સમાવિષ્ટ હોય તે મુજબની મુદત માટે મુક્તિ આપશે.

૧૬.૨ બહુવર્ષીય પ્રશુલ્ક માળખું એકંદર મહેસૂલી જરૂરિયાત અને વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર, વિતરણ વાયર ધંધો તથા છૂટક પુરવઠા ધંધા માટે પ્રશુલ્ક અને ચાર્જમાંથી અપેક્ષિત આવક નક્કી કરવા નીચેના ઘટકો પર આધારિત રહેશે.

(૧) સમગ્ર નિયંત્રણ મુદત માટે એકંદર મહેસૂલી જરૂરિયાતના અને નિયંત્રણ મુદતના પ્રથમ વર્ષ માટે હાલના પ્રશુલ્કમાંથી અપેક્ષિત મહેસૂલનો વર્તારો સમાવિષ્ટ કરતી વિગતવાર બહુવર્ષીય પ્રશુલ્ક અરજી અરજદારે રજૂ કરવાની રહેશે :

પરંતુ કામગીરીના પરિમાણો જેનો ગમન માર્ગ વિનિયમોમાં નિર્દિષ્ટ કરાયો છે, તે સમગ્ર નિયંત્રણ મુદત માટેની એકંદર મહેસૂલી જરૂરિયાતોમાં આ કામગીરી પરિમાણોના અંદાજો માટેનો આધાર બનશે;

પરંતુ વધુમાં નિયંત્રણ મુદતના બીજા વર્ષ માટેના ટ્રુઇંગ-અપ અને ચોથા વર્ષના પ્રશુલ્ક નક્કી કરવા માટેની અરજદારોએ દાખલ કરેલ પીટીશનની સાથે કરવાની અરજી આધારે વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર અને વિતરણ પરવાનેદાર માટે એકંદર મહેસૂલી જરૂરિયાતની મધ્યસત્રિય સમીક્ષા હાથ ધરાશે;

(૨) સમગ્ર નિયંત્રણ મુદત માટે આયોગ દ્વારા એકંદર મહેસૂલી જરૂરિયાત અને વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર, વિતરણ વાયર ધંધો અને છૂટક પુરવઠા ધંધા માટે નિયંત્રણ મુદતના પ્રથમ વર્ષ માટે પ્રશુલ્કનો નિર્ણય;

(૩) અરજદારના કાબૂમાં હોય તેવાં પરિબળોની (નિયંત્રણપાત્ર પરિબળો) અને અરજદારની કાબૂ બહારના પરિબળો (નિયંત્રણપાત્ર ન હોય તેવાં પરિબળો) ને કારણે કામગીરીમાં જે ફેરફારો થયા હોય તેના વર્ગીકરણ અને મંજૂર કરેલ વર્તારાની સામે ઓડિટ કરેલા હિસાબોને આધારે આયોગ દ્વારા આગલા વર્ષ ના ખર્ચ અને આવકનું ટ્રુઇંગ-અપ;

પરંતુ એકવાર આયોગ નિયંત્રક હિસાબોની રજૂઆત માટેના વિનિયમો જાહેર કરે પછી પ્રશુલ્ક નિર્ણય અને ટ્રુઇંગ-અપ કરવાની અરજીઓનો આધાર નિયંત્રક હિસાબો પર રહેશે.

(૪) આ વિનિયમોમાં આયોગ દ્વારા નિર્દિષ્ટ કર્યા પ્રમાણે નિયંત્રણ બહારના પરિબળોને કારણે મંજૂર કરાયેલ પ્રાપ્તિ અને નુકશાનને આપવાની તંત્ર-વ્યવસ્થા;

(૫) આ વિનિયમોમાં આયોગ દ્વારા નિર્દિષ્ટ કર્યા પ્રમાણે નિયંત્રણ હેઠળના પરિબળોને કારણે મંજૂર કરેલ પ્રાપ્તિ અને નુકશાનને વહેંચવાની તંત્ર-વ્યવસ્થા;

(૬) મંજૂર કરેલ વર્તારા અને ટ્રુઇંગ-અપ કરવાની કવાયતના પરિણામને આધારે નિયંત્રણ મુદતની અંદર દરેક નાણાકીય વર્ષ માટે વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર, વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા માટે પ્રશુલ્કનો વાર્ષિક નિર્ણય.

INDEX

૧૭. હિસાબપત્રક અને બહુવર્ષીય પ્રશુલ્ક અન્વયે ફાઈલીંગ :

૧૭.૧ વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર અને વિતરણ પરવાનેદાર બહુવર્ષીય પ્રશુલ્ક હેઠળ ફાઈલિંગ, આ વિનિયમોમાં નિર્દિષ્ટ સમય–રેખા અનુસાર અને આ વિનિયમોમાં નિર્દિષ્ટ એકંદર મહેસૂલી જરૂરિયાતના નિર્ણય માટેના સિદ્ધાંતોનું પાલન કરીને, આયોગ વખતોવખત નક્કી કરે તેવા સ્વરૂપમાં કરશે.

૧૭.૨ આ વિનિયમો અન્વયે નિયંત્રણ મુદત માટે ફાઈલિંગ નીચે મુજબ કરાશે.

(ક) બહુવર્ષીય પ્રશુલ્ક પીટીશનમાં નીચેનાનો સમાવેશ થશે.

(૧) ૨૦૧૬ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(બહુવર્ષીય પ્રશુલ્ક) વિનિયમો અન્વયે હાથ ધરવાની નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ની ટ્રુઇંગ–અપ કામગીરી :

પરંતુ રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર માટે ટ્રુઇંગ–અપ કામગીરી (truing up) ૨૦૦૫ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા ફી અને ચાર્જ નાખવા અને વસુલ કરવા) વિનિયમો હેઠળ હાથ ધરાશે;

(૨) સમગ્ર નિયંત્રણ મુદત માટે વર્ષવાર વિગતો સાથે બહુવર્ષીય એકંદર મહેસૂલી જરૂરિયાત;

(૩) આ વિનિયમો હેઠળ નિયંત્રણ મુદતના બીજા વર્ષ, જેમકે વર્ષ ૨૦૧૭–૧૮ માટે હાલના પ્રશુલ્ક અને ચાર્જ મુજબ વીજળીના વેચાણમાંથી આવક તથા અંદાજેલ મહેસૂલી ઘટ અથવા મહેસૂલી પુરાંત;

(૪) ૨૦૧૬–૧૭ના નાણાકીય વર્ષ માટે આખરી એકંદર મહેસૂલી જરૂરિયાતના નિર્ણય અને ૨૦૧૭–૧૮ના નાણાકીય વર્ષ માટે પ્રશુલ્કના નિર્ણય માટે અરજી.

(ખ) નિયંત્રણ મુદતના બીજા વર્ષથી અને તેથી આગળના વર્ષો માટે પીટીશનમાં નીચેનો સમાવેશ થશે.

(૧) ૨૦૧૬–૧૭ના નાણાકીય વર્ષ અને આગળના વર્ષો માટે ટ્રુઇંગ–અપ કામગીરી ૨૦૧૬ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (બહુવર્ષીય પ્રશુલ્ક) વિનિયમો અન્વયે હાથ ધરાશે.

(૨) આગામી વર્ષ માટે હાલના પ્રશુલ્ક અને ચાર્જના દરે વીજળીના વેચાણમાંથી આવક;

(૩) બહુવર્ષીય પ્રશુલ્ક ઓર્ડરમાં મંજૂર કરાયેલ એકંદર મહેસૂલી જરૂરિયાત અને પાછલા વર્ષના ટ્રુઇંગ–અપના આધારે ગણી કાઢેલ આગામી વર્ષ માટેના મહેસૂલી ઘટ અને મહેસૂલી પુરાંત;

(૪) આગામી વર્ષ માટે પ્રશુલ્ક નક્કી કરવા અરજી

(ગ) વિનિયમ ૧૬.૨(૧) અન્વયે એકંદર મહેસૂલી જરૂરિયાતની મધ્યસત્રીય સમીક્ષાના કેસમાં પીટીશનમાં નીચે મુજબ સમાવેશ થશે.

(૧) આ વિનિયમો અન્વયે આગલા વર્ષ માટે ટ્રુઇંગ–અપ કામગીરી

(૨) નિયંત્રણ મુદતના બાકીના વર્ષો, જો કોઈ હોય તો તે માટે એકંદર મહેસૂલી જરૂરિયાતમાં સુધારણા, તે માટે પૂરતા વાજબી કારણ સાથે;

(૩) આગામી વર્ષ માટે હાલના પ્રશુલ્ક અને ચાર્જના દરે વીજળીના વેચાણમાંથી આવક;

(૪) બહુવર્ષીય પ્રશુલ્ક ઓર્ડરમાં મંજૂર કરેલ અને પાછલા વર્ષ માટે ટ્રુઇંગ–અપ કરાયેલ એકંદર મહેસૂલી જરૂરિયાતને આધારે ગણી કાઢેલ આગામી વર્ષ માટે મહેસૂલી ઘટ અને મહેસૂલી પુરાંત.

૧૭.૩ વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા માટે વિતરણ પરવાનેદારે, વિનિયમ–૨૧ અન્વયે પ્રશુલ્ક નક્કી કરવા અને ટ્રુઇંગ–અપ માટેની અરજીની સાથે અલગ ઓડીટ કરેલ હિસાબી પત્રકો દાખલ કરશે:

પરંતુ વાયરના ધંધા અને પુરવઠા ધંધા વચ્ચે સંપૂર્ણ હિસાબી વિભાજન કરાયું ન હોય તો, વિતરણ પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાતનું વિભાજન, આ વિનિયમોના પ્રકરણ–૭ માં નિર્દિષ્ટ ફાળવણી સિદ્ધાંતો અનુસાર વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા વચ્ચે કરાશે.

૧૮. પ્રયોજ્યતા/ લાગુ પાડવું તે :

વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા માટે વિતરણ પરવાનેદાર માટે કરેલ અરજીઓને બહુવર્ષીય પ્રશુલ્ક માળખું લાગુ પડશે.

૧૯. બહુવર્ષિય પ્રશુલ્ક અરજી

૧૯.૧ અરજદાર સમગ્ર નિયંત્રણ મુદત માટે એકંદર મહેસૂલી જરૂરિયાતની આગાહી અને નિયંત્રણ મુદતના બીજા વર્ષ માટે પ્રશુલ્ક દરખાસ્ત, આ વિનિયમોમાં જોગવાઈ કર્યા મુજબની રીતે, અને તેટલી સમય-મર્યાદામાં રજૂ કરશે અને તેની સાથે વખતોવખત સુધારા મુજબના ૨૦૦૫ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ફી, દંડ અને ખર્ચ) વિનિયમો અન્વયે નિર્દિષ્ટ કર્યા મુજબ ચૂકવવાપાત્ર ફી ભરશે.

૧૯.૨ અરજદાર, આયોગે વખતોવખત ઠરાવ્યા પ્રમાણે માર્ગદર્શક સૂચનાઓ અને ફોર્મેટ અનુસાર, વિગતવાર વર્ષવાર વેચાણ અને માગ અંદાજો, વીજળી પ્રાપ્તિ યોજના, મૂડી રોકાણ યોજના, નાણા-વ્યવસ્થા યોજના અને ભૌતિક લક્ષ્યાંકોની સાથોસાથ નિયંત્રણ મુદત દરમિયાન એકંદર મહેસૂલી જરૂરિયાતનો સમાવેશ કરતા અલગ-અલગ બાબતોની પર્તણૂકના ફેરફારો સંબંધિત ધારણાઓનો ઉપયોગ કરીને એકંદર મહેસૂલી જરૂરિયાતની આગાહી વિકસાવશે.

૧૯.૩ મૂડી રોકાણ યોજના, અલગ રીતે, નિયંત્રણ મુદતમાં ખેંચાયેલ ચાલુ પરિયોજનાઓ અને નિયંત્રણ મુદતમાં શરૂ થનાર પરંતુ નિયંત્રણ મુદતની અંદર કે તેની બહાર પૂરી થનાર નવી પરિયોજનાઓ (વાજબી કારણ સાથે) દર્શાવશે. આયોગ દ્વારા મૂડી રોકાણ યોજનાને ગણતરીમાં લેવા અને મંજૂર કરવા માટે વિજઉત્પાદન કંપની, પ્રવાહન પરવાનેદાર, રાજ્ય વિજભાર રવાનગી કેન્દ્ર, વિતરણ વાયર ધંધો અને પુરવઠા ધંધા ને લાગુ પડતી તાંત્રિક અને વાણિજ્યિક વિગતો રજુ કરવાની જરૂર પડશે.

૧૯.૪ વિતરણ પરવાનેદાર ઊર્જા ખરીદી માટે ધ્યાનમાં લેવાતા બધા વિજઉત્પાદન મથકોના મેરીટ ઓર્ડર ડીસ્પેચ સિદ્ધાંતો, ૨૦૧૪ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (નવીનીકરણપાત્ર સાધનોમાંથી વીજળી પ્રાપ્તિ) (પ્રથમ સુધારો) વિનિયમોના વિનિયમ-૪ મુજબના રીન્યુએબલ પરચેસ ઓબ્લીગેશનના જથ્થા અને વીજળી કાર્યક્ષમતા અને માંગ બાજુના વ્યવસ્થાપનની યોજનાઓ માટે કોઈ લક્ષ્યાંક નક્કી કરેલ હોય તો તે અંગે વિજ ખરીદી જરૂરીયાત અંદાજવી જોઈશે.

૧૯.૫ અરજદાર, નીચેની બાબતોને આધારે પ્રશુલ્ક અને ચાર્જમાંથી મળતી અપેક્ષિત આવકની આગાહી વિકસાવશે.

(ક) વીજઉત્પાદન કંપનીના કેસમાં, નિયંત્રણ મુદતની અંદર આગામી નાણાકીય વર્ષ માટે દરેક એકમ મથક દ્વારા ઉત્પન્ન થનાર વીજળીના જથ્થાનો અંદાજ;

(ખ) પ્રવહન પરવાનેદારના કેસમાં, નિયંત્રણ મુદતની અંદર આગામી નાણાકીય વર્ષ માટે પ્રવહન સિસ્ટમ વપરાશકર્તાને ફાળવેલ પ્રવહન ક્ષમતાના અંદાજો;

(ગ) રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રના કેસમાં, હિતાધિકારીઓ સુધી વિસ્તારવાના સેવાના અંદાજ,

(ઘ) વિતરણ પરવાનેદારના કેસમાં, નિયંત્રણ મુદતની અંદર આગામી નાણાકીય વર્ષ માટે ગ્રાહકોને પૂરી પાડવાની વીજળી અને વિતરણ સિસ્ટમ વપરાશકર્તાઓ વતી વ્હીલ કરવાની વીજળીના જથ્થાના અંદાજ;

(ચ) અરજી કર્યાની તારીખે પ્રવર્તમાન પ્રશુલ્ક,

૧૯.૬ એકંદર મહેસૂલી જરૂરિયાત અને પ્રશુલ્ક તથા ચાર્જમાંથી અપેક્ષિત આવકની આગાહીને આધારે, વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા માટેના વિતરણ પરવાનેદાર પ્રશુલ્કની દરખાસ્ત કરશે, જે એકંદર મહેસૂલી જરૂરિયાતમાં કોઈ ઘટ હોય તો તેને પરિપૂર્ણ કરશે.

૧૯.૭ અરજદાર આગાહીના સમર્થનમાં પૂરેપૂરી વિગતો પૂરી પાડશે, જેમાં ભૂતકાળની કામગીરી, કાર્યક્ષમતા કે ઉત્પાદકતા પ્રાપ્તિ હાંસલ કરવા સૂચિત પહેલ-પગલાં, ટેકનિકલ અભ્યાસ, કરારયુક્ત ગોઠવણો અને/અથવા ગૌણ સંશોધનની વિગતો સમાવિષ્ટ થશે પરંતુ તેટલા પૂરતું મર્યાદિત રહેશે નહીં, જેથી આયોગ આગાહીના વાજબીપણાનું મૂલ્યાંકન કરી શકે.

૧૯.૮ અરજી મળ્યેથી આયોગ, કા તો,

(ક) ઉક્ત આદેશમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના સુધારા અને શરતોને આધીન રહીને, સમગ્ર નિયંત્રણ મુદત માટે એકંદર મહેસૂલી જરૂરિયાત અને નિયંત્રણ મુદતના બીજા વર્ષ માટે પ્રશુલ્ક મંજૂર કરતો આદેશ ઇસ્યૂ કરશે, અથવા

(ખ) આયોગને યોગ્ય લાગે તે પ્રમાણે, લેખિતમાં નોંધેલ કારણોસર અરજી રદ કરશે.

પરંતુ અરજદારની અરજી રદ કરતાં પહેલાં તેને સાંભળવાની પૂરતી વાજબી તક આપવી જોઈશે.

૨૦. કેટલીક પરિવર્તી બાબતો માટે ખાસ ગંતવ્ય-માર્ગ (trajectory) :

બહુવર્ષિય પ્રશુલ્ક પીટીશન મંજૂર કરતા સમયે આયોગ, પરિવર્તી બાબતો માટે એક ગંતવ્ય-માર્ગ નક્કી કરશે, જેમાં ૨૦૧૭-૧૮ના નાણાકીય વર્ષ અને તેથી આગળ માટે સંચાલન અને જાળવણી ખર્ચ, લક્ષ્યાંક પ્લાન્ટ ભાર પરિબળ અને વિતરણ ઘટ સમાવિષ્ટ થશે, પરંતુ તેટલા પૂરતું મર્યાદિત રહેશે નહીં.

પરંતુ યુટિલિટી, ૨૦૧૬-૧૭ના નાણાકીય વર્ષ માટે આ વિનિયમોમાં નિર્દિષ્ટ ધોરણોને વળગી રહેશે.

પરંતુ વધુમાં, વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધાદારીઓ, બાકીની નિયંત્રણ મુદત માટે એકંદર મહેસૂલી જરૂરિયાતની મધ્યસત્રિય સમીક્ષા વખતે ટ્રેજેક્ટરી(ગંતવ્ય માર્ગ)ની સમીક્ષા કરવા માગણી કરી શકે છે.

૨૧. ટ્રુઇંગ-અપ :

૨૧.૧ વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ પરવાનેદાર, આ વિનિયમો અનુસાર, નિયંત્રણ મુદત દરમિયાન આવક અને ખર્ચના ટ્રુ-અપને આધીન રહેશે.

૨૧.૨ વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ પરવાનેદાર, આ વિનિયમોમાં નિર્દિષ્ટ સમય મર્યાદામાં આગલા વર્ષ ના ટ્રુ-અપ અને આગામી વર્ષ માટે પ્રશુલ્ક નિર્ણયની અરજી દાખલ કરશે.

પરંતુ, યથાપ્રસંગ, વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ પરવાનેદાર, આયોગે નક્કી કરેલા ફોર્મમાં આયોગ સમક્ષ માહિતી રજૂ કરશે, જેમાં ઓડિટ કરેલા હિસાબો, હિસાબના ચોપડામાંથી અર્ક અને બીજી વિગતો, તેની આયોગને નાણાકીય કામગીરીમાં, એકંદર મહેસૂલી જરૂરિયાતની મંજૂર કરેલી આગાહી અને પ્રશુલ્ક તથા ચાર્જમાંથી અપેક્ષિત આવક કરતાં કોઈ ફેરફાર તેને તેના પ્રમાણ માટેનાં કારણોનું મૂલ્યાંકન કરવા જરૂરી જણાય તેવી વિગતોનો સમાવેશ થશે.

પરંતુ આયોગ એકવાર નિયંત્રક હિસાબોની રજૂઆત માટે વિનિયમો જાહેર કરે પછી પ્રશુલ્ક નિર્ણય અને ટ્રુઇંગ-અપ માટેની અરજીઓ નિયંત્રક હિસાબો પર આધારિત રહેશે.

૨૧.૩ ટ્રુઇંગ-અપ કરવાનો વ્યાપ, એ એકંદર મહેસૂલી જરૂરિયાતની મંજૂર કરેલી આગાહી અને પ્રશુલ્ક અને ચાર્જમાંથી અપેક્ષિત આવક સાથે વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ પરવાનેદાર સાથેની સરખામણી બની રહેશે અને તેમાં નીચેનાઓ સમાવેશ થશે.

(ક) આગલા નાણાકીય વર્ષ માટે અરજદારની ઓડિટ કામગીરીની, આવા આગલા નાણાકીય વર્ષ માટે મંજૂર કરેલ આગાહી સાથેની સરખામણી, જે વિવેકપૂર્ણની તપાસણીને આધીન રહેશે.

(ખ) આયોગે, વખતોવખત બહાર પાડેલ આદેશોના પાલનની સમીક્ષા:

(ગ) કોઈ અન્ય પ્રસ્તુત વિગતો હોય તો તે.

૨૧.૪ નિયંત્રણપાત્ર અને નિયંત્રણપાત્ર ન હોય તે પારમિતિઓ માટે વર્ષ દરમિયાન વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ પરવાનેદારે કરેલા ખર્ચ બાબતમાં, આયોગ ટ્રુઇંગ-અપ કામગીરીના ભાગરૂપે અરજદારની કામગીરીની સાથોસાથ મંજૂર કરેલ આગાહીની વિગતવાર સમીક્ષા કરશે,

૨૧.૫ ઉપરના વિનિયમ ૨૧.૪ અન્વયે ટ્રુઇંગ-અપ કરવાની કામગીરી પૂરી થતાં આયોગ વિનિયમ-૨૨ હેઠળ નિર્દિષ્ટ પરવર્તનશીલ ઘટકની કામગીરીના કોઈપણ ફેરફારો કે અપેક્ષિત ફેરફારોને અરજદારના કાબૂ હેઠળનાં (નિયંત્રણપાત્ર) ઘટક અથવા અરજદારના કાબૂ બહારના (નિયંત્રણપાત્ર ન હોય) ઘટક તરીકે ગણાવશે.

પરંતુ નીચે વિનિયમ ૨૨.૧ માં નિર્દિષ્ટ હોય તે સિવાયના બીજા ફેરફાર માટે કામગીરીમાં કોઈપણ ફેરફાર કે અપેક્ષિત ફેરફાર સંપૂર્ણપણે નિયંત્રણપાત્ર ઘટકોને કારણે હોવાનું ગણાશે.

૨૧.૬ ઉપર્યુક્ત વિનિયમ ૨૧.૪ અન્વયે ટ્રુઇંગ-અપ કામગીરી પૂરી થતાં, આયોગ નીચેની બાબતોની નોંધ કરી હુકમ પસાર કરશે.

(ક) નિયંત્રણપાત્ર ઘટકને કારણે વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ પરવાનેદારને મંજૂર કરેલ એકંદર પ્રાપ્તિ કે નુકશાન અને આવા પ્રાપ્તિ કે નુકશાનની રકમ, આ વિનિયમના વિનિયમ-૨૪ અનુસાર પહોંચી શકાશે.

(ખ) નિયંત્રણમાં ન હોય તેવા ઘટકોને લગતા જેની આગલા વર્ષો વસૂલાત ન કરાઈ હોય એ મંજૂર કરેલ ખર્ચના ઘટકો આ વિનિયમના વિનિયમ-૨૩ અનુસાર પસાર થશે.

(ગ) મહેસૂલી ઘટ (gap) અથવા મહેસૂલી પુરાંતની રકમ પરના વહન ખર્ચને આવી ઘટ/પુરાંત બાકી નીકળે તે તારીખથી, એટલે કે, ટ્રુઇંગ-અપ કામગીરી જે વર્ષ માટે કરાય તેના અંતથી શરૂ કરીને, તે લાગુ પડાય તે વર્ષના અંત સુધી છૂટ આપવી, તે, જે વર્ષ માટે મહેસૂલી ગાળો અથવા મહેસૂલી પુરાંત નક્કી કરાય તે પ્રસ્તુત વર્ષ માટે વેઈટેડ સરેરાશ સ્ટેટ બેંક બેઝરેટને આધારે સાદા વ્યાજથી ગણી કાઢેલ હોય છે.

પરંતુ જે વર્ષ માટે મહેસૂલી ઘટ પડે તે પૂર્વેના વર્ષોમાં કરેલ વહન ખર્ચ માટે વિવેકપૂર્ણ તપાસ અને દસ્તાવેજી પુરાવાની રજૂઆતને આધીન રહીને મહેસૂલી ગાળાની રકમ પર વહન ખર્ચને ઉપરની મર્યાદામાં છૂટ આપવી.

(ઘ) આગામી વર્ષ માટે નક્કી કરેલ પ્રશુલ્ક

૨૨. નિયંત્રણપાત્ર અને નિયંત્રણપાત્ર ન હોય તેવાં પરિબળો :

૨૨.૧ આ વિનિયમોના હેતુ માટે, "બિન–નિયંત્રણપાત્ર પરિબળો" એ શબ્દમાં નીચેના પરિબળોમાં સમાવેશ થશે, જે અરજદારના નિયંત્રણ બહાર હોય અને અરજદાર દ્વારા તેમાં ઘટાડો ન કરી શકાય.

(ક) કુદરતી આપતીની ઘટનાઓ;

(ખ) કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર કે આયોગના કાયદા, અદાલતી જાહેરાતો અને આદેશોમાં ફેરફાર;

(ગ) આયોગે વખતોવખત મંજૂર કરેલ એફપીપીપીએ ફોર્મ્યુલા અનુસાર બળતણની કિંમત અને/ અથવા વીજળી ખરીદીની કિંમતમાં ફેરફાર

(ઘ) ગ્રાહકોની સંખ્યાનું મિશ્રણ અથવા ગ્રાહકોને મોકલાતી વીજળીના જથ્થામાં ફેરફાર;

પરંતુ અરજદારના પુરવઠા વિસ્તારમાં એક કરતાં વધુ વિતરણ પરવાનેદાર હોય ત્યાં, એક વિતરણ પરવાનેદારથી અન્ય તરફ સ્થળાંતરને કારણે બે કે વધુ આવા વિતરણ પરવાનેદારો સેવા આપતા હોય તે વિસ્તારમાં ગ્રાહકોની સંખ્યાના મિશ્રણમાં અથવા ગ્રાહકોને પૂરી પડાતી વીજળીના જથ્થામાં કોઈ ફેરફાર નિયંત્રણપાત્ર હોવાનું ગણાશે.

(ચ) પ્રવહન ઘટ;

(છ) બજારના વ્યાજના દરમાં ફેરફાર;

(જ) વેરા અને વૈધાનિક કર;

(ઝ) આવકવેરો;

(ટ) માંડવાળ કરેલ ખરાબ દેવામાંથી વસૂલાત

પરંતુ અરજદાર એમ માને કે ઉપર નિર્દિષ્ટ ન કરેલ કોઈ ફેરફારો અંગે બિનનિયંત્રણપાત્ર પરિબળોને કારણે નાણાકીય વર્ષની કામગીરીમાં મહત્વપૂર્ણ ફેરફાર કે અપેક્ષિત ફેરફાર થયેલ છે તો આવા અરજદાર, આયોગને તેમના વિવેકાધિકાર પ્રમાણે, નાણાકીય વર્ષ માટે આ વિનિયમ હેઠળ આવા ફેરફારનો સમાવેશ કરવા અરજી કરશે.

૨૨.૨ અરજદારની કામગીરીમાં કેટલાક દ્રષ્ટાંતરૂપ ફેરફારો કે અપેક્ષિત ફેરફારો આયોગ દ્વારા નિયંત્રણપાત્ર પરિબળોને કારણે થયા હોવાનું ગણાશે, જેમાં નીચેના પરિબળોનો સમાવેશ થાય છે, પરંતુ તેટલા પૂરતા મર્યાદિત નથી.

(ક) આવી પરિયોજનાના ક્ષેત્રમાં મંજૂર કરેલ ફેરફાર, વૈધાનિક વેરામાં ફેરફાર અથવા કુદરતી આપત્તિની ઘટનાને કારણે ન હોય તેની મૂડી ખર્ચ પરિયોજનાના અમલમાં સમય અને/અથવા અતિશય ખર્ચ/કાર્યક્ષમતાને કારણે મૂડીકરણમાં ફેરફાર;

(ખ) ઉપર ખંડ(ક)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, મૂડીકરણમાં ફેરફારને કારણે વ્યાજ અને નાણા ખર્ચ, ઇક્વીટી પર રીટર્ન અને ઘસારા ખર્ચમાં ફેરફાર;

(ગ) વિતરણ પરવાનેદારની ટેકનિકલ અને વાણિજ્યિક ઘટમાં ફેરફાર;

(ઘ) કામગીરી પારમિતિઓમાં ફેરફાર;

(ચ) કાર્યકારી મૂડી પરના વ્યાજમાં ફેરફાર;

(છ) વિનિયમો અનુસાર છૂટછાટ આપી હોય તે સિવાય ૨૦૦૫ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમોમાં નિર્દિષ્ટ ધોરણો પરિપૂર્ણ કરવામાં નિષ્ફળતા;

(જ) શ્રમ ઉત્પાદકતામાં ફેરફાર;

(ઝ) સંચાલન અને જાળવણી ખર્ચમાં ફેરફાર;

(ટ) માંડવાળ કરેલ ખરાબ દેવું;

૨૩ બિન–નિયંત્રણપાત્ર પરિબળોને કારણે પ્રાપ્તિ અને નુકશાન પસાર થવા માટે તંત્ર–વ્યવસ્થા :

૨૩.૧ બિન–નિયંત્રણપાત્ર પરિબળોને કારણે વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વિજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારને મંજૂર થયેલ એકંદર પ્રાપ્તિ કે નુકશાન, આ વિનિયમો અન્વયે આયોગે પસાર કરેલ આદેશમાં નિર્દિષ્ટ કર્યા મુજબની મુદત દરમિયાન વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ પરવાનેદારના પ્રશુલ્કમાં હિસાબમેળ તરીકે પસાર કરાશે.

૨૩.૨ વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ પરવાનેદાર આયોગે ઠરાવેલ નમૂનામાં કરેલ ખર્ચ અને અર્જીત આવક વચ્ચેના ફેરફાર અને આયોગે મંજૂર કરેલા આંકડા અંગેની વિગતો, આયોગ દ્વારા ખરાઈ માટે જરૂરી હોય તે પ્રમાણે વિગતવાર ગણતરી અને સમર્થક દસ્તાવેજોની સાથોસાથ રજૂ કરવી.

૨૩.૩ વિનિયમ-૨૩માં સમાવિષ્ટ કશું પણ, બળતણ અને વીજ ખરીદીના ભાવમાં ફેરફારને કારણે થતી કોઇ પ્રાપ્તિ કે નુકશાન સંબંધમાં લાગુ પડશે નહીં અને આ પ્રાપ્તિ કે નુકશાન અંગે આયોગ દ્વારા સમયાંતરે નિર્દિષ્ટ કર્યા પ્રમાણે કાર્યવાહી કરાશે.

૨૪. નિયંત્રણપાત્ર પરિબળોને કારણે પ્રાપ્તિ કે નુકશાનની હિસ્સેદારી માટે તંત્ર વ્યવસ્થા:

૨૪.૧ વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રને નિયંત્રણપાત્ર પરિબળોને કારણે થયેલ મંજૂર કરાયેલ એકંદર પ્રાપ્તિ બાબતે નીચેની રીતે કામકાજ હાથ ધરાશે :

(૧) આવી પ્રાપ્તિની એક તૃતીયાંશ રકમ, વિનિયમ-૨૧.૬ હેઠળ આયોગના ઓર્ડરમાં નિયત કરેલ મુદત દરમિયાન પ્રશુલ્કમાં વળતર તરીકે પસાર કરાશે.

(૨) બાકીની રકમ જે આવા લાભના બે તૃતીયાંશ હોય, તેનો ઉપયોગ, વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ પરવાનેદારના વિવેકાધિકાર પ્રમાણે કરશે.

૨૪.૨ નિયંત્રણપાત્ર પરિબળોને કારણે વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ પરવાનેદારને મંજૂર કરેલ એકંદર નુકશાન બાબતે નીચેની રીતે કામકાજ હાથ ધરાશે :

(ક) આવા નુકશાનની એક તૃતીયાંશ, રકમ, વિનિયમ ૨૧.૬ અન્વયે આયોગના હુકમમાં નિયત કર્યા પ્રમાણે તેટલી મુદત દરમિયાન પ્રશુલ્કના વધારાના ચાર્જ તરીકે પસાર કરી શકાશે.

(ખ) નુકશાનની બાકીની રકમ જે આવા નુકશાનની બે તૃતીયાંશ થાય છે, તે વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ પરવાનેદાર દ્વારા ચૂકવાશે.

૨૫. પ્રશુલ્કનો નિર્ણય :

૨૫.૧ પ્રશુલ્ક નિર્ણય માટે આયોગ દ્વારા હાથ ધરાનાર કાર્યવાહી, ૨૦૦૪ના વખતોવખત સુધાર્યા મુજબના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (કારોબાર વિનિયમોનું સંચાલન) વિનિયમો અનુસાર હાથ ધરાશે.

૨૫.૨ આ વિનિયમોમાં ગમે તે સમાવિષ્ટ હોય તેમ છતાં આયોગને સ્વયંના ધોરણે કે વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ પરવાનેદારે કરેલી પીટીશનને આધારે, કોઇપણ વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ પરવાનેદારનું પ્રશુલ્ક તેમજ શરતો નક્કી કરવાની સત્તા રહેશે.

પરંતુ આવો પ્રશુલ્કનો નિર્ણય, આયોગે અગાઉ મંજૂર કરેલ હોય કે નહીં અને આ વિનિયમો લાગુ પાડ્યા પહેલાં કે પછી દાખલ કરેલ હોય તેમ છતાં સમજૂતિ કે ગોઠવણ કે અન્યથા હોય તે મુજબ હોઇ શકે.

૨૫.૩ આ વિનિયમોમાં ગમે તે સમાવિષ્ટ હોય તેમ છતાં, આયોગ, કેન્દ્ર સરકારની માર્ગદર્શક સૂચનાઓ અનુસાર પારદર્શક બોલી પ્રક્રિયા મારફત આવું પ્રશુલ્ક નક્કી કરવામાં આવ્યું હોય તો, આયોગ તે પ્રશુલ્ક અપનાવશે.

પરંતુ, કેન્દ્ર સરકારે બહાર પાડેલ માર્ગદર્શક સૂચનાઓ યોગ્ય રીતે અનુસરવામાં આવી હોવાની ખાતરી કરવા આયોગને જરૂરી જણાય તેવી માહિતી અરજદારે પૂરી પાડવી જોઇશે.

૨૬. વીજ ઉત્પાદન પ્રશુલ્ક નક્કી કરવું :

૨૬.૧ હાલનું વીજઉત્પાદન મથક :

૨૬.૧.૧ આયોગે, આ વિનિયમો અમલમાં આવ્યા તે તારીખ પહેલાં કોઇપણ સમયે વીજઉત્પાદન કંપની અને વિતરણ પરવાનેદાર વચ્ચે વીજખરીદી સમજૂતિ કે ગોઠવણ મંજૂર કરેલ હોય, અથવા ચાલુ વીજઉત્પાદન એકમ/મથકેથી વીજળીના પૂરવઠા માટે તેમાં સમાવિષ્ટ પ્રશુલ્ક અપનાવ્યું હોય તો વીજઉત્પાદન કંપની દ્વારા વિતરણ પરવાનેદારને વીજળી પૂરી પાડવા અંગે પ્રશુલ્ક, આયોગે મંજૂર કરેલ કે અપનાવેલ હોય તેટલી મુદત માટે આવો વીજખરીદી સમજૂતિ કે ગોઠવણમાં દર્શાવેલ પ્રશુલ્ક મુજબ રહેશે.

૨૬.૧.૨ આ વિનિયમો અમલમાં આવ્યાની તારીખે, જ્યાં આયોગે, ચાલુ વીજઉત્પાદન મથકેથી વીજળી પુરવઠા માટે વીજઉત્પાદન કંપની અને વિતરણ પરવાનેદાર વચ્ચે વીજખરીદી સમજૂતિ કે ગોઠવણ મંજૂર ન કરી હોય અથવા આયોગે તેમાં સમાવિષ્ટ પ્રશુલ્ક ન અપનાવ્યું હોય અથવા કોઇ વીજખરીદી સમજૂતિ કે ગોઠવણ ન થઇ હોય ત્યાં, આ વિનિયમો અમલમાં આવ્યા તે તારીખ પછી આવી વીજઉત્પાદન કંપની દ્વારા આવા વિતરણ પરવાનેદારને વીજળીનો પુરવઠો, આયોગે મંજૂર કરેલ વીજખરીદી સમજૂતિ અનુસાર પૂરો પડાશે.

પરંતુ, આ વિનિયમોના જાહેરનામાની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર વિતરણ પરવાનેદારે આયોગને આવી વીજખરીદી સમજૂતિ કે ગોઠવણની મંજૂરી માટે અરજી કરવાની રહેશે.

પરંતુ વધુમાં, વીજળીનો આ પુરવઠો, આયોગ આ વીજખરીદી સમજૂતિ મંજૂર કરે ત્યાંસુધી યથાપ્રસંગ હાલની સમજૂતિ કે ગોઠવણ હેઠળ ચાલુ રાખવાની છૂટ આપશે અને આવી વીજખરીદી સમજૂતિ કે ગોઠવણનો લેખિતમાં નોંધેલા કારણોસર આયોગ અસ્વીકાર કરે તો તે તત્કાલ બંધ કરાશે.

૨૬.૨ નવાં વીજઉત્પાદન મથકો :

૨૬.૨.૧ નવા વીજઉત્પાદન એકમ/મથકેથી વીજઉત્પાદન કંપની દ્વારા વિતરણ પરવાનેદારને વીજળી પૂરી પાડવા માટેનું પ્રશુલ્ક આયોગે મંજૂર કરેલ વીજખરીદી સમજૂતિ અનુસારના પ્રશુલ્ક પ્રમાણે રહેશે.

૨૬.૩ પોતાના વિજઉત્પાદન મથકો :

૨૬.૩.૧ જ્યાં વિતરણ પરવાનેદાર વીજળી ઉત્પાદનનો ધંધો પણ કાર્ય કરતો હોય ત્યાં, વિતરણ પરવાનેદારના વીજળી ઉત્પાદન ધંધાથી છૂટક પૂરવઠા ધંધાને વીજળી પૂરી પાડવા માટેનો ભાવ આયોગ દ્વારા નક્કી કરાશે.

૨૬.૩.૨ વિતરણ પરવાનેદાર વીજઉત્પાદન ધંધા માટે અલગ રેકર્ડ જાળવશે અને ફાળવણી પત્રક જાળવશે, જેથી આયોગ, આવા ધંધાને લગતું પ્રત્યક્ષ અને પરોક્ષ ખર્ચ અને આવા ધંધામાંથી મળતી ઇક્વિટી પરનું રીટર્ન સ્પષ્ટપણે મુકરર કરી શકે.

પરંતુ એકવાર આયોગ નિયંત્રક હિસાબો રજૂ કરવા માટે વિનિયમો જાહેર કરે એટલે, પ્રશુલ્ક નિર્ણય અને ટ્રુઇંગ-અપ કામગીરી માટેની અરજીઓ નિયંત્રક હિસાબોને આધારે કરાશે.

૨૬.૪ વિતરણ પરવાનેદાર, વીજળીના છૂટક પુરવઠા માટે પ્રશુલ્ક નક્કી કરવાની અલગ અરજીની સાથે ઉત્પાદન ધંધાને લગતા આ વિનિયમોના પ્રકરણ-૪ અન્વયે જરૂરી માહિતી રજૂ કરશે.

૨૭. પ્રવહન, વિતરણ વાયર ધંધો, છૂટક પુરવઠા ધંધાનું પ્રશુલ્ક અને રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રની ફી અને ચાર્જીસ નક્કી કરવાં.

૨૭.૧ આ વિનિયમોમાં સમાવિષ્ટ કાર્યપદ્ધતિ અનુસાર પરવાનેદારો અને રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા કરાયેલી અરજીને આધારે પ્રવહન ધંધો, વિતરણ વાયર ધંધો, છૂટક પુરવઠા ધંધાનું પ્રશુલ્ક અને રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રની ફી અને ચાર્જ આયોગ નક્કી કરશે.

૨૭.૨ આયોગે નીચેના માટે પ્રશુલ્ક નક્કી કરશે :-

(ક) આ વિનિયમોના પ્રકરણ-૫માં સમાવિષ્ટ શરતો અનુસાર વીજળી પ્રવહન .

(ખ) આ વિનિયમોના પ્રકરણ-૬ માં સમાવિષ્ટ શરતો અનુસાર રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રની ફી અને ચાર્જીસ

(ગ) આ વિનિયમોના પ્રકરણ-૭ માં સમાવિષ્ટ શરતો અનુસાર વિતરણ વાયર ધંધો

(ઘ) આ વિનિયમોના પ્રકરણ-૮ માં સમાવિષ્ટ શરતો અનુસાર છૂટક પુરવઠા ધંધો.

૨૮. ફાઇલિંગ કાર્યપદ્ધતિ :

અરજદાર આયોગને કરેલ તેની અરજીના ભાગ તરીકે, આયોગ વખતોવખત નક્કી કરે તેવા ફોર્મમાં એકંદર મહેસૂલી જરૂરિયાતની તેની ગણતરી અને પ્રશુલ્ક તથા ચાર્જમાંથી અપેક્ષિત આવકની પૂરેપૂરી વિગતો પૂરી પાડશે અને ત્યારપછી આયોગ કે સચિવ કે આયોગે આ માટે નામ/નિર્દિષ્ટ કરેલ કોઈપણ અધિકારી આવી ગણતરીનું મૂલ્યાંકન કરવા માટે વાજબીપણે માગે તેવી વધુ માહિતી કે વિગતો કે દસ્તાવેજો આપશે :

પરંતુ અરજીની સાથે સંબંધિત હોય તેવા, વર્ગવાર પ્રશુલ્ક દર્શાવતા પ્રશુલ્ક અને ચાર્જીસમાં પુનરાવર્તન સાથેની દરખાસ્ત અને આ પુનરાવર્તન એકંદર મહેસૂલી જરૂરીયાતમાં નિયંત્રણ મુદતના સંબંધિત વર્ષ માટે જો કોઈ ઘટ હોય તો તે ઘટ કેવી રીતે પૂરી પાડશે તે દર્શાવતી દરખાસ્ત રજૂ કરશે.

પરંતુ વધુમાં અરજદારે રજૂ કરવાની વિગતો માટે, આયોગ વખતોવખત વધારાનો/વૈકલ્પિક ઢાંચો નિર્દિષ્ટ કરશે, કેમકે, એકંદર મહેસૂલી જરૂરિયાત આંકારવા અને પ્રશુલ્ક નક્કી કરવા તે વાજબીપણે જરૂરી બનશે.

૨૮.૨ આ વિનિયમોમાં નિર્દિષ્ટ તમામ જરૂરિયાતોનું પાલન કરીને તમામ જરૂરી માહિતી, વિગતો, દસ્તાવેજો સાથે રાખેલ સંપૂર્ણ અરજી મળતાં, અરજી મળી હોવાનું જણાવામાં આવશે અને આયોગ કે સચિવ કે નામનિર્દિષ્ટ અધિકારી અરજદારને જાણ કરશે કે અરજી નોંધવામાં આવી છે અને પ્રકાશિત કરવા માટે તૈયાર છે.

૨૮.૩ કરાયેલી અરજીનું, અરજીમાં જણાવેલી હકીકતોથી વાકેફ વ્યક્તિની એફિડેવિટ દ્વારા સમર્થન કરાશે.

૨૮.૪ અરજદાર અરજીની નોંધણી થયા પછીના ૭ દિવસમાં તેની અરજીની નોટિસ સંબંધિત વિસ્તારમાં બહોળો ફેલાવો ધરાવતાં ઓછામાં ઓછા બે વર્તમાનપત્રોમાં, એક અંગ્રેજી અને એક ગુજરાતી, માં પ્રસિદ્ધ કરશે.

INDEX

૨૮.૫ કોઈપણ વ્યક્તિ આ નોટિસ પ્રસિદ્ધ થયાના ૩૦ દિવસની અંદર પ્રશુલ્ક નિર્ણયની દરખાસ્ત અંગે કોઈ સૂચનો અને વાંધા હોય તો તે સચિવ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ સમક્ષ દાખલ કરશે અને અરજદારને તેની નકલ મોકલશે.

૨૮.૬ અરજદાર નોટિસ પ્રસિદ્ધ થયાની તારીખથી ૭ દિવસની અંદર અગાઉ જણાવ્યું તેમ એફિડેવીટ કરીને આયોગને પ્રસિદ્ધ કરાયેલી નોટિસની વિગતો રજૂ કરશે અને જેમાં નોટિસ પ્રસિદ્ધ થઈ તે વર્તમાન પત્રોની નકલો પણ દાખલ કરશે.

૨૮.૭ અરજદાર ૨૦૦૪ના વખતોવખત સુધાર્યા મુજબના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (કારોબાર વિનિયમોનું સંચાલન) વિનિયમોમાં નિર્દિષ્ટ સમય-મર્યાદામાં કોઈ સૂચનો અને વાંધા મળ્યા હોય તો તે પર પોતાના ટીકા-ટિપ્પણ રજૂ કરશે.

૨૮.૮ અરજદાર ચાલુ નાણાકીય વર્ષની ૩૦મી નવેમ્બર સુધીમાં આગલા વર્ષના ટ્રુઇંગ-અપ અને આગામી નાણાકીય વર્ષ માટેના પ્રશુલ્કને નક્કી કરવાની બાબતની મંજૂરી માટે પોતાની અરજી દાખલ કરશે.

૨૯. **પ્રશુલ્ક હુકમ :**

૨૯.૧ આયોગ સંપૂર્ણ અરજીની નોંધણી તારીખથી એકસોવીસ (૧૨૦) દિવસની અંદર લોકો પાસેથી મળેલ તમામ સૂચનો અને વાંધા વિચાર્યા પછી

(ક) પ્રશુલ્ક હુકમ જેમાં તે હુકમમાં નિર્દિષ્ટ કર્યા મુજબ તેવા સુધારા કે શરતો સાથેની અરજી સ્વીકારીને બહાર પાડશે.

(ખ) આવી અરજી અધિનિયમની જોગવાઈઓ અને નિયમો તથા તે હેઠળ ઘડાયેલા વિનિયમો અથવા તત્સમયે અમલી બીજા કોઈપણ કાયદાની જોગવાઈઓ અનુસાર ન હોય તો લેખિતમાં નોંધવાના કારણોસર અરજી રદ કરશે.

પરંતુ અરજદારની અરજી રદ કરવામાં આવે તે પહેલાં તેને સાંભળવાની વાજબી તક આપવામાં આવશે.

૨૯.૨ આ રીતે પ્રસિદ્ધ કરાયેલ પ્રશુલ્ક ઉક્ત હુકમમાં નિર્દિષ્ટ તારીખથી અમલમાં આવશે અને તેને સુધારવામાં કે નકારવામાં આવે નહીં ત્યાં સુધી તેમાં નિર્દિષ્ટ કર્યા મુજબ તેટલી મુદત માટે અમલમાં ચાલુ રહેશે.

૩૦. **પ્રશુલ્ક હુકમોને વળગી રહેવું :**

૩૦.૧ આયોગે વખતોવખત મંજૂર કરેલ એફપીપીપીએ ફોર્મ્યુલા આધારીત એફપીપીપીએ સિવાય, કોઈપણ પ્રશુલ્ક કે તેના કોઈપણ ભાગમાં સામાન્ય રીતે વર્ષમાં એક કરતા વધુ વખત સુધારો કરી શકાશે નહીં.

૩૦.૨ આયોગને લેખિતમાં નોંધવાના કારણોસર પોતાને ખાતરી થાય પછી પ્રશુલ્કના સુધારાને છૂટ આપશે.

૩૦.૩ વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર અધિનિયમની કલમ-૬૨ અન્વયે અને આ વિનિયમો અનુસાર નક્કી કરાયેલ પ્રશુલ્ક કરતા વધુ ભાવ કે ચાર્જ વસુલ કરે તો આવો ભાવ કે ચાર્જ ચૂકવનાર વ્યક્તિને વધારાની રકમ ચૂકવવાપાત્ર થશે, જેની સાથે વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી એકમ કે વિતરણ પરવાનેદાર દ્વારા ઉત્પન્ન કરાયેલ અન્ય કોઈ જવાબદારિ બાધક બન્યા સિવાય ભારતીય રિઝર્વ બેંકના બેંક દરની સમતુલ્ય વ્યાજ ચૂકવશે.

૩૦.૪ પરવાનેદારો, આયોગ તેમના હુકમના અમલીકરણ પર દેખરેખ રાખી શકે તે સારૂ સંચાલન અને ખર્ચની વિગતો સમાવિષ્ટ કરતું, આયોગે માગ્યા મુજબનું સામયિક રીટર્ન રજુ કરશે.

૩૧. **પ્રશુલ્કનું વાર્ષિક નિર્ધારણ :**

આયોગ, નિયંત્રણ મુદત દરમિયાન દરેક નાણાકીય વર્ષ માટે પ્રશુલ્ક માળખા અન્વયે આવરી લેવાયેલ વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી એકમ કે વિતરણ પરવાનેદારનું પ્રશુલ્ક, નીચેની બાબતો લક્ષમાં રાખીને આવા નાણાકીય વર્ષની શરૂઆતમાં નક્કી કરશે.

(ક) વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી એકમ કે વિતરણ પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાત અને પ્રશુલ્ક તથા ચાર્જમાંથી અપેક્ષિત આવકની, આવા નાણાકીય વર્ષ માટે, મધ્ય-સત્રિય સમીક્ષા વખતે મંજૂર કરેલા સુધારા કોઈ હોય, તો તે સહિત મંજૂર કરેલી આગાહી;

(ખ) આગલા વર્ષની ટ્રુઇંગ-અપ કામગીરીને અનુસરીને પ્રશુલ્ક પર પસાર થનાર, ઉપલબ્ધ પ્રોત્સાહન સહિત મંજૂર કરેલ પ્રાપ્તિ અને નુકશાન

૩૨. **સહાયકી તંત્ર-વ્યવસ્થા :**

૧ લી એપ્રિલ, ૨૦૧૬થી રાજ્ય સરકાર આયોગ દ્વારા નક્કી કરાયેલ પ્રશુલ્કમાં કોઈ ગ્રાહક કે ગ્રાહકોના વર્ગને કોઈ સહાયકી મંજૂર કરવા માગે તો, રાજ્ય સરકાર, અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે કોઈપણ આદેશ અપાયો હોય તેમ છતાં, આ વિનિયમોમાં નિર્દિષ્ટ કરેલી રીતે રાજ્ય સરકાર દ્વારા પૂરી પડાયેલી સહાયકીનો અમલ કરવા પરવાનેદાર કે સંબંધિત બીજી

કોઈ વ્યક્તિ માટેની શરત તરીકે, સહાયકી આપવાથી અસર પામેલ વિતરણ પરવાનેદાર/વ્યક્તિને અગાઉથી તે રકમની ક્ષતિપૂર્તિ કરી આપશે.

પરંતુ આ વિનિયમોમાં સમાવિષ્ટ જોગવાઈઓ અનુસાર ચુકવણી ન કરી હોય તો રાજ્ય સરકારનો આવો કોઈ આદેશ અમલી બનશે નહીં અને આયોગ દ્વારા નક્કી કરાયેલ પ્રશુલ્ક, આ અંગે આયોગે આદેશ બહાર પાડ્યાની તારીખથી લાગુ પડશે.

પ્રકરણ–૩

નાણાકીય સિદ્ધાંતો

૩૩. **ડેબ્ટ–ઈક્વિટી ગુણોત્તર :**

પ્રશુલ્ક નક્કી કરવાના હેતુ માટે, ૦૧/૦૪/૨૦૧૬ થી કે તે પછી શરૂ થયેલાં નવાં વીજઉત્પાદન મથકો, પ્રવહન કે વિતરણ લાઈન કે પેટા–મથકના કેસમાં અથવા વિસ્તારેલ ક્ષમતા બાબત વાણિજ્યિક કામગીરી શરૂ થયાની તારીખના રોજ ડેબ્ટ–ઈક્વિટી ગુણોત્તર, શાણપણભરી તપાસ પછી વિનિયમ–૩૪ અન્વયે આયોગે મંજૂર કરેલ મૂડી ખર્ચની રકમના ૭૦:૩૦ રહેશે.

પરંતુ રોકેલ ખરેખર ઈક્વીટી, આયોગે મંજૂર કરેલ મૂડી ખર્ચના ૩૦% કરતાં વધુ હોય ત્યાં પ્રશુલ્કના હેતુસર ઈક્વિટીની રકમ ૩૦% પૂરતી મર્યાદિત રહેશે અને બાકીની રકમ લોન તરીકે ગણવામાં આવશે.

પરંતુ વધુમાં, ખરેખરી ઈક્વિટી આયોગે મંજૂર કરેલ મૂડી ખર્ચના ૩૦% કરતાં ઓછી હોય ત્યાં, ખરેખરી ઈક્વિટી વિચારણામાં લેવાશે અને બાકીની રકમ ૭૦% સાધારણ લોન કરતાં વધુ હોય તો પણ લોન તરીકે વિચારાશે.

પરંતુ વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી એકમ કે વિતરણ પરવાનેદાર, જે કોઈ હોય તેના કેસમાં, ૧લી એપ્રિલ, ૨૦૧૬ પહેલાં કરેલ મૂડી ખર્ચના કારણે સ્થાયી અસ્કયામતોનું મૂડીકરણ કરાયું હોય તો, ૩૧ માર્ચ, ૨૦૧૬ના રોજ પૂરી થતી મુદત માટે પ્રશુલ્ક નક્કી કરવા આયોગે માન્ય કરેલ દેવા–ઈક્વિટીનો ગુણોત્તર વિચારણામાં લેવાશે.

પરંતુ અસ્કયામતોના ડિ–કેપિટલાઈઝેશન અથવા નિવૃત્તિ કે ફેરબદલીના કેસમાં પણ ઉપર મંજૂર કર્યા મુજબ મંજૂર કરેલ ઈક્વીટી મૂડી, ડિ–કેપિટલાઈઝ્ડ કરેલી અથવા નિવૃત્ત કે ફેરબદલી કરાયેલ અસ્કયામતની મૂળ કિંમતના ૩૦% સુધી (અથવા તે ૩૦% કરતાં ઓછી હોય તો દસ્તાવેજી પુરાવા પર આધારિત ખરેખર ઈક્વિટી અંશ) ઘટાડાશે અને ઉપર દર્શાવ્યા મુજબ દેવા–મૂડી, ડિ–કેપિટલાઈઝ્ડ કે નિવૃત્ત કે ફેરબદલી કરાયેલ અસ્કયામતના મૂળ ખર્ચના, દસ્તાવેજી પુરાવા પર આધારિત ખરેખર દેવા અંશના પ્રમાણમાં ઘટાડાશે.

પરંતુ તબદીલી યોજનાને પરિણામે રચાયેલ વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી એકમ કે વિતરણ પરવાનેદાર માટે ઈક્વીટી મૂડી નક્કી કરવા, તબદીલી યોજનાની તારીખને અસરકારક તારીખ ગણવામાં આવશે.

૩૪. **મૂડી ખર્ચ :**

૩૪.૧ પરિયોજના માટે મૂડી ખર્ચમાં સમાવિષ્ટ થશે:

(ક) ડહાપણભરી તપાસ પછી આયોગે સ્વીકાર કર્યા મુજબ કરેલ અથવા કરવા વિચારેલ ખર્ચ કે જેમાં બાંધકામ દરમ્યાનના વ્યાજ ખર્ચ અને નાણા જોગવાઈ ખર્ચ, બાંધકામથી શરૂ કરીને પરિયોજનાના વાણિજ્યિક સંચાલનની તારીખ સુધીના ગાળા દરમિયાન લોન પર વિદેશી હૂંડિયામણ દરમાં ફેરફાર થવાને કારણે કોઈ પ્રાપ્તિ કે નુકશાનનો સમાવેશ થાય છે.

(ખ) આ વિનિયમોમાં નિર્દિષ્ટ કરેલ ટોચના દરોને આધીન રહીને મૂડીકૃત પ્રારંભિક છૂટક ભાગો;

(ગ) વિનિયમ–૩૫ અન્વયે નક્કી કરેલ વધારાનું મૂડીકરણ

પરંતુ જે અસ્કયામતો પરિયોજનાના ભાગરૂપ છે પરંતુ ઉપયોગમાં મુકાયેલ નથી તેને મૂડી ખર્ચમાંથી બાદ કરવામાં આવશે.

૩૪.૨ આયોગે, શાણપણભરી તપાસ પછી સ્વીકારેલ મૂડી ખર્ચ, પ્રશુલ્ક નિર્ધારણ માટેનો આધાર બનશે;

પરંતુ શાણપણભરી તપાસમાં મૂડી ખર્ચના વ્યાજબીપણાની ચકાસણી, નાણાધિરાણ યોજના, બાંધકામ દરમિયાનનું વ્યાજ કાર્યક્ષમ ટેકનોલોજીનો ઉપયોગ, વધુ ખર્ચ તથા વધુ સમય અને આયોગને પ્રશુલ્ક નક્કી કરવા માટે યોગ્ય લાગે તેવી બીજી બાબતોનો સમાવેશ થશે.

૩૪.૩ મંજૂર કરાયેલ મૂડી ખર્ચ પ્રશુલ્ક નક્કી કરવા વિચારણામાં લેવાશે અને મૂડી ખર્ચમાં કોઈપણ વધારા માટે પૂરતું વાજબી કારણ આપવામાં આવે તો આયોગ શાણપણભરી તપાસને આધીન રહીને તેની વિચારણા કરશે.

પરંતુ ખરેખર મૂડી ખર્ચ મંજૂર કરેલ મૂડી ખર્ચ કરતાં ઓછું હોય તો વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી એકમ કે વિતરણ પરવાનેદારનું પ્રશુલ્ક નક્કી કરવા ખરેખરી મૂડી ખર્ચને વિચારણામાં લેવામાં આવશે.

INDEX

૩૪.૪ વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારના ઓડિટ કરેલા હિસાબોને આધારે કામના મૂળ વ્યાપ માટે COD પરના ખરેખરી મૂડી ખર્ચને આયોગની શાણપણભરી તપાસને આધીન રહીને, મૂળ ખર્ચ પૂરતું મર્યાદિત રહીને વિચારણામાં લઈ શકાશે.

૩૪.૫ વીજખરીદી સમજૂતિ કે જથ્થાબંધ વીજપ્રવહન સમજૂતિ મૂડી ખર્ચની ટોચ–મર્યાદા પૂરી પાડે ત્યાં, ધ્યાનમાં લેવાનું મૂડી ખર્ચ આવી ટોચ–મર્યાદાથી વધવું જોઇએ નહીં.

૩૪.૬ વિનિયમ–૫૧માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે COD પૂર્વે, બળતણ ખર્ચ કરતાં અસ્થાયી વીજળીના વેચાણમાંથી મેળવેલ આવક વધુ હોય તો તે મૂડી ખર્ચ સામે સમાયોજીત કરવી.

૩૪.૭ મૂડી ખર્ચમાં નીચેની ટોચ–મર્યાદાના ધોરણોને આધીન રહીને કટ–ઓફ તારીખ સુધી પ્લાન્ટ અને યંત્ર–સામગ્રી ખર્ચની ટકાવારી તરીકે મૂડીકૃત પ્રારંભિક છૂટક ભાગો (spares) નો સમાવેશ થશે.

(ક) કોલસા આધારીત/ લિગ્નાઇટ પ્રજ્વલિત થર્મલ વીજઉત્પાદન મથકો – ૪.૦%

(ખ) ગેસ ટર્બાઇન/ સંયુક્ત સાઇકલ થર્મલ વીજઉત્પાદન મથકો – ૪.૦%

(ગ) પંપથી સંગ્રહિત જળવિદ્યુત ઉત્પાદન મથક – ૪.૦%

(ઘ) પ્રવહન સિસ્ટમ અને વિતરણ સિસ્ટમ

(૧) પ્રવહન લાઇન અને વિતરણ લાઇન – ૧.૦%

(૨) પ્રવહન પેટા–મથક અને વિતરણ પેટા–મથક(ગ્રીન ફિલ્ડ) – ૪.૦%

(૩) પ્રવહન પેટા–મથક(બ્રાઉન ફિલ્ડ) – ૬.૦%

(૪) શ્રેણીબદ્ધ ક્ષતિપૂર્તિ ઉપકરણો અને HVDC મથક – ૪.૦%

(૫) ગેસ ઇન્સ્યુલેટેડ પેટા મથક – ૫.૦%

(૬) સંદેશા–વ્યવહાર સિસ્ટમ – ૩.૫%

૩૪.૮ નિયંત્રણ મુદત દરમ્યાન અસ્કયામતોના ફેરમૂલ્યાંકનની અસરને છૂટ અપાશે, પરંતુ તેનાથી વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારના પ્રશુલ્કમાં વધારો ન થવો જોઇએ.

૩૪.૯ આવી ફેરમૂલવણીમાંથી થતો કોઇપણ લાભ, વીજઉત્પાદન કંપનીના કેસમાં સમતા ચાર્જમાં હિસ્સેદાર વ્યક્તિઓને અને પ્રવહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદારના લાભાગાળાના આંતર–રાજ્ય ખુલ્લા પ્રવેશના ગ્રાહકોને કે છૂટક અને વિતરણ પરવાનેદારના કેસમાં પૂરવઠા ગ્રાહકોને, વાર્ષિક ટ્રૂઇંગ–અપના સમયે મળશે.

૩૪.૧૦ વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી એકમ કે વિતરણ પરવાનેદારને લાગુ પડે તે પ્રમાણે જૂની સ્થાયી અસ્કયામતોની ફેરબદલી, નવીકરણ અને આધુનિકીકરણ કે તેની આવરદામાં વધારા પરનું કોઇપણ ખર્ચ, આવી ફેરબદલી કરાયેલ અસ્કયામતોના મૂળ મૂડીમાંથી ચોખ્ખા મૂલ્યની માંડવાળ કર્યા પછી વિચારણામાં લેવાશે અને તેની ગણતરી નીચે મુજબ કરાશે.

ફેરબદલી કરાયેલ અસ્કયામતોનું ચોખ્ખું મૂલ્ય = OCFA-AD-CC;

જ્યાં

OCFA: ફેરબદલી કરાયેલ અસ્કયામતોનું મૂળ મૂડી ખર્ચ;

AD: ફેરબદલી કરાયેલ અસ્કયામતોને લગતું એકત્રિત ઘસારા ખર્ચ;

CC: ફેરબદલી કરાયેલ અસ્કયામતોને લગતો કુલ ગ્રાહકો ફાળો

૩૫. **અધિક મૂડીકરણ :**

૩૫.૧ વાણિજ્યિક સંચાલનની તારીખ પછી અને કટ ઓફ તારીખ સુધી મૂળ કામકાજના ક્ષેત્રની અંદર નીચેના મુદ્દાઓ પર, નવી પરિયોજનાઓ અથવા ચાલુ પરિયોજનાઓ બાબતમાં ખરેખર કરેલ અથવા કરવા વિચારેલ મૂડી ખર્ચ, વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને, આયોગ સ્વીકારશે.

(૧) ભવિષ્યની તારીખે ચૂકવવાપાત્ર હોવાનું માન્ય કરાયેલ એવી નહીં બજાવેલી જવાબદારીઓ;

(૨) કામોની અમલ–બજવણીમાં વિલંબ;

(૩) વિનિયમ ૩૪.૭ ની જોગવાઇઓ અનુસાર, કામના ક્ષેત્રાધિકારની અંદર પ્રારંભિક મૂળ ભાગોની પ્રાપ્તિ

(૪) લવાદના ચુકાદા કે કાયદાની અદાલતના આદેશ કે હુકમનામાના પાલનને પહોંચી વળવાની જવાબદારીઓ.

(૫) કાયદામાં ફેરફાર અથવા હયાત કોઈપણ કાયદાનું પાલન :

પરંતુ ખર્ચના અંદાજ, જવાબદારીઓ કે જે ભવિષ્યની તારીખે ચુકવવાપાત્ર હોવાનું માન્ય કરાયેલ છે તેની સાથે કામના મૂળ ક્ષેત્રાધિકારમાં સમાવિષ્ટ અસ્કયામતવાર/કામકાજ પ્રમાણેના ક્ષેત્રોની વિગતો અને અમલીકરણમાં વિલંબિત કામો, પ્રયુક્ત નક્કી કરવાની અરજી સાથે રજૂ કરવી.

૩૫.૨ કટ–ઓફ–ડેટ પછી કાર્યના મૂળ ક્ષેત્રાધિકારની અંદર નીચેના મુદ્દાઓ અંગે નવી પરિયોજના સંબંધમાં કરેલ કે કરવા વિચારેલ મૂડી ખર્ચ, આયોગ વિવેકપૂર્ણ તપાસ કરીને માન્ય કરી શકશે.

(૧) કાયદાની અદાલતના આદેશ કે ચુકાદાના પાલન અને લવાદના ચુકાદાને પરિપૂર્ણ કરવાની જવાબદારીઓ;

(૨) કાયદામાં ફેરફાર અથવા કોઈપણ ચાલુ કાયદાનું પાલન,

(૩) કાર્યના મૂળ ક્ષેત્રાધિકારમાં રાખ–તળાવના કે રાખની કામગીરી હાથ ધરવાની સિસ્ટમને લગતાં કામોમાં વિલંબ;

(૪) કટ–ઓફની તારીખ પહેલા અમલમાં મૂકેલ કામોની કોઈપણ જવાબદારી, આવી ન બજાવેલ જવાબદારીઓની વિગતોની વિવેકપૂર્ણ તપાસ કર્યા બાદની આવી જવાબદારી, પેકેજનું કુલ અંદાજીત ખર્ચ, ચુકવણી આવી રીતે રોકી રાખવાના કારણો અને આવી ચૂકવણી છૂટી કરવી વગેરે.

૩૫.૩ ચાલુ વીજઉત્પાદન કંપની કે પ્રવહન સિસ્ટમ તેમજ સંદેશા–વ્યવહાર સિસ્ટમ સંબંધમાં, કટ–ઓફ–તારીખ પછી નીચેના મુદ્દાઓ અંગે કરેલ કે કરવા વિચારેલ મૂડી ખર્ચ, આયોગ વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને સ્વીકારશે:

(૧) લવાદનો ચુકાદો કે કાયદાની અદાલતના હુકમ કે આદેશ કે ચુકાદાના પાલન પરિપૂર્ણ કરવાની જવાબદારીઓ;

(૨) કાયદામાં ફેરફાર અથવા કોઈ ચાલુ કાયદાનું પાલન;

(૩) રાષ્ટ્રીય સુરક્ષા/ આંતરિક સુરક્ષા માટે જવાબદાર વૈધાનિક તંત્રોની યોગ્ય સરકારી સંસ્થાઓ દ્વારા અપાયેલી સલાહ કે આદેશાનુસાર સુરક્ષા અને સલામતીની જરૂરિયાતને કારણે કરવામાં આવનાર ખર્ચ;

(૪) કાર્યના મૂળ–ક્ષેત્રાધિકારમાં રાખના તળાવ કે રાખનું કામકાજ હાથ ધરવાની સિસ્ટમને લગતાં કામોમાં વિલંબ;

(૫) કટ–ઓફની તારીખ પહેલા અમલમાં મૂકેલ કામોની કોઈપણ જવાબદારી, આવી ન બજાવેલ જવાબદારીઓની વિગતોની વિવેકપૂર્ણ તપાસ કર્યા બાદની આવી જવાબદારી, પેકેજનું કુલ અંદાજીત ખર્ચ, ચુકવણી આવી રીતે રોકી રાખવાના કારણો અને આવી ચૂકવણી છૂટી કરવી વગેરે;

(૬) કટ–ઓફ–તારીખ પછી ખરેખરી ચુકવણી દ્વારા આવી જવાબદારીઓ બજાવવા સુધીની આયોગે સ્વીકારેલ કામો માટેની કોઈપણ જવાબદારી;

(૭) કોઈપણ વધારાનું મૂડી ખર્ચ, જે યથાપ્રસંગ કોલસા/લિગ્નાઈટ આધારિત મથકો સિવાયના વીજઉત્પાદન મથકો કે પ્રવહન સિસ્ટમની કાર્યક્ષમ કામગીરી માટે જરૂરી બન્યું છે. આ હકદાવાને, ડોક્યુમેન્ટરી પુરાવાઓ, જેવા કે, અસ્કયામતોમાં બગાડના કિસ્સામાં સ્વતંત્ર એજન્સી દ્વારા કરવામાં આવેલ પરિક્ષણ પરિણામો, કુદરતી આફતો દ્વારા થયેલ નુકશાનના કિસ્સામાં સ્વતંત્ર એજન્સીનો અહેવાલ અને ક્ષતિસ્તર વધવાના કારણે ક્ષમતામાં વધારો થવાના તાંત્રિક કારણો સાથે પૂર્તતા કરવાની રહેશે.

(૮) જળવિદ્યુત ઉત્પાદન મથકોના કેસમાં, કુદરતી આફતો (પરંતુ વીજઉત્પાદન કંપનીની બેદરકારીને કારણે વીજળી ઘરના પૂરગ્રસ્ત થયેલ ન હોય) અને ભૌગોલિક કારણોસર થયેલ નુકશાનને કારણે જરૂરી બન્યું હોય તેવું કોઈપણ ખર્ચ, જે કોઈપણ વીમા યોજનાની ઉપજનું સમાયોજન કર્યા પછી અને સફળ તથા કાર્યક્ષમ પ્લાન્ટ કામગીરી માટે જરૂરી બનેલ કોઈપણ વધારાના કામને કારણે કરેલું ખર્ચ;

(૯) પ્રવહન સિસ્ટમના કેસમાં કોઈપણ વધારાનું ખર્ચ, જેવા કે રિલે, કંટ્રોલ અને ઇન્સ્ટ્રુમેન્ટેશન, કમ્પ્યુટર સિસ્ટમ, વીજલાઈન વાહક સંદેશા–વ્યવહાર, ડીસી બેટરી, કાળગ્રસ્ત ટેકનોલોજીને કારણે ફેરબદલી, ક્ષતિસ્તર વધવાને કારણે સ્વિચયાર્ડ સાધન સામગ્રીની ફેરબદલી, સંદેશા–વ્યવહાર સાધન–સામગ્રી, સંકટકાલિન, પુનઃસ્થાપન સિસ્ટમ, વિસંવાહક સફાઈ પૂર્વે જરૂરી સુવિધાઓ, પોલિમર ઇન્સ્યુલેટર સાથે પોર્સેલિન ઇન્સ્યુલેટરની ફેરબદલી, વિમા હેઠળ ન આવરી લેવાયેલ નુકશાન થયેલ સાધન–સામગ્રીની ફેરબદલી અને સફળ તથા કાર્યક્ષમ પ્રવહન સિસ્ટમ સંચાલન માટે જરૂરી બનેલ બીજું કોઈ ખર્ચ; અને,

(૧૦) વીજઉત્પાદન મથકના નિયંત્રણમાં ન હોય તેવા સંજોગોને પરિણામે થર્મલ વીજઉત્પાદન મથકની બાબતમાં સંપૂર્ણ કોલસા લિંકેજને આનુષંગિક કોલસા પુરવઠા અંગેની કામગીરી સફળ રીતે પાર નહીં પાડવાને કારણે બળતણ સ્વીકાર સિસ્ટમમાં જરૂરી કે કરેલા સુધારાઓને કારણે જરૂરી બનેલ વિવેકપૂર્ણ તપાસ પછી વાજબી જણાયેલ કોઈપણ મૂડી ખર્ચ;

INDEX

પરંતુ કટ-ઓફ-ડેટ પછી ખરીદેલ ઓજારો અને સરંજામ, ફર્નિચર, એર-કંડીશનર, વોલ્ટેજ સ્ટેબિલાઈઝર્સ, રેફ્રિજરેટરો, કમ્પ્યુટરો, પંખાઓ, વોશિંગ મશીનો, હીટ કન્વેક્ટરો, શેતરંજીઓ, ગાલીચા વગેરે સહિતની ગૌણ વસ્તુઓ કે અસ્કયામતો મેળવવા માટે કરેલું કોઈપણ ખર્ચ, ૦૧/૦૪/૨૦૧૬થી પ્રશુલ્ક નક્કી કરવા માટે વધારાના મૂડીરોકાણ માટે વિચારશે નહીં.

પરંતુ વધુમાં નવીકરણ અને આધુનિકીકરણ હેઠળ કરેલ ખર્ચ અથવા મરામત અને નિભાવ અન્વયે કોઈ ખર્ચનો હક્કદાવો કરવામાં આવે તો, તે ખર્ચની આ વિનિયમો હેઠળ માગણી કરી શકાશે નહીં.

યથાપ્રસંગ, પ્રશુલ્ક પર વધુ મૂડીકરણની અસર, નિયંત્રણ મુદતના દરેક, નાણાકીય વર્ષની ટ્રુ-અપ કામગીરી દરમિયાન વિચારણામાં લેવાશે.

૩૬. **ગ્રાહક ફાળો, અનામત કામ અને અનુદાન :**

૩૬.૧ પ્રવહન પરવાનેદાર, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર અને વિતરણ પરવાનેદાર દ્વારા હાથ ધરાયેલ નીચે મુજબ કામના સ્વરૂપનું આ કક્ષામાં વર્ગીકરણ કરવું:

(ક) અનામત કામોના સંદર્ભમાં વપરાશકર્તાઓ પાસેથી ફંડનો ભાગ કે તમામ ફંડ મેળવ્યા પછીના કામો;

(ખ) રાજ્ય અને કેન્દ્ર સરકાર પાસેથી મળેલ અનુદાન અને વિવિધ યોજનાઓ હેઠળના ફંડનો ઉપયોગ કરીને હાથ ધરેલ મૂડી કામો;

(ગ) સમાન સ્વરૂપનું બીજું કોઈ અનુદાન અને તે પાછું વાળવાની કોઈ જવાબદારી વિના મળેલી આવી સહાય અને જેની સાથે કોઈ વ્યાજ ખર્ચ જોડાયેલું ન હોય તેવી આર્થિક મદદ.

૩૬.૨ આવા મૂડી ખર્ચ પરનું ખર્ચ નીચે મુજબ ગણવામાં આવશે.

(ક) આ વિનિયમોમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે સાધારણ સંચાલન અને નિભાવ ખર્ચને મંજૂરી અપાશે;

(ખ) ડેબ્ટ-ઇક્વિટી ગુણોત્તર, ગ્રાહક ફાળો, અનામત કામ, મૂડી સહાયકી કે અનુદાન મારફત પૂરા પડાયેલ નાણાકીય સહાયની રકમ બાદ કર્યા પછી, વિનિયમ-૩૩ અનુસાર વિચારવામાં આવશે.

(ગ) વિનિયમ-૩૯માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ઘસારા-ખર્ચ સંબંધી જોગવાઈઓ;

(ઘ) વિનિયમ-૩૭ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ઇક્વિટી પરના રિટર્નને લગતી જોગવાઈઓ, ગ્રાહક ફાળા, અનામત કામ, મૂડી સહાયકી કે અનુદાન મારફત પૂરા પડાયેલા નાણાકીય સહાયને લાગુ પડશે નહીં.

(ચ) વિનિયમ-૩૮માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે લોન મૂડી પરના વ્યાજને લગતી જોગવાઈઓ ગ્રાહક ફાળા, અનામત કામ, મૂડી સહાયકી કે અનુદાન મારફત પૂરી પડાયેલ નાણાકીય સહાયને લાગુ પડશે નહીં.

૩૭. **ઇક્વિટી પર રીટર્ન :**

૩૭.૧ યથાપ્રસંગ, વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર માટે ઉપયોગમાં મૂકેલ અસ્કયામતો પર, વિનિયમ-૩૩ અનુસાર નક્કી કરાયેલ ભરપાઈ થયેલ ઇક્વિટી મૂડી પર, ઇક્વિટી પરનું રિટર્ન ગણવામાં આવશે અને તે ૨૫ મે.વો ઉપરના જળવિદ્યુત મથકો સહિત વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર માટે ૧૪%ના દરે અપાશે.

પરંતુ વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર માટે ઇક્વિટી પર રિટર્ન, દરેક નાણાકીય વર્ષ શરૂ થતાં ઉપયોગમાં મૂકેલ અસ્કયામતો માટે અપાયેલ ઇક્વિટી મૂડીની રકમ અને નાણાકીય વર્ષ દરમિયાન ઉપયોગમાં મૂકેલી મૂડીરોકાણ માટે મળવાપાત્ર ખર્ચના ઇક્વિટી મૂડી ભાગના ૫૦% પર મળશે.

પરંતુ વધુમાં વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર માટે ટ્રુ-અપ કામગીરીના હેતુસર, ઇક્વિટી પર રીટર્ન, વર્ષ દરમિયાન ઉપયોગમાં મૂકેલ અસ્કયામતો માટે જોગવાઈ કરાયેલ દસ્તાવેજી પુરાવાને આધારે મળશે.

૩૭.૨ શેરમૂડી ઇશ્યૂ કરતી વખતે અને જો કોઈ હોય તો તેવા મુક્ત અનામતમાંથી ઉભા કરેલ આંતરિક સાધનોના રોકાણ વખતે, વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા ઉભા કરાયેલ પ્રીમીયમ, ઇક્વિટી પરના રિટર્નની ગણતરી માટે ભરાયેલી મૂડી તરીકે ગણવામાં આવશે, પરંતુ એ શરતે કે આવા પ્રીમીયમની રકમ અને આંતરિક સાધનોના મૂડી ખર્ચને પહોંચી વળવા ખરેખર વાપરવામાં આવે અને આયોગે મંજૂર કરેલ મૂડી ખર્ચના ૩૦%ની ટોચ-મર્યાદામાં હોય.

૩૭.૩ વિદેશી ચલણમાં રોકેલી ઇક્વિટી, તે મળ્યાની તારીખે પ્રવર્તમાન હોય તેવા હુંડિયામણ દરને આધારે રૂપિયાના ચલણમાં રૂપાંતરિત કરાશે.

INDEX

૩૮. વ્યાજ અને નાણા વ્યવસ્થા ખર્ચ :

૩૮.૧ વિનિયમ–૩૩માં દર્શાવેલી રીતે, ઉપયોગમાં મૂકેલ અસ્કયામતો પર મળેલી લોન, લોન પરના વ્યાજની ગણતરી માટે એકંદર સાધારણ લોન તરીકે ગણવામાં આવશે.

પરંતુ, ચાલુ મૂડી કામો પરના વ્યાજ અને નાણા વ્યવસ્થા ખર્ચને બાકાત કરવામાં આવશે.

પરંતુ, અસ્કયામતોના ડિકેપિટલાઇઝેશન કે નિવૃતિ કે ફેરબદલીના કેસમાં, ઉપર દર્શાવ્યા મુજબ મંજૂર કરેલ લોન મૂડી, દસ્તાવેજી પુરાવાને આધારે ડિ–કેપિટલાઇઝેશન કરેલી કે નિવૃત્ત કે ફેરબદલી કરાયેલ અસ્કયામતોના મૂળ ખર્ચના બાકી લોન અંશના પ્રમાણમાં ઘટાડાશે.

૩૮.૨ ૧લી એપ્રિલ, ૨૦૧૬ના રોજ બાકી સાધારણ લોન, આયોગે ૩૧ માર્ચ, ૨૦૧૬ સુધી મંજૂર કર્યા પ્રમાણે એકત્રિત ભરપાઇની રકમ, એકંદર સાધારણ લોનમાંથી બાદ કરીને ગણવામાં આવશે.

૩૮.૩ નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭થી નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧ સુધીની નિયંત્રણ મુદત દરમિયાન વર્ષ માટેની પરત ચૂકવણીની રકમ, તે વર્ષ માટે મંજૂર કરાયેલ ઘસારા–ખર્ચ જેટલી હોય તેમ માનવામાં આવશે.

૩૮.૪ વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર દ્વારા યથાપ્રસંગ મેળવેલ કોઇ દેવા–મોકુફી મુદત હોય તેમ છતાં, લોનની પરત ચૂકવણી, પરિયોજનાની વાણિજ્યિક કામગીરીના પ્રથમ વર્ષથી ગણવામાં આવશે અને તે મંજૂર કરાયેલ વાર્ષિક ઘસારા–ખર્ચની બરાબર હશે.

૩૮.૫ વ્યાજનો દર, વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારને લાગુ પડતા દરેક વર્ષની શરૂઆતમાં ખરેખર લોન પોર્ટફોલિયોને આધારે ગણી કાઢેલ વેઇટેજ (મુલ્યાંકન કરાયેલ) સરેરાશ વ્યાજનો દર રહેશે.

પરંતુ ટ્રુ–અપ સમયે, વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારને વર્ષ દરમ્યાન લાગુ પડતા ખરેખર લોન પોર્ટફોલીયોને ધ્યાનમાં રાખી ગણેલ વેઇટેજ સરેરાશ વ્યાજનો દર, વ્યાજદર તરીકે ધ્યાનમાં લેવામાં આવશે.

પરંતુ ચોક્કસ વર્ષ માટે ખરેખર લોન ન હોય પરંતુ સાધારણ લોન હજુ બાકી હોય તો, ખરેખરી લોન માટે છેલ્લે ઉપલબ્ધ વેઇટેજ સરેરાશ વ્યાજ દરને ગણતરીમાં લેવાશે.

પરંતુ, વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર યથાપ્રસંગ, ખરેખરી લોન ધરાવતા ન હોય, તો પછી આયોગ દ્વારા નિયંત્રિત વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારના અન્ય ધંધાના વેઇટેજ સરેરાશ વ્યાજ દરને વિચારણામાં લેવાશે.

પરંતુ વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર યથાપ્રસંગ, ખરેખરી લોન ધરાવતા ન હોય અને વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારના અન્ય ધંધા માટે પણ ખરેખર કોઇ લોન ન હોય તો વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર માટે સમગ્ર તરીકે વેઇટેજ સરેરાશ વ્યાજ દર ધ્યાનમાં લેવામાં આવશે.

પરંતુ વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર પાસે સમગ્ર તથા ખરેખરી લોન ન હોય તો પછી, બેંક દર વત્તા ૨૦૦ મૂળભૂત પોઇન્ટને સાધારણ લોન પરના વ્યાજને માન્ય રાખવાના હેતુસર વ્યાજના દર તરીકે ગણવામાં આવશે.

૩૮.૬ લોન પરનું વ્યાજ, વેઇટેજ સરેરાશ વ્યાજ દર લાગુ પાડીને વર્ષની સાધારણ સરેરાશ લોન પર ગણવામાં આવશે.

પરંતુ ટ્રુ–અપ કરતી વખતે વર્ષ માટે આયોગે મંજૂર કરેલ ખરેખર અસ્કયામત મૂડીકરણના આધારે વર્ષની સાધારણ સરેરાશ લોન ગણવામાં આવશે.

૩૮.૭ નિર્દિષ્ટ કે અન્યથા લોન પરના ઉપર મુજબની વ્યાજની ગણતરીમાંથી વિજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર દ્વારા ગ્રાહકના ફાળો અનુદાન કે અનામત હેઠળના કામો માટે મળેલ મૂડી ખર્ચના ફંડને તે પ્રમાણસર બાદ કરવામાં આવશે.

૩૮.૮ વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર, યથા પ્રસંગ વ્યાજ પર ચોખ્ખી બચતમાં તે પરિણામે તેટલા સમય સુધી લોનનું પુનર્ધિરાણ કરવાનો દરેક પ્રયત્ન કરશે અને તેવા પ્રસંગે આવા પુનર્ધિરાણ સાથે સંકળાયેલ ખર્ચ હિતાધિકારીઓએ ભોગવવાનું રહેશે અને ચોખ્ખી બચત, હિતાધિકારીઓ તથા યથાપ્રસંગ

વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર વચ્ચે ૨:૧ ના ગુણોત્તરમાં વહેંચાશે.

૩૮.૯ પ્રવહન સિસ્ટમ વપરાશકર્તા, વિતરણ સિસ્ટમ વપરાશકર્તા અને છૂટક વપરાશકર્તા પાસે રોકડમાં જામીન અનામત તરીકે રખાયેલી રકમ પર, પીટીશન દાખલ કરાઇ હોય તે નાણાકીય વર્ષની ૧લી એપ્રિલના રોજ બેંક દરે વ્યાજ આપવામાં આવશે.

૩૯. **ઘસારા ખર્ચ :**

૩૯.૧ ઘસારા ખર્ચ માટે આયોગ દ્વારા સ્વીકારાયેલ અસ્કયામતોના મૂડીગત ખર્ચ મૂલ્ય આધાર બનશે.

૩૯.૨ વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારને તેમના સંબંધિત ધંધામાં વપરાયેલ સ્થાયી અસ્કયામતોના મૂલ્ય પર ઘસારા ખર્ચ વસૂલ કરવાની છૂટ રહેશે, જેની ગણતરી નીચે મુજબ કરાશે.

(ક) પરિયોજના/સ્થાયી અસ્કયામતોની મંજૂર કરેલ મૂળ કિંમત, ઘસારા ખર્ચની ગણતરી માટે મૂલ્ય આધાર બનશે.

(ખ) આ વિનિયમોના જોડાણ–૧માં નિર્દિષ્ટ કરેલા દરે સીધી રેખાની પદ્ધતિને આધારે ઘસારા ખર્ચની વાર્ષિક ગણતરી કરાશે.

પરંતુ વાણિજ્યિક સંચાલનની તારીખથી ૧૨ વર્ષની મુદત પછી બંધ થતા વર્ષ ની ૩૧મી માર્ચના રોજ બાકીના ઘસારા–ખર્ચનું મૂલ્ય અસ્કયામતની બાકીની ઉપયોગી આવરદા મુજબ વહેંચવામાં આવશે.

પરંતુ તબદીલી યોજનાને પરિણામે રચાયેલ વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર માટે તબદીલી યોજના અંતર્ગત તબદીલ કરાયેલ અસ્કયામતો પર ઘસારા ખર્ચ તબદીલ યોજનાની તારીખથી ૧૨ વર્ષની મુદત માટે આ વિનિયમોમાં નિર્દિષ્ટ દર અનુસાર ચાર્જ કરાશે અને ત્યારપછી ઘસારા ખર્ચ અસ્કયામતોની બાકીની ઉપયોગી આવરદા પ્રમાણે વહેંચાશે.

પરંતુ ગ્રાહક ફાળો, અનામત કામ, મૂડી સહાયકી કે અનુદાન મારફત નાણા–વ્યવસ્થા કરાયેલ અસ્કયામતો પરનું ઘસારા ખર્ચ વાર્ષિક હિસાબો મુજબ ગણવામાં આવશે.

પરંતુ તબદીલી યોજનાની તારીખ પછી ચાર્જ કરેલ ઘસારા ખર્ચ ફરીથી ગણાવાશે નહીં.

પરંતુ વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર આ વિનિયમો હેઠળ જરૂરી હોય તે પ્રમાણે અને ઉપરના ફકરાના સમર્થન માટે આયોગે વખતોવખત નિયત કર્યા મુજબ આવી તમામ વિગતો કે દસ્તાવેજી પુરાવા રજૂ કરશે.

પરંતુ વીજઉત્પાદન કંપની કે વીજઉત્પાદન એકમ કે પ્રવહન સિસ્ટમ, યથાપ્રસંગ નબળી પ્રાપ્યતાને કારણે કોઇ ઘસારા ખર્ચ માન્ય ન કરાય તો, તેની ઉપયોગી આવરદા દરમ્યાન પાછલા તબક્કે તે વસૂલ કરવાની છૂટ મળશે નહીં.

(ગ) અસ્કયામતોનું બચાવ મૂલ્ય માન્ય રખાયેલ મૂડી ખર્ચના ૧૦% ગણવામાં આવશે અને ઘસારા ખર્ચ, અસ્કયામતોના માન્ય રખાયેલ મૂડી ખર્ચના અધિકતમ ૯૦% સુધી માન્ય રખાશે.

પરંતુ જળવિદ્યુત ઉત્પાદન મથકના કેસમાં રાજ્ય સરકાર કે વિકાસકર્તા દ્વારા સહી કરાયેલ યથાપ્રસંગ, કરારમાં જોગવાઇ કર્યા મુજબ કોઇ બચાવ મૂલ્ય રહેશે.

૩૯.૩ પટ્ટા–કરાર(લીઝ) હેઠળ ધારણ કરેલ જમીન સિવાયની જમીન અને જળવિદ્યુત ઉત્પાદન મથકના કેસમાં જળાશયની જમીન ઘસારા ખર્ચપાત્ર અસ્કયામત ગણાશે નહીં અને તેનું ખર્ચ અસ્કયામતનું ઘસારા ખર્ચ મૂલ્ય ગણતી વખતે મૂડી ખર્ચમાંથી બાદ કરાશે.

૩૯.૪ ચાલુ પરિયોજનાઓના કેસમા ૧લી એપ્રિલ, ૨૦૧૬ના રોજ મુજબ બાકીનું ઘસારા–ખર્ચનું મૂલ્ય, ૩૧મી માર્ચ, ૨૦૧૬ સુધી આયોગે સ્વીકાર્યા પ્રમાણે એકત્રિત ઘસારા ખર્ચને અસ્કયામતના એકંદર મૂલ્યમાંથી બાદ કરીને ગણવામાં આવશે.

૩૯.૫ વર્ષના અમુક ભાગ માટે અસ્કયામતના અંદાજીત વાણિજ્યિક સંચાલનના કેસમાં, આયોગે મંજૂર કરેલ અસ્કયામતના ખૂલતા અને બંધ થતા મૂલ્યના સરેરાશને આધારે ગણવામાં આવશે.

પરંતુ મૂડીકરણની તારીખે ઘસારા–ખર્ચ પ્રમાણસર ગણી કાઢેલ છે તેથી આયોગની વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને અરજદારે મૂડીકૃત કરેલ અસ્કયામતના દસ્તાવેજી પુરાવાને આધારે નિયંત્રણ મુદ્દતના દર વર્ષે ટ્રુઇંગ–અપ કરવાની કામગીરીના સમયે મૂડીકૃત કરેલ અસ્કયામતોની ટ્રુઇંગ–અપ કરવા દરમિયાન ઘસારા–ખર્ચ ફરીથી ગણવામાં આવશે.

૪૦. **કાર્યકારી મૂડી પર વ્યાજ :**

૪૦.૧ વીજ ઉત્પાદન

(ક) કોલસા આધારિત/તેલ આધારિત/ લિગ્નાઇટ પ્રજ્વલિત મથકોના કેસમાં, કાર્યકારી મૂડીમાં આવરી લેવાશે;

(૧) પિટ–હેડ વીજઉત્પાદન મથકો માટે એક મહિનાનું અને પિટ–હેડ સિવાયના વીજઉત્પાદન મથકો માટે દોઢ મહિનાનું કોલસા કે લિગ્નાઈટનું લક્ષ્યાંક પ્રાપ્યતાને અનુરૂપ ખર્ચ; વત્તા

(૨) લક્ષ્યાંક પ્રાપ્યતાને અનુરૂપ એક(૧) મહિના માટે તેલનું ખર્ચ; વત્તા

(૩) લક્ષ્યાંક પ્રાપ્યતાને અનુરૂપ બે(૨) મહિના માટે ગૌણ બળતણ તેલનું ખર્ચ; વત્તા

(૪) એક(૧) મહિના માટે સંચાલન અને નિભાવ ખર્ચ; વત્તા

(૫) ઐતિહાસિક ખર્ચના એક(૧) ટકા જાળવણી વધારો; વત્તા

(૬) લક્ષ્યાંક પ્રાપ્યતાને આધારે ગણી કાઢેલ વાર્ષિક સ્થાયી ચાર્જ અને વીજળી ચાર્જના એક મહિનાના સરપાણાની સમતુલ્ય વીજળી વેચાણમાંથી મળવાપાત્ર :

પરંતુ પોતાના વીજઉત્પાદન મથકોના કેસમાં, આ વિનિયમો અનુસાર કાર્યકારી મૂડી ગણવામાં, વીજઉત્પાદન ધંધાથી છૂટક પુરવઠા ધંધા દ્વારા વીજળી પુરવઠાના પ્રમાણમાં કોઈ રકમ મળવાપાત્ર રહેશે નહીં.

પરંતુ વધુમાં, કોઈ વર્ષ માટે ટ્રુ–અપ કામગીરી કરતી વખતે, ટ્રુ–અપ કામગીરીમાં આયોગે મંજૂર કરેલ કાર્યકારી મૂડીના ઘટકોના મૂલ્યને આધારે કાર્યકારી મૂડીની જરૂરિયાત ફરીથી ગણી કાઢવામાં આવશે.

(ખ) ગેસ ટર્બાઈન/ સંયુક્ત સાઈકલ વીજઉત્પાદન મથકોના કેસમાં કાર્યકારી મૂડીમાં આવરી લેવાશે.

(૧) ગેસ બળતણ અને/અથવા પ્રવાહી બળતણને આધારે ઉત્પાદન મથકના સંચાલનની પદ્ધતિને યોગ્ય રીતે ધ્યાનમાં લઈને, લક્ષ્યાંક પ્રાપ્યતા પરિબળને અનુરૂપ એક(૧) મહિના માટેનું બળતણ ખર્ચ; વત્તા

(૨) લક્ષ્યાંક પ્રાપ્યતાને અનુરૂપ, પંદર(૧૫) દિવસ માટે પ્રવાહી બળતણ સ્ટોક; વત્તા

(૩) એક(૧) મહિના માટે સંચાલન અને નિભાવ ખર્ચ; વત્તા

(૪) ઐતિહાસિક ખર્ચના એક(૧) ટકા જાળવણી વધારો; વત્તા

(૫) ગેસ બળતણ અને પ્રવાહી બળતણને આધારે વીજઉત્પાદન મથકના સંચાલનની પદ્ધતિ યોગ્ય રીતે વિચારણામાં લઈને, સાધારણ પ્લાન્ટ પ્રાપ્યતા પરિબળ પર ગણી કાઢેલ; સમતુલ્ય વીજળી વેચાણ માટે એક મહિનાના ક્ષમતા ચાર્જ અને વીજળી ચાર્જની સમતુલ્ય મળવાપાત્ર રકમ

પરંતુ પોતાના વીજઉત્પાદન મથકોના કેસમાં, આ વિનિયમો અનુસાર કાર્યકારી મૂડીની ગણતરીમાં વીજઉત્પાદન ધંધાથી છૂટક પુરવઠા ધંધાને પૂરી પડાતી વીજળીના પ્રમાણમાં મળવાપાત્ર રકમ પેટે કોઈ રકમ ગણશે નહીં.

પરંતુ વધુમાં, કોઈ વર્ષ માટે ટ્રુ–અપ કરતી વખતે, ટ્રુ–અપ કામગીરીમાં આયોગે મંજૂર કરેલ કાર્યકારી મૂડીના ઘટકોના મૂલ્યને આધારે કાર્યકારી મૂડીની જરૂરિયાતની ફરીથી ગણતરી કરાશે.

(ગ) જળવિદ્યુત ઉત્પાદન મથકોના કેસમાં, કાર્યકારી મૂડીમાં આવરી લેવાશે:

(૧) એક(૧) મહિના માટે સંચાલન અને નિભાવ ખર્ચ;

(૨) ઐતિહાસિક ખર્ચના એક(૧) ટકા જાળવણી વધારો અને

(૩) એક(૧) મહિનાના નિયત ખર્ચની સમતુલ્ય મળવાપાત્ર રકમ

પરંતુ પોતાના વીજઉત્પાદન મથકોના કેસમાં આ વિનિયમો અનુસાર કાર્યકારી મૂડી ગણવામાં, વીજઉત્પાદન ધંધાથી છૂટક પુરવઠા ધંધાને વીજળી પુરવઠાના પ્રમાણમાં મળવાપાત્ર રકમ પેટે કોઈ રકમ મળશે નહીં.

પરંતુ કોઈપણ વર્ષે ટ્રુ–અપ કામગીરી કરતી વખતે ટ્રુ–અપ કામગીરીમાં આયોગે મંજૂર કરેલ કાર્યકારી મૂડીના ઘટકોના મૂલ્યને આધારે કાર્યકારી મૂડી જરૂરિયાતની ફેરગણતરી કરાશે.

(ઘ) કાર્યકારી મૂડી પરનું વ્યાજ, પીટીશન દાખલ કરાઈ હોય તે નાણાકીય વર્ષના ૧લી એપ્રિલના રોજના સ્ટેટ બેંક બેઝ દર વત્તા ૨૫૦ મૂળભૂત પોઈન્ટ સમતુલ્ય દરે અપાશે.

પરંતુ કોઈ વર્ષના ટ્રુ–અપની કામગીરી વખતે, કાર્યકારી મૂડી પરનું વ્યાજ નાણાકીય વર્ષ દરમ્યાન પ્રવર્તમાન સરેરાશ સ્ટેટ બેંક બેઝ દર વત્તા ૨૫૦ મૂળભૂત પોઈન્ટ સમતુલ્ય માન્ય રાખવામાં આવશે.

૪૦.૨ **પ્રવહન**

(૧) પ્રવહન પરવાનેદારને નાણાકીય વર્ષ માટે કાર્યકારી મૂડીના અંદાજીત સ્તરે વ્યાજ અપાશે, જે નીચે મુજબ ગણવામાં આવશે.

(૧) એક(૧) મહિના માટે સંચાલન અને નિભાવ ખર્ચ; વત્તા

(૨) ઐતિહાસિક ખર્ચના એક(૧) ટકા જાળવણી વધારો; વત્તા

(૩) લક્ષ્યાંક પ્રાપ્યતા સ્તરે ગણી કાઢેલ એક(૧) મહિનાના પ્રવહન ખર્ચની સમતુલ્ય મળવાપાત્ર રકમ;

બાદ

(૪) પ્રવહન સિસ્ટમ વપરાશકર્તા પાસેથી બેંક ગેરંટી સ્વરૂપે રાખેલ જામીન અનામત સિવાયની જામીન અનામત કોઈ રાખેલ હોય તો, તેની રકમ

પરંતુ કોઈ વર્ષ માટે ટ્રુ-અપ કામગીરી વખતે, ટ્રુ-અપ કામગીરીમાં આયોગે મંજૂર કરેલ કાર્યકારી મૂડીના ઘટકોના મૂલ્યને આધારે કાર્યકારી મૂડીની જરૂરિયાતની ફેરગણતરી કરાશે.

(ર) કાર્યકારી મૂડી પરનું વ્યાજ, પીટીશન દાખલ કરાઈ હોય તે નાણાકીય વર્ષના ૧લી એપ્રિલના રોજના સ્ટેટ બેંક બેઝ દર વત્તા ૨૫૦ મૂળભૂત પોઈન્ટ સમતુલ્ય દરે અપાશે.

પરંતુ કોઈ વર્ષ ટ્રુ-અપની કામગીરી વખતે, કાર્યકારી મૂડી પરનું વ્યાજ નાણાકીય વર્ષ દરમિયાન પ્રવર્તમાન સરેરાશ સ્ટેટ બેંક બેઝ દર વત્તા ૨૫૦ મૂળભૂત પોઈન્ટ સમતુલ્ય માન્ય રાખવામાં આવશે.

૪૦.૩ **રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર :**

(ક) નાણાકીય વર્ષ માટે કાર્યકારી મૂડીના અંદાજીત સ્તરે રાજ્ય વીજભાર રવાનગી કેંન્દ્રને વ્યાજ મળશે, જે નીચે મુજબ ગણવામાં આવશે.

(૧) એક મહિના માટે સંચાલન અને નિભાવ ખર્ચ; વત્તા;

(૨) ઐતિહાસિક ખર્ચના એક(૧) ટકા જાળવણી વધારો; વત્તા

(૩) રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રમાંથી ૧૫ દિવસની અપેક્ષિત આવકની સમતુલ્ય મેળવવાપાત્ર રકમ; વત્તા

પરંતુ કોઈ વર્ષની ટ્રુ-અપ કામગીરી વખતે, ટ્રુ-અપ કામગીરીમાં આયોગ દ્વારા મંજૂર કરીયેલ કાર્યકારી મૂડીના ઘટકોના મૂલ્યના આધારે કાર્યકારી મૂડી જરૂરિયાતની ફેરગણતરી કરાશે.

(ખ) કાર્યકારી મૂડી પરનું વ્યાજ, પીટીશન દાખલ કરાઈ હોય તે નાણાકીય વર્ષના ૧લી એપ્રિલના રોજના સ્ટેટ બેંક બેઝ દર વત્તા ૨૫૦ મૂળભૂત પોઈન્ટ સમતુલ્ય દરે અપાશે.

પરંતુ કોઈ વર્ષના ટ્રુ-અપની કામગીરી વખતે, કાર્યકારી મૂડી પરંતુ વ્યાજ નાણાકીય વર્ષ દરમ્યાન પ્રવર્તમાન સરેરાશ સ્ટેટ બેંક બેઝ દર વત્તા ૨૫૦ મૂળભૂત પોઈન્ટ સમતુલ્ય માન્ય રાખવામાં આવશે.

૪૦.૪ **વિતરણ વાયર ધંધો :**

(ક) નાણાકીય વર્ષ માટે વિતરણ વાયર ધંધા માટે કાર્યકારી મૂડીના અંદાજીત સ્તરે, વ્યાજની વિતરણ પરવાનેદારને છૂટ અપાશે, જેની ગણતરી નીચે મુજબ કરાશે :

(૧) એક મહિના માટે સંચાલન અને નિભાવ ખર્ચ; વત્તા;

(૨) ઐતિહાસિક ખર્ચના એક(૧) ટકા જાળવણી વધારો; વત્તા

(૩) વિતરણ વાયરના ઉપયોગ માટેના ચાર્જમાંથી પ્રવર્તમાન પ્રશુલ્ક પ્રમાણે, અપેક્ષિત આવકની એક(૧) મહિના માટે સમતુલ્ય મળવાપાત્ર રકમ, બાદ

(૪) બેંક ગેરંટી સ્વરૂપે રાખેલ જામીન અનામત સિવાય વિતરણ સિસ્ટમના વપરાશકર્તા પાસેથી અધિનિયમની કલમ-૪૭ની પેટા કલમ-૧ના ખંડ (બી) અન્વયે જામીન અનામત તરીકે કોઈ રકમ રાખી હોય તો તે રકમ:

પરંતુ કોઈપણ વર્ષ માટે ટ્રુ-અપ કામગીરી કરતી વખતે ટ્રુ-અપ કામગીરીમાં આયોગ દ્વારા મંજૂર કરાયેલી કાર્યકારી મૂડીના ઘટકોના મૂલ્યોને આધારે કાર્યકારી મૂડીની જરૂરિયાતની ફેરગણતરી કરાશે.

(ખ) કાર્યકારી મૂડી પરનું વ્યાજ, પીટીશન દાખલ કરાઈ હોય તે નાણાકીય વર્ષના ૧લી એપ્રિલના રોજના સ્ટેટ બેંક બેઝ દર વત્તા ૨૫૦ મૂળભૂત પોઈન્ટ સમતુલ્ય દરે અપાશે.

પરંતુ કોઈ વર્ષના ટ્રુ-અપની કામગીરી વખતે, કાર્યકારી મૂડી પરંતુ વ્યાજ નાણાકીય વર્ષ દરમિયાન પ્રવર્તમાન સરેરાશ સ્ટેટ બેંક બેઝ દર વત્તા ૨૫૦ મૂળભૂત પોઈન્ટ સમતુલ્ય માન્ય રાખવામાં આવશે.

૪૦.૫ **છૂટક વીજળી પુરવઠો :**

(ક) વિતરણ પરવાનેદારને નાણાકીય વર્ષ માટે કાર્યકારી મૂડીના અંદાજીત સ્તરે વ્યાજ લેવા દેવામાં આવશે. જેની ગણતરી નીચે મુજબ કરાશે.

(૧) એક મહિના માટે સંચાલન અને નિભાવ ખર્ચ; વત્તા;

(૨) ઐતિહાસિક ખર્ચના એક(૧) ટકા જાળવણી વધારો; વત્તા

(૩) પ્રવર્તમાન પ્રશુલ્ક પ્રમાણે વીજળીના વેચાણમાંથી એક(૧) મહિનાની અપેક્ષિત આવકની સમતુલ્ય મળવાપાત્ર રકમ.

બાદ

બેંક ગેરેંટીના સ્વરૂપે રાખેલ જામીન અનામત સિવાય ગ્રાહકો પાસેથી અધિનિયમની કલમ-૪૭ની પેટા કલમ-(૧)ના ખંડ(એ) અને ખંડ(બી) હેઠળ જામીન અનામત તરીકે રાખેલી રકમ :

પરંતુ કોઈપણ વર્ષ માટે ટ્રુ-અપ કામગીરી વખતે, ટ્રુ-અપ કામગીરીમાં આયોગે મંજૂર કરેલ કાર્યકારી મૂડીના ઘટકોના મૂલ્યોને આધારે કાર્યકારી મૂડી જરૂરિયાતની ફેર ગણતરી કરાશે.

(ખ) કાર્યકારી મૂડી પરનું વ્યાજ, પીટીશન દાખલ કરાઈ હોય તે નાણાકીય વર્ષના ૧લી એપ્રિલના રોજના સ્ટેટ બેંક બેઝ દર વત્તા ૩૫૦ મૂળભૂત પોઈન્ટ સમતુલ્ય દરે અપાશે.

પરંતુ કોઈ વર્ષના ટ્રુ-અપની કામગીરી વખતે, કાર્યકારી મૂડી પરંતુ વ્યાજ નાણાકીય વર્ષ દરમિયાન પ્રવર્તમાન સરેરાશ સ્ટેટ બેંક બેઝ દર વત્તા ૩૫૦ મૂળભૂત પોઈન્ટ સમતુલ્ય માન્ય રાખવામાં આવશે.

૪૦.૬ દર વર્ષે ટ્રુ-અપ કામગીરીના હેતુસર, ટ્રુ-અપ કામગીરી વખતે ગણેલ કાર્યકારી મૂડી પરનું સામાન્ય વ્યાજ અને પુરવાથી સમર્પિત, વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારે કરેલ કાર્યકારી મૂડી પરના ખરેખર વ્યાજ વચ્ચેના તફાવતને નિયંત્રણપાત્ર પરિબળોને કારણે, યથાપ્રસંગ, કાર્યક્ષમતા પ્રાપ્તિ અને કાર્યક્ષમતા નુકશાન તરીકે ગણવામાં આવશે અને વિનિયમ-૨૪ અનુસાર સંબંધિત હિતાધિકારી અથવા ગ્રાહક વચ્ચે યથાપ્રસંગ વહેંચાશે.

પરંતુ કાર્યક્ષમતા પ્રાપ્તિ કે કાર્યક્ષમતા નુકશાન યથાપ્રસંગ વેંચતા પહેલાં, કાર્યકારી મૂડી પરના ખરેખર વ્યાજની ચૂકવણી મળવામાં વિલંબનો ફાળો, કાર્યકારી મૂડી પરના ખરેખર વ્યાજમાંથી બાદ કરાશે.

૪૧. આવક પર કર :

૪૧.૧ આયોગ તેના બહુવર્ષીય હુકમમાં, સમજદારીભરી તપાસને આધીન રહીને, અરજદાર માટે ઉપલબ્ધ છેલ્લા ઓડિટ કરેલા હિસાબો, જો હોય તો, તે અનુસાર ચૂકવેલ ઉપકર અને સરચાર્જ સહિત ખરેખર આવક વેરા પર આધાર રાખીને નિયંત્રણ મુદત, જો હોય તો, તેના દરેક વર્ષે ચૂકવવાપાત્ર આવકવેરો કામચલાઉ મંજૂર કરશે.

૪૧.૨ વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારના નિયંત્રિત ધંધાના આવક સ્ટ્રીમ પર મંજૂર કરેલ અને ખરેખર ચૂકવેલ ઉપકર અને સરચાર્જ સહિત આવકવેરા વચ્ચેનો તફાવત, કોઈ હોય તો, તે વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારો પાસેથી, સમજદારભરી તપાસને આધીન રહીને નિયંત્રણ મુદતની દર વર્ષે ટ્રુ-અપ કરવાના સમયે રજૂ કરાતા દસ્તાવેજી પુરાવાને આધારે ભરપાઈ કરાશે/વસૂલ કરાશે.

૪૧.૩ હિતાધિકારીઓ કે ગ્રાહકો પાસેથી તેમના પર લગાડેલ આવા કરને કારણે કરેલી ઓછી વસૂલાત કે વધુ વસૂલાત વૈધાનિક ઓડિટરો દ્વારા પ્રમાણિત કર્યા પ્રમાણે, ૧૯૬૧ના આવકવેરા અધિનિયમ અન્વયે આવકવેરા મૂલ્યાંકનને આધારે દર વર્ષે સમાયોજન કરાશે. વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર યથાપ્રસંગ તેની ટ્રુ-અપ કરવાની પીટીશનમાં આ તફાવતનો સમાવેશ કરી શકશે.

પરંતુ હાર્દરૂપ ધંધા સિવાયના કોઈ આવક પ્રવહન પરનો કર, પ્રશુલ્કના પસાર થતો ઘટક બનશે નહીં અને બીજી આવક પરનો કર વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર યથાપ્રસંગ ભોગવશે.

૪૨. રિબેટ :

૪૨.૧ વિજ ઉત્પાદન પ્રશુલ્ક કે પ્રવહન ચાર્જીસને વિજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર દ્વારા યથાપ્રસંગ. લેટર ઓફ ક્રેડીટ કે બીજા માધ્યમ દ્વારા, બિલ રજૂ કર્યાના ૭ દિવસમાં બીલ ચૂકવણી માટે બિલ રકમ પર ૨% રીબેટ મંજૂર કરવામાં આવશે જેમાંથી કર, ઉપકર, જકાત વિગેરે બાદ કરવામાં આવશે.

૪૨.૨ પાછળથી વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર દ્વારા યથાપ્રસંગ, લેટર ઓફ ક્રેડિટ ખોલીને કે અન્યથા, પરંતુ બિલ રજૂ કર્યાના એક મહિનાની મુદતમાં ચૂકવણી કરવામાં આવે ત્યાં કર, ઉપકર, જકાત વગેરે બાદ કરીને બિલની રકમના ૧%ના દરે રિબેટ અપાશે.

૪૨.૩ બિલ રજૂ કર્યાના ૭ દિવસની અંદર ગ્રાહકો દ્વારા છુટક પ્રશુલ્કની ચૂકવણી માટે, કર, ઉપકર, જકાત વગેરે બાદ કરીને બિલની રકમ પર ૧% રિબેટ આપી શકાશે.

૪૨.૪ વિતરણ પરવાનેદાર દ્વારા અર્જીત આવા રિબેટને વિતરણ પરવાનેદાર માટે બિન-પ્રશુલ્ક આવક હેઠળ ગણવામાં આવશે.

૪૨.૫ વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદાર દ્વારા હિતાધિકારીને અપાતું આવું રિબેટ, વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદાર માટે, યથાપ્રસંગ તે ખર્ચ તરીકે ગણવા દેવામાં આવશે નહીં.

૪૩. વિલંબિત ચુકવણી સરચાર્જ :

ફિતાધિકારી દ્વારા વીજઉત્પાદન પ્રશુલ્ક કે પ્રવહન ચાર્જના બિલોની ચુકવણીમાં બીલની તારીખથી ૩૦ દિવસ કરતાં વધુ સમયનો વિલંબ કરાય તો વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર જે હોય તે, વિલંબની મુદત માટે બિલની રકમ પર માસિક ૧.૨૫%ના દરે મોડી ચુકવણી માટે સરચાર્જ વસૂલ કરશે.

૪૪. વિદેશી હૂંડિયામણ દરમાં તફાવત :

૪૪.૧ વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર યથાપ્રસંગ વીજ ઉત્પાદન મથક અને પ્રવહન સિસ્ટમ કે વિતરણ સિસ્ટમ માટે મેળવેલ વિદેશી લોનની ભરપાઇ અને વિદેશી ચલણની લોન પરના વ્યાજની ચુકવણી બાબતમાં, વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર તેમના વિવેકાધિકાર પ્રમાણે આંશિક કે પૂરેપૂરી રકમ અંગે વિદેશી હૂંડિયામણ એક્સપોઝર હેજ ઊભી કરી શકે.

૪૪.૨ દરેક વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર વર્ષથી વર્ષના ધોરણે, પ્રસ્તુત વર્ષમાં, સાધારણ વિદેશી દેવાને અનુરૂપ વિદેશી હૂંડિયામણના દરના તફાવતનું હેજીંગ ખર્ચ, જે મુદતમાં ઊભું થાય તે મુદતમાં ખર્ચ તરીકે વસૂલ કરાશે અને આવા વિદેશી હૂંડિયામણ દર તફાવતને અનુરૂપ વધારાના રૂપિયાની જવાબદારી, હેજ કરેલ વિદેશી દેવાની સામે મંજૂર કરાશે નહીં.

૪૪.૩ વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર વિદેશી હૂંડિયામણ એક્સપોઝર હેજ ન કરી શકે તેટલી માત્રામાં પ્રસ્તુત વર્ષમાં સાધારણ વિદેશી ચલણને અનુરૂપ વ્યાજ ચુકવણી અને લોન ભરપાઇ પેટે વધારાના રૂપિયાની જવાબદારીની છૂટ આપવાપાત્ર રહેશે, પરંતુ તે વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર કે તેના પુરવઠાકારો કે કોન્ટ્રાક્ટરોને કારણે ઊભી થયેલ ન હોવી જોઇએ.

૪૫. વિદેશી હૂંડિયામણ દર તફાવતના હેજીંગ ખર્ચની વસૂલાત :

દરેક વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર હેજીંગનું ખર્ચ અને વર્ષથી વર્ષના ધોરણે વિદેશી હૂંડિયામણ દરમાં તફાવત તે જે મુદતમાં ઊભો થયેલ હોય તે મુદતમાં આવક કે ખર્ચ તરીકે વસૂલ કરશે.

પ્રકરણ–૪

ઉત્પાદન

૪૬. પ્રયોજ્યતા :

૪૬.૧ આ પ્રકરણમાં નિર્દિષ્ટ વિનિયમો વીજઉત્પાદનના પરંપરાગત સ્ત્રોતોમાંથી અને ૨૫ મે.વો. કરતાં વધુ શક્તિ ધરાવતાં જળવિદ્યુત ઉત્પાદન મથકોએથી વિતરણ પરવાનેદારને વીજળીનો પુરવઠો પૂરો પાડવા માટે પ્રશુલ્ક નક્કી કરવા બાબત લાગુ પડશે.

પરંતુ વીજઉત્પાદનના નવીકરણપાત્ર ઊર્જા સ્ત્રોતોમાંથી વિતરણ પરવાનેદારને વીજળી પૂરી પાડવા પ્રશુલ્કનો નિર્ણય આયોગના સંબંધિત વિનિયમો/આદેશોમાં નિયત કર્યા મુજબની શરતો અનુસાર રહેશે.

૪૬.૨ વીજઉત્પાદન કંપની દ્વારા વિતરણ પરવાનેદારને નીચેના કેસોમાં વીજળી પૂરી પાડવા માટે પ્રશુલ્ક નક્કી કરવા અંગે આ પ્રકરણમાં સમાવિષ્ટ વિનિયમો દ્વારા આયોગ માર્ગદર્શન મેળવશે.

(ક) જ્યાં આ પ્રશુલ્ક આ વિનિયમો અમલમાં આવ્યા તે તારીખ પછી કરાયેલ વીજળી ખરીદી સમજૂતી કે ગોઠવણ અનુસાર પ્રશુલ્ક હોય અથવા

(ખ) જ્યાં આવું પ્રશુલ્ક આ વિનિયમો અમલમાં આવ્યાની તારીખ પહેલાં કરેલી વીજ ખરીદી સમજૂતિ કે ગોઠવણ અનુસાર હોય અને / અથવા તો આયોગે અગાઉ આવી સમજુતી/ગોઠવણ મંજૂર કરી ન હોય અથવા સમજૂતિ/ગોઠવણમાં પ્રશુલ્ક ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના પ્રશુલ્ક વિનિયમો પર આધારિત રહેશે એવું ધ્યાનમાં લીધેલું હોય,

(ગ) જ્યાં વિતરણ પરવાનેદાર વીજ ઉત્પાદનના ધંધામાં જોડાયેલ હોય, વિજ વિતરણ પરવાનેદારના વિજ ઉત્પાદન ધંધા દ્વારા તેના છૂટક પુરવઠા ધંધાને વીજળી પૂરી પાડવા માટેની તબદીલી ભાવ નક્કી કરવાં :

પરંતુ આયોગ આ પ્રકરણમાં સમાવિષ્ટ ધોરણોથી સાર્ગાંતર કરી શકે અથવા કેસના સંજોગો લક્ષમાં લેતાં તેમ કરવું ઉચિત જણાય તેવા ખાસ કેસો માટે વૈકલ્પિક ધોરણો નિર્દિષ્ટ કરી શકે.

પરંતુ આવા સાર્ગાંતર માટેનાં કારણો લેખિતમાં નોંધવા.

૪૬.૩ આ પ્રકરણ–૪માં કોઈપણ વસ્તુ સમાવિષ્ટ હોય તેમ છતાં, આયોગ, કેન્દ્ર સરકારે બહાર પાડેલ માર્ગદર્શન સૂચનાઓ અનુસાર પારદર્શક બોલી પ્રક્રિયા મારફત પ્રશુલ્ક નક્કી કરવામાં આવે તો આયોગ તે પ્રશુલ્ક અપનાવશે.

૪૭. વીજ ઉત્પાદક પ્રશુલ્ક નક્કી કરવા માટે પીટીશન :

૪૭.૧ આ વિનિયમોના પ્રકરણ–૨ની જોગવાઈઓ અનુસાર વિતરણ પરવાનેદારને વીજળી પૂરી પાડવા પ્રશુલ્ક નક્કી કરવા વીજ ઉત્પાદન કંપનીએ પીટીશન દાખલ કરવી જરૂરી છે.

૪૭.૨ આ વિનિયમો હેઠળ વીજઉત્પાદન મથકના સંબંધમાં પ્રશુલ્ક તબક્કાવાર, યુનિટવાર કે સમગ્ર વીજઉત્પાદન મથક માટે નક્કી કરાશે. પરંતુ આ ભાગમાં નિર્દિષ્ટ વીજઉત્પાદન મથકો માટે પ્રશુલ્ક નક્કી કરવાની શરતો તે જ રીતે તબક્કાવાર કે યુનિટોને યથાપ્રસંગ જે હોય તે પ્રમાણે વીજઉત્પાદન મથકોની જેમ લાગુ પડશે.

૪૭.૩ વીજઉત્પાદન મથકના તબક્કા કે યુનિટ માટે પ્રશુલ્ક નક્કી કરાય ત્યાં વીજઉત્પાદન કંપની, તમામ તબક્કા કે યુનિટોને યથાપ્રસંગ સામાન્ય સગવડો અને સંયુક્ત તથા સામાન્ય ખર્ચને લગતા મૂડી ખર્ચની ફાળવણી માટે વાજબી આધાર અપનાવશે.

પરંતુ વીજઉત્પાદન કંપની યોગ્ય રીતે ઓડિટ કરેલ અને વૈધાનિક ઓડિટરો દ્વારા પ્રમાણિત આવા ખર્ચની ફાળવણી માટે આધાર પૂરો પાડતું ફાળવણી પત્રક પ્રશુલ્ક નક્કી કરવા માટેની અરજી સાથે આયોગને રજૂ કરશે.

૪૭.૪ ચાલુ વીજઉત્પાદન મથકોના કેસમાં, આગામી નાણાકીય વર્ષો માટે ખરેખર અથવા અંદાજીત વધારાના મૂડી ખર્ચ અને અંદાજી વધારાના મૂડી ખર્ચને આધારે, ૩૧ માર્ચ, ૨૦૧૬ સુધી મંજૂર કરાયેલ કોઈપણ વધારાના મૂડી ખર્ચ સહિત મંજૂર કરેલ મૂડી ખર્ચના આધારે, વીજઉત્પાદન પ્રશુલ્ક નક્કી કરવાની અરજી, આ વિનિયમોના જાહેરનામાની તારીખથી મોડામાં મોડા એકસો એંશી દિવસની અંદર કરવી.

૪૭.૫ ચાલુ પરિયોજનાઓના કેસમાં, આયોગ, વીજઉત્પાદન કંપનીને, ૧લી એપ્રિલ ૨૦૧૬ના રોજ મંજૂર કરેલ મૂડી ખર્ચ અને આગામી નાણાકીય વર્ષો માટે અંદાજીત વધારાના મૂડી ખર્ચને આધારે પ્રશુલ્કની છૂટ આપી શકે.

પરંતુ વિજ ઉત્પાદન કંપની આયોગ દ્વારા નક્કી કરાયેલ અને ૩૧ માર્ચ, ૨૦૧૬ના રોજથી લાગુ પડતુ પ્રશુલ્ક, ૧લી એપ્રિલ, ૨૦૧૬થી આયોગ દ્વારા આ વિનિયમોને આધારે પ્રશુલ્ક નક્કી ન કરવામાં આવે તેના સમયગાળા સુધી હિતાધિકારીઓને લાગુ પડશે.

૪૭.૬ વીજઉત્પાદન કંપની, નવા વીજઉત્પાદન મથકો માટે કામચલાઉ પ્રશુલ્ક નક્કી કરવા માટેની અરજી, વીજઉત્પાદન યુનિટ કે તબક્કો કે વીજઉત્પાદન મથક સંપૂર્ણ તરીકે, યથાપ્રસંગ, વાણિજ્યિક સંચાલનની અપેક્ષિત તારીખના એકસો એંશી દિવસ પહેલાં દાખલ કરવી જોઈશે.

૪૭.૭ વીજઉત્પાદન કંપની, વાણિજ્યિક સંચાલન શરૂ કર્યાની તારીખ સુધી કરેલ અને કરવા વિચારેલ મૂડી ખર્ચ તથા વૈધાનિક ઓડિટરો દ્વારા યોગ્ય રીતે પ્રમાણિત કરાયેલ, કરેલા વધારાના મૂડી ખર્ચને આધારે પ્રશુલ્ક નક્કી કરવાની અરજી કરશે.

પરંતુ અરજીમાં, જ્યાં લાગુ પડે ત્યાં, અંદાજીત મૂડી ખર્ચ અને વધારાના મૂડી ખર્ચ માટેની ધારણાઓની વિગતો સમાવિષ્ટ કરાશે.

૪૭.૮ નવી પરિયોજનાઓના કેસમાં, આયોગ, અંદાજીત મૂડી ખર્ચને આધારે વાણિજ્યિક સંચાલનની અપેક્ષિત તારીખથી કામચલાઉ પ્રશુલ્કની છૂટ આપી શકશે.

૪૭.૯ પ્રશુલ્ક હુકમ ઈશ્યૂ થયાની તારીખથી વાણિજ્યિક સંચાલનની તારીખમાં એકસો એંશી દિવસ કરતાં વધુ વિલંબ થાય તો મંજૂર કરેલ પ્રશુલ્ક પાછું ખેંચી લીધાનું ગણવામાં આવશે અને વીજઉત્પાદન કંપનીએ પરિયોજનાનું વાણિજ્યિક સંચાલન શરૂ થયાની તારીખ પછી પ્રશુલ્ક નક્કી કરવાની નવી અરજી કરવી.

૪૭.૧૦ વીજઉત્પાદન કંપની નવા વીજઉત્પાદન મથક માટે આખરી પ્રશુલ્ક નક્કી કરવા, વાણિજ્યિક સંચાલન શરૂ થયાની તારીખે ઓડિટ કરેલ મૂડી ખર્ચ અને મૂડીકરણને આધારે, વીજઉત્પાદન યુનિટ કે તબક્કે કે વીજઉત્પાદન મથક સંપૂર્ણ તરીકે, યથાપ્રસંગ, વાણિજ્યિક સંચાલનની તારીખથી એકસો એંશી દિવસની અંદર અરજી દાખલ કરશે.

૪૭.૧૧ આયોગ, વાણિજ્યિક સંચાલનની તારીખના રોજ મુજબ ઓડિટ કરેલ મૂડી ખર્ચ અને મૂડીકરણની સાવચેતીભરી તપાસને આધારે નવા વીજઉત્પાદન મથક માટેના મૂડી ખર્ચની ટ્રુ–અપ કામગીરી કરશે.

૪૭.૧૨ વર્ષો વર્ષના ધોરણે કરેલ કુલ મૂડી ખર્ચ, વાણિજ્યિક સંચાલનની તારીખે અંદાજીત મૂડી ખર્ચ અથવા અંદાજીત વધારાના મૂડી ખર્ચને આધારે આયોગ પ્રશુલ્ક નક્કી કરવા માટે મંજૂર કરેલ મૂડી ખર્ચ કરતાં પાંચ ટકા કે વધુ ઓછું હોય ત્યાં, વીજઉત્પાદન કંપની, આયોગ મંજૂર કરે તે પ્રમાણે, હિતાધિકારીને, સંબંધિત નાણાકીય વર્ષની ૧લી એપ્રિલના રોજ

પ્રવર્તમાન હોય તે પ્રમાણે સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાના બેંક રેટના ૧.૨૦ ગણું વ્યાજ વત્તા ત્રણસો પચાસ આધાર પોઇન્ટ સાથે વધારાના મૂડી ખર્ચને અનુરૂપ વસુલ કરેલ વધુ પ્રશુલ્ક રિફંડ કરાશે.

૪૭.૧૩ વર્ષોવર્ષના ધોરણે કરેલ ખરેખર મૂડી ખર્ચ, વાણિજ્યિક સંચાલનની તારીખે અંદાજીત મૂડી ખર્ચ અથવા અંદાજીત વધારાના મૂડી ખર્ચને આધારે આયોગ પ્રશુલ્ક નક્કી કરવા માટે મંજૂર કરેલ મૂડી ખર્ચ કરતાં પાંચ ટકા કે વધુ હોય ત્યાં, વીજઉત્પાદન કંપની આયોગ મંજૂર કરે તે પ્રમાણે, હિતાધિકારી પાસેથી, સંબંધિત નાણાકીય વર્ષની ૧લી એપ્રિલના રોજ પ્રવર્તમાન દર મુજબ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાના બેંક રેટ વત્તા ત્રણસો પચાસ આધાર પોઇન્ટ મુજબ ૦.૮૦ ગણા વ્યાજની સાથે મૂડી ખર્ચમાં આવા ઘટાડાને અનુરૂપ પ્રશુલ્કની ઘટ વસૂલ કરવા હક્કદાર બનશે.

૪૭.૧૪ સિંચાઇ, પૂરનિયંત્રણ અને વીજળી ઘટકો સહિત બહુલક્ષી જળવિદ્યુત પરિયોજનાઓ સંબંધમાં પરિયોજનાના વીજળી ઘટક માટે ચાર્જપાત્ર મૂડી ખર્ચ જ પ્રશુલ્ક નક્કી કરવા વિચારણામાં લેવાશે.

૪૮. પ્રશુલ્કના ઘટકો :

૪૮.૧ થર્મલ વીજઉત્પાદન મથકમાંથી વીજળી વેચાણ માટેના પ્રશુલ્કમાં બે ભાગનો- જેમકે વાર્ષિક નિયત ચાર્જ અને વીજળી ચાર્જ (પ્રાથમિક અને દ્વિતીય બળતણ ખર્ચની વસૂલાત માટે) સમાવેશ થશે.

૪૮.૨ જળવિદ્યુત ઉત્પાદન મથકેથી વીજળીના વેચાણ માટેના પ્રશુલ્કમાં બે ભાગ, જેમકે, ક્ષમતા ચાર્જ અને વીજળી ચાર્જનો સમાવેશ થશે.

૪૯. વાર્ષિક નિયત ચાર્જ :

વાર્ષિક નિયત ચાર્જમાં નીચેની બાબતોનો સમાવેશ થશે.

(ક) ઘસારા-ખર્ચ;

(ખ) લોન મૂડી પર વ્યાજ અને નાણા ધિરાણ ખર્ચ;

(ગ) કાર્યકારી મૂડી પર વ્યાજ;

(ઘ) સંચાલન અને નિભાવ ખર્ચ;

(ચ) ઇક્વીટી પર રિટર્ન;

(છ) નવીકરણ અને આધુનિકીકરણ માટે ખાસ ભથ્થું, જ્યાં લાગુ પડે ત્યાં;

(જ) રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રની ફી અને ખર્ચ બાદ, :

(ઝ) બિન-પ્રશુલ્ક આવક

પરંતુ, આ વિનિયમોના પ્રકરણ-૩ માં નિર્દિષ્ટ જોગવાઇઓ અનુસાર થર્મલ અને જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે ઘસારા-ખર્ચ, લોન મૂડી પર વ્યાજ અને નાણા-ધિરાણ ખર્ચ, કાર્યકારી મૂડી પર વ્યાજ અને ઇક્વીટી પર રીટર્નની છૂટ મળશે.

પરંતુ વધુમાં આયોગ, શાણપણભરી તપાસને આધીન રહીને કેસથી કેસના ધોરણે, ઓડિટ કરેલા હિસાબોને આધારે, ટ્રુ-અપ કામગીરી કરતી વખતે આગળના સમયના આવક/ખર્ચ મંજૂર કરશે.

૫૦. નવીકરણ અને આધુનિકીકરણ :

૫૦.૧ વીજઉત્પાદન કંપની, વીજઉત્પાદન મથક કે તેના યુનિટની ઉપયોગી આવરદા કરતાં વધુ આવરદા વધે તેવા હેતુસર નવીકરણ અને આધુનિકીકરણ પરના ખર્ચને પહોંચી વળવા, સંપૂર્ણ સ્કોપ, વાજબીપણું, ખર્ચ-લાભ, પૃથક્કરણ, સંદર્ભ તારીખથી અંદાજીત આવરદા વિસ્તરણ, નાણાકીય પેકેજ, ખર્ચના તબક્કા, કામ પૂરું કરવાની અનુસૂચિ, સંદર્ભ ભાવ સપાટી, અંદાજીત કામ પૂરું કરવાનું ખર્ચ, હિતાધિકારીઓ સાથેના ચર્ચા-વિચારણાના રેકર્ડ તથા વીજઉત્પાદન કંપની દ્વારા કરાયેલ હોવાનું વિચારાયેલ બીજી કોઇ માહિતી કે જે સંબંધિત હોવાનું ધ્યાનમાં લેવાયેલ તેવી માહિતી આપતો વિગતવાર પરિયોજના અહેવાલ સાથેની દરખાસ્ત મંજૂરી માટેની અરજી આયોગ સમક્ષ દાખલ કરશે.

૫૦.૨ વીજઉત્પાદન કંપની, નવીકરણ અને આધુનિકીકરણ માટેની તેની દરખાસ્ત મંજૂર કરવાની અરજી દાખલ કરે એટલે ખર્ચ અંદાજો, કામ પૂરૂં કરવાની અનુસૂચિ, કાર્યક્ષમ ટેકનોલોજીનો ઉપયોગ, ખર્ચ-લાભ પૃથક્કરણ અને આયોગને સંબંધિત જણાય તેવાં બીજાં કોઇ પરિબળોની યોગ્ય વિચારણા કરીને મંજૂરી અપાશે.

૫૦.૩ ગેસ/પ્રવાહી બળતણ આધારિત ખુલ્લા/જોડાયેલ સાઇકલ થર્મલ વીજઉત્પાદન કેસમાં, તેના વાણિજ્યિક સંચાલનની તારીખથી સંચાલનના ૨૫ વર્ષ પછી ગેસ ટર્બાઇન/બાષ્પ ટર્બાઇનનું નવીકરણ જરૂરી બને અને મથકોના કાર્યક્ષમ સંચાલન માટે છૂટક ભાગોની કાલગ્રસ્તતા અથવા તેની અપ્રાપ્યતાને કારણે જરૂરી બનતું ખર્ચ કરવાની છૂટ અપાશે.

પરંતુ ગેસ ટર્બાઈનના મુખ્ય ઓવરહોલ દરમિયાન સામાન્યરીતે સંચાલન અને નિભાવ ખર્ચમાં આવરી લીધેલ ઘટકો અને છૂટક ભાગોનું ખર્ચ અને વપરાશપાત્ર વસ્તુઓ પર નવીકરણ અને આધુનિકીકરણમાં સમાવિષ્ટ કોઈપણ ખર્ચ નવીકરણ અને આધુનિકીકરણ ખર્ચમાંથી વિવેક વાપરીને યોગ્ય રીતે બાદ કરીને મંજૂર કરવું.

૫૦.૪ નવીકરણ અને આધુનિકીકરણ ખર્ચના અંદાજો અને આવરદા વિસ્તરણના આધારે યોગ્ય તપાસ પછી અને મૂળ પરિયોજના ખર્ચમાંથી વસૂલ કરી લીધેલ સંચિત ઘસારા-ખર્ચ બાદ કર્યા પછી, આયોગે કરેલ અને કરવા વિચારેલ અને મંજૂર કરેલ કોઈપણ ખર્ચ પ્રશુલ્ક નિર્ધારણ માટેનો આધાર બનશે.

૫૦.૫ કોલસા આધારિત/લિગ્નાઈટ પ્રજ્વલિત વીજઉત્પાદન મથકના કેસમાં, વીજઉત્પાદન કંપની, તેના વિવેકાધિકાર પ્રમાણે, વીજઉત્પાદન મથક કે તેના એકમની ઉપયોગી આવરદા ઉપરાંત નવીકરણ અને આધુનિકીકરણ સહિત જરૂરી ખર્ચ પહોંચી વળવા વિનિયમ-૫૦.૬ માં નિર્દિષ્ટ ધોરણ અનુસાર વળતર તરીકે 'ખાસ ભથ્થું' મેળવશે અને આવા પ્રસંગે, મૂડી ખર્ચના પુનરાવર્તનને છૂટ મળશે નહીં અને લાગુ પડતા સંચાલન ધોરણો હળવાં કરાશે નહીં, પરંતુ ખાસ ભથ્થાનો વાર્ષિક નિયત ખર્ચમાં સમાવેશ કરાશે.

પરંતુ આ વિનિયમો અમલમાં આવ્યાની તારીખ પહેલાં આયોગે, જેને માટે નવીકરણ અને આધુનિકીકરણ હાથ ધર્યું હોય, તેવા ખર્ચને મંજૂરી આપી હોય તેવા વીજઉત્પાદન મથક કે એકમ માટે તેમજ હળવા સંચાલન અને કામગીરી ધોરણો હેઠળ સંચાલિત કે ઊતરતી સ્થિતિમાં હોય તેવા વીજઉત્પાદન મથક કે એકમ માટે આવો વિકલ્પ ઉપલબ્ધ થશે નહીં.

૫૦.૬ ખાસ ભથ્થું ૨૦૧૬-૧૭ના વર્ષ માટે મે.વો. દીઠ રૂ.૭.૫ લાખ મળશે અને ત્યારબાદ, વીજઉત્પાદન મથકના સંબંધિત એકમના વાણિજ્યિક સંચાલનની તારીખના સંદર્ભમાં ઉપયોગી આવરદા પૂરી થયાની સંબંધિત તારીખથી આગામી નાણાકીય વર્ષથી એકસમાન, નિયંત્રણ મુદત દરમિયાન દર વર્ષે ૫.૭૨% વધશે.

પરંતુ તા.૦૧/૦૪/૨૦૧૬ના રોજ ૨૫ વર્ષ કરતાં વધુ વાણિજ્યિક સંચાલન કર્યું હોય તેવા એકમના સંબંધમાં આવું ભથ્થું ૨૦૧૬-૧૭ના વર્ષથી મળવાપાત્ર થશે.

પરંતુ, વધુમાં વીજઉત્પાદન મથક માટે ખાસ ભથ્થું, તેના વિવેકાધિકાર પ્રમાણે, ૨૦૧૧ના ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ (બહુવર્ષીય પ્રશુલ્ક) વિનિયમોના વિનિયમ-૫૧.૬ના ખંડ-૪ માં નિર્દિષ્ટ ધોરણો અનુસાર 'ખાસ ભથ્થાનો' લાભ મળી ચૂક્યો છે, જે નિયંત્રણ મુદત દરમિયાન દર વર્ષે ૨૦૧૫-૧૬થી આપેલ ખાસ ભથ્થાના ૫.૭૨% વધારીને ખાસ ભથ્થું મળશે.

૫૦.૭ આયોગ દ્વારા ખાસ ભથ્થું મંજૂર કરવાના પ્રસંગે ખાસ ભથ્થામાં કરેલ કે વાપરેલ ખર્ચની જાળવણી વીજઉત્પાદન મથક અલગપણે કરશે અને તેની વિગતો, આવા ખર્ચની વિગતો રજૂ કરવા જેમ અને જ્યારે ફરમાવે ત્યારે આયોગને ઉપલબ્ધ કરશે.

૫૧. અસ્થાયી વીજળીનું વેચાણ :

૫૧.૧ થર્મલ વીજઉત્પાદન કંપનીમાંથી વિતરણ પરવાનેદારને કરાતાં અસ્થાયી વીજળી માટેના વેચાણ અંગેનું પ્રશુલ્ક, વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને, તે મુદત દરમિયાન કરેલું, યથાપ્રસંગ ગૌણ બળતણ ખર્ચ સહિત ખરેખરા બળતણ ખર્ચની સમતુલ્ય રહેશે.

પરંતુ વીજઉત્પાદન કંપનીઓ અસ્થાયી વીજળીના વેચાણથી મેળવેલ બળતણ ખર્ચની વસૂલાત સિવાયની બીજી કોઈપણ આવક, મૂડી ખર્ચના ઘટાડા માટે વપરાશે અને તેને આવક તરીકે ગણવામાં આવશે નહીં.

૫૧.૨ જળવિદ્યુત ઉત્પાદન મથકથી વિતરણ પરવાનેદારને કરાતાં નબળા વીજળીના વેચાણ માટેનું પ્રશુલ્ક, પ્રથમ નાણાકીય વર્ષ માટે વીજળી ખર્ચની સમતુલ્ય રહેશે અને નબળી વીજળીના વેચાણમાંથી વસૂલ મળેલ આવક મૂડી ખર્ચમાંથી બાદ કરવામાં આવશે.

૫૨. બિન-પ્રશુલ્ક આવક :

૫૨.૧ આયોગે મંજૂર કર્યા મુજબ વીજઉત્પાદન ધંધાને લગતી બિન-પ્રશુલ્ક આવકની રકમ, વીજઉત્પાદન કંપનીનું વાર્ષિક નિયત ખર્ચ નક્કી કરતી વખતે વાર્ષિક નિયત ખર્ચમાંથી બાદ કરવામાં આવશે.

પરંતુ વીજઉત્પાદન કંપની આયોગે વખતોવખત નક્કી કર્યા મુજબના ફોર્મમાં બિન-પ્રશુલ્ક આવકની આગાહીની પૂરી વિગતો આયોગ સમક્ષ રજૂ કરશે.

બિન-પ્રશુલ્ક આવક માટે ધ્યાનમાં લેવાના વિવિધ સદરોની નિર્દેશક યાદી નીચે મુજબ રહેશે.

(ક) જમીન કે મકાનોના ભાડામાંથી આવક;

(ખ) ભંગારના વેચાણમાંથી આવક;

(ગ) વૈધાનિક મૂડી રોકાણમાંથી આવક;

(ઘ) રાખ/રદ કરેલ કોલસાના વેચાણમાંથી આવક;

(ચ) પુરવઠાકારો/કોન્ટ્રાક્ટરોને પેશગી પર વ્યાજ;

(છ) કર્મચારીઓના નિવાસનું ભાડું;

(જ) કોન્ટ્રાક્ટરો પાસેથી ભાડું;

(ઝ) કોન્ટ્રાક્ટરો અને બીજાઓ પાસેથી ભાડા ખર્ચમાંથી આવક;

(ટ) જાહેરખબરો વગેરેમાંથી આવક;

(ઠ) પ્રત્યક્ષ ખરાઇ પર માલુમ પડેલ વધારે ખર્ચ;

(ડ) મૂડી રોકાણ સ્થાયી અને કરેલી થાપણો અને બેંક પુરાંત પર વ્યાજ;

(ઢ) મુદત પૂર્વેની આવક, વગેરે;

પરંતુ વીજઉત્પાદન કંપનીના નિયંત્રિત ધંધાને અનુરૂપ ઇક્વીટી પરના રિટર્નમાંથી કરેલ મૂડી રોકાણમાંથી મળેલ વ્યાજ/લાભાંશ બિન-પ્રયુક્ત આવકમાં સમાવિષ્ટ કરાશે નહીં.

પ૩. થર્મલ વીજઉત્પાદન મથકો માટે સંચાલનના ધોરણો :

પ૩.૧ સાધારણ વાર્ષિક પ્લાન્ટ પ્રાપ્યતા ફેક્ટર :

(ક) ખંડ (ખ) હેઠળ આવરી લીધેલ હોય તે સિવાયના તમામ થર્મલ વીજઉત્પાદન મથકો માટે વાર્ષિક નિયત ખર્ચાઓની પૂરી વસુલાત માટે સાધારણ વાર્ષિક પ્લાન્ટ પ્રાપ્યતા ફેક્ટર ૮૫% રહેશે.,

પરંતુ કોલસાની તંગી અને ચોક્કસ કોલસા પુરવઠાની અનિશ્ચિતતાના કેસમાં સાધારણ વાર્ષિક પ્લાન્ટ પ્રાપ્યતા ફેક્ટર, કોલસા પુરવઠાની સ્થિતિ સુધરે નહીં ત્યાં સુધી નિયત ખર્ચની વસુલી માટે ૮૩% રહેશે જેની વાર્ષિક સમીક્ષા કરવામાં આવશે.

(ખ) નીચેના મથકો માટે વાર્ષિક નિયત ખર્ચની પૂરી વસુલાત માટે સાધારણ વાર્ષિક પ્લાન્ટ પ્રાપ્યતા ફેક્ટર નીચે મુજબ રહેશે.

કોઠો – ૧ વિનિયમ પ૩.૧(ખ) હેઠળ GSECL વીજઉત્પાદન મથકો માટે સાધારણ વાર્ષિક પ્લાન્ટ પ્રાપ્યતા ફેક્ટર :

	લક્ષ્યાંક પ્રાપ્યતા
ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૫)	૮૦
ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૪)	૮૪
વણાંકબોરી થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૬)	૮૫
સિક્કા થર્મલ પાવર સ્ટેશન	૮૦
કચ્છ લિગ્નાઇટ (એકમ ૧ – ૩)	૭૫
કચ્છ લિગ્નાઇટ (એકમ – ૪)	૮૦

પરંતુ આયોગ વીજઉત્પાદન મથકે હાથ ધરેલ નવીકરણ અને આધુનિકીકરણના કેસમાં ઉપર દર્શાવેલ વીજ મથકો માટે પ્રાપ્યતા ધોરણો સુધારી શકશે.

પ૩.૨ થર્મલ ઉત્પાદન મથકો માટે પ્રોત્સાહન :

(ક) ખંડ(ખ) હેઠળ આવરી લીધેલ હોય તે સિવાયના થર્મલ ઉત્પાદન મથકો માટે પ્રોત્સાહન માટે સાધારણ વાર્ષિક પ્લાન્ટ લોડ ફેક્ટર ૮૫% રહેશે.

(ખ) ગુજરાત રાજ્ય વિજઉત્પાદન કંપની (GSECL) ના થર્મલ ઉત્પાદન મથકો માટે પ્રોત્સાહન માટે વાર્ષિક પ્લાન્ટ લોડ ફેક્ટર :

કોઠો – ૨ વિનિયમ પ૩.૨(ખ) હેઠળ GSECL વીજઉત્પાદન મથકો માટે સાધારણ વાર્ષિક પ્લાન્ટ લોડ ફેક્ટર :

મથક	લક્ષ્યાંક–પ્લાન્ટ લોડ ફેક્ટર(%)
ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૫)	૮૦
ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૪)	૮૫
વણાંકબોરી થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૬)	૮૫

મથક	લક્ષ્યાંક-પ્લાન્ટ લોડ ફેક્ટર(%)
સિક્કા થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૫)	૮૦
કચ્છ લિગ્નાઇટ (એકમ ૧ – ૩)	૮૦
કચ્છ લિગ્નાઇટ (એકમ ૪)	૮૦

૫૩.૩ એકંદર મથક ઉષ્માતા દર ચાલુ વીજઉત્પાદન મથકો માટે

(ક) ગુજરાત રાજ્ય વીજઉત્પાદન કંપની લીમીટેડના થર્મલ વીજઉત્પાદન મથકો

કોઠો – ૩ નિયંત્રણ મુદત માટે GSECL મથકો માટે એકંદર મથક ઉષ્માતા દર :

(કીલોકેલરી/કી.વો.અ.)

મથક	નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭	નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮	નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯	નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦	નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧
ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧-૫)	૨૭૫૦	૨૭૫૦	૨૭૫૦	૨૭૫૦	૨૭૫૦
ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૪)	૨૬૭૯	૨૬૭૯	૨૬૭૯	૨૬૭૯	૨૬૭૯
વણાંકબોરી થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૬)	૨૬૨૫	૨૬૨૫	૨૬૨૫	૨૬૨૫	૨૬૨૫
સિક્કા થર્મલ પાવર સ્ટેશન	૩૦૦૮	૩૦૦૩	૨૯૯૮	૨૯૯૩	૨૯૮૮
કચ્છ લિગ્નાઇટ થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૩)	૩૨૩૧	૩૨૩૧	૩૨૩૧	૩૨૩૧	૩૨૩૧
કચ્છ લિગ્નાઇટ થર્મલ પાવર સ્ટેશન (એકમ ૪)	૩૦૦૦	૩૦૦૦	૩૦૦૦	૩૦૦૦	૩૦૦૦
ધુવારણ-(CCPP-2)	૧૯૫૦	૧૯૫૦	૧૯૫૦	૧૯૫૦	૧૯૫૦
ઉકાઈ-૬	૨૩૮૫	૨૩૮૫	૨૩૮૫	૨૩૮૫	૨૩૮૫
ધુવારણ-(CCPP-3)	૧૮૫૦	૧૮૫૦	૧૮૫૦	૧૮૫૦	૧૮૫૦
સિક્કા ૩ અને ૪	૨૩૯૮	૨૩૯૮	૨૩૯૮	૨૩૯૮	૨૩૯૮

પરંતુ આયોગ વીજ ઉત્પાદન મથકે હાથ ધરેલ નવીકરણ અને આધુનિકીકરણ કેસમાં ઉપર દર્શાવેલ વીજ મથકો માટે ઉષ્માતા દરનાં ધોરણો ફેરફાર કરી શકશે.

(ખ) ટોરેન્ટ પાવર લીમીટેડના થર્મલ વીજઉત્પાદન મથકો : વીજઉત્પાદન ધંધો (TPL-G)

કોઠો – ૪ નિયંત્રણ મુદત માટે TPL-G મથકો માટે એકંદર મથક ઉષ્માતા દર :

મથક	નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭	નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮	નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯	નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦	નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧
સાબરમતી-C	૩૧૩૬	૩૧૩૬	૩૧૩૬	૩૧૩૬	૩૧૩૬
સાબરમતી-D	૨૪૫૦	૨૪૫૦	૨૪૫૦	૨૪૫૦	૨૪૫૦
સાબરમતી-E અને F	૨૪૫૫	૨૪૫૫	૨૪૫૫	૨૪૫૫	૨૪૫૫

પરંતુ આયોગ વીજઉત્પાદન મથકે હાથ ધરેલ નવીકરણ અને આધુનિકીકરણ કેસમાં ઉપર દર્શાવેલ વીજ મથકો માટે ઉષ્માતા દરનાં ધોરણો ફેરફાર કરી શકશે.

૫૩.૪ એકંદર મથક ઉષ્માતા દર– આ વિનિયમો અમલમાં આવ્યા પછી COD હાંસલ કરતા વીજઉત્પાદન મથકો કે નવાં વીજઉત્પાદન યુનિટો કે મથકો માટે

(ક) કોલસો આધારીત અને લિગ્નાઇટ પ્રજ્વલિત થર્મલ વીજઉત્પાદન મથકો

= ૧.૦૪૫ x ડિઝાઇન ઉષ્માતા દર (Kcal/KWH) 100%

MCR ની સ્થિતિએ શૂન્ય ટકાના મેક અપ, ડિઝાઇન કોલસો, ડિઝાઇન કુલિંગ જળ ઉષ્ણતામાન/ પાછળ દબાણની સ્થિતિએ, પુરવઠાકારે બાંયધરી આપેલ યુનિટના ડિઝાઇન ઉષ્માતા દર એટલે યુનિટ ઉષ્માતા દર

પરંતુ યુનિટના દબાણ અને ઉષ્ણતામાન દર નિર્ધારણ પર આધારીત નીચેના અધિકતમ ડિઝાઇન ઉષ્માતા દર કરતાં ડિઝાઇન ઉષ્માતા દર વધવો જોઇએ નહીં.

પ્રેશર રેટીંગ (kg/cm2)	૧૫૦	૧૭૦	૧૭૦	૨૪૭
SHT/RHT (°C)	૫૩૫/૫૩૫	૫૩૭/૫૩૭	૫૩૭/૫૬૫	૫૬૫/૫૯૩
BFP નો પ્રકાર	વીજળી સંચાલિત	ટર્બાઈન સંચાલિત	ટર્બાઈન સંચાલિત	ટર્બાઈન સંચાલિત
અધિકતમ ટર્બાઈન ઉષ્ણતા દર (Kcal/KWH)	૧૯૫૫	૧૯૫૦	૧૯૩૫	૧૮૫૦
ન્યુનતમ બોઈલર કાર્યક્ષમતા :				
ગૌણ–બિટુમીનીઅસ ભારતીય કોલસો	૦.૮૬	૦.૮૬	૦.૮૬	૦.૮૬
બિટુમીનીઅસ આયાતી કોલસો	૦.૮૯	૦.૮૯	૦.૮૯	૦.૮૯
અધિકતમ ડિઝાઈન યુનિટ ઉષ્ણતા દર (Kcal/KWH)				
ગૌણ– બિટુમીનીઅસ ભારતીય કોલસો	૨૨૭૩	૨૨૬૭	૨૨૫૦	૨૧૫૧
બિટુમીનીઅસ આયાતી કોલસો	૨૧૬૭	૨૧૬૧	૨૧૪૪	૨૦૭૮

પરંતુ યુનિટની દબાણ અને ઉષ્ણતામાન પારમિતિઓ ઉપરના રેટીંગ કરતાં અલગ હોય તો સૌથી નજદીકના પર્ગનો યુનિટનો અધિકતમ ડીઝાઈન ઉષ્ણતા દર લેવામાં આવશે.

પરંતુ યુનિટના ઉષ્ણતા દરની બાંયધરી ન આપવામાં આવી હોય, પરંતુ સમાન પુરવઠાકાર કે જુદા જુદા પુરવઠાકારોએ ટર્બાઈન સાઈકલ ઉષ્ણતા દર અને બોઈલર કાર્યક્ષમતા અંગે અલગ બાંયધરી આપી હોય તો બાંયધરી અપાયેલ ટર્બાઈન સાઈકલ ઉષ્ણતા દર અને બોઈલર કાર્યક્ષમતાનો ઉપયોગ કરીને યુનિટ ડિઝાઈન ઉષ્ણતા દર મેળવવામાં આવશે.

પરંતુ બોઈલર કાર્યક્ષમતા સબ–બિટુમીનીઅસ ભારતીય કોલસા માટે ૮૬% કરતાં નીચે હોય અને બિટુમીનીઅસ આયાતી કોલસા માટે ૮૯% કરતાં નીચી હોય ત્યાં મથકની ઉષ્ણતાનો દર ગણવા માટે સબબિટુમીનીઅસ ભારતીય કોલસા અને બિટુમિનસ આયાતી કોલસા માટે અનુક્રમે તે ૮૬% અને ૮૯% લેવામાં આવશે.

પરંતુ ઉચ્ચતમ ટર્બાઈન સાઈકલ ઉષ્ણતા દર, ડ્રાય કુલિંગ સિસ્ટમના પ્રકાર માટે સમાયોજન કરાશે.

પરંતુ બોઈલર કાર્યક્ષમતા સબ–બિટુમીનીઅસ ભારતીય કોલસા માટે ૮૬% કરતાં નીચે હોય અને બિટુમીનીઅસ આયાતી કોલસા માટે ૮૯% કરતાં નીચી હોય ત્યાં મથકની ઉષ્ણતાનો દર ગણવા માટે સબ–બિટુમીનીઅસ ભારતીય કોલસા અને આયાતી કોલસા માટે અનુક્રમે તે ૮૬% અને ૮૯% ગણવામાં આવશે.

પરંતુ ટર્બાઈન સાઈકલ ઉષ્ણતા દર, ડ્રાય કુલિંગ સિસ્ટમના પ્રકાર માટે સમાયોજન કરાશે.

પરંતુ લિગ્નાઈટ પ્રજ્વલિત વીજ ઉત્પાદન મથકોના કેસમાં પણ ટેકનોલોજી (CFBC) આધારીત મથકો સહિત) નીચે આપેલ ભેજ–ઘટક માટેના વૃદ્ધિ પામતા ઉપયોગ કરીને અધિકતમ ડિઝાઈન ઉષ્ણતા દર વધારવામાં આવશે.

(૧) ૫૦% ભેજ ધરાવતા લિગ્નાઈટ માટે – ૧.૧૦

(૨) ૪૦% ભેજ ધરાવતા લિગ્નાઈટ માટે – ૧.૦૭

(૩) ૩૦% ભેજ ધરાવતા લિગ્નાઈટ માટે – ૧.૦૪

(૪) ઉપર પેટાનિયમ(૧) થી (૩)માં આપેલા ભેજ તત્વના વૃદ્ધિ પામતા ફેક્ટરને ૩૦–૪૦% અને ૪૦–૫૦% ભેજ તત્વની શ્રેણીમાં દર્શાવ્યા મુજબ ભેજ તત્વના અન્ય પ્રમાણ માટે પ્રો–રાટા કરવાના રહેશે.

પરંતુ નકામા કોલસા (Rejects) પર આધારિત વીજઉત્પાદન મથકો માટે પણ આયોગ કેસથી કેસના ધોરણે ડિઝાઈન ઉષ્ણતા દર મંજૂર કરશે.

નોંધ : એવા ઉત્પાદન એકમો/કેન્દ્રો વીજળી સચાલિત બોઈલર ફીડ પંપો છે ત્યાં ઉપર દર્શાવેલ ટર્બાઈન સંચાલિત બોઈલર ફીડ પંપોના કેસમાં દર્શાવેલ મહત્તમ ડિઝાઈન ઉષ્ણતા દર કરતાં ૪૦ કિલો કેલરી/ યુનિટ જેટલો નીચો રહેશે.

(બ) ગેસ આધારિત/પ્રવાહી આધારિત થર્મલ ઉત્પાદન એકમ/એકમો :

= ૧.૦૪૫ x કુદરતી ગેસ અને RLNG માટે એકમ/બ્લોકનો ડિઝાઈન ઉષ્ણતા દર (Kcal/KWh)

= ૧.૦૩૧ x પ્રવાહી બળતણ માટે એકમ/બ્લોકનો ડિઝાઈન ઉષ્ણતા દર (Kcal/KWh)

જ્યાં એકમનો ડિઝાઈન ઉષ્ણતા દરનો અર્થ એ ૧૦૦% MCR દરે અને સ્થળ પરની વાતાવરણની પરિસરની પરિસ્થિતિ પ્રમાણે એકમ માટે બાંયધરી અપાયેલ ઉષ્ણતા દર અને બ્લોક માટે ડિઝાઈન ઉષ્ણતા દર એટલે ૧૦૦% MCR પ્રમાણે

બ્લોક માટે બાંયધરી અપાયેલ ઉષ્મતા દર, સ્થળની પરિસરની સ્થિતિ, શૂન્ય ટકા મેક અપ, ડિઝાઈન કારણ જળ ઉષ્ણતામાન/પાછળનું દબાણ :

૫૩.૫ ગૌણ-બળતણ તેલ વપરાશ :

(એ) ખંડ(બી) અને ખંડ (સી) હેઠળ આવરી લીધેલ હોય તે સિવાય તમામ થર્મલ વીજઉત્પાદન યુનિટો/ મથકો માટે ગૌણ બળતણ તેલ વપરાશ (SFC) નીચે મુજબ રહેશે.

૧. કોલસા આધારિત વીજઉત્પાદન મથકો = ૦.૫૦ml -/KWh

૨. CBFC ટેકનોલોજી પર આધારિત મથકો સિવાયના લિગ્નાઈટ પ્રજ્વલિત વીજઉત્પાદન મથકો =૨.૦૦ ml/kwh

૩. CBFC ટેકનોલોજી પર આધારીત લિગ્નાઈટ પ્રજ્વલિત વીજઉત્પાદન મથકો: ૧.૦૦ ml/kWh

(બી) ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કંપની લી. મથકો માટે ગૌણ બળતણ વપરાશનું (SFC) ધોરણ નીચે મુજબ રહેશે,

કોઠો – ૫ નિયંત્રણ મુદત માટે વિનિયમ ૫૩.૫ (બી) અન્વયે ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કંપની લી વીજમથકો, માટે ગૌણ બળતણ વપરાશ (SFC) :

મથક	નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ (ml/KWh)	નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ (ml/KWh)	નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ (ml/KWh)	નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ (ml/KWh)	નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ (ml/KWh)
ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧-૫)	૧.૦૦	૧.૦૦	૧.૦૦	૧.૦૦	૧.૦૦
ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૪)	૧.૫૦	૧.૫૦	૧.૫૦	૧.૫૦	૧.૫૦
વણાંકબોરી થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૬)	૧.૦૦	૧.૦૦	૧.૦૦	૧.૦૦	૧.૦૦
સિક્કા થર્મલ પાવર સ્ટેશન	૩.૦૦	૩.૦૦	૩.૦૦	૩.૦૦	૩.૦૦
કચ્છ લિગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૪)	૩.૦૦	૩.૦૦	૩.૦૦	૩.૦૦	૩.૦૦
ઉકાઈ-૬	૧.૦૦	૧.૦૦	૧.૦૦	૧.૦૦	૧.૦૦
સિક્કા ૩ અને ૪	૧.૦૦	૧.૦૦	૧.૦૦	૧.૦૦	૧.૦૦

નીચેના TPL-G મથકો માટેનું ગૌણ બળતણ વપરાશનું ધોરણ નીચે મુજબ રહેશે.

કોઠો – ૬ TPL-G મથકો માટે નિયંત્રણ મુદત માટે ગૌણ બળતણ વપરાશ : :

મથક	૨૦૧૬-૧૭ (ml/KWh)	૨૦૧૭-૧૮ (ml/KWh)	૨૦૧૮-૧૯ (ml/KWh)	૨૦૧૯-૨૦ (ml/KWh)	૨૦૨૦-૨૧ (ml/KWh)
સાબરમતી-C	૨.૦૦	૨.૦૦	૨.૦૦	૨.૦૦	૨.૦૦
સાબરમતી-'D', 'E' અને 'F'	૧.૦૦	૧.૦૦	૧.૦૦	૧.૦૦	૧.૦૦

પરંતુ વીજઉત્પાદન મથક દ્વારા હાથ ધરાયેલ નવીકરણ અને આધુનિકીકરણના કેસમાં, ઉપર દર્શાવેલ વીજઉત્પાદન મથકો માટે ગૌણ બળતણ તેલ વપરાશ માટેના ધોરણોમાં આયોગ સુધારણા કરી શકશે.

૫૩.૬ ચૂનાના પથ્થરનો વપરાશ :

CFBC ટેકનોલોજીનો ઉપયોગ કરતાં લિગ્નાઈટ આધારિત મથકો માટે ચૂનાના પથ્થરનો વપરાશ:૦૦૫ (Kg/KWh)

૫૩.૭ સહાયક વીજળી/ વપરાશ :

(ક) ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કંપની લી. ના ચાલુ વીજઉત્પાદન મથકો :

INDEX

કોઠો–૭ : નિયંત્રણ મુદત માટે ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કંપની લી. માટે સહાયક વપરાશ :

મથક	૨૦૧૬–૧૭ %	૨૦૧૭–૧૮ %	૨૦૧૮–૧૯ %	૨૦૧૯–૨૦ %	૨૦૨૦–૨૧ %
ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧–૫)	૯.૦૦	૯.૦૦	૯.૦૦	૯.૦૦	૯.૦૦
ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૪)	૧૦.૦૦	૧૦.૦૦	૧૦.૦૦	૧૦.૦૦	૧૦.૦૦
વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન (એકમ–૬)	૯.૦૦	૯.૦૦	૯.૦૦	૯.૦૦	૯.૦૦
સિક્કા થર્મલ પાવર સ્ટેશન(યુનિટ ૧ – ૨)	૧૧.૦૦	૧૧.૦૦	૧૧.૦૦	૧૧.૦૦	૧૧.૦૦
કચ્છ લિગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૪)	૧૨.૦૦	૧૨.૦૦	૧૨.૦૦	૧૨.૦૦	૧૨.૦૦
ઉકાઈ–૬	૬.૦૦	૬.૦૦	૬.૦૦	૬.૦૦	૬.૦૦
ધુવારણ–CCPP-3	૩.૦૦	૩.૦૦	૩.૦૦	૩.૦૦	૩.૦૦
સિક્કા ૩ અને ૪	૯.૦૦	૯.૦૦	૯.૦૦	૯.૦૦	૯.૦૦

(ખ) TPL-G ના ચાલુ વીજળી ઉત્પાદન મથકો :

કોઠો–૮ નિયંત્રણ મુદત માટે TPL-G મથકો માટે સહાયક વીજળી વપરાશ :

મથક	૨૦૧૬–૧૭ %	૨૦૧૭–૧૮ %	૨૦૧૮–૧૯ %	૨૦૧૯–૨૦ %	૨૦૨૦–૨૧ %
સાબરમતી–C	૯.૫૦	૯.૫૦	૯.૫૦	૯.૫૦	૯.૫૦
સાબરમતી-'D', 'E'અને 'F'	૯.૦૦	૯.૦૦	૯.૦૦	૯.૦૦	૯.૦૦

પરંતુ વીજઉત્પાદન મથક દ્વારા હાથ ધરાયેલ નવીકરણ અને આધુનિકીકરણના કેસમાં, ઉપર દર્શાવેલ વીજઉત્પાદન મથકો માટે સહાયક વીજળી વપરાશ માટેના ધોરણોમાં આયોગ સુધારણા કરી શકશે.

(સી) કોલસા આધારિત નવા વીજઉત્પાદન મથકો :

કોઠો–૯ : નિયંત્રણ મુદત માટે સહાયક વીજળી વપરાશ :

સહાયક વીજળી વપરાશ	કુદરતી ડ્રાફ્ટ કુલિંગ ટાવર સાથે અથવા કુલિંગ ટાવર વગર
(૧) ૨૦૦ મે.વો. શ્રેણી	૮..૫૦%
(૨) ૨૫૦/૩૩૦/૩૫૦/૫૦૦ મે.વો અને વધુ બાષ્પ સંચાલિત બોઈલર ફીડ પંપ	૫.૨૫%
વીજળી સંચાલિત બોઈલર ફીડ પંપ	૭.૭૫%

પરંતુ પ્રેરિત ડ્રાફ્ટ કુલિંગ ટાવર સાથે થર્મલ વીજઉત્પાદન મથકો માટે, ઉપરના ધોરણોની સરખામણીમાં ધોરણોમાં વધુ ૦.૫૦%નો વધારો કરાશે.

(ડી) ગેસ ટર્બાઈન/ સંયુક્ત સાઈકલ વીજઉત્પાદન મથકો

ચાલુ વીજ ઉત્પાદન મથકો

(૧) સંયુક્ત સાઈકલ : ૩.૦૦%

(૨) ખુલ્લી સાઈકલ : ૧.૦૦%

નવાં વીજઉત્પાદન મથકો :

(૧) સંયુક્ત સાઈકલ : ૨.૫૦%

(૨) ખુલ્લી સાઈકલ : ૧.૦૦%

પરંતુ ગેસબુસ્ટર ધરાવતાં વીજઉત્પાદન મથકો માટે ૧% વધારાની સહાયક વપરાશની છૂટ મળશે.

(ઈ) લિગ્નાઈટ પ્રજ્વલિત નવા વીજઉત્પાદન મથકો :

(૧) ૨૦૦ મે.વો. સેટ કરતાં નીચેનાં તમામ વીજઉત્પાદન મથકો :૧૨%

(૨) ૨૦૦ મે.વો અને તેથી ઉપરના સેટ સાથે તમામ વીજઉત્પાદન મથકો : ઉપરના કોઠા–૮ અન્વયે કોલસા આધારિત વીજઉત્પાદન મથકો માટે મંજૂરી અપાઈ હોય તે કરતાં ૦.૫૦% વધુ

પરંતુ CFBC ટેક્નોલોજીનો ઉપયોગ કરતાં લિગ્નાઈટ પ્રજ્વલિત મથકો માટે, ઉપર નિર્દિષ્ટ કર્યા પ્રમાણે કોલસા આધારિત વીજઉત્પાદન મથકોના સહાયક વીજવપરાશ ધોરણો કરતાં ૧.૫૦% વધુ રહેશે.

૫૩.૮ **હેરફેર અને ચઢાવવા–ઉતારવામાં ઘટ :**

મહિના દરમિયાન કોલસા કે લિગ્નાઈટ પુરવઠા કંપની દ્વારા રવાના કરાયેલ કોલસા કે લિગ્નાઈટના જથ્થાની ટકાવારી તરીકે કોલસા કે લિગ્નાઈટ આધારિત વીજઉત્પાદન મથકો માટે હેરફેર અને ચઢાવવા–ઉતારવામાં આવતી ઘટ નીચે મુજબ રહેશે.

(એ) કોલસા અથવા લિગ્નાઈટ આધારિત વીજઉત્પાદન મથક

૧. પીટ હેડ વીજઉત્પાદક મથક— ૦.૨૦ %

૨. બિન–પીટ–હેડ વીજઉત્પાદન મથકો : ૦.૮૦%

જેનું રેલ મારફત મથક સુધી પરિવહન કરાયું હોય અને પીટ હેડ માઈન સિવાયના અન્ય સ્ત્રોતોમાંથી કોલસો અને લિગ્નાઈટ મેળવેલ હોય તો હેરફેર–ઘટ ૦.૮% લાગુ પડશે.

વધુમાં, આયાતી કોલસાના કેસમાં, ડિલીવરી શરતોને આધીન રહીને હેરફેર અને ચઢાવવા ઉતારવાની ઘટ ૦.૨% રહેશે.

૫૪. **થર્મલ વીજઉત્પાદન મથક માટે સંચાલન અને નિભાવ ખર્ચ :**

ચાલુ વીજઉત્પાદન મથકો

(એ) આયોગ દ્વારા વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને, ૩૧ માર્ચ, ૨૦૧૫ના રોજ પૂરા થતાં ગત(૩) વર્ષ માટે જળ ખર્ચ રહિત અને વીમા સહિત ખરેખર સંચાલન અને નિભાવની સરેરાશના ધોરણે જળ ખર્ચ રહિત અને વીમા ખર્ચ સહિત સંચાલન અને નિભાવ ખર્ચ તારવવામાં આવશે.

(બી) આવા જળ ખર્ચ રહિત અને વીમા સહિત સંચાલન અને નિભાવ ખર્ચની સરેરાશ, ૩૧ માર્ચ, ૨૦૧૭ના રોજ પૂરાં થતાં નાણાકીય વર્ષ માટે સંચાલન અને નિભાવ ખર્ચ જળ ખર્ચ રહિત અને વીમા સહિત તરીકે ગણવામાં આવશે અને ૨૦૨૦–૨૧ સુધીના પાછળના વર્ષો સુધી જળ ખર્ચ રહિત અને વીમા સહિત સંચાલન અને નિભાવ ખર્ચ મેળવવા વર્ષથી વર્ષના ધોરણે ૫.૭૨ ટકાના વૃદ્ધિ દરે તેમાં વધારો કરાશે.

પરંતુ વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને, ખરેખરા ખર્ચના આંકડા અનુસાર જળ ખર્ચની અલગથી મંજૂરી અપાશે.

પરંતુ વધુમાં, આ વિનિયમો અમલમાં આવ્યાને તારીખના રોજ ચાલુ વીજઉત્પાદન મથકે ગત વર્ષ કરતાં ઓછા સમય માટે કામગીરી કરી હોય તો, વિનિયમ–૫૫માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે નવા ઉત્પાદન મથકો માટે સંચાલન અને નિભાવ ખર્ચ મંજૂર કરાશે.

૫૫. **નવા વીજઉત્પાદન મથકો :**

(ક) કોલસા આધારિત વીજઉત્પાદન યુનિટો/મથકો

કોઠો–૧૦ : નિયંત્રણ મુદત માટે કોલસા આધારિત નવાં વીજઉત્પાદન મથકોના સંચાલન અને નિભાવ ખર્ચના ધોરણો (રૂ.લાખ/ મે.વો.માં)

વિગતો	સંચાલન નિભાવ ખર્ચના ધોરણો
નાણાકીય વર્ષ – ૨૦૧૬–૧૭	૧૮.૦૮
નાણાકીય વર્ષ – ૨૦૧૭–૧૮	૧૯.૧૧
નાણાકીય વર્ષ – ૨૦૧૮–૧૯	૨૦.૨૧
નાણાકીય વર્ષ – ૨૦૧૯–૨૦	૨૧.૩૬
નાણાકીય વર્ષ – ૨૦૨૦–૨૧	૨૨.૫૮

પરંતુ એ જ મથકમાં જેમની વાણિજ્યિક સંચાલન તારીખ ૦૧/૦૪/૨૦૧૬ના રોજ કે તે પછી આવતી હોય તેવા વધારાના યુનિટો માટે નીચેના પરિબળો દ્વારા ઉપરના ધોરણો વૃદ્ધિ પામશે.

વધારાના ૪ અને ૫ યુનિટો : ૦.૯૦

વધારાના ૬ અને વધુ યુનિટો : ૦.૮૫

INDEX

(ખ) લિગ્નાઈટ આધારિત વીજઉત્પાદન મથકો :

કોઠો–૧૧ નિયંત્રણ મુદત માટે લિગ્નાઈટ આધારિત નવાં વીજઉત્પાદન મથકોના સંચાલન અને નિભાવ ખર્ચના ધોરણો (રૂ.લાખ/ મે.વો.માં)

વિગતો	સંચાલન નિભાવ ખર્ચના ધોરણો
નાણાકીય વર્ષ – ૨૦૧૬–૧૭	૨૭.૦૦
નાણાકીય વર્ષ – ૨૦૧૭–૧૮	૨૮.૫૪
નાણાકીય વર્ષ – ૨૦૧૮–૧૯	૩૦.૧૮
નાણાકીય વર્ષ – ૨૦૧૯–૨૦	૩૧.૦૦
નાણાકીય વર્ષ – ૨૦૨૦૨૧	૩૩.૭૨

(ગ) ગેસ ટર્બાઈન/ સંયુક્ત સાઈકલ વીજઉત્પાદન મથકો :

કોઠો–૧૨ નિયંત્રણ મુદત માટે ગેસ ટર્બાઈન/સંયુક્ત સાઈકલ વીજઉત્પાદન મથકોના સંચાલન અને નિભાવ ખર્ચના ધોરણો (રૂ.લાખ/ મે.વો.માં)

વર્ષ	ગેસ ટર્બાઈન/સંયુક્ત સાઈકલ વીજઉત્પાદન મથકો– નાનાં ગેસ ટર્બાઈન વીજઉત્પાદન મથકો સિવાયનાં	નાના ગેસ ટર્બાઈન વીજ ઉત્પાદન મથકો	અદ્યતન 'એફ' વર્ગના મશીનો
નાણાકીય વર્ષ – ૨૦૧૬–૧૭	૧૬.૫૭	૩૭.૭૬	૨૯.૯૮
નાણાકીય વર્ષ – ૨૦૧૭–૧૮	૧૭.૫૨	૩૯.૯૦	૩૧.૭૦
નાણાકીય વર્ષ – ૨૦૧૮–૧૯	૧૮.૫૨	૪૨.૧૮	૩૩.૫૧
નાણાકીય વર્ષ – ૨૦૧૯–૨૦	૧૯.૫૮	૪૪.૫૦	૩૫.૪૩
નાણાકીય વર્ષ – ૨૦૨૦–૨૧	૨૦.૭૦	૪૭.૧૫	૩૭.૪૫

૫૬. જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે સંચાલનના ધોરણો :

૫૬.૧ વાર્ષિક નિયત ખર્ચની વસુલાત માટે હાલના ગુજરાત રાજ્ય વીજળી નિગમ લી. જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે સંચાલન ધોરણો :

કોઠો–૧૩ ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કંપની લી. ના હાલના જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે સાધારણ વાર્ષિક પ્લાન્ટ ઉપલબ્ધતા ફેક્ટર અને સહાયક વપરાશ :

મથક	સાધારણ વાર્ષિક પ્લાન્ટ પ્રાપ્યતા ફેક્ટર	સહાયક વપરાશ તેમ ટ્રાન્સફોર્મર ઘટ
ઉકાઈ હાઈડ્રો	૮૦%	૦.૬%
કડાણા હાઈડ્રો	૮૦%	૧.૦૦%

૫૬.૨ નીચેના સાધારણ વાર્ષિક પ્લાન્ટ પ્રાપ્યતા ફેક્ટર, વાર્ષિક નિયત ખર્ચ વસુલાત માટે, અન્ય જળવિદ્યુત ઉત્પાદન મથકોને લાગુ પડશે.

(એ) ૮% સુધી સંપૂર્ણ જળાશય સપાટી અને ન્યૂનતમ ડ્રો–ડાઉન સપાટી વચ્ચેના હેડ તફાવત સાથે અને જ્યાં પ્લાન્ટ પ્રાપ્યતાને કાદવની અસર ન હોય તેવા સ્ટોરેજ અને પોન્ડેજ પ્રકારના પ્લાન્ટ : ૯૦%

(બી) સંપૂર્ણ જળાશય સપાટી અને ન્યૂનતમ ડ્રો–ડાઉન સપાટી વચ્ચેના હેડ તફાવત ૮% કરતાં વધુ હોય અને કાદવથી પ્લાન્ટની પ્રાપ્યતાને અસર ન થતી હોય તેવા સ્ટોરેજ અને પોન્ડેજ પ્રકારના પ્લાન્ટના કેસમાં, વિગતવાર પરિયોજના અહેવાલમાં (કેન્દ્રિય વીજળી તંત્ર અથવા રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરાયેલ) પરિયોજના તંત્રો દ્વારા જોગવાઈ કર્યા મુજબ મહિનાવાર ટોચની ક્ષમતા NAPAF નક્કી કરવાનો આધાર બનશે.

(સી) પોન્ડેજ પ્રકારના પ્લાન્ટ જ્યાં પ્લાન્ટ પ્રાપ્યતાને કાદવથી નોંધપાત્ર અસર થતી હોય : ૮૫%

(ડી) રન–ઓફ–રિવર પ્રકારના પ્લાન્ટ : જ્યાં ઉપલબ્ધ/પ્રસ્તુત હોય ત્યાં ભૂતકાળના અનુભવથી/નક્કી કરેલ ૧૦ દિવસની ડિઝાઈન વીજળી વિગતોને આધારે પ્લાન્ટવાર નક્કી કરવાનો NAPAF

(ઈ) ખાસ સંજોગો એટલે કે, અસાધારણ કાદવની સમસ્યા અથવા અન્ય સંચાલન સ્થિતિ અને જાણીતી પ્લાન્ટ મર્યાદાઓ હેઠળ NAPAF ના નિર્ધારણમાં આયોગ દ્વારા વધુ પરવાનગી આપી શકાય.

૫૬.૩ નીચેની સહાયક વીજળી વપરાશ, અન્ય જળવિદ્યુત ઉત્પાદન મથકોએ લાગુ પડશે :

(એ) સપાટી પરના જળવિદ્યુત ઉત્પાદન મથકો:

(૧) જનરેટર શાફ્ટ પર બેસાડેલ પરિભ્રમણ કરતાં એક્ઝાઇટર (exciters) સાથે : ૦.૭૦%

(૨) સ્થિર એક્સાઇટેશન સિસ્ટમ સાથે : ૧.૦૦ %

(બી) ભૂગર્ભ જળવિદ્યુત ઉત્પાદન મથકો :

(૧) જનરેટર શાફ્ટ પર બેસાડેલ પરિભ્રમણ એક્ઝાઇટર સાથે : – ૦.૯૦%

(૨) સ્થિર એક્સાઇટેશન સિસ્ટમ સાથે : ૧.૨૦%

૫૭. જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે સંચાલન અને નિભાવ ખર્ચ :

૫૭.૧ હાલનાં મથકો માટે :

(ક) વીમા સહિત સંચાલન અને નિભાવ ખર્ચ, આયોગ દ્વારા વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને ૩૧ માર્ચ, ૨૦૧૫ના રોજ પૂરા થતાં ત્રણ વર્ષ માટે ખરેખરા સંચાલન અને નિભાવ ખર્ચની સરેરાશને આધારે મેળવવામાં આવશે.

(ખ) આવા સંચાલન અને નિભાવ ખર્ચની સરેરાશ, ૩૧ માર્ચ, ૨૦૧૭ના રોજ પૂરા થતાં નાણાકીય વર્ષ માટે સંચાલન અને નિભાવ ખર્ચ તરીકે ગણવામાં આવશે અને નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧ સુધીના પાછળના વર્ષો માટે સંચાલન અને નિભાવ ખર્ચ મેળવવા ૫.૭૨%ના વૃદ્ધિ દરે વધારો કરાશે.

૫૭.૨ નવાં મથકો માટે :

(૧) સંચાલનના પ્રથમ વર્ષ માટે સંચાલન અને નિભાવ ખર્ચ મૂળ પરિયોજના ખર્ચના ૨% રહેશે. (પુર્નસ્થાપન અને પુર્નવસવાટ કામોના ખર્ચને બાદ કરીને)

(૨) દરેક અનુગામી વર્ષ માટે સંચાલન અને નિભાવ ખર્ચ ૫.૭૨%ના વૃદ્ધિ ફેક્ટરના દરે, ઉપર નક્કી કરેલ આધાર ખર્ચમાં વૃદ્ધિ કરીને નક્કી કરાશે.

૫૮. થર્મલ વીજઉત્પાદન મથકો માટે વાર્ષિક સ્થાયી ખર્ચ અને વીજળી ખર્ચની ગણતરી તથા ચૂકવણી

૫૮.૧ થર્મલ વીજઉત્પાદન મથકનું સ્થાયી ખર્ચ, આ વિનિયમો હેઠળ નિર્દિષ્ટ ધોરણોને આધારે વાર્ષિક ધોરણે ગણવામાં આવશે અને ક્ષમતા ખર્ચ માસિક ધોરણે વસૂલ કરાશે. વીજઉત્પાદન મથક માટે ચૂકવવાપાત્ર ક્ષમતા ખર્ચ, વીજઉત્પાદન મથકની ક્ષમતામાં તેમના સંબંધિત ટકાવારી હિસ્સા/ફાળવણી અનુસાર તેના હિતાધિકારીઓ દ્વારા હિસ્સે પડતી વહેંચાશે.

૫૮.૨ કેલેન્ડર મહિના માટે થર્મલ વીજઉત્પાદન મથકને ચૂકવવાપાત્ર ખર્ચ, નીચેની ફોર્મ્યુલા અનુસાર ગણવામાં આવશે.

$CC_1 = (AFC/12)\ (PAF_1 / NAPAF)$ ટોચ મર્યાદાને આધીન $(AFC/12)$

$CC_2 = ((AFC/6)\ (PAF_2 / NAPAF)$ ટોચ મર્યાદાને આધીન $(AFC/6)) - CC_1$

$CC_3 = ((AFC/4)\ (PAF_3 / NAPAF)$ ટોચ મર્યાદાને આધીન $(AFC/4)) - (CC_1+CC_2)$

$CC_4 = ((AFC/3)\ (PAF_4 / NAPAF)$ ટોચ મર્યાદાને આધીન $(AFC/3)) -$ $(CC_1+CC_2+CC_3)$

$CC_5 = ((AFC \times 5/12)\ (PAF_5 / NAPAF)$ ટોચ મર્યાદાને આધીન $(AFC \times 5/12) -$ $(CC_1+CC_2+CC_3+CC_4)$

$CC_6 = ((AFC/2)\ (PAF_6 / NAPAF)$ ટોચ મર્યાદાને આધીન $(AFC/2)) - (CC_1+CC_2+CC_3+CC_4+CC_5)$

$CC_7 = ((AFC \times 7/12)\ (PAF_7 / NAPAF)$ ટોચ મર્યાદાને આધીન $(AFC \times 7/12)) - (CC_1+CC_2+CC_3+CC_4+CC_5+CC_6)$

$CC_8 = ((AFC \times 2/3)\ (PAF_8 / NAPAF)$ ટોચ મર્યાદાને આધીન $(AFC \times 2/3)) - (CC_1+CC_2+CC_3+CC_4+CC_5+CC_6+CC_7)$

$CC_9 = ((AFC \times 3/4)\ (PAF_9 / NAPAF)$ ટોચ મર્યાદાને આધીન $(AFC \times 3/4)) - (CC_1+CC_2+CC_3+CC_4+CC_5+CC_6+CC_7+CC_8)$

$CC_{10} = ((AFC \times 5/6)\ (PAF_{10} / NAPAF)$ ટોચ મર્યાદાને આધીન $(AFC \times 5/6)) - (CC_1+CC_2+CC_3+CC_4+CC_5+CC_6+CC_7+CC_8+CC_9)$

$CC_{11} = ((AFC \times 11/12)\ (PAF_{11} / NAPAF)$ ટોચ મર્યાદાને આધીન $(AFC \times 11/12)) -$

$(CC_1+CC_2+CC_3+CC_4+CC_5+CC_6+CC_7+CC_8+CC_9+CC_{10})$

CC_{12} = ((AFC) (PAF_Y / NAPAF) હોય મર્યાદાને આધીન (AFC)) – $(CC_1+CC_2+CC_3+CC_4+CC_5+CC_6+CC_7+CC_8+CC_9+CC_{10}+CC_{11})$

પરંતુ નવીકરણ અને આધુનિકીકરણને કારણે બંધ રાખેલ વીજઉત્પાદન મથક કે તેના યુનિટ અથવા પ્રવહન સિસ્ટમ કે તેના ઘટકના કેસમાં, યથાપ્રસંગ, વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદારને, A F C નો ભાગ વસૂલ કરવાની છૂટ રહેશે, જેમાં સંચાલન અને નિભાવ ખર્ચ અને લોન પરના વ્યાજનો જ સમાવેશ થશે.

જ્યાં

AFC = વર્ષ માટે નિર્દિષ્ટ વાર્ષિક નિયત ખર્ચ, રૂપિયામાં

NAPAF = સાધારણ વાર્ષિક પ્લાન્ટ પ્રાપ્યતા ફેક્ટર, ટકાવારીમાં

PAF_N = મહિનાના અંતે હાંસલ કરેલ ટકાવારી પ્લાન્ટ પ્રાપ્યતા ફેક્ટર

PAFY = વર્ષ દરમિયાન હાંસલ કરેલ ટકાવાર પ્લાન્ટ પ્રાપ્યતા ફેક્ટર

CC_1, CC_2, CC_3, CC_4, CC_5, CC_6, CC_7, CC_8, CC_9, CC_{10}, CC_{11} and CC_{12} પહેલા, બીજા, ત્રીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા, સાતમા, આઠમા, નવમા, દશમા, અગિયારમા અને બારમા મહિનાનો સંબંધિત ક્ષમતા ખર્ચ છે.

૫૮.૩ ચોક્કસ મહિનાના અંતસુધીનું PAFM અને PAFYની ગણતરી નીચેની ફોર્મ્યુલા પ્રમાણે કરાશે :

$$\text{PAFM અથવા PAFY} = 10000 \times \sum_{i=1}^{N} DC_i / \{ N \times IC \times (100 - AUX) \} \%$$

જ્યાં,

AUX = સાધારણ સહાયક વીજળી વપરાશ – ટકાવારીમાં

DCi = મુદતના પહેલા દિવસે એટલે કે મહિનાના અથવા વર્ષના, યથાપ્રસંગ, દિવસ પૂરો થયા પછી સંબંધિત વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા પ્રમાણિત કર્યા મુજબ, સરેરાશ જાહેર કરેલી ક્ષમતા (એક્સ બસ મે.વો. માં)

IC = વીજ ઉત્પાદન મથકની સ્થાપિત શક્તિ (મે.વો. માં)

N = મુદત દરમિયાન દિવસોની સંખ્યા

નોંધ : DCi અને IC માં વાણિજ્યિક સંચાલન હેઠળ જાહેર ન કરેલ વીજઉત્પાદન યુનિટોની ક્ષમતાનો સમાવેશ કરાશે નહીં. સંબંધિત મુદત દરમિયાન સ્થાપિત શક્તિમાં (IC) ફેરફારના કેસમાં તેનું સરેરાશ મૂલ્ય લેવામાં આવશે.

૫૮.૪ વીજળી-ખર્ચમાં પ્રાથમિક અને ગૌણ બળતણ ખર્ચ અને ચૂનાના પથ્થરના વપરાશ ખર્ચ (લાગુ પડે ત્યાં) નો સમાવેશ થશે અને કેલેન્ડર મહિના દરમિયાન આવા હિતાધિકારીને મોકલવા નિશ્ચિત કુલ વીજળી માટે એક્સ–પાવર પ્લાન્ટ ધોરણે, મહિનાના વીજળી ખર્ચ દર પ્રમાણે દરેક હિતાધિકારી દ્વારા (બળતણ અને ચૂનાના પથ્થરના ભાવના સમાયોજન સાથે) ચૂકવવા પાત્ર થશે. મહિના માટે વીજઉત્પાદન કંપનીને ચૂકવવાપાત્ર કુલ વીજળી ખર્ચ નીચે મુજબ રહેશે.

(વીજળી ખર્ચ દર રૂ/kwh માં) X (મહિના માટે નિશ્ચિત વીજળી (એક્સ બસ) kwh માં)

૫૮.૫ એક્સ પાવર પ્લાન્ટ ધોરણે K Wh દીઠ રૂપિયામાં વીજળી ખર્ચનો દર (E C R) નીચેની ફોર્મ્યુલા પ્રમાણે ત્રણ દશાંશ સ્થળ પ્રમાણે નક્કી કરાશે.

(એ) કોલસા આધારિત અને લિગ્નાઈટ પ્રજ્વલિત મથકો માટે

ECR = {(GHR – SFC x CVSF) x LPPF / CVPF+SFC x LPSFi + LC x LPL} x 100 / (100 – AUX)

(ખ) ગેસ અને પ્રવાહિત બળતણ આધારિત મથકો માટે

ECR = GHR x LPPF x 100 / {CVPF x (100 – AUX)}

જ્યાં,

AUX = સાધારણ સહાયક વીજળી વપરાશ, ટકાવારીમાં

CVPF = (ક) કોલસા આધારિત મથકો માટે પ્રજ્વલિત કર્યા મુજબ કોલસાનું વેઇટેજ સરેરાશ એકંદર કેલરોફીક મૂલ્ય – કિ. ગ્રા દીઠ કિલો કેલરીમાં (Kcal)

(બી) લિગ્નાઈટ, ગેસ અને પ્રવાહી બળતણ આધારિત મથકો માટે પ્રજ્વલિત કર્યા મુજબ પ્રાથમિક બળતણનું વેઈટેજ સરેરાશ એકંદર કેલરીફિક મૂલ્ય – લાગુ પડે તે પ્રમાણે કિ.ગ્રા. દીઠ, લીટર દીઠ કે ધોરણસર ઘનમીટર દીઠ કિલો કેલરીમાં

(સી) જુદાં જુદાં સ્ત્રોતોમાંથી બળતણ મિશ્રિત કરવાના કેસમાં પ્રાથમિક બળતણનું વેઈટેડ સરેરાશ કેલરીફિક મૂલ્ય મિશ્રણ ગુણોત્તરના પ્રમાણમાં કાઢવામાં આવશે.

CVSF = ગૌણ બળતણનું કેલરિફિક મૂલ્ય – મિ.લી. દીઠ કિલો કેલરીમાં

ECR = વીજળી ખર્ચ દર, બહાર મોકલેલ યુનિટ દીઠ રૂપિયામાં

GHR = એકંદર મથક ઉષ્ણતા દર, યુનિટ દીઠ કિલો કેલરીમાં

LC = સાધારણ ચુનાના પથ્થરનો વપરાશ – કિ.ગ્રા. કલાક દીઠ રૂપિયામાં

LPL = જમીન પર ઉતારેલ ચુનાના પથ્થરની વેઈટેજ સરેરાશ કિંમત, કિ.ગ્રા. દીઠ રૂપિયામાં

LPPF = મહિના દરમિયાન જમીન પર ઉતારેલ પ્રાથમિક બળતણનો વેઈટેજ સરેરાશ ભાવ, લાગુ પડે તે પ્રમાણે કિ. ગ્રા. દીઠ, લિટર દીઠ, ધોરણસર ઘનમીટર દીઠ રૂપિયામાં (જુદાં જુદાં સ્ત્રોતોમાંથી મિશ્રિત બળતણના કેસમાં જમીન પર ઉતારેલ પ્રાથમિક બળતણનો વેઈટેજ સરેરાશ ભાવ, મિશ્રણ ગુણોત્તરના પ્રમાણમાં કાઢવામાં આવશે)

SFC = સાધારણ વિશિષ્ટ બળતણ તેલ વપરાશ, યુનિટ દીઠ મિલીલીટરમાં

LPSF=મહિના દરમિયાન જમીન પર ઉતારેલ પ્રાથમિક બળતણનો વેઈટેજ સરેરાશ ભાવ રૂપિયામાં/ મિ. લીટર દીઠ:

પરંતુ ગેસ/ પ્રવાહી બળતણ આધારિત મથક માટે વીજળી ખર્ચનો દર, મહિના દરમિયાન ખુલ્લા સાઈકલ સંચાલન માટે સંબંધિત પ્રાદેશિક વીજળી સમિતિ સભ્ય સચિવના પ્રમાણીકરણને આધારે ખુલ્લા સાઈકલ સંચાલન માટે સમાયોજીત કરાશે.

૫૮.૬ વીજઉત્પાદન કંપની, વીજઉત્પાદન મથકના હિતાધિકારીઓને, વખતોવખત નક્કી કરાતી ફોર્મ અનુસાર GCV પારમિતિઓ અને બળતણના ભાવની વિગતો, એટલે કે, ઘરેલું કોલસો, આયાતી કોલસો, ઈ–હરાજી કોલસો, લિગ્નાઈટ, કુદરતી ગેસ, RLNG, પ્રવાહી બળતણ વગેરે પૂરી પાડશે.

પરંતુ, ઘરેલું કોલસા સાથે આયાતી કરેલ આવા મિશ્રણ ગુણોત્તરની વિગતો, ઈ–હરાજી કોલસાનું પ્રમાણ અને મળ્યા પ્રમાણે બળતણની વેઈટેજ સરેરાશ એકંદર કેલરિફિક મૂલ્ય (GCV) ની વિગતો પણ સંબંધિત મહિનાની બિલની સાથે અલગ રીતે મોકલાશે.

પરંતુ, બિલોની નકલો અને એકંદરે કેલરિફિક મૂલ્ય (GCV)ની પારમિતિઓની વિગતો તથા બળતણના ભાવ, એટલે કે ઘરેલું કોલસો, આયાતી કોલસો, ઈ–હરાજી કોલસો, લિગ્નાઈટ, કુદરતી ગેસ, RLNG, પ્રવાહી બળતણ વગેરેની વિગતો ઘરેલુ કોલસાના આયાતી કોલસા સાથે મિશ્રણના ગુણોત્તર, ઈ–હરાજી કોલસાના પ્રમાણની વિગતો, વીજઉત્પાદન કંપનીની વેબસાઈટ પર પ્રદર્શિત કરાશે. ત્રણ મહિનાની મુદત માટે મહિનાને ધોરણે તેની વેબસાઈટ પર વિગતો ઉપલબ્ધ કરાશે.

૫૮.૭ મહિના માટે કોલસો જમીન પર ઉતારવાના ખર્ચમાં રોયલ્ટી, વેરો અને જકાત લાગુ પડે તે પ્રમાણે, સમાવિષ્ટ બળતણની કક્ષા અને ગુણવત્તાને આનુષંગિક બળતણનો ભાવ, રેલ્વે, માર્ગ કે અન્ય સાધનો દ્વારા પરિવહન ખર્ચનો વીજળી ખર્ચની ગણતરીના હેતુસર સમાવેશ થશે અને કોલસા/લિગ્નાઈટના કેસમાં, વિનિયમ ૫૩.૮ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે સાધારણ હેરફેર અને ચઢાવવા–ઉતારવાની ઘટને વિચારણામાં લીધા પછી ખર્ચ કાઢવામાં આવશે.

૫૮.૮ પ્રશુલ્ક નક્કી કરવા, જમીન પર ઉતારેલ પ્રાથમિક અને ગૌણ બળતણના ભાવ, આગલા ત્રણ મહિનાના પ્રાથમિક અને ગૌણ બળતણના ખરેખર વેઈટેજ સરેરાશ ખર્ચ પર આધારિત રહેશે અને આગલા ત્રણ મહિના માટે ઉતારવાના ખર્ચની ગેરહાજરીમાં, ચાલુ મથકો માટે પ્રશુલ્ક શરૂ થતાં પૂર્વે અને નવાં વીજઉત્પાદન મથકોના કેસમાં તરતના આગલા ત્રણ મહિના પૂર્વે, વીજઉત્પાદન મથક માટે પ્રાથમિક અને ગૌણ બળતણના છેલ્લા પ્રાપ્તિ ભાવને ગણતરીમાં લેવાશે.

૫૮.૯ ચુનાના પથ્થર ઉતારવાના ભાવ, વીજઉત્પાદન મથક માટે ચુનાના પથ્થરની પ્રાપ્તિ માટેના ભાવ પર આધાર રાખીને ગણવામાં આવશે. જેમાં લાગુ પડે તે પ્રમાણે રોયલ્ટી, વેરા અને જકાતનો અને પરિવહન ખર્ચનો સમાવેશ થશે.

૫૮.૧૦ વીજઉત્પાદન કંપનીઓ હિતાધિકારીઓ દ્વારા બળતણની તંગીને કારણે અને મિશ્રણ મારફત આર્થિક સંચાલનના ઈષ્ટતમ ઉપયોગને લીધે કરાર કરેલ વીજળી પૂરી પાડવાની તેમજ વીજખરીદી સમજૂતિમાં સમજૂતિ સધાઈ હોય તે સિવાયના અન્ય કોલસા આધારિત થર્મલ વીજઉત્પાદન મથકો દ્વારા બળતણ પૂરવઠાના વૈકલ્પિક સ્ત્રોતનો આંશિક કે પૂરેપૂરો ઉપયોગ કરાય તેવા કેસમાં, બળતણ પુરવઠાના વૈકલ્પિક સ્ત્રોતોના ઉપયોગની વીજઉત્પાદન મથકને અનુમતિ આપવામાં આવશે.

પરંતુ આવા કેસમાં વીજખરીદી સમજૂતિમાં ખાસ સંમતિ સધાઈ હોય તે સિવાય અન્યથા આવા કેસમાં હિતાધિકારીઓની પૂર્વ મંજૂરી પૂર્વશરત બનશે નહીં.

પરંતુ બળતણના વૈકલ્પિક સ્રોતના ઉપયોગની વેઈટેજ સરેરાશ કિંમત, વિનિયમ ૫૮.૧૧ અનુસાર ગણી કાઢેલ બળતણની આધાર કિંમતના ૩૦%થી વધવી જોઈએ નહીં.

પરંતુ બળતણના વૈકલ્પિક સ્રોત સહિત બળતણના ઉપયોગની વેઈટેજ સરેરાશ કિંમત પર આધારિત વીજળી ખર્ચ તે વર્ષ માટે આયોગે મંજૂર કર્યા મુજબના આધારરૂપ વીજળી ખર્ચ દરના ૩૦% કરતાં વધે તથા વૈકલ્પિક સ્રોતો સાથેના બળતણના વેઈટેજ સરેરાશ બળતણની કિંમતને આધારીત વીજળી ખર્ચ, આગલા મહીના માટે બળતણની વેઈટેજ સરેરાશ કિંમત આધારીત વીજળી ખર્ચના ૨૦% કરતા વધુ હોય તો, તે પ્રસંગે તેમાંથી જે ઓછી હોય તે વિચારણામાં લેવાશે, હિતાધિકારીઓ સાથે પૂર્વ ચર્ચા વિચારણા પેહેલેથી મોડામાં મોડા ત્રણ દિવસમાં કરવામાં આવશે.

૫૮.૧૧ બિલ તૈયાર કરવા/બળતણ સરચાર્જ માટે વીજળી ખર્ચ, દરેક મથકના યુનિટમાંથી અનુસૂચિત વીજઉત્પાદન માટે વેઈટેજ સરેરાશ દરને આધારે મથકવાર ગણવામાં આવશે.

૫૮.૧૨ **બળતણની કિંમતનું સમાયોજન :**

બળતણના ભાવમાં કે ઉષ્મતા મૂલ્યમાં તફાવતને કારણે વીજળી ચાર્જ દરના સમાયોજનની ગણતરી કરાશે અને આયોગ (ECR) (બળતણના ભાવ સમાયોજન) વખતોવખત નક્કી કરે તે પ્રમાણે ચાર્જ લેવાશે.

૫૯. **જળવિદ્યુત વીજઉત્પાદન મથકો માટે ક્ષમતા ખર્ચ અને વીજળી ખર્ચની ગણતરી અને ચુકવણી :**

૫૯.૧ જળવિદ્યુત ઉત્પાદન મથકનો વાર્ષિક નિયત ખર્ચ, આ વિનિયમો હેઠળ નિર્દિષ્ટ ધોરણોને આધારે, વાર્ષિક ધોરણે ગણવામાં આવશે અને ક્ષમતા ખર્ચ (પ્રોત્સાહન ખર્ચ સહિત) અને વીજળી ખર્ચ અન્વયે માસિક ધોરણે વસૂલ કરાશે, જે વીજઉત્પાદન મથકની ક્ષમતામાં તેમના સંબંધિત હિસ્સાના પ્રમાણમાં હિતાધિકારીઓ દ્વારા ચુકવવાપાત્ર થશે.

૫૯.૨ કેલેન્ડર મહિના માટે જળવિદ્યુત ઉત્પાદન મથકને ચુકવવાપાત્ર ક્ષમતા ખર્ચ (પ્રોત્સાહન ખર્ચ સહિત) નીચે મુજબ રહેશે.

AFC x 0.5 x NDM / NDY x (PAFM / NAPAF) (રૂપિયામાં)

જ્યાં,

AFC= વર્ષ માટે નિર્દિષ્ટ વાર્ષિક નિયત ખર્ચ, રૂપિયામાં

NAPAF= સાધારણ પ્લાન્ટ પ્રાપ્યતા ફેક્ટર, ટકાવારીમાં

NDM = મહિનામાં દિવસોની સંખ્યા;

NDY = વર્ષમાં દિવસોની સંખ્યા;

PAFM = મહિનામાં હાંસલ કરેલ પ્લાન્ટ પ્રાપ્યતા ફેક્ટર, ટકાવારીમાં

૫૯.૩ PAFM નીચેની ફોર્મ્યુલા અનુસાર ગણવામાં આવશે :

$$PAFM = 10000 \times \sum_{i=1}^{N} DC_i / \{N \times IC \times (100 - AUX)\} \%$$

જ્યાં

AUX = સાધારણ સહાયક વીજળી વપરાશ, ટકાવારીમાં,

DCi = દિવસ પૂરો થયા પછી ગુજરાત રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા પ્રમાણિત કર્યા પ્રમાણે, મહિનાના i દિવસ માટે જાહેર કરેલી ક્ષમતા (એક્સ બસ મે.વો. માં) જે મથકથી ઓછમાં ઓછા ત્રણ કલાક માટે મોકલી શકાય.

IC = સંપૂર્ણ વીજઉત્પાદન મથક માટે સ્થાપિત શક્તિ (મે.વો. માં)

N = મહિનામાં દિવસોની સંખ્યા

૫૯.૪ કેલેન્ડર મહિના દરમિયાન ગણી કાઢેલ વીજળી ખર્ચના દરે, હિતાધિકારી સુધી પૂરી પાડેલ કુલ વીજળી માટે દરેક હિતાધિકારી પાસેથી વીજળી ખર્ચ વસૂલાતપાત્ર થશે.

વીજળી ઉત્પાદન કંપનીને મહિના માટે ચુકવવાપાત્ર કુલ વીજળી ખર્ચ રહેશે.

(વીજળી ખર્ચ દર કિ.વો. કલાક દીઠ રૂપિયામાં) X (વીજળી (એક્સ બસ)) મહિના માટે કિ.વો. કલાકમાં

૫૯.૫ જળવિદ્યુત ઉત્પાદન મથક માટે એક્સ-પાવર પ્લાન્ટ ધોરણે કિ.વો. કલાક દીઠ રૂપિયામાં વીજળી ખર્ચ દર, (ECR) નીચેની ફોર્મ્યુલાને આધારે ત્રણ દશાંશ સ્થળ સુધી નક્કી કરાશે.

ECR = AFC x 0.5 x 10 / {DE x (100 – AUX)};

જ્યાં

DE = નીચેના વિનિયમ ૫૮.૬ ની જોગવાઈઓને આધીન રહીને, જળવિદ્યુત ઉત્પાદન મથક માટે નિર્દિષ્ટ વાર્ષિક ડિઝાઈન વીજળી, મે.વો. કલાકમાં

૫૮.૬ વર્ષ દરમ્યાન જળવિદ્યુત ઉત્પાદન મથક દ્વારા ઉત્પાદીત ખરેખર કૂલ વીજળી, વીજ ઉત્પાદન કંપનીના કાબૂ બહારના કારણોને લીધે ડિઝાઈન વીજળી કરતાં ઓછી હોય તો, રોલિંગ ધોરણે નીચેની પ્રક્રિયા લાગુ પાડવી :

(૧) વીજઉત્પાદન મથકના વાણિજ્યિક સંચાલનની તારીખથી દશ વર્ષની અંદર વીજળીમાં ઘટ પડે તો, વીજળી ઘટવાળા વર્ષ પછીના વર્ષ માટે ECR આ વિનિયમોનાં, નિર્દિષ્ટ ફોર્મ્યુલા પ્રમાણે ગણતરી કરવી, જેમાં એટલો સુધારો કરવો કે જે પ્રમાણે વર્ષ માટેની ડિઝાઈન વીજળી ઘટના વર્ષ દરમ્યાન ઉત્પાદિત ખરેખર વીજળી સમતુલ્ય ગણવી, આગલા વર્ષ ની વીજળી ખર્ચ ઘટને બરાબર કરવામાં આવે ત્યાં સુધી સાધારણ ECR લાગુ પડશે, તે પ્રમાણે ગણતરી કરવી.

(૨) વીજઉત્પાદન મથકના વાણિજ્યિક સંચાલનની તારીખથી દશ વર્ષ પછી વીજળીમાં ઘટ પડે તો નીચેનો વિનિયમ લાગુ પડશે.

ધારોકે મથક માટેની નિર્દિષ્ટ વાર્ષિક ડિઝાઈન વીજળી (ડિઝાઈન વીજળી–મે.વો. કલાક) (DE) DE MWh, છે, અને પ્રસ્તુત (પ્રથમ) તથા તે પછીના (બીજા) નાણાકીય વર્ષ દરમ્યાન ઉત્પાદિત ખરેખર વીજળી અનુક્રમે A 1 અને A 2 MWh , જ્યાં A1, DE કરતાં ઓછી હોઈ, ત્યારે, ત્રીજા નાણાકીય વર્ષ માટે ECR ગણવા માટે આ વિનિયમોની ફોર્મ્યુલામાં ધ્યાનમાં લેવાની ડિઝાઈન વીજળી (A1 + A2 – DE) MWh તરીકે ગણવાપાત્ર કરાશે, જે અધિકતમ DE MWh અને A 1 MWh ને આધીન રહેશે;

(૩) ઉત્પાદિત ખરેખરી વીજળી (દા.ત. , A1, A2) મથકેથી બહાર મોકલેલ નેટ મીટર વીજળીને 100 / (100 – AUX) દ્વારા ગુણાકાર કરીને મેળવવામાં આવશે.

૫૮.૭ જળવિદ્યુત ઉત્પાદન મથક માટે વીજળી ખર્ચ દર (ECR) ઉપરના વિનિયમ ૫૮.૫ માં ગણતરી કર્યા મુજબ કિ.વો. કલાક દીઠ ૯૦ પૈસા વધે તો, અને વર્ષમાં વેચાણપાત્ર ખરેખર વીજળી {DE x (100 – AUX) / 10000} MWh, દીઠ વધે તો, ઉપરના વધુ વીજળી માટે, વીજળી ખર્ચ માત્ર કિ.વો. કલાક દીઠ ૯૦ પૈસા લેખે બિલમાં રહેશે.

પરંતુ વીજઉત્પાદન કંપનીના કાબૂ બહારના કારણોસર વર્ષ પછીના જે વર્ષમાં કૂલ ઉત્પાદિત વીજળી, ડિઝાઈન વીજળી કરતાં ઓછી હોય, ત્યાં આગલા વર્ષની વીજળી ખર્ચ ઘટ સરભર કરી લીધા પછી વીજળી ખર્ચ દર કિ.વો.કલાક દીઠ ૯૦ પૈસા ઘટાડવામાં આવશે.

૫૮.૮ ગુજરાત રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર, ઉપલબ્ધ હોવાનું જાહેર કરેલ તમામ વીજળીના મહતમ ઉપયોગ માટે હિતાધિકારીઓ સાથે ચર્ચા–વિચારણા કરીને જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે અનુસૂચિઓ નિયત કરશે, જે વીજમથકમાં તેમની સંબંધિત ફાળવણીના પ્રમાણમાં તમામ હિતાધિકારીઓ માટે અનુસૂચિત કરાશે.

૬૦. પ્રોત્સાહન ચુકવણી :

થર્મલ વીજઉત્પાદન મથક કે તેના યુનિટને, વિનિયમ–૫૩.૨ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે સાધારણ વાર્ષિક પ્લાન્ટ વીજભાર ફેક્ટરને આનુષંગિક એકસ–બસ વીજળી કરતાં વધારે અનુસૂચિત વીજઉત્પાદન આનુષંગિક એકસ–બસ અનુસૂચિત વીજળી માટે કિ.વો.કલાક દીઠ ઉચ્ચક દરે ૫૦ પૈસા ચુકવવાપાત્ર થશે.

૬૧. જાહેર કરેલી ક્ષમતાનું નિદર્શન :

૬૧.૧ ગુજરાત રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા જણાવવામાં આવે તેમ અને ત્યારે તેના વીજઉત્પાદન મથકની જાહેર કરેલી ક્ષમતા, વીજઉત્પાદન કંપનીએ દર્શાવવી જરૂરી બનશે. વીજઉત્પાદન કંપની ક્ષમતા જાહેર કરવામાં નિષ્ફળ જાય તેવા કિસ્સામાં વીજઉત્પાદન કંપનીનો ક્ષમતા ખર્ચ, દંડના પગલાંરૂપે ઘટાડાશે.

૬૧.૨ એક દિવસના કોઈપણ ગાળા/બ્લોક માટે પ્રથમ ખોટી જાહેરાત માટે દંડનું પ્રમાણ બે દિવસના નિયત ચાર્જને અનુરૂપ ચાર્જ કરાશે. બીજી ખોટી જાહેરાત માટે, ચાર દિવસો માટેના નિયત ચાર્જના સમતુલ્ય દંડ વસૂલ કરાશે અને વર્ષમાં તે પછીની ખોટી જાહેરાત માટે ભૌગોલિક શ્રેણીની રીતે દંડ વધતો જશે.

ગુજરાત રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રની સમીક્ષા માટે વીજઉત્પાદક મથકની સંચાલન લોગ બુક ઉપલબ્ધ કરવી જોઈશે. આવી બુકમાં મશીન સંચાલન અને જાળવણીની વિગતો રહેશે.

૬૨. ખર્ચનાં બિલ બનાવવા અને ચુકવણી :

૬૨.૧ વાર્ષિક નિયત ખર્ચ, વીજળી ખર્ચ અને બળતણ સરચાર્જ સમાયોજનનાં બિલો અને ચુકવણી, વર્ષના અંતે સમાયોજનને આધીન રહીને, માસિક ધોરણે કરાશે.

૬૨.૨ જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે ક્ષમતા ખર્ચ અને વીજળી ખર્ચમાં બિલ અને ચુકવણી માસિક ધોરણે કરાશે.

૬૩. સીડીએમ લાભોની હિસ્સેદારી :

૬૩.૧ મંજૂર કરાયેલ સ્વચ્છ વિકાસ તંત્ર–વ્યવસ્થા પરિયોજનામાંથી કાર્બન ક્રેડિટની ઉપજ, નીચેની રીતે વીજઉત્પાદન કંપની અને સંબંધિત હિતાધિકારીઓ વચ્ચે વહેંચાશે.

૬૩.૧.૧ વીજઉત્પાદન મથકના વાણિજ્યિક સંચાલનની તારીખ પછીના પ્રથમ વર્ષે CDM લાભને કારણે થયેલી ૧૦૦% એકંદર ઉપજ પરિયોજના વિકાસકર્તા રાખશે.

૬૩.૧.૨ બીજા વર્ષે હિતાધિકારીઓનો હિસ્સો ૧૦% રહેશે, જે ક્રમશ: દર વર્ષે ૫૦% સુધી પહોંચે ત્યાં સુધી ૧૦%ના દરે વધશે, ત્યારબાદ ઉપજ વીજઉત્પાદન કંપની અને હિતાધિકારીઓ દ્વારા સરખે ભાગે વહેંચાશે.

પ્રકરણ–૫

આંતર–રાજ્ય પ્રવહન

૬૪. પ્રયોજ્યતા :

૬૪.૧ આ પ્રકરણમાં સમાવિષ્ટ વિનિયમો, ગુજરાત રાજ્યમાં આંતર–રાજ્ય પ્રવહન સિસ્ટમમાં પ્રવેશ અને ઉપયોગ માટે પ્રશુલ્ક નક્કી કરવા બાબત લાગુ પડશે.

પરંતુ આયોગ, કેસના સંજોગોને ધ્યાનમાં લઈને આ ભાગમાં સમાવિષ્ટ ધોરણોથી માર્ગાન્તર કરી શકશે અથવા કેટલાક સંજોગોને ધ્યાનમાં રાખીને યોગ્ય લાગે ત્યાં ચોક્કસ કેસો માટેનાં વૈકલ્પિક ધોરણો નક્કી કરશે.

પરંતુ આવા માર્ગાન્તર માટેના કારણો લેખિતમાં નોંધણી રખાશે.

૬૪.૨ અધિનિયમની કલમ–૩૬ના જોગવાઈ અન્વયે, પરવાનેદારે આ અંગે કરેલી અરજીના અનુસંધાનમાં ઈન્ટરવીનીંગ પ્રવહન સુવિધાઓના ઉપયોગ માટે દર, ચાર્જીસ, શરતો નિર્દિષ્ટ કરવા અંગે આ પ્રકરણમાં સમાવિષ્ટ વિનિયમો દ્વારા આયોગ માર્ગદર્શન મેળવશે.

૬૫. પ્રશુલ્કતા ઘટકો :

૬૫.૧ નિયંત્રણ મુદતના દરેક નાણાકીય વર્ષ માટે વાર્ષિક પ્રવહન ખર્ચમાં, આયોગે મંજૂર કર્યા પ્રમાણે આગલા વર્ષની બિન પ્રશુલ્ક આવક, અન્ય ધંધામાંથી આવક અને ટૂંકાગાળાના પ્રવહન ખર્ચની રકમ બાદ કરતા નિયંત્રણ મુદતના સંબંધિત નાણાકીય વર્ષ માટે પ્રવહન પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાતની વસૂલાત માટે જોગવાઈ કરાશે.

પરંતુ, કલમ–૬૩ અનુસાર સ્પર્ધાત્મક રીતે આપેલ પ્રવહન સિસ્ટમની પરિયોજનાઓના કેસમાં અને પ્રવહન માટેની સ્પર્ધાત્મક બોલીઓ માટેની માર્ગદર્શક સૂચનાઓ અનુસાર, વાર્ષિક પ્રવહન ચાર્જીસ, આવી સ્પર્ધાત્મક ધોરણે અપાયેલી પ્રવહન પરિયોજનાઓ દ્વારા ટાંકેલ વાર્ષિક પ્રવહન સર્વિસ (TSC) ચાર્જ અનુસાર રહેશે.

૬૫.૨ પ્રવહન પરવાનેદારના વાર્ષિક પ્રવહન ચાર્જ, આ વિનિયમોના પ્રકરણ–૨ અનુસાર પ્રવહન પરવાનેદારે કરેલ એકંદર મહેસૂલી જરૂરિયાત નક્કી કરવા માટેની અરજીના આધારે આયોગ દ્વારા નક્કી કરાશે.

૬૬. મૂડીરોકાણ યોજના :

૬૬.૧ પ્રવહન પરવાનેદાર, વીજભાર વૃદ્ધિ, પુરવઠાની ગુણવત્તામાં સુધારણા, વિશ્વસનીયતા, મીટર–વ્યવસ્થા, ગીચતામાં ઘટાડો વગેરે જરૂરિયાત પહોંચી વળવા નિયંત્રણ મુદતના દરેક વર્ષ માટે વિગતવાર મૂડીરોકાણ યોજના, નાણાં ધિરાણ યોજના અને ભૌતિક લક્ષ્યાંકો, નિયંત્રણ મુદત માટે બહુવર્ષીય એકંદર મહેસૂલી જરૂરિયાતના ભાગ તરીકે આયોગ સમક્ષ રજૂ કરશે.

પરંતુ મૂડી રોકાણ યોજના, નિયંત્રણ મુદતના દરેક વર્ષ માટે રજૂ કરાશે.

પરંતુ મૂડીરોકાણ યોજનાની સાથે જરૂર પ્રમાણે તેવી અને રૂપરેખાંકનો વિગતો અને દસ્તાવેજો રાખવામાં આવશે, જેમાં bay ની સંખ્યા, નામ, અને ગ્રિડ પેટા–મથકોનાં સ્થળ, પેટા–મથક ક્ષમતા (MVA), પ્રવહન લાઇનની લંબાઇ (ckt-km) સહિત, પરંતુ તેટલા પૂરતું મર્યાદિત નહીં તેવી સૂચિત મૂડીરોકાણ માટેની જરૂરિયાત, વિચારેલ વિકલ્પો, ખર્ચ/લાભ પૃથ્થકરણ અને પ્રવહન ખર્ચ પર ભારણ હોય તેવાં બીજાં પાસાં દર્શાવતી માહિતી રહેશે.

૬૬.૨ પ્રવહન પરવાનેદારની મૂડીરોકાણ યોજના આંતર–રાજ્ય પ્રવહન સિસ્ટમ માટેની પ્રવહન સિસ્ટમ યોજના સાથે સુસંગત રહેશે.

૬૭. સંચાલન માટેનાં ધોરણો :

પ્રવહન સિસ્ટમ માટે લક્ષ્યાંક ઉપલબ્ધતા નીચે પ્રમાણે રહેશે.

(૧) વાર્ષિક પ્રવહન ખર્ચની સંપૂર્ણ વસૂલાત માટે :

(ક) એ.સી સિસ્ટમ – ૯૮ ટકા

(ખ) HVDC બાય–પોલ લિંક અને HVDV બેક ટુ બેક મથકો – ૯૫ ટકા

નોંધ– ૧ :

લક્ષ્યાંક ઉપલબ્ધતાથી નીચેના વાર્ષિક પ્રવહન ચાર્જીસની વસુલી ભાગે પડતી હોવી જોઇએ. શૂન્ય ઉપલબ્ધતા એ કોઇ પ્રવહન ચાર્જીસની ચૂકવણી કરશે નહીં.

નોંધ– ૨ :

ખરેખરી પ્રાપ્યતા આ વિનિયમોના જોડાણ–૨ માં આપેલી જોગવાઇ અનુસાર ગણવામાં આવશે અને આ વિનિયમોના પરિશિષ્ટ–૧ અને જોડાણ–૨ માં નિર્દિષ્ટ ઢાંચા પ્રમાણે ગુજરાત રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા પ્રમાણિત કરાશે.

પરંતુ નવા HVDC મથકો માટે, લક્ષ્યાંક પ્રાપ્યતા પ્રોત્સાહનના હેતુસર સંચાલનનાં પ્રથમ ત્રણ વર્ષ માટે ૯૫ટકા ગણવામાં આવશે.

પરંતુ વધુમાં ૯૯.૭૫ટકા ઉપરની પ્રાપ્યતા માટે કોઇ પ્રોત્સાહન ચુકવવાપાત્ર થશે નહીં.

પરંતુ એ.સી સિસ્ટમ માટે, વર્ષ દીઠ બે ટ્રિપીંગની મંજૂરી મળશે અને વર્ષ માં બે ટ્રિપીંગ પછી, ખરેખર અનુપયોગ કાળ ઉપરાંત વધારાના ૧૨ કલાકનો અનુપયોગકાળ ધ્યાનમાં લેવામાં આવશે.

પરંતુ વીજઉત્પાદન મથકેથી વીજળી ખાલી કરવા પર અસર કરતાં પ્રવહન તત્વના અનુપયોગના કેસમાં પણ અનુપયોગના કલાકને ૨ ના ફેક્ટરથી ગુણવામાં આવશે.

૬૮. **એકંદર મહેસૂલી જરૂરિયાતની ગણતરી :**

૬૮.૧ પ્રવહન પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાતમાં નીચેનાનો સમાવેશ થશે, જેમકે,

(ક) ઘસારા–ખર્ચ;

(ખ) લોન મૂડી પર વ્યાજ અને નાણા ધિરાણ ખર્ચ;

(ગ) કાર્યકારી મૂડી પર વ્યાજ અને પ્રવહન સિસ્ટમ વપરાશકર્તા પાસેથી અનામત;

(ઘ) સંચાલન અને નિભાવ ખર્ચ;

(ચ) આકસ્મિક અનામતમાં ફાળો, કાંઇ હોય તો;

(છ) ઇક્વીટી પર રીટર્ન;

બાદ

(જ) પ્રશુલ્ક સિવાયની આવક

(ઝ) છેલ્લા ઓડિટ કરાયેલા આંકડાને આધારે અંદાજીત ટૂંકા ગાળાના પ્રવહન ખર્ચમાંથી આવક; અને

(ટ) બીજા ધંધામાંથી આ વિનિયમોમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે આવક ;

પરંતુ આ વિનિયમોના પ્રકરણ–૩માં નિર્દિષ્ટ જોગવાઇઓ અનુસાર પ્રવહન પરવાનેદાર માટે ઘસારા ખર્ચ, લોન મૂડી પર વ્યાજ અને નાણાધિરાણ ખર્ચ, કાર્યકારી મૂડી પર વ્યાજ અને ઇક્વીટી પર રીટર્ન મળશે.

પરંતુ વધુમાં, આયોગ, વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને, કેસથી કેસના ધોરણે, ઓડિટ કરેલા હિસાબોના આધારે, ટ્રુ–અપ કામગીરી કરતી વખતે, મુદત પૂર્વેની આવક/ખર્ચને મંજૂર કરશે.

૬૮.૨ સંચાલન અને નિભાવ ખર્ચ

૬૮.૨.૧ હાલના પ્રવહન પરવાનેદાર

ગુજરાત વીજળી પ્રવહન કંપની લીમિટેડ (જેટકો)

કોઠો– ૧૪ : સંચાલન અને નિભાવ ખર્ચ– Bay દીઠ રૂ.લાખમાં અને ckt.km. દીઠ રૂ. લાખમાં

વિગતો	નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭	નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮	નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯	નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦	નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧
સંચાલન અને નિભાવ ખર્ચ/ Bay	૭.૫૦	૮.૦૪	૮.૫૦	૮.૯૮	૯.૫૦
સંચાલન અને નિભાવ ખર્ચ/ ckt km	૦.૬૪	૦.૬૮	૦.૭૨	૦.૭૬	૦.૮૧

પરંતુ પ્રવહન પરવાનેદારે, ટ્રુ-અપ કામગીરી કરતી વખતે વર્ષ દરમિયાન, બે (**Bay**) ની સંખ્યા અને ઉમેરેલ પ્રવહન લાઈનની સર્કિટ કિલોમીટર માટે મુખ્ય વીજળી નિરીક્ષક પાસેથી પ્રમાણપત્ર લઈને રજૂ કરવાનું રહેશે.

૬૮.૨.૨ નવા પ્રવહન પરવાનેદાર માટે :

નવા પ્રવહન પરવાનેદારો માટે વર્ષવાર સંચાલન અને નિભાવ ધોરણો કેસથી કેસના ધોરણે નક્કી કરાશે.

પરંતુ સ્પર્ધાત્મક બોલીઓને ધોરણે આપવામાં આવેલી નવી પરિયોજનાઓને તે ધોરણો લાગુ પડશે નહીં.

સ્પષ્ટીકરણ-૧ :

'**નવા પ્રવહન પરવાનેદાર**' એટલે આ વિનિયમો અમલમાં આવ્યાની તારીખ પછી, આયોગે જેમને માટે પ્રવહન લાઈસન્સ મંજૂર કર્યું અને જેમની પ્રવહન પરિયોજના અસ્કયામતો ૩૧ માર્ચ, ૨૦૧૬ પછી શરૂ કરવામાં આવી તે પ્રવહન પરવાનેદાર

સ્પષ્ટીકરણ-૨ :

વિનિયમ ૬૮.૨.૧ અન્વયે સાધારણ સંચાલન અને નિભાવ ખર્ચ મેળવવાના હેતુ માટે બે (**Bay**) એટલે પ્રવહન પરવાનેદારના પેટા-મથકે પ્રવહન લાઈન, બસ સેક્શન બ્રેકરો, સંભવિત ટ્રાન્સફોર્મરો, પાવર ટ્રાન્સફોર્મરો, કેપેસિટર્સ અને ટ્રાન્સફર બ્રેકર અને બસમાંથી નીકળતાં ફીડરોને જોડવા માટે જરૂરી સહાયક સામગ્રીનો સેટ. વધુમાં અહીં ઉલ્લેખ કરેલ **Bay** માં માત્ર પ્રવહન પેટા-મથકના બે (**Bay**) નો જ સમાવેશ થશે અને જેમના નિભાવની જવાબદારી સામાન્યપણે વીજઉત્પાદન કંપનીની હોય તેવા વીજઉત્પાદન મથકના સ્વિચયાર્ડના કોઈપણ બે (**Bay**) નો સમાવેશ થશે નહીં.

૬૮.૩ આકસ્મિક અનામતમાં ફાળો :

૬૮.૩.૧ પ્રવહન પરવાનેદાર, દર વર્ષે, વર્ષની શરૂઆતમાં નિયત અસ્કયામતોના મૂળ ખર્ચના ૦.૫ ટકા કરતાં વધુ ન હોય, તેવી રકમ આકસ્મિક અનામત (રીઝર્વ) માં વિનિયોગ કરી શકશે, જેને એકંદર મહેસૂલી જરૂરિયાતની ગણતરીમાં પરવાનગી અપાશે.

પરંતુ આવા આકસ્મિક અનામતની રકમ નિયત અસ્કયામતોની ૫ ટકા કરતાં વધી જાય ત્યાં, આવા કોઈ વિનિયોગને છૂટ અપાશે નહીં, જેની ઉક્ત અધિકતમ રકમ ઉપરાંતના અનામત પર વધારો થવાની અસર પડશે.

પરંતુ વધુમાં નાણાકીય વર્ષ પૂરું થવાના છ મહિનાની મુદતમાં આવી વિનિયોગ કરાયેલી રકમ, ૧૮૮૨ના ભારતીય ટ્રસ્ટ અધિનિયમ અન્વયે અધિકૃત જામીનગીરીઓમાં રોકવામાં આવી શકે.

પરંતુ આ રીતે વિનિયોગ કરાયેલી રકમ આ રીતે જામીનગીરીઓમાં રોકવામાં ન આવે તો, પ્રવહન પરવાનેદાર દ્વારા અર્જીત ખરેખર વ્યાજની આવક કે જે તે વર્ષ માટેના વેઈટેજ એવરેજ સ્ટેટબેંક રેટ પર ગણવામાં આવે તે પ્રસંગે પ્રવહન પરવાનેદારની બિન-પ્રશુલ્ક આવક હેઠળ સમાવિષ્ટ કરાશે.

૬૮.૩.૨ આયોગે મંજૂર કરેલા ખર્ચ સિવાયના ખર્ચને, કે જે નીચે મુજબ છે તેને પહોંચી વળવા લાઈસન્સની મુદત દરમ્યાન આકસ્મિક ઉપાડ કરી શકાશે નહીં.

(ક) મેનેજમેન્ટ અટકાવી ન શકે તેવા અકસ્માતો, કુદરતી આફતો કે સંજોગોને કારણે થતાં ખર્ચ કે નફામાં નુકશાન,

(ખ) સાધારણ નિભાવ કે નવીકરણ માટે જરૂરિયાત ખર્ચ સિવાયના અન્ય પ્લાન્ટ કે કામોની ફેરબદલી કે તે દૂર કરવા અંગે ખર્ચ,

(ગ) તે સમયે અમલમાં હોય તેવા કાયદા અન્વયે અને તેના માટે બીજી કોઈ જોગવાઈ ન કરી હોય ત્યારે ચૂકવવાપાત્ર વળતર.

પરંતુ વીમા કવચ અને સરકારી અનુદાન જો કોઈ હોય તો, તેના ભાગ તરીકે પરવાનેદારને મળતાં બીજા કોઈ વળતરનું સમાયોજન કર્યા પછી આકસ્મિક અનામતમાંથી કરેલ આવો ઉપાડ ગણતરીમાં લેવાશે.

૬૮.૩.૩ ઉપર દર્શાવેલ આકસ્મિક અનામતના મૂલ્યમાં કોઈ ઘટાડાનું પ્રશુલ્કના ભાગ તરીકે સમાયોજન કરવા દેવામાં આવશે નહીં.

૬૯. બિન-પ્રશુલ્ક આવક :

૬૯.૧ આયોગે મંજૂર કર્યા પ્રમાણે પ્રવહન ધંધાને લગતી બિનપ્રશુલ્ક આવકની રકમ, પ્રવહન પરવાનેદારના વાર્ષિક પ્રવહન ચાર્જ નક્કી કરવા, એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી બાદ કરાશે.

પરંતુ પ્રવહન પરવાનેદાર, એકંદર મહેસૂલી જરૂરિયાત નક્કી કરવાની તેની અરજીની સાથે બિનપ્રશુલ્ક આવકની તેની આગાહીની પૂરી વિગતો આયોગ સમક્ષ રજૂ કરશે.

૬૯.૨ બિન-પ્રશુલ્ક આવક માટે ધ્યાનમાં લેવાના વિવિધ સદરોની નિર્દેશક યાદી નીચે પ્રમાણે રહેશે.

(ક) જમીન કે મકાનો પરના ભાડામાંથી આવક;

(ખ) ભંગારના વેચાણમાંથી આવક;

(ગ) વૈધાનિક રોકાણોમાંથી આવક;

(ઘ) આકસ્મિક અનામત મૂડી રોકાણ પર વ્યાજની આવક;

(ચ) પુરવઠાકારો / કોન્ટ્રાકટરોને પેશગી પર વ્યાજની આવક;

(છ) સ્ટાફ નિવાસોનું ભાડું;

(જ) કોન્ટ્રાકટરો પાસેથી ભાડું;

(ઝ) કોન્ટ્રાકટરો અને અન્ય પાસેથી ભાડા ખર્ચમાંથી આવક;

(ટ) જાહેરખબરમાંથી આવક, વગેરે;

(ઠ) સમાંતર સંચાલન ખર્ચ જેવી મિસેલેનીઅસ રીસીપ્ટ;

(ડ) વાર્ષિક હિસાબો અનુસાર અનુદાન, સહાયકી વગેરેમાંથી વિલંબિત આવક;

(ઢ) પ્રત્યક્ષ ખરાઈ પર જણાયેલ વધારો;

(ણ) મૂડી રોકાણો, નિયત અને કોલ અનામતો અને બેંક પુરાંત પર વ્યાજ;

(ત) મુદત પૂર્વેની આવક વગેરે

પરંતુ પ્રવહન પરવાનેદારના નિયંત્રણ ધંધાને આનુષંગિક ઇક્વીટી પરના રીટર્નમાંથી કરેલ મૂડી રોકાણમાંથી અર્જીત વ્યાજ/ ડિવિડન્ડો બિનપ્રશુલ્ક આવકમાં સમાવિષ્ટ કરાશે નહીં.

૭૦. **અન્ય ધંધામાંથી આવક :**

પ્રવહન પરવાનેદાર કોઈ અન્ય ધંધામાં રોકાયેલ હોય ત્યાં આવા ધંધાને સંબંધિત પ્રત્યક્ષ અને પરોક્ષ તમામ ખર્ચને બાદ કર્યા પછી આવા અન્ય ધંધામાંથી બે તૃતીયાંશ જેટલી આવક બરાબર રકમ પ્રવહન પરવાનેદારના વાર્ષિક પ્રવહન ખર્ચ ગણવામાં એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી બાદ કરાશે.

પરંતુ પ્રવહન પરવાનેદાર, પ્રવહન ધંધા અને અન્ય ધંધા વચ્ચે થયેલ તમામ સંયુક્ત અને સામાન્ય ખર્ચની ફાળવણી કરવા વાજબી આધારને અનુસરશે અને ઔદ્યોગિક ઓડિટરો દ્વારા યોગ્ય રીતે ઓડિટ કરેલ અને પ્રમાણિત કરેલ ફાળવણી પત્રક, પ્રશુલ્ક નક્કી કરવાની અરજીની સાથે આયોગને સોંપશે.

પરંતુ આવા અન્ય ધંધાના પ્રત્યક્ષ અને પરોક્ષ ખર્ચનો કુલ સરવાળો, આવા બીજા ધંધાની આવક કરતાં વધી જાય ત્યાં આવા બીજા ધંધાને કારણે રકમ પ્રવહન પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાતમાં ઉમેરવા દેવામાં આવશે નહીં.

૭૧. **પ્રવહન ખર્ચ નક્કી કરવું :**

૭૧.૧ આયોગ, પ્રવહન પરવાનેદારની પ્રવહન સિસ્ટમના ઉપયોગ માટે વાર્ષિક પ્રવહન ખર્ચ એ રીતે નક્કી કરશે કે જેથી આયોગે મંજૂર કર્યા મુજબ નાણાકીય વર્ષ માટેની પ્રવહન પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાત વસૂલ કરવામાં આવે.

૭૧.૨ પ્રવહન પરવાનેદારની વાર્ષિક પ્રવહન ખર્ચ, આ વિનિયમોના પ્રકરણ–૨ અનુસાર પ્રશુલ્ક નક્કી કરવા માટે પ્રવહન પરવાનેદારે કરેલી અરજીના આધારે આયોગ દ્વારા નક્કી કરાશે.

૭૨. **આંતર–રાજય પ્રવહન નેટવર્ક માટે ખર્ચમાં હિસ્સેદારી :**

૭૨.૧ આયોગ દ્વારા મંજૂર કર્યા પ્રમાણે પ્રવહન પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાત, નીચેની ફોર્મ્યુલા અનુસાર, કુલ કરાર કરાયેલ પ્રવહન ક્ષમતાના પ્રમાણમાં તેમની સંબંધિત કરારયુક્ત પ્રવહન ક્ષમતાના ગુણોત્તરમાં, માસિક ધોરણે પ્રવહન સિસ્ટમના તમામ લાંબાગાળાના વપરાશકર્તા અને મધ્યમ ગાળાના વપરાશકર્તા દ્વારા વહેંચાશે.

$$ATC_n = (\text{પ્રવહન } ARR \times CC_n \div SCC) \div 12$$

જ્યાં

ATC_n = લાંબા ગાળાના અથવા મધ્યમ ગાળાના નંબર વપરાશકર્તા દ્વારા ચૂકવવાપાત્ર વાર્ષિક પ્રવહન ખર્ચ;

પ્રવહન ARR = આ વિનિયમોના વિનિયમ ૬૮ અનુસાર નક્કી કરાયેલ પ્રવહન પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાત;

CC_n = પ્રવહન સિસ્ટમના n નંબરના લાંબાગાળાના વપરાશકર્તા કે મધ્યમ ગાળાના વપરાશકર્તા દ્વારા કરાર કરેલ ક્ષમતા મે.વો. માં

SCC = પ્રવહન સિસ્ટમના સર્વ લાંબાગાળાના વપરાશકર્તા કે મધ્યમગાળાના વપરાશકર્તા દ્વારા કરાર કરેલ ક્ષમતાનો મે.વો. માં સરવાળો.

પરંતુ, પ્રવહન સિસ્ટમના દરેક લાંબાગાળાના વપરાશકર્તા કે મધ્યમ ગાળાના વપરાશકર્તા દ્વારા માસિક ધોરણે ATCs ચૂકવવાપાત્ર થશે, અને તે રાજ્ય પ્રવહન યુટીલીટી (STU) દ્વારા એકત્રિત કરવામાં આવશે.

૭૨.૨ પ્રવહન સિસ્ટમના ટૂંકા ગાળાના વપરાશકર્તા નીચેની ફોર્મ્યુલા અનુસાર રૂ/મે.વો./દિવસના ધોરણે પ્રવહન ખર્ચ ચૂકવશે.

TC (રૂ. /મે.વો/દિવસ) = (પ્રવહન ARR ÷ SCC) ÷ ૩૬૫,

જ્યાં

TC (રૂ. /મે.વો/દિવસ) = (પ્રવહન સિસ્ટમના ટૂંકા ગાળાના વપરાશકર્તા દ્વારા ચૂકવવાપાત્ર પ્રવહન ખર્ચ;

પ્રવહન ARR = આ વિનિયમોના વિનિયમ–૬૮ અનુસાર નક્કી કરાયેલ પ્રવહન પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાત;

SCC = પ્રવહન સિસ્ટમના તમામ લાંબાગાળાના વપરાશકર્તા અને મધ્યમગાળાના વપરાશકર્તા દ્વારા કરારયુક્ત ક્ષમતાનો સરવાળો મે.વો. માં;

૭૨.૩ વીજળી વિનિયમ મારફત ટૂંકાગાળાની એકત્રિત લેવડ–દેવડો માટે પ્રવહન ખર્ચ, નીચેની ફોર્મ્યુલા અનુસાર (રૂ. / કિ.વો. કલાક) માં નક્કી કરાશે.

TC (રૂ. / કિ.વો.કલાક) = પ્રવહન ARR ÷ વ્હીલ કરેલ કુલ યુનિટ,

જ્યાં,

TC (રૂ. / કિ.વો.કલાક) = વીજળી વિનિયમ મારફત ટૂંકાગાળાની એકત્રિત લેવડ–દેવડમાં ચૂકવવાપાત્ર પ્રવહન ખર્ચ;

પ્રવહન ARR = આ વિનિયમોના વિનિયમ–૬૮ અનુસાર નક્કી કરાયેલ પ્રવહન પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાત;

વ્હીલ કરેલ કુલ યુનિટો = પ્રવહન સિસ્ટમ દ્વારા વ્હીલ કરેલ કુલ વીજળી યુનિટો, જે નાણાકીય વર્ષ દરમ્યાન આંતર–રાજ્ય પ્રવહન સિસ્ટમમાં કરેલ કુલ વીજળી નિવેશની બરાબર રહેશે.

૭૨.૪ નિયંત્રણ મુદતના દરેક વાર્ષિક મુદત માટે ટૂંકાગાળાના ખુલ્લા પ્રવેશના ખર્ચમાંથી મહેસૂલ, નિયંત્રણ મુદત શરૂ થયાના એક વર્ષ પૂર્વે વાર્ષિક મુદત દરમ્યાન પ્રવર્તમાન હોય તે મુજબ ગણવામાં આવશે. આમછતાં, ટૂંકાગાળાના ખુલ્લા પ્રવેશ ચાર્જમાંથી ખરેખરા મહેસૂલમાં તફાવતને કારણે સમાયોજન, વાર્ષિક ટ્રુ–અપ કરતી વખતે હાથ ધરાશે.

૭૩. પ્રોત્સાહન :

૭૩.૧ પ્રવહન પરવાનેદાર, નીચેની ફોર્મ્યુલા અનુસાર વિનિયમ ૬૭(૨) હેઠળ ઠરાવેલ લક્ષ્યાંક પ્રાપ્યતા ઉપરાંતની વાર્ષિક પ્રાપ્યતામાં વધારો કરવા પ્રોત્સાહન માટે હકદાર બનશે.

$$\text{પ્રોત્સાહન} = ATC \times \frac{[\text{વાર્ષિક હાંસલ કરેલ પ્રાપ્યતા} - \text{લક્ષ્યાંક પ્રાપ્યતા}]}{\text{લક્ષ્યાંક પ્રાપ્યતા}}$$

જ્યાં ATC = સંબંધિત વર્ષ માટે પ્રવહન પરવાનેદારની પ્રવહન સિસ્ટમ માટે આયોગે નક્કી કરેલ વાર્ષિક પ્રવહન ખર્ચ

૭૩.૨ વર્ષ માટે તેમની ફાળવેલ સરેરાશ પ્રવહન ક્ષમતાના ગુણોત્તરમાં લાંબાગાળાના અને મધ્યમગાળાના વપરાશકર્તાઓ દ્વારા પ્રોત્સાહનમાં વહેંચણી કરાશે.

૭૪. આંતર–રાજ્ય પ્રવહન સિસ્ટમનો ઉપયોગ :

૭૪.૧ ખુલ્લા પ્રવેશની લેવડ–દેવડોને લગતી તમામ બાબતો આયોગ દ્વારા વખતોવખત બહાર પડતાના આદેશો મારફત સુધારા કર્યા મુજબ અને લાગુ પડે તે પ્રમાણે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (આંતરરાજ્ય ખુલ્લા પ્રવેશની શરતો) વિનિયમો, ૨૦૧૧ અનુસાર હાથ ધરવામાં આવશે.

૭૪.૨ આ વિનિયમોમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે આંતર–રાજ્ય પ્રવહન ઉપયોગ માટેનું ખર્ચ વિવિધ પ્રવહન સિસ્ટમ યુનિટોમાં વહેંચાશે.

૭૫. પ્રવહન ઘટ :

રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા નક્કી કરાયા પ્રમાણે, પ્રવહન પરવાનેદારની પ્રવહન સિસ્ટમની વીજળી ખાધ, પ્રવહન સિસ્ટમના વપરાશકર્તાઓ, આંતર–રાજ્ય પ્રવહન સિસ્ટમના તેમના ઉપયોગના પ્રમાણમાં ભોગવશે.

૭૬. ભારત સરકારની કોઈપણ યોજનાની પારિણામિક અસર

અન્ય એકમો દ્વારા એકમ/એકમો માટે ચૂકવવાપાત્ર પ્રવહન ખર્ચ પર, એકમ/એકમો માટે પ્રવહન ખર્ચ, પ્રોત્સાહન અને માફ જતી કરવા/ ઘટાડો કરવાની ભારત સરકારની કોઈપણ યોજનાની પારિણામિક અસર અંગે આયોગે વખતોવખત બહાર પાડેલા અલગ આદેશો મારફત કામગીરી હાથ ધરાશે.

પ્રકરણ–૬

રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રની ફી અને ખર્ચ :

૭૭. પ્રયોજ્યતા :

રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા વસૂલ કરવાની ફી અને ખર્ચ નક્કી કરવા, આ પ્રકરણમાં સમાવિષ્ટ વિનિયમો લાગુ પડશે.

૭૮. મૂડી રોકાણ યોજના :

૭૮.૧ રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર, સમગ્ર નિયંત્રણ મુદત માટે બહુવર્ષીય એકંદર મહેસૂલી જરૂરિયાત ભાગ તરીકે આયોગની મંજૂરી માટે દર વર્ષ માટે વિગતવાર મૂડી રોકાણ યોજના, નાણા–ધિરાણ યોજના અને ભૌતિક લક્ષ્યાંક રજૂ કરશે.

૭૮.૨ રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર, આ વિનિયમોના પ્રકરણ–૨ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે મૂડીરોકાણ યોજના રજૂ કરશે.

૭૯. વીજ ઉત્પાદન કંપનીઓ, પરવાનેદારો અને મધ્યમ ગાળાના ખુલ્લા પ્રવેશના હિતાધિકારીઓ પાસેથી ખર્ચ લેવો અને વસૂલાત :

૭૯.૧ રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રે કરેલું તમામ ખર્ચ અલગથી હિસાબે લેવાશે.

૭૯.૨ વીજળી અધિનિયમની કલમ–૩૨ માં નિર્દિષ્ટ કરેલાં કાર્યો બજાવવામાં, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રએ કરેલું ખર્ચ વીજઉત્પાદન કંપની, પરવાનેદાર અને મધ્યમગાળાના ખુલ્લા પ્રવેશના હિતાધિકારીઓ પાસેથી ચાર્જીસ મારફત વસૂલ કરાશે.

૭૯.૩ વીજઉત્પાદન કંપનીઓ, પરવાનેદાર અને મધ્યમગાળાના ખુલ્લા પ્રવેશના હિતાધિકારીઓ પાસેથી વસૂલ કરવાનું ખર્ચ નીચેના ખર્ચને ધ્યાનમાં લઈને નક્કી કરાશે.

(ક) સંચાલન અને નિભાવ ખર્ચ

(ખ) ઘસારા–ખર્ચ

(ગ) વ્યાજ અને નાણા ધિરાણ ખર્ચ

(ઘ) કાર્યકારી મૂડી પર વ્યાજ

(ચ) ઈક્વિટી પર રીટર્ન

બાદ

(છ) બિન–પ્રશુલ્ક આવક :

પરંતુ, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર માટે ઘસારા ખર્ચ, વ્યાજ અને નાણા–ધિરાણ ખર્ચ, કાર્યકારી મૂડી પર વ્યાજ અને ઈક્વિટી પર રિટર્નની, આ વિનિયમોના પ્રકરણ–૩ માં નિર્દિષ્ટ જોગવાઈઓ અનુસાર મંજૂરી અપાશે.

પરંતુ વધુમાં વિવેકપૂર્ણ તપાસને આધીન, કેસથી કેસના ધોરણે, ઓડિટ કરેલા હિસાબોને આધારે ટ્રુ–અપ કામગીરી કરતી વખતે આયોગ દ્વારા પૂર્વ–મુદતી આવક/ખર્ચ મંજૂર કરાશે.

૭૯.૪ સંચાલન અને નિભાવ ખર્ચ :

(ક) આયોગ દ્વારા વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને ૩૧મી માર્ચ, ૨૦૧૫ના રોજ પૂરા થતાં ત્રણ વર્ષ માટે ખરેખર સંચાલન અને નિભાવ ખર્ચની સરેરાશને આધારે વીમા સહિત સંચાલન અને નિભાવ ખર્ચ તારવવામાં આવશે.

(ખ) વીમા સહિત આવા સંચાલન અને નિભાવ ખર્ચની સરેરાશ, ૩૧મી માર્ચ, ૨૦૧૬ના રોજ પૂરા થતાં નાણાકીય વર્ષ માટે સંચાલન અને નિભાવ ખર્ચ તરીકે ધ્યાનમાં લેવાશે અને ૨૦૨૦– ૨૧ સુધીના પાછળના નાણાકીય વર્ષો માટે સંચાલન અને નિભાવ ખર્ચ કંડિકા ૫.૭૨ ક્રં ના વૃદ્ધિ ફેક્ટર પ્રમાણે વર્ષોવર્ષ વધારાશે.

૮૦. બિનપ્રશુલ્ક આવક :

૮૦.૧ આયોગે મંજૂર કર્યા પ્રમાણે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રને લગતા બિનપ્રશુલ્ક આવકની રકમ, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રના ચાર્જીસ નક્કી કરવામાં એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી બાદ કરાશે.

પરંતુ રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર, આયોગ દ્વારા વખતોવખત નક્કી કરાય તેવા ફોર્મમાં, આયોગને બિન-પ્રશુલ્ક આવકની તેની આગાહીની પૂરી વિગતો રજૂ કરશે.

૮૦.૨ બિનપ્રશુલ્ક આવક અન્વયે વિવિધ સદરોની નિર્દેશક યાદી નીચે પ્રમાણે ધ્યાનમાં લેવામાં આવશે.

(ક) જમીન કે મકાન પરના ભાડામાંથી આવક;

(ખ) ભંગારના વેચાણમાંથી આવક;

(ગ) પુરવઠાકારો/કોન્ટ્રાક્ટરોને પેશગી પર વ્યાજ;

(ઘ) સ્ટાફ નિવાસોનું ભાડું;

(ચ) કોન્ટ્રાક્ટરો પાસેથી ભાડું;

(છ) કોન્ટ્રાક્ટરો અને અન્ય પાસેથી ભાડા ખર્ચમાંથી થતી આવક;

(જ) અનુસૂચિ તૈયાર કરવા અને સિસ્ટમ સંચાલન ખર્ચ;

(ઝ) અરજી ફી, વગેરે જેવી મિસેલેનીયસ રીસીપ્ટ;

(ટ) પ્રત્યક્ષ ખરાઈ પર જણાયેલ વધારો;

(ઠ) મૂડી રોકાણો, નિયત અને કોલ અનામતો અને બેંક પૂરાંત પર વ્યાજ;

(ડ) પૂર્વ મુદતની આવક વગેરે;

પરંતુ રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રની ઇક્વિટી પરના રિટર્નમાંથી કરેલ મૂડી રોકાણમાંની અર્જીત વ્યાજ/ ડિવિડન્ડની બિન-પ્રશુલ્ક આવકમાં સમાવેશ કરાશે નહીં.

૮૧. **રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રની ફી અને અરજી નક્કી કરવા :**

આયોગે માંગેલ તમામ માહિતી અને સ્પષ્ટીકરણ રજૂ કરવામાં આવ્યાં છે અને તમામ સંબંધિત પક્ષકારોને પૂરતી તક આપવામાં આવી છે એવી આયોગને ખાતરી થતાં, તે અંદાજીત ખર્ચ પર યોગ્ય આદેશો પસાર કરશે અને વીજઉત્પાદન કંપનીઓ, પરવાનેદારો અને મધ્યમ ગાળાના ખુલ્લા પ્રવેશના હિતાધિકારીઓ પાસેથી વસૂલપાત્ર ફી અને ચાર્જીસ નક્કી કરશે.

૮૧.૨ આયોગે નક્કી કરેલ ફી અને ચાર્જ, આગામી સુધારણાને મંજૂર ન અપાય ત્યાં સુધી કાયદેસર ગણાશે.

૮૧.૩ આ વિનિયમોના પ્રકરણ-૨ અનુસાર, આયોગ દ્વારા રાજ્ય વિજભાર રવાનગી કેન્દ્ર દ્વારા કરવામાં આવેલ અરજીને આધારે રાજ્ય વિજભાર રવાનગી કેન્દ્રની ફી અને ચાર્જીસ નક્કી કરવામાં આવશે.

૮૧.૪ ગ્રિડના ખુલ્લા પ્રવેશના વપરાશકર્તા, આયોગ નક્કી કરે તે પ્રમાણે આવી અનુસૂચિ તૈયાર કરવાની અને સિસ્ટમ સંચાલનના ચાર્જની ચુકવણી કરશે.

૮૨. **રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રના ખર્ચના બિલો તૈયાર કરવા અને તેની વસૂલાત કરવી**

૮૨.૧ રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર, નીચેની ફોર્મ્યુલાને આધારે, આગલા મહિનાના છેલ્લા દિવસ પછીના સાત દિવસની અંદર દરેક બિલિંગ મહિના માટે વીજઉત્પાદન કંપનીઓ, પરવાનેદારો અને મધ્યમ મુદતના ખુલ્લા પ્રવેશના હિતાધિકારીઓ અંગે જરૂરી માસિક બિલો મોકલશે.

મહિના માટે ચૂકવવાપાત્ર રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રના ચાર્જીસ = (SC/12) * (ACi/SACi)

જ્યાં

SC = વર્ષ માટે મંજૂર કરેલ રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રની એકંદર મહેસૂલી જરૂરિયાત;

ACi = 'i' મહિના માટે વિજઉત્પાદન મથકના કેસમાં ખરેખર સ્થાપિત શક્તિ/વેચાણકર્તાના કેસમાં લાંબાગાળા અને મધ્યમગાળાની કરારયુક્ત ક્ષમતાઓ/વિતરણ પરવાનેદારના કેસમાં એકંદરે ફાળવેલી ક્ષમતા અને કરારયુક્ત ક્ષમતા/ખરીદકર્તાના કેસમાં લાંબાગાળાની કરારયુક્ત ક્ષમતા;

SACi = 'i' મહિના માટે વીજઉત્પાદન મથકોના (ગુજરાતની અંદર) કેસમાં ખરેખર સ્થાપિત શક્તિનો સરવાળો, વેચાણકર્તાઓના કેસમાં લાંબાગાળા અને મધ્યમ ગાળાની કરારયુક્ત ક્ષમતા, વિતરણ પરવાનેદારના કેસમાં એકંદર ફાળવેલ ક્ષમતા અને ખરીદકર્તાના કેસમાં લાંબાગાળાની કરારયુક્ત ક્ષમતા :

૮૨.૨ વીજઉત્પાદન કંપનીઓ, પરવાનેદારો અને મધ્યમ ગાળાના ખુલ્લા પ્રવેશના હિતાધિકારીઓ, બિલ મળ્યાની તારીખથી પંદર (૧૫) દિવસની અંદર બાકી રકમની રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રને ચુકવણી કરશે.

૮૨.૩ નિયત તારીખની અંદર ચુકવણી ન કરાય તો, સંબંધિત નાણાકીય વર્ષની ૧લી, એપ્રિલે પ્રવર્તમાન સ્ટેટ બેંક આધાર દર પર વધુ બસો પચાસ પોઇન્ટસના દરે વણચુકવાયેલી રકમ પર શિક્ષાત્મક વ્યાજ ચુકવશે.

૮૨.૪ વીજઉત્પાદન કંપનીઓ, પરવાનેદારો અને મધ્યમ ગાળાના ખુલ્લા પ્રવેશના હિતાધિકારીઓ, વૈધાનિક ચુકવણીઓ સિવાય બીજી તમામ ચુકવણીઓથી ઉપર આ ચાર્જ ચુકવણી ગોઠવણ અગ્રતા ધોરણે કરશે.

૮૩. **ગ્રિડ જોડાણ માટે અરજી :**

૮૩.૧ ગ્રિડના પ્રવેશ માગતી વીજઉત્પાદન કંપનીઓ, પરવાનેદારો અને હિતાધિકારીઓ, વખતોવખત સુધાર્યા મુજબના ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ (આંતર-રાજ્ય ખુલ્લા પ્રવેશ અંગેની શરતો) વિનિયમો, ૨૦૧૧ના અનુસાર, વાર્ષિક પ્રશુલ્ક આદેશોમાં આયોગે નક્કી કરેલી ફી સાથેની અરજી રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રને મોકલશે.

૮૩.૨ રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર, અરજી સ્વીકાર્યા પછી અને અરજીમાં રજૂ કરેલી માહિતીની સંપૂર્ણતા સાચાપણાની ખાતરી કર્યા પછી તેનો સ્વીકાર કર્યાની અરજદારને યોગ્ય રીતે જાણ કરીને રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રના રેકર્ડમાં અરજીની નોંધણી કરશે.

૮૪. **રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રનું વિકાસ ફંડ :**

રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રની એક વખત સ્વતંત્ર કંપની તરીકે રચના થાય એટલે તેણે દાખલ કરેલી પીટીશનને આધારે આયોગને યોગ્ય જણાય તે પ્રમાણે તેવા હેતુસર અને તેવા આવકના સાધનોમાંથી એક અલગ વિકાસ ફંડ ઉભું કરી જાળવવાની આયોગ રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રને પરવાનગી આપશે.

પ્રકરણ – ૭

વિતરણ વાયર ધંધો

૮૫. **પ્રયોજ્યતા :**

આ પ્રકરણમાં સમાવિષ્ટ વિનિયમો, વિતરણ સિસ્ટમ વપરાશકર્તા દ્વારા વિતરણ પરવાનેદારના વિતરણ વાયર ઉપયોગ માટે ચુકવવાપાત્ર પ્રશુલ્ક નક્કી કરવામાટે લાગુ પડશે.

૮૬. **વિતરણ વાયર ધંધા માટે એકંદર મહેસૂલી જરૂરિયાતના ઘટકો :**

વિતરણ પરવાનેદારના વિતરણ વાયર ધંધા માટે એકંદર વ્હીલીંગ ખર્ચ, એકંદર મહેસૂલી જરૂરિયાતની વસૂલાત માટે જોગવાઈ કરશે, જેમાં નીચેનાનો સમાવેશ થશે:

(ક) ઘસારા–ખર્ચ;

(ખ) લોન મૂડી પર વ્યાજ અને નાણા–ધિરાણ ખર્ચ;

(ગ) કાર્યકારી મૂડી પર વ્યાજ અને વિતરણ સિસ્ટમ વપરાશકર્તાઓ પાસેથી અનામત;

(ઘ) સંચાલન અને નિભાવ ખર્ચ;

(ચ) આકસ્મિક અનામતમાં ફાળો, કોઈ હોય તો;

બાદ

(છ) બિન–પ્રશુલ્ક આવક અને ;

(જ) આ વિનિયમોમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણમાં અન્ય ધંધામાંથી આવક :

પરંતુ આ વિનિયમોના પ્રકરણ–૩ માં નિર્દિષ્ટ જોગવાઈઓ અનુસાર વિતરણ વાયર ધંધા માટે ઘસારા ખર્ચ, લોન મૂડી પર વ્યાજ અને નાણા ધિરાણ ખર્ચ, કાર્યકારી મૂડી પર વ્યાજ અને ઇક્વિટી પર રિટર્ન પર મંજૂરી અપાશે.

પરંતુ વધુમાં વિવેકપૂર્ણ તપાસને આધીન, કેસથી કેસના ધોરણે, ઓડિટ કરેલા હિસાબોને આધારે ટ્રુ–અપ કરતી વખતે આયોગ દ્વારા પૂર્વ મુદતી આવક/ખર્ચ મંજૂર કરાશે.

પરંતુ આ વિનિયમોના પ્રકરણ–૨ અનુસાર વિતરણ પરવાનેદારે કરેલ પ્રશુલ્ક નિર્ણય માટેની અરજીના આધારે આયોગ દ્વારા વિતરણ પરવાનેદારનું વ્હીલીંગ ચાર્જ નક્કી કરાશે.

પરંતુ, આયોગ દ્વારા વખતોવખત નક્કી કરાય તે પ્રમાણે વિતરણ સિસ્ટમ વપરાશકર્તા પાસેથી વસૂલાતના હેતુ કે આવું કોઇ મૂલ્ય નક્કી કરવા, વ્હીલીંગ ચાર્જનું રૂપિયા/કિ.વો.ક.ના સંદર્ભમાં મૂલ્ય નક્કી કરાશે.

૮૬.૨ **સંચાલન અને નિભાવ ખર્ચ :**

(ક) આયોગ દ્વારા વિવેકપૂર્ણ તપાસને આધીન ૩૧ માર્ચ, ૨૦૧૫ના રોજ પૂરાં થતાં ત્રણ વર્ષ માટે ખરેખર સંચાલન અને નિભાવ ખર્ચની સરેરાશને ધોરણે સંચાલન અને નિભાવ ખર્ચ તારવવામાં આવશે.

(ખ) આવા સંચાલન અને નિભાવ ખર્ચની સરેરાશ, ૩૧ માર્ચ, ૨૦૧૪ના રોજ પૂરા થતાં નાણાકીય વર્ષ માટે સંચાલન અને નિભાવ ખર્ચ તરીકે ગણાશે અને પછીના ૨૦૨૦–૨૧ સુધીના નાણાકીય વર્ષો માટે સંચાલન અને નિભાવ ખર્ચ મેળવવા, ૫.૭૨%ના વૃદ્ધિ ફેક્ટર પ્રમાણે વર્ષોવર્ષ વધારવામાં આવશે.

પરંતુ વિતરણ પરવાનેદાર આ વિનિયમો અમલમાં આવ્યાની તારીખે ઓછામાં ઓછા ત્રણ (૩) વર્ષ કરતા ઓછા સમયથી સંચાલિત હોય તો, સંચાલન અને નિભાવ ખર્ચ કેસથી કેસના ધોરણે નક્કી કરાશે.

૮૬.૩ આકસ્મિક અનામતોમાં ફાળો :

૮૬.૩.૧ વિતરણ પરવાનેદાર, વર્ષની શરૂઆતમાં નિયત અસ્કયામતોના મૂળ ખર્ચના વધુમાં વધુ ૦.૫% સુધીની રકમનો આકસ્મિક અનામત ખાતે વિનિયોગ કરી શકશે, જેને એકંદર મહેસૂલી જરૂરિયાતની ગણતરીમાં મંજૂરી અપાશે.

પરંતુ આવા આકસ્મિક અનામતની રકમ નિયત અસ્કયામતોના મૂળ ખર્ચના પાંચ(૫) ટકા કરતાં વધી જાય ત્યાં, ઉક્ત અધિકતમ રકમ ઉપરાંત વધેલા અનામતની અસર રહે તેવો કોઈ વિનિયોગ કરવાની મંજૂરી આપશે નહીં.

પરંતુ વધુમાં આ રીતે વિનિયોગ કરાયેલી રકમનું ૧૮૮૨ના ભારતીય ટ્રસ્ટ અધિનિયમ હેઠળ અધિકૃત જામીનગીરીઓમાં રોકાણ કરી શકાશે અથવા નાણાકીય વર્ષ પૂરું થવાના છ મહિનાની મુદતમાં કોઈપણ જામીનગીરીમાં રોકાણ કરી શકાશે.

પરંતુ આ રીતે વિનિયોગ કરાયેલી રકમનું જામીનગીરીઓમાં રોકાણ કરાય તો વિતરણ પરવાનેદાર દ્વારા અર્જીત ખરેખરા વ્યાજની આવક, બિન-પ્રશુલ્ક આવક અન્વયે સમાવિષ્ટ કરાશે.

પરંતુ આવી વિનિયોગ કરાયેલી રકમનું જામીનગીરીઓમાં રોકાણ ન કરાય તો વર્ષ માટે વેઈટેજ સરેરાશ સ્ટેટ બેંક આધાર દર પ્રમાણે ગણી કાઢેલ, સાધારણ વ્યાજ આવક વિતરણ પરવાનેદારની બિનપ્રશુલ્ક આવક હેઠળ સમાવિષ્ટ કરાશે.

૮૬.૩.૨ આયોગે મંજૂર કર્યા પ્રમાણે નીચે મુજબના ખર્ચને પહોંચી વળવા સિવાય લાઈસન્સની મુદત દરમિયાન આકસ્મિક અનામતની રકમ ઉપાડાશે નહીં.

(ક) મેનેજમેન્ટથી નિવારી ન શકાય તેવા અકસ્માતો કુદરતી આફતો કે સંજોગોને કારણ થતો ખર્ચ કે નફામાં નુકસાન;

(ખ) સાધારણ નિભાવ કે નવીનકરણ માટે જરૂરી ખર્ચ સિવાયનું પ્લાન્ટ કે કામોની ફેરબદલી કે રદ કરવા માટેનું અન્ય ખર્ચ;

(ગ) તત્સમય પૂરતું અમલમાં હોય તેવા કોઈ કાયદા અન્વયે ચૂકવવાપાત્ર વળતર, જે માટે બીજી જોગવાઈ કરાઈ ન હોય:

પરંતુ, પરવાનેદારને વીમા કવચ અને સરકારી અનુદાન કોઈ હોય તો, તેના ભાગ તરીકે મળેલ હોય તેવા બીજા કોઈ વળતરને યોગ્ય સમાયોજન કર્યા પછી આકસ્મિક અનામતમાંથી આવા ઉપાડને ગણતરીમાં લેવાશે.

ઉપર જણાવ્યા મુજબ આકસ્મિક અનામતના મૂલ્યમાં કોઈ અંકિત મૂલ્યને પ્રશુલ્કના ભાગ તરીકે સમાયોજીત કરવા દેવામાં આવશે નહીં.

૮૭. ફાળવણીની મેટ્રિક્સ :

વિતરણ વાયર ધંધાના અલગ કરેલ હિસાબોના આધારે આયોગ, વિતરણ પરવાનેદારના વ્હીલીંગ ચાર્જ નક્કી કરશે;

પરંતુ વિતરણ પરવાનેદાર, વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા માટેના ઓડિટ કરેલ અને પ્રમાણિત અલગ હિસાબો રજૂ ન કરી શકે તો, નીચેનું ફાળવણી મેટ્રિક્સ લાગુ પડશે.

કોઠો- ૧૫ વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા વચ્ચે ખર્ચના વિભાજન માટે ફાળવણી મેટ્રિક્સ :

વિગતો	વાયર ધંધો (%)	છૂટક પુરવઠા ધંધો(%)
વીજ ખરીદી ખર્ચ	૦%	૧૦૦%
આંતર-રાજ્ય પ્રવહન ખર્ચ	૦%	૧૦૦%
કર્મચારી ખર્ચ	૬૦%	૪૦%
વહીવટ અને સામાન્ય ખર્ચ	૫૦%	૫૦%
મરામત અને નિભાવ ખર્ચ	૯૦%	૧૦%
ઘસારા ખર્ચ	૯૦%	૧૦%
લાંબાગાળાની લોન મૂડી પર વ્યાજ	૯૦%	૧૦%
કાર્યકારી મૂડી પર અને ગ્રાહક જામીન અનામત પર વ્યાજ	૧૦%	૯૦%
માંડવાળ કરેલ ખરાબ દેવું	૦%	૧૦૦%
આવક વેરો	૯૦%	૧૦%
આકસ્મિક અનામત, કોઈ હોય તો તેમાં ફાળો	૧૦૦%	૦%
ઇક્વિટી પર રિટર્ન	૯૦%	૧૦%
બિન-પ્રશુલ્ક આવક	૧૦%	૯૦%

પરંતુ સંચાલન અને નિભાવ ખર્ચ માટે વેઈટેજ સરેરાશ ફાળવણી ટકાવારી નક્કી કરવાના મહત્વના ઘટકો તરીકે, કર્મચારી ખર્ચ, વહીવટ અને સામાન્ય ખર્ચ, મરામત અને નિભાવ ખર્ચ માટે ઉપર નિર્દિષ્ટ ટકાવારી વિચારણામાં લઈને વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા વચ્ચે સંચાલન અને નિભાવ ખર્ચ ફાળવવામાં આવશે.

પરંતુ આયોગ એકવાર નિયંત્રણ હિસાબોની રજૂઆત માટે વિનિયમો જાહેર કરે એટલે વિતરણ પરવાનેદારના વ્હીલીંગ ચાર્જ, વિતરણ વાયર ધંધાના વિભાજીત હિસાબોને આધારે આયોગ દ્વારા નક્કી કરાશે.

૮૮. **મૂડી રોકાણ યોજના :**

૮૮.૧ વિતરણ પરવાનેદાર, વીજભાર વૃદ્ધિ, વિતરણ ઘટમાં ઘટાડો, પુરવઠાની ગુણવત્તામાં સુધારો, વિશ્વસનીયતા વગેરેની જરૂરિયાત પહોંચી વળવા, નિયંત્રણ મુદતના દરેક વર્ષ માટે વિગતવાર મૂડીરોકાણ યોજના, નાણા ધિરાણ યોજના તથા ભૌતિક લક્ષ્યાંકો, સમગ્ર નિયંત્રણ મુદત માટે અનુપર્યાય એકંદર મહેસૂલી જરૂરિયાતના એક ભાગ તરીકે મંજૂરી માટે આયોગને રજૂ કરશે.

૮૮.૨ વિતરણ પરવાનેદારે, કાર્યક્ષમતા, ઉત્પાદકતા વધારવા અને આયોગ દ્વારા ઠરાવેલ કામગીરી ધોરણો પરિપૂર્ણ કરવા મહત્તમ મૂડીરોકાણ નિશ્ચિત કરવું જોઈશે.

૮૯. **બિન-પ્રશુલ્ક આવક**

૮૯.૧ આયોગ દ્વારા મંજૂર કર્યા પ્રમાણે વિતરણ વાયર ધંધાને લગતી બિન-પ્રશુલ્ક આવકની રકમ, વિતરણ પરવાનેદારના વિતરણ વાયર ધંધાના વ્હીલીંગ ચાર્જ નક્કી કરવા, એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી બાદ કરાશે.

પરંતુ, વિતરણ પરવાનેદાર, આયોગને વ્હીલીંગ ચાર્જ નક્કી કરવાની તેની અરજી સાથે બિન-પ્રશુલ્ક આવકની તેની આગાહીની પૂરેપૂરી વિગતો રજૂ કરશે.

૮૯.૨ **બિન-પ્રશુલ્ક આવક માટે ધ્યાનમાં લેવાના વિવિધ સદરોની નિર્દેશક યાદી :**

(ક) જમીન કે મકાન પરના ભાડામાંથી આવક;

(ખ) ભંગારના વેચાણમાંથી આવક;

(ગ) વૈધાનિક રોકાણોમાંથી આવક;

(ઘ) આકસ્મિક અનામત રોકાણ પરના વ્યાજની આવક;

(ચ) પુરવઠાકારો/કોન્ટ્રાકટરોને પેશગી પર વ્યાજ;

(છ) સ્ટાફ નિવાસોનું ભાડું;

(જ) કોન્ટ્રાકટરો અને અન્ય પાસેથી ભાડા ખર્ચમાંથી થતી આવક;

(ઝ) જાહેર ખબર, વગેરેમાંથી આવક;

(ટ) મિસેલીનીયસ રીસીપ્ટ;

(ઠ) પુરવઠાકારોને પેશગી પર વ્યાજ;

(ડ) પ્રત્યક્ષ ખરાઈ પર જણાયેલ વધારો;

(ઢ) વાર્ષિક હિસાબો અનુસાર અનુદાન, સહાયકી વગેરેમાંથી વિલંબિત આવક;

(ણ) પૂર્વ-મુદતની આવક, વગેરે;

પરંતુ, વિતરણ પરવાનેદારના વિતરણ વાયર ધંધાને આનુષંગિક ઈક્વિટી પરના રીટર્નમાંથી કરેલ રોકાણમાંથી અર્જીત વ્યાજ/ડિવિડંડનો બિન-પ્રશુલ્ક આવકમાં સમાવેશ કરાશે નહીં.

૯૦. **અન્ય ધંધામાંથી આવક :**

જ્યાં વિતરણ પરવાનેદાર અન્ય કોઈ ધંધામાં રોકાયેલો હોય ત્યાં આવા અન્ય ધંધાને કારણે થયેલ તમામ પ્રત્યક્ષ અને પરોક્ષ ખર્ચ બાદ કર્યા પછી આવા બીજા ધંધામાંથી થતી આવકના એક તૃતીયાંશ જેટલી રકમ વિતરણ પરવાનેદારના વાયર ધંધાનું વ્હીલીંગ ચાર્જ નક્કી કરવા અંગે એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી બાદ કરવામાં આવશે.

પરંતુ વિતરણ પરવાનેદારે, વિતરણ વાયર ધંધા અને અન્ય ધંધા વચ્ચે તમામ સંયુક્ત અને સામાન્ય ખર્ચની ફાળવણી માટે વાજબી આધારને અનુસરવું જોઈશે અને પોતાની વ્હીલીંગ ચાર્જ નક્કી કરવાની અરજીની સાથે વૈધાનિક ઓડિટરો દ્વારા યોગ્ય રીતે ઓડિટ કરેલ અને પ્રમાણિત કરેલ ફાળવણી પત્રક આયોગને રજૂ કરશે.

પરંતુ વધુમાં અન્ય ધંધાના પ્રત્યક્ષ અને પરોક્ષ ખર્ચની કુલ રકમ, આવા બીજા ધંધામાંથી મળતા મહેસૂલ કરતાં વધી જાય ત્યાં આવા ધંધાને કારણે વિતરણ પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાતમાં કોઈ રકમ ઉમેરવા દેવામાં આવશે નહીં.

૬૧. **વ્હીલીંગ ચાર્જનો નિર્ણય :**

આયોગ, અધિનિયમની કલમ-૬૪ ની પેટા-કલમ(૩) અન્વયે પસાર કરેલ તેના ઓર્ડરમાં વિતરણ પરવાનેદારના વિતરણ વાયર ધંધાનો વ્હીલીંગ ચાર્જ નિર્દિષ્ટ કરશે.

પરંતુ સમાન વિતરણ પરવાનેદાર પાસેથી વીજપુરવઠો મેળવનાર છૂટક ગ્રાહકો સિવાયના અન્ય વિતરણ સિસ્ટમ વપરાશકર્તા દ્વારા ચૂકવવાપાત્ર વ્હીલીંગ ચાર્જમાં, આવા ઓર્ડરમાં આયોગ દ્વારા નક્કી કરાય તે પ્રમાણે સ્થાયી/ માંગ-ચાર્જ અને પરિવર્તી ચાર્જના કોઈપણ સંયોજનનો સમાવેશ થઈ શકશે.

પરંતુ વધુમાં ઉપરના પ્રોવીઝન અન્વયે, વિતરણ સિસ્ટમ વપરાશકર્તા દ્વારા ચૂકવાયેલ વ્હીલીંગ ચાર્જમાંથી થતી આવક, પ્રકરણ-૮ માં આપેલ વિનિયમો અનુસાર, સંબંધિત વિતરણ પરવાનેદારના છૂટક ગ્રાહકો પાસેથી વસૂલ કરવા ના વાયર ધંધાની એકંદર મહેસૂલ જરૂરિયાત ઘટાડવા માટે વપરાશે.

૬૨. **વ્હીલીંગ ઘટ :**

વિતરણ પરવાનેદારને સંબંધિત પ્રશુલ્ક આદેશમાં નિયત કર્યા પ્રમાણે, વિતરણ સિસ્ટમના સંચાલનથી પેદા થતી વ્હીલીંગ ઘટના મંજૂર કરેલા સ્તરે, પ્રકારે વસૂલ કરવા દેવામાં આવશે.

પ્રકરણ-૮

વીજળીનો છૂટક પુરવઠો

૬૩. **પ્રયોજ્યતા :**

વિતરણ પરવાનેદાર દ્વારા તેના વપરાશકર્તાઓને મોકલાતા છૂટક વીજળી પુરવઠા માટે પ્રશુલ્ક નક્કી કરવા આ વિનિયમ લાગુ પડશે.

૬૪. **પ્રશુલ્કતા ઘટકો :**

૬૪.૧ વિતરણ પરવાનેદારના છૂટક પુરવઠા માટેના પ્રશુલ્કમાં આયોગે નક્કી કર્યા પ્રમાણે નાણાકીય વર્ષ માટે વિતરણ પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાતની વસૂલાત માટે જોગવાઈ કરાશે અને તેમાં નીચેનાનો સમાવેશ કરાશે.

(ક) પોતાનું વીજળી ઉત્પાદન ખર્ચ/ વીજળી ખરીદી ખર્ચ;

(ખ) પ્રવહન ખર્ચ;

(ગ) રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રની ફી અને ચાર્જ;

(ઘ) ઘસારા-ખર્ચ;

(ચ) વ્યાજ અને નાણા ધિરાણ ખર્ચ;

(જ) કાર્યકારી મૂડી પર વ્યાજ અને ગ્રાહક જામીન અનામત પર વ્યાજ;

(ઝ) સંચાલન અને નિભાવ ખર્ચ;

(ટ) માંડવાળ કરેલું ખરાબ દેવું, કોઈ હોય તો;

(ઠ) ઇક્વિટી પર રીટર્ન;

(ડ) સમાન વિતરણ પરવાનેદાર પાસેથી વીજપુરવઠો મેળવનાર છૂટક ગ્રાહકો સિવાયના અન્ય વિતરણ સિસ્ટમ વપરાશકર્તાઓ દ્વારા ચૂકવવાપાત્ર વ્હીલીંગ ખર્ચમાંથી આવક બાદ કર્યા પછી આ વિનિયમોના પ્રકરણ-૭ માં નક્કી કર્યા પ્રમાણે વિતરણ વાયર ધંધા માટે બાકીની એકંદર મહેસૂલી જરૂરિયાત;

બાદ :

(ઢ) બિન-પ્રશુલ્ક આવક;

(ણ) આ વિનિયમોમાં નિર્દિષ્ટ માત્રા સુધી અન્ય ધંધામાંથી આવક;

(ત) ક્રોસ-સબસીડી સરચાર્જ કારણે આવક;

(થ) વ્હીલીંગ ચાર્જ પરના વધારાના સરચાર્જને કારણે આવક;

INDEX

પરંતુ આ વિનિયમોના પ્રકરણ–૩ માં નિર્દિષ્ટ જોગવાઈઓ અનુસાર છૂટક પુરવઠા ધંધા માટે પ્રસારા ખર્ચ, વ્યાજ અને નાણા ધિરાણ ખર્ચ, કાર્યકારી મૂડી પર વ્યાજ અને ઈક્વિટી પર રીટર્નની મંજૂરી અપાશે.

પરંતુ વધુમાં, વિવેકપૂર્ણ તપાસને અધીન કેસથી કેસના ધોરણે ઓડિટ કરેલા હિસાબોના આધારે ટ્રુ–અપ કરતી વખતે આયોગ દ્વારા પૂર્વ મુદતના ખર્ચ/આવકને આયોગ દ્વારા મંજૂર કરાશે.

પરંતુ ક્રોસ–સબસીડી સરચાર્જને કારણે મહેસૂલી આવકની ઓડિટ કરેલા હિસાબો અનુસાર ખરેખરી આવકને આધારે માત્ર ટ્રુઈંગ–અપ કરવાની કામગીરી વખતે વિચારણામાં લેવાશે.

૯૪.૨ વિતરણ પરવાનેદાર દ્વારા છૂટક પુરવઠા માટે પ્રશુલ્ક, છૂટક પુરવઠા વિતરણ ધંધાના વિભાજીત હિસાબોને ધોરણે આયોગ દ્વારા નક્કી કરાશે.

પરંતુ વિતરણ પરવાનેદાર, વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા માટે ઓડિટ કરેલ અને પ્રમાણિત અલગ હિસાબો રજૂ ન કરી શકે ત્યાં કોઠા–૧૫ માં આપ્યા મુજબ ફાળવણી મેટ્રિક્સ લાગુ પડશે.

પરંતુ સંચાલન અને નિભાવ ખર્ચની વેઈટેજ સરેરાશ ફાળવણી ટકાવારી નક્કી કરવા, મુખ્ય તરીકે કર્મચારી ખર્ચ, વહીવટી અને સામાન્ય ખર્ચ તથા મરામત અને નિભાવ ખર્ચ માટે ફાળવણી મેટ્રિક્સમાં નિર્દિષ્ટ ટકાવારી વિચારણામાં લઈને વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા વચ્ચે ફાળવવામાં આવશે.

પરંતુ આયોગ જોકવાર નિયંત્રણ હિસાબો રજૂ કરવા માટેના વિનિયમો જાહેર કરે પછી વિતરણ પરવાનેદારના છૂટક પુરવઠાનું પ્રશુલ્ક છૂટક વિતરણ પુરવઠા ધંધાના વિભાજીત હિસાબોને આધારે આયોગ દ્વારા નક્કી કરાશે.

૯૪.૩ આ વિનિયમોના પ્રકરણ–૩ અનુસાર વિતરણ પરવાનેદારે પ્રશુલ્ક નક્કી કરવા કરેલી અરજીને આધારે, આયોગ, વિતરણ પરવાનેદાર દ્વારા છૂટક પુરવઠા માટે પ્રશુલ્ક નક્કી કરશે.

૯૪.૪ આયોગે નક્કી કરેલા પ્રશુલ્ક અને ચાર્જીસ પર ગ્રાહકોને રિબેટ આપવાની વિતરણ પરવાનેદારને મંજૂરી મળશે.

પરંતુ, આયોગ દ્વારા વખતોવખત નક્કી કરાય તે રીતે અને તે ફોર્મમાં દરેક ત્રિમાસે વિતરણ પરવાનેદાર આવા રિબેટની વિગતો આયોગ સમક્ષ રજૂ કરશે.

પરંતુ વિતરણ પરવાનેદાર દ્વારા અપાતા આવા રિબેટનો બોજ સંપૂર્ણપણે વિતરણ પરવાનેદાર ભોગવશે અને આવા રિબેટનો બોજ, કોઈપણ સ્વરૂપે ગ્રાહકો પર પસાર કરવા દેવામાં આવશે નહીં,

પરંતુ આવું રિબેટ, પસંદગીના કોઈ ગ્રાહકોને અપાશે નહીં અને પક્ષપાત વિના સમગ્ર ગ્રાહક વર્ગ/પેટા–વર્ગ/ વપરાશ–તબક્કા પ્રમાણે આપવાનું રહેશે.

૯૪.૫ વીજઉત્પાદન/ વીજ ખરીદીનું ખર્ચ :

૯૪.૫.૧ વિતરણ પરવાનેદારો, વીજઉત્પાદન ધંધા દ્વારા ઉત્પાદિત વીજળી અથવા આયોગે મંજૂર કરેલ વિતરણ પરવાનેદારની વીજપ્રાપ્તિ યોજનાને આધારે ગ્રાહકોને પૂરી પાડવા માન્ય સ્ત્રોતોમાંથી ખરીદીનું ખર્ચ વસૂલ કરવાની મંજૂરી રહેશે.

૯૪.૬ પ્રવહન ખર્ચ

૯૪.૬.૧ વિતરણ પરવાનેદારને આયોગ દ્વારા આ વિનિયમોના પ્રકરણ–૫ અન્વયે મંજૂર કરેલ પ્રશુલ્ક અનુસાર આંતર–રાજ્ય પ્રવહન સિસ્ટમમાં પ્રવેશ અને ઉપયોગ માટે ચૂકવવાપાત્ર પ્રવહન ખર્ચ વસૂલ કરવાની મંજૂરી અપાશે.

૯૪.૭ રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રની ફી અને ચાર્જીસ

૯૪.૭.૧ આ વિનિયમોના પ્રકરણ–૬ અન્વયે આયોગ દ્વારા મંજૂર પ્રશુલ્ક અનુસાર રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રને ચૂકવવાપાત્ર ફી અને ચાર્જીસ વસૂલ કરવાની વિતરણ પરવાનેદારને મંજૂરી રહેશે.

૯૪.૮ સંચાલન અને નિભાવ ખર્ચ :

(ક) આયોગ દ્વારા વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને, ૩૧ માર્ચ, ૨૦૧૫ના રોજ પૂરા થતાં ત્રણ(૩) વર્ષ માટે ખરેખર સંચાલન અને નિભાવ ખર્ચની સરેરાશને આધારે સંચાલન અને નિભાવ ખર્ચ મેળવવામાં આવશે.

આવા સંચાલન અને નિભાવ ખર્ચની સરેરાશ, ૩૧ માર્ચ, ૨૦૧૪ના રોજ પૂરા થતાં નાણાકીય વર્ષ માટે સંચાલન અને નિભાવ ખર્ચ તરીકે વિચારણામાં લેવાશે અને ૨૦૨૦–૨૧ સુધીના પછીનાં વર્ષો માટે સંચાલન અને નિભાવ ખર્ચ કાઢવા ૫.૭૨%ના વૃદ્ધિ ફેક્ટર દરે વર્ષો વર્ષ વધારાશે.

પરંતુ વિતરણ પરવાનેદાર આ વિનિયમો અમલમાં આવ્યા તે તારીખથી ત્રણ(૩) વર્ષ કરતાં ઓછા સમયથી સંચાલન કરતો હોય તો, સંચાલન અને નિભાવ ખર્ચ કેસથી કેસના ધોરણે નક્કી કરશે.

૯૪.૯ માંડવાળ કરવાનું ખરાબ દેવું :

૯૪.૯.૧ આયોગ, વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને, આગલા વર્ષના ખરાબ દેવાને માંડવાળ કરવાના વલણને આધારે એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી પસાર થવાના માર્ગ તરીકે ખરાબ દેવું માંડવાળ કરવાની મંજૂરી રહેશે.

પરંતુ વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને, વર્ષ દરમિયાન જતા કરેલ DPC (વિલંબિત ચૂકવણી ખર્ચ) સિવાય ખરેખર માંડવાળ કરેલ ખરાબ દેવાને આધારે, જો કોઇ હોય તો, એકંદર મહેસૂલી જરૂરિયાતમાં ખરાબ દેવાની ટ્રુ-અપ કરશે.

પરંતુ ચોક્કસ ખરાબ દેવું માંડવાળ કર્યા પછી, આવા ખરાબ દેવામાંથી મહેસૂલ વસૂલ કરાય હોય અને તે મહેસૂલ જે વર્ષમાં વસૂલ કરાયું હોય તે વર્ષની બિન-પ્રશુલ્ક આવક અન્વયે બિન-નિયંત્રણપાત્ર બાબત તરીકે સમાવિષ્ટ કરાશે.

૯૫. મૂડી રોકાણ યોજના :

૯૫.૧ વિતરણ પરવાનેદાર, વીજભાર વૃદ્ધિ, વિતરણ ઘટમાં ઘટાડો, વસૂલાત કાર્યક્ષમતામાં વધારો, મીટર-વ્યવસ્થા, ગ્રાહક સેવા વગેરેની જરૂરિયાત પહોંચી વળવા, આયોગને, સમગ્ર નિયંત્રણ મુદત માટે બહુવર્ષીય એકંદર મહેસૂલી જરૂરિયાતના ભાગ તરીકે નિયંત્રણ મુદતના દરેક વર્ષ માટે વિગતવાર મૂડી રોકાણ યોજના, નાણા વ્યવસ્થા યોજના અને ભૌતિક લક્ષ્યાંકો રજૂ કરશે.

૯૫.૨ વિતરણ પરવાનેદારે કાર્યક્ષમતા, ઉત્પાદકતા વધારવાનું સુનિશ્ચિત કરવું જોઇશે અને આયોગ દ્વારા ઠરાવેલ કામગીરી ધોરણો પરિપૂર્ણ કરવાના રહેશે.

૯૫.૩ વિતરણ પરવાનેદાર, આ વિનિયમોના પ્રકરણ-૨ માં નિર્દિષ્ટ મૂડી રોકાણ યોજના રજૂ કરશે.

૯૬. વેચાણ આગાહી :

૯૬.૧ વિતરણ પરવાનેદાર આયોગને આ વિનિયમોમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે સમગ્ર નિયંત્રણ મુદત માટે બહુવર્ષીય એકંદર મહેસૂલી જરૂરિયાતની સાથોસાથ દરેક પ્રશુલ્ક વર્ગ/પેટા-વર્ગને અને આવા પ્રશુલ્ક વર્ગ/પેટા-વર્ગની અંદર દરેક પ્રશુલ્ક સ્લેબ/પેટા-વર્ગએ વીજળીના અપેક્ષિત વેચાણની આગાહી રજૂ કરશે.

૯૬.૨ વેચાણ આગાહી, ભૂતકાળની વિગતો અને ભવિષ્યની વાજબી ધારણાઓને આધારે કરાશે.

પરંતુ આયોગે કોઇ ચોક્કસ પ્રશુલ્ક વર્ગને વેચાણ કરવાની આગાહી માટેનું પદ્ધતિશાસ્ત્ર નક્કી કર્યું હોય ત્યાં, વિતરણ પરવાનેદાર આવા પ્રશુલ્ક વર્ગ માટે વેચાણ આગાહી વિકસાવવામાં આવા પદ્ધતિશાસ્ત્રનો સમાવેશ કરશે.

૯૭. બિન-પ્રશુલ્ક આવક :

૯૭.૧ આયોગે મંજૂર કર્યા મુજબ વીજળીના છૂટક પુરવઠાને લગતી બિન-પ્રશુલ્ક આવકની રકમ, વિતરણ પરવાનેદાર દ્વારા વીજળીના છૂટક પુરવઠા માટેનું પ્રશુલ્ક ગણી કાઢવાની એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી બાદ કરાશે.

પરંતુ વિતરણ પરવાનેદાર, પ્રશુલ્ક નક્કી કરવાની તેની અરજીની સાથોસાથ આયોગને બિન-પ્રશુલ્ક આવક અંગેની તેની આગાહીની પૂરેપૂરી વિગતો રજૂ કરશે.

૯૭.૨ બિન-પ્રશુલ્ક આવક માટે ધ્યાનમાં લેવાના વિવિધ સદરોની નિર્દેશક યાદી નીચે મુજબ રહેશે.

(ક) જમીન કે મકાન પરના ભાડામાંથી આવક;

(ખ) ભંગારના વેચાણમાંથી આવક;

(ગ) વૈધાનિક રોકાણોમાંથી આવક;

(ઘ) આકસ્મિક અનામત રોકાણ પરના વ્યાજની આવક;

(ચ) પુરવઠાકારો/કોન્ટ્રાકટરોને પેશગી પર વ્યાજ;

(છ) સ્ટાફ નિવાસોનું ભાડું;

(જ) કોન્ટ્રાકટર પાસેથી ભાડું;

(ઝ) કોન્ટ્રાકટરો અને અન્ય પાસેથી ભાડા ખર્ચમાંથી થતી આવક;

(ટ) જાહેર ખબર, વગેરેમાંથી આવક;

(ઠ) મીટર/મીટરની સાધન-સામગ્રી/સર્વિસ લાઇનનું ભાડું;

(ડ) સર્વિસ ચાર્જ;

(ઢ) ગ્રાહક ચાર્જ;

(ણ) વીજળીની ચોરી અને તફડંચી માટે વસુલાત;

(ત) તત્કાલ ચુકવણી રિબેટ;

(થ) મિસેલેનીયસ રીસીપ્ટ;

(દ) પાછલા હિસાબો અનુસાર અનુદાન, સહાયકી વગેરેમાંથી વિલંબિત આવક;

(ધ) મુદત પૂર્વેની આવક; વિગેરે :

પરંતુ વિતરણ પરવાનેદારના છૂટક પુરવઠા ધંધાને આનુષંગિક ઇક્વિટી પરના રિટર્નમાંથી કરેલ રોકાણમાંથી અર્જીત વ્યાજ, ડિવિડન્ડ, બિન-પ્રશુલ્ક આવકમાં સમાવિષ્ટ કરાશે નહીં.

પરંતુ હયાત વીજખરીદી સમજૂતિઓ અથવા વિતરણ પરવાનેદારના વિતરણ ક્ષેત્રને ફાળવેલ જથ્થાબંધ પુરવઠા ક્ષમતાનો ઉપયોગ કરીને, અધિનિયમની કલમ-૪૯ અનુસાર, અન્ય વિતરણ પરવાનેદારો કે ગ્રાહકોને વીજળીનું વેચાણ કરીને, વિતરણ પરવાનેદારે મેળવેલી કોઇપણ આવક, પ્રશુલ્ક નક્કી કરવાના હેતુ માટે વિતરણ પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી ઘટાડવામાં આવશે.

૯૮. **અન્ય ધંધામાંથી આવક :**

વિતરણ પરવાનેદાર બીજાકોઇ ધંધામાં રોકાયેલ હોય ત્યાં, આવા બીજા ધંધાને કારણે થયેલ સીધા અને પરોક્ષ તમામ ખર્ચને બાદ કર્યા પછી આવા ધંધામાંથી થયેલ આવકના એક તૃતીયાંશ જેટલી રકમ, વિતરણ પરવાનેદાર દ્વારા વીજળીના છૂટક પુરવઠામાંથી પ્રશુલ્ક ગણવા, એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી બાદ કરાશે.

પરંતુ વિતરણ પરવાનેદાર, વિતરણ ધંધા અને અન્ય ધંધા વચ્ચે તમામ સંયુક્ત અને સામાન્ય ખર્ચની ફાળવણી માટે યોગ્ય આધારને અનુસરશે અને પ્રશુલ્ક નક્કી કરવા માટેની તેની અરજીની સાથે વૈધાનિક ઓડિટરો મારફત યોગ્ય રીતે ઓડિટ કરેલ અને પ્રમાણિત કરેલ ફાળવણી પત્રક આયોગને રજૂ કરશે;

પરંતુ વધુમાં આયોગ એકવાર નિયંત્રક હિસાબો રજૂ કરવા માટેના વિનિયમો જાહેર કરે એટલે પ્રશુલ્ક નક્કી કરવાની અરજીઓ અને તેને ટ્રુઇંગ-અપ કરવાની કામગીરી નિયંત્રણ હિસાબોને આધારે કરાશે.

પરંતુ આવા અન્ય ધંધાના સીધા અને પરોક્ષ ખર્ચનો કુલ સરવાળો, આવા અન્ય ધંધામાંથી થયેલી આવક કરતાં વધી જાય ત્યાં, આવા બીજા ધંધાને કારણે વિતરણ પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાતમાં ઉમેરવાની છૂટ અપાશે નહીં.

૯૯. **ક્રોસ-સબસીડી સરચાર્જને કારણે આવક :**

વિતરણ પરવાનેદારને વખતોવખત સુધાર્યા મુજબના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (આંતર-રાજ્ય ખુલ્લા પ્રવેશ અંગેની શરતો) વિનિયમો, ૨૦૧૧ના અનુસાર આયોગે મંજૂર કરેલ દર પ્રમાણે, ક્રોસ-સબસીડી સરચાર્જની રીતે મળેલી રકમ, ટ્રુઇંગ-અપ સમયે, આવા વિતરણ પરવાનેદારા દ્વારા વીજળીના છૂટક પુરવઠા માટે પ્રશુલ્ક ગણતી વખતે એકંદર મહેસૂલ જરૂરિયાતમાંથી બાદ કરાશે.

૧૦૦. **વધારાના સરચાર્જને કારણે આવક :**

વિતરણ પરવાનેદારને, વખતોવખત સુધાર્યા મુજબના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (આંતર-રાજ્ય ખુલ્લા પ્રવેશની શરતો) વિનિયમો, ૨૦૧૧ અનુસાર આયોગે મંજૂર કરેલા દરે મળેલ વધારાનો સરચાર્જ, તેની ટ્રુઇંગ-અપ કરતી વખતે આવા વિતરણ પરવાનેદાર દ્વારા વીજળીના છૂટક પુરવઠા માટે પ્રશુલ્ક ગણતી વખતે એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી બાદ કરાશે.

૧૦૧. **વિતરણ ઘટ :**

વિતરણ પરવાનેદાર છૂટક પુરવઠામાંથી ઊભી થતી વિતરણ ઘટ, મંજૂર કરેલ સપાટી સુધી વસૂલ કરશે.

પરંતુ ૨૦૧૬-૧૭ના નાણાકીય વર્ષ માટે વિતરણ ઘટની સપાટી ૨૦૧૬-૧૭ના નાણાકીય વર્ષ માટેના પ્રશુલ્ક આદેશમાં નક્કી કરી શકાશે.

પરંતુ વિતરણ પરવાનેદારે વિનિયમ ૧૭.૨(ક) અન્વયે દાખલ કરવાની MYT પીટીશન પરના આદેશના ભાગ તરીકે, આ વિનિયમો અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ થી ૨૦૨૦–૨૧ની મુદત માટે આયોગ વિતરણ ઘટ માટેનો માર્ગ (trajectory) નક્કી કરશે.

પરંતુ વિતરણ ઘટની ખરેખર સપાટી અને મંજૂર કરાયેલ સપાટી વચ્ચેના કોઈપણ ફેરફારને, ટ્રુઈંગ–અપ કરવાની કામગીરીના ભાગ તરીકે હાથ ધરાશે.

૧૦૨. **પ્રશુલ્ક નિર્ધારણ :**

૧૦૨.૧ આયોગ, કોઈપણ વિસ્તારની ભૌગોલિક સ્થિતિ, પુરવઠાનું સ્વરૂપ અને જે માટે પુરવઠો જરૂરી હોય તે હેતુને આધારે જે સમયે પુરવઠો જરૂરી હોય અથવા કોઈ નિર્દિષ્ટ મુદત દરમિયાન તેના વીજભાર ફેક્ટર, પાવર ફેક્ટર, વોલ્ટેજ, કુલ વીજળી વપરાશને આધારે ગ્રાહકોનો પ્રકાર નક્કી કરશે.

૧૦૨.૨ સંબંધિત નાણાકીય વર્ષ માટે વિતરણ પરવાનેદારના કુલ વેચાણ આધારે વિનિયમ ૯૪.૧ અનુસાર નાણાકીય વર્ષ માટે વિતરણ પરવાનેદારની ગણેલી એકંદર મહેસૂલી જરૂરિયાતના ગુણોત્તર તરીકે, સરેરાશ પુરવઠા ખર્ચના આધારે જુદા જુદા ગ્રાહક વર્ગો માટે છૂટક પુરવઠા પ્રશુલ્ક નક્કી કરાશે.

૧૦૨.૩ આયોગ, અધિનિયમની જોગવાઈઓ અનુસાર, પુરવઠાના સરેરાશ ખર્ચ બાબતમાં ગ્રાહકના વર્ગો વચ્ચે ક્રમશઃ ક્રોસ–સબસીડી ઘટાડવાનો પ્રયાસ કરશે.

૧૦૨.૪ પ્રશુલ્ક નક્કી કરતી વખતે, આયોગ, જુદા જુદા વોલ્ટેજ સ્તરે પુરવઠાનું ખર્ચ અને કોઈપણ વર્ગના ગ્રાહકો માટે પ્રશુલ્ક આઘાત હળવો કરવાની બાબત પણ લક્ષમાં રાખશે.

રૂપવંતસિંહ, આઈ.એ.એસ.
સચિવ,
ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ,
ગાંધીનગર.

સ્થળ ; ગાંધીનગર
તારીખ:૨૯/૦૬/૨૦૧૬

INDEX

જોડાણ – ૧

ઘસારા–ખર્ચ અનુસૂચિ

	અસ્કયામતોનું વર્ણન	ઘસારા ખર્ચ (સીધી રેખામાં) (બચાવેલ મિલ્કતનું મૂલ્ય ૧૦%) (%)
ક	પૂરેપૂરા માલિકી હક્ક હેઠળની જમીન	
ખ	પટ્ટા હેઠળની જમીન	
ક	અસ્કયામતો ઊભી કરવાના હેતુસર	૩.૩૪%
ખ	સ્થળ પર સફાઇ ખર્ચ માટે	૩.૩૪%
ગ	જળવિદ્યુત ઉત્પાદન મથકના કેસમાં જળાશય માટે જમીન	૩.૩૪%
ગ	નવી ખરીદેલી અસ્કયામતો	
ક	પ્લાન્ટ ફાઉન્ડેશન સહિત વીજઉત્પાદન મથકોમાં પ્લાન્ટ અને યંત્ર–સામગ્રી	
	(૧) જળવિદ્યુત	૫.૨૮%
	(૨) બાષ્પ વિદ્યુત NHRB અને નકામી ઉષ્ણતા પાછી મેળવવાના બોઇલરો / પ્લાન્ટ	૫.૨૮%
	(૩) ડીઝલ–વીજળી અને ગેસ પ્લાન્ટ	૫.૨૮%
ખ	કુલિંગ ટાવર્સ અને પરિભ્રમણ કરતી જળ–સિસ્ટમ	૫.૨૮%
ગ	જળવિદ્યુત ઉત્પાદન મથકોનાં ભાગ બનતાં હાઇડ્રોલિક કામો	
	(૧) બંધો, સ્પીલવઇસ, બંધારાઓ, નહેરો, પ્રબલિત કોંક્રિટ ફ્લ્યુમ અને સાઇફન	૫.૨૮%
	(૨) પ્રબલિત કોંક્રિટની પાઇપ લાઇનો અને મોટા (surge) તળાવો, સ્ટીલ સર્જ, હાઇડ્રોલિક નિયંત્રક વાલ્વ તથા અન્ય હાઇડ્રોલિક કામો	૫.૨૮%
ઘ	મકાન અને બાંધકામ ઇજનેરી કામો	
	(૧) કચેરી અને શો–રૂમો	૩.૩૪%
	(૨) થર્મો–વીજળી ઉત્પાદન પ્લાન્ટ રાખવો	૩.૩૪%
	(૩) જળ–વિદ્યુત ઉત્પાદન પ્લાન્ટ રાખવો	૩.૩૪%
	(૪) લાકડાની સંરચના જેવાં કામચલાઉ બાંધકામ	૧૦૦%
	(૫) કાચા માર્ગો સિવાયના માર્ગો	૩.૩૪%
	(૬) અન્ય	૩.૩૪%
ચ	ટ્રાન્સફોર્મરો, ટ્રાન્સફોર્મર(કિયોસ્ક), પેટા–મથક સાધન–સામગ્રી અને અન્ય સ્થાયી સાધનો (પ્લાન્ટ ફાઉન્ડેશન સહિત)	
	(૧) ૧૦૦ કિલો વોલ્ટ એમ્પીયર અને તેથી વધુ રેટિંગ ધરાવતાં ટ્રાન્સફોર્મરો (ફાઉન્ડેશન સહિત)	૫.૨૮%
	(૨) અન્ય	૫.૨૮%
છ	કેબલ જોડાણો સહિત સ્વિચ ગિયર	
જ	વીજળી રોધકો	
	(૧) સ્થાયી પ્રકાર	૫.૨૮%
	(૨) પોલ પ્રકાર	૫.૨૮%
	(૩) સિન્ક્રોનોઅસ કન્ડેન્સર	૫.૨૮%
ઝ	બેટરી	૫.૨૮%
	(૧) સંયુક્ત બોક્સો અને જોડાણ વિનાના બોક્સો સહિત ભૂગર્ભ કેબલ	૫.૨૮%
	(૨) કેબલ ડક્ટ સિસ્ટમ	૫.૨૮%
ટ	કેબલ ટેકા સહિત ઓવરહેડ લાઇનો	
	(૧) ૬૬ કે.વી કરતાં વધુ બંધારાઓ વોલ્ટેજે સંચાલિત સ્ટીલ ટેકા પર લાઇનો	૫.૨૮%
	(૨) ૧૩.૨ કિ.વોટ કરતાં વધુ પરંતુ ૬૬ કિ.વો કરતાં વધુ નહીં તેવા બંધારાઓ વોલ્ટેજે સંચાલિત સ્ટીલ ટેકા પરની લાઇનો	૫.૨૮%
	(૩) સ્ટીલ કે પ્રબલિત કોંક્રિટ ટેકા પર લાઇનો	૫.૨૮%

INDEX

	અસ્કયામતોનું વર્ણન	ઘસારા ખર્ચ (સીધી રેખામાં) (બચાવેલ મિલ્કતનું મૂલ્ય ૧૦%) (%)
	(૪) સારવાર કરાયેલ કાકડાના ટેકા પરની લાઇનો	૫.૨૮%
ઠ	મીટરો	૫.૨૮%
ડ	સ્વસંચાલિત વાહનો	૯.૫૦%
ઢ.	એરકંડિશનિંગ પ્લાન્ટ :	
	(૧) સ્થાયી	૫.૨૮%
	(૨) ખરેડી શકાય તેવાં	૯.૫૦%
ણ		
	(૧) ઓફિસ ફર્નિચર અને ફીટીંગ્સ	૬.૩૩%
	(૨) ઓફીસ સાધન સામગ્રી	૬.૩૩%
	(૩) ફીટીંગસ અને સાધનો અંદરનું વાયરીંગ	૬.૩૩%
	(૪) શેરીની બત્તીઓનું ફિટીંગ	૫.૨૮%
ત	ભાડેથી આપેલા સાધનો	
	(૧) મોટરો સિવાય અન્ય	૯.૫૦%
	(૨) મોટરો	૬.૩૩%
થ	સંદેશા વ્યવહાર સાધન–સામગ્રી	
	(૧) રેડિયો અને ઉંચી ફ્રિકવન્સી કેરીયર સિસ્ટમ	૬.૩૩%
	(૨) ટેલિફોન લાઇન અને ટેલિફોન	૬.૩૩%
દ	આઇ.ટી સાધન–સામગ્રી	૧૫.૦૦%
ધ	સોફ્ટવેર	૩૦.૦૦%
ન	ઉપર હેઠળ ન આવરી લીધેલ બીજી કોઇ અસ્કયામતો	૫.૨૮%

જોડાણ – ૨

મહિના માટે પ્રવહન સિસ્ટમ પ્રાપ્યતાની ગણતરીની કાર્યપદ્ધતિ

૧ કેલેન્ડર મહિનાના પ્રવહન સિસ્ટમ પ્રાપ્યતા ફેક્ટરની ગણતરી દરેક A.C અને H V D C પ્રવહન સિસ્ટમ માટે પ્રવાહન ચાર્જીસની હિસ્સેદારી અલગ રીતે અને વર્ગીકૃત રીતે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા પ્રમાણિત કરાયેલ સંબંધિત પ્રવહન પરવાનેદાર દ્વારા કરાશે

૨. TAFM, ની ટકાવારીમાં (100 – 100 x NAFM), ની બરાબર રહેશે જ્યાં NAFM, પ્રવહન સિસ્ટમ/પેટા–સિસ્ટમ માટે મહિના માટે યુનિટ દીઠ અપ્રાપ્યતા ફેક્ટર છે.

૩. A.C. સિસ્ટમ/પેટા–સિસ્ટમ માટે NAFMની ગણતરી નીચે મુજબ કરાશે.

NAFM =

$$NAFM = [\sum_{l=1}^{L} (OH_l \times Ckt km_l \times NSC_l) + \sum_{t=1}^{T} (OH_t \times MVA_t \times 2.5)$$

$$+\sum_{r=1}^{R} (OH_r \times MVAR_r \times 4)] \div THM \times [\sum_{l=1}^{L} (Ckt km_l \times NSC_l)$$

$$+\sum_{t=1}^{T} (MVA_t \times 2.5) + \sum_{r=1}^{R} (MVAR_r \times 4)]$$

જ્યાં

l		પ્રવહન લાઇન સર્કિટ મુકરર કરે છે.
t		ટ્રાન્સફોર્મર/ ICT મુકરર કરે છે.
r		બસ રિએક્ટર, સ્વિચેબલ લાઇન રિએક્ટર અને SVC મુકરર કરે છે.
L	=	લાઇન સર્કિટની કુલ સંખ્યા
T	=	ટ્રાન્સફોર્મરો અને ICTs ની કુલ સંખ્યા
R	=	બસ રિએક્ટર, સ્વિચેબલ લાઇન રિએક્ટર અને SVC ની કુલ સંખ્યા
OH	=	મહિનામાં આઉટેજના કલાકો અથવા અપ્રાપ્યતાના કલાકો બાદ કલમ (૫) અનુસાર પ્રવહન પરવાનેદાર, કોઇ હોય તો, તેના કારણોસર હોય તેવા અનુપયોગી કાળની મુદત, કોઇ હોય તો,
Ckt km	=	પ્રવહન લાઇન સર્કિટની લંબાઇ કિલોમીટરમાં
NSC	=	શ્રેણ દીઠ ગૌણ કન્ડક્ટરોની સંખ્યા
MVA	=	ટ્રાન્સફોર્મર/ ICT નું MVA રેટીંગ
MVAR	=	બસ રિએક્ટર, સ્વિચેબલ લાઇન રિએક્ટર અથવા S V C નું MVAR રેટીંગ (જેમાં તે કેસમાં કેપેસીટીવ અને ઇંડીક્ટિવ ક્ષમતાઓનો સરવાળો હશે.)
THM	=	મહિનાના કુલ કલાકો

૪ દરેક HVDC સિસ્ટમ માટે NAFMની ગણતરી, અલગ રીતે નીચે મુજબ કરાશે

$$NAFM = [\ \Sigma\ (TCR \times hours)] \div [\ THM \times RC]$$

જ્યાં,

TCR = સિસ્ટમની પ્રવહન ક્ષમતામાં ઘટાડો – મે.વો. માં (MW)

RC = સિસ્ટમની નિર્ધારિત ક્ષમતા –મે.વો. માં

ઉપરના હેતુસર HVDC ટર્મિનલો અને HVDC સિસ્ટમની સીધેસીધી જોડાયેલ EHV / HVDC લાઇનોને એક સંકલિત સિસ્ટમ તરીકે ગણવામાં આવશે.

૫. નીચેના કારણોસર અનુપયોગ ગાળા હેઠળ પ્રવહન ઘટકો પ્રાપ્ય હોવાનું ગણવામાં આવશે.

(૧) અન્ય પ્રવહન યોજનાના ઘટકોના નિભાવ કે બાંધકામ માટે શટડાઉનનો લાભ ગણે. અન્ય પ્રવહન યોજના પ્રવહન પરવાનેદારની હોય તો, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર (SLDC), સામેલ કામ માટે વાજબી ગણેલ, માની લીધેલ પ્રાપ્યતા ગાળો પ્રતિબંધિત કરી શકશે.

(૨) રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રની માર્ગદર્શક સૂચનાઓ અનુસાર વધુ વોલ્ટેજ અને સ્વિચયુક્ત રિએક્ટરની મેન્યુઅલ ટ્રિપિંગને પ્રતિબંધિત કરવા પ્રવહન લાઇન બંધ કરવી.

૬. નીચેની આકસ્મિકતાઓ માટે પ્રવહન ઘટકોનો અનુપયોગ સમય, વિચારણા હેઠળના ઘટકના કુલ સમયમાંથી બાદ કરવો.

(૧) ઇશ્વરનાં કાર્યો અને પ્રવહન પરવાનેદારના અંકુશમાં ન હોય તેવી કુદરતી આફતોને કારણે ઉભો થતો ઘટકોનો અનુપયોગ સમયગાળો અલબત ડિઝાઇન નિષ્ફળ જવાને કારણે નહીં પરંતુ ઉપર્યુક્ત ઘટનાઓને કારણે અનુપયોગ સમયગાળો ઊભો થયો હોવાની રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રને ખાતરી કરાવવાની જવાબદારી પ્રવહન પરવાનેદારની રહેશે. આ ઘટક માટે પુનર્સ્થાપનનો વાજબી સમય, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા ધ્યાનમાં લેવાશે અને વાજબી સમય ઉપરાંત ઘટકના પુનર્સ્થાપન માટે પ્રવહન પરવાનેદારે લીધેલ વધારાના સમયને, પ્રવહન પરવાનેદારને કારણે ઉભો થયેલ અનુપયોગ સમય–ગાળો ગણવામાં આવશે. રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર, પુનર્સ્થાપનના વાજબી સમયનો અંદાજ કાઢવા પ્રવહન પરવાનેદાર કે કોઇ નિષ્ણાતની સલાહ લઇ શકે. (સંકટકાલિન પુનર્સ્થાપન સિસ્ટમ) ERS મારફત પુનર્સ્થાપિત સર્કિટ, ઉપલબ્ધ હોવાનું ગણવામાં આવશે.

(૨) પ્રવહન પરવાનેદાર કારણભૂત ન હોય તેવો ગ્રિડ બનાવ/ખલેલને કારણે ઉભો થયેલ અનુપયોગ સમય–ગાળો દા.ત. અન્ય એજન્સીની માલિકીના ગૌણ મથક કે બે (bays) માં ફોલ્ટને કારણે પ્રવહન પરવાનેદારના ઘટકમાં ઉભો થતો

અનુપયોગ સમય અને ગ્રિડમાં ખલેલને કારણે લાઈનોનું ટ્રિપીંગ, ICTs, HVDC, વગેરે. ગ્રિડ બનાવ/ખલેલ પછી સિસ્ટમને સામાન્ય કરતી વખતે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર તરફથી આદેશ મળતાં વાજબી સમયમાં ઘટકનું પુનસ્થાપન ન કરાય તો, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રના પુનસ્થાપન માટેનો આદેશ ઈશ્યૂ થયા પછી, તે ઘટકને અનુપયોગ સમય-ગાળા માટે ઉપલબ્ધ ન હોવાનું ગણવામાં આવશે.

૭. રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા પ્રાપ્યતા પ્રમાણપત્ર ઈશ્યૂ કરવાનું ફોર્મેટ પરિશિષ્ટ-૧ માં દર્શાવેલ છે.

પરિશિષ્ટ-૧

રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા પ્રાપ્યતા પ્રમાણપત્ર ઈશ્યૂ કરવા માટેનું ફોર્મ :

રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રના લેટરહેડ પર

સંદર્ભ : **તા.**

પ્રતિ,

વિષય : GETCO માટે પ્રવહન સિસ્ટમ પ્રાપ્યતા પ્રમાણપત્ર

સંદર્ભ

ઉપર્યુક્ત વિષય સંબંધમાં, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના બહુવર્ષીય પ્રશુલ્ક વિનિયમ, ૨૦૧૬ અનુસાર ગણી કાઢેલ .... વર્ષ માટેના GETCO નેટવર્કની અવરોધક વિગતો સાથે પ્રવહન સિસ્ટમ પ્રાપ્યતાની ગણતરી, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રને મળી છે.

૨૦૧૬ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના બહુવર્ષીય પ્રશુલ્ક અંગેના જોડાણ-૨ અનુસાર ગણી કાઢેલ અને ૨૦૧૬ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના બહુવર્ષીય પ્રશુલ્કના વિનિયમ-૬૭ની જોગવાઈઓ ધ્યાનમાં લીધા પછી, ... વર્ષ માટેના GETCO નેટવર્કની એકંદર પ્રવહન સિસ્ટમ પ્રાપ્યતા .... % છે.

અધિકૃત હસ્તાક્ષર : ....

નકલ રવાના :

Extra No. 277

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, JULY 2, 2016/ASADHA 11, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ ની કલમ ૧૫ ની પેટા કલમ (૧) અને ગુજરાત પંચાયત ચુંટણી નિયમો – ૧૯૯૪ ના નિયમ – ૯(૨) હેઠળ ચુંટણીનું જાહેરનામું તથા ચુંટણીનો તબકકાવાર કાર્યક્રમ પ્રાંત અધિકારીની કચેરી

નેશનલ હાઈવે શ્રી એસ.એમ.જાડેજા કોલેજની બાજુમાં, કુતિયાણા

તા. ૦૨/૦૭/૨૦૧૬

ક્રમાંક : ગ્રા.પં./પે. ચું./૨૭૧૬/૨૦૧૬

જાહેરનામુ

પોરબંદર જિલ્લાની કુતિયાણા તાલુકાની ગ્રામપંચાયતોના વોર્ડની બેઠકોની ચુંટણી

(૧) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ – ૧૬ ની પેટા કલમ (૧) મુજબ પોરબંદર જિલ્લાની કુતિયાણા તાલુકાની ગ્રામ પંચાયતોના વોર્ડની રચના તથા બેઠકોની ફાળવણી રાજય ચુંટણી આયોગના અધિકારી તરીકે કલેકટરશ્રીએ કરેલ છે.

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ ની કલમ ૧૫ ની પેટા કલમ (૧) હેઠળ રાજય ચુંટણી આયોગના અધિકારી તરીકે અમોને મળેલ સત્તાની રૂએ પોરબંદર જિલ્લાની કુતિયાણા તાલુકાની નીચેની અનુસુચીના કોલમ નં. ૨ માં જણાવેલ તાલુકાની સામે કોલમ નં. ૩ માં જણાવેલ ગ્રામ પંચાયતોની કોલમ નં. ૪ તથા ૫ માં જણાવેલ વોર્ડની બેઠકોની પેટા ચુંટણી તા.૨૪/૦૭/૨૦૧૬ ના રોજ યોજવાનું જાહેર કરેલ છે.

(૩) ગુજરાત પંચાયત ચુંટણી નિયમો – ૧૯૯૪ ના નિયમ – ૯ ના પેટા નિયમ –૨ થી પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ રાજય ચુંટણી આયોગના અધિકારી તરીકે પોરબંદર જિલ્લાની કુતિયાણા તાલુકાની પ્રાંત અધિકારી કુતિયાણા નીચેની ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ – ૧૫ ની પેટા કલમ (૧) હેઠળ આ જાહેરનામા નીચેની અનુસુચિમાં જણાવેલ તાલુકાની ગ્રામ પંચાયતોના વોર્ડની બેઠકો ભરવા માટે, ચુંટણી યોજવા નીચે મુજબ તબક્કાવાર કાર્યક્રમ નક્કી કરવામાં આવે છે.

ક્રમ	વિગત	તારીખ	સમય	સ્થળ
૧	૨	૩	૪	૫
ક	ઉમેદવારી પત્ર સ્વીકારવાની છેલ્લી તારીખ	૦૭-૦૭-૨૦૧૬	૧૧ –૦૦ કલાકથી ૧૫–૦૦ કલાક સુધી	ચુંટણી અધિકારી / મદદનીશ ચુંટણી અધિકારીની કચેરી ખાતે
ખ	ઉમેદવારી પત્રોની ચકાસણી તારીખ	૦૯-૦૭-૨૦૧૬	૧૧–૦૦ કલાકથી ચકાસણી પુરી થાય ત્યાં સુધી	ચુંટણી અધિકારીની કચેરી ખાતે
ગ	ઉમેદવારી પત્રો પાછા ખેંચી લેવાની છેલ્લી તારીખ	૧૧-૦૭-૨૦૧૬	૧૫–૦૦ કલાક સુધી	ચુંટણી અધિકારી / મદદનીશ ચુંટણી અધિકારીની કચેરી ખાતે
ઘ	આવશ્યક હોય તો મતદાનની તારીખ	૨૪-૦૭-૨૦૧૬		
ચ	મતદાનનો સમય	સવારના ૮–૦૦ થી સાંજના ૫–૦૦ કલાક સુધી		
છ	મતદાનનું સ્થળ	જિલ્લા ચુંટણી અધિકારીએ ગ્રામ પંચાયત માટે વોર્ડવાર આખરી કરી જાહેર કરેલ /પ્રસિધ્ધ કરેલ મતદાન મથકો ઉપર		
જ	મતગણતરી માટેની તારીખ અને સમય	૨૬-૦૭-૨૦૧૬	સવારના ૯–૦૦ કલાકથી ગણતરી પુરી થાય ત્યાં સુધી	ચુંટણી અધિકારી જાહેર કરે તે સ્થળે
ઝ	ચુંટણી પ્રક્રીયા પુરી થવાની તારીખ	૨૭-૦૭-૨૦૧૬	–	–

અનુસુચિ

કુતિયાણા તાલુકાની ગ્રામ પંચાયતોની ચુંટણી યોજવાની છે તેની યાદી

ક્રમ	તાલુકાનું નામ	ગ્રામ પંચાયતનું નામ	વોર્ડ નં./ ક્રમાંક	વોર્ડની બેઠકનો પ્રકાર	સરપંચની બેઠકનો પ્રકાર	ચુંટણીનો પ્રકાર (સામાન્ય/ પેટા ચુંટણી જે હોય તે દર્શાવવું)
૧	૨	૩	૪	૫	૬	૭
૧	કુતિયાણા	ખાગેશ્રી	સરપંચ	--		
૨			૧	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ સ્ત્રી		
૩			૨	સામાન્ય સ્ત્રી		
૪			૩	સામાન્ય સ્ત્રી		
૫			૪	બિન અનામત સામાન્ય		
૬			૫	બિન અનામત સામાન્ય		
૭			૬	અનુસુચિત આદિજાતિ મહિલા		

INDEX

ક્રમ	તાલુકાનું નામ	ગ્રામ પંચાયતનું નામ	વોર્ડ નં./ ક્રમાંક	વોર્ડની બેઠકનો પ્રકાર	સરપંચની બેઠકનો પ્રકાર	ચુંટણીનો પ્રકાર (સામાન્ય/ પેટા ચુંટણી જે હોય તે દર્શાવવું)
૧	૨	૩	૪	૫	૬	૭
૮	કુતિયાણા	ખાગેશ્રી	૭	બિન અનામત સામાન્ય	સામાન્ય સ્ત્રી	પેટા ચુંટણી
૯			૮	બિન અનામત સમાન્ય		
૧૦			૯	અનુસુચિત જાતિ મહિલા		
૧૧			૧૦	બિન અનામત સામાન્ય		
૧૨		ટીબીનેશ	સરપંચ	—	સામાન્ય સ્ત્રી	પેટા ચુંટણી
૧૩			૧	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ સ્ત્રી		
૧૪			૨	સામાન્ય સ્ત્રી		
૧૫			૩	સામાન્ય સ્ત્રી		
૧૬			૪	સામાન્ય સ્ત્રી		
૧૭			૫	બિન અનામત સામાન્ય		
૧૮			૬	બિન અનામત સામાન્ય		
૧૯			૭	બિન અનામત સામાન્ય		
૨૦			૮	બિન અનામત સામાન્ય		

(સહી) અવાચ્ય,
રાજ્ય ચુંટણી પંચના અધિકારી અને
પ્રાંત અધિકારી કુતિયાણા

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 278

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, JULY 7, 2016/ASADHA 16, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જૂન, ૨૦૧૬

સુધારા હુકમ

વંચાણમાં લીધા: રાજ્ય ચૂંટણી આયોગના હુકમ ક્રમાંક: રાચઆ/ચટણ/નિરીક્ષક/સ્થા.સ્વ./૧૬૫-પાર્ટ/૦૬૨૦૧૬-ક, તા. ૨૪-૬-૧૬

ક્રમાંક : રાચઆ/ચટણ/નિરીક્ષક/સ્થા.સ્વ./૧૬૫-પાર્ટ/૦૬૨૦૧૬-ક.- રાજ્ય ચૂંટણી આયોગ, પુખ્ત વિચારણાના અંતે ગુજરાત નગરપાલિકા નિયમો-૧૯૯૪ના નિયમ-૪-ક(૧), તથા ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩(ઠ) અને ૨૪૩ (વ-ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગને મળેલ અધિકાર અન્વયે ઉપર્યુક્ત વંચાણમાં લીધેલ આયોગના તા. ૨૪-૦૬-૨૦૧૬ના હુકમથી થરા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે શ્રી આર.એમ.તન્નાને ચૂંટણી માટે ચૂંટણી નિરીક્ષક તરીકે નિયુક્ત કરવામાં આવેલ તેમાં વહીવટી કારણોસર ફેરફારકરી નીચે દર્શાવેલ વિગતે તેમના નામ સામે દર્શાવેલ નગરપાલિકાની ચૂંટણી માટેના ચૂંટણી નિરીક્ષક તરીકે આથી નિયુક્ત કરવામાં આવે છે.

અ. નં.	ચૂંટણી નિરીક્ષકનું નામ અને હોદ્દો	જે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા માટે નિયુક્તિ છે તેની વિગત
૧	૨	૩
૧	શ્રી એમ.એન.વોરા, નાયબ નિયામક, કમિશ્નર ઓફ સ્કૂલ્સ, ગાંધીનગર, કમિશ્નર શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતાભવન, ગાંધીનગર.	થરા નગરપાલિકા જિલ્લો - બનાસકાંઠા

૨. ચૂંટણી નિરીક્ષકશ્રીને જરૂરી સાહિત્ય અત્રેથી તેમજ સંબંધિત કલેકટરશ્રી/ ચૂંટણી અધિકારીશ્રી દ્વારા આપવામાં આવશે.

૩. ચૂંટણી પ્રક્રિયાના સરળ સંચાલન તથા ચૂંટણી નિષ્પક્ષ, મુક્ત અને ન્યાયપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણી નિરીક્ષકશ્રીએ મુખ્યત્વે નીચે દર્શાવ્યા મુજબની કામગીરી કરવાની રહેશે.

(૧) ચૂંટણીનું સંચાલન ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ તથા ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા બાબતના) નિયમો-૧૯૯૪, તથા આ અંગેની વખતો વખતની રાજ્ય ચૂંટણી આયોગની સૂચનાઓ પ્રમાણે થાય તે માટે ચૂંટણીના દરેક તબક્કાની કામગીરીનું નિરીક્ષણ કરશે અને રાજ્ય ચૂંટણી આયોગને પોતાનો અહેવાલ મોકલશે.

(૨) આદર્શ ચૂંટણી આચાર સંહિતાનો તથા તે અંગેના રાજ્ય ચૂંટણી આયોગના જુદા જુદા પત્રો/ પરિપત્રો/હુકમોનો અમલ થાય તે જોશે અને જો અમલ થતો ન હોય તો અમલ થાય તે બાબતે તાકીદે રાજ્ય ચૂંટણી આયોગની સાથે પરામર્શ કરી તાત્કાલિક જરૂરી પગલાં પણ લેશે.

(૩) મતદાન મથકે તથા મતગણતરી સ્થળે પ્રવેશ કરી શકશે.

(૪) ઉમેદવારોએ નિભાવવાના ખર્ચના વાઉચર/ રજીસ્ટર તપાસી શકશે.

(૫)અ. ચૂંટણી વીજાણું મતદાન યંત્રોથી કરવામાં આવશે, સર્વિસ/ટેન્ડર મતપત્રો તથા લેબલ મતપત્રો વિગેરે છપાવેલ હશે તેની ચકાસણી કરવી, મતપત્રોના માપસાઈઝ, કાગળની ગુણવત્તા તથા પ્રતીકોની ડીઝાઈન/આકૃતિની ચકાસણી કરશે અને રાજ્ય ચૂંટણી આયોગના આદેશો પ્રમાણે ન હોય તો રીપોર્ટ પણ કરશે.

બ. ઈ.વી.એમ.ની ઉપલબ્ધિ, ચકાસણી અને તાલીમ યોગ્ય રીતે અપાયા અંગેની ખાત્રી કરવાની રહેશે.

ક. પોલીંગ સ્ટાફ/ઝોનલ ઓફિસરો અને પોલીસ ટ્રેનિંગ યોગ્ય રીતે આપવામાં આવી છે તેની ખાતરી કરશે અને પ્રવાસ દરમ્યાન તાલીમ વર્ગની મુલાકાત લેશે.

(૬) ચૂંટણી પ્રકિયા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તથા જરૂરી પોલીસ બંદોબસ્ત અંગે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સંબંધિત, પોલીસ અધિક્ષકશ્રી, સંબંધિત અને રાજ્ય ચૂંટણી આયોગ સાથે પરામર્શ કરી જરૂર જણાયે તાત્કાલિક પગલાં પણ લેશે.

(૭) નગરપાલિકાઓની મતદારયાદી મતદાર નોંધણી સુધારા નિયમો મુજબ અદ્યતન કરી માર્ક કોપી યોગ્ય રીતે તૈયાર કરી છે કે કેમ તે અંગે ચૂંટણી અધિકારીઓ/મતદાર નોંધણી અધિકારી સાથે પરામર્શ કરી શકશે.

(૮) ચૂંટણી નિષ્પક્ષ અને મુક્ત રીતે યોજાય તે જોશે અને તેમ કરવા રાજ્ય ચૂંટણી આયોગ સાથે પરામર્શ કરી જરૂરી પગલાં પણ લેશે. મતદાન દુષિત થયું હોય તેવા કિસ્સામાં રાજ્ય ચૂંટણી આયોગને પોતાનો અહેવાલ તાત્કાલિક મોકલશે.

(૯) ચૂંટણી નિરીક્ષકશ્રીએ ઉમેદવારી પત્રોની ચકાસણીના/મતદાનના આગળના/મતદાનના/મતગણતરીના આગળના અને મતગણતરીના દિવસે સંબંધિત મુખ્ય મથક પર અચૂક ઉપસ્થિત રહેવાનું રહેશે.

(૧૦) ચૂંટણીનું પરિણામ જાહેર થયા પછી ત્રણ દિવસમાં સંપૂર્ણ વિગતો/આધારો સાથે ચૂંટણી અધિકારીઓની હેન્ડબુકમાં દર્શાવ્યા મુજબનો નિયત નમૂનામાં પોતાનો અહેવાલ રાજ્ય ચૂંટણી આયોગને મોકલશે.

(૧૧) ચૂંટણી નિરીક્ષકશ્રીએ મતદાનના દિવસ સુધીનો પ્રથમ અહેવાલ અને મત ગણતરીના દિવસનો બીજો અહેવાલ સમયસર આયોગને રજૂ કરવાનો રહેશે.

૪. ઉપર દર્શાવેલ બાબતો ઉપરાંત આ સાથે સામેલ રાખેલ એનેક્ષર-૧ તથા ૨ માં દર્શાવ્યા મુજબની કામગીરી કરવાની રહેશે.

૫. ચૂંટણી નિરીક્ષકશ્રીને આપવામાં આવેલ પુસ્તિકાઓ તથા જરૂરી સાહિત્ય તેઓશ્રીએ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પરત કરવાનું રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

INDEX

ANNEXURE -I

Subject:- Election to Local Authorities. Appointment of Observers by the State Election Commission.

General Instructions

1. The Observer is appointed by the State Election Commission both for the date of poll and for the date of counting in their respective constituencies and for such other dates as may be specified.

2. To facilitate easy identification, the observers shall be issued with suitable badges which shall be displayed on the left of the outer shirt.

   A sticker containing the description" Observer of the State Election Commission'" shall be displayed prominently on the wind screen of the vehicle used by the Observer.

3. The observer shall be finished with a list of the polling station within the area specified for them together with a copy of the map showing the location of the polling stations in each constituency and also the place of counting of votes along with time and date of counting in respect of the constituency which they are required to cover on the date of poll.

4. The Observers shall be supplied with a copy each of the following Hand Books (Latest editions):-

   (a) Hand Book for the Presiding Officer, which into alias contains all the relevant directions for the conduct of poll in a polling station; and

   (b) The Hand Book for Returning Officer or relevant extracts there from in which there are detailed instruction regarding the conduct of poll and counting of votes.

5. The Observer shall go through the list of polling station, the map and Hand Books and instructions contained therein to familiarise himself with the area he has to cover as an Observer on the date of poll and the various instructions on the subject.

6. The Observer will be furnished with the copies or a list of all complaints received from the date of issue of the notification unto the date of poll containing allegations of intimidation of voters or apprehension of rigging at particular polling station. The observers may visit such areas, where complains of rigging, intimidation of voters of the weaker section of the society have been received and if they are satisfied that ground exists for such apprehensions, take up the matter with the Police Authorities of the Returning Officer concerned.

7. The observer shall visit as many polling stations as possible especially those which are suggested by Collector, on the day of poll in the part of the constituency allotted to him. He is advised to visit any one of the polling stations before the commencement of poll and one polling station at the close of poll to see whether the various instructions contained in the Hand Book for presiding officer are being followed. At each polling station which he visit he should also inspect Presiding Officer diary to see that it is being maintained in the proper way.

INDEX

8. The Observers shall be supplied with necessary permits for entry into the polling station located in the part of constituency allotted to them and the counting centre.

9. The Observer shall send their tour programmes to the District Municipal Election Officer / Returning Officer concerned sufficiently in advance of the commencement of their programme so that they may intimate the same to the political parties and contesting candidates. This will enable such political parties and contesting candidates to contact the Observer in case they have complaints / suggestions etc to offer in regard to the poll / counting of votes.

10. The Observer shall not issue any instruction or direction to the polling staff or counting staff during their visit to polling station / counting centre. They may , however, give their suggestions and guidance, if required, to Returning Office or District Municipal Election Officer.

11. The Observer shall send a message by Police wireless or E-mail or fax to the State Election Commission after the poll regarding peaceful completion of the poll in the area specified for him.

12. The Observer shall send combined report after the counting is over regarding polling and counting.

13. The Observer shall send their reports to the State Election Commission and shall not send a copy thereof or any other report to the District Municipal Election Officer and Collector or any other authority. The report shall be send immediately after the day of polling counting is over, as any delay in sending the Report would defeat the purpose for which it is intended.

14. The Observer shall not take any direction form the State Government or any other authority so far as their duties as Observer are concerned.

15. The Observer shall incorporate their comments on the following points in particular. :-

(1) Polling Stations visited and the area covered. Factual position as it was at the time of the visit.

(2) Complaints, if any regarding rigging of the election.

(3) Harassment and intimidation of voters particularly belonging to weaker section of society so as to prevent them from voting.

(4) Misuse of Government machinery and government vehicles.

(5) Transport of voters by candidates for voting

(6) Compliance of commission's instructions to prevent impersonation at the time of polling.

(7) Any other point or matter particularly relating to elections which needs to be brought to the notice of the commission specifically.

MAHESH JOSHI,
Secretary,
State Election Commission,
Gandhinagar.

INDEX

ANNEXURE -II

1 Number of candidates in the field election agents appointed by the candidates. Whether all are serious candidates etc.

2 Whether arrangements made by the Returning Officer for conduct of poll satisfactory Number of polling stations in he constituency - whether accommodation of buildings chosen for polling stations satisfactory- whether candidates and political parties are satisfied about number and location of polling stations-If any dissatisfaction noticed what are the causes etc.

3. Division of constituency into various zones under charge of Sector Magistrate-Movement of polling parties - Poll arrangements etc. Identification of sensitive and trouble spots-Extra police arrangement etc.

4. Commencement of poll in time-visit as many polling stations as far as possible-Particulars of polling stations visited.

5. Any interesting incident observed at the polling stations.

6. Inspection of Presiding Officer's diary-Whether maintained properly-whether procedure of checking identity of voters by the first polling Officer being followed strictly.

7. Observation of procedure about issue of ballot paper to voters obtaining signature or thumb impression of the voters making of indelible ink-Rate of voting whether brisk or slow with relation to morning hours closing hours- Any misuse of transport in carrying voters Whether Commission's directions on plying of vehicles rigidly followed any other irregularities noticed or brought to your notice etc.

8. Whether electronics voting machines used in the constituencies-Rate of voting more or less by use of the machines - whether Presiding Officer were conversant with operation of machines.

9. Message to be sent to the Commission regarding completion of poll-whether peaceful or not.

10. Arrangement made for safe transport of EVMs packets containing other polling materials for their custody until commencement of counting.

11. Place, date and counting of votes-commencement of counting-Whether procedure prescribed by commission followed or not complaint regarding counting if any Announcement of result.

12. Whether you observed any under aged voter in queue-Observation about following instructions contained in Hand Book for Presiding Officers.

13. Any complaint from candidates or their election agents or from political parties about unfair practice adopted either during poll or counting of votes.

14. Any suggestion relating to conduct of poll you desire to make for consideration of the commission.

MAHESH JOSHI,
Secretary,
State Election Commission,
Gandhinagar.

................................નગરપાલિકાની સામાન્ય/પેટા/મધ્યસત્ર ચૂંટણી માટે રાજ્ય ચૂંટણી આયોગ તરફથી નિયુક્ત કરેલ નિરીક્ષકશ્રીએ રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરને મોકલવાના અહેવાલનો નમૂનો (અ)

૧.	નગરપાલિકાનું નામ	:			
૨.	જે વોર્ડ માટે તેઓની નિયુક્તિ થઈ છે તે વોર્ડના નંબરો	:			
૩.	હરિફ ઉમેદવારોની સંખ્યા વોર્ડવાર	:	વોર્ડ નંબર	વોર્ડ	સંખ્યા
૪.	હરિફ ઉમેદવારો પૈકી કેટલાં ઉમેદવારોએ ચૂંટણી એજન્ટની નિમણુંક કરી હતી તેની વોર્ડવાર સંખ્યા	:	વોર્ડ નંબર		ચૂંટણી એજન્ટની નિમણુંક કરેલ ઉમેદવારોની સંખ્યા
૫.	ઉમેદવારોએ નિમણુંક કરેલ ચૂંટણી મતદાન એજન્ટોની સંખ્યા વોર્ડવાર	:	વોર્ડ નંબર		મતદાન એજન્ટોની સંખ્યા
૬.	મતદાન મથકોની સંખ્યા વોર્ડવાર	:	વોર્ડ નંબર		મતદાન મથકોની સંખ્યા
૭.	જે મકાનો માં પોલીંગ સ્ટેશનો ગોઠવવામાં આવ્યા છે, તે મકાનોમાં પૂરતી જગ્યા ઉપલબ્ધ છે કે કેમ ? તેની વિગત વોર્ડવાર	:			
૮.	મતદાન મથકો માટે ઉમેદવાર કે તેમના ચૂંટણી એજન્ટ કે રાજકીય પક્ષ તરફથી કોઈ રજુઆત થઈ હતી કે કેમ ? જો થઈ હોય તો તેની વિગત તથા કરવામાં આવેલ કાર્યવાહીની વિગત	:			
૯.	મતદાન ટુકડીની રવાનગી તથા પરત આવવા માટેના રૂટની સંખ્યા વોર્ડવાર	:	વોર્ડ નંબર		રૂટની સંખ્યા
૧૦.	સંવેદનશીલ મતદાન મથકો અને તોફાન થવાનો સંભવ હોય તેવા મથકોની સંખ્યા આવા મથકો પર પોલીસ વ્યવસ્થા યોજના મુજબ અને સ્થળે વ્યવસ્થા ગોઠવાયેલ હતી કે નહિ તેની વિગત જેમાં નિયુક્ત કરેલ પોલીસ. અધિકારી/કોન્સ્ટેબલ તથા કર્મચારીઓની વિગત જણાવવી.	:	વોર્ડ નંબર	સંવેદનશીલ મતદાન મથકનું સ્થળ	ગોઠવવામાં આવેલ પોલીસ વ્યવસ્થાની વિગત
૧૧.	મતદાન નિશ્ચિત સમયે શરૂ થયું હતું કે કેમ ?	:			
૧૨.	મુલાકાત લીધેલ મતદાન મથકોના નંબર અને મુલાકાતનો સમય	:	વોર્ડ નંબર	મતદાન મથક નંબર	સ્થળ મુલાકાતનો સમય
૧૩.	મતદાન મથકે ધ્યાને આવે તેવા કોઈ બનાવો બનેલ હોય તો તેની વિગત વોર્ડવાર/મતદાન મથકવાર દર્શાવવી.	:			
૧૪.	જે મતદાન મથકોની મુલાકાત લીધી છે તેવા મતદાન મથકોની પ્રમુખ અધિકારીઓની ડાયરીની તપાસણી કરવી અને તેની વિગત દર્શાવવી.	:	વોર્ડ નંબર	મતદાન મથકનો નંબર	મતદાન મથકનું સ્થળ
૧૫.	મતદારોની ઓળખ માટે પહેલાં મતદાન અધિકારીએ કરવાની કામગીરી યોગ્ય રીતે તેઓ બજાવે છે કે કેમ ?	:			

INDEX

૧૬. (૧) મતપત્ર આપતાં પહેલાં સ્થળપ્રત પર મતદારોની સહી અથવા અંગુઠાનું નિશાન લેવામાં આવે છે કે કેમ ? :
(૨) અવિલોપ્ય શાહીથી આંગળી પર નિશાન કરવામાં આવે છે કે કેમ ?

૧૭. મતદાન શરૂ થવાના સમયે તથા મતદાન પુરૂ થવાના સમયે મતદારોના ધસારાની વિગતો :

૧૮. મતદાન એજન્ટ તરફથી ધાકધમકી અપાતી હોવાની ફરીયાદો મળી હતી કે કેમ ? જો મળી હોય તો કરેલી કાર્યવાહી :

૧૯. મતદાન શાંતીપૂર્ણ રહ્યુ હતું કે કેમ ? :

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી / કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે વોર્ડ નં.૧, ૫ અને ૭ વોર્ડ સિવાયની કોઈપણ વોર્ડની સરેરાશ વસતિના ૧૦% વસતિના વધઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૨ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૩ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડમાં આ વર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે કરેલ તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસતિની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નક્કી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા અને છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૧ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૧ બેઠક પૈકી કોઈ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ નથી.

૧૨. સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુંજબ નગરપાલિકાના જુદા જુદા ૭ સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત જાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી
૧	૬	૩૯૨૮	૧૬૦	૪.૦૭
૨	૧	૩૫૯૪	૯૬	૨.૬૭
૩	૫	૩૫૬૪	૭૯	૨.૨૧
૪	૪	૪૧૮૫	૯૧	૨.૧૭
૫	૩	૪૧૪૩	૬૯	૧.૬૬
૬	૨	૪૩૯૩	૫૪	૧.૨૨
૭	૭	૪૫૨૦	૨૦	૦.૪૪
		૨૮૩૨૭	૫૬૯	--

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતિની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૪ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં શક્ય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યામાં ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજ્ય ચૂંટણી આયોગ માને છે. પરંતુ બેઠક નિર્ધારિત થયેલ નથી.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં.૬ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની ફાળવણી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૬	અનુસૂચિત જાતિ

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૨ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી
૧	૧	૩૫૯૪	૧૨૭૩	૩૫.૪૨
૨	૨	૪૩૯૩	૧૭૩	૩.૯૩
૩	૫	૩૫૬૪	૯૭	૨.૭૨
૪	૬	૩૯૨૮	૮૮	૨.૨૪
૫	૪	૪૧૮૫	૫૭	૧.૩૬
૬	૩	૪૧૪૩	૫૧	૧.૨૩
૭	૭	૪૫૨૦	૧૨	૦.૨૬
		૨૮૩૨૭	૧૭૫૧	–

આમ, અનુસૂચિત આદિજાતિની વસતિની ઊંચી ટકાવારી ક્રમ મુજબ વોર્ડ નં. ૧ અને ૨ માં આવતી હોઈ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અનુસૂચિત આદિજાતિ સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શક્ય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતાં વોર્ડમાં આ વર્ગની સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજ્ય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં.૨ માં અનુસૂચિત આદિજાતિ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય છે.

અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નંબર ૧ અને ૨ માં નિયમોના નિયમ–૬ અન્વયે ફાળવવામાં આવેલ છે. જેની નીચે પ્રમાણે ફાળવણી કરવામાં આવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૧	અનુસૂચિત આદિજાતિ
૨	૨	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

૧૭. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ-૬ (ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેક્ટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતિની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૩ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૩ બેઠકો પૈકી ૧ પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

કનકપુર-કનસાડ નગરપાલિકાના સૂચિત વોર્ડોની વસતિ પછાતવર્ગની અંદાજીત વસતિ અને તેની ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	પછાતવર્ગની વસતિ (અંદાજિત)	વોર્ડની વસતિ સામે પછાત વર્ગની વસતિની ટકાવારી
૧	૧	૩૫૯૪	૧૧૩૪	૩૧.૫૦
૨	૨	૪૩૦૩	૮૮૯	૨૦.૨૩
૩	૫	૩૫૬૪	૬૩૪	૧૭.૭૮
૪	૬	૩૯૨૮	૫૩૪	૧૩.૫૯
૫	૩	૪૧૪૩	૪૮૫	૧૧.૭૦
૬	૪	૪૧૮૫	૩૬૩	૮.૬૭
૭	૭	૪૫૨૦	૧૮૪	૪.૦૭
		૨૮૩૨૭	૪૨૨૩	--

૧૮. પછાત વર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં.૧, ૨ અને ૫ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી એકી ક્રમે વોર્ડ નં.૧ માં તથા વોર્ડ નં.૫ માં પછાતવર્ગની અને ખાસ ક્રમાંક-૨ મુજબ બીજી બેઠક વોર્ડ નં. ૨ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. પરંતુ વોર્ડ નં.૧ માં અનુસૂચિત આદિજાતિની જનરલ બેઠક પ્રથમથી જ ફાળવેલ છે. જેથી ખાસ ક્રમાંક ૧ અને ૨ ને ચક્રાંતર કરતાં વોર્ડ નં.૧ માં પછાતવર્ગ સ્ત્રીની બેઠક અને વોર્ડ નં.૨ માં તથા વોર્ડ નં.૫ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે મુજબ બેઠક ફાળવણી કરવામાં આવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૧	પછાતવર્ગ સ્ત્રી
૨	૨	પછાતવર્ગ
૩	૫	પછાતવર્ગ

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બીન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને કનકપુર-કનસાડ નગરપાલિકાનું આ સાથે સંલગ્ન **અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.**

૨૧. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નક્કી કરતો અને વોર્ડની બેઠક ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. અનુસૂચિ-૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નક્કી કરવામાં આવે છે અને અનુસૂચિ-૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે **આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.**

રાજ્ય ચૂંટણી આયોગ કનકપુર–કનસાડ નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતા પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

અનુસૂચિ–૧
કનકપુર – કનસાડ નગરપાલિકા , જિ.સુરત

વોર્ડ નં.૧

સૂચિત વોર્ડ નંબર	ઇલેક્શન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૧૫	૦	૨૪	૪૭૩	રેલ્વે કોલોની, ભરવાડ વાસ	રેલ્વે કોલોની, ભરવાડ વાસ
૧	૧૬	૦	૩૬	૩૨૬	સ્વરાજ કોમ્પલેક્ષ, ભરવાડ વાસ, (કનસાડ રોડ ઉપર જતા દક્ષિણ તરફ બોગાભાઈના ઘર સુધી)	સ્વરાજ કોમ્પલેક્ષ, ભરવાડ વાસ, (કનસાડ રોડ ઉપર જતા દક્ષિણ તરફ બોગાભાઈના ઘર સુધી)
૧	૧૭	૦	૪૩	૨૩૯	ભરવાડ વાસ, (બોગાભાઈના ઘરથી દક્ષિણે રામાભાઈ ના ઘરથી તેજાભાઈના ઘર સુધી)	ભરવાડ વાસ, (બોગાભાઈના ઘરથી દક્ષિણે રામાભાઈ ના ઘરથી તેજાભાઈના ઘર સુધી)
૧	૧૮	૦	૧૬	૭૨૧	કનસાડ (નવી વસાહત, આહિર ફળિયું ,નવુ ફળિયું, ખડકી ફળિયું,પટેલ ફળિયું)	કનસાડ (નવી વસાહત, આહિર ફળિયું, નવુ ફળિયું, ખડકી ફળિયું, પટેલ ફળિયું)
૧	૧૯	૯૬	૦	૬૩૦	કનસાડ(રજપુત ફળિયું, બ્રાહ્મણ ફળિયું, કોળી વાડ, સુથાર ફળિયું, મોગારા ફળિયું, હરિજન વાસ)	કનસાડ(રજપુત ફળિયું,બ્રાહ્મણ ફળિયું, કોળી વાડ, સુથાર ફળિયું, મોગારા ફળિયું, હરિજન વાસ)
૧	૨૦	૦	૬૭૮	૭૧૮	કનસાડ હળપતિવાસ (પંચરવાળાના ઘરથી પાણીની ટાંકી સુધી)	કનસાડ હળપતિવાસ (પંચરવાળાના ઘરથી પાણીની ટાંકી સુધી)
૧	૨૧	૦	૪૭૬	૪૮૭	કનસાડ હળપતિવાસ (છોટુભાઈના ઘરથી પૂર્વમાં ગંગાબેનના ઘરથી છેલ્લી શેરી)	કનસાડ હળપતિવાસ (છોટુભાઈના ઘરથી પૂર્વમાં ગંગાબેનના ઘરથી છેલ્લી શેરી)
		૯૬	૧૨૭૩	૩૫૯૪		

વોર્ડ નંબર – ૧ ની હદનું વર્ણન

મોજે કનકપુર – કનસાડના વાયવ્ય ખુણે આવેલ બ્લોક નં. ૧૫૧ શરૂ કરી ઉત્તરે ૧૫૨ થી ૧૬૧ ,૧૬૦ ની દક્ષિણ દિશાએ જતા બ્લોક નં. ૧૨૩ ની પૂર્વની અને રેલ્વેની પશ્ચિમની હદે થઈ ઉત્તરની હદે હદે થઈ પશ્ચિમ તરફ જતા બ્લોક નં.૧૨૨ ,૪૦૫ રે.બ્લોકનં.૪૦૧ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ મીંઢોળા નદીની ઉત્તર દિશા તરફની હદેથી રે.બ્લોક નં. ૪૪૯,૫૦૭ તથા ૬૦૬ ની દક્ષિણ દિશા તરફની હદે હદે રે.બ્લોક નં ૬૦૮ના ઈશાન ખૂણેથી દક્ષિણ તરફ રે.બ્લોક નં. ૬૧૩ ની પૂર્વ દિશા તરફની હદે હદે તથા રે.બ્લોક નં. ૬૧૩ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ રે.બ્લોકનં. ૬૧૫ની નૈઋત્ય ખૂણાની હદ સુધીથી ઉત્તરે રે.બ્લોક નં. ૬૧૬,૬૧૧અને ૬૧૦ની પશ્ચિમ દિશા તરફની હદે હદે રે.બ્લોક નં.

૬૧૦ના વાયવ્ય ખૂણાથી પશ્ચિમ દિશા તરફ મીંઢોળા નદીના ઉત્તર દિશા ના કિનારે કિનારે રે.બ્લોક નં. ૬૩૪,૬૩૭,૬૮૮,૬૯૦,૬૯૮અને ૭૦૧ની દક્ષિણ દિશાની હદે હદે રે.બ્લોક નં. ૭૦૧ની પૂર્વ દિશાની હદેથી મોજે : ઉબેર ગામના સીમાડાથી રે.બ્લોક નં. ૭૧૩ની પશ્ચિમ દિશા હદેથી ઉત્તર દિશામાં રે.બ્લોક નં. ૭૦૪ ની પૂર્વ દક્ષિણ પશ્ચિમની હદે અને મોજે ઉબેર ગામના સીમાડાની ઉત્તરની હદે હદે મદાગરી ખાડી સુધી જઈ બ્લોક નંબર.૭૦૯,૭૧૫ની પશ્ચિમની હદે અને મદાગરી ખાડીની પૂર્વની હદે હદે ઉત્તર તરફ જતા બ્લોક નંબર.૭૧૮ના વાયવ્ય ખૂણા અને મદાગરી ખાડીથી અગ્નિ ખૂણાથી પૂર્વ તરફ જતા બ્લોક નંબર.૭૨૦,૭૨૩,૭૪૩,૭૬૪,૭૬૮ની ઉત્તરની હદે અને મદાગરી ખાડીની દક્ષિણની હદે હદે પૂર્વ તરફ જતા બ્લોકંબર.૭૯૩,૭૯૯,૮૧૬,૮૨૭, ૮૩૮,૮૪૧ની ઉત્તરની હદે હદે અને મદાગરી ખાડીની દક્ષિણની હદે હદે પૂર્વ તરફ જતાં બ્લોક નંબ.૪૦,૪૬,૪૭ની વાયવ્ય ખૂણાની હદે હદે અને મદાગરી ખાડીની અગ્નિ ખૂણાની હદે હદે ઈશાન ખૂણાની તરફ જતા મદાગરી ખાડી ઓળંગી ઉત્તર તરફ જતા બ્લોક નંબર.૧૪૩,૧૪૬,૧૫૦,૧૫૨,૧૫૧સુધીનો આવતો અંદરનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

કનકપુર – કનસાડ નગરપાલિકા, જિ.સુરત

વોર્ડ નં.૨

સૂચિત વોર્ડ નંબર	ઇલેક્શન વોર્ડના સેન્સસના બ્લોક, બતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૯	૯	૦	૩૯૯	ફેનિલ પાર્ક, શિવમ સોસાયટી, અમીર ગરીબની ચાલ, રંગ અવધુત વિ.૩	ફેનિલ પાર્ક, શિવમ સોસાયટી, અમીર ગરીબની ચાલ, રંગ અવધુત વિ.૩
૨	૧૦	૪	૧૪	૬૩૦	રંગ અવધુત વિ. ૧,૨ , પ્રિતી એપાર્ટમેન્ટ, જલારામ એપાર્ટમેન્ટ, નિલકંઠ એપાર્ટમેન્ટ	રંગ અવધુત વિ. ૧,૨ , પ્રીતિ એપાર્ટમેન્ટ, જલારામ એપાર્ટમેન્ટ, નીલકંઠ એપાર્ટમેન્ટ
૨	૧૧	૦	૬	૪૯૪	ઓમ, સત્યમ, શિવમ, સુંદરમ એપાર્ટમેન્ટ, સુર્ય કિરણ રો હાઉસ, સુર્ય કિરણ એપાર્ટમેન્ટ, સુરભી એપાર્ટમેન્ટ, પ્રેક્ષા થી દિવ્યા દવાખાના સુધી	ઓમ, સત્યમ, શિવમ, સુંદરમ એપાર્ટમેન્ટ, સુર્ય કિરણ રો હાઉસ, સુર્ય કિરણ એપાર્ટમેન્ટ, સુરભી એપાર્ટમેન્ટ, પ્રેક્ષાથી દિવ્યા દવાખાના સુધી
૨	૧૨	૪	૭૦	૬૦૧	જીન કમ્પાઉન્ડ (અક્ષય સિનેમા થી ભગાભાઈ ના ઘર સુધી, સુમુખ એપાર્ટ, પૂર્વમા દુકાનો તરફથી દિવ્યા દવાખાના ની લાઇન સુધી)	જીન કમ્પાઉન્ડ (અક્ષય સિનેમા થી ભગાભાઈ ના ઘર સુધી, સુમુખ એપાર્ટમેન્ટ, પૂર્વમાં દુકાનો તરફથી દિવ્યા દવાખાના ની લાઇન સુધી)
૨	૧૩	૫	૨૯	૫૩૩	જીન કમ્પાઉન્ડ (મહાદેવ મંદિર સુધી, પૂર્વ– પશ્ચિમની લાઇન સુધી)	જીન કમ્પાઉન્ડ (મહાદેવ મંદિર સુધી, પૂર્વ– પશ્ચિમની લાઇન સુધી)
૨	૧૪	૩	૬	૩૮૯	જીન કમ્પાઉન્ડ (સરસ્વતી સિનેમાથી પૂર્વ ના લકડી ફૂટવેરની લાઇનના તમામ મકાનો)	જીન કમ્પાઉન્ડ (સરસ્વતી સિનેમાથી પૂર્વ ના લકડી ફૂટવેરની લાઇનના તમામ મકાનો)
૨	૪૦	૦	૧૭	૪૩૦	સ્નેહમિલન સોસાયટી –૬૮૫ થી ૭૮૪	સ્નેહમિલન સોસાયટી
૨	૪૧	૧૧	૧૯	૪૩૫	સ્નેહમિલન સોસાયટી –૬૦૦ થી ૬૮૪	સ્નેહમિલન સોસાયટી
૨	૪૨	૧૮	૧૨	૪૮૨	સ્નેહમિલન સોસાયટી –૪૯૩ થી ૫૯૯	સ્નેહમિલન સોસાયટી
		૫૪	૧૭૩	૪૩૯૩		

INDEX

વોર્ડ નંબર – ૨ ની હદનું વર્ણન

મોજે કનકપુર – કનસાડના વાયવ્ય ખૂણે આવેલ રે.બ્લોક નં.૧૬૨ ની પૂર્વ તરફ બ્લોક નં.૨૦૧,૨૦૨ ,૨૦૪ થી દક્ષિણ દિશા તરફ જતા બ્લોક નં. ૨૦૭ ,૨૦૮ ,૧૯૮ થી પશ્ચિમ તરફ જતા બ્લોક નં. ૧૬૫ ના દક્ષિણ છેડાથી ઉતર તરફ જતા બ્લોક નં. ૧૬૪,૧૬૩ ,૧૬૨ સુધીનો આવતો અંદરનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

કનકપુર – કનસાડ નગરપાલિકા , જિ.સુરત

વોર્ડ નં.૩

સૂચિત વોર્ડ નંબર	ઇલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૧	૫	૪	૩૫૭	સ્લમ બોર્ડ, ઇ–૮૯૯ થી ૧૦૪૪	સ્લમ બોર્ડ
૩	૨	૦	૦	૩૨૭	સ્લમ બોર્ડ, એલ–૮૧૩ થી ૧૦૮૦	સ્લમ બોર્ડ
૩	૩	૩૧	૧૩	૪૯૭	સ્લમ બોર્ડ, એલ–૧૦૮૧ થી ૧૨૨૪, સ્લમ બોર્ડ, ઇ–૧૦૪૫ થી ૧૦૭૨	સ્લમ બોર્ડ
૩	૪	૦	૦	૫૩૭	સ્લમ બોર્ડ, ઇ–૧૦૭૩ થી ૧૨૪૦	સ્લમ બોર્ડ
૩	૫	૧૨	૧૩	૫૬૬	સ્લમ બોર્ડ, ઇ–૧૨૪૧ થી ૧૪૦૮	સ્લમ બોર્ડ
૩	૬	૫	૦	૬૧૨	સમર્પણ રો હાઉસ, શ્રી જી રો હાઉસ	સમર્પણ રો હાઉસ, શ્રી જી રો હાઉસ
૩	૭	૫	૧૨	૫૮૨	નિર્મલ રો હાઉસ ૧ થી ૪૬, યોગેશ્વર નગર ૧૯૮૧ થી ૨૦૩૧	નિર્મલ રો હાઉસ , યોગેશ્વર નગર
૩	૮	૧૧	૯	૬૬૫	યોગેશ્વર નગર ૨૦૩૧ થી ૨૦૯૬, રવિ દર્શન એપાર્ટમેન્ટ , ક્રિષ્ના સોસાયટી	યોગેશ્વર નગર, રવિ દર્શન એપાર્ટમેન્ટ, ક્રિષ્ના સોસાયટી
		૬૯	૫૧	૪૧૪૩		

વોર્ડ નંબર – ૩ ની હદનું વર્ણન

મોજે કનકપુર – કનસાડના વાયવ્ય ખૂણે આવેલ રેવન્યુ બ્લોક નં. ૨૦૬ ની પૂર્વ તરફ આગળ જઈ દક્ષિણે આવેલ બ્લોક નં. ૨૧૨ (સ્લમ બોર્ડ) ના મકાનોની હદે હદે થઈ ઉતર દિશા તરફ આગળ વધી પૂર્વ તરફ સ્લમબોર્ડના મકાનોના વિસ્તારની હદે મોજે. સચીનના સીમાડે સીમાડે આગળ વધી ઉતરે હદે હદે આગળ જઈ દક્ષિણ દિશા તરફ વળી રેવન્યુ બ્લોક નં. ૨૧૩ ની હદે પૂર્વ દિશા તરફ વધી દક્ષિણે આવી અગ્નિ ખૂણેથી વળી દક્ષિણે આવેલ બ્લોક નં. ૨૧૪ ની હદે હદે લાગુ વોર્ડ નં. ૪ ની પશ્ચિમે જતા રેવન્યુ બ્લોક નં. ૨૧૫ થી આગળ વધી બ્લોક નં. ૨૧૫ ની હદે હદે દક્ષિણે જઈ પશ્ચિમ દિશા તરફના લાગુ વોર્ડ નં. ૫ ની હદે હદે આગળ વધી રેવન્યુ બ્લોક નં. ૮૫૬(યોગેશ્વર નગર) થઈ ઉતર તરફ જતાં લાગુ વોર્ડ નં. ૨ ની હદે હદે આગળ વધી રેવન્યુ બ્લોક નં. ૨૦૬ ની હદ સુધીનો તમામ સમાવિષ્ટ વિસ્તાર.

કનકપુર – કનસાડ નગરપાલિકા, જિ.સુરત

વોર્ડ નં.૪

સૂચિત વોર્ડ નંબર	ઇલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૩૪	૦	૦	૬૬૩	ભારત રત્ન સોસાયટી	ભારત રત્ન સોસાયટી

સૂચિત વોર્ડ નંબર	ઇલેક્શન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૩૫	૨૯	૪	૮૩૨	આર્દશ નગર સોસાયટી– ૧૦૭૭ થી ૧૧૮૪, સુભાષ નગર સોસાયટી –૨૭૫૦ થી ૨૭૪૮	આર્દશ નગર સોસાયટી, સુભાષ નગર સોસાયટી
૪	૩૬	૨૭	૮	૬૯૩	આર્દશ નગર સોસાયટી–૯૬૭ થી ૧૦૭૬, ભાગ્યલક્ષ્મી સોસાયટી –૨૭૦૧ થી ૨૭૨૪	આર્દશ નગર સોસાયટી, ભાગ્યલક્ષ્મી સોસાયટી
૪	૪૮	૧૨	૮	૬૦૯	શીતલ નગર સોસાયટી –૭૮૫ થી ૮૫૮, ગણેશ નગર સોસાયટી –૨૦૯૭ થી ૨૧૪૫	શીતલ નગર સોસાયટી, ગણેશ નગર સોસાયટી
૪	૪૯	૫	૨૭	૫૪૨	શીતલ નગર સોસાયટી –૮૫૯ થી ૯૬૬	શીતલ નગર સોસાયટી
૪	૫૦	૧૮	૧૦	૮૪૬	ગણેશ નગર સોસાયટી –૨૧૪૬ થી ૨૨૮૫	ગણેશ નગર સોસાયટી
		૯૧	૫૭	૪૧૮૫		

વોર્ડ નંબર – ૪ ની હદનું વર્ણન

મોજે કનકપુર – કનસાડના ગીરવપથને અડીને આવેલ રેવન્યુ બ્લોક નં. ૨૨૪ ના વાયવ્ય ખૂણેથી લાગુ વોર્ડ નં. ૩ થી પૂર્વ તરફ આગળ વધી ઉતરે લાગુ વોર્ડ નં. ૨ તરફ આગળ જઈ પૂર્વ દિશા તરફ આગળ જઈ ઉતરે લાગુ મોજે. સચિન ગામના સીમાડા સાથે આવેલ ખાડીની કોતરે કોતરે દક્ષિણે આગળ વધી લાગુ બ્લોક નંબર ૨૨૭ ની પૂર્વ તરફ વધી દક્ષિણ દિશા તરફ આગળ ફરી પૂર્વ તરફ વળતા મોજે. લાજપોર ગામના સીમાડાની હદે હદે આગળ વધી દક્ષિણ દિશા તરફની હદે હદે આવી ફરી પૂર્વ તરફ જઈ દક્ષિણ દિશા તરફ આગળ જઈ પશ્ચિમ તરફના લાગુ વોર્ડ નં. ૬ ની હદે હદે આગળ જઈ ઉપર તરફ જઈને વળી પશ્ચિમથી દક્ષિણ દિશા તરફ આવેલ સુભાષનગરની હદે હદે જતા ઉતર તરફના આર્દશ નગર તથા લાગુ વોર્ડ નં. ૪ ની હદે હદે આગળ જઈ પૂર્વ તરફની ભાગ્યલક્ષ્મી સોસાયટી તરફ વળી લાગુ વોર્ડ નં. ૩ ની હદે હદે આવેલ બ્લોક નં. ૨૨૪ સુધીનો તમામ સમાવિષ્ટ હદ વિસ્તાર.

કનકપુર – કનસાડ નગરપાલિકા, જિ.સુરત

વોર્ડ નં.૫

સૂચિત વોર્ડ નંબર	ઇલેક્શન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૩૮	૧૪	૧૧	૪૯૧	શિવકૃપા સોસાયટી –૨૫૨૫ થી ૨૬૨૪	શિવકૃપા સોસાયટી
૫	૩૯	૨	૧૨	૪૮૦	વૃદાંવન સોસાયટી –૧૧૮૫ થી ૧૨૮૪	વૃંદાવન સોસાયટી
૫	૪૩	૦	૨૯	૫૦૪	સાંઇનાથ સોસયટી – ૩૩૧ થી ૪૯૨	સાંઇનાથ સોસયટી
૫	૪૪	૩૦	૧૯	૪૯૪	સાંઇનાથ સોસયટી – ૨૬૫ થી ૩૩૦	સાંઇનાથ સોસયટી
૫	૪૫	૭	૩	૪૯૦	સાંઇનાથ સોસયટી –૧૫૧ થી ૨૬૪	સાંઇનાથ સોસયટી
૫	૪૬	૧૨	૨૩	૪૫૬	સાંઇનાથ સોસયટી – ૫૫ થી ૧૫૦	સાંઇનાથ સોસયટી
૫	૪૭	૧૪	૦	૬૪૯	સાંઇનાથ સોસયટી – ૧ થી ૫૪, સહયોગ સોસાયટી, ધનલક્ષ્મી સોસાયટી –૨૬૨૫ થી ૨૭૦૦	સાંઇનાથ સોસયટી , સહયોગ સોસાયટી , ધનલક્ષ્મી સોસાયટી
		૭૯	૯૭	૩૫૬૪		

વોર્ડ નંબર – ૫ ની હદનું વર્ણન

મોજે કનકપુર – કનસાડ રેવન્યુ બ્લોક નં. ૧૬૬ (સ્નેહમિલન સોસાયટી) ના વાયવ્ય ખૂણેથી પૂર્વ તરફના લાગુ વોર્ડ નં. ૨ ની હદે હદે આગળ વધી દક્ષિણે વળી રેવન્યુ બ્લોક નં. ૧૯૭ ની હદ થી પૂર્વ તરફ આવેલ રેવન્યુ બ્લોક નં. ૧૯૬

માં આવેલ સરકારી પ્રા.શાળાની હદે હદે આગળ વધી દક્ષિણ દિશા તરફ વળી લાગુ વોર્ડ નં. ૩ ની હદે હદે રેવન્યુ બ્લોક નં. ૧૯૫ ,૨૧૮, ૨૨૦, ૨૨૨ (સહયોગ સોસાયટી) , ૨૨૧ તથા ૨૨૩ ની હદે હદે આગળ જઈ દક્ષિણ દિશા તરફ આવી લાગુ વોર્ડ નં. ૪ ની પશ્ચિમની હદે હદે આગળ જઈ દક્ષિણ દિશા તરફ આવેલ બ્લોક નં. ૧૯૨ (ધનલક્ષ્મી સોસાયટી) થી પશ્ચિમે લાગુ વોર્ડ નં. ૬ ની પશ્ચિમે આગળ જતા સાંઈનાથ સોસાયટીની હદથી ઉતર તરફ જતા શિવકૃપા સોસાયટી ની હદે હદે થઈ પશ્ચિમે આગળ વધી બ્લોક નં. ૧૬૭ (વૃદાંવન સોસાયટી) થી પશ્ચિમે લાગુ વોર્ડ નં. ૧ ની હદે હદે આવેલ રેલ્વે લાઈનથી આગળ જઈ ઉતરે બ્લોક નં. ૧૬૬ સુધીનો તમામ સમાવિષ્ટ વિસ્તાર.

કનકપુર – કનસાડ નગરપાલિકા, જિ.સુરત

વોર્ડ નં.૬

સુચિત વોર્ડ નંબર	ઇલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૨૨	૧૭	૨૦	૫૫૦	કૃષ્ણકુંજ સોસાયટી ૧૮૭૧ થી ૧૯૮૦	કૃષ્ણકુંજ સોસાયટી
૬	૨૩	૨૩	૫	૫૬૮	કૃષ્ણકુંજ સોસાયટી – ૧૭૫૯ થી ૧૮૭૦	કૃષ્ણકુંજ સોસાયટી
૬	૨૪	૨૨	૧૧	૫૫૩	આનંદ મંગલ સોસાયટી– ૧૬૨૭ થી ૧૭૫૮	આનંદ મંગલ સોસાયટી
૬	૨૫	૧૯	૯	૫૩૧	આનંદ મંગલ સોસાયટી– ૧૫૧૩ થી ૧૬૨૬	આનંદ મંગલ સોસાયટી
૬	૨૬	૪૮	૧૦	૫૨૬	આશાપુરી સોસાયટી– ૧૪૦૦ થી ૧૫૧૨	આશાપુરી સોસાયટી
૬	૨૭	૧૧	૯	૫૦૩	આશાપુરી સોસાયટી –૧૨૮૫ થી ૧૩૯૯	આશાપુરી સોસાયટી
૬	૩૭	૨૦	૨૪	૬૯૭	ઉમિયા નગર સોસાયટી – ૨૭૪૯ થી ૨૮૪૮	ઉમિયા નગર સોસાયટી
		૧૬૦	૮૮	૩૯૨૮		

વોર્ડ નંબર – ૬ ની હદનું વર્ણન

મોજે કનકપુર – કનસાડના વાયવ્ય ખૂણેથી રેલ્વે લાઈનને અડીને આવેલ રેવન્યુ બલોક નં. ૧૭૦ શિવકૃપા સોસાયટીથી પૂર્વ દિશા તરફ આગળ જતા લાગુ વોર્ડ નં. ૫ ની દક્ષિણ તરફ વાળી નેતાજી શોપીંગ સેન્ટર થી આગળ વધી આશાપુરી સોસાયટી ની હદે હદે જતા દક્ષિણે આગળ વધી પશ્ચિમે લાગુ વોર્ડ નં. ૭ ની હદે હદે જતાં બ્લોક નં. ૧૭૩ (આનંદ મંગલ સોસાયટી) ની દક્ષિણેથી આગળ વધી રેવન્યુ બલોક નં. ૧૭૦ સુધીનો તમામ સમાવિષ્ટ વિસ્તાર.

કનકપુર – કનસાડ નગરપાલિકા, જિ.સુરત

વોર્ડ નં.૭

સુચિત વોર્ડ નંબર	ઇલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૭	૨૮	૧૧	૭	૬૨૭	રાધાકૃષ્ણ સોસાયટી –૨૪૫૩ થી ૨૫૨૪, શ્રી રામ નગર સોસાયટી –૨૮૫૦ થી ૨૮૮૨	રાધાકૃષ્ણ સોસાયટી, શ્રી રામ નગર સોસાયટી
૭	૨૯	૦	૦	૬૭૦	શ્રી રામ નગર સોસાયટી –૨૮૮૩ થી ૨૯૪૮, શ્રી રામ નગર સોસાયટી –૨૯૯૯ થી ૩૦૪૮	શ્રી રામ નગર સોસાયટી
૭	૩૦	૦	૦	૬૧૨	સિવિલ ક્વાર્ટસ –૩૦૪૯ થી ૩૧૦૨, શ્રી રામ નગર સોસાયટી –૨૯૪૯ થી ૨૯૯૮	સિવિલ ક્વાર્ટસ, શ્રી રામ નગર સોસાયટી

સૂચિત વોર્ડ નંબર	ડિલેક્શન વોર્ડના સેન્સસ બ્લોક, વતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૭	૩૧(૧)	૯	૦	૫૪૩	શિવ શક્તિ નગર – ૨૨૮૬ થી ૨૩૩૯	શિવ શક્તિ નગર
૭	૩૧(૨)	૦	૦	૫૪૯	શિવ શક્તિ નગર – ૨૩૪૦ થી ૨૩૫૩, સિવિલ કવાર્ટસ –૩૧૦૩ થી ૩૧૯૨	શિવ શક્તિ નગર, સિવિલ કવાર્ટસ
૭	૩૨(૧)	૦	૦	૪૯૪	ગોકુલ નગર સોસાયટી – ૨૩૫૪ થી ૨૪૦૧	ગોકુલ નગર સોસાયટી
૭	૩૨(૨)	૦	૦	૫૩૦	ગોકુલ નગર સોસાયટી – ૨૪૦૨ થી ૨૪૫૨	ગોકુલ નગર સોસાયટી
૭	૩૩	૦	૦	૪૯૫	ભાગ્યોદય સોસાયટી	ભાગ્યોદય સોસાયટી
		૨૦	૧૨	૪૫૨૦		

વોર્ડ નંબર – ૭ ની હદનું વર્ણન

મોજે કનકપુર – કનસાડ રેવન્યુ બલોક નં. ૨૨૯ ના વાયવ્ય ખૂણાથી રાધાકૃષ્ણ સોસાયટીની ઉતર દિશાની હદે હદે શ્રી રામ નગર અને સિવીલ કવાટર્સ ની ઉતર દિશાએ થઈ ભાગ્યોદય સોસાયટીની પશ્ચિમે થઈ શિવશકિત નગરની ઉતર દિશાની હદેથી પૂર્વ દિશા તરફ જતાં ગોકુલ નગર સોસાયટીની પશ્ચિમ દિશાથી દક્ષિણ દિશાની હદે હદે પૂર્વ તરફ લાજપોરના સીમાડા સુધી જઈ તથા લાજપોરના પશ્ચિમ સીમાડાની હદે થઈ દક્ષિણ તરફ જતા બ્લોક નં. ૭૪૨, ૨૬૧, ૨૮૮,૩૧૨,૩૧૫,૩૧૬,૩૪૭, ૩૫૨ ના પૂર્વ દિશાની હદે હદે દક્ષિણ તરફ જતા બ્લોક નં. ૩૫૩,૩૫૪,૩૫૫, ૩૫૭,૩૬૩,૩૬૫ ના પૂર્વ દિશાની હદે અને લાજપોરના પશ્ચિમ ની હદે થઈ પોસરા ગામના સીમાડા સુધી જઈ બ્લોક નં.૩૬૫ ના દક્ષિણ દિશાની હદે અગ્નિ ખૂણાથી શરૂ કરી બ્લોક નં. ૩૬૭,૩૭૦,૩૬૯ ની દક્ષિણ હદે હદે અને મરોલી ગામના સીમાડાની ઉતર દિશાની હદે હદે મરોલી ગામના સીમાડાની ઉતર દિશાની હદે હદે બ્લોક નં.૩૬૯ ના નૈઋત્યના ખૂણા સુધી ત્યાંથી ઉતર તરફ જતા બ્લોક નં. ૩૭૯,૩૭૭,૩૮૮ ના પશ્ચિમ દિશાની હદે હદે ઉતર તરફ જતા રેલ્વે લાઈનની હદે હદે આવેલ બ્લોક નં. ૩૯૫,૩૦૭,૪૦૪ ની પશ્ચિમ દિશા તરફ આગળ વધી ઉતર તરફ રેલ્વે લાઈનની હદે હદે આવેલ બ્લોક નં. ૩૩૮,૩૩૭,૩૩૬,૩૩૨ ની રેલ્વે લાઈનની હદે હદે આગળ વધતા પશ્ચિમ દિશા કરી ઉતર તરફથી વળી પશ્ચિમે આવેલ બ્લોક નં.૨૭૭ તરફ આગળ વધી બ્લોક નં. ૨૭૬ની હદની સાથે પૂર્વ તરફ વળી ઉતરે આવેલ બ્લોક નં. ૨૩૮ તરફ આગળ વધતા રેલ્વે લાઈનની હદે હદે બ્લોક નં. ૨૩૭ ની હદે હદે આગળ જઈ પશ્ચિમે વળી લાગુ વોર્ડ નં. ૬ ને લાગુ રાધાકૃષ્ણ સોસાયટી સુધીનો તમામ સમાવિષ્ટ હદ વિસ્તાર.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ-૨

રાજ્ય ચૂંટણી આયોગ

ગુજરાત રાજ્ય

સચિવાલય, ગાંધીનગર

કનકપુર-કનસાડ નગરપાલિકાની સને-૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૨૮૩૨૭	
કુલ વોર્ડની સંખ્યા	૭	
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૪૦૪૬	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૪૪૫૦ સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૩૬૪૨
બેઠકોની સંખ્યા	૨૮	
કુલ સ્ત્રી બેઠકો	૧૪	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી – સ્ત્રી બેઠક નથી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ સ્ત્રી બેઠક અનામત છે.
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી બેઠક અનામત છે.
કુલ અનામત બેઠકો	૧૮	
સામાન્ય બેઠકો	૧૦	

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત
૧	૧	૩૫૯૪	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૨	૨	૪૩૯૩	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૩	૩	૪૧૪૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૪૧૮૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૩૫૬૪	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૬	૬	૩૯૨૮	સામાન્ય	સામાન્ય	અનુસૂચિ જાતિ	સામાન્ય
૭	૭	૪૫૨૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
	કુલ	૨૮૩૨૭				

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 306

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY SEPTEMBER 3, 2016/BHADRA 12, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીનગર

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

હુકમ :

ક્રમાંક :- ડીસી/જાહેરનામુ/વશી./૬૯૭૭ થી ૭૦૧૨/૨૦૧૬.- ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો ગાંધીનગર જિલ્લાના રહેણાંક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચે તેવી કોશીશ કરી રહ્યા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો કોઇના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાતુ હોઇ પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરે તેઓના તા. ૦૨-૦૯-૨૦૧૬ના પત્ર નં. એસઓજી/મ.ભા. /જાહેરનામું/૫૫૫/૨૦૧૬ થી જરૂરી દરખાસ્ત મોકલેલ છે.

જેથી હું વી. જી. કાલરીયા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી.), ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂઇએ આથી હુકમ કરૂ છું કે, સમગ્ર ગાંધીનગર જિલ્લાના વિસ્તારમાં કોઇ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ હોય તેવી વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે અથવા ઔદ્યોગિક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને દિન-૧૫માં સત્વરે જાણ કરવાની રહેશે. ભાડે આપેલ મકાન, ઔદ્યોગિક વિસ્તારોમાં મકાનો, એકમોની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય, તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમોમાં ભરીને જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન/દુકાન/ઓફીસ/ શોપીંગ મોલ / વ્યવસાયિક ક્ષેત્રની પ્રોપર્ટીના માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત, કયા વિસ્તારમાં, કેટલું બાંધકામ	મકાન/દુકાન/ઓફીસ/ શોપીંગ મોલ/વ્યવસાયિક ક્ષેત્રની પ્રોપર્ટી ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું	મકાન/દુકાન/ઓફીસ/ શોપીંગ મોલ/વ્યવસાયિક ક્ષેત્રની પ્રોપર્ટી ક્યારે ભાડે આપેલ છે, ભાડાની વિગત સાથે કેટલા સમય માટે	કઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે, તેમાં રહેનાર તમામ વ્યક્તિના પાકા નામ, સરનામા સાથે	સ્થાનિક રીતે ભાડુઆતની ઓળખાણ આપનારનું નામ, સરનામું	મકાન/દુકાન/ઓફીસ/ શોપીંગ મોલ/વ્યવસાયિક ક્ષેત્રની પ્રોપર્ટીના માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું.
૧	૨	૩	૪	૫	૬	૭

આ હુકમ તા. ૦૬-૦૯-૨૦૧૬ થી તા. ૦૪-૧૧-૨૦૧૬ (બંને દિવસો સુધ્ધાંત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ, આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર તથા જિલ્લાના તમામ સિનેમાગૃહો, વિડીયોગૃહો તથા કેબલ ઓપરેટરો મારફતે બહોળી પ્રસિધ્ધિ દ્વારા તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો/પોલીસ ચોકીઓ, તમામ મામલતદાર કચેરીઓ તમામ તાલુકા પંચાયત કચેરીઓ તથા પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરની કચેરીના નોટીસ બોર્ડ ઉપર આ હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીશ્રીએ આ હુકમની જાહેર જનતા સહેલાઈથી વાંચી શકે તે રીતે યોગ્ય સાઈઝના બોર્ડ બનાવી તેઓના કાર્યક્ષેત્રમાં આવેલ જાહેર સ્થળોએ મુકવાના રહેશે. આ હુકમની સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવી.

આજ તા. ૦૩-૦૯-૨૦૧૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

તા. ૩-૯-૨૦૧૬.

વી. જી. કાલરીયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

INDEX

Extra No. 307

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, SEPTEMBER 3, 2016/BHADRA 12, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીનગર

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ હુકમ

જાહેરનામું.

ક્રમાંકઃ ડીસી/સીસી ટીવી કેમેરા/વશી. ૭૦૪૯ થી ૭૦૮૪/૨૦૧૬.– પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરે તા.૦૧-૦૯-૨૦૧૬ ના પત્ર ક્રમાંકઃ એલસીબી/જાહેરનામું/૨૨૪૦/૨૦૧૬ થી ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર શહેરી વિસ્તારમાં માન. રાજ્યપાલશ્રી, માન. મુખ્યમંત્રીશ્રી, માન. મંત્રીશ્રીના નિવાસ સ્થાનો સચિવાલય, વિધાનસભા સંકુલ જેવા અગત્યના સ્થળો આવેલ છે. જેથી સુરક્ષાને ધ્યાને લઈ હાઈવે ઉપર આવેલ તમામ સર્કલો ખાતે સરકારશ્રી તરફથી સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવેલ છે. જેથી હાઈવે ઉપર આવેલ તમામ હોટલ, પેટ્રોલપંપ, શોપીંગ મોલ વિસ્તાર, શોપીંગ કોમ્પ્લેક્ષ, મંદિર વિસ્તાર વિગેરે ઉપર સીસી ટીવી કેમેરા (નાઈટ વિઝન અને હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ રાખવા સલામતીની દ્રષ્ટિએ ખુબજ આવશ્યક હોઈ તેમજ નીચે જણાવેલ અગત્યના જાહેર સ્થળો/વિસ્તારોમાં અગાઉ જાહેર સલામતી ભંગના બનાવો બનવા પામેલ છે

(૧) ગાંધીનગર શહેરમાં આવેલ અક્ષરધામ મંદિર પર ભુતકાળમાં આતંકવાદી હુમલો થયેલ જેમાં ઘણી જાનહાની થયેલ હતી. અને આ મંદિર મંત્રીશ્રી વિસ્તારની ખુબજ નજીક આવેલ છે. તેમજ સદર મંદિરમાં મોટી સંખ્યામાં રાજ્ય અને દેશભરમાંથી પ્રવાસીઓ આવતા હોય છે.

(૨) ગાંધીનગર શહેરમાં નવ નિર્મિત મહાત્મા મંદિર ખાતે અવારનવાર રાજ્ય/રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના મોટા કાર્યક્રમો યોજાતા હોય છે. જે કાર્યક્રમોમાં પણ માન. મુખ્યમંત્રીશ્રી તેમજ અન્ય મહાનુભાવશ્રીઓ અને ઘણી મોટી સંખ્યામાં દેશ વિદેશના ડેલિગેટ્સ પધારતા હોય છે.

(૩) ગાંધીનગર ટાઉન વિસ્તારમાં બનેલ ઘરફોડ ચોર, ચેઈન સ્નેચીંગના ગુન્હાઓ શોધી કાઢવા માટે સી.સી.ટી.વી. ફુટેજ ઘણા ઉપયોગી નિવડેલ છે.

(૪) આતંકવાદી સંગઠન આઈ.એસ.આઈ.એસ. દ્વારા તેમજ અન્ય આતંકવાદી સંગઠનો દ્વારા ગુજરાત સહીત ભારતના અગત્યના સ્થળો (રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન વિગેરે) એ બોંબ બ્લાસ્ટ કરાવે તેવા મળેલ ઇન્ટેલીજન્સ ઇનપુટને ધ્યાને રાખી તમામ જાહેર સ્થળોએ સી.સી..ટી.વી. કેમેરા લગાડવા જરૂરી છે.

(૫) ગાંધીનગર એ ગુજરાત રાજ્યનું પાટનગર હોવાથી જુદા જુદા રાજકીય પક્ષો ધ્વારા તેમજ અન્ય સામાજીક/ધાર્મિક સંગઠનો ધ્વારા પોતાની માંગણીઓને અનુલક્ષીને ધરણા રેલી જેવા કાર્યક્રમો અવારનવાર ઉપવાસી છાવણી ખાતે યોજાતા હોય છે. જેમાં ઘણી વખતે રેલીના માણસો પોલિસ સાથે ઘર્ષણમાં ઉતરે છે અને સરકારી/પબ્લીક પ્રોપર્ટીને આવેશમાં આવી જઈને નુકસાન પહોંચાડતા હોય છે. જેથી આવી રેલીઓમાં સંડોવાયેલા અસામાજીક તત્વોને શોધી કાઢવા/ઓળખવા માટે અગત્યના સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાડવામાં આવેલ હોય તો ખુબ જ ઉપયોગી નિવડે છે.

(૬) તાજેતરમાં ફ્રાન્સમાં થયેલ આતંકવાદી હુમલાઓ તેમજ પોરબંદર ખાતે આતંકવાદીઓને મળી આવેલ સંદિગ્ન બોટના બનાવોને ધ્યાને રાખી સુરક્ષા વ્યવસ્થાની દ્રષ્ટિએ અગત્યના સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાડવા ખુબ જ જરૂરી છે.

આથી, હું વી. જી. કાલરીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઇએ ગાંધીનગર જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તાર તથા શહેરી વિસ્તાર અને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં હાઈવે ઉપર આવેલ તમામ હોટલ્સ, તમામ પેટ્રોલપંપ્સ, તમામ ટોલપ્લાઝા, બેંક વિસ્તાર, એટીએમ સેન્ટર, શોપીંગ મોલ વિસ્તાર, શોપીંગ કોમ્પ્લેક્ષ, બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, મંદિર વિસ્તાર, મલ્ટીપ્લેક્ષ થીયેટર, કોમર્શીયલ સેન્ટર, થ્રી સ્ટારથી ઉપરની હોટલો ઉપર સીક્યુરીટીને ધ્યાને લઈ પ્રવેશ ધ્વાર ઉપર સિક્યુરીટી ગાર્ડ/મેટલ ડીટેક્ટરો તથા સી.સી. ટીવી કેમેરા, જાહેર પાર્કીંગ, ભોંયરા, રેસ્ટોરેન્ટ, ગેસ્ટ હાઉસ, જ્વેલેરી શોપ, લોઝીંગ બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગ, પાવર હાઉસ વિગેરે જાહેર સ્થળોએ પ્રવેશ થતી ગાડીઓના નંબર તથા વ્યક્તિઓના ચહેરા સ્પષ્ટ રીતે દેખાય તે રીતે સીસી ટીવી કેમેરા (નાઈટ વિઝન અને હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ વાળા ફીક્સ કેમેરા રાજ્ય સરકારશ્રીના ગૃહ વિભાગ ધ્વારા નક્કી કરેલ ગુણવત્તાવાળા જેવા કે, Image-colour, Image sensor 1.3" minimum. Support-TCP IP and remote monitoring. Resolution-600 TVI. Min. Compression-H.264 MJPEG. System data storage-15 days min. With back light compensation and night vision capability" મુકવા અને સીસીટીવી રેકોર્ડીંગ દિન-૧૫ સુધી જાળવી રાખવા આ મિલકતોના માલીકો/કબજેદારો/ભાડુઆતો, જાહેર જનતા વિગેરેને હુકમ ફરમાવું છું.

આ હુકમ તા.૦૬-૦૯-૨૦૧૬ થી તા.૦૪-૧૧-૨૦૧૬ સુધી બન્ને દિવસો સહિત દિવસ ૬૦ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાના ભંગ કરનાર સામે ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ મુજબનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ, આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર તથા જિલ્લાના તમામ સિનેમાગૃહો, વિડીયોગૃહો તથા કેબલ ઓપરેટરો મારફતે બહોળી પ્રસિધ્ધિ ધ્વારા તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો/પોલીસ ચોકીઓ, તમામ મામલતદાર કચેરીઓ, તમામ તાલુકા પંચાયત કચેરીઓ તથા પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરની કચેરીના નોટીસ બોર્ડ ઉપર આ હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીશ્રીએ આ હુકમની જાહેર જનતા સહેલાઈથી વાંચી શકે તે રીતે યોગ્ય સાઈઝના બોર્ડ બનાવી તેઓના કાર્યક્ષેત્રમાં આવેલ જાહેર સ્થળોએ મુકવાના રહેશે. આ હુકમની સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવી.

આજ તા. ૩૦-૦૯-૨૦૧૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

તા.૦૩-૦૯-૨૦૧૬.

વી. જી. કાલરીયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

INDEX

Extra No. 308

વાર્ષિક લવાજમનો દર રૂ.૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, SEPTEMBER 14, 2016/BHADRA 23, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૬

વિષય : ગ્રામ પંચાયતોની સને ૨૦૧૬ ની મૂળ ફોટાવાળી મતદાર યાદી તૈયાર કરવા બાબત.

સંદર્ભ : રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-મતય-ગ્રાપં-૨૨(૬)-૮૨૦૧૬-ક, તા.૨૨-૮-૨૦૧૬

સુધારા આદેશ :–

ક્રમાંક : રાચપ-ચટણ-મતય-ગ્રા.પં.-૨૨(૬)-૯૨૦૧૬-ક– રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયતોની સને ૨૦૧૬ ની મૂળ ફોટાવાળી મતદાર યાદી પ્રસિદ્ધ કરવા માટે સંદર્ભવાળા તા.૨૨-૮-૨૦૧૬ ના આદેશથી કાર્યક્રમ આપવામાં આવેલ છે.

પ્રાથમિક પ્રસિદ્ધિ માટેની મતદાર યાદીઓ પુરેપુરી તૈયાર થયેલ ન હોઇ રાજ્ય ચૂંટણી આયોગ, નીચેની વિગતે સુધારેલ કાર્યક્રમ આથી નક્કી કરે છે.

ગ્રામ પંચાયતોની સને ૨૦૧૬ ની ફોટાવાળી મતદાર યાદી તૈયાર કરવાનો કાર્યક્રમ.

અ. નં.	વિગત	કાર્યક્રમ
૧.	તા.૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ આખરી પ્રસિદ્ધ થયેલ (પુરવણી સહિત) વિધાનસભા મતદાર વિભાગોની મતદાર યાદીઓ ઉપરથી ગ્રામ પંચાયતોની વોર્ડવાર મતદાર યાદીઓ તૈયાર કરવાની કામગીરી પૂર્ણ કરવાની સમય મર્યાદા.	૧૯-૯-૨૦૧૬
૨.	વોર્ડવાર ફોટાવાળી મતદાર યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિની તારીખ.	૨૧-૯-૨૦૧૬

અ. નં.	વિગત	કાર્યક્રમ
૩.	નિયમ-૩(ક) તથા ૩(ખ) અન્વયે દાવા અરજીઓ રજૂ કરવા માટેની છેલ્લી તારીખ.	૨૮-૯-૨૦૧૬
૪.	રજૂ થયેલ દાવા અરજીઓની ચકાસણી તથા દાવા પરત્વે નિયમ-૩(સી)(૨) અન્વયે આખરી નિર્ણય કરવા માટેની તારીખ.	૦૬-૧૦-૨૦૧૬
૫.	વોર્ડવાર પુરવણી સહિત ફોટાવાળી મતદાર યાદી તૈયાર કરવાની તારીખ.	૧૦-૧૦-૨૦૧૬
૬.	વોર્ડવાર પુરવણી સહિત ફોટાવાળી મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિની તારીખ.	૧૫-૧૦-૨૦૧૬

આ સિવાયની અન્ય બાબતો સંદર્ભમાં દર્શાવેલ તા.૨૨-૮-૨૦૧૬ ના આદેશ મુજબ રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 309 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, SEPTEMBER 14, 2016/BHADRA 23, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૬

ક્રમાંક : રાચઆ/ચટણ/જિતાપં/મતય-૩/પાર્ટ-II/૯૨૦૧૬/ક.– ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૧૮ તથા કલમ ૨૦ મુજબ જિલ્લા / તાલુકા પંચાયતોની ચૂંટણી માટે જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ કરેલ ગામોની વિધાનસભા મતદાર વિભાગોની અમલમાં હોય તેવી મતદારયાદીઓ ઉપરથી મતદારયાદીઓ તૈયાર કરી પ્રસિદ્ધ કરવાની રહે છે. વિધાનસભાની તા.૧-૧-૨૦૧૬ ની લાયકાત તારીખની સ્થિતિએ ફોટાવાળી મતદારયાદી પ્રસિદ્ધ થયેલ છે. જેથી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી યોજતાં પહેલાં તેના ઉપરથી સંબંધિત મતદાર યાદી તૈયાર કરવાની રહે છે.

રાજ્ય સરકાર દ્વારા તા.૩૦-૦૫-૨૦૧૫ ના જાહેરનામા ક્રમાંકઃ કેપી-૨૮-ઓફ-જીપીએ-૧૦૨૦૧૩-૮૯૩૧૦૪(Part-1) જી થી ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ ૨૦૧૫ માં કલમ નં.૧૦ થી ૨૫ માં તા.૧૦-૦૪-૨૦૧૫ થી અમલમાં આવે તે રીતે કરેલ જોગવાઇ મુજબ આગામી એક વર્ષમાં સામાન્ય ચૂંટણી યોજવાપાત્ર જિલ્લા/તાલુકા પંચાયતની પ્રસંગોપાત ખાલી બેઠકોની પેટા ચૂંટણી યોજવાની રહેતી નથી.

જિલ્લા / તાલુકા પંચાયતોમાં પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણીમાં મતદારો મતદાનથી વંચિત રહી જવા પામે નહિ તે માટે જિલ્લા / તાલુકા પંચાયતોમાં જે મતદાર મંડળ / મતદાર મંડળોમાં બેઠક ખાલી પડેલ હોય તે મતદાર મંડળ પૂરતી જ તા.૧-૧-૨૦૧૬ ની વિધાનસભાની છેલ્લે પ્રસિદ્ધ થયેલ મતદારયાદી (પુરવણી સહિત) પરથી ફોટાવાળી મતદાર યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવાની બાબત રાજ્ય ચૂંટણી આયોગની વિચારણામાં હતી.

INDEX

વિચારણાના અંતે બંધારણના અનુચ્છેદ ૨૪૩-૬, ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ અને ગુજરાત પંચાયત ચૂંટણીના નિયમો-૧૯૯૪ થી રાજ્ય ચૂંટણી આયોગને મળેલ અધિકારની રૂઈએ જે જિલ્લા / તાલુકા પંચાયતોમાં જે મતદાર મંડળ / મતદાર મંડળોમાં પ્રસંગોપાત બેઠક ખાલી પડેલ હોય તે મતદાર મંડળ પૂરતી જ તા.૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ ફોટાવાળી મતદારયાદી પ્રસિદ્ધ કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગ નીચે પ્રમાણેનો વિગતવાર કાર્યક્રમ આથી નક્કી કરે છે.

અ.નં.	વિગત	કાર્યક્રમ
૧.	તા.૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ ગુજરાત વિધાનસભાની ફોટાવાળી પુરવણી સહિત આખરી પ્રસિદ્ધ થયેલ મતદારયાદી પરથી જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર મંડળોની વિભાગવાર તા.૧-૧-૨૦૧૬ ના રોજ લાયકાત ધરાવતા મતદારોની મતદાર યાદીઓની પ્રાથમિક પ્રસિદ્ધિ કરવાની તારીખ.	૨૧-૦૯-૨૦૧૬
૨.	નિયમ-૩(ક) તથા ૩(ખ) હેઠળ નમૂના નંબર ૧(ક) તથા ૧(ખ) મુજબ દાવા અરજીઓ રજૂ કરવા માટેની છેલ્લી તારીખ.	૨૮-૦૯-૨૦૧૬
૩.	રજૂ થયેલ દાવા અરજીઓની ચકાસણી તથા દાવા પરત્વે નિયમ-૩(સી)(૨) અન્વયે આખરી નિર્ણય કરવા માટેની તારીખ.	૦૬-૧૦-૨૦૧૬
૪.	મતદાર મંડળોની વિભાગવાર તા.૧-૧-૨૦૧૬ ની સ્થિતિની કોમ્પ્યુટરાઈઝડ પુરવણી મતદાર યાદી તૈયાર કરવાની તારીખ.	૧૦-૧૦-૨૦૧૬
૫.	મતદાર મંડળોની ૨૦૧૬ની ફોટાવાળી મતદાર યાદી ૨૦૧૬ ની પુરવણી મતદાર યાદી સહિત વિભાગવાર આખરી પ્રસિદ્ધિની તારીખ.	૧૫-૧૦-૨૦૧૬

જિલ્લા / તાલુકા પંચાયતોમાં ખાલી પડેલ બેઠકોના મતદાર મંડળોમાં સમાવિષ્ટ ગામોની વિધાનસભા મતદાર વિભાગોની તા.૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ આખરી પ્રસિદ્ધ થયેલ ફોટાવાળી મતદાર યાદીની નકલો મેળવીને આ મતદાર યાદીના મથાળા પર રાજ્ય ચૂંટણી આયોગે નક્કી કરેલ નમૂના નંબરઃ ૨(અ) મુજબ મથાળાં ટાઈપ કરી / તૈયાર કરી ચોંટાડવાના રહેશે અને મતદાર યાદીના છેલ્લા પાને મતદાર નોંધણી અધિકારી અને મામલતદારશ્રીઓના હોદ્દા અને સહી સિક્કા લગાવી સહીઓ કરવાની રહેશે. વિધાનસભાની મતદાર યાદીમાં જરૂર પ્રમાણે પૃષ્ઠ નંબર, ભાગ નંબર, મતદાર વિભાગને લગતી છાપેલી બાબતો પણ કાગળની પટ્ટી ચોંટાડીને ઢાંકી દેવાની રહેશે.

જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદાર વિભાગવાર આખરી પ્રસિદ્ધ થયેલ મતદારયાદીઓમાં ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ-૨૦(૬) અનુસાર રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચપ-ચટણ-પચત-મતય-૯૫, તા.૩-૫-૧૯૯૫ મુજબ જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો રજૂ કરવાની છેલ્લી તારીખ પહેલાની તારીખ સુધી નવીન નામો દાખલ કરી શકશે. નામ સુધારો કરી શકશે અને નામો કમી કરી શકશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 310

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, SEPTEMBER 14, 2016/BHADRA 23, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૬

ક્રમાંક : રાચઆ/ચટણ/જિતાપં/મતય-૩/પાર્ટ-૨/૯૨૦૧૬/ક.– ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૧૩, ૧૮ તથા કલમ-૨૦ મુજબ જિલ્લા / તાલુકા પંચાયતોની ચૂંટણી માટે જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ કરેલ ગામોની વિધાનસભા મતદાર વિભાગોની અમલમાં હોય તેવી મતદારયાદીઓ ઉપરથી મતદારયાદીઓ તૈયાર કરી પ્રસિદ્ધ કરવાની રહે છે.

રાજ્યની રાજકોટ જિલ્લાની ગોંડલ તાલુકા પંચાયતનું વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા તા.૧૦-૬-૨૦૧૬ ના જાહેરનામાંથી વિસર્જન કરેલ છે. જેથી ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૧૩ ની પેટા કલમ-૨(ખ) ની જોગવાઈ મુજબ તેની વિસર્જનની તારીખથી છ માસમાં બાકીની મુદત માટે મધ્યસત્ર ચૂંટણી યોજવાની રહે છે. જેથી તેની મતદાર યાદી અદ્યતન કરવી જરૂરી છે.

ઉપરોક્ત હકીકતો લક્ષમાં લેતા રાજકોટ જિલ્લાની ગોંડલ તાલુકા પંચાયત મધ્યસત્ર ચૂંટણી યોજવા માટે, ગુજરાત વિધાનસભાની તા.૧-૧-૨૦૧૬ ની સ્થિતિની છેલ્લે પ્રસિદ્ધ થયેલ મતદારયાદી ઉપરથી મતદારયાદીની પ્રસિદ્ધિ માટે રાજ્ય ચૂંટણી આયોગ નીચે મુજબ કાર્યક્રમ નક્કી કરે છે.

અ.નં.	વિગત	કાર્યક્રમ
૧.	તા.૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ ગુજરાત વિધાનસભાની ફોટાવાળી પુરવણી સહિત આખરી પ્રસિદ્ધ થયેલ મતદારયાદી પરથી જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર મંડળોની વિભાગવાર તા.૧-૧-૨૦૧૬ ના રોજ લાયકાત ધરાવતા મતદારોની મતદાર યાદીઓની પ્રાથમિક પ્રસિદ્ધિ કરવાની તારીખ.	૨૧-૦૯-૨૦૧૬
૨.	નિયમ-૩(ક) તથા ૩(ખ) હેઠળ નમૂના નંબર ૧(ક) તથા ૧(ખ) મુજબ દાવા અરજીઓ રજૂ કરવા માટેની છેલ્લી તારીખ.	૨૮-૦૯-૨૦૧૬
૩.	રજૂ થયેલ દાવા અરજીઓની ચકાસણી તથા દાવા પરત્વે નિયમ-૩(સી)(૨) અન્વયે આખરી નિર્ણય કરવા માટેની તારીખ.	૦૬-૧૦-૨૦૧૬
૪.	મતદાર મંડળોની વિભાગવાર તા.૧-૧-૨૦૧૬ ની સ્થિતિની કોમ્પ્યુટરાઇઝ્ડ પુરવણી મતદાર યાદી તૈયાર કરવાની તારીખ.	૧૦-૧૦-૨૦૧૬
૫.	મતદાર મંડળોની ૨૦૧૬ની ફોટાવાળી મતદાર યાદી ૨૦૧૬ ની પુરવણી મતદાર યાદી સહિત વિભાગવાર આખરી પ્રસિદ્ધિની તારીખ.	૧૫-૧૦-૨૦૧૬

ગોંડલ તાલુકા પંચાયતના મતદાર વિભાગોની મતદાર વિભાગવાર આખરી પ્રસિદ્ધ થયેલ મતદારયાદીમાં ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ-૨૦(૬) અનુસાર રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-પચત-મતય-૯૫, તા.૩-૫-૧૯૯૫ મુજબ તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો રજૂ કરવાની છેલ્લી તારીખ પહેલાની તારીખ સુધી નવીન નામો દાખલ કરી શકાશે. નામ સુધારો કરી શકશે અને નામો કમી કરી શકશે.

રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ફોટાવાળી મતદારયાદી તૈયાર કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગે ટી.સી.એસ. ને એજન્સી તરીકે નક્કી કરેલ છે. આ એજન્સીને ફોટાવાળી મતદારયાદી માટે વોર્ડવાર/વિભાગવાર જરૂરી વિગતો ઉપલબ્ધ કરાવી, ચકાસણી કરી તેઓની પાસેથી હાર્ડ કોપી/સોફ્ટ કોપી મેળવી મતદારયાદી પ્રસિદ્ધ કરવા કાર્યવાહી કરવાની રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,

સચિવ,

રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 311

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

સત્યમેવ જયતે

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, SEPTEMBER 28, 2016/ASVINA 6, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

હુકમ

ક્રમાંક : રાચઆ-ચટણ-નપલ-ચઅન-૮(૮) આર.ઓ.-૯૨૦૧૬-ક.- ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ-૬(૪) અને ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩(વ)(ક) થી મળેલ સત્તાની રૂઈએ ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા બાબતના) નિયમો ૧૯૯૪ના નિયમ-૪(૧) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગ નગરપાલિકાઓની પેટા ચૂંટણી માટે નીચે અનુસૂચિમાં દર્શાવ્યા મુજબની વિગતે ચૂંટણી અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારીઓની આથી નિયુક્તિ કરે છે.

અનુસૂચિ

અ. નં.	જિલ્લાનું નામ	નગરપાલિકાનું નામ	વોર્ડ નંબર	નિયુક્ત કરેલ	
				ચૂંટણી અધિકારીનો હોદ્દો/કચેરી	મદદનીશ ચૂંટણી અધિકારીનો હોદ્દો/કચેરી
૧	૨	૩	૪	૫	૬
૧	જૂનાગઢ	માંગરોળ	૧૧	પ્રાંત અધિકારી, કેશોદ પ્રાંત કચેરી, કેશોદ, જિ. જૂનાગઢ	મામલતદાર, માંગરોળ મામલતદાર કચેરી, માંગરોળ જિ. જૂનાગઢ
૨	સાબરકાંઠા	તલોદ	૩	પ્રાંત અધિકારી, પ્રાંતિજ પ્રાંત કચેરી, પ્રાંતિજ જિ. સાબરકાંઠા	મામલતદાર, તલોદ મામલતદાર કચેરી, તલોદ જિ. સાબરકાંઠા

અ. નં.	જિલ્લાનું નામ	નગરપાલિકાનું નામ	વોર્ડ નંબર	નિયુક્ત કરેલ	
				ચૂંટણી અધિકારીનો હોદ્દો/કચેરી	મદદનીશ ચૂંટણી અધિકારીનો હોદ્દો/કચેરી
૧	૨	૩	૪	૫	૬
૩	બોટાદ	બોટાદ	૧૧	પ્રાંત અધિકારી, બોટાદ તાલુકા સેવા સદન, બોટાદ, જિ. બોટાદ	મામલતદાર, બોટાદ તાલુકા સેવા સદન, બોટાદ, જિ. બોટાદ

હુકમનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારકી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 312

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, SEPTEMBER 29, 2016/ASVINA 7, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

ELECTION COMMISSION OF INDIA

Nirvachan Sadan, Ashoka Road, New Delhi-110001.

No. 76/ECI/ORD/TERR/WEST-I-GUJ-LA/51/2013/

Dated : 7th September ,2016
16- Bhadrapada,1938 (Saka)

ORDER

Whereas, the Election Commission of India is satisfied that the contesting candidate specified in column 4 of the Table given below at the General Election to the Legislative Assembly, 2012 in the Gujarat State specified in column 2 and held from the constituency specified in column 3 against his/her name has failed to lodge any account of his/her election expenses or failed to lodge the account of his/her election expenses in manner required by law as shown in column 5 of the said Table as required by the Representation of the People Act, 1951 and the Rules made there under;

And whereas, the said candidate has either not furnished any reason or explanation for the said failure even after due notice by the Election Commission of India or after considering the representation made by them, if any, the Election Commission of India is satisfied that he/she has no good reason or justification for the said failure;

Now, therefore, in pursuance of section 10A of the said Act, the Election Commission of India hereby declares the person specified in column 4 of the Table given below to be disqualified for being chosen as and for being a member of either House of Parliament or the Legislative Assembly or Legislative Council of a State or Union Territory for a period of three years from the date of this order:-

TABLE

Sl. No.	Particulars of Election	Sl. No. & Name of Assembly Constituency	Name & Address of the Contesting Candidate	Reasons for Disqualification
1	2	3	4	5
1.	General Election to the Gujarat Legislative Assembly, 2012.	51- Dariapur	Ali Kaium 4279/A, Near State Bank, Opposite Bus Stand, Lal Darvaja, Ahmedabad, Gujarat.	Failed to lodge any account of his election expenses

By order,

VARINDER KUMAR
PRINCIPAL SECRETARY
ELECTION COMMISSION OF INDIA

INDEX

भारत निर्वाचन आयोग

निर्वाचन सदन, अशोक रोड, नई दिल्ली-110001

सं0 76/ईसीआई/आदेश/प्रादेशिक/पश्चिम-1-गुजरात-विस0/51/2013/

दिनांक : 7 सितम्बर, 2016
16 भाद्रपद, 1938 (शक)

आदेश

यतः, भारत निर्वाचन आयोग का यह समाधान हो गया है कि नीचे की सारणी के स्तंभ 2 में विनिर्दिष्ट गुजरात राज्य की विधान सभा के साधारण निर्वाचन, 2012 में स्तंभ 3 में विनिर्दिष्ट निर्वाचन क्षेत्र से और स्तंभ 4 में विनिर्दिष्ट निर्वाचन लड़ने वाला अभ्यर्थी, लोक प्रतिनिधित्व अधिनियम, 1951, तथा तद्धीन बनाए गए नियमों के अन्तर्गत यथाअपेक्षित उक्त सारणी के स्तम्भ 5 में अपने नाम के सामने यथादर्शित अपने निर्वाचन व्यय का लेखा दाखिल करने में विफल रहा है/रही है या विधि द्वारा अपेक्षित रीति से अपने निर्वाचन व्यय का लेखा दाखिल करने में विफल रहा है/रही है ;

और यतः, उक्त अभ्यर्थियों ने निर्वाचन आयोग द्वारा सम्यक नोटिस दिए जाने के बावजूद उक्त विफलता के लिए या तो कोई कारण या स्पष्टीकरण नहीं दिया है, या उनके द्वारा दिए गए अभ्यावेदन, यदि कोई हो, पर विचार करने के उपरान्त निर्वाचन आयोग का यह समाधान हो गया है कि उक्त विफलता के लिए उनके पास कोई उपयुक्त या न्यायोचित कारण नहीं है;

अतः, अब उक्त अधिनियम की धारा 10क के अनुसरण में, निर्वाचन आयोग एतद्द्वारा नीचे की सारणी के स्तम्भ 4 में विनिर्दिष्ट व्यक्तियों को संसद के किसी भी सदन या राज्य या संघ राज्य-क्षेत्र की विधानसभा अथवा विधान परिषद के लिए सदस्य चुने जाने या होने के लिए इस आदेश की तारीख से तीन वर्ष की अवधि के लिए निरर्हित घोषित करता है:-

तालिका

क्र0 सं0	निर्वाचन का विवरण	विधान सभा निर्वाचन क्षेत्र की क्रम सं0 व नाम	निर्वाचन लड़ने वाले अभ्यर्थी का नाम तथा पता	निरर्हता का कारण
1	2	3	4	5
1	गुजरात विधान सभा के लिए साधारण निर्वाचन, 2012	51 – दरियापुर	अब्दुल कैयूम 4279/ए, स्टेट बैंक के समीप, बस स्टैंड के सामने, लाल दरवाजा, अहमदाबाद, गुजरात	अपने निर्वाचन व्यय का कोई भी लेखा दाखिल करने में असफल रहे।

आदेश से

वरिन्दर कुमार
प्रधान सचिव
भारत निर्वाचन आयोग

Government Central Press, Gandhinagar.

INDEX

Extra No. 313

વાર્ષિક લવાજમનો દર ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, OCTOBER 1, 2016/ASVINA 9, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

ELECTION COMMISSION OF INDIA

Nirvachan Sadan, Ashoka Road, New Delhi-110001

No. 23/ECI/TERR/WEST-I-GUJ/2016

Dated : 29th September, 2016
7 Asvina , 1938 (SAKA)

NOTIFICATION

Whereas, the Commission had announced the schedule for Special Summary. Revision of electoral rolls with reference to 01.01.2017 as the qualifying date vide its letter No. 23/LET/FUNC/ERD/ER/2016-VOL-III dated 02.09.2016; and

Whereas, the period of filing claims and objections in Gujarat was originally fixed from 15th September, 2016 (Thursday) to 14th October, 2016 (Friday) ; and

Whereas, the draft rolls were published on 15th September, 2016 in the state; and

૧૪.	ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી ને જાણ કરવી.	વિતરણ પરવાનેદાર, શરૂઆત માટેનું પ્રમાણપત્ર મોકલવા ગુજરાત ઊર્જા વિકાસ તંત્રને જાણ કરશે.	વિતરણ પરવાનેદાર પાસેથી પત્ર મળ્યાના ૫ દિવસ
૧૫.	ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી કામ શરૂ કરવા અંગેનું પ્રમાણપત્ર મોકલવું.	ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી વિતરણ પરવાનેદાર તથા અરજદાર સાથે ચર્ચા વિચારણા કરીને સ્થળની મુલાકાત લેશે અને કામ શરૂ કર્યાનું પ્રમાણપત્ર આપશે.	અરજદાર જાણ કર્યેથી ૫ દિવસ

૮. **ગ્રિડ સાથે આંતર્જોડાણ : ધોરણો અને સલામતી :**

(૧) વિતરણ પરવાનેદારના નેટવર્ક સાથે રૂફટોપ સોલર પી વી સિસ્ટમનું આંતર્જોડાણ, ૨૦૦૭ના કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ (ગ્રિડ સાથે જોડાણ માટે ટેકનિકલ ધોરણો) વિનિયમો, ૨૦૧૩ના કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ (વિતરિત વીજઉત્પાદન સાધનોના જોડાણ માટે ટેકનિકલ ધોરણો) વિનિયમો તથા વખતોવખત સુધારેલ ૨૦૧૧ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (આંતર-રાજ્ય ખુલ્લા પ્રવેશની શરતો) વિનિયમો અનુસાર કરાશે.

પરવાનેદાર સિસ્ટમ સાથે રૂફટોપ સોલર પી વી સિસ્ટમનું આંતર્જોડાણ, વખતોવખત સુધાર્યા મુજબના ૨૦૧૦ના કેન્દ્રિય વીજળી તંત્ર(સલામતી અંગેના પગલાં અને વીજળી પુરવઠો) વિનિયમોની સંબંધિત જોગવાઇઓ સાથે સુસંગત રહેશે.

પરંતુ સિસ્ટમની નિર્ધારિત ક્ષમતામાં પાંચ ટકા(૫%) સુધીના ફેરફારને છૂટ મળશે.

પરંતુ સિસ્ટમ, વિતરણ પરવાનેદારના નેટવર્ક સાથે ગ્રિડ આંતર્જોડાણ માટેની ટેકનિકલ જરૂરિયાતો સાથે યોગ્ય હોવી જોઇશે.

(૨) રૂફટોપ સોલર પી વી સિસ્ટમ, ગ્રિડ સાથે જે જોડાણ સ્તરે જોડાશે, તે નીચે મુજબ દર્શાવેલ છે.

ક્રમ	પાત્ર ગ્રાહક નો જોડાણ કરાયેલ વીજભાર	જોડાણ સ્તર
૧	૬ કિ.વો. સુધી	૨૪૦ V – સીંગલ ફેસ
૨	૬ કિ.વો કરતાં વધુ અને ૧૮.૬૫ કિ.વો. સુધી	૪૧૫ V - થ્રી ફેસ
૩	૧૮.૬૫ કિ.વો કરતાં વધુ અને ૧૦૦ કિ.વો./કે.વી.એ સુધી	૪૧૫ V – થ્રી ફેસ
૪	૧૦૦ કિ.વો./કે.વી.એ કરતાં વધુ	HT સ્તરે

૩. ઉપર્યુક્ત જોડાણનાં ધોરણો, વિતરત પરવાનેદારના નેટવર્ક સાથે જોડાણ કરવા માગનાર તમામ રૂફટોપ સોલર પી વી સિસ્ટમને લાગુ પડે છે. HT (હાય ટેન્શન) ગ્રાહકો LT/HT વોલ્ટેજે રૂફટોપ સોલર પી વી સિસ્ટમના જોડાણ માટે તેઓ તેમની LT/HT સિસ્ટમ સાથે જોડાણ માટે તેઓ તેમની LT/HT સિસ્ટમ સાથે જોડાણ કરી શકે, જે માટે વખતોવખત સુધાર્યા મુજબ ૨૦૧૦ના કેન્દ્રિય વીજળી તંત્ર (સલામતીઅને લગતાં પગલાં અને વીજ પુરવઠો) વિનિયમો, ૨૦૧૩ના કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ (વિતરિત વીજઉત્પાદન સાધનોનાં જોડાણનાં ધોરણો) વિનિયમો અને વખતોવખત સુધાર્યા મુજબના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (આંતર-રાજ્ય ખુલ્લા પ્રવેશની શરતો) વિનિયમો, ૨૦૧૧ લાગુ પડશે.

૪. રૂફટોપ સોલર પી વી એનર્જી જનરેટર, સલામત સંચાલન, જાળવણી અને તેની સિસ્ટમની ખામીઓ સુધારવા માટે આંતર-જોડાણ પોઇન્ટ સુધી જવાબદાર રહેશે, ત્યારબાદ સલામત સંચાલન જાળવણી અને નેટ મીટર સહિત સિસ્ટમની ખામીઓ સુધારવાની જવાબદારી વિતરણ પરવાનેદારની રહેશે.

૫. ગ્રાહક/રૂફટોપ સોલર પી વી એનર્જી જનરેટર, મુખ્ય વિદ્યુત નિરીક્ષક દ્વારા નક્કી કરાયેલ મુદ્દાને આધારે, ગ્રિડ પુરવઠો બંધ હોય ત્યારે, રૂફટોપ સોલર પી વી સિસ્ટમમાંથી બેક ફીડીંગને કારણે મનુષ્ય કે પ્રાણીઓને થતાં કોઇપણ અકસ્માત (જીવલેણ/જીવલેણ નહીં/ખાતાકીય/ બિન-ખાતાકીય) માટે સંપૂર્ણપણે જવાબદાર ગણાશે. માણસો અને માલ-સામાનને થતાં અકસ્માત કે નુકશાન નિવારવા આવી કટોકટીના પ્રસંગે કોઇપણ સમયે ગ્રાહકનું સ્થાપન જોડાણ દૂર કરવાનો વિતરણ પરવાનેદારનો અધિકાર અનામત રહે છે.

૬. રૂફટોપ સોલર પી વી સિસ્ટમથી ઉત્પાદિત વીજળીની ગુણવતા સુનિશ્ચિત કરવા, મુખ્ય વિદ્યુત નિરીક્ષક, EN 50160 અનુસાર અને વિતરણ પરવાનેદારના ધોરણો અનુસાર પરિક્ષણો હાથ ધરશે.

૭. પુરવઠાનો કોઇપણ વૈકલ્પિક સ્ત્રોત, ગ્રાહકના નેટવર્ક પ્રમાણે નિયંત્રિત થશે અને ગ્રાહક, વિતરણ પરવાનેદારનો ગ્રિડ પુરવઠો નિષ્ફળ જતાં વિતરણ પરવાનેદારના LT ગ્રિડ સુધી વિસ્તરતા બેટરી પાવર, ડીઝલ જનરેટર પાવર/ બેકઅપ પાવરને અટકાવવા પૂરતાં સલામતી પગલાં લેવા માટે જવાબદાર રહેશે.

૮. વિતરણ પરવાનેદારને, નીચેની શરતોએ, કોઇપણ સમયે, તેની સિસ્ટમમાંથી રૂફટોપ સોલર પીવી સિસ્ટમનું જોડાણ દૂર કરવાનો હક રહેશે.

(૧) વિતરણ પરવાનેદારની સિસ્ટમ પર કટોકટી કે જાળવણીની જરૂરિયાત,

(૨) વિતરણ પરવાનેદાર/પ્રવાહન પરવાનેદાર/SLDC દ્વારા નક્કી કરાયા પ્રમાણે રૂફટોપ સોલર પી વી સિસ્ટમ કે સક્રિય સાધન-સામગ્રીના સંચાલનને કારણે વિતરણ પરવાનેદારની સિસ્ટમ પર અસ્તિત્વ ધરાવતી જોખમકારક સ્થિતિ સમયે અને,

(૩) વીજળી ની વિપરિત અસરો, જેમકે, વિતરણ પરવાનેદાર દ્વારા નક્કી કરાયા પ્રમાણે રૂફટોપ સોલર પી વી સિસ્ટમને કારણે વિતરણ પરવાનેદારના અન્ય ગ્રાહકોના વીજળી સાધનો પર, વીજળી ગુણવતા ને લગતી સમસ્યાઓ

૯. ઉપરના પેટા-નિયમ ૮(૪)ને આધીન રહીને, વિતરણ પરવાનેદાર રૂફટોપ સોલર પી વી જનરેટરને, આવી જાણ કર્યાના બે દિવસની અંદર ખામી સુધારવા માટે જાણ કરશે.

૧૦. રૂફટોપ સોલર પી વી સિસ્ટમ અનપેક્ષિત આયલેન્ડિંગ સ્થિતિ શોધી કાઢવા સક્ષમ હોવી જોઇએ. આ સિસ્ટમમાં પુરવઠાની નિષ્ફળતા સહિતની કોઇપણ પ્રતિકૂળ સ્થિતિ નિવારવાની એન્ટી આયલેન્ડિંગ પ્રોટેકશનની શક્તિ હોવી જોઇશે. ગ્રિડ સાથે જોડાયેલ ફોટોવોલ્ટિક ઇન્વર્ટર માટે આયલેન્ડિંગ નિવારણ પગલાનું પરિક્ષણ કરવા IEC-62116 ને અનુસરવું.

૧૧. દરેક રૂફટોપ સોલર પી વી સિસ્ટમ સ્વચાલિત સામાલિક ઉપકરણથી સજ્જ હોવી જોઇએ :

પરંતુ, ઇન્વર્ટરનો ઉપયોગ કરતી રૂફટોપ સોલર પી વી સિસ્ટમ, ઇન્વર્ટરમાં આંતરિક રીતે રચના કરેલી હોય તો અલગ સમકાલિક ઉપકરણ જરૂરી બનશે નહીં.

૧૨. વીજળી સિસ્ટમની સમાંતર સંચાલન કરતી રૂફટોપ સોલર પી વી સિસ્ટમ, વીજળી સિસ્ટમ પર અસાધારણ સ્થિતિ પારખવાના નીચેના રક્ષણાત્મક કાર્યો સાથે અને રૂફટોપ સોલર પી વી સિસ્ટમને વીજળી સિસ્ટમમાંથી આપોઆપ જોડાણ છુટું કરી શકવા અથવા વીજળી સિટમ સાથે રૂફટોપ સોલર પી વી સિસ્ટમ સાથે અયોગ્ય જોડાણ થતું અટકાવવા સાધનસજ્જ હોવી જોઇએ;

(૧) વોલ્ટેજ, બે સેકંડના ફિલ્ટરીંગ સમય સાથે અનુક્રમે ૧૧૦% થી વધુ અને ૮૦% થી ઓછું થાય તો વધુ અને અલ્પ વોલ્ટેજ ટ્રિપ કામ કરે છે,

(૨) ફ્રિકવન્સી ૨ સેકન્ડ સુધીના ફિલ્ટરીંગ સમય સાથે ૫૦.૫ Hz કે ૪૭.૫ Hz કરતાં નીચે પહોંચે તો વધુ અને અલ્પ ફ્રિકવન્સી ટ્રિપ કામ કરે છે.

(૩) સર્કિટમાં કોઇ ભૂલને કારણે રૂફટોપ સોલર પી વી સિસ્ટમ જેની સાથે જોડાએલી હોય તે સર્કિટ ને સક્રિય કરવાનું બંધ કરશે;

(૪) વોલ્ટેજ અને ફ્રિકવન્સી નિયત મર્યાદામાં હોય અને ઓછામાં ઓછી સાઠ(૬૦) સેકન્ડ માટે સ્થાયી હોય, તે સિવાય, વોલ્ટેજ અને ફ્રિકવન્સી સેન્સિંગ અને સમય-વિલંબ, રૂફટોપ સોલર પી વી સિસ્ટમને બિન-વીજયુક્ત સર્કિટને વીજળીયુક્ત કરતાં રોકવાનું અને રૂફટોપ સોલર પી વી સિસ્ટમને વીજળી સિસ્ટમ સાથે પુનર્જોડાણ કરતા અટકાવવાનું કામ કરે છે; અને

(૫) રૂફટોપ સોલર પી વી સિસ્ટમને બે સેકન્ડમાં વીજળી સિસ્ટમની વીજળીયુક્ત કરવાનું બંધ કરવાનું કાર્ય કરે છે.

૧૩. રૂફટોપ સોલર પી વી સિસ્ટમની સાધન-સામગ્રી નીચેની જરૂરિયાતો પરિપૂર્ણ કરશે :

(૧) સર્કિટ બ્રેકર્સ અથવા અન્ય અવરોધક સાધન-સામગ્રી, તેમના સ્થળે અપેક્ષિત અધિકતમ ઉપલબ્ધ ફોલ્ટ કરન્ટનો અવરોધ કરવાની ક્ષમતા સાથે તેમના ઇષ્ટ ઉપયોગ માટે યોગ્ય હોવી જોઇશે.

(૨) રૂફટોપ સોલર પી વી સિસ્ટમ અને સંલગ્ન સાધન-સામગ્રી ડિઝાઇન એવી કરવી જોઇએ કે કોઇપણ ઉપકરણ કે ઘટકની નિષ્ફળતા બાબત, વીજળી સિસ્ટમની સલામતી અને વિશ્વસનીય સાથે સંભવિત સમાધાન ન કરે; અને

(૩) રૂફટોપ સોલર પી વી સિસ્ટમનું સમાંતર ઉપકરણ, આંતર-જોડાણ પોઇન્ટે ૨૨૦%ના અંકિત વોલ્ટેજે ટકી રહેવા સક્ષમ હોવું જોઇશે.

૧૪. દરેક સમયે લાયક ગ્રાહક ની રૂફટોપ સોલર પી વી સિસ્ટમ વિતરણ સિસ્ટમ સાથે સુમેળમાં હોય છે, તે, વોલ્ટેજની વધઘટ, આંતર-જોડાણના પોઇન્ટ આગળ ±૫%થી વધારશે નહીં.

૧૫. જાળવણી અને સલામતી કાર્યપદ્ધતિની ધ્યાને લેતાં, વિતરણ પરવાનેદારને રૂફટોપ સોલર પી વી સિસ્ટમ અને વીજળી સિટમ વચ્ચે મેન્યુઅલી દ્વારા સંચાલિત આઇસોલેટિંગ સ્વિચ પૂરી પાડવા રૂફટોપ સોલર પી વી સિસ્ટમની જરૂર પડશે. જે માટે નીચેની જરૂરિયાતો પરિપૂર્ણ કરવી :

(૧) દ્રશ્યમાન ચકાસણીની મંજુરી આપવી કે જેથી અલગ કરવાનું કામ પરિપૂર્ણ થઇ શકે;

(૨) ઓપન અને કલોઝ સ્થિતિ સ્પષ્ટપણે દર્શાવવાનાં નિર્દેશનો સમાવેશ કરવો;

(૩) અરજદાર પાસેથી ક્લિયરન્સ માગ્યા વિના પરવાનેદારના કર્મચારીઓ દ્વારા દિવસના ચોવીસ (૨૪) કલાક ઝડપ અને સુગમતાથી પહોંચવા સક્ષમ હોવા જરૂરી;

(૪) ઓપન સ્થિતિમાં લોક રહેવા સક્ષમ હોવું;

(૫) વીજભાર – બ્રેક માટે નિર્ધારિત ન હોવું કે વધુ પ્રવાહ-રક્ષણનું લક્ષણ ન હોવું;

(૬) જમીનની સપાટીથી ઓછામાં ઓછી ૨.૪૪ મીટરની ઉંચાઇ પર સિસ્ટમ હોવી જોઇએ.

૧૬. પરવાનેદારની વિતરણ સિસ્ટમ સાથે પહેલી વખત રૂફટોપ સોલર પી વી સિસ્ટમને સામકાલિક કરતાં પહેલાં અરજદાર અને પરવાનેદાર રક્ષણના લક્ષણો અને નિયંત્રણ આકૃતિ બાબત સંમત થવા જોઇશે.

૧૭. વિતરણ યુટિલિટીની સિસ્ટમમાં વીજળી દાખલ કરતાં પૂર્વે, વીજળી-નિયંત્રણ એકમ, હાર્મોનિક્સ અને અન્ય વિકૃતિઓ ગાળીને શુદ્ધ કરવાના લક્ષણો હોવા જોઇએ. ટેકનિકલ ધોરણો, વીજળી ગુણવત્તા ધોરણો અને ઇન્વર્ટર ધોરણો અથવા કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ દ્વારા વખતોવખત નિર્દિષ્ટ કર્યા મુજબના ધોરણો આ વિનિયમના જોડાણ-V મુજબ રહેશે.

૧૮. રૂફટોપ સોલર પી વી સિસ્ટમ શરૂ કરવાનું પરીક્ષણ, રૂફટોપ સોલર પી વી સિસ્ટમના ગ્રાહક/ માલિકના પ્રતિનિધિઓ, જેડા અને વિતરણ પરવાનેદારના સંબંધિત અધિકારીની હાજરીમાં હાથ ધરવું જોઇશે. ઉપર ભાગ આપેલ પક્ષકારોએ શરૂઆત કર્યાના પ્રમાણપત્ર પર સહિ કરવી. સફળ શરૂઆત પરીક્ષણ કર્યાની તારીખથી શરૂઆતની તારીખ માન્ય કરાશે.

૧૯. સિસ્ટમ શરૂ કર્યાના પ્રમાણપત્રમાં નીચેની વિગતો સમાવિષ્ટ કરવી જોઇશે.

૧. ઉત્પાદન નામ, પ્રકાર, પેનલનું કદ/ક્ષમતા વગેરે સહિત સોલર પી વી પેનલની વિગતો;

૨. ઇન્વર્ટર, ઇન્વર્ટરનો પ્રકાર અને કદની વિગતો;

૩. સોલર પી વી પ્લાન્ટની કુલ ક્ષમતા;

૪. સ્થાપિત મીટર, મીટરના પ્રકાર, ચોકસાઇ, ક્રમ નંબર વિગેરેની વિગતો.

૯. **વીજળી અંગે હિસાબ અને પતાવટ :**

સિસ્ટમ શરૂ કર્યા પૂર્વે દાખલ કરેલી કોઇપણ વીજળીને નિર્હેતુક વીજળી તરીકે ગણવામાં આવશે. આવી નિર્હેતુક વીજળી માટે કોઇ નાણાકીય વળતર મેળવવા ગ્રાહક/ સોલર પિ વી માલિક હકદાર બનશે નહીં.

૯.૧ દરેક બિલીંગ મુદત માટે, પરવાનેદાર, ગ્રિડમાં લાયક ગ્રાહક /સોલર પી વી સિસ્ટમ દ્વારા દાખલ કરાયેલ વીજળી, વિતરણ પરવાનેદાર દ્વારા પૂરી પડાયેલી વીજળી, ગ્રાહક દ્વારા ચુકવણી માટે નેટ બિલની વીજળી તથા અલગથી વપરાશની સામે સમાયોજન પછી ચોખ્ખી નિકાસિત વીજળીનું પ્રમાણ દર્શાવશે.

(૧) **<u>નિવાસી અને સરકારી ગ્રાહકો માટે :</u>**

૯.૨ કોઇપણ બિલીંગ મુદત દરમિયાન વિતરણ પરવાનેદાર દ્વારા પૂરી પડાતી વીજળી, પાત્ર ગ્રાહક ના રૂફટોપ સોલર પી વી સિસ્ટમ દ્વારા ઉત્પાદિત વીજળી કરતાં વધી જાય તેવા પ્રસંગે વિતરણ પરવાનેદાર, ગ્રાહકના પ્રવર્તમાન પ્રશુલ્ક પ્રમાણે ચોખ્ખી વીજળી વપરાશ માટે બિલ તૈયાર કરશે;

બિલીંગ મુદત દરમિયાન દાખલ કરેલી વીજળી, વપરાયેલી વીજળી કરતાં વધી જાય તેવા પ્રસંગે, દાખલ કરાયેલી આવી વધારાની વીજળી સંબંધિત વિતરણ પરવાનેદાર, રૂફટોપ સોલર પી વી સિસ્ટમની સમગ્ર આવરદા માટે રૂફટોપ સોલર પી વી સિસ્ટમ જે વર્ષ માટે શરૂ કરાય તે વર્ષ માટે આયોગ દ્વારા નક્કી કરાયેલ A P P C દરે ખરીદી લેશે; દા.ત. ૨૦૧૬- ૭ દરમિયાન શરૂ કરાયેલ રૂફટોપ સોલર પી વી સિસ્ટમ માટે, ૨૦૧૫-૧૬ના નાણાકીય વર્ષ માટે આયોગે નક્કી કરેલો A P P C દર લાગુ પડશે.

વીજળીનું બેંકિંગ ગ્રાહકના એક બિલીંગ સાઇકલમાં કરવાની છૂટ રહેશે.

ગ્રાહક પ્રશુલ્ક ઉપરાંત વિતરણ પરવાનેદાર, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા વખતોવખત માન્ય કરાય તે બીજા કોઇ ખર્ચ માટે બિલ તૈયાર કરવા હક્કદાર બનશે.

(૨) ઔદ્યોગિક, વાણિજ્યિક અને અન્ય ગ્રાહકો કે જેઓ રૂફટોપ સોલર પી વી સિસ્ટમમાંથી ઉત્પાદિત સૌર્ય ઉર્જાના 'વીજળી ગુણ' (attribute) નો ઉપયોગ કરતાં હોય અને REC તંત્ર-વ્યવસ્થા અન્વયે ન નોંધાયેલ હોય તે સંદર્ભે.

૯.૩ કોઇપણ બિલીંગ મુદત દરમિયાન વિતરણ પરવાનેદાર દ્વારા પૂરી પડાયેલ વીજળી, રૂફટોપ સોલર પી વી સિસ્ટમના પાત્ર ગ્રાહકો દ્વારા ઉત્પાદિત વીજળી કરતાં વધી જાય તેવા પ્રસંગે, વિતરણ પરવાનેદાર ગ્રાહકના પ્રવર્તમાન પ્રશુલ્ક પ્રમાણે ચોખ્ખી વીજળી વપરાશ માટે બિલ તૈયાર કરશે.

બિલીંગ મુદત દરમિયાન વપરાયેલ વીજળી કરતાં દાખલ કરેલી વીજળી થી વધી જાય તેવા પ્રસંગે, આવી વધારાની દાખલ કરેલી વીજળી, વપરાશના સમાયોજન પછી સંબંધિત વિતરણ પરવાનેદાર, રૂફટોપ સોલર પી વી સિસ્ટમની સમગ્ર આવરદા માટે રૂફટોપ સોલર પી વી સિસ્ટમ શરૂ કરાય તે વર્ષ માટે આયોગે નક્કી કરેલ A P P C દરે ખરીદી લેશે.

વીજળીના બેંકિંગ ગ્રાહકના એક બિલીંગ સાઇકલની અંદર છૂટ અપાશે, જ્યાં બિલિંગ સાઇકલના કોઇપણ સમયે વપરાયેલ વીજળી સામે સેટ-ઓફ (set-off) આપી શકાશે. આમછતાં, પીક ચાર્જ (peak charges) વીજળી વપરાશના પીક અવર્સ (peak hours) માટે લાગુ પડશે.

ગ્રાહક પ્રશુલ્ક ઉપરાંત વિતરણ પરવાનેદાર, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા વખતોવખત માન્ય કરાય તેવા બીજા કોઇપણ ખર્ચ માટે બિલ તૈયાર કરવા હકદાર બનશે.

(૩) ઔદ્યોગિક, વાણિજ્યિક અને અન્ય ગ્રાહકો કે જેઓ રૂફટોપ સોલર પી વી સિસ્ટમની ઉત્પાદિત સૌર્ય ઉર્જાના 'વીજળી ગુણધર્મ' નો ઉપયોગ કરી નવીનીકરણપાત્ર ખરીદી જવાબદારીના પાલન માટે 'નવીકરણપાત્ર ગુણધર્મ' નો ઉપયોગ કરતાં હોય તે સંદર્ભે.

૯.૪ કોઇપણ બિલીંગ મુદત દરમિયાન વિતરણ પરવાનેદારે પૂરી પાડેલી વીજળી, લાયક ગ્રાહક ની રૂફટોપ સોલર પી વી સિસ્ટમ દ્વારા ઉત્પાદિત વીજળી કરતાં વધી જાય તેવા પ્રસંગે, વિતરણ પરવાનેદાર, ગ્રાહકના પ્રવર્તમાન પ્રશુલ્ક પ્રમાણે ચોખ્ખી વીજવપરાશ માટે બિલ તૈયાર કરશે.

દાખલ કરેલી વીજળી, બિલીંગ મુદત દરમિયાન વાપરેલી વીજળી કરતાં વધી જાય તેવા પ્રસંગે, ૧૫ મીનિટના સમય-ઘટકમાં સમાયોજન કર્યા પછી સંબંધિત વિતરણ પરવાનેદાર, રૂફટોપ સોલર પી વી સિસ્ટમની સંપૂર્ણ આવરદા માટે રૂફટોપ સોલર પી વી સિસ્ટમ શરૂ કરવામાં આવે તે વર્ષ માટે આયોગે નક્કી કરેલા APPC દરે આવી વધારાની દાખલ કરેલી વીજળી ખરીદશે.

(૪) રૂફટોપ સોલર પી વી સિસ્ટમમાંથી ઉત્પાદિત સૌર્ય ઊર્જાના 'વીજળી ગુણધર્મ' નો ઉપયોગ કરતાં અને નવીકરણપાત્ર વીજળી પ્રમાણપત્ર માટે 'નવીકરણપાત્ર ગુણધર્મ' નો ઉપયોગ કરતાં ઔદ્યોગિક, વાણિજ્યિક અને અન્ય ગ્રાહકો માટે.

૯.૫ કોઇપણ બિલીંગ મુદત દરમિયાન વિતરણ પરવાનેદાર દ્વારા પૂરી પડાતી વીજળી, લાયક ગ્રાહક ના રૂફટોપ સોલર પી વી સિસ્ટમ દ્વારા ઉત્પન્ન થતી વીજળી કરતાં વધી જાય તેવા પ્રસંગે, વિતરણ પરવાનેદાર, ગ્રાહકના પ્રવર્તમાન પ્રશુલ્ક દરે ચોખ્ખી વીજળી વપરાશ માટે ભરતિયું તૈયાર કરશે;

બિલીંગ મુદત દરમિયાન, દાખલ કરેલી વીજળી વપરાયેલી વીજળી કરતાં વધી જાય તેવા પ્રસંગે, ૧૫ મિનિટમાં સમય-ઘટકમાં વપરાશના સમાયોજન પછી, પરિયોજનાની સંપૂર્ણ આવરદા માટે રૂફટોપ સોલર પી વી સિસ્ટમ શરૂ કરાઇ હોય તે વર્ષ માટે આયોગ દ્વારા નક્કી કરાયેલ A P P C દરના ૮૫% એ સંબંધિત વિતરણ પરવાનેદાર તેની ખરીદી કરશે.

૯.૬ કેપ્ટિવ હેતુસર રૂફટોપ સેટ-અપ સિવાયની અન્ય સૌર્ય પરિયોજનામાંથી વ્હીલીંગ પાવર માટે વીજળી અંગેના હિસાબ અને પતાવટ, ફકરા ૯.૩ થી ૯.૫ ની જોગવાઇ અનુસાર થશે.

૧૦. વિવાદ પતાવટ

૧૦.૧ આ વિનિયમો અને તેના અર્થઘટન અંગે કોઇ વિવાદ ઉભો થાય તો, તેનો નિર્ણય ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ઠરાવેલ કાર્યપદ્ધતિ પ્રમાણે કરશે.

૧૧. સૌર્ય નવીકરણપાત્ર ખરીદી જવાબદારી :

૧૧.૧ જવાબદાર હસ્તિ તરીકે જેનો નિર્ણય કરાયો નથી એવો લાયક ગ્રાહક, નેટ મીટરીંગ ગોઠવણ અન્વયે રૂફટોપ સોલર પી વી સિસ્ટમમાંથી વાપરેલ વીજળીની માત્રા, વિતરણ પરવાનેદાર માટે નવીકરણપાત્ર ખરીદી જરૂરિયાતના પાલન માટે પાત્ર બનશે અને કોઇ નવીકરણપાત્ર વીજળી પ્રમાણપત્ર અપાશે નહીં, કારણકે ઉત્પાદિત સૌર્ય ઉર્જા, વિતરણ પરવાનેદારના નવીકરણપાત્ર વીજળી જવાબદારી પરિપૂર્ણ કરવા વાપરવામાં આવશે.

'વીજળી ગુણધર્મ' તેમજ 'નવીકરણપાત્ર ગુણધર્મ' બન્નેનો ઉપયોગ કરતાં ઔદ્યોગિક, વાણિજ્યિક અને નિવાસી તથા સરકારી વપરાશકર્તાઓ સિવાયના અને આવા વપરાશકારો દ્વારા ૧૫ મિનિટના સમય-ઘટકમાં ઉત્પાદિત અને વાપરેલ સૌર્ય ઉર્જા, ગ્રાહકના નવીકરણપાત્ર ખરીદી જવાબદારી પરિપૂર્ણ કરવા જમા કરાશે અને આવા ઉત્પાદન માટે કોઇ નવીકરણપાત્ર ખરીદી પ્રમાણપત્ર ઇશ્યૂ કરાશે નહીં.

૧૧.૨ આમછતાં, ૧૫ મિનિટના સમય-ઘટકમાં નિકાસ કરેલી અને વિતરણ પરવાનેદારે ખરીદેલી કોઇ વધારાની વીજળી, વિતરણ પરવાનેદારની નવીકરણપાત્ર ખરીદી જવાબદારી પરિપૂર્ણ કરવા જમા કરાશે અને આવા ઉત્પાદન માટે કોઇ નવીકરણપાત્ર વીજળી પ્રમાણપત્ર ઇશ્યૂ કરાશે નહીં.

પરંતુ આવા ગ્રાહકો નવીકરણપાત્ર વીજળી પ્રમાણપત્ર તંત્ર-વ્યવસ્થા અન્વયે નવીકરણપાત્ર વીજળી પ્રમાણપત્ર મેળવવા 'નવીકરણપાત્ર ગુણધર્મ' નો ઉપયોગ કરે તો ૧૫ મિનિટના સમય-ઘટકમાં ઉત્પાદિત સમગ્ર સૌર્ય ઉર્જાની નવીકરણપાત્ર વીજળી પ્રમાણપત્ર ઇશ્યૂ કરવા વિચારવામાં આવશે.

૧૨. અન્ય ખર્ચની પ્રયોજ્યતા :

૧૨.૧ લાયક ગ્રાહકના મકાન પર સ્થાપિત નેટ મીટરીંગ ગોઠવણ હેઠળની રૂફટોપ સોલર પી વી સિસ્ટમ, પ્રવાહન ખર્ચ, પ્રવાહન ઘટ, વ્હીલીંગ ખર્ચ, વ્હીલીંગ ઘટ, ક્રોસ સહાયકી સરચાર્જ અને વધારાના સરચાર્જમાંથી મુક્તિ મળશે.

૧૩. મીટરીંગ ગોઠવણ :

૧૩.૧ મીટરીંગ સિસ્ટમ, વખતોવખત સુધાર્યા મુજબના કેન્દ્રિય વીજળી તંત્ર (મીટરોના સ્થાપન અને સંચાલન) વિનિયમો, ૨૦૦૬ અનુસાર રહેશે.

૧૩.૨ રૂફટોપ સોલર પી વી સિસ્ટમ શરૂ કરતાં પહેલાં ગ્રાહકનું મીટર ચાલુ હોવાથી સમાન ચોકસાઇથી આયાત અને નિકાસ માટે બાયડિરેક્શનલ મીટર કે વૈકલ્પિક બે અલગ મીટરો, ચાલુ મીટર બદલીને સ્થાપિત કરાશે. આવાં મીટરો, વિતરણ પરવાનેદાર કે ગ્રાહક દ્વારા પૂરાં પડાશે. તેવા કેસમાં વિતરણ પરવાનેદારે મીટર ગોઠવ્યું હોય તો, તેનો ખર્ચ ગ્રાહક પાસેથી વસૂલ કરાશે.

૧૩.૩ ઉત્પાદિત સૌર ઉર્જાના 'વીજળી ગુણધર્મ' તેમજ 'નવીકરણપાત્ર ગુણધર્મ' બન્નેનો ઉપયોગ કરતાં ઔદ્યોગિક, વાણિજ્યિક અને અન્ય ગ્રાહકોએ A B T કમ્પ્લાયન્ટ મીટરનો ઉપયોગ કરવાનો રહેશે.

૧૩.૪ આ મીટરો, મીટર વાંચન નોંધાવા માટેના મીટર વાચન સાધન કે વાયરલેસ સાધન હશે.

પરંતુ મીટર વાચન સાધનના ડાઉનલોડને આધારે બિલો તૈયાર કરવામાં આવે અથવા દૂરવર્તી મીટર વાચનના ધોરણે મીટર-વાચન લેવામાં આવે અને ગ્રાહક લીધેલ વાચનનું રેકર્ડ મેળવવા માગે તો, પરવાનેદારે તેને તેમ કરવાની છૂટ આપવી.

૧૩.૫ મુખ્ય સૌર મીટરો ૦.૨૫ ક્લાસ એક્યુરસીવાળા અને મીટર વાચન સાધન કે વાયરલેસ સાધન વાપરીને મીટર-વાચન સાધન નોંધવા માટેની સુવિધા સાથેના હોવા જોઇશે. ૨૦ કિ.વો કરતાં વધુ ક્ષમતા ધરાવતાં રૂફટોપ સોલર પી વી સિસ્ટમ માટે ચકાસણી-મીટરો ફરજીયાત રહેશે. ૨૦ કિ.વો. કરતાં ઓછા કે સમાન કદના સ્થાપન માટે, સૌર ચકાસણી મીટરો વૈકલ્પિક રહેશે.

પરંતુ નવા/વધારાના મીટરનું ખર્ચ લાયક ગ્રાહકે ભોગવવાનું રહેશે. વિતરણ પરવાનેદાર આવા મીટરનું પરીક્ષણ અને સ્થાપન કરશે.

વિતરણ પરવાનેદાર ગ્રાહકના પ્રતિનિધિની હાજરીમાં સ્થાપિત મીટરોનું નિરીક્ષણ કરશે અને ચોકસાઇ માટે ખરાઇ કરશે તથા તેને સીલ કરશે. પરંતુ લાયક ગ્રાહક દિવસના પ્રશુલ્ક સમયની સીમામાં હોય તો, દિવસના વપરાશ/ઉત્પાદનનો સમય નોંધવા માન્ય મીટરોનું સ્થાપન કરાશે.

૧૩.૬ વિતરણ પરવાનેદારે લીધેલ મીટર-વાચન, વાણિજ્યિક પતાવટનો આધાર બનશે.

૧૪. સીડીએમ લાભોની હિસ્સેદારી :

સીડીએમ લાભને કારણે થતી ૧૦૦% એકંદર ઉપજ રૂફટોપ સોલર પી વી સિસ્ટમના માલિકે રાખવાની છે.

૧૫. માગણા-કાપ

નિવાસી અને સરકારી ગ્રાહકો માટે માગણા-કાપ લાગુ પડશે નહીં. આમછતાં, ઔદ્યોગિક, વાણિજ્યિક અને અન્ય ગ્રાહકોને ટેકનિકલ રીતે શક્ય હોય ત્યાં સુધી સ્થાપિત સૌર ક્ષમતાના ૫૦% સુધી માગણા-કાપમાંથી મુક્તિ મળશે.

૧૬. દંડ/શિક્ષા અથવા વળતર

નેટ મીટરીંગ સિસ્ટમ નિષ્ફળ જાય તો, દંડ/શિક્ષા અથવા વળતર વખતોવખત સુધાર્યા મુજબના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો-૨૦૦૫ની જોગવાઇઓ અનુસાર ચૂકવવા પાત્ર થશે.

INDEX

૧૭. **આદેશો આપવાની સત્તા**

આયોગ, આ વિનિયમોના અમલ માટે યોગ્ય અને જરૂરી જણાય તેમ આવા આદેશો અને હુકમો વખતોવખત ઇશ્યૂ કરશે.

૧૮. **છૂટછાટની સત્તા**

આયોગ, સામાન્ય કે ખાસ આદેશ દ્વારા, લેખિતમાં નોંધવાના કારણોસર, અસર થવાની શક્યતા હોય તેવા પક્ષકારોને સાંભળવાની તક આપ્યા પછી, તેની પોતાની રીતે અથવા હિત ધરાવતી વ્યક્તિ દ્વારા તેની સમક્ષ કરાતી અરજીને આધારે, કાયદાની યોગ્ય પ્રક્રિયા અનુસર્યા પછી આ વિનિયમોની કોઇપણ જોગવાઇઓમાં છૂટછાટ મૂકી શકાશે.

૧૯. **સુધારણાની સત્તા**

આયોગ, કાયદાની યોગ્ય પ્રક્રિયા અનુસરીને, આ વિનિયમોની કોઇપણ જોગવાઇમાં, વખતોવખત, ઉમેરો, ફેરફાર, બદલાવ, મોકુફી, સુધારણા, પરિવર્તન કે રદ કરી શકશે.

૨૦. **મુશ્કેલી દૂર કરવાની સત્તા :**

આ વિનિયમો અમલમાં મૂકવામાં કોઇ મુશ્કેલી ઉભી થાય તો, આયોગ, તેના પોતાના નિર્ણય મુજબ અથવા સ્ટેક હોલ્ડરો પાસેથી મળેલ રજૂઆતોને આધારે આવી મુશ્કેલીઓ દૂર કરવા જરૂરી આદેશો ઇશ્યૂ કરશે અથવા સ્પષ્ટીકરણ/અર્થઘટન કરશે.

સહી/-
રૂપવંતસિંહ, આઇ.એ.એસ.
સચિવ,
ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ.

તા.૧૩-૧૦-૨૦૧૬
સ્થળ: ગાંધીનગર

જોડાણ-૧

વિતરણ પરવાનેદારે વેબસાઇટ પર રાખવાનું અરજી ફોર્મ

જોડાણ-૨

સોલર રૂફટોપ ગ્રાહક/સોલર પી.વી પ્રોજેક્ટ માલિક દ્વારા ચૂકવવાપાત્ર જોડાણ ખર્ચ

રૂફટોપ સોલર પી વી સિસ્ટમ માટે લાગુ પડતા જોડાણ ખર્ચ નીચે મુજબ રહેશે :

સિસ્ટમ કદ	જોડાણ દીઠ અરજી ફી
૧ કિ.વો.થી ૬ કિ.વો	રૂ. ૧૫૦૦/-
૬ કિ.વો.થી વધુ અને ૧૦૦ કિ.વો. સુધી	રૂ. ૧૦,૦૦૦/-
૧૦૦ કિ.વો.થી વધુ અને ૧ મેગા વોટ સુધી	રૂ. ૫૦,૦૦૦/-

રૂફટોપ સોલર પી વી સિસ્ટમ માટે જોડાણ ખર્ચ સંબંધિત વિતરણ પરવાનેદારને ચૂકવવાનું રહેશે.

INDEX

જોડાણ-૩

વિતરણ પરવાનેદારો અને સોલર રૂફટોપ સોલર પી.વી પ્રોજેક્ટના માલિક વચ્ચે આંતર-જોડાણ કરાર

નેટ મીટરીંગ આંતર–જોડાણ કરાર

આ કરાર, પ્રથમ પક્ષકાર તરીકે .... ખાતે મકાન ધરાવનાર (સરનામું) શ્રી.. ના નામના ગ્રાહક

અને

બીજા પક્ષે, ૧૯૫૬/૨૦૧૩ના કંપની અધિનિયમ હેઠળ નોંધાયેલી અને ૨૦૦૩ના વીજળી અધિનિયમ હેઠળ કામ કરતી .... ખાતે મુખ્ય કચેરી ધરાવતી કંપની .... (વિતરણ પરવાનેદારનું નામ) (અહીં હવે પછી ....તરીકે અથવા વિતરણ પરવાનેદાર તરીકે ઉલ્લેખ કરાશે, જે શબ્દપ્રયોગમાં તેના પરવાનગી અપાયેલ એસાઇનો અને ઉત્તરાધિકારીઓનો સમાવેશ થાય છે) – વચ્ચે વર્ષ .... ના મહિના .... ના .... દિવસે (તારીખ) .... ખાતે (સ્થળ) કરીને, દાખલ કરાયો છે.

અને, જેથી, ...(ગ્રાહકનું નામ) તેના પોતાના મકાનમાં તેના/તેણીના/તેના પોતાના ઉપયોગ માટે .... વોલ્ટેજ સપાટીએ, ગ્રિડ સાથે જોડાયેલ (વિતરણ પરવાનેદારનું નામ) .... ખાતે .... કિ.વો. ની આવી સોલર ફોટોવોલ્ટિક રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરવા માગે છે.

જેથી, ગુજરાત ઊર્જા વિકાસ સંસ્થા(GEDA) તા. ....ના પત્ર મારફત છાપરા(rooftop) કે અગાશી સહિત કાયદેસર કબજો ધરાવતાં તેના/તેણીના/તેના મકાન ખાતે ૨૦૧૫ થી ગુજરાત સૌર વીજળી નીતિ અન્વયે તેના/તેણીના/તેના પોતાના ઉપયોગ માટે પોતાની .... કિ.વો.ની રૂફટોપ સોલર પી.વી સિસ્ટમ વિકસાવવા અને સ્થાપિત કરવા નોંધણી કરી છે.

અને, જેથી, વિતરણ પરવાનેદારે, તેની વીજળી સિસ્ટમમાં .... કિ.વો. ક્ષમતાની, રૂફટોપ સોલર પી.વી.સિસ્ટમમાંથી ઉત્પાદિત વીજળી દાખલ કરવા ગ્રાહક સાથે ગ્રિડનું જોડાણ પૂરૂ પાડવા સહમતિ આપી છે અને ગ્રાહક આ કરારની શરતો અનુસાર તથા લાગુ પડતી નીતિ/નિયમો/વિનિયમો/સંહિતા (વખતોવખત સુધાર્યા પ્રમાણે તેનું પાલન કરશે, જેમાં સમાવિષ્ટ છે :

૧. ૨૦૧૫ ની ગુજરાત સરકારની સૌર વીજળી નીતિ

૨. ૨૦૧૦ના કેન્દ્રિય વીજળી તંત્ર (સલામતી અને વીજ પુરવઠાને લગતાં પગલાં) વિનિયમો

૩. વખતોવખત સુધાર્યા મુજબ કેન્દ્રિય વીજળી તંત્ર (ગ્રિડમાં જોડાણ માટે ટેકનિકલ ધોરણો) વિનિયમો, ૨૦૦૭.

૪. ૨૦૦૬ના કેન્દ્રિય વીજળી તંત્ર (મીટરોનું સ્થાપન અને સંચાલન) વિનિયમો

૫. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વીજળી પુરવઠા સંહિતા અને સંબંધિત બાબતો) વિનિયમો, ૨૦૧૫

૬. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ વિતરણ સંહિતા, ૨૦૦૪ અને તેમાં કરાયેલ સુધારા;

૭. મુખ્ય વીજળી નિરીક્ષક દ્વારા વખતોવખત અપાયેલી સૂચના, આદેશો અને પરિપત્રો

૮. વખતોવખત સુધાર્યા મુજબ કેંદ્રિય વીજળી તંત્ર (વિતરિત વીજઉત્પાદનના જોડાણ માટે ટેકનિકલ ધોરણો) બન્ને પક્ષકારો અહીં નીચે મુજબ સંમત થાય છે.

૧. **પાત્રતા :**

૧.૧ ગ્રાહક, તેના પોતાના મકાન પર કે તેના કાયદેસરના કબજા હેઠળના મકાન પર સ્થાપિત રૂફટોપ સોલર પી.વી.સિસ્ટમની માલિકી ધરાવશે.

૧.૨ ગ્રાહક, રૂફટોપ સોલર પી.વી.સિસ્ટમ જ્યાં સ્થાપિત કરી હોય તો તે જ મકાનમાં વીજળીનો વપરાશ કરવાનો રહેશે.

૧.૩ ગ્રાહક, જોડણ કરારના પ્રારંભિક ૨ વર્ષ દરમિયાન તેના કરાર મુજબના વીજભાર/માગણી/મંજૂર કરેલ વીજભારના વધુમાં વધુ ૫૦% સુધીની રૂફટોપ સોલર ક્ષમતા સુનિશ્ચિત કરશે.

૧.૪ ગ્રાહકે, ગ્રિડ/વિતરણ સિસ્ટમમાં સામેલ થવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ વિનિયમો અને કેન્દ્રિય વીજળી તંત્ર વિનિયમો તથા ૨૦૧૫ના ગુજરાત સરકારની સૌર્ય વીજળી નીતિની જોગવાઈઓમાં નિર્દિષ્ટ ધોરણો અને શરતો પરિપૂર્ણ કરવાના રહે છે.

૨. **ટેકનિકલ અને આંતરજોડાણ જરૂરિયાતો :**

૨.૧ ગ્રાહક સહમત થાય છે કે તેની રૂફટોપ સોલર પી.વી.સિસ્ટમ અને નેટ મીટરીંગ સિસ્ટમ, વખતોવખત સુધાર્યા મુજબ નીતિ, વિનિયમો અને પુરવઠા સંહિતામાં નિર્દિષ્ટ ધોરણો અને જરૂરિયાતો સાથે સુસંગત રહેશે.

૨.૨ ગ્રાહક સહમત થાય છે કે, રૂફટોપ સોલર ફોટોવોલ્ટેક સિસ્ટમનું વિતરણ પરવાનેદારની વિતરણ સિસ્ટમ સાથે જોડાણ થાય તે પૂર્વે તેણ આઇસોલેશન ઉપકરણ (ઇન્વર્ટર અને બહારની મેન્યુઅલ રિલેમાં સ્વચાલિત અને ઈનબિલ્ટ) સ્થાપિત કર્યું છે અથવા સ્થાપિત કરશે અને સંમત થાય છે કે વિતરણ પરવાનેદાર, જરૂર પડે તો અને વિતરણ સિસ્ટમની મરામત અને જાળવણી તેના સંચાલનમાં પ્રવેશ કરી શકશે.

૨.૩ ગ્રાહક સંમત થાય છે કે, ગ્રિડની અપ્રાપ્યતાના કેસમાં રૂફટોપ સોલર ફોટોવોલ્ટિક સિસ્ટમનું જોડાણ આપોઆપ છૂટી જશે/ અલગ પડી જશે અને તેનો પ્લાન્ટ, પરવાનેદારની વિતરણ સિસ્ટમમાં વીજળી દાખલ કરશે નહીં.

૨.૪ વિતરણ સિસ્ટમ સાથે જોડાયેલ તમામ સાધન-સામગ્રી પ્રસ્તુત આંતરરાષ્ટ્રીય(IEEE/IEC) અથવા ભારતીય ધોરણો મુજબ રહેશે અને વીજળી સાધનોની ગોઠવણમાં વખતોવખત સુધાર્યા મુજબના કેન્દ્રિય વીજળી તંત્ર (સલામતી પગલાં અને વીજળી પુરવઠો) વિનિયમો, ૨૦૧૦નું અચૂક પાલન કરવું જોઇશે.

૨.૫ ગ્રાહક સંમત થાય છે કે પરવાનેદાર ઇન્ટરફેસ/આંતર-જોડાણ પોઇન્ટ અને મીટીંગ પોઇન્ટ નિર્દિષ્ટ કરશે.

૨.૬ ગ્રાહક અને પરવાનેદાર, પ્લાન્ટના સંચાલન અને જાળવણી, આલેખન અને આકૃતિઓ, સ્થળ-જવાબદારી અનુસુચિ, હાર્મોનિક્સ, સમકાલિકતા, વોલ્ટેજ, ફ્રિકવન્સી , ફ્લિકર વગેરે સંબંધમાં કેન્દ્રિય વીજળી તંત્રના વિનિયમોનું પાલન કરવા સહમત છે.

૨.૭ સલામત અને ભરોસાપાત્ર રીતે વિતરણ સિસ્ટમ જાળવવાની વિતરણ પરવાનેદારની જવાબદારી પરિપૂર્ણ કરવા, ગ્રાહક સંમત થાય છે કે, વિતરણ પરવાનેદાર નક્કી કરે કે ગ્રાહકની રૂફટોપ સોલર ફોટોવોલ્ટિક સિસ્ટમને કારણે ક્યાં તો નુકશાન થાય છે અને/અથવા વિપરિત અસરો પેદા કરે છે, જે અન્ય ગ્રાહકો કે વિતરણ પરવાનેદારની અસ્કયામતોને અસર પહોંચાડે, તો, ગ્રાહકે વિતરણ પરવાનેદાર પાસેથી નિર્દેશ મળતાં તેણે તત્કાલ વિતરણ સિસ્ટમમાંથી રૂફટોપ સોલર ફોટોવોલ્ટિક સિસ્ટમ છૂટી પાડવી જોઇશે અને પુનર્જોડાણ પૂર્વે તેના પોતાના ખર્ચે, વિતરણ પરવાનેદારને સંતોષ થાય તે રીતે સમસ્યા સુધારશે.

INDEX

૨.૮ ગ્રિડ પુરવઠો બંધ હોય ત્યારે રૂફટોપ સોલર પ્લાન્ટમાંથી બેક ફીડીંગને કારણે મનુષ્ય/પ્રાણીઓને થતા કોઇપણ અકસ્માત (જીવલેણ/ બિન- જીવલેણ, ખાતાકિય/બિન-ખતાકીય) થયો હોવાનું કેન્દ્રિય વીજળી તંત્ર નક્કી કરે તો તે માટે ગ્રાહક સંપૂર્ણપણે જવાબદાર ગણાશે. માણસ અને માલ-સામાનને અકસ્માત કે નુકશાન થતું નિવારવા, કટોકટીના પ્રસંગે કોઇપણ સમયે ગ્રાહકનું સ્થાપન જોડાણ દૂર કરવાનો વિતરણ પરવાનેદારનો હક અનામત રહે છે.

૩. પરવાનગી(ક્લિયરન્સ) અને મંજૂરી:

૩.૧ ફોટોવોલ્ટેક સિસ્ટમને વિતરણ સિસ્ટમ સાથે જોડતાં પહેલાં ગ્રાહક જરૂરી વૈધાનિક મંજૂરી અને પરવાનગી(પર્યાવરણ અને ગ્રિડ જોડાણને લગતી) મેળવવાની રહેશે.

૪. પ્રવેશ અને વિયોજન:

૪.૧ વિતરણ પરવાનેદારને હંમેશા મીટરીંગ સાધન-સમગ્રી અને રૂફટોપ સોલર ફોટોવોલ્ટેક સિસ્ટમના સ્વચાલિત અને માનવ સંચાલિત બંને જોડાણ છૂટું કરવાના સાધનો સુલભ થઇ શકશે.

૪.૨ કટોકટી કે અનુપયોગ કાળમાં, સ્વિચ બ્રેકર જેવાં સવચાલિત કે મનુશ્ય સંચાલિત, જોડાણ છૂટું કરવાના બંને સાધનો સુલભ ન થાય ત્યાં વિતરણ પરવાનેદાર ગ્રાહકના મકાન સાથેની સેવાનું જોડાણ છૂટું કરી શકશે.

૫. જવાબદારીઓ :

૫.૧ ગ્રાહક, રૂફટોપ સોલર ફોટોવોલ્ટેક સિસ્ટમના જોડાણ અને સંચાલન અંગે તેની બેદરકારી કે ઇરાદાપૂર્વક ગેરવર્તણૂંકથી નુકશાન કે પ્રતિકૂળ અસર માટે વિતરણ પરવાનેદારને નુકશાન ભરપાઇ કરી આપશે.

૫.૨ વિતરણ પરવાનેદાર, કેન્દ્ર/રાજય સરકાર તરફથી અપાતાં કોઇ નાણાકીય કે અન્ય પ્રોત્સાહનની ગ્રાહક દ્વારા ડીલીવરી કે વસૂલાત માટે જવાબદાર ગણાશે નહીં.

૫.૩ વિતરણ પરવાનેદાર (૧) નિવાસી અને સરકારી મકાન, (૨) પોતાની નવીકરણપાત્ર વીજળી જવાબદારી પરિપૂર્ણ કરવા 'નવીકરણપાત્ર ગુણધર્મ' નો ઉપયોગ ન કરતાં ગ્રાહકો અથવા નવીકરણપાત્ર વીજળી પ્રમાણપત્ર તંત્ર-વ્યવસ્થા હેઠળ નોંધાયેલ ગ્રાહકો, (૩) નવીકરણપાત્ર વીજળી જવાબદારીનું પાલન કરવા પ્રતિ નેટ મીટરીંગ ગોઠવણ અન્વયે નવીકરણપાત્ર વીજળી પ્રમાણપત્ર હેઠળ ન આવતી રૂફટોપ સોલર પરિયોજનામાંથી વિતરણ પરવાનેદાર ખરીદેલી વધારાની વીજળી, દ્વારા માલિકીની અને સંચાલિત રૂફટોપ સોલર પી.વી સિસ્ટમમાંથી વીજળી ઉત્પાદનની માત્રા નક્કી કરી શકશે.

૬. મીટરીંગ :

મીટરીંગ વ્યવસ્થા, વખતોવખત સુધાર્યા મુજબના ૨૦૦૬ના કેન્દ્રિય વીજળી તંત્ર (મીટરોનું સ્થાપન અને સંચાલન) વિનિયમો અનુસાર કરાશે.

(ક) નિવાસી અને સરકારી મકાનોના કેસમાં, રૂફટોપ સોલર પી.વી સિસ્ટમ સ્થાપતાં પૂર્વે સ્થાપન કરેલ સમાન ચોકસાઇ વર્ગનું બાય-ડાયરેકશનલ મીટર સ્થાપિત કરાશે.

(ખ) ઔદ્યોગિક, વાણિજ્યિક અને અન્ય ગ્રાહકોના કેસમાં –

(૧) ટાઇપ-૧ ગ્રાહક (નવીકરણપાત્ર વીજળી જવાબદારી કે નવીકરણપાત્ર વીજળી પ્રમાણપત્ર માટે 'નવીકરણપાત્ર' ગુણધર્મ નો ઉપયોગ ન કરતાં ગ્રાહકો), રૂફટોપ સોલર પી.વી સિસ્ટમ પૂર્વે સ્થાપન કર્યા પ્રમાણે તે જ ચોકસાઇ વર્ગનું બાય-ડાયરેકશનલ મીટર સ્થાપિત કરાશે.

(૨) ટાઇપ -૨(ક) અને (ખ) 'નવીકરણપાત્ર ગુણધર્મ' અને 'ઊર્જા ગુણધર્મ' બંનેનો ઉપયોગ કરતાં ગ્રાહકો) ABT ૧૫ મિનિટનું સંકલન ધરાવતા ABT કમ્પ્લાયન્ટ મીટરનું સ્થાપન કરાશે.

૭. **વાણિજ્યિક પતાવટ :**

કરાર અન્વયે તમામ વાણિજ્યિક પતાવટો, ૨૦૧૫ની ગુજરાત સરકારની સૌર્ય ઊર્જા નીતિ અને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો તા.૧૭/૦૮/૨૦૧૫નો હુકમ નં.૨૦૧૫નો ૧લો તથા તે પછીના આ અંગેના હુકમો પ્રમાણે કરાશે. વાણિજ્યિક પતાવટ નીચે પ્રમાણે થશે:

(ક) નિવાસી ગ્રાહકો અને સરકારી મકાન :

(૧) બિલીંગ સાઇકલ દરમિયાન વિતરણ ગ્રિડમાંથી ગ્રાહક દ્વારા વીજળીની ચોખ્ખી આયાતના કેસમાં, વિતરણ પરવાનેદાર પાસેથી વાપરેલી વીજળીનું બિલ, આયોગે વખતોવખત મંજૂર કર્યા પ્રમાણે સંબંધિત કક્ષાના ગ્રાહકોને લાગુ પડતા પ્રશુલ્ક પ્રમાણે તૈયાર કરાશે. રૂફટોપ સોલર પી.વી સિસ્ટમ દ્વારા ઉત્પાદિત વીજળી, વાપરેલ યુનિટ સામે ક્ષતિપૂર્તિ કરી અપાશે (વીજભાર/માગણી સામે નહીં) અને ગ્રાહક, અન્ય ગ્રાહકોને લાગુ પડે તે પ્રમાણે માગણા-ખર્ચ, અન્ય ખર્ચ, દંડ વગેરે ચૂકવશે.

(૨) બિલીંગ સાઇકલ દરમિયાન ગ્રાહક દ્વારા વિતરણ ગ્રિડમાં ચોખ્ખી વીજળી નિકાસના કેસમાં, વિતરણ પરવાનેદાર, સિસ્ટમની આવરદા દરમિયાન એટલે કે ૨૫ વર્ષમાં રૂફટોપ સોલર પી.વી સિસ્ટમ શરૂ કરાય તે વર્ષ માટે આયોગે નક્કી કર્યા પ્રમાણે સરેરાશ સમુચ્ચય વીજળી ખરીદી ખર્ચે બિલીંગ મુદત દરમિયાન વપરાશ સામે માંડવાળ કર્યા પછી વધારાની વીજળી ખરીદશે, આવી વધારાની ખરીદીનો ઉપયોગ, વિતરણ પરવાનેદારની નવીકરણપાત્ર વીજળી જવાબદારી પરિપૂર્ણ કરવા કરાશે. આમછતાં, નિયત/માગણા-ખર્ચ, અન્ય ખર્ચ, દંડ વગેરે બીજા ગ્રાહકોની જેમ ચૂકવવાપાત્ર થશે.

(ખ) ઔદ્યોગિક, વાણિજ્યિક અને અન્ય ગ્રાહકો :

(અ) ટાઇપ-૧, ગ્રાહક (નવીકરણપાત્ર વીજળી જવાબદારી (RPO) કે નવીકરણપાત્ર વીજળી પ્રમાણપત્ર (RFC) નો ઉપયોગ ન કરતાં ગ્રાહકો)

(૧) બિલીંગ સાઇકલ દરમિયાન વિતરણ ગ્રિડમાંથી ગ્રાહકો દ્વારા ચોખ્ખી વીજળી આયાતના કેસમાં, વિતરણ પરવાનેદાર પાસેથી વાપરેલી વીજળીનું બિલ, આયોગે વખતોવખત મંજૂર કરેલ સંબંધિત વર્ગના ગ્રાહકોને લાગુ પડતા પ્રશુલ્ક પ્રમાણે તૈયાર કરાશે. રૂફટોપ સોલર પી.વી સિસ્ટમ દ્વારા ઉત્પન્ન કરાયેલ વીજળીની વાપરેલ યુનિટ સામે ક્ષતિપૂર્તિ કરી અપાશે. (વીજભાર/માગણી સામે નહીં) અને ગ્રાહક, સંબંધિત વર્ગના અન્ય ગ્રાહકોને લાગુ પડે તે પ્રમાણે માગણી-ખર્ચ, પીક ચાર્જ, બીજાં ખર્ચ ચૂકવશે.

(૨) બિલીંગ સાઇકલ દરમિયાન ગ્રાહક દ્વારા વિતરણ ગ્રિડમાં વીજળીની ચોખ્ખી નિકાસના કેસમાં, વિતરણ પરવાનેદાર, સિસ્ટમની આવરદા એટલે કે ૨૫ વર્ષ દરમિયાન, રૂફટોપ સોલર પી.વી સિસ્ટમ શરૂ કરાઇ હોય તે વર્ષ માટે આયોગ દ્વારા નક્કી કરાયેલ એવરેજ પાવર પરચેજ કોસ્ટ (APPC) મુજબ, બિલીંગ મુદત દરમિયાન વપરાશ સામે ક્ષતિપૂર્તિ કર્યા પછી વધારાની વીજળી ખરીદશે. આવી વધારાની ખરીદીનો ઉપયોગ વિતરણ પરવાનેદારની નવીકરણપાત્ર વીજળી જવાબદારી પરિપૂર્ણ કરવા થશે. આમછતાં, નિયત/માગણા-ખર્ચ, પીક ચાર્જ, અન્ય ખર્ચ, દંડ વગેરે સંબંધિત વર્ગના ગ્રાહકોને લાગુ પડે તે પ્રમાણે ચૂકવવાપાત્ર થશે.

(બ) ટાઇપ-૨(ક) – તેમની નવીકરણપાત્ર વીજળી જવાબદારી પરિપૂર્ણ કરવા નવીકરણપાત્ર ગુણધર્મનો ઉપયોગ કરતાં ગ્રાહકો –

(૧) વીજળી અંગેનો હિસાબ ૧૫ મિનિટના ધોરણે હાથ ધરાશે. વિતરણ ગ્રિડમાંથી ગ્રાહક દ્વારા ચોખ્ખી વીજળી આયાતના કેસમાં, વિતરણ પરવાનેદાર પાસેથી વાપરેલી વીજળીનું બિલ, આયોગે વખતોવખત મંજૂર કર્યા પ્રમાણે સંબંધિત વર્ગના ગ્રાહકોને લાગુ પડતા પ્રશુલ્ક પ્રમાણે તૈયાર કરાશે. રૂફટોપ સોલર પી.વી સિસ્ટમ દ્વારા ઉત્પાદિત વીજળીની વપરાયેલ યુનિટો સામે ક્ષતિપૂર્તિ કરાશે. (વીજભાર/ માગણી સામે

નહીં) અને ગ્રાહક, સંબંધિત કક્ષાના ગ્રાહકોને લાગુ પડે તે પ્રમાણે માગણા-ખર્ચ, પીક ચાર્જ અને અન્ય ખર્ચ ચૂકવશે.

(૨) વપરાશ સામે ક્ષતિપૂર્તિ કર્યા પછી ૧૫ મિનિટમા ધોરણે વીજળીની ચોખ્ખી નિકાસના કેસમાં, વિતરણ પરવાનેદાર સિસ્ટમની આવરદા, એટલે કે ૨૫ વર્ષ દરમિયાન રૂફટોપ સોલર પી.વી સિસ્ટમ શરૂ કરવામાં આવે તે વર્ષ માટે આયોગે નક્કી કરેલ એવરેજ પાવર પરચેઝ કોસ્ટ (APPC) પ્રમાણે આવી વધારાની વીજળીની ખરીદી કરશે. આમછતાં નિયત/માગણા ખર્ચ, ટોચનું ખર્ચ, અન્ય ખર્ચ, દંડ વગેરે સંબંધિત કક્ષાના ગ્રાહકોને લાગુ પડે તે પ્રમાણે ચૂકવવાપાત્ર થશે.

(ક) પ્રકાર-૨(ખ) – નવીકરણપાત્ર વીજળી પ્રમાણપત્ર તંત્ર-વ્યવસ્થા અન્વયે નવીકરણપાત્ર ગુણધર્મનો ઉપયોગ કરતાં ગ્રાહકો.

(૧) વીજળી અંગેનો હિસાબ ૧૫ મિનિટના ધોરણે હાથ ધરાશે. ગ્રાહકે, વિતરણ ગ્રિડમાંથી ચોખ્ખી વીજળી આયાતના કરેલ વીજળીના કેસમાં, વિતરણ પરવાનેદાર પાસેથી વાપરેલી વીજળીનું બિલ, આયોગે વખતોવખત મંજૂર કર્યા મુજબ ગ્રાહકોના સંબંધિત વર્ગને લાગુ પડતા પ્રશુલ્ક પ્રમાણે તૈયાર કરાશે. રૂફટોપ સોલર પી.વી સિસ્ટમ દ્વારા ઉત્પાદિત વીજળીની વપરાયેલ યુનિટો સામે ક્ષતિપૂર્તિ કરાશે. (વીજભાર/માગણી સામે નહીં) અને ગ્રાહક, સંબંધિત કક્ષાના ગ્રાહકોને લાગુ પડે તે પ્રમાણે માગણા-ખર્ચ, પીક ચાર્જ અને અન્ય ખર્ચ ચૂકવશે.

(૨) વપરાશ સામે ક્ષતિપૂર્તિ કર્યા પછી ૧૫ મિનિટમા ધોરણે વીજળીની ચોખ્ખી નિકાસના કેસમાં, વિતરણ પરવાનેદાર સિસ્ટમની આવરદા, એટલે કે ૨૫ વર્ષ દરમિયાન રૂફટોપ સોલર પી.વી સિસ્ટમ શરૂ કરવામાં આવે તે વર્ષ માટે આયોગે નક્કી કરેલ એવરેજ પાવર પરચેઝ કોસ્ટ (APPC)ના ૮૫% ના દરે આવી વધારાની વીજળીની ખરીદી કરાશે. આમછતાં નિયત/માગણા ખર્ચ, પીક ચાર્જ, અન્ય ખર્ચ, દંડ વગેરે સંબંધિત કક્ષાના ગ્રાહકોને લાગુ પડે તે પ્રમાણે ચૂકવવાપાત્ર થશે.

૮. **જોડાણ ખર્ચ :**

૮.૧ ગ્રાહક, મીટર અને આંતર-જોડાણ સહિત રૂફટોપ સોલર પી.વી સિસ્ટમ સ્થાપવાને લગતું તમામ ખર્ચ ભોગવશે. ગ્રાહક સર્વિસ લાઇસન્સમાં સુધારા અને કક્ષા ઉંચી લઈ જવા અંગેનું ખરેખરૂં ખર્ચ, જરૂર હોય તો ગ્રિડ સાથે ફોટોવોલ્ટેક સિસ્ટમ જોડવા ટ્રાન્સફોર્મરની કક્ષા ઉંચી લઈ જવાનું ખર્ચ ચૂકવવા ગ્રાહક સહમત છે.

૯. **જોડાણ પૂર્વે નિરીક્ષણ, પરિક્ષણ, અંકન અને જાળવણી :**

જોડાણ પૂર્વે, ગ્રાહક વિતરણ પરવાનેદાર (વિતરણ પરવાનેદારનું નામ) સાથે તથા જેની સાથે સાધનોનું જોડાણ કર્યું હોય તે ગુજરાત ઊર્જા પ્રવાહન નિગમ લિમિટેડ (જેટકો) સાથે ચર્ચા-વિચારણા કરીને તમામ નિરીક્ષણ અને પરિક્ષણો પૂરાં કરશે. ગ્રાહક Discom સમક્ષ યથાપ્રસંગ, પ્રોજેક્ટ અથવા વીજ ઉત્પાદન મથકના આલેખનો, વિશિષ્ટ વિગતો અને પરિક્ષણ રેકર્ડ ઉપલબ્ધ કરાવશે.

૧૦. રેકર્ડ :

દરેક પક્ષકાર કરારના યોગ્ય વહીવટ અને રૂફટોપ સોલર પી.વી સિસ્ટમના સંચાલનના હેતુસર, તેઓ પૈકી દરેકને જરૂરી સંપૂર્ણ અને ચોક્કસ રેકર્ડ તથા અન્ય તમામ વિગતો રાખશે.

૧૧. **વિવાદ પતાવટ :**

૧૧.૧ પક્ષકારો વચ્ચે આ કરાર સંબંધમાં ઉભા થતાં કે તે અંગેના તમામ વિવાદો કે મતભેદોની પ્રથમ પારસ્પરિક વાટાઘાટ દ્વારા ત્વરાથી, સમાન રીતે અને પૂરા વિશ્વાસથી પતાવટ કરવાનો પ્રયત્ન કરાશે.

૧૧.૨ આવા વિવાદો ઉભા થયાના સાઠ (૬૦) દિવસો કે પરસ્પર વધારેલ મુદતમાં પારસ્પરિક વાટાઘાટો દ્વારા આવા વિવાદો કે મતભેદોની પતાવટ ન થાય તેવા પ્રસંગે,

(ક) વીજળી દાખલ કરવા (injection) અને બિલની રકમને લગતા બિલ અંગેના કોઇ વિવાદ માટે, તેની પતાવટ ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને ઇલેક્ટ્રીસીટી ઓમ્બડ્સમેન દ્વારા કરાશે.

(ખ) વિનિયમો અને તેના અર્થઘટનને લગતા બીજા કોઇ મુદ્દા બાબતમાં, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, નીચેની યોગ્ય નિયત કાર્યપદ્ધતિ અનુસરીને નક્કી કરશે.

૧૨. **સમાપ્તિ :**

૧૨.૧ ગ્રાહક, વિતરણ પરવાનેદારને ૯૦ દિવસની પૂર્વ નોટિસ આપીને કોઇપણ સમયે કરાર સમાપ્ત કરી શકશે.

૧૨.૨ ગ્રાહક આ કરારની કોઇપણ શરતનું ઉલંઘન કરે અને વિતરણ પરવાનેદાર પાસેથી ઉલંઘન અંગેની નોટિસ મળ્યાના 30 દિવસમાં ઉલંઘનનો ઉપાય ન કરે તો વિતરણ પરવાનેદારને 30 દિવસની લેખિત પૂર્વ-નોટિસ આપીને કરાર સમાપ્ત કરવાનો અધિકાર છે.

૧૨.૩ ગ્રાહક, કરાર સમાપ્ત થતાં, વિતરણ પરવાનેદારને સંતોષ થાય તે પ્રમાણે એક અઠવાડિયામાં વિતરણ પરવાનેદારની વિતરણ સિસ્ટમમાંથી રૂફટોપ સોલર પી.વી સિસ્ટમનું જોડાણ દૂર કરશે.

સંદેશા-વ્યવહાર :

આ કરાર હેઠળ આવરી લીધેલ બાબતો સંબંધમાં કોઇપણ સંદેશા-વ્યવહારના હેતુસર અધિકારીઓના નામ અને તેમના સરનામા નીચે મુજબ રહેશે.

ના સંબંધમાં (વિતરણ પરવાનેદારનું નામ) ★અધિક મુખ્ય ઇજનેર(મા. અને સંદેશા-વ્યવહાર) -------- ગુજરાત વીજ કંપની લિમિટેડ/ સમકક્ષ અધિકારી	ગ્રાહક સંબંધમાં (------------)

વિતરણ પરવાનેદાર દ્વારા અધિકૃત વ્યક્તિ

જેની સાક્ષીએ, અહીં પક્ષકારોએ, તેમના અધિકૃત અધિકારીઓ દ્વારા આ કરારનો અમલ કરવાનું નક્કી કર્યું છે અને અહીં ઉપર જણાવેલ દિવસ અને વર્ષ મુજબ દરેક પક્ષકારને નકલો મોકલી છે.

વિતરણ પરવાનેદારના નામે અને તેમના વતી ---------------- ૧. (------------) ૨. (------------)	પ્રોજેક્ટના માલિકના નામે અને તેમના વતી ---------------- ૧. (------------) ૨. (------------)

INDEX

જોડાણ-૪

ઇન્વર્ટર ધોરણો :

ઇન્વર્ટર, ક્ષમતા અને માપનો માટે IFC 61683/IS61683નું પાલન કરશે અને પર્યાવરણલક્ષી પરીક્ષણ માટે IEC 60068=(1,2,14,30)/સમતુલ્ય BIS ધોરણનું પાલન કરશે.

ઇન્વર્ટર,સતત, ગ્રિડ સ્થિતિનું નિરીક્ષણ કરશે અને ગ્રિડ નિષ્ફળ જવાના (કે) ઓછા વોલ્ટેજ કે વધુ વોલ્ટેજના પ્રસંગે, સોલર સિસ્ટમને, ઇન્વર્ટરમાં જોગવાઇ કરેલ સર્કિટ બ્રેકર/ઓટો સ્વિચ દ્વારા જોડાણ છૂટું કરાશે અને આ વિનિયમોના વિનિયમ-૮માં નિર્દિષ્ટ જરૂરિયાતોનું પાલન કરશે.

હાર્મોનિક્સ ધોરણો :

IEEES19 ધોરણ અનુસાર, પરવાનગીપાત્ર વ્યક્તિગત હાર્મોનિક્સ સ્તર ૩% (વોલ્ટેજ અને કરન્ટ હાર્મોનિક્સ બંને માટે ઓછું રહેશ અને સિટમના વોલ્ટેજ અને કરન્ટ હાર્મોનિક્સ બંને માટે કુલ હાર્મોનિક્સ વિકૃતિ (ડિસ્ટોર્શન) ૫% કરતાં ઓછી હશે.

ટેકનિકલ અને આંતરજોડાણ જરૂરિયાતોની પરમિતિ :

પારમિતિ	સંદર્ભ (વખતોવખત સુધાર્યા પ્રમાણે)	જરૂરિયાત
સર્વિસની એકંદર સ્થિતિ	રાજ્ય વિતરણ/પુરવઠા સંહિતા	પુરવઠાની શરતોનું પાલન
એકંદર ગ્રિડ ધોરણો	કેન્દ્રિય વીજળી તંત્ર (ગ્રિડ ધોરણો) વિનિયમો, ૨૦૧૦	ફ્રિકવન્સી, વોલ્ટેજ અને રક્ષણ સંકલન સંબંધમાં ગ્રિડ ધોરણોનું પાલન
મીટરો	કેન્દ્રિય વીજળી તંત્ર (મીટર સ્થાપન અને સંચાલન) વિનિયમો, ૨૦૦૬	મીટરોની વિશેષ વિગતોનું પાલન
સલામતી અને પૂરવઠો	વખતોવખત સુધાર્યા મુજબ કેન્દ્રિય વીજળી તંત્ર (સલામતી અને વીજળી પુરવઠાને લગતાં પગલાં) વિનિયમો, ૨૦૧૦	૬૫૦ વોલ્ટથી નીચા અને વધુ પોલ્ટેજ સાથે વીજળી સ્થાપનો અને ઉપકરણો માટે સલામતી જોગવાઇઓનું પાલન
હાર્મોનિક્સ જરૂરિયાતો હાર્મોનિક્સ કરન્ટ	IEEE519 કેન્દ્રિય વીજળી તંત્ર (ગ્રિડ સાથે જોડાણ અંગે ટેકનિકલ ધોરણો) વિનિયમો, ૨૦૦૭	આંતર-જોડાણ પોઇન્ટ આગળ વોલ્ટેજ માટે કુલ હાર્મિનિક વિકૃતિ ૫% કરતાં વધવી જોઇએ નહીં. કરન્ટ ડિસ્ટોર્ટન મર્યાદા માટે કુલ માગણી ડિસ્ટોર્શન, (ISC/IL) પ્રમાણમાં ઉપલબ્ધ શોર્ટ સર્કિટના ગુણોત્તર સંબંધમાં જુદા જુદા TDD મૂલ્યો માટે વિવિધ હાર્મોનિક્સ માટે નિર્દિષ્ટ મર્યાદામાં રહેવી જોઇએ.
સમકાલિકતા	વખતોવખત સુધાર્યા પ્રમાણે કેન્દ્રિય વીજળી તંત્ર (ગ્રિડ સાથે જોડાણ અંગે ટેકનિકલ ધોરણો) વિનિયમો, ૨૦૦૭	ફોટોવોલ્ટેક સિસ્ટમને, ગ્રિડ ફ્રિકવન્સી સમકાલિક ઉપકરણથી સાધન-સજ્જ કરવી જોઇએ. દરેક વખતે વીજઉત્પાદન મથકને વીજળી સિસ્ટમ સાથે સમકાલિક કરવાથી તેમાં આંતર-જોડાણ પોઇન્ટે +/- ૫% કરતાં વધુ વોલ્ટેજ વધઘટ થવા દેશે નહીં.
વોલ્ટેજ	વખતોવખત સુધાર્યા પ્રમાણે કેન્દ્રિય વીજળી તંત્ર (ગ્રિડ સાથે જોડાણ અંગે ટેકનિકલ ધોરણો) વિનિયમો, ૨૦૦૭	વોલ્ટેજ ઓપરેટિંગ વિન્ડો, ટ્રિપીંગનો ઉપદ્રવ ઘટાડશે અને નામના જોડાણવાળા વોલ્ટેજના ૮૦% થી ૧૧૦% ની ઓપરેટિંગ રેન્જમાં રહેશે. ફોટોવોલ્ટેક સિસ્ટમે, ૨ સેકંડના ક્લિયરીંગ સમયની અંદર ગ્રિડમાંથી પોતાને આઇસોલેટ કરી દેવી જોઇશે.

પારમિતિ	સંદર્ભ (વખતોવખત સુધાર્યા પ્રમાણે)	જરૂરિયાત
કંપન (Flicker)	વખતોવખત સુધાર્યા પ્રમાણે કેન્દ્રિય વીજળી તંત્ર (ગ્રિડ સાથે જોડાણ અંગે ટેકનિકલ ધોરણો) વિનિયમો, ૨૦૦૭	ફોટોવોલ્ટેક સિસ્ટમ, આંતર-રાષ્ટ્રીય ઇલેક્ટ્રોટેકનિકલ આયોગે દર્શાવેલ ૬૧૦૦૦ના નીચે મુજબના ધોરણ કરતાં વધુ વોલ્ટેજ કંપન પેદા કરશે નહીં : ટૂંકાગાળાની મુદત દરમિયાન (PST) (૧૦ મિનિટ) મૂલ્યાંકન કરાયેલ કંપનની તીવ્રતા < = 1 હોવી જોઇએ. લાંબાગાળાની મુદત (ખાસ કરીને ૨ કલાક) દરમિયાન મૂલ્યાંકન કરાયેલ કંપન તીવ્રતા <=0.65 હોવી જોઇશે.
ફ્રિકવન્સી	વખતોવખત સુધાર્યા પ્રમાણે કેન્દ્રિય વીજળી તંત્ર (ગ્રિડ સાથે જોડાણ અંગે ટેકનિકલ ધોરણો) વિનિયમો, ૨૦૦૭	વિતરણ સિસ્ટમ ફ્રિકવન્સી નિર્દિષ્ટ સ્થિતિથી વિચલન કરે (50.5Hz ની ઉપલી બાજુએ અને 47.5Hz ની નીચલી બાજુએ) ત્યારે 0.2 સેકન્ડના ડિલયરીંગ સમય સાથે વધુ અને ઓછી ફ્રિકવન્સી ટ્રિપ કામગીરી હશે.
(DC injection)	વખતોવખત સુધાર્યા પ્રમાણે કેન્દ્રિય વીજળી તંત્ર (ગ્રિડ સાથે જોડાણ અંગે ટેકનિકલ ધોરણો) વિનિયમો, ૨૦૦૭	ફોટોવોલ્ટેક સિસ્ટમ, આંતર-રાષ્ટ્રીય જોડાણ પોઇન્ટે સંપૂર્ણ નિર્ધારિત ઉત્પાદનના ૫% થી અથવા કોઇપણ સંચાલનની સ્થિતિ હેઠળ વિતરણ સિસ્ટમમાં નિર્ધારિત ઇન્વર્ટર ઉત્પાદિત વીજપ્રવાહના ૧% કરતાં વધુ ડી.સી (સીધો વીજપ્રવાહ) દાખલ કરશે નહીં.
વીજળી ફેક્ટર	વખતોવખત સુધાર્યા પ્રમાણે કેન્દ્રિય વીજળી તંત્ર (ગ્રિડ સાથે જોડાણ અંગે ટેકનિકલ ધોરણો) વિનિયમો, ૨૦૦૭	ઇન્વર્ટરનું ઉત્પાદન (out put) 50% કરતાં વધુ હોય ત્યારે ઇન્વર્ટરમાંથી વીજઉત્પાદન ૦.૯ કરતાં વધુ વીજ ફેક્ટર પાછળ પડી જશે.
આઇલેન્ડિંગ અને જોડાણ છૂટું પડવું	વખતોવખત સુધાર્યા મુજબ કેન્દ્રિય વીજળી તંત્ર (ગ્રિડમાં જોડાણ માટેના ટેકનિકલ ધોરણો) વિનિયમો, ૨૦૦૭	ફોટોવોલ્ટેક સિસ્ટમ, ખામી, વોલ્ટેજ કે ફ્રિકવન્સીમાં ફેરફાર થવાના પ્રસંગે આંતર-રાષ્ટ્રીય ઇલેક્ટ્રો-ટેકનિકલ (IEC) આયોગ દ્વારા ઠરાવાયેલ ધોરણની અંદર રહીને પોતાને આઇલેન્ડિંગ કરવું જોઇશે કે જોડાણમાંથી છૂટું થવું જોઇશે.
અતિશય વીજભાર અને અતિશય ઉષ્મા	વખતોવખત સુધાર્યા મુજબ કેન્દ્રિય વીજળી તંત્ર (ગ્રિડમાં જોડાણ માટેના ટેકનિકલ ધોરણો) વિનિયમો, ૨૦૦૭	અતિશય વીજભાર કે અતિશય ઉષ્માના કેસમાં ઇન્વર્ટરમાં સ્વિચ આપોઆપ બંધ થવાની સુવિધા હોવી જોઇશે અને સાધારણ સ્થિતિ ફરીથી સ્થાપિત થાય ત્યારે તે ફરી શરૂ થવી જોઇએ.
સમાંતરણ ઉપકરણ	વખતોવખત સુધાર્યા મુજબ કેન્દ્રિય વીજળી તંત્ર (ગ્રિડમાં જોડાણ માટેના ટેકનિકલ ધોરણો) વિનિયમો, ૨૦૦૭	ફોટોવોલ્ટેક સિસ્ટમનું સમાંતરીકરણ ઉપકરણ, આંતર-જોડાણ પોઇન્ટે સાધારણ વોલ્ટેજના ૨૨૦% એ ટકી રહેવા સક્ષમ હોવું જોઇશે.

વિતરણ પરવાનેદારના રૂફટોપ અને લઘુ સોલર પાવર પ્લાન્ટ/વિતરણ પરવાનેદારના ગ્રિડ સાથેના આંતર-જોડાણ માટે યોજનાકીય ગોઠવણ :



INDEX

Normally, Solar Generation shall be connected with Grid. When grid fails, Inverter controlled Switch S3 Opens and on restoration of grid S3 Closes.

Abbreviations:

NM: Net Meter, SM: Solar Meter, PCU: Power Conditioning Unit

સાધારણ રીતે, સોલર જનરેશનને ગ્રિડ સાથે જોડવામાં આવશે. ગ્રિડ નિષ્ફળ જાય ત્યારે, ઇન્વર્ટર નિયંત્રિત સ્વિચ- S3 ખુલે છે અને ગ્રિડ-S3 નું પુનરસ્થાપન થતાં બંધ થાય છે.

Abbreviations: NM: Net Meter, SM: Solar Meter, PCU: Power Conditioning Unit

(1)Two meter configuration without storage



(2)Two meter configuration with storage



INDEX

જોડાણ – ૫

નેટ મીટરીંગ માટે મીટરો ની વિશિષ્ટ વિગતો

(અ) સોલર જનરેશન માપન માટે મીટર:

સોલર મીટર મુખ્ય ટેકનિકલ પારિમિતિઓ

ક્રમ	ટેકનિકલ પારમિતિ	૪૧૫ વોલ્ટેજ અને તેનાથી નીચેના વોલ્ટેજ સ્તરે જોડાણ		
		સંપૂર્ણ વીજ પ્રવાહ મીટરો		કરન્ટ ટ્રાન્સફોર્મર સંચાલિત
૧.	પ્રયોજયતા	૬ કિ.વો. સુધીની સોલર પ્લાન્ટ ક્ષમતા	૬ કિ.વો. થી વધુ અને ૧૫ કિ.વો સુધીની સોલર પાવર ક્ષમતા	૧૫ કિ.વો. કરતાં વધુ અને ૫૦ કિ.વો. સુધી સોલર પાવર ક્ષમતા
૨.	ફેઝ અને વાયરોની સંખ્યા	એક જ ફેઝ, ૨ વાયર	ત્રણ ફેઝ, ૪ વાયર	ત્રણ ફેઝ, ૪ વાયર
૩.	માપ(નો)	કિ.વો.કલાક	કિ.વો.કલાક	કિ.વો.કલાક, કિ.વો.એમ્પિયર કલાક, કિલો વોલ્ટ એમ્પિયર, પીએફ
૪.	ધોરણસર વોલ્ટેજ અને આવૃતિ	240 V, 50 ± 5%	3X240V(P-N), 415V(P-P) 50 ± 5%	3X240V(P-N), 415V(P-P) 50 ± 5%
૫.	વીજપ્રવાહ નિર્ધારણ	૧૦-૬૦	૧૦-૬૦	1 એમ્પિયર
૬.	ચોકસાઇ વર્ગ	૧.૦	૧.૦	૦.૫૫
૭.	ભારતીય માનક અથવા આંતરરાષ્ટ્રીય ઇલેક્ટ્રો-ટેકનિકલ કમિશન જે સુસંગત હોય	IS 13779-1999	IS 13779-1999	IS 14697, IS-13779
૮.	આયાત-નિકાસ ગુણધર્મ	આયાત અને નિકાસ	આયાત અને નિકાસ	આયાત અને નિકાસ
૯.	કમ્યુનિકેશન પોર્ટ/ પ્રોટોકોલ	ઓપ્ટિકલ/DLMS	ઓપ્ટિકલ, RS-232/DLMS	ઓપ્ટિકલ, RS-232/DLMS

નેટ મીટરીંગ માપન માટે મીટર

(બ) નેટ મીટર મુખ્ય ટેકનિકલ પારમિતિઓ :

ક્રમ	ટેકનિકલ પારમિતિ	૪૧૫ વોલ્ટેજે અને તેનાથી નીચેના વોલ્ટેજ સ્તરે જોડાણ		
		સંપૂર્ણ વીજ પ્રવાહ મીટરો		કરન્ટ ટ્રાન્સફોર્મર સંચાલિત
૧.	પ્રયોજ્યતા	૬ કિ.વો. જોડાણ કરાયેલ વીજભાર સુધી	૬ કિ.વો. થી વધુ અને ૧૮.૬૫ કિ.વો. જોડાણ કરાયેલ વીજભાર સુધી	૧૮.૬૫ કિ.વો. કરતાં વધુ અને ૫૦ કિ.વો. એમ્પિયર સુધી કરાર કરેલ માગ
૨.	ફેઝ અને વાયરોની સંખ્યા	એક જ ફેઝ, ૨ વાયર	ત્રણ ફેઝ, ૪ વાયર	ત્રણ ફેઝ, ૪ વાયર
૩.	માપ(નો)	કિ.વો.કલાક	કિ.વો.કલાક	કિ.વો.કલાક, કિ.વો.એમ્પિયર કલાક, કિલો વોલ્ટ એમ્પિયર, પીએફ
૪.	ધોરણસર વોલ્ટેજ અને આવૃતિ	240 V, 50±5%	3X240V(P-N), 415V(P-P) 50 ± 5%	3X240V(P-N), 415V(P-P) 50 ± 5%
૫.	વીજપ્રવાહ નિર્ધારણ	૧૦-૬૦	૧૦-૬૦	1 એમ્પિયર
૬.	ચોકસાઇ વર્ગ	૧.૦	૧.૦	૦.૫૫
૭.	ભારતીય માનક અથવા આંતરરાષ્ટ્રીય ઇલેક્ટ્રો-ટેકનિકલ કમિશન જે સુસંગત હોય	IS 13779-1999	IS 13779-1999	IS 14697, IS-13779
૮.	આયાત-નિકાસ ગુણધર્મ	આયાત અને નિકાસ	આયાત અને નિકાસ	આયાત અને નિકાસ
૯.	કમ્યુનિકેશન પોર્ટ/ પ્રોટોકોલ	ઓપ્ટિકલ/DLMS	ઓપ્ટિકલ, RS-232/DLMS	ઓપ્ટિકલ, RS-232/DLMS

INDEX

Extra No. 323

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, OCTOBER 18, 2016/ASVINA 26, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

પ્રાંત અધિકારીની કચેરી,

તાલુકા સેવા સદન, માંગરોળ રોડ, કેશોદ, જિ. જુનાગઢ

તા. ૬-૧૦-૨૦૧૬

વિષય :- ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૬

ચૂંટણી અધિકારી- મદદનીશ ચૂંટણી અધિકારીની નિમણૂંક કરવા અંગે.

વંચાણે લીધા :- (૧) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનો આદેશ ક્રમાંક : રાચપ/ ચટણ/ ગ્રા.પં./ સ્થા.સ્વ./ ૩૬(૩)/ ૬૨૦૧૧/ક, તા. ૧૩-૬-૧૧

(૨) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : રાચઆ/ ચટણ/ ગપ/૨૯(૬)/ ૭૨૦૧૬/ક, તા. ૪-૦૭-૨૦૧૬

(૩) મામલતદારશ્રી કેશોદનો પત્ર નં. ચટણ/ગ્રા.પં./આરઓ/એઆરઓ/૧૬/૨૦૧૬, તા. ૬-૧૦-૨૦૧૬

-: હુકમ :-

નં. ચટણ/ગ્રા.પં./આર.ઓ./૧૦-૧/૨૦૧૬.- વંચાણે લીધેલ ક્રમાંક-૧ રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગરના તા. ૧૩-૬-૧૧ના આદેશથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ ગ્રામ પંચાયતની ચૂંટણી અંગે ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો-૧૯૯૪નાં નિયમ-૫(૧) તથા નિયમ-૫(૨) મુજબ ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની નિયુક્તિ અંગેના અધિકારો અત્રેને એનાયત છે. જેથી વંચાણે લીધેલ ક્રમાંક-૨ રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગરના તા. ૪-૭-૧૬ના પત્રની સુચના મુજબ તા. ૩૧-૩-૧૭ સુધીમાં પુરી થતી મુદતવાળી ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ કરવાની થાય છે. જે અંતર્ગત વંચાણે લીધેલ ક્રમાંક-૩ ની મામલતદારશ્રી કેશોદની તા. ૬-૧૦-૧૬ની આર.ઓ./એ.આર.ઓ. માટેની રજુ થયેલ

દરખાસ્ત ધ્યાને લઈ અમોને મળેલ અધિકારની રૂએ સાથેનાં પરિશિષ્ટમાં જણાવેલ વિગતે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે નિમણુંક કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

પરિશિષ્ટમાં જણાવેલ કોઈ કર્મચારીની અનિવાર્ય સંજોગોમાં રજા/બદલીના સમયે જે તે જગ્યાના ચાર્જ સંભાળતા કર્મચારીએ આ કામગીરી કરવાની રહેશે.

(સહી) અવાચ્ય,
પ્રાંત અધિકારી, કેશોદ
અને
રાજ્ય ચૂંટણી આયોગનાં અધિકારી.

અત્રેનાં હુકમ નં. ચટણ/ગ્રા.પં./આર.ઓ./૧૦-૧/૨૦૧૬, તા. ૬-૧૦-૧૬ થી ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી માટે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે નિમણુંક આપેલ કર્મચારીઓની વિગત દર્શાવતું પરિશિષ્ટ

તાલુકાનું નામ :- કેશોદ જિલ્લો :- જુનાગઢ

ક્રમ	ગ્રામ/ગ્રામ પંચાયતનું નામ	વોર્ડની કુલ સંખ્યા	નિમણુંક આપેલા ચૂંટણી અધિકારીનું નામ, હોદ્દો તથા કચેરી	નિમણુંક આપેલા મદદનીશ ચૂંટણી અધિકારીનું નામ, હોદ્દો તથા કચેરી	રીમાર્કસ
૧	૨	૩	૪	૫	૬
૧	અગતરાય	૧૦	શ્રી એ. જે. ચૌહાણ સર્કલ ઈન્સ્પેકટર, તાલુકા પંચાયત, કેશોદ	શ્રી જનક આર. પંડ્યા જુ. ક્લાર્ક, મા. અને મ. (પંચાયત) કેશોદ	
	જોનપુર	૮			
૨	બાલાગામ	૧૦	શ્રી ની. એન. કછડી, વિસ્તરણ અધિકારી (ખેતી) તાલુકા પંચાયત, કેશોદ	શ્રી આર. એમ. ગરાળા ગ્રામ સેવક, તાલુકા પંચાયત, કેશોદ	
	ઈન્દ્રાણા	૮			
	અખોદડ	૮			
૩	પ્રાંભાવડ	૮	શ્રી એલ. એસ. આરદેશણા, વિસ્તરણ અધિકારી (સહકાર) તાલુકા પંચાયત, કેશોદ	શ્રી સી. એલ. પોપટ જુનીયર ક્લાર્ક, તાલુકા પંચાયત, કેશોદ	
	પ્રાંસલી	૮			
	કણેરી	૧૦			
૪	મેસવાણ	૧૨	શ્રી આર. ડી. મેસવાણીયા ગ્રામ સેવક, તાલુકા પંચાયત, કેશોદ	શ્રી એસ. આર. ભટ્ટ, સીનીયર ક્લાર્ક, તાલુકા પંચાયત, કેશોદ	
	કાલવાણી	૮			
	કોયલાણા	૮			
૫	નાની ઘંસારી	૮	શ્રી આર. ડી. દવે, સર્કલ ઈન્સ્પેકટર, તાલુકા પંચાયત, કેશોદ	શ્રી પી. જે. પંડ્યા સીનીયર ક્લાર્ક, તાલુકા પંચાયત, કેશોદ	
	મોટી ઘંસારી	૮			
	ઈસરા	૮			
૬	અજાબ	૧૨	શ્રી બી. એન. ગરચર ગ્રામ સેવક, તાલુકા પંચાયત, કેશોદ	શ્રી તેજસભાઈ બી. પુરોહીત ક્લર્ક, આઈ.સી.ડી.એસ. કચેરી, કેશોદ	
	શેરગઢ	૧૦			
૭	ચાંદીગઢ	૮	શ્રી કે. બી. સાંગાણી, સર્કલ ઓફિસર, મામલતદાર કચેરી, કેશોદ	શ્રી એમ. ડી. રામદબીર ક્લાર્ક, મામલતદાર કચેરી, કેશોદ	
	હાંડલા	૮			
	મોવાણા	૮			
૮	પાડોદર	૮	નાયબ મામલતદાર (જમીન) મામલતદાર કચેરી, કેશોદ	શ્રી એમ. એન. છોટીયારા, રેવન્યુ તલાટી, મામલતદાર કચેરી, કેશોદ	
	પીપળી	૮			
૯	એકલેરા	૮	નાયબ મામલતદાર (મ.બો.પો.) મામલતદાર કચેરી, કેશોદ	શ્રી પી. એસ. દેત્રોજા ક્લાર્ક, મામલતદાર કચેરી, કેશોદ	
	સીલોદર	૮			
	પાણખાણ	૮			
	રેવદ્રા	૮			

ક્રમ	ગામ/ગ્રામ પંચાયતનું નામ	વોર્ડની કુલ સંખ્યા	નિમણુંક આપેલા ચુંટણી અધિકારીનું નામ, હોદો તથા કચેરી	નિમણુંક આપેલા મદદનીશ ચુંટણી અધિકારીનું નામ, હોદો તથા કચેરી	રીમાર્કસ
૧	૨	૩	૪	૫	૬
૧૦	રંગપુર	૮	શ્રીમતી બીનાબેન એમ. દેથા, મદદનીશ તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયત, કેશોદ	શ્રી આર. એ. ચુડાસમા, જુ. ક્લાર્ક, તાલુકા પંચાયત, કેશોદ	
	ચેલાખડા	૮			
	બડોદર	૮			
૧૧	મુળીયાસા	૮	શ્રી એ. કે. મેઘનાથી, સીનીયર ક્લાર્ક, તાલુકા પંચાયત, કેશોદ	શ્રી આર. એલ. ડઢાણીયા, ગ્રામ સેવક, તાલુકા પંચાયત, કેશોદ	
	સરોડ	૮			
	સુત્રેજ	૮			
	પંચાળા	૮			

(સહી)/- અવાચ્ય,
પ્રાંત અધિકારી, કેશોદ
અને
રાજ્ય ચુંટણી આયોગનાં અધિકારી.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

INDEX

Extra No. 324

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

સત્યમેવ જયતે

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, OCTOBER 18, 2016/ASVINA 26, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

પ્રાંત અધિકારીની કચેરી,

તાલુકા સેવા સદન, માંગરોળ રોડ, કેશોદ, જિ. જુનાગઢ

તા. ૬-૧૦-૨૦૧૬

વિષય :- ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૬

ચૂંટણી અધિકારી- મદદનીશ ચૂંટણી અધિકારીની નિમણૂંક કરવા અંગે.

વંચાણે લીધા :- (૧) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં આદેશ ક્રમાંક : રાચપ/ ચટણ/ ગ્રા.પં./ સ્થા.સ્વ./ ૩૬(૩)/ ૬૨૦૧૧/ક, તા. ૧૩-૬-૧૧

(૨) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : રાચઆ/ ચટણ/ ગપ/૨૯(૬)/ ૭૨૦૧૬/ક, તા. ૪-૦૭-૨૦૧૬

(૩) મામલતદારશ્રી માંગરોળનાં પત્ર નં. ચટણ/ગ્રા.પં./સા.ચૂં./આરઓ/એઆરઓ/૧૬ તા. ૧-૧૦-૨૦૧૬

-: હુકમ :-

નં. ચટણ/ગ્રા.પં./આર.ઓ./૧૦-૨/૨૦૧૬.- વંચાણે લીધેલ ક્રમાંક-૧ રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગરના તા. ૧૩-૬-૧૧ના આદેશથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ ગ્રામ પંચાયતની ચૂંટણી અંગે ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો-૧૯૯૪નાં નિયમ-૫(૧) તથા નિયમ-૫(૨) મુજબ ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની નિયુક્તિ અંગેના અધિકારો અત્રેને એનાયત છે. જેથી વંચાણે લીધેલ ક્રમાંક-૨ રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગરના તા. ૪-૭-૧૬ના પત્રની સુચના મુજબ તા. ૩૧-૩-૧૭ સુધીમાં પુરી થતી મુદતવાળી ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ કરવાની થાય છે. જે

અંતર્ગત વંચાણે લીધેલ ક્રમાંક-૩ ની મામલતદારશ્રી માંગરોળની તા. ૧-૧૦-૧૬ની આર.ઓ./એ.આર.ઓ. માટેની રજુ થયેલ દરખાસ્ત ધ્યાને લઈ અમોને મળેલ અધિકારની રૂએ સાથેનાં પરિશિષ્ટમાં જણાવેલ વિગતે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે નિમણુંક કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

પરિશિષ્ટમાં જણાવેલ કોઈ કર્મચારીની અનિવાર્ય સંજોગોમાં રજા/બદલીના સમયે જે તે જગ્યાના ચાર્જ સંભાળતા કર્મચારીએ આ કામગીરી કરવાની રહેશે.

(સહી) અવાચ્ય,
પ્રાંત અધિકારી, કેશોદ
અને
રાજ્ય ચૂંટણી આયોગનાં અધિકારી.

અત્રેનાં હુકમ નં. ચટણ/ગ્રા.પં./આર.ઓ./૧૦-૨/૨૦૧૬, તા. ૯-૧૦-૧૬ થી ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી માટે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે નિમણુંક આપેલ કર્મચારીઓની વિગત દર્શાવતું પરિશિષ્ટ

તાલુકાનું નામ :- માંગરોળ **જિલ્લો :- જુનાગઢ**

ક્રમ	ગામ/ગ્રામ પંચાયતનું નામ	વોર્ડની કુલ સંખ્યા	નિમણુંક આપેલા ચૂંટણી અધિકારીનું નામ, હોદ્દો તથા કચેરી	નિમણુંક આપેલા મદદનીશ ચૂંટણી અધિકારીનું નામ, હોદ્દો તથા કચેરી	રીમાર્કસ
૧	૨	૩	૪	૫	૬
૧	મક્તુપુર	૧૦	શ્રી એમ. પી. ગરચર, વિસ્તરણ અધિકારી (પંચાયત) તાલુકા પંચાયત, માંગરોળ	શ્રી ડી. યુ. ખેર ક્લાર્ક, તાલુકા પંચાયત, માંગરોળ	
	વાડલા	૮			
	વિરોલ	૮			
૨	સાંગાવાડા	૮	શ્રી આર. બી. પરમાર વિસ્તરણ અધિકારી (સહકાર) તાલુકા પંચાયત, માંગરોળ	શ્રી બી. એન. ટીલાવત, જુનીયર ક્લાર્ક, તાલુકા પંચાયત, માંગરોળ	
	શીલ	૧૨			
	કંકાસા	૮			
૩	ચાંખવા	૮	શ્રી જે. વી. ઘોધીયા, સર્કલ ઓફિસર, મામલતદાર કચેરી, માંગરોળ	શ્રી આર. જે. ચુડાસમા, ક્લાર્ક, મામલતદાર કચેરી, માંગરોળ	
	કરંગટા	૮			
	ચંદવાણા	૧૦			
૪	કાલેજ	૧૦	શ્રી એમ. ડી. શુક્લ, નાયબ મામલતદાર (દબાણ) મામલતદાર કચેરી, માંગરોળ	શ્રી પી. એચ. કરમટા, ક્લાર્ક, મામલતદાર કચેરી, માંગરોળ	
	કંકાણા	૮			
	મેખેજ	૮			
૫	ચાંદા	૮	શ્રી ડી. એન. ચાંચેલા, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી, તાલુકા પંચાયત, માંગરોળ	શ્રી કે. ડી. રાઠોડ, ક્લાર્ક, મામલતદાર કચેરી, માંગરોળ	
	સામરડા	૮			
	શીલ	૮			
૬	સુલતાનપુર	૮	શ્રી કે. જી. પરમાર, નાયબ મામલતદાર (ઇ-ધરા) મામલતદાર કચેરી, માંગરોળ	શ્રી જે. એમ. પરમાર, ક્લાર્ક, મામલતદાર કચેરી, માંગરોળ	
	ગોરેજ	૮			
	રૂદલપુર	૮			
૭	આરેણા	૮	શ્રી એસ. એચ. પંડ્યા, નાયબ મામલતદાર (પુરવઠા) મામલતદાર કચેરી, માંગરોળ	શ્રી એચ. જે. કમાણી, રેવન્યુ તલાટી, મામલતદાર કચેરી, માંગરોળ	
	ખોડાદા	૮			
	હુસેનાબાદ	૧૦			
૮	દરસાલી	૮	શ્રી આર. જી. વાઢેર, નાયબ હિસાબનીશ, તાલુકા પંચાયત, માંગરોળ	શ્રી એન. એલ. પરમાર રેવન્યુ તલાટી, મામલતદાર કચેરી, માંગરોળ	
	દિવરાણા	૮			
	નગીચાણા	૧૦			
૯	વિરપુર	૮	શ્રી સી. એન. પટેલ, નાયબ મામલતદાર (એટીવીટી) મામલતદાર કચેરી, માંગરોળ	શ્રી વી. એન. સીસોદીયા રેવન્યુ તલાટી, મામલતદાર કચેરી, માંગરોળ	
	ઢેલાણા	૮			
	કોટડા જુના-નવા	૮			

INDEX

ક્રમ	ગામ/ગ્રામ પંચાયતનું નામ	વોર્ડની કુલ સંખ્યા	નિમણુંક આપેલા ચૂંટણી અધિકારીનું નામ, હોદો તથા કચેરી	નિમણુંક આપેલા મદદનીશ ચૂંટણી અધિકારીનું નામ, હોદો તથા કચેરી	રીમાર્કસ
૧	૨	૩	૪	૫	૬
૧૦	મીતી	૧૦	શ્રી કે. એમ. પરમાર,	શ્રી જી. ડી. જેઠવા	
	લાંગડ	૮	વિસ્તરણ અધિકારી (ખેતી)	સર્કલ ઈન્સ્પેકટર,	
	ફુલરામા	૮	તાલુકા પંચાયત, માંગરોળ	તાલુકા પંચાયત, માંગરોળ	
૧૧	આજક	૮	શ્રી ડી. એમ. ડાભી,	શ્રી આર. એ. ગાંધી,	
	મેખડી	૧૦	મદદનીશ તાલુકા વિકાસ અધિકારી,	સી. ક્લાર્ક,	
	સરસાલી	૮	તાલુકા પંચાયત, માંગરોળ	તાલુકા પંચાયત, માંગરોળ	
૧૨	શાપુર	૧૦	શ્રીમતી એમ. એન. જોષી	શ્રી એલ. યુ. ધામા	
	શેપા	૮	નાયબ મામલતદાર (જમીન)	ક્લાર્ક, મામલતદાર કચેરી, માંગરોળ	
	ભાટગામ	૮	મામલતદાર કચેરી, માંગરોળ		
૧૩	હંટરપુર	૮	શ્રી એચ. પી. સીસોદીયા	શ્રી એલ. એચ. પંડ્યા,	
	સરમા	૮	મદદનીશ ઈજનેર અધિકારી,	સર્કલ ઈન્સ્પેકટરશ્રી,	
	ભાથરોટ	૮	તાલુકા પંચાયત, માંગરોળ	તાલુકા પંચાયત, માંગરોળ	

(સહી)/- અવાચ્ય,
પ્રાંત અધિકારી, કેશોદ
અને
રાજ્ય ચૂંટણી આયોગનાં અધિકારી

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

INDEX

Extra No. 325

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, OCTOBER 19, 2016/ASVINA 27, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

બ્લોક નં. ૯, દશો માળ,

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓક્ટોબર, ૨૦૧૬.

આદેશ

ક્રમાંક : રાચઆ-ચટણ-ન.પા.-મતય-૬(૪)-૧૦૨૦૧૬-ક-૧૬૩૮૪.-

૧. નગરપાલિકાઓની પ્રસંગોપાત રીતે ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી હાલમાં અમલમાં હોય તે સીમાંકન મુજબ ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ-૪૨(૨) મુજબ બેઠક ખાલી પડ્યા તારીખથી ૭ માસમાં યોજવાની થાય છે. રાજ્ય વિધાનસભાના મતદાર વિભાગોની તા. ૧-૧-૨૦૧૬ની લાયકાતની તારીખની સ્થિતિની મતદારયાદી અને તેની તમામ પુરવણી પરથી ગુજરાત નગરપાલિકા (મતદાર નોંધણી) (સુધારા) નિયમો, ૨૦૧૫ ના નિયમ-૪ થી ૭ની જોગવાઈ તથા ગુજરાત નગરપાલિકા (મતદાર નોંધણી) બીજો (સુધારા) નિયમ, ૨૦૧૫ની જોગવાઈ અનુસાર નગરપાલિકાઓની મતદારયાદી તૈયાર કરી, પ્રસિધ્ધ કરવાની થાય છે.

(૮) ચૂંટણી નિષ્પક્ષ અને મુક્ત રીતે યોજાય તે જોશે અને તેમ કરવા રાજ્ય ચૂંટણી આયોગ સાથે પરામર્શ કરી જરૂરી પગલાં પણ લેશે. મતદાન દુષિત થયું હોય તેવા કિસ્સામાં રાજ્ય ચૂંટણી આયોગને પોતાનો અહેવાલ તાત્કાલિક મોકલશે.

(૯) ચૂંટણી નિરીક્ષકશ્રીએ પોલિંગ સ્ટાફની તાલીમ દરમ્યાન સંબંધિત જિલ્લાની મુલાકાત લેવાની રહેશે તેમજ મતદાનના આગળના/મતદાનના/મતગણતરીના આગળના અને મતગણતરીના દિવસે સંબંધિત જિલ્લાના મુખ્ય મથક પર અચૂક ઉપસ્થિત રહેવાનું રહેશે.

(૧૦) ચૂંટણીનું પરિણામ જાહેર થયા પછી ત્રણ દિવસમાં સંપૂર્ણ વિગતો / આધારો સાથે ચૂંટણી અધિકારીઓની હેન્ડબુકમાં દર્શાવ્યા મુજબનો નિયત નમૂનામાં પોતાનો અહેવાલ રાજ્ય ચૂંટણી આયોગને મોકલશે.

(૧૧) ચૂંટણી નિરીક્ષકશ્રીએ મતદાનના દિવસ સુધીનો પ્રથમ અહેવાલ અને મત ગણતરીના દિવસનો બીજો અહેવાલ સમયસર આયોગને રજૂ કરવાનો રહેશે.

(૧૨) ગ્રામ પંચાયતોની ચૂંટણી રાજકીય પક્ષો પક્ષીય ધોરણે લડતા નથી. તેમ છતાં ઉમેદવારો કોઈપણ પક્ષનું પીઠબળ ધરાવતા હશે. વધુમાં ગ્રામ પંચાયતના સરપંચની ચૂંટણી લડતા ઉમેદવારોએ કરવાના ચૂંટણી ખર્ચની કોઈ મર્યાદા નક્કી કરવામાં આવેલ છે જ્યારે સભ્યોની ચૂંટણી લડતા ઉમેદવારો માટે કોઈ ખર્ચ મર્યાદા નક્કી કરેલ નથી.

૫. ઉપર દર્શાવેલ બાબતો ઉપરાંત આ સાથે સામેલ રાખેલ એનેક્ષર-૧ તથા ૨ માં દર્શાવ્યા મુજબની કામગીરી કરવાની રહેશે.

૬. ચૂંટણી નિરીક્ષકશ્રીને આપવામાં આવેલ પુસ્તિકાઓ તથા જરૂરી સાહિત્ય તેઓશ્રીએ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પરત કરવાનું રહેશે.

૭. આ હુકમનો અમલ તાત્કાલિક કરવાનો રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના હુકમથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

ANNEXURE-I

Subject:- Election to Village Panchayats.
Appointment of Observers by the
State Election Commission.

General Instructions

1 The Observer is appointed by the State Election Commission both for the date of poll and for the date of counting in their respective constituencies and for such other dates as may be specified.

2 To facilitate easy identification, the observers shall be issued with suitable badges which shall be displayed on the left of the outer shirt.

A sticker containing the description "Observer of the State Election Commission" shall be displayed prominently on the wind screen of the vehicle used by the Observer.

3 The observer shall be furnished with a list of the polling stations within the area specified for them together with a copy of the map showing the location of the polling stations in each Village Panchayat and also the place of counting of votes along with time and date of counting in respect of the Village Panchayats which they are required to cover on the date of poll.

4 The Observers shall be supplied with a copy each of the following Hand Books (Latest editions):-

(a) Hand Book for the Presiding Officer, which inter alias contains all the relevant directions for the conduct of poll in a polling station; and

(b) The Hand Book for Returning Officer or relevant extracts there from in which there are detailed instruction regarding the conduct of poll and counting of votes.

5 The Observer shall go through the list of polling station, the map and Hand Books and instructions contained therein to familiarise himself with the area he has to cover as an Observer on the date of poll and the various instructions on the subject.

6 The Observer will be furnished with the copies or a list of all complaints received from the date of issue of the notification unto the date of poll containing allegations of intimidation of voters or apprehension of rigging at particular polling station / Village. The observer may visit such areas, where complains of rigging, intimidation of voters of the weaker section of the society have been received and if they are satisfied that ground exists for such apprehensions, take up the matter with the Police Authorities of the Returning Officer concerned.

7 The observer shall visit as many polling stations / Villages as possible especially those which are suggested by Collector / Prant Officer on the day of poll in the part of the Taluka allotted to him. He is advised to visit any one of the polling stations before the commencement of poll and one polling station at the close of poll to see whether the various instructions contained in the Hand Book for presiding officer are being followed. At each polling station which he visits he should also inspect Presiding Officer diary to see that it is being maintained in the proper way.

8 The Observers shall be supplied with necessary permits for entry into the polling stations located in the part of Talukas allotted to them and the counting centre.

9 The Observer shall send their tour programmes to the District Election Officer / Prant Officers / Returning Officers concerned sufficiently in advance of the commencement of their programme so that they may intimate the same to contesting candidates. This will enable such contesting candidates to contact the Observer in case they have complaints / suggestions etc to offer in regard to the poll / counting of votes.

10 The Observer shall not issue any instruction or direction to the polling staff or counting staff during their visit to polling station /counting centre. They may, however, give their suggestions and guidance, if required, to Returning Office or District Election Officer / Prant Officer.

11 The Observer shall send a message by Police wireless or E-mail or fax to the State Election Commission after the poll regarding peaceful completion of the poll in the area specified for him.

12 The Observer shall send combined report after the counting is over regarding polling and counting.

13 The Observer shall send their reports to the State Election Commission and shall not send a copy thereof or any other report to the District Election Officer and Collector / Prant Officer or any other authority. The report shall be send immediately after the day of polling counting is over, as any delay in sending the Report would defeat the purpose for which it is intended.

14 The Observer shall not take any direction form the State Government or any other authority so far as their duties as Observer are concerned.

15 The Observer shall incorporate their comments on the following points in particular :-

(1) Polling Stations visited and the area covered. Factual position as it was at the time of the visit.

(2) Complaints, if any regarding rigging of the election.

INDEX

(3) Harassment and intimidation of voters particularly belonging to weaker section of society so as to prevent them from voting.

(4) Misuse of Government machinery and government vehicles.

(5) Transport of voters by candidates for voting

(6) Compliance of commission's instructions to prevent impersonation at the time of polling.

(7) Any other point or matter particularly relating to elections which needs to be brought to the notice of the commission specifically.

Notes :- Badges, books permits or any other paper shall be supplied by the Collector, to the Observer well in time.

MAHESH JOSHI,
Secretary,
State Election Commission,
Gandhinagar.

ANNEXURE -II

1 Number of candidates in the field, election agents appointed by the candidates. Whether all are serious candidates etc.

2 Whether arrangements made by the Returning Officer for conduct of poll satisfactory ? Number of polling stations in the Village Panchayats - whether accommodation of buildings chosen for polling stations satisfactory- whether candidates are satisfied about number and location of polling stations- If any dissatisfaction noticed ? what are the causes etc.

3 Division of Talukas into various zones under charge of Mamlatdar -Movement of polling parties - Poll arrangements etc. Identification of sensitive and trouble spots-Extra police arrangement etc.

4 Commencement of poll in time-visit as many polling stations as far as possible-Particulars of polling stations visited.

5 Any interesting incident observed at the polling stations.

6 Inspection of Presiding Officer's diary-Whether maintained properly-whether procedure of checking identity of voters by the first polling Officer being followed strictly.

7 Observation of procedure about issue of ballot paper to voters obtaining signature or thumb impression of the voters making of indelible ink-Rate of voting whether brisk or slow with relation to morning hours closing hours- Any misuse of transport in carrying voters Whether Commission's directions on plying of vehicles rigidly followed any other irregularities noticed or brought to your notice etc.

8 Message to be sent to the Commission regarding completion of poll-whether peaceful or not.

9 Arrangement made for safe transport of Ballot Boxes packets containing other polling

materials for their custody until commencement of counting.

10 Place, date and counting of votes-commencement of counting-Whether procedure prescribed by commission followed or not complaint regarding counting if any Announcement of result

11 Whether you observed any under aged voter in queue-Observation about following instructions contained in Hand Book for Presiding Officers.

12 Any complaint from candidates or their election agents or from political parties about unfair practice adopted either during poll or counting of votes.

13 Any suggestion relating to conduct of poll you desire to make for consideration of the commission.

MAHESH JOSHI,
Secretary,
State Election Commission,
Gandhinagar.

Government Central Press, Gandhinagar.

INDEX

Extra No. 463

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, DECEMBER 21, 2016/AGRAHAYANA 30, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

પ્રાંત અધિકારી તથા રાજ્ય ચુંટણી પંચના અધિકારી

પ્રાંત કચેરી, ઉના

તારીખ: ૦૮-૧૨-૨૦૧૬

વિષય :-કોડીનાર તાલુકાની ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણીઓ માટે ચૂંટણી અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારીની નિમણુંક કરવા અંગે.

વંચાણે લીધા :-

(૧) અત્રેના તા. ૧૧-૧૧-૨૦૧૬ના હુકમ : નં.-ચટણ-ગ્રા.પં.-ચૂંટણી-એ.આર.ઓ.-કોડીનાર-૨૦૧૬

(૨) મામલતદારશ્રી તથા ટી.ડી.ઓ.શ્રી-કોડીનારની સહીથી આપેલ તા. ૩૦-૦૯-૨૦૧૬ની દરખાસ્ત

(૩) મામલતદારશ્રી-કોડીનારની સહીથી આપેલ તા. ૦૮-૧૨-૨૦૧૬ની દરખાસ્ત

સુધારા હુકમ

નં. ચટણ-ગ્રા.પં.-આર.ઓ.-એ.આર.ઓ.-સુધારો-૧૨/૨૦૧૬.- વંચાણે લીધેલ ક્રમાંક-૧ આદેશથી અત્રેને મળેલ અધિકારીની રૂએ, રાજ્ય ચુંટણી પંચ દ્વારા મુકરર કરવામાં આવે તે કાર્યક્રમ ધ્યાને લઈ આગામી ગ્રામ પંચાયત ચુંટણીના કામે કોડીનાર તાલુકાનાં ગામો માટે હુકમ મુજબ કર્મચારીની ચુંટણી અધિકારી તથા મદદનીશ ચુંટણી અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવેલ છે. જેમાં વંચાણે લીધા ક્રમ નં. ૩ ના મામલતદારશ્રી-કોડીનારના પત્રથી સુધારા હુકમ કરવા દરખાસ્ત અત્રેને મળેલ છે. સબબ આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ અત્રેના તા. ૧૧-૧૧-૨૦૧૬ના હુકમ સાથેના પરિશીષ્ટના ક્રમ નં. ૧/૨/૩ના આર.ઓ.ની નિમણુંકમાં સુધારા હુકમ કરવામાં આવે છે.

INDEX

કોડીનાર તાલુકાની ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૧૬ આર.ઓ./એ.આર.ઓ.ની નિમણૂંક અંગેનું વિગત દર્શાવતું પત્રક

અનુસૂચિ

ક્રમ	જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગ્રામ પંચાયતનું નામ	ચૂંટણીનો પ્રકાર (સામાન્ય/પેટા ચૂંટણી જે હોય તે દર્શાવવું)	વોર્ડ નંબર	બેઠકનો પ્રકાર	સરપંચની બેઠકનો પ્રકાર	ચૂંટણી અધિકારીઓના હોદ્દો	મદદનીશ ચૂંટણી અધિકારીનો હોદ્દો
૧	ગીર સોમનાથ	કોડીનાર	અડવી	સામાન્ય ચૂંટણી	૧	સા.શૈ.પ.વર્ગ માટે અનામત	સામાન્ય સ્ત્રી	શ્રી જી.જી. વાળા સી. ક્લાર્ક ના.કા.ઇ. સિંચાઇ સિંચાઇ પેટા વિભાગ, કોડીનાર	શ્રી એમ.એચ.ભાલીયા રેવન્યુ તલાટી, મામ. કચેરી, કોડીનાર
					૨	સામાન્ય સ્ત્રી માટે અનામત			
					૩	સામાન્ય સ્ત્રી માટે અનામત			
					૪	સામાન્ય સ્ત્રી માટે અનામત			
					૫	બીન અનામત (સામાન્ય)			
					૬	અનુ. જાતિ સ્ત્રી માટે અનામત			
					૭	અનુસૂચિત જાતિ માટે અનામત			
					૮	બીન અનામત (સામાન્ય)			
૨	ગીર સોમનાથ	કોડીનાર	દેવળી	સામાન્ય ચૂંટણી	૧	અનુ. જાતિ સ્ત્રી માટે અનામત	સામાન્ય	શ્રી જી.જી.વાળા સી. ક્લાર્ક ના.કા.ઇ. સિંચાઇ સિંચાઇ પેટા વિભાગ, કોડીનાર	શ્રી એમ.એચ.ભાલીયા રેવન્યુ તલાટી, મામ. કચેરી, કોડીનાર
					૨	સા.શૈ.પ. વર્ગ માટે અનામત			
					૩	સામાન્ય સ્ત્રી માટે અનામત			
					૪	સામાન્ય સ્ત્રી માટે અનામત			
					૫	સામાન્ય સ્ત્રી માટે અનામત			
					૬	બીન અનામત (સામાન્ય)			
					૭	બીન અનામત (સામાન્ય)			
					૮	અનુ. જાતિ માટે અનામત			
૩	ગીર સોમનાથ	કોડીનાર	રોણાજ	સામાન્ય ચૂંટણી	૧	સા.શૈ.પ. વર્ગ માટે અનામત	સા.શૈ.પ. વર્ગ સ્ત્રી	શ્રી જી.જી.વાળા સી. ક્લાર્ક ના.કા.ઇ. સિંચાઇ સિંચાઇ પેટા વિભાગ, કોડીનાર	શ્રી એમ.એચ.ભાલીયા રેવન્યુ તલાટી, મામ. કચેરી, કોડીનાર
					૨	સામાન્ય સ્ત્રી માટે અનામત			
					૩	સામાન્ય સ્ત્રી માટે અનામત			
					૪	સામાન્ય સ્ત્રી માટે અનામત			
					૫	સામાન્ય સ્ત્રી માટે અનામત			
					૬	સામાન્ય સ્ત્રી માટે અનામત			
					૭	સામાન્ય સ્ત્રી માટે અનામત			
					૮	અનુ. આદિ જાતિ માટે અનામત			
					૯	બીન અનામત (સામાન્ય)			
					૧૦	બીન અનામત (સામાન્ય)			
					૧૧	અનુ. જાતિ માટે અનામત			
					૧૨	બીન અનામત (સામાન્ય)			

(સહી) અવાચ્ય,
પ્રાંત અધિકારી, ઉના
અને
રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી.

Extra No. 464

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Go-ernment Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, DECEMBER 23, 2016/PAUSA 2, 1938

Separate paging is gi-en to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV--C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Go-ernment of Gujarat including those made by the Go-ernment of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૧૫ ની પેટા કલમ(૧) અને ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ ના નિયમ ૯(૨) હેઠળ ચૂંટણીનું જાહેરનામું તથા ચૂંટણીનો તબક્કાવાર કાર્યક્રમ

પ્રાંત અધિકારી, નખત્રાણાની કચેરી,

ચૂંટણી શાખા,

કચ્છ જિલ્લો

તા.૨૩/૧૨/૨૦૧૬

ક્રમાંક: ગપચ/અંગીયા મોટા/જાહેરનામું/ડિસેમ્બર-૨૦૧૬

જાહેરનામું

કચ્છ જિલ્લાની નખત્રાણા તાલુકાની અંગીયા મોટા ગ્રામ પંચાયતના વોર્ડની બેઠકોની ચૂંટણી.

(૧) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૧૬ની પેટા કલમ ૧ મુજબ કચ્છ જિલ્લાની નખત્રાણા તાલુકાની ગ્રામ પંચાયતોના વોર્ડની રચના તથા બેઠકોની ફાળવણી રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી તરીકે કલેક્ટરશ્રીએ કરેલ છે.

(૨) મે.જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, કચ્છ – ભુજના આદેશ નં.ડીઈઓ/ઈલેક/ગ્રા.પં./અંગીયા મોટા/૨૦૧૬, તા.૨૦/૧૨/૨૦૧૬ વાળો આદેશ અને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૧૫ની પેટા કલમ (૧) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી તરીકે અગોને મળેલ સત્તાની રૂએ કચ્છ જિલ્લાની નીચેની અનુસુચિના કોલમ નંબર-૨ માં જણાવેલ તાલુકાની સામે કોલમ નં-૩ માં જણાવેલ ગ્રામ પંચાયતની કોલમ નં. ૪ તથા ૫ માં જણાવેલ વોર્ડની બેઠકોની સામાન્ય ચૂંટણી તા.૧૦/૦૧/૨૦૧૭ ના રોજ યોજવા જાહેર કરવામાં આવે છે.

(૩) ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો-૧૯૯૪ના નિયમ-૯ના પેટા નિયમ-૨ થી પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી તરીકે કચ્છ જિલ્લાની ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૧૫ની પેટા કલમ (૧) હેઠળ

INDEX

આ જાહેરનામામાં નીચેની અનુસુચિમાં જણાવેલ તાલુકાની ગ્રામ પંચાયતના વોર્ડની બેઠકો ભરવા માટે, ચૂંટણી યોજવા નીચે મુજબ તબક્કાવાર કાર્યક્રમ નક્કી કરવામાં આવે છે.

		તારીખ	સમય	સ્થળ
૧	ઉમેદવારીપત્રો રજુ કરવાની/ભરવાની છેલ્લી તારીખ	૨૮/૧૨/૨૦૧૬	૧૧-૦૦ કલાકથી ૧૫-૦૦ સુધી	ચૂંટણી અધિકારી/ મદદ.ચૂંટણી અધિકારીની કચેરી ખાતે
૨	ઉમેદવારીપત્રોની ચકાસણીની તારીખ	૨૯/૧૨/૨૦૧૬	૧૧-૦૦ કલાકથી ચકાસણી પુરી થાય ત્યાં સુધી	ચૂંટણી અધિકારીની કચેરી ખાતે
૩	ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ	૩૦/૧૨/૨૦૧૬	૧૫-૦૦ કલાક સુધી	ચૂંટણી અધિકારી/ મદદ.ચૂંટણી અધિકારીની કચેરી ખાતે
૪	આવશ્યક હોય તો મતદાનની તારીખ	૧૦/૦૧/૨૦૧૭ (મંગળવાર)	---	---
૫	મતદાનનો સમય	૧૦/૦૧/૨૦૧૭ (મંગળવાર)	સવારના ૮-૦૦ થી સાંજના ૫-૦૦ કલાક સુધી	---
૬	મતદાનનું સ્થળ	---	---	જિલ્લા ચૂંટણી અધિકારીએ જાહેર કરેલ મતદાન મથકો ઉપર
૭	જરૂર જણાય તો પુનઃ મતદાનની તારીખ અને સમય	૧૧/૦૧/૨૦૧૭	સવારના ૮-૦૦ થી સાંજના ૫-૦૦ કલાક સુધી	જિલ્લા ચૂંટણી અધિકારીએ જાહેર કરેલ મતદાન મથકો ઉપર
૮	મતગણતરી માટેની તારીખ	૧૨/૦૧/૨૦૧૭	સવારના ૯-૦૦ કલાકથી મતગણતરી પુરી થાય ત્યાં સુધી	ચૂંટણી અધિકારી જાહેર કરે તે સ્થળે
૯	ચૂંટણી પ્રક્રિયા પુરી થવા માટેની તારીખ	૧૩/૦૧/૨૦૧૭	---	---

-: અનુસુચિ :-

નખત્રાણા તાલુકાની અંગીયા મોટા ગ્રામપંચાયતના વોર્ડની ચૂંટણી યોજવાની છે તેની યાદી

અનુ. નં.	તાલુકાનું નામ	ગ્રા.પં.નું નામ	વોર્ડ નં.	વોર્ડની બેઠકનો પ્રકાર	સરપંચની બેઠકનો પ્રકાર	ચૂંટણીનો પ્રકાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧	નખત્રાણા	અંગીયા મોટા	૧	અનુ.આદિજાતી સામાન્ય	--	સામાન્ય
			૨	સા.શૈ.પ. સ્ત્રી		

જાહેરનામું ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ-૯(૧) તથા (૨) અનુસાર સરકારી રાજયપત્રમાં પસિદ્ધ કરવામાં આવે છે.

(સહી) અપાચ્ય,
રાજય ચૂંટણી આયોગના
અધિકારી
અને
પ્રાંત અધિકારી, નખત્રાણા.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 465

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, DECEMBER 27, 2016/PAUSA 6, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરની કચેરી, કચ્છ-ભુજ

તા. ૨૦મી ડિસેમ્બર, ૨૦૧૬.

વિષય :- ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૧૬
અંગીયામોટા, તા. નખત્રાણા ગ્રામ પંચાયતની વોર્ડ નં. ૧ અને ૨ પુરતી સામાન્ય ચૂંટણીનો નવેસરથી કાર્યક્રમ જાહેર કરવા બાબત.

વંચાણ :- ૧. રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના ચૂંટણી કાર્યક્રમ ક્રમાંક : રાચઆ-ચટણ-ગપ-૨૯(૫)-૧૧૨૦૧૬-ક, તા. ૨૮-૧૧-૨૦૧૬

૨. રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી અને પ્રાંત અધિકારીશ્રી, નખત્રાણાના પત્ર નં. ઈલેક/ગ્રા.પં.ચું./અંગીયા/૨૬/૧૨/૨૦૧૬, તા. ૧૬-૧૨-૨૦૧૬.

૩. રાજ્ય ચૂંટણી આયોગના આદેશ નં. એસઈસી/ઈએલસી/ડીએલપી/વીપી/૯૫/, તા. ૧૯-૪-૧૯૯૫ અને આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-ગ્રા.પં.-સ્થા.સ્વ.-૩૬(૩)-૬૨૦૧૧-ક, તા. ૧૩-૬-૨૦૧૧

: આદેશ :

નં.ડીઈઓ/ઈલેક./ગ્રા.પં./અંગીયામોટા/૨૦૧૬.-- આગામી તા. ૨૭-૧૨-૨૦૧૬ના રોજ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ અન્વયે અત્રેની કચેરીના વોર્ડની બેઠકના અનામત ફાળવણીના આદેશ નં. ચટણ/ગપચ/અંગીયામોટા/નખત્રાણા/૨૦૧૫, તા. ૧૯-૩-૨૦૧૫થી નખત્રાણા તાલુકાના ગામ. અંગીયામોટાની ગ્રામ પંચાયતની વોર્ડની સામાન્ય ચૂંટણી પણ વંચાણ-૧વાળા ચૂંટણી કાર્યક્રમ અનુસાર તા. ૨૭-૧૨-૨૦૧૬ના રોજ યોજવાની થતી હતી પરંતુ વંચાણ-૨વાળા રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી અને પ્રાંત અધિકારી, નખત્રાણા દ્વારા રજુ કરવામાં આવેલ અહેવાલ અનુસાર પ્રાંત અધિકારીશ્રી, નખત્રાણા દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૫ની પેટા કલમ(૧) અને ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો-૧૯૯૪ના નિયમ-૯(૨) હેઠળ પ્રસિધ્ધ કરવામાં આવેલ ચૂંટણીના જાહેરનામાથી વિપરીત અંગીયામોટા ગ્રામ પંચાયતના ચૂંટણી અધિકારીશ્રી દ્વારા તા. ૫-૧૨-૨૦૧૬ના રોજ પ્રસિધ્ધ

કરવામાં આવેલ ચુંટણીની નોટીસ નમુના નં. ૩(ક)માં વોર્ડ નં. ૧ અનુ. આદિજાતિ સામાન્યને બદલે સા.શૈ.પ.સ્ત્રી અને વોર્ડ નં. ૨ માં સા.શૈ.પ.સ્ત્રીના બદલે સામાન્ય સ્ત્રી પ્રસિધ્ધ કરેલ છે અને તે મુજબના ફોર્મ સ્વીકારવા, ચકાસવા અને હરીફ ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવેલ છે જ્યારે વોર્ડ નં. ૩ થી ૮ માટે અને સરપંચની ચુંટણીની કાર્યવાહીમાં કોઈ ક્ષતિ નથી પરંતુ વોર્ડ નં. ૧ અને ૨ માટે પ્રસિધ્ધ કરેલ ચુંટણીની નોટીસ નમુના નં. ૩(ક)ની કાર્યવાહી ક્ષતિયુક્ત જણાયેલ હોઈ, વંચાણ-૨થી મળેલ અધિકારની રૂએ ચુંટણી અધિકારીશ્રી, અંગીયામોટા તા. નખત્રાણા દ્વારા તા. ૫-૧૨-૨૦૧૬ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ નમુના નં. ૩(ક)ની ચુંટણીની નોટીસ વોર્ડ નં. ૧ અને ૨ પુરતી અંશતઃ રદ કરવામાં આવે છે અને તેના અનુસંધાને નમુના નં. ૫ની માન્ય ઉમેદવારોની યાદી અને નમુના નં. ૭ની હરિફ ઉમેદવારોની યાદી તેમજ નમુના નં. ૧૨(ક) બિનહરીફની પરિણામ પણ વોર્ડ નં. ૧ અને ૨ પુરતા ચુંટણી અધિકારીશ્રી દ્વારા કરવામાં આવેલ નિર્ણય અંશતઃ રદ ગણવાના રહે છે. વંચાણ-૩વાળા રાજ્ય ચુંટણી આયોગના તા. ૧૯-૪-૧૯૯૫ અને તા. ૧૩-૬-૨૦૧૧ના આદેશથી ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ તથા ગુજરાત પંચાયત ચુંટણી નિયમો-૧૯૯૪ હેઠળ રાજ્ય ચુંટણી આયોગે કરવાની ગ્રામ પંચાયતોની ચુંટણીની કામગીરી પુરતા આયોગને મળેલ અધિકારો અત્રેને સુપ્રત કરવામાં આવેલ છે જે અધિકારની રૂએ નખત્રાણા તાલુકાની અંગીયામોટા ગ્રામ પંચાયતની વોર્ડ નં. ૧ અને ૨ ની સામાન્ય ચુંટણી માટે નીચે મુજબનો ચુંટણી કાર્યક્રમ જાહેર કરવામાં આવે છે.

ચુંટણીનો કાર્યક્રમ

અ. નં.	વિગત	તારીખ
૧	ચુંટણીની જાહેરાતની તારીખ	૨૧-૧૨-૨૦૧૬
૨	ચુંટણીની નોટીસો/જાહેરનામા પ્રસિધ્ધ કરવાની તારીખ	૨૩-૧૨-૨૦૧૬
૩	ચુંટણી અધિકારીશ્રીએ ચુંટણીની નોટીસ પ્રસિધ્ધ કરવાની તારીખ	૨૩-૧૨-૨૦૧૬
૪	ઉમેદવારી પત્રો રજુ કરવાની છેલ્લી તારીખ	૨૮-૧૨-૨૦૧૬
૫	ઉમેદવારીપત્રોની ચકાસણીની તારીખ	૨૯-૧૨-૨૦૧૬
૬	ઉમેદવારી પરત ખેંચવાની તારીખ	૩૦-૧૨-૨૦૧૬
૭	મતદાનની તારીખ તથા સમય	૧૦-૧-૨૦૧૭ (મંગળવાર) સવારના ૮-૦૦ થી સાંજના ૫-૦૦ વાગ્યા સુધી
૮	પુનઃમતદાનની તારીખ (જરૂરી જણાય તો)	૧૧-૧-૨૦૧૭
૯	મતગણતરીની તારીખ	૧૨-૧-૨૦૧૭
૧૦	ચુંટણીની પ્રક્રિયા પુર્ણ કરવાની તારીખ	૧૩-૧-૨૦૧૭

(૧) નખત્રાણા તાલુકાની અંગીયામોટા ગ્રામ પંચાયત હેઠળના વિસ્તારમાં તા. ૨૧-૧૨-૨૦૧૬ના રોજ ચુંટણીઓની જાહેરાતથી આદર્શ આચાર સંહિતા અમલમાં આવે છે.

(૨) રાજ્ય ચુંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-ગ્રા.પં.-સ્થા.સ્વ.-૩૬(૩)-૬૨૦૧૧-ક, તા. ૧૩-૬-૨૦૧૧થી ગ્રામ પંચાયતની ચુંટણી યોજવાના અધિકારો જે તે પ્રાંત અધિકારીશ્રીઓને સુપ્રત કરવામાં આવેલ હોઈ અંગીયામોટા ગ્રામ પંચાયતની ચુંટણીના જાહેરનામા તેઓ દ્વારા બહાર પાડવામાં આવશે.

(૩) ચુંટણીમાં ઉમેદવારે ઉમેદવારીપત્ર સાથે પોતાના ગુન્હાહિત ઈતિહાસ, શૈક્ષણિક લાયકાત, મિલ્કત અને દેવાં બાબતનું એકરારનામું ચુંટણી અધિકારી સમક્ષ રજુ કરવાનું રહેશે.

(૪) આ ચુંટણીમાં મતદાન સમયે, મતદારે ભારતના ચુંટણી પંચ દ્વારા આપવામાં આવેલ (EPIC) ઓળખપત્ર રજુ કરવાનું રહેશે પરંતુ વ્યાજબી કારણસર રજુ કરી શકે તેમ ન હોય તો સંબંધિત મતદારની ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે રાજ્ય ચુંટણી આયોગના તા. ૨૬-૧૧-૨૦૧૬ના આદેશ ક્રમાંક : રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૫-૧૨૦૧૬-ક થી નિયત કરેલ જુદા-જુદા ફોટાવાળા દસ્તાવેજો પૈકી કોઈ એક દસ્તાવેજ રજુ કરી શકશે.

(૫) આ ચુંટણી માટેના મતદાનનો સમય સવારે ૮-૦૦ વાગ્યાથી સાંજના ૫-૦૦ વાગ્યા સુધીનો નક્કી કરેલ છે.

(૬) કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને મતદારો નિર્ભય રીતે મતદાન કરી શકે તે અંગે પુરતો પોલીસ બંદોબસ્ત પણ સુનિશ્ચિત કરવામાં આવશે.

(૭) આ ગ્રામ પંચાયતની સામાન્ય ચુંટણીમાં મતપેટીના ઉપયોગથી મતદાન લેવામાં આવશે. મતદારો તેમનો મત મતપત્ર પર એરોક્રોસ માર્ક સિક્કાથી નોંધવાનો રહેશે.

૨. ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા (સુધારા) અધિનિયમ-૨૦૦૯થી ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩માં સુધારા દાખલ કરવામાં આવેલ તે સંદર્ભે નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ દાખલ થયેલ એસ.સી.એ.નં. ૧૩૫૫૨/૨૦૧૫માં નામ. ગુજરાત હાઈકોર્ટના તા. ૩૦-૧૦-૨૦૧૫ના હુકમ અન્વયે નોટા (NOTA) નો અમલ કરવાનો રહે છે.

૩. રાજ્ય ચુંટણી આયોગના ચુંટણી કાર્યક્રમ તા. ૨૮-૧૧-૨૦૧૬ની અન્ય તમામ સુચનાઓ યથાવત રહેશે.

એમ. એ. ગાંધી,
જિલ્લા ચુંટણી અધિકારી
અને કલેક્ટર, કચ્છ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 466

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

સત્યમેવ જયતે

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, DECEMBER 29, 2016/PAUSA 8, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,

જિલ્લા સેવા સદન, સેકટર-૧૧, ગાંધીનગર

જાહેરનામું.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ હુકમ/જાહેરનામુ

ક્રમાંક: ડીસી/વશી. ૯૮૬૨ થી ૯૮૮૨/૨૦૧૬.– ગાંધીનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણી ડિસેમ્બર-૨૦૧૬, માહે ડિસેમ્બર-૨૦૧૬ દરમ્યાન યોજાનાર છે. ચૂંટણીમાં ઉમેદવારી કરનાર ઉમેદવારો ધ્વારા તેમના પ્રચાર કાર્ય તથા ચૂંટણીલક્ષી કામગીરી માટે હંગામી ધોરણે કચેરીઓ/કાર્યાલય શરૂ કરવામાં આવે છે અને તે ધ્વારા સ્થાનિક પ્રચાર તથા ચૂંટણી લક્ષી કામગીરી કરવામાં આવે છે. જેમાં ચૂંટણીના મુક્ત, ન્યાયી અને સરળ સંચાલન માટે તથા કાયદો વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે મતદાન મથકની નજીક અથવા ધાર્મિક સ્થળો અથવા હોસ્પિટલ/શૈક્ષણિક સંકુલોની નજીક આવા કાર્યાલયો/કચેરીઓ શરૂ કરવા પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું એચ. એમ. જાડેજા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર જિલ્લો, ગાંધીનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) રાજ્ય ચૂંટણી આયોગ પ્રવર્તમાન સૂચના મુજબ નક્કી થયેલ આચારસંહિતાનો તથા સૂચનાઓનો અમલ ચુસ્તપણે થાય તે ઉદેશથી કોઈપણ રાજકીય પક્ષ કે ચૂંટણીના ઉમેદવારે રાજ્ય ચૂંટણી આયોગ ધ્વારા નક્કી કરવામાં આવેલ મતદાન મથકના સ્થળથી '૨૦૦' મીટરની અંતર સુધીમાં કોઈપણ મંડપ બાંધવો નહી અને એક જ મંડપ બાંધી શકાશે અને તેમાં એક ટેબલ અને બે ખુરશી જ રાખી શકાશે. તડકાથી/વરસાદથી રક્ષણમાટે છત્રી અથવા તાડપત્રીના ટુકડો માથાના ભાગે રાખી શકાશે પરંતુ મંડપની ફરતે કંતાન કે પછી પછેડી જેવી આડશ લગાવી શકાશે નહી.

(૨) આવા મંડપ બાંધવા માંગતા ઉમેદવારે જગ્યા અંગે સ્થાનિક સત્તા મંડળની લેખિત પરવાનગી મેળવવી અને સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓએ જાણ કરવી જોઈશે.

(૩) મતદારોને જે સ્લીપ આપવામાં આવે તેમાં ઉમેદવારનું નામ/ચિન્હ, પ્રતિક અથવા રાજકીય પક્ષનું નામ લખેલું હોવું જોઈએ નહી.

(૪) મતદાન કરીને આવેલ મતદારને મંડપમાં ભેગા/એકત્ર થવાની છુટ આપવી નહી.

(૫) મંડપમાં મતદાન મથકમાં મતદાનની પ્રક્રિયામાં અડચણ (હરકત) ઉભી ન થાય તેની તકેદારી રાખવી. મતદાર કોઈ પણ ઉમેદવારના મંડપમાં સ્લીપ લેવા જઈ શકશે તેમ કરતાં કોઈ પણ પ્રકારે કોઈ દ્વારા તેને અટકાવી શકાશે નહી. મંડપમાંના કાર્યકરો સુમેળભર્યા વાતાવરણમાં જ કાર્યવાહી કરી શકશે.

(૬) આવું કાર્યાલય કે કચેરી કોઈ ધાર્મિક સ્થળમાં અથવા ધાર્મિક સ્થળ આવેલ હોય તેવા કેમ્પસ/કંપાઉન્ડમાં કરી શકાશે નહી.

(૭) આવી કચેરી/કાર્યાલય શૈક્ષણિક સંસ્થા કે હોસ્પિટલની બાજુમાં કાર્યરત કરી શકાશે નહી.

આ જાહેરનામું ગાંધીનગર જિલ્લાના જે વિસ્તારમાં ચૂંટણી થનાર છે તે મહેસુલી હદ વિસ્તારમાં લાગુ પડશે.

આ જાહેરનામા/હુકમનો અમલ તા. ૨૫-૧૨-૨૦૧૬ કલાક ૦૦.૦૧ થી ચૂંટણી પ્રક્રિયા પૂરી થાય ત્યાં સુધી એટલે કે તા. ૨૯-૧૨-૨૦૧૬ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામા/હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૩-૧૨-૨૦૧૬ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

તા.૨૩-૧૨-૨૦૧૬.

એચ. એમ. જાડેજા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

INDEX

Extra No. 467

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, DECEMBER 29, 2016/PAUSA 8, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીનગર

જાહેરનામું.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ હુકમ

ક્રમાંક: ડીસી/ગ્રા. પં. સા. ચૂં. ૨૦૧૬/વશી. ૯૯૧૧ થી ૯૯૪૧/૨૦૧૬.– ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો) ની કલમ-૨૧ અન્વયે ગુજરાત સરકારે તા. ૨૨-૯-૨૦૦૦ ના જાહેરનામા ક્રમાંક : જીજી/૧૧૫/ સીઆરપીસી/૩૨૯૯/૪૯૪૪/મ, તા. ૭-૧૧-૨૦૦૭ના જાહેરનામા ક્રમાંક : જીજી/૭૯/સીઆરપીસી/૩૨૯૯/૪૯૪૪/મ, તથા તા. ૧૮-૧૦-૨૦૧૨ના જાહેરનામા ક્રમાંક : જીજી/૭૬/સીઆરપીસી/૩૨૧૨/૫૯૩/મ થી રાજ્યમાં જ્યારે જ્યારે ભારતના ચૂંટણી પંચ ધ્વારા લોકસભા કે વિધાનસભાની બેઠકોની ચૂંટણી જાહેર થાય તથા રાજ્ય ચૂંટણી પંચ ધ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ જાહેર થાય ત્યારે, તે અંગે બહાર પાડવામાં આવતા જાહેરનામાની તારીખથી મેજીસ્ટ્રેરીયલ, પાવર્સ ધરાવતા ન હોય, તેવા ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ, વિવિધ કામગીરી માટે નિયુકત નોડલ ઓફીસરશ્રીઓ, ફ્લાઈંગ સ્કવોર્ડ તથા સ્ટેટીક સર્વેલન્સ ટીમમાં નિયુકત તથા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીને ચૂંટણી કામગીરી માટે નિયુકત કરવા જરૂરી જણાય તે રીતે નિયુકત કરવામાં આવે તેવા તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી ધ્વારા તેમની જે વિસ્તાર અને નિશ્ચિત સમયગાળા માટે ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૨૧ હેઠળ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના તથા આ અધિનિયમની કલમ-૪૪, ૧૦૩, ૧૦૪, ૧૨૯ અને ૧૪૪ના અધિકારો ચૂંટણીની જાહેરાત થયા તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં સુધીના સમયગાળા માટે ભોગવવા અને આ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓને કયા વિસ્તાર અને સમયગાળા માટે નિમણૂંક આપવી તે અંગેનો નિર્ણય સંબંધિત જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓએ કરવા તથા આ જાહેરનામા અન્વયે મળેલ સત્તાનો દુરૂપયોગ અથવા ખોટી રીતે અમલ ન થાય તેવી જોગવાઈ સાથે જાહેરનામું બહાર પાડેલ છે. મામલતદારશ્રી, કલોલ નાઓએ તેઓના તા. ૨૨-૧૨-૨૦૧૬ના પત્ર નં. મામ/ગ્રા.પં.ચૂં./વશી./૨૦૧૬ થી ઝોનલ ઓફીસરશ્રીઓને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તરીકેની સત્તા આપવા જણાવેલ છે.

INDEX

વાસ્તે, હું એસ. એ. પટેલ (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર જિલ્લામાં ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૬ અન્વયે મેજીસ્ટ્રેરીયલ પાવર્સ ધરાવતા ન હોય તેવા મામલતદારશ્રી, કલોલ વ્દારા નિયુક્ત કરવામાં આવેલ આ સાથેના પરિશિષ્ટની વિગતવાળા ઝોનલ અધિકારીશ્રીઓને ચૂંટણી કામગીરી માટે તેમની જે વિસ્તાર અને નિશ્ચિત સમયગાળા માટે નિમવામાં આવેલ છે તેવા તમામને સરકારશ્રીના ઉક્ત જાહેરનામા અનુસાર ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૨૧ હેઠળ ''ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ'' તરીકે અધિકૃત કરી અને આ કાયદાની કલમ-૪૪, ૧૦૩, ૧૦૪, ૧૨૯ અને ૧૪૪ના અધિકારો ભોગવવા અધિકૃત કરેલ છે, તે મુજબ આગામી ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૬ અન્વયે ગાંધીનગર જિલ્લાના મહેસુલી વિસ્તારમાં મત વિભાગની ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૬ના કામે આ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય તે સમયગાળા સુધી સરકારશ્રીના ઉક્ત જાહેરનામાઓ અન્વયેના અધિકારો આ અધિનિયમની કલમ-૨૨ થી મને મળેલ સત્તાની રૂએ ચૂંટણી અંગેની સોંપેલ કામગીરીવાળા વિસ્તારમાં ભોગવવા આથી હુકમ કરું છું.

આજ તા. ૨૬-૧૨-૨૦૧૬ના રોજ મારી સહી-સિક્કા કરી આપ્યા.

તા.૨૬-૧૨-૨૦૧૬.

એસ. એ. પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગાંધીનગર.

પરિશિષ્ટ

ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૬ (તાલુકો-કલોલ) માટે નિમણૂંક કરેલ ''ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટશ્રી''ઓની વિગત (જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગરના તા. ૨૬-૧૨-૨૦૧૬ના હુકમ નં. ડીસી/ગ્રા.પં.ચું. ૨૦૧૬/ વશી. ૯૯૧૧ થી ૯૯૪૧ (૨૦૧૬)

અ. નં.	રૂટ નં.	નામ	હોદ્દો	કચેરીનું નામ/સરનામું
૧	૧	શ્રી જે. એ. સોલંકી	અ.મ.ઈ.	તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરી, કલોલ
		શ્રી જે. આર. પ્રજાપતિ	વ્યાખ્યાતા	પી.એચ.જી.મ્યુ.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, કલોલ
૨	૨	શ્રી જી. એસ. પટેલ	અ.મ.ઈ.	તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરી, કલોલ
		શ્રી પી. એચ. સોલંકી	વ્યાખ્યાતા	પી.એચ.જી.મ્યુ.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, કલોલ
૩	૩	શ્રી એમ. એ. મેકવાન	વ્યાખ્યાતા	પી.એચ.જી.મ્યુ.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, કલોલ
		શ્રી બી. એન. પટેલ	વ્યાખ્યાતા	પી.એચ.જી.મ્યુ.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, કલોલ
૪	રીઝર્વ	શ્રી વી. બી. રાઓલ	વ્યાખ્યાતા	પી.એચ.જી.મ્યુ.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, કલોલ

એસ. એ. પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગાંધીનગર.

Extra No. 468

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, DECEMBER 30, 2016/PAUSA 12, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીનગર

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ હુકમ

હુકમ

ક્રમાંક: ડીસી/વશી. ૯૮૮૩ થી ૯૯૦૩/૨૦૧૬.– ગાંધીનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણી ડિસેમ્બર-૨૦૧૬, માહે ડિસેમ્બર-૨૦૧૬ દરમ્યાન યોજાનાર છે.

ચુંટણીના મુક્ત, ન્યાયી અને સરળ સંચાલન માટે તથા કાયદો આ વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે મતદાન મથકમાં તથા તેની નજીક પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું એચ. એમ. જાડેજા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર જિલ્લો, ગાંધીનગર તે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારીની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

તા. ૨૭-૧૨-૨૦૧૬ના રોજ મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ વિસ્તારમાં કોઈપણ વ્યક્તિએ નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) મત માટે પ્રચાર કરવો.

(૨) મતદારોને ધાક-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા.

(૩) કોઈ મતદારને મત આપવા આગ્રહપૂર્વક વિનંતી કરવી.

(૪) અમુક ઉમેદવારને મત ન આપવા માટે કોઈ મતદારને સમજાવવા.

(૫) કોઈ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા.

INDEX

(૬) ચૂંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટીસ કે નિશાની પ્રદર્શિત કરવી.

(૭) સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ અને અન્ય વિજાણું સંદેશાવ્યવહારના સાધનો લઈ જવાની.

(૮) વાહનો સાથે આવવું.

(૯) મતદાન મથકમાં મતદાન માટે આવેલ મતદાર, ઉમેદવાર તથા ચૂંટણીપંચે અધિકૃત કરેલ વ્યક્તિ સિવાયની વ્યક્તિએ પ્રવેશ કરવો.

આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે.

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીઓ અને મતદાન મથક નજીક ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ તેમની વિધિસર ફરજો બજાવવા દરમ્યાન સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, વાયરલેસ વગેરેનો ઉપયોગ કરી શકશે. આજ પ્રમાણે રાજ્ય ચૂંટણી આયોગે નીમેલ નિરીક્ષકો અને ચૂંટણી ફરજ પરના પોલીસ અધિકારીશ્રીઓ સહિતના મતદાનની ફરજોનો હવાલો ધરાવતાં અધિકારીઓ/કર્મચારીઓ તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ જાહેરનામું ગાંધીનગર જિલ્લાના જે વિસ્તારમાં ચૂંટણી થનાર છે તે મહેસુલી હદ વિસ્તારમાં લાગુ પડશે.

આ જાહેરનામા/હુકમનો અમલ તા. ૨૭-૧૨-૨૦૧૬ કલાક ૦૦.૦૧ થી ચૂંટણી પ્રક્રિયા પૂરી થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામા/હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૩-૧૨-૨૦૧૬ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

તા.૨૩મી ડીસેમ્બર, ૨૦૧૬.

એચ. એમ. જાડેજા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગાંધીનગર.

Extra No. 469 વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

સત્યમેવ જયતે

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, DECEMBER 30, 2016/PAUSA 9, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ,

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી ડિસેમ્બર, ૨૦૧૬

રાજ્ય ચૂંટણી આયોગના તા.૧૯-૧૧-૨૦૧૧ ના આદેશના ફકરા નં.૪ હેઠળ

જાહેર નોટિસ

ક્રમાંક: રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૩૬)-૧૨૨૦૧૬-ક.— ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ક અને ૨૪૩-ય ક ની જોગવાઇ અનુસાર રાજ્ય ચૂંટણી આયોગની રચના થયેલ છે. રાજ્યની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની મતદાર યાદી, ચૂંટણીઓની કામગીરી ઉપર દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

રાજ્યમાં રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા યોજાતી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં પક્ષીય ધોરણે ઉમેદવારો ઉભા રાખી ચૂંટણી લડવા માટે આયોગના આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧-૧૧૨૦૧૧-ક, તા.૧૯-૧૧-૨૦૧૧ ના ફકરા-૪ માં નિર્દેશ પ્રમાણે નીચે જણાવેલ પક્ષ તરફથી નોંધણી માટે રાજ્ય ચૂંટણી આયોગને અરજી મળેલ છે. જેમાં નામ સરનામા, પ્રમુખની વિગત નીચે પ્રમાણે છે.

૧.	પક્ષનું નામ	:	જન સંઘ પાર્ટી
૨.	સરનામું	:	ભુપેન્દ્ર નિવાસ, દરબાર ગઢ, મુ.પો.સાયલા, તા.સાયલા, જિ.સુરેન્દ્રનગર.
૩.	પક્ષના પ્રમુખનું નામ/સરનામું	:	શ્રી ગિરીરાજસિંહ બી. ઝાલા, ભુપેન્દ્ર નિવાસ, દરબાર ગઢ, સાયલા, મુ.પો.તા.સાયલા, જિ.સુરેન્દ્રનગર

૪. માંગણી કરેલ પ્રતીકની વિગત : કેમેરો

'કેમેરો' પ્રતીકની આકૃતિ/ચિહ્ન નીચે મુજબ રહેશે.



ઉપરોક્ત પક્ષે રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૯-૧૧-૨૦૧૧ ના આદેશથી નક્કી કરેલ જરૂરિયાત પ્રમાણે વિગતો રજૂ કરેલ છે. તદઅનુસાર રાજ્ય ચૂંટણી આયોગે કેટલીક શરતો/નિયંત્રણો સાથે પક્ષને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે નોંધાયેલ અમાન્ય રાજકીય પક્ષ તરીકે નોંધણી કરવા તથા પ્રતીક કામ ચલાઉ ધોરણે રાજ્ય ચૂંટણી આયોગના તા.૮-૨-૨૦૧૨ ના આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૧)-૨૨૦૧૨-ક અન્વયે પાંચ વર્ષ માટે અથવા તેમાં ફેરફાર કરવામાં આવે ત્યાં સુધી ફાળવવા વિચારેલ છે. તો આ પક્ષની નોંધણી કરવા સામે કોઈપણ શખ્સ, સંસ્થા, સંઘ, મંડળ, રાજકીય પક્ષ, વ્યક્તિ કે જાહેર જનતાને વાંધો કે સલાહ સૂચન હોય તો તે **આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં.૯, છઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગર, ૩૮૨૦૧૦** ને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત દરમ્યાન જો કોઈ વાંધા, સલાહ સૂચન મળશે તો રાજ્ય ચૂંટણી આયોગ તેની વિચારણા કરી, આગળની કાર્યવાહી કરશે. મુદત પૂરી થયા બાદ મળેલ વાંધા, સલાહ, સૂચન ધ્યાને લીધા સિવાય અથવા મુદત દરમ્યાન જો કંઈ વાંધો, સલાહ, સૂચન મળેલ નહિ હશે તો રજૂઆત કરનાર પક્ષની નોંધણી કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગ નિર્ણય લેશે તેની સંબંધિતોએ નોંધ લેવા વિનંતી છે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,

સચિવ,

રાજ્ય ચૂંટણી આયોગ,

ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 470

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, DECEMBER 31, 2016/PAUSA 10, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

જિલ્લા ચુંટણી અધિકારી અને
કલેકટરની કચેરી, કચ્છ-ભુજ
તા. ૨૬-૧૨-૨૦૧૬

વિષયઃ- ગ્રામ પંચાયતની સામાન્ય ચુંટણી-૨૦૧૬ ભચાઉ તાલુકાની નરા જુથ ગ્રામ પંચાયતની વોર્ડ નં.૬ની બેઠક પુરતું સામાન્ય ચુંટણીનો નવેસરથી કાર્યક્રમ જાહેર કરવા બાબત.

વંચાણેઃ-
1. રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગરના ચુંટણી કાર્યક્રમ ક્રમાંકઃરાચઆ-ચટણ-ગપ-૨૯(૫)-૧૧૨૦૧૬-ક તા. ૨૮-૧૧-૨૦૧૬
2. રાજ્ય ચુંટણી આયોગના અધિકારી અને પ્રાંત અધિકારીશ્રી, ભચાઉના હુકમ નં. ચટણ-ગ્રામ.પં.ચું.- હુકમ- ૫૨૦-૧૨-૨૦૧૬ તા. ૨૫-૧૨-૨૦૧૬
3. રાજ્ય ચુંટણી આયોગના આદેશ નં. એસઈસી-ઈએલસી-ડીએલપી-વીપી-૯૫ તા. ૧૯-૪-૧૯૯૫ અને આદેશ ક્રમાંકઃરાચપ-ચટણ-ગ્રા.પં.-સ્થા.-૨૫.-૩૬ (૩)-૬૨૦૧૧-ક તા. ૧૩-૬-૨૦૧૧

આદેશ

નં.ડીઈઓ-ઈલેક-ગ્રા.પં.-નરા જુથ-૨૦૧૬.- આગામી તા.૨૭-૧૨-૨૦૧૬ના રોજ ગ્રામ પંચાયતોની સામાન્ય ચુંટણીઓ અન્વયે અત્રેની કચેરીના વોર્ડની બેઠકના અનામત ફાળવણીના આદેશ નં. ચટણ-ગપય-રચન-નરાજુથ-ભચાઉ-૨૦૧૫ તા. ૧૮-૩-૨૦૧૫થી ભચાઉ તાલુકાના ગામ.નરાની જુથ ગ્રામ પંચાયતની વોર્ડની સામાન્ય ચુંટણી પણ વંચાણે-૧ વાળા ચુંટણી કાર્યક્રમ અનુસાર તા. ૨૭-૧૨-૨૦૧૬ના રોજ યોજવાની થતી હતી પરંતુ વંચાણે-૨ વાળા રાજ્ય ચુંટણી આયોગના અધિકારી અને પ્રાંત અધિકારી, ભચાઉ દ્વારા ચુંટણી અધિકારીશ્રી, નરા જુથ ગ્રામ પંચાયતના રીપોર્ટ નં.-ચટણ-ઉમેદવાર-૧૨-૨૦૧૬ તા. ૨૫-૧૧-૨૦૧૬ની હકીકતે ભચાઉ તાલુકાના નરા જુથ ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૬ ના હરિફ ઉમેદવાર બળુભા રામસંગજી જાડેજાનું તા. ૨૪-૧૨-૨૦૧૬ના રોજ હાર્ટએટેકથી આકસ્મિક અવસાન થયેલ હોઈ જે બાબતમાં મરણના પ્રમાણપત્ર અને વારસદારના પત્ર અને ચુંટણી અધિકારીશ્રીના રીપોર્ટને ધ્યાને લઈ ભચાઉ તાલુકાના નરા જુથ ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૬ના સભ્ય માટેનું મતદાન મુલતવી રાખવાનો હુકમ કરવામાં આવેલ છે અને અત્રેને નરા જુથ ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૬ પુરતી સભ્ય માટેની

ચૂંટણીનો નવેસરથી કાર્યક્રમ બહાર પાડવા જણાવેલ છે. પંચાયત-૩ પાયા રાજ્ય ચૂંટણી આયોગના તા. ૧૯-૪-૧૯૯૫ અને તા. ૧૩-૬-૨૦૧૧ના આદેશથી ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ તથા ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો-૧૯૯૪ હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે કરવાની ગ્રામ પંચાયતોની ચૂંટણીની કામગીરી પુરતા આયોગને મળેલ અધિકારો અમોને સુપ્રત કરવામાં આવેલ છે જે અધિકારની રૂએ ભચાઉ તાલુકાની નેરા જુથ ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૬ની સામાન્ય ચૂંટણી માટે નીચે મુજબનો ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવામાં આવે છે.

ચૂંટણીનો કાર્યક્રમ

અ.નં.	વિગત	તારીખ
૧	ચૂંટણીની જાહેરાતની તારીખ	૩૧-૧૨-૨૦૧૬
૨	ચૂંટણીની નોટીસો-જાહેરનામા પ્રસિદ્ધ કરવાની તારીખ	૨-૧-૨૦૧૭
૩	ચૂંટણી અધિકારીશ્રીએ ચૂંટણીની નોટીસ પ્રસિદ્ધ કરવાની તારીખ	૨-૧-૨૦૧૭
૪	ઉમેદવારીપત્રો રજુ કરવાની છેલ્લી તારીખ	૭-૧-૨૦૧૭
૫	ઉમેદવારીપત્રોની ચકાસણીની તારીખ	૯-૧-૨૦૧૭
૬	ઉમેદવારી પરત ખેંચવાની તારીખ	૧૦-૧-૨૦૧૭
૭	મતદાનની તારીખ તથા સમય	૨૦-૧-૨૦૧૭ (શુક્રવાર) સવારના ૮-૦૦ થી સાંજના ૫-૦૦ વાગ્યા સુધી
૮	પુનઃ મતદાનની તારીખ (જરૂરી જણાય તો)	૨૧-૧-૨૦૧૭
૯	મતગણતરીની તારીખ	૨૨-૧-૨૦૧૭
૧૦	ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ કરવાની તારીખ	૨૪-૧-૨૦૧૭

(૧) ભચાઉ તાલુકાની નેરા જુથ ગ્રામ પંચાયત હેઠળના વિસ્તારમાં તા. ૩૦-૧૨-૨૦૧૬ના રોજ ચૂંટણીઓની જાહેરાતથી આદર્શ આચાર સંહિતા અમલમાં આવે છે.

(૨) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક:રાચપ-ચટણ-ગ્રા.પં.-સ્થા.-સ્વ.-૩૬ (૩)-૬૨૦૧૧-ક તા. ૧૩-૬-૨૦૧૧થી ગ્રામ પંચાયતની ચૂંટણી યોજવાના અધિકારો જે તે પ્રાંત અધિકારીશ્રીઓને સુપ્રત કરવામાં આવેલ હોઈ અંજાર/ભચાઉ ગ્રામ પંચાયતની ચૂંટણીના જાહેરનામા તેઓ દ્વારા બહાર પાડવામાં આવશે.

(૩) ચૂંટણીમાં ઉમેદવારે ઉમેદવારી પત્ર સાથે પોતાના ગુન્હાહિત ઈતિહાસ, શૈક્ષણિક લાયકાત, મિલ્કત અને દેવાં બાબતનું એકરારનામું ચૂંટણી અધિકારી સમક્ષ રજુ કરવાનું રહેશે.

(૪) આ ચૂંટણીમાં મતદાન સમયે, મતદારે ભારતના ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલ ઓળખપત્ર (EPIC) રજુ કરવાનું રહેશે પરંતુ વ્યાજબી કારણસર રજુ કરી શકે તેમ ન હોય તો સંબંધિત મતદારની ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે રાજ્ય ચૂંટણી આયોગના તા. ૨૬-૧૧-૨૦૧૫ના આદેશ ક્રમાંક:રાચઆ-ચટણ-સ્થા.-સ્વ.-૨૫-૧૨૦૧૬-ક થી નિયત કરેલ જુદા-જુદા ફોટાવાળા દસ્તાવેજો પૈકી કોઈ એક દસ્તાવેજ રજુ કરી શકશે.

(૫) આ ચૂંટણી માટેના મતદાનનો સમય સવારે ૮-૦૦ વાગ્યાથી સાંજના ૫-૦૦ વાગ્યા સુધીનો નક્કી કરેલ છે.

(૬) કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને મતદારો નિર્ભય રીતે મતદાન કરી શકે તે અંગે પુરતો પોલીસ બંદોબસ્ત પણ સુનિશ્ચિત કરવામાં આવશે.

(૭) આ ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીમાં મતપેટીના ઉપયોગથી મતદાન લેવામાં આવશે. મતદારો તેમનો મત મતપત્ર પર એરોક્રોસ માર્ક સિક્કાથી નોંધવાનો રહેશે.

૨. ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા (સુધારા) અધિનિયમ-૨૦૦૯થી ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩માં સુધારા દાખલ કરવામાં આવેલ તે સંદર્ભે નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ દાખલ થયેલ સ્પે.સી.એ.નં. ૧૩૫૫૨-૨૦૧૫માં નામ. ગુજરાત હાઈકોર્ટના તા. ૩૦-૧૦-૨૦૧૫ના હુકમ અન્વયે નોટા (NOTA) નો અમલ કરવાનો રહે છે.

૩. રાજ્ય ચૂંટણી આયોગના ચૂંટણી કાર્યક્રમ તા. ૨૮-૧૧-૨૦૧૬ની અન્ય તમામ સુચનાઓ યથાવત રહેશે.

એમ. એ. ગાંધી,
જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર, કચ્છ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.